કુન્દનિકા કાપડીઆ





સાત પગલાં આકાશમાં

સાત પગલાં આકાશમાં

સાત પગલાં આકાશમાં

સાત પગલાં આકાશમાં

સાત પગલાં આકાશમાં

સાત પગલાં આકાશમાં

સાત પગલાં આકાશમાં



VISIT…

LANZAROTE Caliente.COM

❁ લેખિકાનાં અન્ય પુસ્તકો ❁

પ્રેમનાં આંસુ	(વાર્તાસંગ્રહ : ૩જી આવૃત્તિ)
દ્વાર અને દીવાલ	(લેખસંગ્રહ : ૨જી આવૃત્તિ)
વધુ ને વધુ સુંદર	(વાર્તાસંગ્રહ)
પરોઢ થતાં પહેલાં	(નવલકથા : ૫મી આવૃત્તિ)
અગનપિપાસા	(નવલકથા : ૪થી આવૃત્તિ)
કાગળની હોડી	(વાર્તાસંગ્રહ : ૩જી આવૃત્તિ)
પરમ સમીપે	(પ્રાર્થના-સંકલન : ૧૮મી આવૃત્તિ)
વસંત આવશે	(અનુવાદ)
પૂર્ણકુંભ	(અનુવાદ)
હિમાલયના સિદ્ધયોગી	(અનુવાદ : ૧૦મી આવૃત્તિ)
જીવન : એક ખેલ	(અનુવાદ : ૧૮મી આવૃત્તિ)
જવા દઈશું તમને	(વાર્તાસંગ્રહ : ૪થી આવૃત્તિ)
શ્રેષ્ઠ વાર્તાઓ	(વાર્તાસંગ્રહ : ૪થી આવૃત્તિ)
ચંદ્ર તારા વૃક્ષ વાદળ	(લેખસંગ્રહ : ૨જી આવૃત્તિ)
સાત પગલાં આકાશમાં	(નવલકથા : ૧૬મી આવૃત્તિ)
મનુષ્ય થવું	(વાર્તાસંગ્રહ : ૫મી આવૃત્તિ)
આક્રંદ અને આક્રોશ	(સંપાદન : બકુલા ઘાસવાલા સાથે)
ઊઘડતાં દ્વાર અંતરનાં	(અનુવાદ : છઠ્ઠી આવૃત્તિ)
વિષ્ણુસહસ્રનામ	(શબ્દાર્થસહ)
ઝરૂખે દીવા	(પ્રાર્થના-સંકલન : ૫મી આવૃત્તિ)
અંત વેળાએ	(લેખસંગ્રહ : ૩જી આવૃત્તિ)
કુન્દનિકા કાપડીઆની શ્રેષ્ઠ વાર્તાઓ	(વાર્તાસંગ્રહ : ૬જી આવૃત્તિ)

મુખ્ય પ્રાપ્તિસ્થાન

નવભારત સાહિત્ય મંદિર

દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૧
૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ-૯
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

બુકશેલ્ફ

૧૬, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૯

Web:www.navbharatonline.com ● E-mail : info@navbharatonline.com

સાત પગલાં આકાશમાં

કુન્દનિકા કાપડીઆ





મુખ્ય પ્રાપ્તિસ્થાન

નવભારત સાહિત્ય મંદિર

જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૧
ફોન : (૦૭૯) ૨૨૧૩૯૨૫૩, ૨૨૧૩૨૯૨૧

૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ-૯
ફોન: (૦૭૯) ૨૬૫૮૩૭૮૭, ૨૬૫૮૦૩૬૫

E-mail : info@navbharatonline.com
Web : www.navbharatonline.com
fb.com/NavbharatSahityaMandir

SAAT PAGLAAN AAKASHMAN

Novel by Kundanika Kapadia

Published by Navbharat Sahitya Mandir, Ahmedabad-1
2014
ISBN : 97-81-8440-209-4

પ્રથમ આવૃત્તિ	: જાન્યુઆરી, ૧૯૮૪	દસમી આવૃત્તિ	: જુલાઈ, ૨૦૦૦
બીજી આવૃત્તિ	: એપ્રિલ, ૧૯૮૪	અગિયારમી આવૃત્તિ	: એપ્રિલ, ૨૦૦૩
ત્રીજી આવૃત્તિ	: ઑક્ટોબર, ૧૯૮૫	બારમી આવૃત્તિ	: ઑગષ્ટ, ૨૦૦૪
ચોથી આવૃત્તિ	: જુલાઈ, ૧૯૮૭	તેરમી આવૃત્તિ	: ઑગષ્ટ, ૨૦૦૭
પાંચમી આવૃત્તિ	: ૧૯૯૧	ચૌદમી આવૃત્તિ	: માર્ચ, ૨૦૦૯
છઠ્ઠી આવૃત્તિ	: ૧૯૯૩	પંદરમી આવૃત્તિ	: ૨૦૧૧
સાતમી આવૃત્તિ	: ઑગષ્ટ, ૧૯૯૪	સોળમી આવૃત્તિ	: ૨૦૧૨
આઠમી આવૃત્તિ	: મે, ૧૯૯૬	સત્તરમી આવૃત્તિ	: ૨૦૧૪
નવમી આવૃત્તિ	: ડિસેમ્બર, ૧૯૯૭		

આવરણ : ઠાકોર રાણા

₹ ૪૦૦.૦૦

પ્રકાશક
મહેન્દ્ર પી. શાહ
નવભારત સાહિત્ય મંદિર
દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ : ૩૮૦ ૦૦૧
ટેલિ. : (૦૭૯) ૨૨૧૩૨૯૨૧, ૨૨૧૩૯૨૫૩
E-mail : info@navbharatonline.com
Web : www.navbharatonline.com

ટાઇપ-સેટિંગ | દેવરાજ ગ્રાફિક્સ, અમદાવાદ

મુદ્રક | યશ પ્રિન્ટર્સ, અમદાવાદ



કલ્યાણ-મિત્ર
મકરન્દને

સ્ત્રીની યાત્રા : કારાગારથી કૈલાસ સુધી

'દુનિયામાં બધા અસમાન છે, પણ
સ્ત્રીઓ વધુ અસમાન છે.'

૧૯૮૨ના જુલાઈથી શરૂ થઈ ૪૦ અઠવાડિયાં સુધી આ નવલકથા ધારાવાહી રૂપે 'જન્મભૂમિ-પ્રવાસી'ની રવિવારીય આવૃત્તિમાં પ્રગટ થઈ ત્યારે એણે ઠીક ઠીક ઊહાપોહ જગાડેલો, 'તમને જેલમાં મોકલવાં જોઈએ'થી માંડી 'તમને નોબેલ પારિતોષિક અપાવું જોઈએ' – સુધીની પ્રતિક્રિયાઓ સાંભળવા મળી હતી. મારા સદ્દભાગ્યે જેલમાં મોકલવાની ઇચ્છા રાખનારાઓની સંખ્યા જૂજ હતી. મારો મોટો પુરસ્કાર તો હતો ચારે તરફથી મને મળેલા સેંકડો સ્ત્રીઓના પત્રો, જેમાં એક જ સૂર મુખ્ય હતો કે આ તો અમારી વાત છે, અમે જે સહ્યું છે ને કહ્યું નથી તે અમારી વેદના, અમારાં આંસુ, અમારા દબાયેલા આક્રોશની આ વાત છે. એટલે સુધી સ્ત્રીઓને વસુધાના જીવનમાં પોતાના જીવનનું પ્રતિબિંબ દેખાયું છે કે તેમણે મને ઘેર મળવા આવીને, પત્રો લખીને, ટેલિફોન કરીને, રસ્તામાં ઊભી રાખીને એ વિશે વાત કરી છે. સાવ અજાણી સ્ત્રીઓએ રાતવખતે ઘેર આવીને પોતાની વેદનાની કથાઓ મને સંભળાવી છે. રેખા જોષી નામનાં બહેને બહુ કલાત્મક રીતે લખેલું કે : 'વસુધાનું પાત્ર ! મને લાગે છે કે હું એને મળી છું, એને ઓળખું છું. ખૂબ યાદ કર્યા પછી ખ્યાલ આવ્યો કે એ હું જ છું.'

નવલકથામાં આલેખાયેલી મોટા ભાગની પરિસ્થિતિઓ પાછળ સત્ય ઘટનાઓનો આધાર છે; અને એ રીતે આ લગભગ દસ્તાવેજી કથા છે. આ દુનિયામાં સ્ત્રીઓનું સ્થાન હંમેશા બીજા દરજ્જાનું રહ્યું છે, એ હકીકતના કાંઈ પુરાવા શોધવા જવું પડે એમ નથી. આ દેશમાં જ નહિ, દુનિયાના બધા દેશોમાં આ સ્થિતિ રહી છે. છતાં કેટલાક લોકોને એમ લાગ્યું છે કે નવલકથાનું આલેખન વાસ્તવિકતાથી દૂર છે. તેમને લાગે છે કે સ્ત્રીઓનું આ સમાજમાં હંમેશાં ગૌરવભર્યું સ્થાન રહ્યું છે. માતા તરીકે તે પૂજનીય ગણાઈ છે, પુરુષની

પાછળ તેની જ શક્તિ કામ કરે છે. 'ભારતીય સ્ત્રીત્વનો ખ્યાલ સદા ઊંચો રહ્યો છે અને તેના આધારે જ ભારતીય સમાજ હજી ટકી રહ્યો છે.

વાસ્તવિકતા શી છે ?

વેદકાળમાં સ્ત્રીઓને વારસા-અધિકાર સિવાય ઘણીબધી બાબતોમાં પુરુષોની સમાન અધિકારો હતા. પછી મનુસ્મૃતિના કાયદા અને વર્ણવ્યવસ્થા આવ્યાં અને સ્ત્રીને શૂદ્રની હરોળમાં સ્થાન મળ્યું. છેક ત્યારથી સ્ત્રીઓ અને શૂદ્ર – બન્ને વર્ગના પ્રશ્નો લગભગ સમાંતર રહ્યા છે. સ્ત્રીની લગ્નવય ઘટાડી નાખવામાં આવી, તેથી તેનું શિક્ષણ પણ ઘટ્યું. આદર્શ સ્ત્રીની અનેક વ્યાખ્યાઓ બાંધવામાં આવી, જેમાં તેના સમગ્ર વ્યક્તિત્વને પુરુષ સાથેના સંબંધોમાં સીમિત કરી દેવામાં આવ્યું. પતિ ગમે તેવો હોય, પણ તેના પરત્વે સંપૂર્ણ આજ્ઞાધીનતાને સૌથી મોટો ગુણ ગણવામાં આવ્યો અને તેને આનુષંગિક ત્યાગ અને સહનશીલતા સ્ત્રીની જ વિશેષતા મનાઈ. સ્ત્રીને પતિની સેવા કરનાર, પતિના વંશને ચાલુ રાખવા માટે પુત્રોને જન્મ આપનાર સાધન જ માત્ર ગણવામાં આવી. સ્ત્રીની પવિત્રતા માટે અનેક નિયમો, પ્રતિબંધો રચાયા. પિતૃસત્તાક સમાજ જેમ સ્થાપિત થતો ગયો તેમ બધાં જ ક્ષેત્રે પુરુષોનું આધિપત્ય સ્થપાયું. 'પતિ એ જ પરમેશ્વર' એ સ્ત્રી-જીવન માટે માર્ગદર્શક સૂત્ર બન્યું. તેના જીવનમાં બધાં સમીકરણો પતિ સાથેના સંબંધમાં જ રચાયાં. એક પુરુષને સંત થવા માટે દીર્ઘ પુરુષાર્થભરી સાધના કરવી પડે. સ્ત્રીને સતી થવા માટે કેવળ પતિનિષ્ઠાની જરૂર. એટલે જ સતીત્વ શબ્દમાં 'સત'નો જે એક વધારાનો અર્થ છે તે ફક્ત સ્ત્રી માટે છે. 'સતીત્વ' જેવો, પુરુષને માટે વાપરી શકાય તેવો કોઈ શબ્દ નથી, કારણ કે પુરુષ માટે એવી કોઈ વિભાવના જ નથી.

રામાયણ-કાળમાં રામે સીતાનો ત્યાગ કર્યો અને અમુક વર્ગે એ ત્યાગને બિરદાવ્યો, કારણ કે રામે વધુ ઊંચા મૂલ્ય માટે – પ્રજામત માટે – સીતાનો ત્યાગ કર્યો હતો. પણ સીતાએ કહ્યું કે હું તો રામની છાયાની જેમ તેમની સાથે જઈશ, કારણ કે તેના જીવનમાં રામ કરતાં વધારે ઊંચું મૂલ્ય બીજું નહોતું. સીતા માટે જીવનનું અંતિમ ગંતવ્ય રામ જ છે, રામ માટે અંતિમ ગંતવ્ય સીતા નથી. સીતાએ કહ્યું : ભવોભવ તમે જ પતિ તરીકે મળજો. રામે એવી કોઈ પ્રાર્થના કરી નથી. પિતાને માટે રામે રાજ્ય તજી વનવાસ લીધો હતો. પત્ની

માટે તે રાજ્ય તજી વનમાં સાથે જઈ શક્યા નહિ.

મહાભારતની વાત જોઈએ. યુધિષ્ઠિર દ્રૌપદીને દ્યૂતમાં હારી ગયા ત્યારે દ્રૌપદીએ પૂછ્યું કે ધર્મરાજા પોતાની જાતને હારી ગયા છે, તો તે પછી મને હોડમાં મૂકવાનો તેમને અધિકાર છે ખરો ?

એટલે કે ધર્મરાજાનો દ્રૌપદીને હોડમાં મૂકવાનો અધિકાર હોત – જો તે પોતાને હારી ગયા ન હોત !

આમ સ્ત્રી જીતવાની, હારવાની, શરતમાં મૂકવાની, દાનમાં આપવાની વસ્તુ ગણાઈ છે. આપણા એક પ્રખર ચિંતક દાદા ધર્માધિકારીએ ક્યાંક લખેલું : પુરાણકથાઓમાં સ્ત્રીઓનો મુખ્યત્વે શો રોલ હતો ? કોઈ ઋષિમુનિને ચળાવવા હોય તો તેનો ઉપયોગ થતો. કોઈ રાજા ખુશ થાય તો કહે : અર્ધું રાજપાટ અને રાજકન્યા આપીશ. પ્રસન્ન થઈને રાજા કોઈ વસ્તુ ભેટ આપે તેમ રાજકન્યા પણ આપે. એ પણ એક આપવાની વસ્તુ. લગ્નમાં અપાતું 'કન્યાદાન' પણ કન્યા દાનની વસ્તુ હોવાનું સૂચવે છે.

સ્ત્રીની એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે ગણના થઈ ન હોવાથી અને તેના જીવનનું સમગ્ર મૂલ્ય પુરુષ સાથેના સંબંધમાં જ વણાયું હોવાથી, તેનાં નામરૂપ સહિત સઘળી ઓળખ પુરુષ-આધારિત છે. એક સ્ત્રી કાં તો પત્ની છે, કાં વિધવા છે. એક પુરુષની ઓળખાણ આપતાં તે શ્રી મોહન પટેલ છે, એમ કહીએ તો ચાલે. તે કવિ છે કે કામદાર છે, તેટલી ઓળખ બસ થાય. તે પરણેલો છે કે નહિ તે જાણવાનું અપ્રસ્તુત છે. પણ સ્ત્રીના નામ આગળ આખોયે વખત મિસ કે મિસિસ, કુમારી કે શ્રીમતી જેવાં વિશેષણો લગાડી તેની લગ્ન સંબંધે શી સ્થિતિ છે તે જાહેર થતું રહે. પરણ્યા પછી સૌ. કે અ. સૌ. લગાડીને અને વિધવા થાય ત્યારે ગંગાસ્વરૂપ લગાડીને પણ તેની પતિવિષયક સ્થિતિની જાહેરાત થતી રહે.

નામની જેમ વેશભૂષા પણ સ્ત્રી તરીકે પુરુષ-સંબંધમાં તે શું છે, તે વ્યક્ત કરવાનું કામ કરે છે. પતિ હોય, તો તે અમુક શણગાર કરે, સરસ કપડાં પહેરે. ન હોય તો મંગલસૂત્ર, નાકમાં ચૂંક, ચાંલ્લો વગેરે ધારણ ન કરી શકે. (હમણાંથી વિધવા થતાં કાળો ચાંલ્લો કરવાનું શરૂ થયું છે, જે પણ આ પ્રકારની જાહેરાતનું

સૂચક છે અને તેથી એક ખોટી પ્રથા ઊભી થઈ છે.) અ. સૌ.માં પતિ જ સ્ત્રીનું સૌભાગ્ય એવું સ્પષ્ટ સમીકરણ છે. સ્ત્રી બીજી રીતે ગમે તેટલો યશ મેળવે, ઉત્તમ કાર્યો કરે, પણ પતિ ન હોય તો તેને સૌભાગ્યવતી ન કહી શકાય. સૌભાગ્ય એટલે કે સારાં ભાગ્યમાં માત્ર પતિ જ ગણાય. તે ગમે તેવો દુર્જન હોય ને તેનાથી છૂટતાં સ્ત્રીને હાશ થતું હોય, તોપણ, તે ન હોય તો સ્ત્રીનું ભાગ્ય આથમી ગયેલું જ ગણાય. વળી સ્ત્રીને આશીર્વાદ અપાય : 'સૌભાગ્યવતી ભવ.' અને એ દ્વારા પતિનું દીર્ઘાયુષ્ય ઇચ્છવામાં આવે. સ્ત્રીને સીધા 'દીર્ઘાયુષી થા'ના આશીર્વાદ અપાતા નથી, કારણ કે એક પત્ની ગુજરી જાય તો બીજી સ્ત્રી સાથે લગ્ન કરી લેવાનું પુરુષ માટે સહજ છે.

જે લોકો ભારતીય સ્ત્રીની પ્રતિમાને ઊંચા આસને બેસાડી તેના ભણી અહોભાવથી જુએ છે તેમને પૂછીએ કે : ધારો કે સ્ત્રીનું આ સમાજમાં જે સ્થાન છે, અને એને કારણે તેને જે સહેવું પડે છે, તે પુરુષને ભાગે આવે તો ?

ધારો કે પુરુષને લગ્ન કરતાંવેંત માબાપથી વિખૂટા પડવાનું આવે તો ? નાનપણથી પુરુષના મનમાં એમ જ ઠસાવાતું રહે કે પરણીને સ્ત્રી સાથે મેળપૂર્વક જીવવું અને સાસરિયાંની સેવા કરવી એ જ તેના જીવનનું લક્ષ્ય છે, તો ? પરણતાંવેંત પુરુષનાં નામઠામ-અટક-ધર્મ બદલાઈ જતાં હોય, તો ? સ્ત્રીને આજ્ઞાધીન થઈને રહેવામાં જ તેની સર્વોચ્ચ ગુણવત્તા ગણાતી હોય, તો ? પત્ની મૃત્યુ પામતાં તેણે શોક પાળીને દિવસો સુધી ઘરમાં રહેવાનું હોય, મનપસંદ કપડાં ધારણ ન કરવાનાં હોય, પોતે વિધુર છે એવું પોતાના પહેરવેશ અને નામ દ્વારા પ્રગટ કરતાં રહેવાનું હોય, તો ? લગ્નની વિધિમાં 'પુરુષદાન' અપાતું હોય, પરણેલાં પુરુષને 'શ્રીમાન' કે 'સૌભાગ્યવાન' અને વિધુરને 'હિમાલય સ્વરૂપ' જેવું વિશેષણ લાગતું હોય, તો ? ઘરમાં સ્ત્રીનું જ વર્ચસ્વ હોય, સંપત્તિનો વહીવટ તે જ કરતી હોય, પુરુષને ઊતરતા સ્થાને રાખવાના કાનૂન તેણે જ ઘડ્યા હોય, જન્મથી જ પુરુષ ત્યાગ અને સેવા માટે, સ્ત્રીનાં સુખ ને સગવડ માટે સર્જાયો છે એવો આદર્શ ઘડી તેને સરસ મજાનું નામ પહેરાવી પુરુષના મગજમાં ઉતારી દીધો હોય, તો ? વિધુર થતાં તે અપશુકન ગણાતો હોય, તો ? વિધુર પુરુષોનાં ટોળેટોળાં કાશી કે હરદ્વારમાં ગંગાના ઘાટ પર નિષ્ક્રિય જીવન ગાળતાં હોય, તો ? અથવા તે ફરી પરણે તો, જેટલી વાર

પરણે તેટલી વાર તેનાં નામ-અટક બદલાતાં હોય, તો ?

કોઈ પણ ન્યાયપ્રિય વ્યક્તિ આ પ્રશ્નો વાંચીને અસ્વસ્થ થઈ જાય. અને સ્ત્રી આ અન્યાય સહે જ છે, સદીઓની સદીઓથી સહેતી આવી છે. નાનપણથી જ સ્ત્રીના જીવનની ગતિ પુરુષની દિશામાં રહી છે. છોકરીએ પરણીને બીજાના ઘેર જઈ ત્યાં આજ્ઞાધીન થઈને સમાધાનપૂર્વક રહેવાનું છે એ લક્ષ્ય ખ્યાલમાં રાખીને જ છોકરીને ઉછેરાય છે; કંઈક ભૂલ થતાં 'સાસરે જઈને શું કરીશ ?'નો ઉપાલંભ અપાય છે. એને અનુલક્ષીને જ તેને ભણાવાય છે કે ભણતી ઉઠાડી લેવાય છે.

છોકરી પરણીને પતિને માબાપથી અલગ રહેવા પ્રેરે તો તેની ખૂબ ટીકા થાય છે, પણ લગ્ન પોતે જ છોકરીને તેનાં માબાપથી અલગ કરે છે, તે વિશે કોઈને કાંઈ અયોગ્ય લાગતું નથી. પ્રેમ કે સંબંધ કે ફરજ પુત્ર અને તેનાં માતાપિતા વચ્ચે જ હોય છે ? પુત્રી અને પુત્રીનાં માબાપ વચ્ચે નહિ ?

છોકરી પોતાના ભવિષ્યનો પોતે નિર્ણય ભાગ્યે જ કરે છે. આ નવલકથા લખતાં – ૧૯૮૩માં – મેં ઘણી કૉલેજકન્યાઓ, કામ કરતી છોકરીઓ, કલા-પ્રવૃત્તિ કરતી તરુણીઓને પૂછેલું : 'લગ્ન પછી તમે તમારું કામ ચાલુ રાખશો ?' એક-બે અપવાદ સિવાય બધી જ છોકરીઓએ કહેલું : 'ઘર કેવું મળે છે તેના પર આધાર.' 'તમે જ તમારા ભવિષ્યના ઘડવૈયા છો.' – એ પ્રેરણાત્મક સૂત્ર સ્ત્રી માટે નથી. પતિ કે સાસરિયાં ન ઇચ્છે તો તેઓ પોતાનું કામ, કલા, પ્રવૃત્તિ વગેરે છોડી દેવા તૈયાર છે, અને એમાં ગૌરવ પણ માને છે; કારણ કે પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરી કશી સિદ્ધિ મેળવવી તે નહિ, પણ પોતાની જાતનું વિલોપન કરવું તે પુરુષદત્ત આદર્શ સ્ત્રીના લોહીમાં વણાઈ ગયો છે. એ જ તેને પોતાનું ચરમ કર્તવ્ય લાગે છે. બૌદ્ધિકતા, નિર્ભયતા, સ્વતંત્ર અભિપ્રાય, વિકસિત વ્યક્તિત્વ, આત્મવિશ્વાસ – એ પરણવા માગતી છોકરીના ગુણ ગણાતા નથી. પહેલાં રૂપ જોવાય છે, પછી વિનય-વિવેક છે કે નહિ તે જોવાય છે અને એ વિનયને, સંકોચશીલતાને સંસ્કારિતાનું નામ અપાય છે. લગ્ન પહેલાં તેની અન્ય ક્ષેત્રની સિદ્ધિઓની પ્રશંસા થાય છે, પણ લગ્ન પછી તો ઘરકામની કુશળતા, સંપૂર્ણ આજ્ઞાંકિતતા ને લજ્જા જ તેના આભૂષણ ગણાય

છે. કવિઓ-લેખકોએ 'લજ્જા'ને શોભા ગણી તેનાં સુંદર આલેખનો કર્યાં છે, જેથી સ્ત્રીઓ લજાઈને પોતાના સ્પષ્ટ અભિપ્રાય ઉચ્ચારી ન શકે. હકીકતમાં લજ્જા કોઈ ખોટું કામ કર્યું હોય તેની, બાકી લજ્જામાં ગુણ જેવું છે જ શું ? વિનય અને લજ્જા પર્યાય નથી. સરળતા, સ્પષ્ટતા, નિર્ભીકતા એ સરાહનીય તત્ત્વો છે.

લગ્ન પછી સ્ત્રીની આખી યાત્રા આ સ્વતંત્ર હસ્તીના વિલોપનની યાત્રા છે. પરણવું એટલે પ્રભુતામાં પગલાં પાડવાં એ પુરુષનું કથન છે. લગ્નથી પુરુષને પ્રભુતા, એક વ્યક્તિ પર અધિકાર, તેની પાસેથી સેવાચાકરી પામવાનો હક મળે છે. સ્ત્રીને માટે એ આનંદભરી મુક્ત હલનચલનની વાટિકામાંથી ઘરકામ, જવાબદારી અને પ્રતિબંધોની બંધ હવેલીમાં પ્રવેશ છે. સ્ત્રી લગ્ન દ્વારા કોઈની સેવાચાકરી પામતી નથી. તેણે તો બધાંની સેવા કરી, બધાંને રીઝવી પોતાનાં અભિપ્રાય, ઇચ્છા, રુચિ, આગ્રહ જતાં કરી એક વ્યક્તિત્વવિહોણા યંત્ર જેવા થઈ રહેવાનું હોય છે, સાસરિયાંઓને શું લાગશે તેની સતત કાળજી કરીને જીવવાનું હોય છે, તેમના બધા સામાજિક વ્યવહાર સાચવવાના હોય છે. પુરુષની, પત્નીનાં સગાં પ્રત્યે ભાગ્યે જ કોઈ ફરજ ગણાય છે, સજ્જનતાવશ તે કાંઈ તે જુદી વાત; જ્યારે સ્ત્રીની તો સાસરિયાં પ્રત્યે હજાર ફરજો હોય છે.

લગ્ન થતાં પુરુષની જીવનવ્યવસ્થા ખાસ બદલાતી નથી. સ્ત્રીનું તો કેટલું બધું બદલાઈ જાય છે ! તેનું ઘર ને કુટુંબ બદલાય છે, નામ અને અટક બદલાય છે, કામ બદલાય છે, ધર્મ બદલાય છે. ગઈ કાલે જ એક જુવાન છોકરી મળી. હમણાં જ એમ.બી.બી.એસ. પાસ થઈ છે. કહે : હવે મારું નામ સ્મિતા છે. મેં કહ્યું : તારું નામ તો સુનીતા હતું ને ? કહે, લગ્ન પછી એ લોકોએ નામ બદલી નાંખ્યું, ઘરમાં એ નામની બે વ્યક્તિઓ હતી. પણ ભાઈનું ને પતિનું નામ એક હોય, તો કોઈ સ્ત્રીએ પતિનું નામ બદલ્યું છે ? આમ ઘરકુટુંબ-નામઠામગામ બદલવાને કારણે સ્ત્રીની મૂળ ઓળખ ક્યાંયે રહેતી નથી. એક જ કુટુંબના બે પુત્રોએ કોઈક ક્ષેત્રમાં નામ કાઢ્યું હોય તો તેના કુટુંબની તે રીતે પ્રતિષ્ઠા થાય, પણ એક કુટુંબની બે પુત્રીઓએ નામ કાઢ્યું હોય તો પહેલાં તો તે એક કુટુંબની છે તેની જ ખબર ન પડે, કારણ કે તેમની અટક બદલાઈ ગઈ હોય. પ્રસિદ્ધ શિક્ષણજ્ઞ ડૉ. મધુરીબહેન શાહ અને વહીવટી ક્ષેત્રે જાણીતાં જિલ્લા કલેક્ટર શ્રી મૃદુલાબહેન વશી બે બહેનો

છે. કોઠારી કુટુંબની દીકરીઓ છે તેની લોકોને કેવી રીતે ખબર પડે ? સરોજિની નાયડુ અને હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય ભાઈબહેન થાય, એની ખબર પણ ઓછા લોકોને જ હશે. જ્યારે વિઠ્ઠલભાઈ ને વલ્લભભાઈ પટેલ બે ભાઈઓ થાય તેની તો તરત ખબર પડે. બન્ને જાણીતાં લેખિકા : વર્ષા અડાલજા અને ઇલા આરબ મહેતા બહેનો છે અને લેખક ગુણવંતરાય આચાર્યની દીકરીઓ છે એની પણ સાધારણ વાચકસમાજને ખબર નહિ જ હોય.

ધર્મ એક અત્યંત ઊંડાણભરી, ગંભીર, અંગત શ્રદ્ધાની બાબત છે. સ્ત્રીઓ વધુ ધર્મિષ્ઠ કહેવાય છે. પણ તેમને પોતાના ધર્મ જેવું હોય છે ખરું ? તે બાળપણથી ધારો કે વૈષ્ણવ કુટુંબમાં હોય, પણ તે જૈન પતિ (કે સ્વામીનારાયણ કે કોઈ પણ)ને પરણે તો તે સહેલાઈથી જૈન ધર્મ અપનાવી લે. જાણે તેની પોતાની કોઈ આસ્થા જ નહિ, કોઈ વિચાર કે માન્યતા જ નહિ. સ્ત્રીએ વળી વિચાર કેવો કરવાનો ? પતિનો ધર્મ એ જ તેનો ધર્મ. તેથી તો તેને 'સહધર્મચારિણી' કહી છે, પતિને 'સહધર્મચારી' કહ્યો નથી. કોઈ ઉદાર વિચારવાળા કહેવાતા કુટુંબમાં પત્નીને પોતાનો ધર્મ પાળવાની છૂટ હોય તોપણ, તેનાં બાળકો તો પતિના ધર્મનાં જ ગણાય. જ્ઞાતિ પણ બાળકોને બાપની જ મળે, માની નહિ.

સ્ત્રીનું આમ સમગ્ર મૂલ્ય પુરુષ-આશ્રિત હોવાને લીધે જ પતિ ન હોય, તે તજી જાય તે મૃત્યુ પામે ત્યારે સ્ત્રીની ભારે દુર્દશા થાય છે. પહેલાંના સમયમાં વિધવાઓને માથે જે વીતતું તે વાંચીને આપણે કમકમી ઊઠીએ. પતિની ચિતા પર જીવતે જીવ તેને બાળી મુકાતી. હજી હમણાં સુધી તેના માથે મુંડન થતું. તે લાલ કે કાળો સાડલો જ પહેરતી. ઘરની બહાર ભાગ્યે જ નીકળતી. સમાજમાં તો નહિ, ઘરમાં પણ એની કોઈ કિંમત ન રહેતી. તેને ખાવાનું ઓછું આપી શરીર સૂકવી નખાતું, જેથી તેનું રૂપ કરમાઈ જાય, ભૂખના દુઃખે શારીરિક ઇચ્છાઓ મરી જાય અને તેની પવિત્રતા જળવાઈ રહે. જીવનના આનંદલોકમાંથી તેને સંપૂર્ણપણે બહિષ્કૃત કરવામાં આવતી. તે અપશુકન ગણાતી અને કોઈ મંગલ વિધિમાં ભાગ ન લઈ શકતી. સંપત્તિમાં તેનો ભાગ ન ગણાતો. તેની પરિસ્થિતિના થોડાંક સચોટ ચિત્રો આપણને શ્રી ઝવેરચંદ મેઘાણીની વાર્તાઓમાં જોવા મળે છે.

વિધવા સ્ત્રી 'અમુકની વિધવા' તરીકે ઓળખાય (પુરુષ 'અમુકનો વિધુર' એ રીતે કદી ઓળખાયો છે ?) તેને મનગમતાં કપડાં પહેરવાની, અલંકારો પહેરવાની છૂટ નહિ. તેણે કપાળ કોરું રાખી (કે કાળો ચાંલ્લો કરી) પોતાની દયનીય સ્થિતિની જાણ કરતાં રહેવું પડે. પુરુષ બીજી વાર, ત્રીજી વાર, ચોથી વાર પરણે, નાની ઉંમરની કન્યા સાથે પરણે, બાળકો હોય તોપણ તેને પરણવામાં વાંધો ન આવે, પત્નીને મર્યાને ૨૪ કલાક પણ ન થાય ત્યાં લગ્નની ફરી વાતો ચાલે. પુરુષ પોતાની ઇચ્છાથી ન પરણે તે જુદી વાત, પણ તે પરણે તે સ્વાભાવિક લેખાય. જેમ લગ્નથી તેમ પત્નીના મૃત્યુથી પણ પુરુષની જીવનવ્યવસ્થામાં બહુ ફરક ન પડે, તેને માટે સ્ત્રી એ કાઢી નાખી શકાય તેવી વસ્તુ – એક્સપેન્ડેબલ કૉમોડિટી – છે. હજુ હમણાં સુધી તેને સંપત્તિ પર પણ કોઈ અધિકાર નહોતો. આજે મોટાં શહેરોના શિક્ષિત વર્ગમાં પરિસ્થિતિ થોડીક બદલાઈ છે, પણ બહોળા સમાજમાં તો આ જ સ્થિતિ છે. વિધવા થતાં સ્ત્રી ધર્મ તરફ વધુ વળે છે કારણ કે તેને કશુંક આલંબન જોઈએ છે. વિધવા – પુનર્લગ્નનું પ્રમાણ મધ્યમ વર્ગમાં આજે પણ ઘણું ઓછું છે. એટલું જ નહિ, કોઈ જાણીતી સ્ત્રી વિધવા થતાં ફરી લગ્ન કરે તો તેની 'ઇમેજ'ને ક્ષતિ પહોંચે છે. અમેરિકી પ્રમુખ જૉન કૅનેડીના મૃત્યુ પછી, તેની પત્ની જૅકવેલિને ફરી લગ્ન કર્યાં ત્યારે મુંબઈના અગ્રગણ્ય વિદ્વાન અને આદરણીય ચિંતક શ્રી ચીમનલાલ ચકુભાઈ જેવાએ પણ તેની ટીકા કરતાં લખેલું કે 'પ્રમુખ કૅનેડીની વિધવા તરીકે તે સંમાનનીય હતી પણ ફરી લગ્ન કરીને તેણે પોતાની જાતને ડુબાડી દીધી છે.' આ એક વિધાન દ્વારા તેમણે સમસ્ત પુરુષશાહી માનસનું સ્ત્રી પ્રત્યેનું વલણ પ્રગટ કરી દીધું હતું.

આમ ચારે બાજુથી મર્યાદાઓ આંકીને સ્ત્રીને માટે જે આ સ્થાન નક્કી કરવામાં આવ્યું છે તેની સામે તે વિદ્રોહ ન કરે, તે માટે આદર્શનાં અનેક દીપ્તિમંત નામોથી તેને મઢવામાં આવી છે, તેના સ્થાનને અનેક મહિમાઓથી મંડિત કરવામાં આવ્યું છે. આવું એક મહિમામય નામ છે : માતૃત્વ.

આપણે ત્યાં માતૃત્વનું જે ગૌરવગાન કરવામાં આવ્યું છે તે એક 'મિથ' છે. હું તો એમ કહીશ કે તે એક મોટો દંભ છે. અરવિંદ આશ્રમનાં માતાજીએ એક

વાર કહેલું કે 'માતાને પોતાનાં બાળકો પ્રત્યે જે પ્રેમ હોય છે એના વિશે લોકોએ અદ્ભુત ચિત્ર ઊભું કરેલું છે... આ બાબતમાં માણસ પાસે શણગારેલી ભાષામાં વાત કરવાની જે શક્તિ છે તેને બાજુએ રાખીએ, તો પછી ઊંચા પ્રકારનાં પ્રાણીઓ – જેવાં કે આંચળવાળાં પ્રાણીઓ – મા પોતાનાં બચ્ચાં પ્રત્યે જે પ્રેમ હોય છે તે બરાબર આ જ પ્રકારનો હોય છે...'

બાળકને જન્મ પ્રત્યક્ષપણે માતા જ આપે છે; નવ મહિના ગર્ભ માના ઉદરમાં ઊછરે છે, આથી સ્વાભાવિક જ જન્મ-સમયે મા-બાળકનો એક આગવો સંબંધ બંધાય છે. જન્મ પછી લાંબા સમય સુધી બાળકના પોષણ-સંવર્ધન માટે માની કાળજી-હૂંફ-સેવાની જરૂર છે. આ કાર્ય માટે પોતાનાં સુખસગવડ જતાં કરવાનું મા માટે સહજ છે, લગભગ 'ઇન્સ્ટિંક્ટરૂપ' છે. બાળકના જીવન-સંરક્ષણ માટે માના પક્ષે આ અત્યંત જરૂરી છે, નહિ તો બાળકનો સ્વસ્થ ઉછેર મુશ્કેલ બને. પ્રાણીઓમાં પણ બરોબર આ જ વૃત્તિ બચ્ચાના ઉછેર માટે હોય છે.

આમ સ્ત્રી એક એવું કાર્ય બજાવે છે, જે માનવ-જીવનમાં સાતત્ય માટે અનિવાર્ય છે. આ કાર્ય ફક્ત તે જ કરી શકે છે. આ એક અતિ વિશિષ્ટ કાર્ય માટે, તેણે ઘણો સમય જીવનનાં સમગ્ર ધ્યાન-શક્તિ રોકવાં પડે છે.

પણ સ્ત્રીને આ અદ્વિતીય કામગીરી બજાવવા માટે પૂરતી સગવડ મળે છે ? માતૃપદના ગૌરવ લેખે થોડાક શબ્દ-શણગારથી વધારે તેને કયું માન-સંમાન મળે છે ? તેની વિશિષ્ટતાની ક્યાં ગણતરી થાય છે ? ક્યાં કૌટુંબિક, સામાજિક, ધાર્મિક, ક્રિયા-અનુષ્ઠાનો એવાં છે જેમાં માતાનું જ મુખ્ય સ્થાન હોય કે જેમાં માતા વગર ન જ ચાલતું હોય ? માતૃત્વનું ગુણગાન ગાતા સમાજે માતાને કયા વિશેષ અધિકારો આપ્યા છે ? પુત્રો માના મૃત્યુ પછી તેનું સ્મારક કરે છે, પણ મા જીવતી હોય ત્યારે તો તેને ઘણુંખરું પુત્રનાયે ઓશિયાળાં થઈને જ રહેવું પડ્યું હોય છે.

વળી 'મા'– એ સ્થિતિનું ખરેખર જ ગૌરવ હોય તો કુંવારી માતા કે વિધવા થયા પછી બનેલી માતા કે બળાત્કારને પરિણામે પરાણે બનેલી

માતાનું શું ? તેને તો કેવી લાંછનભરી સ્થિતિમાં જીવવું પડે છે ! બાળકનો તેણે ત્યાગ કરવો પડે છે કે દંભભરેલું જીવન ગાળવું પડે છે; નહિ તો પછી 'કાશીનો દીકરો' વાર્તામાં બને છે તેમ, જવાબદાર પુરુષને માથે તો કોઈ આપત્તિ આવી પડતી નથી, ભોગ બનેલી સ્ત્રીને જ જાતજાતની વ્યવસ્થાઓ ને સાચુંજૂઠું કરવું પડે છે. બાળકને જન્મ આપે તે મા – એ અર્થમાં તો આ સ્ત્રીઓ પણ માતાઓ જ છે. તો ક્યાં છે તેમની સંભાળ, તેમની રક્ષા ? કોણ કરે છે તેમનું સંમાન ?

માતાને આમ પણ કોઈ વિશેષ માન મળે છે જ ક્યાં ? પોતાના સંતાનને તે પોતાનું નામ નથી આપી શકતી. લગ્ન કે અન્ય આમંત્રણ-પત્રિકામાં ઘણીવાર માનું નામ નથી હોતું. ઘર છોડીને બીજી સ્ત્રી સાથે રહેવા ચાલ્યા જતા પુરુષને સંતાનના લગ્ન વખતે શોધી કાઢીને બોલાવવામાં આવે છે. તેના નામે પત્રિકા છપાય છે. સ્ત્રી ઘર છોડી ગઈ હોય તો તેનું નામનિશાન મિટાવી દેવાના પ્રયત્નો થાય છે. જે કાર્યથી સ્ત્રી જન્મભર કલંકિની બને છે એ જ કાર્ય પુરુષ કરે તો તેની થોડીક ટીકા થાય, બસ. કુટુંબના પ્રસંગોમાંથી તે બહિષ્કૃત થતો નથી.

બાળઉછેરના કાર્યમાં પિતાઓ તો બહુ ઓછો ફાળો આપતાં હોય છે. બાળકોને રમાડી તેમનામાંથી આનંદ તે લે છે, પણ બાળકોને દૂધ પાવાનું કે બાળોતિયાં સાફ કરવાનું કામ તે ભાગ્યે જ કરે છે. બાળકના ઉછેર માટે માતૃત્વ જેટલી જ પિતૃત્વની, હૂંફાળી ગોદ જેટલી જ બળશાળી હાથના ઉછાળાની જરૂર હોય છે. પણ પુરુષ માટે સારા પતિ કે સારા પિતા બનવાનો કોઈ સામાજિક આદર્શ કલ્પવામાં આવ્યો નથી. તો શ્રેય બધું પિતાને અને કામ બધું માતાને – એ શ્રમવિભાજનનો કોઈ ખાસ પ્રકાર છે ?

વળી દરેક કન્યા એ સંભવિત માતા છે. છતાં પુત્રીજન્મનાં વધામણાં થતાં નથી કે તેના પેંડા વહેંચાતા નથી (આ નવલકથા વાંચ્યા પછી બે કુટુંબોએ પુત્રીજન્મ પર મીઠાઈ વહેંચી હતી) 'ઘણા પુત્રો'ની માતા ગૌરવ અનુભવે છે, 'ઘણી પુત્રીઓ'ની માતાના મનમાં સૂક્ષ્મ અપરાભાવ રહે છે. લાખો સ્ત્રીઓ 'પુત્ર' માટે ઝંખે છે, ઝાંવાં નાખે છે, દવા કરે છે કે વ્રત કરે છે અને પુત્રી જન્મતાં નિરાશ થાય છે.

સ્ત્રીને 'પુત્રવતી ભવ'ના આશીર્વાદ અપાય છે. 'પુત્રીવતી ભવ'ના નહિ. પુત્રીજન્મને આમ સાવ નકારી દેતાં આ વલણો અને ઉક્તિઓમાં શું માનું એટલે કે સ્ત્રીનું ગૌરવ પ્રગટ થાય છે ?

એમ્નીઓસેન્ટેસિસ – ગર્ભની જાતિ જાણવા માટે ગર્ભમાંના પ્રવાહીનું પરીક્ષણ – નો ઉપયોગ ગર્ભમાં છોકરી હોય તો ગર્ભપાત કરાવવા માટે એટલા મોટા પ્રમાણમાં થયો છે કે એક હેવાલ પ્રમાણે ગર્ભપાતના ૮,૦૦૦ કિસ્સાઓમાં ૭,૯૯૯ ગર્ભ બાળકીઓના હતા. છોકરીઓને દૂધપીતી કરવાનો, સાપનો ભારો ગણવાનો રિવાજ હતો. રાજસ્થાનમાં એક ગામમાં વર્ષોથી જાન નથી આવી, કારણ કે ત્યાં કોઈ કન્યાને જીવતી રહેવા દેવાઈ જ નથી.

અદ્ભુત વાત તો એ છે કે આપણે ત્યાં 'પુત્ર' કે 'પુત્રી'ના જન્મ માટે માતાને જવાબદાર ગણવામાં આવે છે, જ્યારે બાળકની જાતિનું નિર્ધારણ તો સોએ સો ટકા પુરુષના સેલના ક્રોમોસોમ પર જ અવલંબે છે. પુત્ર જન્મશે કે પુત્રી તેનો સંપૂર્ણ આધાર પુરુષ પર જ છે; પણ લાખો સ્ત્રીઓને આ વાતની ખબર નથી હોતી.

માતૃત્વને જ સ્ત્રીના જીવનનું પરમ મૂલ્ય માનવાને લીધે, બહુપત્નીત્વની મનાઈનો કાયદો આવ્યો તે પહેલાં સ્ત્રી ગમે તેટલી સારી, સુશીલ હોય તોપણ, તેને બાળક ન હોય તો પુરુષ ફરી પરણે એ વાજબી ગણાતું. ઘણી વાર સ્ત્રી પોતે આગ્રહ કરીને પતિને બીજી સ્ત્રી સાથે પરણાવતી સ્ત્રી માતૃપદ ધારણ ન કરી શકે તો તેને લાગે – પોતાનામાં કંઈક ખૂટે છે, લગ્નજીવનની શરતો પોતે પૂરી પાડી નથી. બાળકમાં માત્ર પુત્રી હોય તોયે પુરુષ ઘણી વાર બીજી સ્ત્રી પરણતો – પુત્ર થવાની આશાએ. વંધ્ય સ્ત્રીને માથે મહેણાંટોણાંનો પાર નહિ. વંધ્યત્વનો સઘળો દોષ સ્ત્રીના માથે. આજે પણ નિ:સંતાન સ્ત્રીની સ્થિતિ દયનીય હોય છે. નવલકથા લખતી વખતે મને એવા પણ ઘણા આંસુભીના પત્રો મળેલા.

પુરુષમાં પણ આ બાબતની ખામી હોઈ શકે એ હકીકતથી સ્ત્રીઓને જાણીજોઈને અજાણ રાખવામાં આવી હશે ? કારણ કે, જો એવું પુરવાર થાય તો પુરુષની જેમ સ્ત્રી માટે પણ બીજાં લગ્ન કરવાનું વાજબી ઠરે. વળી સંતાનની

ઇચ્છા માને વધારે હોય છે, તો એ માટે પણ પુરુષની ખામીથી બાળક ન થતાં હોય ત્યાં સ્ત્રીને ફરી પરણવાની છૂટ હોવી જોઈએ. પણ પતિ સારો હોવા છતાં, માત્ર બાળક માટે સ્ત્રી ફરી પરણી હોય એવાં ઉદાહરણો આપણે ત્યાં નથી. સ્ત્રી મા તરીકે જ સંપૂર્ણ બનતી હોય, તો તેને માતા થવા માટે તમામ શક્ય તકો આપવી ન જોઈએ ? એટલે જ મેં કહ્યું કે સામાજિક દૃષ્ટિએ 'માતૃત્વનું ગૌરવ' એ એક 'મિથ' છે, દંભ છે. માતાનો નિઃસ્વાર્થ પ્રેમ એ પણ એક અતિશયતાભરી કલ્પના છે. માના પ્રેમમાં પણ ભેદભાવ હોય છે. દીકરા-દીકરી વચ્ચે તે ભેદ કરે છે. કમાઉ દીકરો તેને વધુ વહાલો લાગે છે. કુટુંબીજનોના પોતાને ઘેર સંજોગવશાત્ રહેવા આવેલા બાળક પ્રત્યે તે ઘોર ઉપેક્ષા ને અન્યાયથી વર્તી શકે છે, નાની ઉંમરના નોકરો પ્રત્યે કઠોર વર્તાવ કરી શકે છે, સાવકાં બાળકો પર જુલમ વરતાવી શકે છે, સંતાન માટે દેવીને રીઝવવા ક્યારેક બીજાના બાળકનો ભોગ પણ આપી શકે છે. ક્યાં જાય છે ત્યારે એનું માતૃહૃદય, એનો નિઃસ્વાર્થ પ્રેમ ? ખરેખર તો માબાપ 'પોતાનાં બાળકો'ની ચિંતામાં પુરાયેલા હોય છે કારણ કે એ બાળકો તેમના ભવિષ્યનો આધાર છે, તેમના અહંનો વિસ્તાર છે, તેમનાં અધૂરાં સપનાં પૂરાં કરવાનું માધ્યમ છે. બાળકને બાળક ખાતર ચાહનારાં લોકો ઓછાં જ છે. એટલે જ આપણે ત્યાં બાળકોનો પણ મુક્ત સ્વતંત્ર વિકાસ થવા માટેનું વાતાવરણ નથી. આમ માનો પ્રેમ ખરેખર કેટલો નિઃસ્વાર્થ છે અને અભણ, અણઘડ મા કરતાં સુશિક્ષિત તાલીમ પામેલા માયાળુ શિક્ષકો કે સામાજિક કાર્યકરો બાળકને વધુ સારી રીતે સંભાળી શકે અને તેના વિકાસમાં સહાય કરી શકે કે કેમ, તે નવેસરથી શોધવાનો વિષય છે.

સ્ત્રીના માસિક આવર્તન સાથે પણ વહેમ જોડી દઈ એ દિવસોમાં સ્ત્રીને અશુદ્ધ કરી દેવામાં આવી છે. 'માસિક' એ કેવળ એક શરીરગત પ્રક્રિયા છે, જેમાં શુદ્ધ-અશુદ્ધ જેવું કંઈ જ નથી, ને એ વખતે સ્ત્રીથી મંદિરમાં કે ધર્મકાર્ય માટે ન જવાય એ કેવળ વહેમ અને વહેમ જ છે, અને વહેમ સિવાય બીજું કશું નથી.

આમ ચોમેરથી સ્ત્રીના મૂલ્યને મર્યાદિત કરી દઈને, કેવળ 'નામ'ના ઢોળ ચડાવેલા

સુવર્ણાસન પર બેસાડી તેના હાથપગ બાંધી દેવાયા છે. ચીનમાં પગ બાંધતા એ માત્ર બાહ્ય ક્રિયા હતી. ખરેખર તો સ્ત્રીનું વ્યક્તિત્વ, તેની બૌદ્ધિક અસ્મિતા બાંધી દેવાય છે. પછી કહેવતો ઘડાય છે કે, 'સ્ત્રીની બુદ્ધિ પાનીએ'... 'સ્ત્રી ને જમીન પીટો તેમ સુધરે...'

ત્યાગ અને સમર્પણના મહિમામય આદર્શ સામે સ્ત્રી કદી પડકાર ન ફેંકે, પ્રશ્ન ન પૂછે એ માટેની આ બધી તરકીબો છે. અને પછી સ્ત્રીને કુટુંબની, ધર્મની સંરક્ષક ગણવામાં આવે છે. તેની પવિત્રતા અને પુણ્યને લીધે સમાજ ટક્યો છે એમ કહેવાય છે. એમ કહીને પુરુષને સ્વૈરવિહારની છૂટ આપી છે અને સ્ત્રીના માથે કુટુંબ ને સમાજની નીતિમત્તા ને સ્થૈર્યની મોટી જવાબદારી નાખવામાં આવી છે. આથી તેના ભાગે જાતજાતનાં વ્રત કરવાનું આવે છે. બાકી ધર્મની ઊંડી બાબતોનું, ફિલસૂફીનું કે સિદ્ધાંતોનું સ્ત્રીને ભાગ્યે જ જ્ઞાન હોય છે. સ્ત્રીથી વેદ ન ભણાય અને ગાયત્રીપાઠ ન થાય તેવો નિયમ હતો. આજે પણ અમુક જૈન સમાજમાં સાધુ પ્રવચન આપી શકે છે, સાધ્વી નહિ. સાધુ ગમે તેટલી નાની વયના, તાજા દીક્ષિત હોય અને સાધ્વી ગમે તેટલી મોટી વયનાં, વિદ્વાન, લાંબા કાળથી દીક્ષિત હોય તોયે સાધ્વીએ સાધુને પ્રણામ કરવાના હોય છે. ગીતામાં પણ 'સ્ત્રીઓ અને શૂદ્રો... પરમ ગતિને પામે છે.' – કહીને સ્ત્રી અને શૂદ્રને એક હરોળમાં મૂક્યાં છે. આખા મહાભારતનાં મૂળ જ એક સ્ત્રી (દ્રૌપદી), એક કુંવારી માતા (કુંતી) અને એક શૂદ્ર (કર્ણ) પ્રત્યેના અન્યાયમાં રહેલાં છે. વ્યાસ મત્સ્યકુળમાં જન્મ્યા હોવાથી આ જોઈ શક્યા છે.

સ્ત્રીઓના ઊતરતા દરજ્જાના આવા સેંકડો નહિ હજારો દાખલા મળે છે. અહીં નોંધ કરી છે તે તો ઝટ દઈને આંખે ચડે એવી બાબતો છે. આ સિવાયના પ્રચ્છન્ન ને સૂક્ષ્મ પ્રકારના અન્યાયોનો તો કોઈ અંત નથી. કોઈ અતિ રૂઢ કે અતિ જડ મનુષ્ય જ તે તરફ આંખ મીંચી શકે. બળાત્કારની વાત લો. તેમાં સંપૂર્ણપણે ગુનો બીજાનો હોવા છતાં, એ ગુનાની સંપૂર્ણ સજા નિર્દોષ સ્ત્રીને આખી જિંદગી ભોગવવી પડે છે. આ અત્યાચારથી તેના મન પર તો કારમો ફટકો પડે જ છે, વધુમાં સમાજની સહાનુભૂતિ મળવાને બદલે શરમ અને લાંછનથી તે આખી જિંદગી રિબાય છે. આ માનવીય કાનૂન છે ?

દહેજના દૂષણ પર તો એટલું બધું લખાય છે કે પુસ્તકોનાં પુસ્તકો ભરાય. 'કન્યાદાન'માં કન્યા એ સંપત્તિ ગણાય છે, પણ કેટલાંક લગ્નોમાં એ સંપત્તિનીયે કિંમત નથી. એમાં પૈસા – ટી.વી. સેટ, ફ્રિજ, સ્કૂટર, કાર ઇ.નાં રૂપમાં – ઉમેરાય ત્યારે જ સ્ત્રી લગ્ન માટે સ્વીકાર્ય બને છે. આ દેશમાં હજારો સ્ત્રીઓને દહેજ માટે મારી નાખવામાં આવે છે કે મરવા ભણી ધકેલવામાં આવે છે, ફક્ત દિલ્હીમાં જ રોજનાં, નવવધૂઓનાં દાજવાથી થતાં બે મૃત્યુ નોંધાયા છે. વરસનાં ૬૯૦. ન નોંધાતા કિસ્સા જુદા. આખા દેશમાં કુલ કેટલા કિસ્સા બનતા હશે તેની કલ્પના કરી શકાય છે. રસોઈ કરતાં દાઝી જવાનું કારણ આગળ ધરવામાં આવે છે, તો રસોઈ કરતાં નવવધૂઓ જ કેમ દાઝી જાય છે ? યુવાન નણંદ કે પ્રૌઢ સાસુ કેમ દાઝતી નથી ? આમાંની કેટલીક સ્ત્રીઓ કદાચ આવેશમાં અસહિષ્ણુતાથી આપઘાત કરતી હશે, પણ એટલી હદ સુધી તેના પર ત્રાસ વર્ત્યો છે એ કબૂલ કરવું જ પડશે. સમાજ બીજા ખૂનીઓ પ્રત્યે જે ઘૃણાથી જુએ છે તે ઘૃણા પત્નીને બાળી મૂકનાર પતિ પ્રત્યે નથી હોતી. થોડાં નારીવાદી સંગઠનો આ વિશે ઊહાપોહ કરે છે, પણ પુરુષ, દહેજ કેવળ સ્ત્રીનો જ પ્રશ્ન છે એમ માને છે. આખા સમાજની તંદુરસ્તીનો આ પ્રશ્ન છે એવું તેને લાગતું નથી.

દહેજનો આ ત્રાસ એટલો ભયંકર છે કે કોઈ પણ જાગ્રત સહૃદય માણસ એનાં મૂળ શામાં છે તે વિચાર્યા વગર રહી ન શકે. પૈસા બરાબર સત્તા બરાબર પ્રતિષ્ઠાના સમીકરણવાળા આ સમાજમાં, સ્ત્રી પોતે પૈસા ઉત્પન્ન કરનાર ઘટક નથી, તેથી તેનું મૂલ્ય ઓછું છે, તેથી તેણે બાપ પાસેથી પૈસા કે ચીજવસ્તુઓ લાવવાં જોઈએ એમ મનાય છે. પણ સ્ત્રી પોતે ન કમાતી હોય તોપણ, કમાઈ આપનારા દીકરાઓ તો ઉત્પન્ન કરે છે જ ને ! પણ તે પૂરતું ગણાતું નથી. એક તરફથી સ્ત્રી દહેજ લાવે એવી પ્રથા છે, બીજી તરફ દીકરીનાં માબાપ પરણેલી દીકરીના ઘેર જમે તો નહિ, પાણી પણ ન પીએ એવો નિયમ છે.

*

ઘરકામ કરતી સ્ત્રીઓ ઘણી વાર તનતોડ મહેનત કરતી હોય છે, પુરુષ ઑફિસમાં કરે એથી વધુ અને વિવિધ કામ ઘરમાં કરતી હોય છે, પણ એના

કામનું પૈસામાં મૂલ્ય અંકાતું નથી. પુરુષ કમાય છે તેથી તે જ 'ઘરનો અધિપતિ' – 'હેડ ઑફ ધ ફૅમિલી' હોય છે, છતાં સ્ત્રીના ઘરકામનું આર્થિક વળતર આપવું જોઈએ એવી વિચારણા થાય તો હાહાકાર મચી જાય છે કે આ ભવ્ય ભારતીય સંસ્કૃતિના આધારસ્તંભ સમી, પરસ્પર સ્નેહ વિશ્વાસ સહકારના સંબંધ પર રચાયેલી કુટુંબવ્યવસ્થામાં પૈસા જેવી વ્યાપારી વિચારણા વચ્ચે કેમ લાવી શકાય ?

તો દહેજ એ વ્યાપારી વિચારણા નથી ? દહેજની પ્રથા ન હોય ત્યાં પણ પિયરથી વહુ કેટલાં કપડાં ને દાગીના લાવી, બે વહુમાં કોણ વધુ વસ્તુઓ લઈ આવ્યું – એવી ગણતરી થતી નથી ? આ ગણતરી શું વ્યાપારી નથી ? વળી ઘણાં કુટુંબોમાં સ્ત્રી બહાર કમાવા જાય એથી કુટુંબની આબરૂને ક્ષતિ પહોંચતી હોવાનું મનાય છે. આમ કમાવાના રસ્તા એને માટે બંધ કરવામાં આવે છે અને પછી 'તે કમાતી નથી'. – કહીને આર્થિક એકમ તરીકે કુટુંબમાં તેની કિંમત થતી નથી. આ બધી સ્ત્રીને મર્યાદામાં પૂરી રાખવાની તરકીબો નહિ તો બીજું શું છે ? ઘરકામનું વળતર તો મળતું નથી. સ્ત્રી પગાર વગરના નોકરની જેમ ઘરમાં કામ કરે છે, અને પૈસાને લગતી બધી વ્યવસ્થા, બધા નિર્ણયો પુરુષના હાથમાં રહે છે. પત્નીને તે 'પોતાને' યોગ્ય લાગે તેટલા પૈસા વાપરવા આપે છે. પત્નીને તેનાં મુશ્કેલીમાં આવી પડેલાં સ્વજનો-મિત્રોને આર્થિક સહાય કરવી હોય તો ભાગ્યે જ કરી શકે. આ નવલકથામાં એક સ્થળે એવી પરિસ્થિતિનું આલેખન છે, તે વાંચીને એક વાચકે લખેલું કે સ્ત્રીના હાથમાં પૈસા સોંપાય જ નહિ, સ્ત્રી ઊર્મિલ અને અસમતોલ હોય છે, તેને પૈસાનો વહીવટ ન આવડે.

મુશ્કેલીમાં મૂંઝાયેલાં પ્રત્યે લાગણી દર્શાવવી તે કાંઈ અસમતોલતા નથી. સ્ત્રી ઘર ચલાવે છે તેથી તો પુરુષ નિશ્ચિંતપણે કમાવા જઈ શકે છે. તો એ પૈસામાં સ્ત્રીનો હિસ્સો કહેવાય કે નહિ ? અને પુરુષો બધા સમતોલ હોય છે ? સમાજમાં ધૂમ ચાલી રહેલા ભ્રષ્ટાચાર, નફાખોરી, કાળાંબજાર, અનીતિ, શોષણ, રાજકર્તાઓના અહંકાર ને સરમુખત્યારી, શસ્ત્રોની બેફામ દોટ અને માનવવિનાશ – બધું આ પુરુષસર્જિત નીતિઓનું પરિણામ છે. આ શું સમતોલપણાની નિશાની છે ?

પુરુષે પોતાની જાતને હંમેશા સ્ત્રી કરતાં ચડિયાતી માની છે, અને સ્ત્રીએ પણ એ કબૂલ કરી લીધું છે. તેથી તો પોતાનાં કરતાં પુરુષ વધુ ઊંચો, વધુ ભણેલો અને બન્ને કમાતાં હોય ત્યારે વધુ કમાતો હોય, એ પરિસ્થિતિ બન્નેને અનુકૂળ લાગે છે. સ્ત્રી વધુ કમાય કે પોતાના કરતાં વધુ પ્રભાવશાળી હોય તો પુરુષને ઝાંખપ લાગે છે, તેનો અહં ઘવાય છે. પણ પુરુષ વધુ પ્રભાવશાળી હોય, ઘણું કમાતો હોય તો સ્ત્રી તેમાં ગર્વ અનુભવે છે. સ્ત્રીમાં લઘુતાગ્રંથિ છે. તેને પ્રતિબિંબિત કીર્તિ (રિફ્લેકટેડ ગ્લોરી)માં રાચવાની ટેવ પડી છે. પતિ ને સંતાનોની સિદ્ધિને તે પોતાની સિદ્ધિ ગણી લે છે. દરેક પુરુષની પાછળ એક સ્ત્રીની મહેનત કે પ્રેરણા હોય છે એમ કહેવાય છે. એમાં સ્ત્રીએ આમ 'પાછળ' રહેવું જોઈએ એવું અપેક્ષિત છે. કોઈ સ્ત્રી મહાન થઈ હોય તો તેની 'પાછળ' પુરુષ નથી હોતો, ઘણુંખરું તે કુટુંબીજનો સાથે સંઘર્ષ કરીને મહાન બની હોય છે. સ્ત્રીને 'કાર્યેષુ મંત્રી, કાર્યેષુ દાસી, ભોજ્યેષુ માતા, શયનેષુ રંભા'નું કર્તવ્ય બજાવવાનું કહેવામાં આવ્યું છે. તે મંત્રી છે, સેક્રેટરી છે, 'પાછળ' છે. પતિ કદી પત્નીનો સેક્રેટરી બનતો નથી. પત્નીને 'વીર પુત્રોની માતા' બનવાના આશીર્વાદ અપાય છે. પણ તે પોતે વીર બને, પરાક્રમી બને, ઊંચાં શિખરો સર કરે તેવું તેની પાસે અપેક્ષિત નથી. સ્ત્રાએ પુરુષના સંબંધમાં શું બનવાનું છે તેના સેંકડો આદર્શો છે, એ 'રોલ'માં તે બંધબેસે તે માટે અનેક રીતે તેને પ્રશિક્ષિત કરાય છે, પણ પુરુષે સ્ત્રીના સંબંધમાં કશું વિશેષ બનવાનું હોતું નથી.

સ્ત્રી કોઈ જગ્યાએ પૂજારી નથી, ત કોઈ પૂજાવિધિ કે લગ્નવિધિ કરાવતી નથી. મદ્રાસના પાર્થસારથિ મંદિરમાં એક હાથી બહુ તોફાની થઈ ગયો, ત્યારે તેને બદલે બીજા માદા-હાથીને લાવવાનું મંદિરના સત્તાવાળાઓએ સૂચવ્યું, તો ભક્તોએ વિરોધ કર્યો કે વૈષ્ણવો કપાળમાં ત્રણ આડી લીટીઓ કરે છે, તે માદા-હાથીને ન કરી શકાય. બેંગ્લોરમાં સિત્તેર વર્ષની એક 'વિધવા' મંદિરમાં સેવા-પૂજા માટે ગઈ, તો પૂજારીએ તેની પાસેથી પચાસ રૂપિયા લીધા, પણ 'તીર્થમ્' - ચરણામૃત ન આપ્યું, કારણ કે તે વિધવા હતી. વેંકટરામન મંદિરમાં પૂજા કરાવવા માટે કતાર લાગી હતી, પૂજારી એક પછી એક બધાંનાં ગોત્ર ઇ. નોંધતો ગયો પણ લાઇનમાં એક વિધવા ઊભી હતી ત્યાંથી ત્રણ વાર પસાર

થવા છતાં તેણે તેના પર નજર નાખી નહિ. (વિધવાની વેશભૂષા ભિન્ન હોય ને કપાળ કોરું હોય તેથી આવી જાણ થાય, અને તેથી આવાં અપમાનિત થવાનો વારો આવે !)

આની સામે પુરુષને કેટલા બધા વિશેષાધિકારો છે ! ઘરનો તે અધિપતિ હોવાથી, ઘરમાં તેની સગવડો પહેલી જોવાય છે. હજી હમણાં સુધી અનેકાનેક ઘરોમાં પુરુષવર્ગ જમી લે પછી જ સ્ત્રીઓ-વહુઓ જમી શકતી અને ત્યારે ઘણીખરી વાર શાક કે બીજી વસ્તુ ન પણ હોય. સ્ત્રી પુરુષની એઠી થાળીમાં જમતી, ને પુરુષ ઉદારતાથી ઘણી વાર થાળીમાં થોડુંક છાંડતો, જેથી સ્ત્રી તેનું 'એઠું ખાવાનું પુણ્ય' પ્રાપ્ત કરી શકે. એક બહેને મને આવીને કહ્યું કે તેનાં પ્રેમલગ્ન હોવા છતાં, પહેલી વાર તેના પતિએ તેને એટલા માટે મારી હતી કે પતિને ઘેર આવતાં બહુ મોડું થતાં, પત્નીએ પહેલાં જમી લીધેલું. આમ પણ સામાન્ય પ્રથા છે કે પતિને જમાડીને જ પત્ની જમે. કારણ એ કે પુરુષ કમાય છે. સમાજમાં તેનો પોતાનો માનમોભો છે, કોઈ સ્ત્રીના પતિ તરીકે નહિ. પણ સ્ત્રીનો મોભો ઘણુંખરું કોઈની પત્ની તરીકે હોય છે. સામાજિક આર્થિક રાજકીય ક્ષેત્રે પુરુષ સિદ્ધિઓ મેળવે છે, પ્રભાવ પાડી શકે છે, તે નીતિઓ ઘડે છે અને વહીવટ કરે છે.

પુરુષ કમાય અને સ્ત્રી ઘર ચલાવે અને બાળકો ઉછેરે... બન્ને સહકારથી રહે – તેમાં ખોટું શું ? એમ ઘણા લોકોનો અભિગમ છે. એનો જવાબ ઉપરના ચિતારમાંથી મળી રહે છે. પૈસો એ સત્તા છે; સ્ત્રીના હાથમાં એ સત્તા નથી. ગૃહકાર્ય જ તેના જીવનનું લક્ષ્ય હોય તો તેના સર્વાંગી વિકાસની જરૂર રહે નહિ. તેનું શિક્ષણ મર્યાદિત બને. મિલકત, વારસાઈ અધિકારો છિનવાઈ જાય કે મર્યાદિત બને. આમ સ્ત્રી-પુરુષની આ ભૂમિકા માની લેવાથી અસમાનતાની દીર્ઘ પરંપરા ઊભી થાય છે. આને લીધે સ્ત્રી પુરુષ પર આધારિત રહે છે. તેની બૌદ્ધિક શક્તિ-રુચિ-આવડત, તર્કશક્તિ ખીલતાં નથી. પછી પુરુષ બીજી સ્ત્રીના પ્રેમમાં પડે ત્યારે કહે છે – મારી પત્નીને તો હળદર-મસાલાની માત્ર ખબર પડે છે, કલા-કવિતામાં તે કશું સમજતી નથી, મારે બૌદ્ધિક સ્તરે પણ સહચાર જોઈએ. અને એમ કહીને બીજી સ્ત્રી સાથેનો પોતાનો સંબંધ વાજબી ઠેરવવા તે પ્રયત્ન કરે છે.

ઘણાનું કહેવું છે કે એમ તો સ્ત્રીઓ પણ જબરી હોય છે, અને ઘણાં ઘરોમાં તેનું જ ચલણ હોય છે. અહીં વ્યક્તિગત રીતે થોડીક સ્ત્રીઓ કે થોડાંક ઘરોની વાત નથી; સમાજમાં પ્રચલિત વલણ અને પ્રથાઓ શું છે તેની વાત છે.

આખી સમાજવ્યવસ્થા, તેનો ધર્મ, રિવાજ, પરંપરાઓ પુરુષને જ ઉચ્ચ સ્થાને રાખીને રચાયેલાં છે. આચાર્ય રજનીશે તેમના એક વ્યક્તવ્યમાં કહ્યું હતું કે સ્ત્રીઓએ વિજ્ઞાન ભણવાની જરૂર નથી, વિજ્ઞાનથી ફૅક્ટરી ચાલે, ઘર ન ચાલી શકે. પુરુષને જે જોઈએ છે તે આ પ્રકારનું શિક્ષણ પામેલી સ્ત્રી પાસેથી નહિ મળી શકે.

આ વિચારધારા પુરુષ-માનસની એકપક્ષી હિતો જોવાની દૃષ્ટિનું ઉત્તમ ઉદાહરણ છે. 'ગૃહસ્થ' પાસે સામાજિક અપેક્ષા હોય છે, 'ગૃહિણી'નો અર્થ ગૃહ પૂરતો મર્યાદિત છે. ઘર સ્ત્રીએ જ ચલાવવાનું તેમાં ગૃહીત છે. પુરુષની જરૂરિયાતનો તેમાં વિચાર કરવામાં આવ્યો છે. સ્ત્રીને પુરુષ પાસેથી શું જોઈએ, સમાજ પાસેથી શું જોઈએ, પોતાની પાસેથી શું જોઈએ – તે બાબતની તેમાં ઘોર ઉપેક્ષા છે, અને છતાં આચાર્ય રજનીશ કહે છે કે હું માનું છું કે સ્ત્રીપુરુષ સમાન છે... પણ... ઇત્યાદિ.

વિખ્યાત ગણાતા વિચારક, ધર્મગુરુઓ, ઉપદેશકોના આવા વિચારો ભોળા જનમાનસને ભરમાવવાનું કાર્ય કરે છે. શાસ્ત્રો, સાહિત્ય, ફિલ્મોમાં સ્ત્રીઓની આ જ ભૂમિકા દર્શાવાઈ છે. એ વાત જુદી છે કે બધી સ્ત્રીઓ આ અસમાનતા ને અન્યાય પ્રત્યે સભાન નથી. તે આ ભૂમિકાનો હંમેશાં સ્વીકાર કરતી આવી છે. ફિલ્મોમાં સ્ત્રી જ હંમેશાં પુરુષના પગે પડતી બતાવાય છે. પરણેલી સ્ત્રી વિધવા થાય તોપણ તેના પૂર્વ પ્રેમીની સાથે તેનાં ફરી લગ્ન કરાવી આપવાનું કોઈ ફિલ્મ-નિર્માતા કે દિગ્દર્શકને કબૂલ નથી હોતું. જાહેરખબરોમાં પુરુષ સોફા પર બેઠો હોય છે, સ્ત્રી નીચે તેના પગ પાસે બેઠી હોય છે, પછી ભલે તેણે પહેરવેશ આધુનિક પહેર્યો હોય. સ્ત્રીને ગૃહકાર્ય માટે જ પ્રશિક્ષિત કરવામાં આવતી હોવાથી તે વિનયી, આજ્ઞાંકિત રહે તે રીતે તેના વ્યક્તિત્વને ઘડવામાં આવે છે. તે સ્વાયત્ત, તેજસ્વી, વિદ્વાન, સ્પષ્ટ વિચારો અને દૃઢ અભિપ્રાયોવાળી

હોય એ વાત પુરુષને ખપતી નથી. તેને તો પોતે 'વાચસ્પતિ' હોય ત્યારે વર્ષો સુધી બારણે દીવો લઈ મૂંગી ઊભી રહેતી 'ભામતી'નો આદર્શ ખપે છે.

પતિ વિદ્વાન, કલાકાર કે સર્જક હોય તો પત્નીએ થોડો કે વધુ ભોગ આપીને પણ, પતિને સિદ્ધિ મેળવવામાં સહાય કરવી જોઈએ અને પતિની બેદરકારી કે આત્મવિસ્મૃતિ કે ક્યારેક તેનું સ્ખલન પણ સર્જકતાના અનિવાર્ય ભાગરૂપે ક્ષમ્ય ગણવું જોઈએ એવી અપેક્ષા રાખવામાં આવે છે. પણ સ્ત્રી કલાકાર કે સર્જક હોય તો પતિ કદાચ તેમાં વાંધો ન લે, તોપણ પોતે ભોગ આપીને કે અગવડ વેઠીને તેને વધુ અનુકૂળતા કરી આપે એવું તો હજારે એકાદ કિસ્સામાં બને; કારણ કે સ્ત્રીના આ પ્રકારના કોઈ પણ વિકાસને સમાજ ઝાઝું મહત્ત્વ આપતો નથી. સર્જન-વ્યાપાર એક ગૂઢ વ્યાપાર છે. કઈ પળે તેનો ઉન્મેષ પ્રગટ થશે એ પૂર્વ-નિર્ણીત નથી હોતું. પણ સ્ત્રી માટે ઘરકામ અગ્રતાક્રમે છે. બધું ઘરકામ પતાવી, પતિ– બાળકોની જરૂરિયાતો પૂરી કરી પછી બચેલા સમયમાં જ તે સર્જન કરી શકે છે. આ નવલમાં 'એના' નામનું પાત્ર આવી પરિસ્થિતિમાં મુકાય છે, ત્યારે બીજી રીતે નવલકથાના અભિગમ સાથે સંમત થનારા વાચકોએ પણ કહેલું કે 'એના'નો પ્રતિભાવ બરોબર નથી. પણ એ સ્થાને કોઈ પુરુષને મૂકી જુઓ, તો ખ્યાલ આવશે કે પુરુષની વિરલ સર્જનાત્મક ક્ષણોમાં તો પત્ની વિક્ષેપ ન કરે, ઘરમાં શાંતિ જાળવે, ઘોંઘાટ કરતાં બાળકોને છાનાં રાખે, બીજા વ્યવહારો સાચવી લે – તેવી અપેક્ષા રાખવાનું સ્વાભાવિક મનાય છે, જે આ જ નવલકથામાં સતીશ-વાસંતીના જીવનમાં વ્યક્ત થાય છે.

આપણા બંધારણે સ્ત્રીપુરુષના સમાન અધિકાર ગણ્યા છે, પણ માત્ર કાયદાકીય હક્કથી શું વળે ? નોકરી કરતી પરિણીત સ્ત્રીઓને તો નોકરી ઉપરાંત ઘરકામ, પતિ-બાળકોની સંભાળ અને સામાજિક સંબંધોની જવાબદારી નિભાવવાં જ પડે. આમ તેના કામનો બોજો ત્રણગણો થઈ જાય છે. કદાચ પુરુષ ઘરમાં કામ કરાવે તોપણ, ઘર બન્નેનું છે આથી ઘરનું કામ પણ બન્નેએ કરવું જોઈએ તેવા ભાવથી નહિ, પણ પોતે સહૃદય છે આથી સ્ત્રીને કામમાં 'મદદ' કરવી જોઈએ તેવા ભાવથી અને એટલે તે ગમતાં કામ જ કરે છે. સ્ત્રીને તો 'ગમતાં કામ – ન ગમતાં કામ' એવો ભેદ પાડવાનું પોસાય જ ક્યાંથી ? તેણે તો બધાં જ કામ કરવાનાં જ. કોઈ સ્ત્રી કહે કે મને રસોઈ કરવી નથી ગમતી તો તેનાં

સાસરિયાં ઉપરતળે થઈ જાય. પુરુષ રસોઈ કરવી, ઝાડું મારવું, વાસણ માંજવાં, ફાટેલાં કપડાં સીવવાં, બટન ટાંકવાં ઇ. કામોને હલકાં ગણે છે. કદાચ છે ને તે કરે, તોયે બહારથી તે વખતે કોઈ આવી ચડે તો સંકોચ પામી મૂકી દે છે. અને બહારથી આવનાર પણ (સ્ત્રીઓ સુધ્ધાં) ટીકા કરીને કહેશે, 'કેમ તમે કામ કરો છો ?... બહેન નથી ?' સુશિક્ષિત કુટુંબોમાં પણ, પુરુષ બાળકને સાફ કરે તો એ કંઈક હાસ્યનો, કંઈક કટાક્ષનો વિષય બને છે. અમુક કામ હીણાં છે ને પોતાથી તે કરાય નહિ, તેવા પુરુષ-માનસની આ વાત છે. સ્ત્રી તે કામ કરે તો ચાલે. અને આ ભાવ એટલો વ્યાપક છે કે ઘેર મહેમાન આવ્યા હોય તો, ઘરમાં સ્ત્રી હોય ત્યાં સુધી પુરુષ પાણીનો પ્યાલો આપતો નથી કે ચા બનાવતો નથી. નોકરી કરીને આવેલી પત્નીને પાણી કે ચા આપવાની તો વાત જ ક્યાંથી આવે ? પુરુષમાં સ્નાયુશક્તિ વધારે હોય છે, છતાં ઑફિસેથી ઘેર આવી આરામખુરશીમાં બેસવાનો અધિકાર તેને છે. સ્ત્રીને તો ઑફિસેથી આવી ઝટપટ રસોડામાં જ ઘૂસવાનું રહે. સ્ત્રી બહારનાં કામ કરે એ હવે જેટલું સ્વાભાવિક છે તેટલું પુરુષનું ઘરમાં કામ કરવું સ્વાભાવિક બન્યું નથી.

સ્ત્રીઓ ઘણાં કામો કરી શકે છે, તે વિમાની, એન્જિન-ડ્રાઇવર અને અવકાશયાત્રી થઈ શકે છે. પોતાની વિવિધ શક્તિઓ તેણે પુરવાર કરી છે. કેટલીક સ્ત્રીઓ ઊંચા પદે પહોંચે પણ છે. લોકોને તે જોઈને લાગતું હોય છે કે 'જેને કરવું જ છે તેને કોઈ અટકાવી શકતું નથી.' પણ સમાજની માન્યતાઓ, પરંપરા, રીતરિવાજ આ માટે અનુકૂળતા કરી આપે છે ? તેનું મહત્ત્વ સ્વીકારે છે ? એકાદ ઇન્દિરા ગાંધી, ગોલ્ડા મેયર, કે સિમોન વેઈલ પાછળ લાખો-કરોડો સ્ત્રીઓ અંધારામાં છે તેનું શું ? આ દેશમાં પુરુષોમાં અક્ષરજ્ઞાન ૪૬.૭૬ ટકા અને સ્ત્રીઓમાં ૨૪.૮૮ ટકા છે. ઉચ્ચ શિક્ષણ પામેલી સ્ત્રીઓ તો ૩ ટકાથી ઓછી છે. આઝાદી પછી ભારતનો જે કાંઈ વિકાસ થયો તેનો લાભ મુખ્યત્વે શહેરી સ્ત્રીઓને મળ્યો છે. બહોળો સ્ત્રીસમુદાય હજી દેશના મધ્ય પ્રવાહથી અળગો થઈને જીવે છે. સ્ત્રીવર્ગ સમાજનિર્માણના કાર્યમાં સમૃદ્ધ ફાળો આપતો વર્ગ છે તેમ જ મા તથા પત્નીની ભૂમિકામાં પણ તે રાષ્ટ્રીય સંપત્તિ છે એવું પ્રસ્થાપિત થયું નથી. કામ કરતી સ્ત્રીઓનો ૮૪.૮ ટકા ભાગ ખેતી જેવાં કામોમાં સખત મજૂરી કરે છે, પણ ઘરની ખેતી

હોવાથી તેમને પૈસાના રૂપમાં વળતર મળતું નથી. આપણી આટલી વિકાસ-યોજનાઓ, વિજ્ઞાનની આટલી પ્રગતિ છતાં સ્ત્રીનો, ખાસ તો ગામડાંની સ્ત્રીનો ઘસડબોળો ઓછો થતો નથી, કારણ કે ભારતના સામાજિક માળખામાં પુરુષની જ સગવડ જોવાય છે, પુરુષની જરૂરિયાતોને અનુલક્ષીને જ વિચારણા થાય છે. ઉત્તર પ્રદેશના એક નાના ગામમાં પ્રયોગ લેખે સરકારે, સ્ત્રીઓને રાંધવાનો ગૅસ મળે તે માટે ગોબર ગૅસપ્લાન્ટ બાંધી આપ્યો, તો શરૂઆતના ઉત્સાહ પછી કામ મંદ પડ્યું અને સ્ત્રીઓ ફરી બળતણ વીણવા સીમમાં બળતા બપોરે રખડવા લાગી, કારણ કે પુરુષને રાંધણગૅસમાં નહિ, ખેતરનાં યંત્રો માટે વીજળીમાં રસ હતો. યોજનાઓ ઘડવામાં સ્ત્રીઓને સાથે ન લેવાતી ઘણી વિકાસ-યોજનાઓ નિષ્ફળ જાય છે. આમ નીતિઓ ઘડવાનું, મોટા મહત્ત્વના નિર્ણયો લેવાનું કામ પુરુષો જ કરે છે. રેવન્યુ કાયદા માટે હિન્દુ અવિભક્ત કુટુંબમાં 'કર્તા' પુરુષ જ હોય છે.

ખેતીમાં જ્યાં કામ સમાન હોય, ક્યારેક તો સ્ત્રીઓનું કામ વધારે હોય તોપણ, વળતર તેમને ઓછું મળે છે. નોકરિયાત સ્ત્રીઓને બાળઉછેરમાં મુશ્કેલીઓ પડે છે. મૅટર્નિટી લીવ આપવી પડતી હોવાથી ઘણી જગ્યાએ સ્ત્રી-કર્મચારીઓને ઓછી પસંદ કરવામાં આવે છે. જાતે વ્યવસાય કરતી (શાકવાળી, રેકડીવાળી ઇ.) સ્ત્રીઓને તેમની આવડત ને કૌશલ્ય ખીલવવા માટેની તક કે ધંધો વિકસાવવા લોનની સગવડ ભાગ્યે જ મળે છે. આવી સ્ત્રીઓમાં ભણેલી સ્ત્રીઓ દસ ટકાથીયે ઓછી હોય છે.

પુરુષ પરિણીત, વિધુર, બાળકોવાળો – ગમે તે હોય, તેના કામ સાથે એ બાબત અપ્રસ્તુત છે, જ્યારે સ્ત્રીને માટે એ તેના સમગ્ર કામ ને જીવન પર મહત્ત્વની અસર કરનારી બાબત છે. છતાં એ માટે તેને સગવડો ઘણી ઓછી મળે છે. આથી ઉચ્ચ પદોએ પહોંચવામાં તેને અવરોધ નડે છે. ભારતમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોમાં આજ સુધીમાં એક પણ સ્ત્રી આવી નથી અને હાઈકોર્ટ-ન્યાયાધીશ માત્ર સાત છે. વ્યવસાયમાં સ્ત્રીઓનું કામનું પ્રમાણ વધ્યું છે, પણ ક્યાંક વિકાસની અવળી અસર થઈ છે, જેમ કે પંજાબમાં ખેતીમાં યંત્રો આવવાથી સ્ત્રીઓની કામમાં ભાગીદારી ઘટી છે. કાપડ મિલોમાં પ્રસૂતિરજા, ઘોડિયાંઘર વગેરેની વ્યવસ્થા કરવી પડતી હોવાથી તેમાં પણ સ્ત્રી-કામદારોને લેવા તરફ

માલિકોનું વલણ ઘટ્યું છે. દૈનિક વેતન પર કામ કરતી સ્ત્રીને ઘણું ઓછું વળતર મળે છે અને તે વિરોધ કરવા જાય તો તેને સહેલાઈથી કાઢી મૂકી શકાય છે. નોકરી ટકાવી રાખવા સ્ત્રીઓને પોતાના શરીર વડે લાંચ આપવી પડે એ ભયંકરતા તો ઉપરથી નીચે સુધીના આખાયે નોકરી-માળખામાં વ્યાપક છે.

વ્યવસાય-નોકરીઓમાં પણ માતૃત્વની ભૂમિકાનો વિસ્તાર હોય તેવાં – ડૉક્ટર, નર્સ, શિક્ષણ ઇ. ક્ષેત્રનાં કાર્યો સ્ત્રીને માટે વધુ અનુકૂળ મનાય છે. ભારતમાં ગાંધીજીએ સ્ત્રીઓને ઘર છોડી દેશમુક્તિના આંદોલનમાં જોડાવા પ્રેરી ત્યારથી જાહેર જીવનમાં સ્ત્રીઓનો પ્રવેશ બીજા દેશો કરતાં ઘણો વધુ સરળ બન્યો છે. અહીં ઉચ્ચપદે સ્ત્રીઓ ભલે ઓછી, પણ છે ખરી; બીજા દેશોમાં પુરુષોનો આ સામેનો વિરોધ વધુ છે. અહીં સ્ત્રી ડિરેક્ટર હોય, બૉસ હોય અને પુરુષ સેક્રેટરી હોય તેવું ભલે ઓછું, પણ બને છે અને તે સ્વીકારાય છે. પણ વિદેશોમાં ઘણી જગ્યાએ પુરુષોનું વલણ જુદું છે.

અત્યાર સુધી આપણે ભારતની, મુખ્યત્વે હિંદુ સમાજની વાત કરી. પણ બીજા ધર્મોમાં, બીજા દેશોમાં પણ સ્ત્રીઓ એક યા બીજા રૂપે ઊતરતા દરજ્જાની જ ગણાઈ છે. ઇસ્લામમાં તો કુરાનમાં સ્પષ્ટ કહ્યું છે કે ખુદાએ પુરુષને સ્ત્રી કરતાં ઊંચો બનાવ્યો છે; અને સદ્ગુણી સ્ત્રી તે છે, જે સંપૂર્ણપણે પતિને આજ્ઞાધીન છે. સ્ત્રી જો બળવો કરશે એવું લાગે તો તેને પથારીમાં એકલી પડી રહેવા દેવી અને મારવી. ધર્મના માર્ગ પર ઇસ્લામે સ્ત્રી-પુરુષ બન્નેને સમાન યાત્રી ગણ્યા છે, પણ મુસ્લિમ સંસ્કૃતિમાં સ્ત્રી પર ઘણા અંકુશો છે. ઘણી સ્ત્રીઓ હજુ બુરખા પહેરે છે, લગ્ન અને તલાક બાબત પુરુષોને વધુ અધિકારો છે. મુસ્લિમ સ્ત્રીને વારસાનો હક છે, પણ વ્યવહારમાં તેમ બનતું નથી. હિન્દુ કોડ બિલ પછી હિન્દુ સ્ત્રીને પિતાની સંપત્તિમાં સમાન વારસો મળવો જોઈએ, પણ ભાઈઓ તેનો અમલ કરતા નથી અને સ્ત્રીઓ પિયર સાથે સંબંધ જાળવવો હોવાથી, તે માટે આગ્રહ રાખતી નથી કે કોર્ટમાં જતી નથી. મુસ્લિમ સ્ત્રીઓની પણ એ જ સ્થિતિ છે. અક્ષરજ્ઞાનનું પ્રમાણ તેનામાં ઘણું ઓછું છે. ઇસ્લામી કાનૂનોની પુનઃસ્થાપનાના પ્રયત્નો જે જે દેશોમાં ચાલે છે ત્યાં સ્ત્રીઓની સ્થિતિ ઘણી મુશ્કેલ બની છે. પાકિસ્તાનમાં એક પુરુષ બરાબર બે સ્ત્રીઓ ગણવાના

સૂચિત કાયદા-સુધારા સામે મહિલાઓએ દેખાવ કર્યા ત્યારે પોલીસે બહુ નિષ્ઠુરતાથી તેમના પર લાઠીમાર કરેલો. ૧૯૮૨માં એશિયાડના રમતોત્સવ વખતે ઈરાનની ટુકડીએ પોતાની આગળ સ્ત્રી ઝંડો લઈને ચાલે તેનો વિરોધ કરેલો, તે તો બધાંને જ યાદ હશે.

ખ્રિસ્તી ધર્મમાં બાઇબલે સ્ત્રીની છબી 'પ્રલોભાવનાર, ચળાવનાર' વ્યક્તિ તરીકેની આલેખી છે, તેથી પુરુષનો સ્ત્રી અને મિલ્કત પર અધિકાર સ્થાપિત થયો છે, છતાં બન્નેની પારસ્પરિક ફરજો અને આદર પર ભાર મુકાવાને કારણે, કુટુંબનું સ્વરૂપ નાનું રહ્યું છે અને સાસરિયાંઓની વહુ પર ખાસ અધિકાર હોતો નથી. પતિ સાથે તે મુક્તપણે હરીફરી શકે છે. એક પત્નીત્વના માન્ય નિયમને કારણે પણ સ્ત્રીનું સ્થાન ત્યાં પ્રમાણમાં ઊંચું રહ્યું છે. સ્ત્રીનું એકમાત્ર જીવનધ્યેય લગ્નમાં પરિપૂર્ણ થાય છે, એવું મનાતું નથી. પણ હિન્દુ સ્ત્રી કરતાં તેનું સામાજિક સ્થાન ઊંચું હોવા છતાં, તે પુરુષોની સમાન તો નથી જ.

પારસીઓમાં પુરુષ બિનપારસીને પરણે તો તેનાં બાળકો પારસી ગણાય છે, પણ સ્ત્રી બિનપારસીને પરણે તો તેનાં બાળકો પારસી ગણાતાં નથી, સાથે એ સ્ત્રીનો 'અગિયારી'માં પ્રવેશવાનો અધિકાર છિનવાઈ જાય છે.

આપણે ત્યાં આઝાદી આવી ત્યારે, ગાંધીજીને કારણે સ્ત્રીઓની સ્વતંત્રતાનો અમુક અંશ સિદ્ધ થઈ ચૂક્યો હતો. નવા બંધારણમાં કંઈ નહિ તો સૈદ્ધાંતિક રૂપે સ્ત્રી-પુરુષની સમાનતા સ્થાપિત થઈ હતી. પણ પશ્ચિમના ઘણાં દેશોમાં તો સ્ત્રીઓને મતનો અધિકાર મેળવવા પણ લાંબા સમય સુધી લડત આપવી પડી છે. સ્વિટ્ઝર્લેન્ડમાં છેક ૧૯૭૧માં સ્ત્રીઓને મતનો પૂરો અધિકાર મળ્યો. સમાન કામ માટે સમાન વળતરનો કાયદો કેટલાક દેશોમાં થોડાં વર્ષથી જ પસાર થયો છે. અમેરિકામાં 'ઇકવલ રાઇટ્સ ઍક્ટ' (ઇ.આર.એ.)ની હિલચાલને સંપૂર્ણ સફળતા મળી નથી. અમેરિકામાં ૧૯૭૬-૮૦માં જિમી કાર્ટર પ્રમુખ હતા ત્યારે તેમણે કહેલું કે આપણે સ્ત્રીઓને વ્યાપક જીવનમાં સંડોવવી જોઈએ; આપણે એવી નીતિ ઘડવી જોઈએ કે પ્રજાના ૫૦ ટકા ભાગની, એટલે કે સ્ત્રીઓની પ્રતિભા, દક્ષતા, આવડતનો લાભ આખા દેશને મળી શકે.

અમેરિકામાં ૧૯૬૦વાળા દાયકામાં બેટી ફ્રીદાન નામનાં લેખિકાએ 'ફેમિનિન મીસ્ટિક' નામનું પુસ્તક લખી અનેક સ્ત્રીઓના ગુપ્ત અસંતોષને વાચા આપી. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન પુરુષો લડાઈમાં ગયા ત્યારે સ્ત્રીઓએ ઘરઆંગણે ઘણા મોરચા સફળતાથી સંભાળ્યા હતા. યુદ્ધ પૂરું થયે પુરુષો પોતાના કામ પર પાછા આવ્યા ને સ્ત્રીઓ ફરી ચાર દીવાલ વચ્ચે પુરાઈ ત્યારથી તેમના મનમાં એક અસંતોષ સળગવા લાગ્યો. તે પહેલાં ફ્રેન્ચ લેખિકા સીમોન દ. બુવાના 'સેકન્ડ સેક્સ' (૧૯૪૯) નામના પુસ્તકે ઘણો ખળભળાટ મચાવેલો જ હતો. ત્યાં સુધી પરામાં એક સરસ ઘર હોય, પતિ સારું કમાતો હોય, સુખસગવડનાં સાધનો હોય, હોશિયાર સંતાનો હોય – બસ એટલું સ્ત્રીની સાર્થકતાની વ્યાખ્યા માટે પર્યાપ્ત ગણાતું. બહુ તો તે થોડુંક ચર્ચનું અને માનવ-કલ્યાણ-સંસ્થાઓનું કામ કરતી. પણ ઉપર જણાવ્યાં તે અને બીજાં પુસ્તકો પછી સ્ત્રીઓમાં જાગૃતિનો એક જુવાળ આવ્યો, પરિણામે 'વીમેન્સ લિબરેશન મૂવમેન્ટ' – ટૂંકમાં 'વીમેન્સ લિબ' નામે ઓળખાતી પ્રવૃત્તિ શરૂ થઈ, જેના પડઘા આખી દુનિયામાં પડ્યા. શરૂઆતમાં તો પ્રતિક્રિયાનું લોલક સામા છેડે ગયું અને સ્ત્રીઓએ પુરુષ સાથેના જીવનનો – પતિ, કુટુંબ-બાળકો, લગ્નનો જ ઇનકાર કરવાને પોતાનું લક્ષ્ય ગણ્યું. અનેક સદીઓથી અંદર ઘરબાયેલા અસંતોષનો એ પ્રસ્ફોટ હતો. ૧૯૭૦ પછી એ ઉગ્રતા ઓછી થઈ, પણ અત્યારે હવે, સ્ત્રી એટલે ઘરકામ, રસોઈ, બાળઉછેર – એ ખ્યાલ ત્યાં રહ્યો નથી. સ્ત્રીઓ પહેલાં જેટલી પુરુષ-આધારિત નથી. બાળકોની સંખ્યામાં ઘટાડો થયો છે અને પિતાઓએ બાળઉછેરના કામમાં ભાગ લેવા માંડ્યો છે. સ્ત્રીઓ કામ પર જાય ત્યારે બાળકોને સંભાળવા માટેનાં કેન્દ્રો છે, જેમાં ઘણી વાર પ્રશિક્ષિત પુરુષો પણ કામ કરે છે.

આમ છતાં ત્યાં પણ સ્ત્રી હજુ સમાન નથી. એક સ્ત્રી માટે બહાર કામ કરવાનું શક્ય છે, પણ ટોચના સ્થાને પહોંચવાનું મુશ્કેલ છે. અત્યાર સુધીમાં એક પણ સ્ત્રી અમેરિકાની પ્રમુખ બની નથી અને સેનેટમાં પણ તેની સંખ્યા ઘણી ઓછી છે. જેમ પદ ઊંચું અને પગાર વધારે, તેમ તે સ્થાને સ્ત્રીઓ ઓછી. ઘરકામમાં પૂરો સાથ આપવાનું વલણ પણ આખા સમાજમાં વ્યાપક નથી. સ્ત્રીને માથે, બહારના કામની સાથે માતા બનવું, પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરવો, કારકિર્દી

ઘડવી અને તે ઉપરાંત બાળકો સંભાળવાં – એ બોજો વધારે પડતો છે જ. સ્ત્રીઓના મનાતા ક્ષેત્રમાં પુરુષો આવ્યાં છે, પણ પુરુષોના ક્ષેત્રમાં સ્ત્રીના પ્રવેશ વિષે પુરુષો સાશંક છે, વિરોધભાવ સેવે છે. સ્ત્રીનો ઘર બહારની પ્રવૃત્તિમાં રસ અને તેમાં તેને મળતી સફળતાને લઈને પુરુષમાં એક નવો ભય જન્મ્યો છે. અત્યાર સુધી જેને ઊતરતી કક્ષાની ગણી તે સ્ત્રીઓ સાથે વ્યાવસાયિક સ્પર્ધામાં ઊતરવાનું તેને આવ્યું છે. એમાં ક્યારેક તેની હાર પણ થાય છે. કેટલાક વિચારકોનું માનવું છે કે અમેરિકામાં સ્ત્રી પર થતી મારપીટ, બળાત્કાર અને જાતીય અપરાધોની વધી રહેલી ઘટનાઓ પાછળ પુરુષનો આ ભય રહેલો છે.

સ્ત્રીના આ નવા વિકાસમાં, પુરુષ પોતાના સહજીવનને વધુ સમૃદ્ધ બનાવવાની શક્યતા જોવાને બદલે પોતાની ને કુટુંબની સામે જોખમ જુએ છે. તેને અજાણ ભય છે કે સ્ત્રીઓ પર આપણે કાબૂ નહિ રાખી શકીએ તો તે આપણા પર સત્તા જમાવશે. સ્ત્રીઓએ માત્ર પોતાની અસ્મિતા પ્રગટ કરવા માંડી છે, પણ પુરુષને તેમાં આક્રમકતા દેખાય છે.

સાધારણ એમ ખ્યાલ છે કે પશ્ચિમમાં સ્ત્રીઓની પરિસ્થિતિ વધુ સારી છે, પણ એ ખ્યાલ સાચો નથી. ઑસ્ટ્રેલિયામાં મોટા ભાગનો પુરુષ-સમાજ હજુ પણ સ્ત્રીઓનું ખરું સ્થાન ઘરમાં જ છે એવી માન્યતા ધરાવે છે. નોકરી કરતી સ્ત્રીઓ – પિંક કૉલર વર્કર્સ – નું પ્રમાણ પહેલાં કરતાં વધ્યું છે, પણ બૌદ્ધિક કુશાગ્રતા, ઉચ્ચ કાર્યક્ષમતા, કલ્પનાશીલતા માગી લેતું, ઘણા માણસો સાથે જેમાં કામ પાડવું પડતું હોય, જેમાં ચોવીસે કલાક (ઊંઘના કલાકો બાદ કરતાં) ધ્યાન આપવાની જરૂર પડતી હોય એવું મોટા ગજાનું કામ સ્ત્રીઓ ભાગ્યે જ કરે છે. તેમનું કામ નીરસ, એકધારું, ઓછા કૌશલ્યની જરૂરવાળું અને ઓછા વળતરવાળું છે. 'ધ રિયલ મટિલ્ડા' (૧૯૭૬) નામના પુસ્તકની લેખિકા મિરિયમ ડિક્સને લખ્યું છે કે ઑસ્ટ્રેલિયામાં સ્ત્રી (ફૂલના તોરણ જેવી) એક વસ્તુ છે, સંપત્તિની એક ચીજ છે. ઉચ્ચ શિક્ષણક્ષેત્રમાં આટલી ઓછી સ્ત્રીઓ કેમ છે ? – એ અંગેના એક અભ્યાસ 'વ્હાય સો ફ્યુ ?' – માં જોન બિએત્સ્કી નામની લેખિકાએ જણાવ્યું હતું કે મોટા ભાગે અપરિણીત અથવા બાળકો વગરની સ્ત્રી જ આ ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરી શકે છે. સોનિયા હમ્ફીના કહેવા પ્રમાણે એ અભ્યાસ

દર્શાવે છે કે 'લગ્ન પુરુષને ટેકાનું બળ આપે છે, લગ્નથી પુરુષ ખીલે-ફૂલે છે, પણ લગ્નથી સ્ત્રીનો હ્રાસ થાય છે, ઑસ્ટ્રેલિયામાં કામ કરતી અને કુટુંબ સંભાળતી સ્ત્રીને બમણો બોજો ઉઠાવવો પડે છે એ નિર્વિવાદ છે. પુરુષને ઘરનું કામ કરવા વધુ પ્રેરવા માટે કે કુટુંબનો થોડોક બોજ સમાજ ઉપાડી લે તે માટે કોઈ સરકારી નીતિઓ ઘડાઈ નથી. કેટલાક પશ્ચિમી દેશોમાં બાળકોની સંભાળ માટે કરવેરામાં કપાત આપવામાં આવે છે જે ઑસ્ટ્રેલિયામાં નથી.

રશિયામાં ૧૯૧૭માં માર્ચની ૮મીએ મિલકામદાર-સ્ત્રીઓ હડતાળ પર ઊતરી તે પછી ક્રાન્તિનું બ્યૂગલ ફૂંકાયું હતું. ઝારના સમયમાં સ્ત્રીઓને બુરખા પહેરવા પડતા. વાંચવાલખવાનો તેને અધિકાર નહોતો અને પુરુષને સ્ત્રીને મારઝૂડ કરવાનો કાયદાથી હક હતો. ફ્રેડરિક એન્જલ્સે કહેલું કે 'જીવનની પરિસ્થિતિ બદલવા માટે આપણે તેને સ્ત્રીની આંખોથી જોતાં શીખવવું જોઈશે.' અને ટ્રોટ્સ્કીનું કથન હતું : 'સ્ત્રીને મુક્ત કરવી એટલે લોકોને અંધારા વહેમી ભૂતકાળ સાથે જોડતી નાળ કાપી નાખવી.'

ક્રાન્તિ પછી સ્ત્રીઓની મુક્તિ માટે, તેનાં બે મોટાં કામ – ઘરકામ અને બાળસંભાળ-માં તેને રાહત આપવા સામૂહિક રસોડાં અને બાળસંભાળનાં અનેક કેન્દ્રો ઊભાં કરવામાં આવ્યાં. લગ્નમાં બન્ને પક્ષ એકબીજાનું નામ ધારણ કરી શકે કે પોતાનું મૂળ નામ રાખી શકે એવો કાયદો પસાર થયો. ટૉટ્સ્કીએ પોતાના નામમાં પત્નીનું નામ રાખ્યું હતું.

પણ સ્ટેલિનના સમયમાં પ્રતિક્રાન્તિની પ્રક્રિયા ચાલી. સ્ત્રી ફરી ઘરકામની સીમાઓમાં બંધાઈ. ૧૯૪૩માં સહશિક્ષણ પણ કાઢી નખાયું. આજે સોવિયેટ નારી તેના પાશ્ચાત્ય બહેન કરતાં બહુ આગળ નથી. તે બધાં ક્ષેત્રોમાં કામ કરે છે, પણ ઊતરતાં સ્થાનો પર માત્ર ડૉક્ટરોમાં ૭૯ ટકા સ્ત્રીઓ છે, પણ તેમને કુશળ કારીગર – સ્કિલ્ડ વર્કર – કરતાં ૨/૩ પગાર મળે છે. 'સોવિયેટ એકેડમી ઑફ સાયન્ટિસ્ટ'માં ૨૦૪ સભ્યોમાં સ્ત્રીઓ ફક્ત ૨૪ છે. સામ્યવાદી પક્ષની સેન્ટ્રલ કમિટીના ૧૯૫ સભ્યોમાં ફક્ત ૩.

ગૃહકાર્ય સ્ત્રોના દરજ્જાને મર્યાદિત બનાવે છે તેમ જ તેને કારણે સમાજમાં તેનું સ્થાન નીચું ઊતરે છે, અને સ્ત્રીઓને સમાજમાં આર્થિક સ્તરે સમાવિષ્ટ

કરવી જોઈએ – એવી માર્ક્સ, એન્જલ્સની વિચારણા સામ્યવાદી ચીને અપનાવી હોવા છતાં ઘરમાં તેમ જ જાહેર ક્ષેત્રોમાં સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતા હજી ત્યાં નિવારી શકાઈ નથી. મૂડીવાદી સમાજ જેટલું જ સ્ત્રીનું શોષણ સામ્યવાદી સમાજમાં પણ થાય છે તેવું જ્યુડિથ સ્ટેસીનું વિશ્લેષણ કહે છે. એલિઝાબેથ કોલે રશિયા, ચીન, ક્યુબા અને તાંઝાનિયા આ ચાર સમાજવાદી સમાજોનો અભ્યાસ કરીને લખ્યું હતું કે સમાનતાનો સિદ્ધાંત અને સ્ત્રીઓનો એ વિશેનો અનુભવ બે વચ્ચે ઘણી મોટી ખાઈ છે. સ્ત્રીઓ લગભગ બધાં જ ક્ષેત્રોમાં કામ કરે છે એ વાત ખરી છે. ચીનમાં સ્ત્રી વિમાનચાલક છે, સર્જક છે, ટરબાઈન જનરેટર ઑપરેટર છે, તે લેથ ફેરવે છે, કૂવા ખોદે છે, ગામડામાં તે કૃષિ-ઇજનેર છે અને ટ્રૅક્ટર ચલાવે છે. ચીનમાં નીતિની મૂળ આચારસંહિતા ઘડનાર કૉન્ફ્યૂશિયસે તો સ્ત્રીઓને 'ગુલામ'ની કક્ષામાં મૂકી 'ઘરની અંદરની મનુષ્ય' (નેઈ રેન) ગણી હતી. દસમી સદીથી એક ભયંકર પ્રથા શરૂ થયેલી, જેમાં સ્ત્રી 'ચાહવાને વધુ યોગ્ય પાત્ર' બની રહે તે માટે, જન્મ પછી પાંચમા દિવસથી જ છોકરીના અંગૂઠા પગમાં વાળી ઉપર પાટા બાંધી, લોહીનું પરિભ્રમણ અટકાવી પગને નાના, સુંદર, શક્તિ વગરના બનાવી દેવાતા. સ્ત્રી પરના આ ને આવા બીજા અન્યાયો-અત્યાચારો સામે ૧૮૨૫માં લી રૂઝેન નામની લેખિકાએ 'દર્પણમાં ફૂલો' નામની નવલકથા લખી હતી, જેમાં તેણે સ્ત્રી અને પુરુષની ભૂમિકાઓ ઊલટાવી નાખીને સ્ત્રીની અસમાનતા અને સમાજનાં નીતિનાં બેવડાં ધોરણો સામે પડકાર ફેંકેલો. સામ્યવાદી સરકાર આવ્યા પછી, માઓ ત્સે તુંગે સમાજને બદલવાની સ્ત્રીની શક્તિ પ્રત્યે સ્ત્રી પોતે જાગ્રત થાય તે માટે સરકારી ધોરણે નીતિઓ ઘડી. ઘરની અંદર ચાલતી પિતૃસત્તાક વિચારધારાવાળી વ્યવસ્થા બદલવાનું કામ બીજા કોઈ પણ દેશ કરતાં વધુ ચીને કર્યું છે. આજે ત્યાં ઘરમાં પતિ-પત્નીની સમાન સત્તા છે, કુટુંબની સંપત્તિ અને આવકની વ્યવસ્થામાં બંનેનો સમાન અવાજ છે, લગ્ન પછી સ્ત્રી પોતાનું મૂળ નામ રાખે તે પ્રચલિત વ્યવહાર છે. સામૂહિક વસવાટ-આયોજનમાં સ્ત્રીના ઘર અને કામના સ્થળે જ દુકાનો, પ્રાથમિક શાળા, આરોગ્ય-કેન્દ્ર, બાળસંભાળકેન્દ્રો ઊભાં કરાયાં છે.

આમ છતાં પૂર્ણ મુક્તિ અને સમાનતા હજુ દૂરનું સપનું છે. હજુ ત્યાં

પુત્રી કરતાં પુત્રનું મહત્ત્વ ઘણું વિશેષ છે, અને પુત્રીઓને મારી નાખવાના બનાવો છાપાંમાં ચમકે છે. યુનિવર્સિટી-પ્રોફેસર જેવાં ઊંચાં પદોએ પુરુષો જ છે, અને હજુ પણ ઘરકામ ને બહારના કામનો ઘણો મોટો બોજો સ્ત્રીને માથે છે. સ્ત્રી-મુક્તિ માટે પુરુષોનું વલણ બદલાવું જોઈએ, જે કાર્ય ત્યાં હજી પૂરેપૂરું સિદ્ધ થયું નથી.

દુનિયાના લગભગ બધા જ દેશોમાં, બધા જ ધર્મોમાં, બધી જ સંસ્કૃતિઓ સ્ત્રીનો દરજ્જો આમ સદૈવ બે વેંત નીચો રહ્યો છે. કેનિયામાં મોટાભાગના ખેડૂતો સ્ત્રીઓ છે, જે ઘણુંખરું અભણ હોય છે. ખેતરમાં તે કાળી મજૂરી કરે છે. ઉપરાંત પાણી લાવવું, ઘર સંભાળવું, રસોઈ કરવી, બાળકો ઉછેરવાં - તે તો ખરું જ. પુરુષો શહેરમાં કામે જાય છે, કમાઈને પોતાનો પગાર દારૂ ને મોજમઝા પાછળ વાપરી નાખે છે. ૮૦ ટકા પાક સ્ત્રીઓ ઉગાડે છે, પણ મહત્ત્વના નિર્ણયો લેવાનું પુરુષોના હાથમાં છે.

*

સ્ત્રીઓની આ જગત-વ્યાપી પરિસ્થિતિની પડછે, ભારતીય હિન્દુ (અને ક્યારેક ગુજરાતી) સમાજની વર્તમાન પરિસ્થિતિની પૃષ્ઠભૂ પર 'સાત પગલાં આકાશ'માં લખાઈ છે, આ માત્ર નવલકથા નથી. હજારો સ્ત્રીઓની જીવનકથા છે. જેમ અસ્પૃશ્યોનું શોષણ થયું છે તેમ સ્ત્રીઓનું પણ થયું છે. પુરુષે વ્યક્તિ તરીકે અને સમૂહ તરીકે સ્ત્રીને નબળી સ્થિતિમાં રાખી તેનો પોતાના હિત માટે લાભ લીધો છે, અને તેને આદર્શનું રૂપ આપ્યું છે. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ કહ્યું છે તેમ, 'નારીરત્નોનાં ગુણગાન ગાઈ સાધારણ માનવીના હકોને ભોગે તેને આસમાની આદર્શો ઉપદેશવા એ સામાજિક ખંધાઈ છે.'

શોષણ ઘણી વાર એવા સૂક્ષ્મ સ્વરૂપનું હોય છે કે શોષણનો ભોગ બનનારને પણ એનો ખ્યાલ ન આવે. ઘણીખરી સ્ત્રીઓ આ અવસ્થામાં છે, એટલું જ નહિ, જાણ્યે-અજાણ્યે તે પોતાના શોષણમાં પોતે જ સાથ આપે છે. સ્ત્રી જ્યારે (પોતાની જ જાતિની) પુત્રીનો જન્મ વધાવી શકતી નથી, એક સાસુ કે નણંદ થઈને જ્યારે વહુ પર ત્રાસ ગુજારે છે, દીકરા માટે દહેજ માગે છે, દીકરા-દીકરીમાં ભેદ કરે છે, સ્વાયત્ત સ્ત્રીની ટીકા કરે છે,

બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રી પરત્વે તુચ્છકારથી જુએ છે કે વિધવાને નિષેધોની વાડમાં પૂરે છે, ત્યારે પોતે પોતાની જાતિનો દ્રોહ કરે છે, પોતાનાથી નબળી સ્થિતિમાં મુકાયેલી સ્ત્રીનું શોષણ કરવાનું પાપ કરે છે અને એ રીતે સ્ત્રી જ ખરેખર ઘણી વાર સ્ત્રીની દુશ્મન બને છે.

એક પ્રશ્ન ઘણી વાર ઉઠાવવામાં આવે છે કે જે સ્ત્રીએ વહુ તરીકે ખૂબ વેઠ્યું હોય તે સાસુ બનતાં વહુ પર એવો જ ત્રાસ કેમ ગુજારે છે ?

આ એક પેચીદો માનસશાસ્ત્રીય પ્રશ્ન છે. ઘરમાં વહુ આવતાં, પોતાના એકચક્રી શાસનમાં (જેટલું હોય તેટલું) ભંગ પડતો હોય, 'પારકા ઘરની દીકરી પાછળ થતા ખર્ચની સભાનતા રહેતી હોય, દીકરાના પ્રેમમાં ભાગ પડાવનાર વ્યક્તિ આવી છે અને તે પોતાનું અવલંબન પોતાની પાસેથી ઝૂંટવી લેશે એવો ભય હોય – તે બધાં જ કારણો શક્ય છે. જે ઉત્સાહથી મા દીકરાને પરણાવે છે તે જ ઉત્સાહથી તે નવી વહુને પોતાના હૃદયમાં સ્વીકારી શકતી નથી.

પણ એક બીજો ખુલાસો પણ આનો હોઈ શકે. બ્રાઝિલના કેળવણીકાર પોલો ફ્રેરેએ અવિકસિત દેશોમાં શોષકો અને શોષિતોના માનસને સમજવા, તેમનાં પુસ્તકોમાં એક દૃષ્ટિકોણ રજૂ કર્યો છે, તેમાં કદાચ આનો ઉત્તર સાંપડે. ફ્રેરે શોષિતનાં વૃત્તિ-વલણને 'મૌનના સંસ્કાર' કહે છે. શોષણકારના વલણને 'આધિપત્યના સંસ્કાર'. મૌનના સંસ્કારને કારણે શોષિતો પોતાના મનમાં વાસ્તવિકતાથી વેગળું એક કલ્પિત જગત સાચવી રહે છે, અને અજાણપણે એ જગત પર શોષણકારના વલણ-વર્તાવનો પ્રભાવ હોય છે. પેઢી દરપેઢી બન્ને વર્ગના ઉત્તરાધિકારીઓનાં વલણો તેનાથી ઘડાતાં રહે છે. આથી જ્યારે ભૂમિ-મજૂરો જમીનસુધારા માટે આંદોલન કરે છે ત્યારે તે માલિક-મજૂર-સંબંધમાં પરિવર્તન નથી તાકતા પણ પોતે જમીનદાર થવા તાકે છે અને માલિક બનતાં જ માલિકના જેવું વર્તન કરવા લાગે છે. સ્ત્રીની સાસુ થવાની પ્રક્રિયા કદાચ આવી જ હોય. સ્વતંત્રતા શું, તેનો સ્વાદ તેણે કદી ચાખ્યો નથી. મનુષ્યને વિચારશીલ સક્રિય વ્યક્તિ તરીકે જોવાની કેળવણી તેને મળી નથી. આ વિશે તો સ્ત્રીએ પોતે જ જાગ્રત થવાનું છે, સ્ત્રી તરીકે સમસ્ત જગતની સ્ત્રીઓ સાથે

ભગિનીત્વની ભાવના કેળવવાની છે.

આ નવલકથામાં પતિ દ્વારા થતી મારઝૂડનો પ્રસંગ આવે છે, તે વાંચી કેટલાકને પ્રશ્ન થયો હતો કે ભણેલીગણેલી સ્ત્રી આવું થોડું જ ચલાવી લે ? શરૂઆતમાં મેં કહ્યું છે તેમ, આમાંના ઘણા પ્રસંગો સત્ય ઘટના પર આધારિત છે. મુંબઈનાં ફ્લેવિયા ડી'મેલોએ આ વિષય પર રજૂ કરેલા એક પેપરમાં જણાવેલું કે શિક્ષિત સંસ્કારી ગણાતા વર્ગોમાં, ડૉક્ટરો-વકીલોની કક્ષાના પતિઓ પણ પત્નીઓને મારતા હોય એવા કિસ્સાઓ, માનવામાં ન આવે એટલી હદ સુધી બને છે. ભણેલા પુરુષ મારઝૂડ કરે એવું જેમને ગળે ઊતરતું ન હોય, તેમણે દિલ્હીથી પ્રગટ થતી 'માનુષી' પત્રિકાના અંકો જોવા. સ્ત્રી ભણેલી અને કમાતી હોય છતાં પણ તેના પર દેખીતા જુલમો અને તેના વ્યક્તિત્વને છિન્ન કરવાના કેવા સૂક્ષ્મ પ્રયાસો થતા હોય છે તેનો તેમાંથી ખ્યાલ આવશે.

સ્ત્રીઓ આ પરિસ્થિતિનો પ્રતિવાદ કર્યા વિના સંસાર ચલાવ્યા કરે છે તેનું કારણ શું ?

'મૌનના સંસ્કાર.' ઘરની વાત બહાર ક્યાં કહેવી, તેવું વલણ.

માર્ટિન સેલિગ્રન નામના માનસશાસ્ત્રીએ કૂતરાઓને પાંજરામાં પૂરી વીજળીક આંચકા આપી એક પ્રયોગ કરેલો. શરૂઆતમાં કૂતરાઓ પાંજરામાંથી નાસી છૂટવા માથાતોડ પ્રયત્નો કરતા, પણ નીકળવાનો કોઈ રસ્તો નથી જ, એમ મનમાં ઠસી જતાં તેઓ અત્યાચાર સામે 'અસહાય અને અક્રિય' થવાનું શીખી ગયા હતા. સ્ત્રીઓ પણ આમ ત્રાસ પરત્વે ઉદાસીન 'પૅસિવ' – થઈ જાય છે. આબરૂ, બીજાં ભાઈબહેનોના લગ્ન-સંબંધે મુશ્કેલીની શક્યતા ઇ. ભયને કારણે તે ચૂપચાપ બધું સહન કરી લે છે. ઘર છોડી દે તો પોતે ક્યાં જાય, જીવનનિર્વાહ કેમ કરે, માબાપ પર બોજ બનીને કેમ રહેવાય એવાં ભય અને મૂંઝવણ તેમ જ બહારનું કામ કદી ન કર્યું હોવાથી આત્મવિશ્વાસનો અભાવ અને બાળકો હોય તો તેમના ભવિષ્યની ચિંતા ઇ. કારણો સ્ત્રીને ઘર છોડતાં અટકાવે છે અને મારઝૂડ સહી લેવા પ્રેરે છે. મારઝૂડ-બૅટરિંગ-નો પ્રશ્ન અહીં છે તેવો અમેરિકામાં પણ છે અને ઑસ્ટ્રેલિયામાં પણ છે, બધા જ દેશોમાં છે.

જગત-સમસ્તમાં સ્ત્રીઓ પ્રત્યે આ જે ઊતરતાપણાનો ભાવ છે તે જ 'સાત પગલાં આકાશમાં'માં વ્યક્ત થયો છે. વ્યોમેશ આ પુરુષશાહી માનસને પ્રતિબિંબિત કરતું પાત્ર છે. તે અને ફૈબા વર્તમાન આર્થિક વ્યવસ્થા અને સામાજિક પ્રણાલીઓના અંધ વારસ અને ઉપાસક છે, મોટા ભાગનો જનસમુદાય તે પ્રકારનું જ વલણ ધરાવે છે. વસુધા આ દેખાતા, ન દેખાતા વિવિધ અન્યાયોનો ભોગ બનતી સ્ત્રી છે, જેમાં સેંકડો સ્ત્રીઓએ પોતાનું પ્રતિબિંબ જોયું છે. વસુધા અને વ્યોમેશ બન્ને સામાન્ય પરિસ્થિતિઓમાં મુકાતાં, સામાન્ય મધ્યમ વર્ગનાં પાત્રો છે. આથી ઘણી વધારે આકરી, કઠોર, ક્રૂર પરિસ્થિતિઓમાં લોકો એક યા બીજા કારણે મુકાતાં હોય છે. પણ અહીં રોજિંદા જીવનની રોજિંદી વાતો છે, હજારો ઘરોમાં હરરોજ ઘટતી ઘટનાઓ છે.

પછી એક વળાંક આવે છે, વસુધા અન્યાયો પ્રત્યે જાગ્રત બને છે, વિચાર કરે છે. આ પ્રકારની બીજી સ્ત્રીઓ સાથે સમવેદના અનુભવે છે. તે મથામણ કરે છે, તેની અંદર સંઘર્ષ જાગે છે, અને પછી તેની જ્વાળાનો પ્રકાશ સંબંધોને તેના વાસ્તવિક સ્વરૂપમાં છતા કરે છે. છેવટે વસુધા મુક્તિના રાહ પર પગલાં માંડે છે. કોઈ પણ શોષિત સમાજ સભાન બની સંઘર્ષ કરે, ત્યારે તે એવી જ પ્રક્રિયામાંથી પસાર થાય છે. કોઈ વાચકને કદાચ લાગે કે અમુક વર્ગવિશેષના પ્રશ્નોને કેન્દ્રમાં રાખીને નવલકથા લખવાથી તે પ્રચારકૃતિ બને છે, સાહિત્યકૃતિ નહિ. મારી દૃષ્ટિએ, આ સંવેદના સર્જકતા પાછળનું બળ છે. ગોર્કીની 'મધર' જેવી ઘણી મહાન કૃતિઓ આવી રીતે વર્ગવિશેષની વેદનાનું આલેખન કરે છે સાહિત્ય સમાજ અને જીવનના પ્રશ્નોથી વિમુખ કે વેગળું હોઈ શકે નહિ.

વસુધાનો માર્ગ પલાયનનો છે ?

પલાયન એટલે પરિસ્થિતિનો સામનો કરવાની અશક્તિમાંથી ભરાયેલાં નબળા માણસનાં પગલાં. સાંકડી વાડને તોડી બૃહદ્ વિસ્તારમાં પગલાં માંડવાં તે પલાયન નથી. કૂવામાંથી દેડકો બહાર નીકળે તે પલાયન નથી. વસુધા હારેલી વ્યક્તિ નથી, સમર્થ વિજેતા છે. તેનું એક કુટુંબ તૂટે છે (તેનું કારણ વસુધા નથી), પણ બીજું વિશાળ કુટુંબ રચાય છે, એ તેની સિદ્ધિ છે.

કેટલાક વાચકોએ નવલકથા વાંચતાં ફરિયાદ કરેલી કે એમાં સ્ત્રીઓને સારી ચીતરી છે, પુરુષોને ખરાબ ચીતર્યા છે. સ્વરૂપ, આદિત્ય, વિનોદ જેવાં વિકસિત મનુષ્યોનાં પાત્રો નજરે ન ચડે એટલી હદે તેમની દૃષ્ટિ પૂર્વગ્રહથી ગ્રસ્ત હશે ? બધા પુરુષોને ખરાબ કેમ કહેવાય ? સતીની પ્રથા બંધ કરાવનાર રાજા રામમોહન રાય પુરુષ હતા. મહર્ષિ કર્વેએ સ્ત્રીઓ માટે કરેલા કામથી કોણ અજાણ છે ? અને ગાંધીજીએ તો કેટલું બધું કર્યું ? તેમણે પુરુષ સાથે સંબંધાયા વગર પણ સ્ત્રીમાં અસ્મિતા છે, તેનું સ્ત્રીને ભાન આપ્યું, સ્ત્રીને તેનું પોતાપણું આપ્યું. પહેલીવાર તેમણે જ કહ્યું કે પત્નીની ઇચ્છા વિરુદ્ધ પતિ તેની સાથે શરીર-સંબંધ બાંધે તે બળાત્કાર જ છે.

પણ હજી ઘણું બાકી છે, સ્ત્રીએ સ્ત્રી માટે ઘણું કરવાનું છે. શોષક કોઈ દિવસ ક્રાંતિ કરી શકે નહિ. શોષિતોએ જ એ માટે પ્રયત્ન કરવાનો છે. આ તોડફોડ કરનારી લોહિયાળ ક્રાંતિ નથી; આ મૂલ્યોની ક્રાંતિ છે, જીવનનાં સ્વરૂપો અને માળખાંઓની ક્રાંતિ છે.

નવલકથામાં એક ઇંગિત એ પણ છે કે સ્ત્રીની સમાનતા એટલે પુરુષના આધિપત્યનો ઇનકાર, પુરુષના સાથનો ઇન્કાર નહિ. સ્ત્રીને પુરુષનો અને પુરુષને સ્ત્રીનો સાથ, એ જીવનમાં પ્રેમ શક્તિ આનંદનો સ્રોત છે. આ પ્રેમ ને સંબંધ દ્વારા બન્ને ઘણું પામે છે, પોતાના કેન્દ્રની સાંકડી સરહદોમાંથી તેઓ બહાર નીકળી શકે છે. સ્ત્રીમુક્તિમાં પુરુષવિહોણા જીવનની કલ્પના નથી, પણ પરસ્પર સ્નેહ-સંવાદ વડે સમૃદ્ધ બનતા જીવનની વિભાવના છે. પણ આવો સંબંધ સમાનતાના પાયા પર જ રચાઈ શકે.

સમાનતા એટલે શું ? વારંવાર કહેવાતું હોય છે કે સ્ત્રીઓએ પુરુષોની સ્પર્ધા ન કરવી જોઈએ. એક અગ્રણી સાહિત્યકારે મને કહેલું : પુરુષ અડધી રાતે ગમે ત્યાં જઈ શકે, સ્ત્રી ન જઈ શકે. એક ભાઈએ લખેલું : 'સ્ત્રીઓ તો કાલે પુરુષોને કહેશે કે અમારી પ્રસૂતિપીડામાં પણ ભાગ પડાવો.' આ વાક્યમાં સમાનતાનો અર્થ સમજ્યા વિના તેની હાંસી ઉડાવતું મૂર્ખ માનસ પ્રગટ થાય છે. (માહિતી ખાતર કહ્યું કે કોલીના 'મીસ્ટિક રોઝ' પુસ્તકમાં

વ્હાઈટ નાઇલ અને ચીની તુર્કસ્તાનનાં પ્રાચીન રાજ્યોમાં ચાલતા 'કુવેડ' નામના રિવાજની વાત છે, જેમાં બાળજન્મ વખતે પુરુષ પણ પથારીમાં સૂઈ પીડાનો દેખાવ કરતો, વેદનાની બૂમો પાડતો, અને એ રીતે પ્રસૂતિપીડા અનુભવવાનો પ્રયત્ન કરતો. વિખ્યાત સમાજસેવક શ્રી ચુનીલાલ મહારાજે મને કહેલું કે ગુજરાતમાં પણ અમુક કોમમાં આવી પ્રથા છે.)

સમાનતા એ કાંઈ સ્પર્ધા નથી. હરિજનોને મનુષ્ય લેખે, સવર્ણ ગણાતા લોકોની સમાન ગણવા જોઈએ એમ આપણે કહીએ ત્યારે તેમાં સ્પર્ધાની વાત આવતી નથી. સ્ત્રી કરતાં પુરુષની સ્નાયુશક્તિ નિર્વિવાદપણે વધારે છે. બન્નેની શરીરરચના અને અંશતઃ માનસરચના ભિન્ન છે. સ્ત્રી ગર્ભ ધારણ કરી શકે છે, પુરુષ નહિ. પણ આ ભિન્નતાને કારણે કોઈ ચડિયાતું કે ઊતરતું કેમ હોઈ શકે ? એકને બીજા પર આધિપત્ય જમાવવાનો અધિકાર શી રીતે હોઈ શકે ? ગોરાઓ અને કાળાઓ રંગમાં ભિન્ન છે, તેથી શું ગોરાઓને બિનગોરા પર અધિકાર સ્થાપવાની છૂટ છે ?

સમાનતાનો અર્થ એટલો જ છે કે સ્ત્રીને રાજકીય, કાયદાકીય, સામાજિક, આર્થિક, કૌટુંબિક ક્ષેત્રે પુરુષના જેટલો જ અધિકાર હોવો જોઈએ. તેને બૌદ્ધિક અને અન્ય શક્તિઓનો વિકાસ કરવા માટે પુરુષના જેટલી જ તક મળવી જોઈએ. સમાજનું ને કુટુંબનું માળખું એવું હોવું જોઈએ કે શ્રમ અને સંપત્તિમાં બન્નેનો સરખો હિસ્સો હોય. એવી મુક્ત હવા ધરાવતા સમાજમાં સ્ત્રી વસ્તુ નહિ, વ્યક્તિ હશે. 'પુરુષ જેમ માત્ર સ્ત્રીના લાભ કે સુખ માટે સર્જાયો નથી, તેમ સ્ત્રી પણ ફક્ત પુરુષના લાભ કે સુખ માટે સર્જાઈ નથી.' ભિન્ન વ્યક્તિત્વ છતાં સરખી શક્તિઓ ધરાવનાર વ્યક્તિઓ તરીકે ઉભયની ગણના થવી જોઈએ.

સ્ત્રીની સલામતીની ઇચ્છાએ, તેની ગુલામીને થોડાંક સુંદર નામો આપી હોંશે હોંશે અપનાવી લીધી છે. સ્ત્રીની સૌથી મોટી નબળાઈ છે આ સલામતીની ઇચ્છા. એ વસ્તુએ જ તેને સ્વનિર્ભર, સ્વતંત્ર, આત્મદીપ્ત થતાં અટકાવી છે. સ્વતંત્ર થવા માટે શક્તિ જોઈએ છે, જવાબદારી જોઈએ છે, વિચારની જાગૃતિ

જોઈએ છે. સ્ત્રીને એ ખપતું નથી કારણ કે તેમાં મહેનત પડે છે. તેને કોઈ પોતાનું રક્ષણ કરે એ વાત રુચે છે, એને માટે તે બધું જતું કરવા તૈયાર છે. પતિ જતાં, સ્ત્રી બીજું બધું હોવા છતાં પોતાને અસહાય અનુભવે છે, તે આ રક્ષણ છીનવાઈ જવાને કારણે જ.

માણસની જે સૌથી મોટી નિર્બળતા, તે જ તેનું સૌથી મોટું બંધન. આથી તેણે મુક્તિ શોધવાની હોય તો અહીં શોધવાની છે. સ્ત્રીએ પોતે પોતાના પ્રયાસોથી પોતાનું ગૌરવ, શક્તિ, જીવનસિદ્ધિ પુનઃપ્રાપ્ત કરવાનાં છે. આવી સ્ત્રીની ઉત્પાદક શક્તિઓનો રાષ્ટ્રને અને સમાજને પૂરો લાભ મળશે તે આખી પ્રજા અને દેશને લાભકર્તા જ થશે. આ માટે સામાજિક-કૌટુંબિક માળખાં બદલવાં પડશે. છોકરા-છોકરીઓને નાનપણથી અમુક ચોક્કસ ભૂમિકા માટે તૈયાર કરવાને બદલે સ્વતંત્રપણે પોતાની કારકિર્દી પસંદ કરવા મુક્ત રાખવાં પડશે. પરણવું કે કારકિર્દી ઘડવી ? – સુખી લગ્નજીવન કે વ્યવસાયની સફળતા ? એવી આકરી પસંદગી કરવાની સ્ત્રીને ફરજ ન પડવી જોઈએ. પુરુષે પણ પોતાના પૌરુષી 'અહં'માંથી મુક્ત થઈ ઘરકામમાં અને કુટુંબવ્યવસ્થામાં પૂરો ભાગ લેવો પડશે. આવાં માબાપ પછી દહેજ નહિ માગે, કન્યાનું 'દાન' નહિ કરે. સ્ત્રીઓનાં વેશ-શણગાર-નામની ઓળખ પુરુષ-આશ્રયી નહિ હોય. કોઈ પુરુષને ઘેર રહી ઘર સંભાળવું હોય અને કોઈ સ્ત્રીને ટ્રૅક્ટર ચલાવવું હોય તો તેમ કરવામાં કશો અવરોધ ન નડવો જોઈએ. અમારા એક ડૉક્ટર મિત્રને રસોઈ કરવાનો ખૂબ શોખ છે. તે કહે છે : 'મારે રસોઇયો બનવું જોઈતું હતું તેને બદલે હું ડૉક્ટર થઈ ગયો.' આ સાંભળીને તેની પત્ની નાનપ અનુભવે છે. પણ રસોઇયો ને ડૉક્ટર બન્નેની જીવવા માટે જરૂર છે. સ્ત્રી અને પુરુષ બેઉ, બેમાંથી કયું કામ કરવું તે મુક્તપણે પસંદ કરી શકવાં જોઈએ.

છેલ્લે –

કેટલાક લોકોને લાગે છે કે સ્ત્રી સ્વતંત્ર થશે તો ઉદ્ધત થશે, પુરુષની જેમ સત્તાલોભી ને સ્વૈરવિહારી બનશે, પશ્ચિમમાં થયું તેવું આપણે ત્યાં બનશે, કુટુંબ-વ્યવસ્થા તૂટી જશે.

દરેક પ્રજાને પોતાના સાંસ્કૃતિક વારસાનું ગૌરવ હોય છે. એના પર બીજી સંસ્કૃતિનું આક્રમણ ખાળવા તે મથે છે. સમય બદલાયો છે. સતીની પ્રથાથી આપણે ઘણાં આગળ નીકળી આવ્યાં છીએ. હવે ઘર ને કુટુંબ એટલે પુરુષ કમાય, સ્ત્રી ઘર ચલાવે ને છોકરાં ઉછેરે તે નહિ, હવે ઘર અને કુટુંબ એટલે સ્ત્રી-પુરુષ, બાળક દરેકને એકમેકનો સમૃદ્ધ સાથ અને દરેકને એ સાથ વડે પોતાની વિશિષ્ટતાઓ વિકસાવવાની સગવડ. પુરુષ સત્તાલોભી ને સ્વૈરવિહારી હોય તો તે અંગે ઉપાય કરવા જોઈએ. એને માટે થઈને સ્ત્રીની સ્વતંત્રતા છીનવી લેવી તે ક્યાંનો ન્યાય ? હવે ઘરસંસાર ચલાવવાની જવાબદારી બન્નેની છે. પુરુષ સ્વતંત્ર હોવાથી ઘર જોખમાતું નથી, તો સ્ત્રી સ્વતંત્ર થતાં શા માટે જોખમાવાનો ભય રાખવો ? પરિવર્તન અને થોડી ઊથલપાથલ જરૂર થશે. અન્યાયી, અત્યાચારી પ્રથાઓ વડે ઘણાં ઘર ટક્યાં છે, થોડાંક ઘર ન્યાય ખાતર કદાચ તૂટે પણ ખરાં. પણ હવે ઘર તૂટશે તો તેમાં બન્નેની જવાબદારી ગણાશે. ઘર સુંદર બનશે તો તે બન્નેનું સર્જન હશે. પુરુષો ઉદ્ધત નથી હોતા ? કોઈમાં ઉદ્ધતાઈ હોય તો એ તેના વ્યક્તિગત અજ્ઞાન અને અણઘડતામાંથી ઉદ્ભવતી બાબત છે. સ્ત્રી અને પુરુષ બન્ને અપૂર્ણ છે, ગુણ ને દોષથી મુક્ત છે. બન્ને આ સંઘર્ષમાંથી બહાર નીકળી સમજ પામશે તો એકબીજાના સાથમાં વિકાસ સાધી શકશે.

બહારથી લાદેલાં નિયંત્રણો અને વ્યક્તિની પોતાની સમજમાંથી પાંગરતી આંતરશિસ્ત તેમ જ સહજસ્ફૂર્ત સ્નેહ પર રચાયેલા સંબંધો – બે તદ્દન જુદી બાબતો છે. દરેક વ્યક્તિને પોતાની સહજ સમજ ખીલવવાનો, તે અનુસાર જીવન ગોઠવવાનો, જીવનના ઊંડા અર્થોનું ઉદ્ઘાટન કરવાનો અધિકાર છે. સ્ત્રી પુરુષની પ્રતિસ્પર્ધી નથી કે તેની સ્વતંત્રતાથી પુરુષ ભય પામે. બન્ને એકમેકનાં સાથી છે, જીવનયાત્રાએ નીકળેલાં સહપ્રવાસી છે. સ્ત્રી મુક્ત નહિ હોય તો પુરુષ પણ બંદી જ રહેશે. આપણા સાથીનો સર્વાંગી વિકાસ થાય તે આપણા જ હિતમાં છે. સમાજમાં જેટલી વધુ વ્યક્તિઓ જાગ્રત, સ્વાયત્ત, વિચારશીલ બને તે સમાજના જ હિતમાં છે. પ્રજાના અડધોઅડધ ભાગને અજ્ઞાનમાં, મહત્ત્વની બાબતોમાં સક્રિય ભાગ ભજવવામાંથી વંચિત રાખીને કોઈ પ્રજા ઉન્નત થઈ શકશે નહિ. આ માટે સ્ત્રી ને પુરુષ બન્ને પોતાનાં વલણો

બદલે, પોતાની માની લીધેલી 'ઇમેજ'માંથી મુક્ત થાય, સ્ત્રીઓ પોતે સામૂહિક રસોડાં અને બાળસંભાળ-કેન્દ્રો ઊભાં કરી સ્ત્રીને સહુથી વધુ જકડી રાખતી કામગીરીને સામાજિક જવાબદારીની ભૂમિકા પર મૂકે તો સંબંધોની એક નવી તરાહ ઊભી થશે. આપણે સંવેદનાનું ફલક વિસ્તારીએ અને જગતના સર્વ મનુષ્યોને સમાનભાવે જીવવાનો ને સુખી થવાનો અધિકાર છે એમ સ્વીકારીએ તો માનવ ખરેખર માનવ બનશે અને જીવન વધુ જીવવા જેવું લાગશે.

ફક્ત સ્ત્રીએ જ નહિ, આખા સમાજે મુક્તિયાત્રા માટે જાગ્રત થવાનું છે. એ પ્રક્રિયામાં આ નવલકથા યત્કિંચિત્ પણ ફાળો આપશે તો મારો અંતરાત્મા પ્રસન્ન થશે.

*

૧૯૫૩માં મેં સ્ત્રી-મુક્તિની પહેલી નવલિકા 'તમારાં ચરણોમાં' લખી ત્યારથી આ વિષય અંગે માહિતી, નોંધ, કિસ્સા ઇ. સામગ્રી મારી પાસે એકઠી થતી રહી છે. આ ૩૧ વર્ષ દરમ્યાન આ પ્રશ્નનાં વિવિધ પાસાં વિશે મેં ઘણા લેખો-વાર્તાઓ લખ્યાં છે. એ બધાનો પ્રસ્તાવના – નવલકથામાં ઉપયોગ કરવા ઉપરાંત નીચે નોંધેલી સામગ્રીએ પણ મને ઘણી મદદ કરી છે :

૧. ધ બાયોલૉજિક, ટ્રેજેડી ઑફ વુમન : એન્ટન નેમિલોવ (મૂળ રશિયનમાંથી અનુ. સ્ટેફાની ઓ ફેન્તાલ)
૨. સ્ટેટસ ઑફ વીમેન ઇન ઇન્ડિયા : ઇન્ડિયન કાઉન્સિલ ઑફ સોશ્યલ સાયન્સ રિસર્ચ (નવી દિલ્હી) નો રિપોર્ટ
૩. ધ રિબેલિયસ હોમ મેકર્સ : ઇન્દિરા મહેન્દ્ર
૪. ટુડેઝ વીમેન : વૉઇસ ઑફ અમેરિકા સિરીઝ
૫. ધ ફેમિનિન મીસ્ટિક : બેટી ફ્રીદાન
૬. ધ સેકન્ડ સેક્સ : સીમોન દ બુવા
૭. ધ રિયલ મટિલ્ડા : મિરિયમ ડિક્સન
૮. વીમેન ઍન્ડ ફેમિલી : લિયો ટ્રોટ્સ્કી
૯. વીમેન્સ રૂમ : મેરીલિન ફ્રેન્ચ

૧૦. સિન્ડ્રેલા કૉમ્પ્લૅક્સ : કોલેત્ત ડાઉલિંગ
૧૧. ધ મીસ્ટિક રોઝ : ક્રોલી
૧૨. વીમૅન ઍન્ડ વર્ક ઇન ઑસ્ટ્રેલિયા, ચાઇના ઍન્ડ ઇન્ડિયા : જાન કરી, કુંજબાળાકાપડીઆ
૧૩. મુંબઈના 'પ્રવાસી' દૈનિકમાં દર સોમવારે પ્રગટ થતી સોનલ શુક્લની કટાર
૧૪. વાયોલન્સ ઇન ધ ફૅમિલી : વાઇફ બીટિંગ : ફ્લેવિયા ડી'મેલો (ફેમિનિસ્ટ રિસોર્સ સેન્ટર, મુંબઈ)
૧૫. ડ્રૅપર ફંડ રિપોર્ટ (ઇમ્પ્રુવિંગ ધ સ્ટેટસ ઑફ વીમેન) ઑક્ટો. '૮૦
૧૬. ન્યૂઝલેટર : ઇક્વલ ઑપોર્ચ્યુનિટીઝ રિસોર્સ સેન્ટર, ઑસ્ટ્રેલિયા
૧૭. આસ્ક ધ વીમેન હુ ડુ વર્ક : 'ન્યુ સાયન્ટિસ્ટ'માં અનિલ અગરવાલ અને અનિતા આનંદનો લેખ

આ ઉપરાંત કેટલીક બહેનોએ સ્વહસ્તે લખી મોકલેલી પોતાની જીવનકહાની, આ વિષય પર એકત્રિત કરેલી અનેક નોંધો, રૂથ બેનેડિક્ટ અને માર્ગારેટ મીડ, બેટી ફ્રીદાનથી માંડી કમલાદેવી ચટ્ટોપાધ્યાય, સલોમી પરીખ, મધુમિતા મજમુદાર, તારા અલી બેગ વ. લેખકોનાં વિવિધ પત્રોમાંનાં લખાણો, જે. કૃષ્ણમૂર્તિનું જીવનદર્શન, ફિન્ડહૉન તથા યોગોદાના કેન્દ્રમાં ચાલતા પ્રયોગો, અને ઇલ્સ્ટ્રેટેડ વીકલી, સ્પાન, ઇન્ડિયન એક્સપ્રેસ, ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, ઇન્ડિયા ટુડે, માનુષી, મૈત્રેયી, નવનીત-સમર્પણ, અનસૂયા ઇ. અનેક પત્ર-પત્રિકાઓમાં આ વિષયક પ્રગટ થયેલા અનેક લેખો....

આ બધાનો સમગ્ર લેખનમાં અમૂલ્ય ફાળો છે અને તે માટે હું તે સર્વની આભારી છું.

અને આભાર માનું છું –

* સૌથી પહેલાં સેંકડો વાચકોનો, જેમણે પત્ર, ટેલિફોન કે પ્રત્યક્ષ મુલાકાત દ્વારા કથાની વાસ્તવિકતાને સમર્થન આપ્યું;
* શ્રી ત્ર્યંબકભાઈ મહેતાનો–'અગનપિપાસા'ની જેમ આ નવલકથા પણ તેમના આગ્રહથી લખાઈ;

* 'જન્મભૂમિ-પ્રવાસી'ના તંત્રી શ્રી હરીન્દ્ર દવેનો – વિવિધ પ્રત્યાઘાતોના વંટોળ વચ્ચે પણ તેમણે નવલકથા છાપી;
* કાન્તાબહેન મહેતા, ડૉ. રાજશેખર બ્રહ્મભટ્ટ, પ્રો. કે. ટી. મરચન્ટનો; અને મારાં તરુણ મિત્રો સ્વાતિ, દીપ્તિ, ભારતી, રેખા, હિમાંશી, દીપિકા, વર્ષા, લીના, રાજુ, જ્યોતિનો – તેમણે પહેલેથી છેલ્લે સુધી સક્રિય રસ લીધો, ઉપયોગી વાતો કહી;
* મકરન્દનો....

સી-૨૨૨, આનંદ સોસાયટી
૧૭, જૂહુ લેન
અંધેરી (૫), મુંબઈ ૪૦૦ ૦૫૮

કુન્દનિકા કાપડીઆ

બીજી આવૃત્તિ વેળાએ

માત્ર બે મહિનાના ટૂંકા ગાળામાં આ નવલકથાની પ્રથમ આવૃત્તિની ૨૨૫૦ નકલો વેચાઈ ગઈ તેનું કારણ વાચકોએ આ નવલકથા સાથે અનુભવેલી એકાત્મતા છે. ઘરની વાત બીજાને ક્યાં કરવી ? – એવું ચુસ્ત વલણ જરા હળવું પડે ત્યારે જાણવા મળે છે કે સ્ત્રીની જીવન-ઘટનાઓમાં કેટલું સામ્ય હોય છે !

વાચકોએ આ નવલકથાને ક્રાંતિકારી ગણાવી છે. પણ એક બહેનનો પત્ર એમ હતો કે માત્ર લખવાથી શું વળે ? તમે ગામેગામ ફરીને પ્રચાર કરો, પોતાના જીવનમાં ક્રાન્તિ કરી બતાવો તો તેનો કંઈક અર્થ કહેવાય. ખાલી શબ્દોથી કશું ન સરે.

ક્રાન્તિ એમ ને એમ નથી આવતી. તેની પાછળ એક દર્શન હોય છે, વિચાર-પરિવર્તન અને મૂલ્ય-પરિવર્તન માટેની ભૂમિકા હોય છે. અહીં એ દર્શન અને ભૂમિકા રજૂ થયાં છે. શબ્દ તો માત્ર બીજ છે. તે કેવળ ઇંગિત કરે છે, કારાગારમાંથી નીકળવાના દ્વાર તરફ આંગળી ચીંધે છે. પછી એ શબ્દમાંથી સ્ફુલ્લિંગ દરેકે પોતે પ્રગટાવવાનો છે. એ દ્વાર જાતે ઉઘાડવાનું છે. સ્ત્રીઓનો

હવે એ આત્મધર્મ બની રહે છે. આ શબ્દો સ્ત્રીઓના જીવનમાં સત્ય બનીને ઊગે અને જીવનમાંથી ઝમતાં ઝમતાં એનાં આંદોલનો છેક છેવટના સ્તર સુધી પહોંચી સમાજનું નવસ્થાપન કરે એવી અપેક્ષા છે.

હજુ હમણાં જ વર્તમાનપત્રોમાં સમાચાર હતા કે અમુક એક જ્ઞાતિમાં, એક વિધવાના પુન: લગ્ન કરાવી આપવા માટે એક ભાઈ પર મહાજને નોટિસ મોકલેલી, સ્ત્રીઓના સામાજિક સ્થાન વિશે ખ્યાલ બાંધતી વેળા, ઉચ્ચ વ્યવસાય કરતી સુશિક્ષિત શહેરી મહિલાઓના ઉદાહરણની સાથે આવાં ઉદાહરણો પણ લક્ષમાં રાખવાં જોઈએ. કોઈ એકાદ સ્ત્રી પોતાના જોરે સંઘર્ષ કરીને ઇચ્છિત સ્થાન મેળવે તે પ્રશંસનીય છે, પણ આપણે સમગ્ર સમાજની મૂલ્ય-પ્રણાલી એવી બદલવાની છે કે બધી સ્ત્રીઓને પુરુષોની જેમ પોતાના સંવર્ધન માટે સહજપણે અવકાશ મળી રહે; સામાજિક વિષમતા ખાતર સ્ત્રીને ભલે સંઘર્ષ કરવો પડે, પણ માત્ર સ્ત્રી હોવા ખાતર તેને વિશેષપણે વંચિત ન થવું પડે.

આ ક્રાન્તિ માટે 'સાત પગલાં આકાશમાં' એક મશાલ લઈને આવે છે – એમાંથી હજારો મશાલ પ્રજ્વલિત થાય એવી અપેક્ષા સાથે.

નવલકથાને મળેલા સાર્વત્રિક આવકાર માટે હું વાચકોની આભારી છું.

પ્રકાશકશ્રી ધનજીભાઈ (નવભારત સાહિત્ય મંદિર)નો આભાર માનવાનું પહેલી આવૃત્તિમાં સરતચૂકથી રહી ગયેલું, તે ક્ષતિ અહીં સુધારી લઉં છું.

એપ્રિલ ૧૯૮૪

કુન્દનિકા કાપડીઆ

ત્રીજી આવૃત્તિ વેળાએ

દોઢ વર્ષના ગાળામાં આ નવલકથાની ત્રીજી આવૃત્તિ થઈ રહી છે, તે તેને મળેલા વ્યાપક આવકારનું સૂચક છે. આ દોઢ વર્ષમાં મુંબઈ, સુરત, ભરૂચ, વડોદરા, અમદાવાદ, રાજકોટ, ભાવનગર ઇ. અનેક મોટાં-નાનાં શહેરોમાં વિવિધ સંસ્થાઓ, મહિલા-સંગઠનો, સાહિત્યિક મંડળોએ એક અથવા બીજા રૂપે આ નવલકથા પર જાહેર ચર્ચા ગોઠવી છે. '૮૪ની ઉત્તમ સાહિત્યકૃતિ તરીકે તેને સુવર્ણચંદ્રક મળ્યો

છે. શિક્ષિત કહેવાતાં બહુ ઓછાં એવાં ગુજરાતી કુટુંબો હશે, જ્યાં આ પુસ્તક ચર્ચાયું કે વંચાયું ન હોય.

આનું શ્રેય સંપૂર્ણપણે વાચકોને છે, જેઓ મૂલ્ય-પરિવર્તનની સામાજિક-પ્રક્રિયા માટે તૈયાર થયેલાં છે, એને નવલકથામાં વ્યક્ત થયેલી વિચારધારાને જેમણે ઉમળકાથી આવકારી છે; અન્યાય અને અસમાનતા પ્રત્યે વ્યક્ત થયેલો આ આક્રોશ જેમને પોતાના સુપ્ત કે દબાઈ રહેલા ભાવોના શંખધ્વનિ સમો લાગ્યો છે.

નવલકથાના અનુસંધાનમાં મારા પર એટલા બધા પત્રો આવ્યા છે અને હજુ આવે છે કે બધાંનો હું વ્યક્તિગત જવાબ આપી શકી નથી. સૌથી વધારે આનંદ મને એવા યુવાનોના પત્ર વાંચીને થાય છે, જેઓ લખે છે કે આ પુસ્તક વાંચ્યા પછી લગ્નજીવનમાં સ્ત્રીની અસ્મિતાનો આદર કરીને કેમ જીવવું તે અમને સમજાયું છે. પ્રશાન્ત નામના એક ભાઈએ સ્વરૂપ-ઈશાનો, પૂર્ણ સ્વાતંત્ર્યના નામમાં ઊગેલા ચંદ્ર જેવો ઉજ્જ્વલ – શીતલ પ્રેમ પોતાના જીવનમાં પણ ઊગેલો હોવાનું જણાવ્યું છે. આ બધાને મારા ધન્યવાદ છે.

નવલકથાના આકરા ટીકાકારો પણ છે, કોઈકે સ્ત્રીઓની સ્વચ્છંદતા, ઉદ્ધતાઈ કે બેજવાબદારીવાળા વર્તાવનો દોષ નવલકથાના માથે ઢોળ્યો છે. કોઈકે કહ્યું કે આ નવલકથા લખીને મેં બહુ મોટી કુસેવા કરી છે. કોઈએ લડવાના મિજાજમાં ઘેર આવીને કહ્યું : 'સ્ત્રીઓ સમજ વગરની, મૂર્ખ, "સ્ટુપિડ" હોય છે.'

વારુ, પુરુષો સમજ વગરના, મૂર્ખ, 'સ્ટુપિડ' નથી હોતા ? તેઓ સ્વચ્છંદી, ઉદ્ધત, બેજવાબદાર નથી હોતા ? અત્યારની દેશ ને દુનિયાની જે પરિસ્થિતિ છે તે પુરુષોએ કરેલી સેવાને આભારી છે કે કુસેવાને ?

આ નવલકથા પ્રગટ થયા પહેલાં પણ, પુરુષ કે સ્ત્રીના દોષે ઘણાં ઘર ભાગ્યાં છે, કોઈ પણ વ્યક્તિ – સ્ત્રી કે પુરુષ – કેટલી મૂર્ખ કે દૃષ્ટિવાન છે તે તેની વિકાસયાત્રાનો સવાલ છે. આ નવલકથામાં ભાર એ બાબત પર છે કે સમાજની પ્રથા-પરંપરા-રિવાજો એવાં ન હોવાં જોઈએ કે કોઈ એક વર્ગ કે એક સમૂહને બીજા વર્ગ કે સમૂહ પર આધિપત્ય જમાવવાનો અધિકાર

મળે. એમ કરવું એ માનવના ગૌરવનો પાયામાં ભંગ છે. સમાજજીવન અને કુટુંબજીવન શાંતિ ને સુખથી ભરેલું રાખવું હશે તો સ્ત્રીને પરાધીન રાખીને એ સિદ્ધ થવાનું નથી. સ્ત્રી ને પુરુષ – બન્નેએ સમજદાર બનવું પડશે, પ્રેમ-વિશ્વાસ-આદર વડે જીવન સંવાદી બનાવવા બન્નેએ જાગૃત થવું પડશે, મહેનત કરવી પડશે. માત્ર સ્ત્રીની અધિનતાના પાયા પર ચણેલું ઘર કદી સાચી શાંતિનું સ્થાન નહિ બની શકે. આ નવલકથા માત્ર વિદ્રોહ માટે નથી, નવસર્જન માટે પણ છે : આમાં માત્ર વસુધા, એના, વાસંતી, લલિતા જ નથી, અહીં ઈશા-સ્વરૂપ, આભા-ગગનેન્દ્ર, આદિત્ય, અગ્નિવેશ પણ છે. જેઓ આ બધું જોઈ શકશે તે જોશે, સમજી શકશે તેઓ સમજશે.

*

પહેલી બે આવૃત્તિ વેળા પુસ્તકની કિંમત રૂ. ૬૦ હતી. ઘણાનું સૂચન હતું કે કિંમત થોડી ઓછી હોય તો પુસ્તક વધુ લોકોના હાથમાં પહોંચે. આ હેતુથી પુસ્તક ટૂંકાવવા કાપકૂપ કરી છે અને થોડુંક જોડ્યું પણ છે. પણ આ ગૌણ સ્વરૂપનું છે. જોકે આ દરમ્યાન કાગળ-છપાઈના ભાવ વધવાથી પુસ્તકનાં પાનાં ઓછાં થવા છતાં કિંમત ઓછી કરી શકાઈ નથી. (વધી નથી એટલું સદ્ભાગ્ય.)

અંધેરી, ઑક્ટોબર ૧૯૮૫ — કુન્દનિકા કાપડીઆ

ચોથી આવૃત્તિ વેળાએ

ત્રણ વર્ષમાં આ નવલકથાની ૪થી આવૃત્તિ પ્રગટ થઈ રહી છે, તે એક આશ્ચર્યભરી ઘટના છે. કોઈ એક પુસ્તકને છ-છ પારિતોષિક મળ્યાં હોય એવું ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં પ્રથમ વાર જ બન્યું હશે. આ બધાનું શ્રેય વાચકોને છે, સ્ત્રીઓને છે, જેમણે આ પુસ્તકને કલ્પનાતીત પ્રતિસાદ આપ્યો છે. ક્રાંતિની એક ચિનગારી પેટાવવાનો નવલકથાનો ઉદ્દેશ હતો; તે સિદ્ધ થયો છે તેનો મને આનંદ છે.

આ ચોથી આવૃત્તિમાં થોડાં સુધારાવધારા કરેલા છે. દિલ્હીની સાહિત્ય અકાદમી તરફથી ભારતની બધી ભાષાઓમાં આ નવલકથાનો અનુવાદ પ્રગટ કરવાનું નક્કી થયું છે, તે આ ચિનગારીને વધુ પ્રજ્વલિત કરશે એવી આશા રાખું છું.

નંદિગ્રામ કુન્દનિકા કાપડીઆ
પોસ્ટ વાંકલ
જિ. વલસાડ ૩૯૬ ૦૦૭

*

પાંચમી આવૃત્તિ પ્રગટ થઈ રહી છે તે વખતે ફક્ત એટલું કહેવાની ઇચ્છા છે કે એવો સમય જલદી આવે, જ્યારે આ નવલકથામાં આલેખેલી પરિસ્થિતિ સંપૂર્ણપણે ભૂતકાળની બાબત બની રહે.

દરમ્યાન, આ નવલકથા લખાયા પછીનાં સાત વર્ષોમાં અનેક સામાજિક પરિવર્તનો આવ્યાં છે, સ્ત્રીઓની પરિસ્થિતિ ઘણી બદલાઈ છે, એમાં અલ્પપણે આ લખાણનો પણ ફાળો છે અને એનો મને આનંદ છે.

નંદિગ્રામ કુન્દનિકા કાપડીઆ
માર્ચ ૧૯૯૧

૧

વૃક્ષોથી ઘેરાયેલી આ સુંદર જગ્યાને અમે નામ આપ્યું હતું : ફૂલઘર. લાલ રંગનો શીમળો ને પંગારો, કેસરી જ્વાળા જેવું ગુલમહોર, જાંબલી જેકેરેન્ડા, સોના જેવા ફૂલવાળો સોનમહોર, સફેદ ગોટા જેવા ફૂલવાળું સમુદ્રફીણ – આ વૃક્ષો અમે વર્તુળાકારે ઉગાડ્યાં હતાં. એમની ઘટા ઉપરથી એકમેકનાં મળી ઘુમ્મટ જેવું રચી દેતી હતી. ત્યાં વાંસની થોડી ખુરશીઓ, ટેબલ અને એક આરામખુરશી પડ્યાં રહેતાં. ફૂલઘરની પૂર્વ બાજુએ અમારા નિવાસો હતા. ઉત્તર અને દક્ષિણ બાજુએ વિવિધ ફૂલ અને છોડથી શોભતા બાગ અને ખેતરો હતાં ને તેની પાછળ અમારી વર્કશોપ હતી. પશ્ચિમ તરફ દરિયા પર જવાનો રસ્તો હતો, પછી સરુનાં વૃક્ષ હતાં, પછી દરિયો હતો.

અમે બધાં ત્યાં ટેબલ ફરતાં બેસીને ચા પી રહ્યાં હતાં. સાંજ પડી ગઈ હતી. સૂરજ છેક દરિયા પર ઊતરી આવ્યો હતો. ક્ષિતિજ પરની નાની સફેદ વાદળીઓ સૂરજના તેજથી ભભકી ઊઠી હતી. પણ સૂરજ તો કોઈનો સાદ સંભળાયો હોય એમ ઝડપથી નીચે ખેંચાતો ગયો અને જરાક વારમાં અદૃશ્ય પણ થઈ ગયો. વાદળીઓ આશ્ચર્ય પામીને અચાનક આવી મળેલી ને તરતમાં જ ખોઈ દીધેલી શોભા ડોક લંબાવીને શોધી રહી. દરિયો સહેજ ઉદાસ થઈ ગયો. વેગથી વહેવા લાગ્યો. આકાશમાંથી અંધારાએ ડોકિયું કર્યું.

અમે બેઠાં હતાં ત્યાં વૃક્ષોની ઘટા હતી, એટલે ત્યાં ઝડપથી અંધારું ઘેરાઈ આવ્યું. બહાર ચોતરફ હજુ થોડો થોડો પ્રકાશ હતો. એવું લાગતું હતું. જાણે આછા ઉજાસના સાગર અંધારાના સાગર વચ્ચે અંધારાના એક દ્વીપ પર અમે બેઠાં હોઈએ.

અચાનક એક અવાજ સંભળાયો – અંધારાની આરપાર તેજલિસોટો દોરાતો હોય એવો અવાજ. 'માણસ જે રીતે પોતે જીવવા માગે તે રીતે તે જીવી શકે ખરો?'

તરત ને તરત કોઈએ જવાબ આપ્યો નહીં.

વસુધા ફરી બોલી. એનો અવાજ મૃદુ અને સંગીતમય હતો, પણ અત્યારે એમાં એક મક્કમતા ભળી હતી – દુનિયાના અસ્વીકાર સામે ટકી રહેનારાં લોકોમાં હોય છે તેવી મક્કમતા. તેણે ફરી ધીમેથી સ્પષ્ટ કંઠે પૂછ્યું : 'તમે શું કહો છો? માણસ પોતાની રીતે જીવવા માગે તો તે જીવી શકે ખરો? અને ખાસ કરીને સ્ત્રી?'

'જીવી શકે – ઘણા તાણાવાણા તોડી નાખે તો...' એનાએ કહ્યું.

'સમાજના અસ્વીકાર સામે, પોતાના લોકોના અસ્વીકાર સામે એકલાં ટકવાની હિંમત હોય તો...' અલોપાએ કહ્યું.

'એકલાં ટકવાની ને એકલાં રહેવાની પણ,' વિનોદે જરા હળવાશથી કહ્યું, પણ વાતાવરણમાં ગંભીરતા આવી ગઈ હતી.

'માત્ર એકલાં રહેવાની વાત નથી... ખાસ કરીને એ સ્ત્રી હોય, તો એ બધી રીતે સાવ એકાકી બની જાય. એ જરૂર જીવી શકે, પરિણામોની ચિંતા ન કરે તો... પોતાનાં રણને સીંચી શકે તો...' મિત્રાએ ધીમે ધીમે એક એક શબ્દ પર ભાર મૂકતાં કહ્યું.

'એનો અર્થ એમ કે કોઈ માણસ જો એમ નક્કી કરે કે પોતે સચ્ચાઈથી જીવવું છે – હું સામાજિક નીતિમત્તાની વાત નથી કરતી, એ તો બહુ પાછળ રહી જાય છે – અંગ્રેજીમાં જેને આપણે 'બીઇંગ ટ્રુ ટુ વન્સ ઑન સેલ્ફ' કહીએ છીએ તે રીતે જીવવાની કોશિશ કરે તો એ એમ ન કરી શકે?' વસુધા બોલી.

'કરી શકે, પણ પછી એ દુખી થઈ જાય. સ્ત્રી હોય તો તો ખાસ.'

'સ્ત્રીના સુખની તમારી વ્યાખ્યા શી છે?'

અમે બધાં જરા ચોંકી ઊઠ્યાં. પ્રશ્ન અણધાર્યો હતો એટલે જ નહિ, પણ અમારાં બધાંની સામે એક પડકાર આવી ઊભો હતો. અમે કોઈ પણ, કાંઈ પણ જવાબ આપીએ, એમાંથી ઘણા બીજા સવાલો ઊભા થવાના હતા, અને એના જવાબ આપવા એ પળે અમે કદાચ તૈયાર નહોતાં.

એક પળ ગાઢ ચુપકીદી છવાઈ રહી.

વસુધા અમારે ત્યાં આવનાર સહુથી છેલ્લી વ્યક્તિ હતી. અહીં હંમેશનો

વસવાટ કરનારાં તો અમે થોડાં જ જણ હતાં. બીજાઓ આવતાં, થોડો વખત રહેતાં અને જતાં ત્યારે કંઈક સભરતા લઈને જતાં. કોઈ પણ પ્રકૃતિ-પ્રેમીને નિવાસ માટેનું પોતાનું સુંદરતમ સ્વપ્ન સાકાર થયેલું લાગે એવી આ જગ્યા હતી. કોઈને અહીંનું એકાંત ગમતું, કોઈને અમે ચીલો ચાતરીને જે રીતે જીવતાં તે આકર્ષી જતું, કોઈને અહીંની શાંતિમાં પોતાની સમસ્યાઓનો ઉકેલ જડી આવતો. વ્યક્તિગત સ્વતંત્રતા સાચવીને બીજા સાથે સુમેળથી જીવવું અને એ સંવાદમય વાતાવરણમાં પોતાની અંદરની સર્જકતાને ઊઘડતી-પાંગરતી અનુભવવી એ અમારી જીવનરીતિ હતી.

અને આ સર્જકતા એટલે ચિત્રો દોરવાં, સંગીત રચવું કે કવિતા લખવી એ જ નહીં. દુનિયામાં, જીવનમાં, વસ્તુમાં, ઘટનામાં જે અદ્‌ભુતતા રહેલી છે તે પ્રત્યે વિસ્મય, એને લીધે સમગ્ર જડચેતન સૃષ્ટિ પ્રત્યે જન્મતો આદર અને એમાંથી પોતાના જીવનને અર્થસભર બનાવવા માટે મળી રહેતું કોઈક દર્શન... બહિર્ જગતના આ મહાન આવિષ્કારની સભાનતામાં પોતાની નાનકડી બંધિયાર જાતનાં ઓગળી જતાં વિસંવાદી તત્ત્વો, અને પછી એક નવા સંવાદી વ્યક્તિત્વનું પ્રાગટ્ય... આ આખી પ્રક્રિયાને અમે સર્જકતા ગણતાં હતાં. પોતાની અંદર જે કાંઈ ઊણું-અધૂરું હોય તેનું પૂર્ણતામાં રૂપાંતર કરવાનો પ્રયત્ન કરવો, દુનિયામાં નામ ન ગાજે તો કાંઈ નહીં, પણ પોતાને માટે એક સરસ સમૃદ્ધ સાર્થક જીવન રચવું – એક મધુર ગીત જેવું કે ઘટાદાર વૃક્ષ જેવું કે અંધકારને બારણે પેટાવેલી દીપશિખા જેવું – એ સર્જકતાને અમે ઘણી વધારે સ્થાયી અને મૂલ્યવાન ગણતાં હતાં.

વસુધા હજી અહીં હમણાં જ આવી હતી. તે પહેલાં એક વાર હું તેને બહાર રેસ્ટોરાંમાં મળી હતી. તે વિનોદની સાથે આવી હતી. અમે લોકો ગાયની હત્યા વિરુદ્ધ ચાલતા સત્યાગ્રહ વિશે ચર્ચા કરતાં હતાં. વિનોદ ત્યારે જરા ગરમ થઈ બોલી ઊઠેલો : 'આ લોકો ધાર્મિકતાનો નહિ પણ ગાય ને બળદ ભારતના અર્થતંત્ર માટે કેટલાં ઉપયોગી છે તેનો મુદ્દો આગળ કરે છે, તો ધારો કે આવતી કાલે વિદેશોની જેમ આપણે ત્યાં પણ ખેડૂતો યંત્રો વડે ખેતી કરતા થઈ જાય, તો ત્યારે બળદો નકામા બની જશે. તે વખતે શું તેની હત્યા વાજબી ઠરશે ? આપણે હિન્દુ છીએ તો છીએ, તેમાં આટલા ડીફેન્સિવ થવાની શી જરૂર છે ? હું હિન્દુ છું અને હિન્દુ હોવાનું મને ગૌરવ છે. આપણા દેશમાં હિન્દુઓની

બહુમતી છે. ગાય આપણા માટે પવિત્ર પ્રાણી છે. તેની કતલથી આપણું હૃદય દુભાય છે એમ જાહેર રીતે કહેવામાં વાંધો શો છે ? હું તો ગાયની જ નહિ, કોઈનીયે હત્યાની વિરુદ્ધ છું. બધી બાબતોની વિચારણા શું આર્થિક દૃષ્ટિએ જ થવી જોઈએ ? લઘુમતીની લાગણી દુભાય એની રાજકર્તાઓ આટલી ચિંતા કરે છે તો બહુમતીની લાગણી દુભાય તેની શા માટે નહીં ?'

અમે જરા ચુપ થઈ ગયાં હતાં. અને ત્યારે વસુધા ધીમેથી બોલેલી : 'પણ આપણે પૂરતાં દુભાઈએ છીએ ખરાં ?'

એ વખતે મને તેનો પહેલો પરિચય થયો હતો.

એ પછી બીજી એક વાર અમે અચાનક જ ક્યાંક મળી ગયાં ત્યારે તેણે પૂછ્યું હતું : 'ઈશા, માણસના માણસ સાથેના સંબંધનો મૂળ આધાર શો છે ?'

મેં સીધો જવાબ ન આપતાં વળતું પૂછ્યું : 'મનુષ્યને મનુષ્ય સાથે ખરેખર સંબંધ હોય છે ?'

'તો આપણે આ કોની સાથે સંબંધાયેલાં હોઈએ છીએ ?' તેણે પૂછ્યું.

'સામા માણસની આપણે ઘડેલી છબિ સાથે, સમાજે, પરંપરાઓએ નક્કી કરી આપેલા વ્યવહારો સાથે.'

એક નિઃશ્વાસ નાખીને તે મારી સામે જોઈ રહી. તેની સ્વચ્છ કાળી આંખોમાં વેદનાનું એક ભૂખરું ધુમ્મસ છવાયું હતું.

'હું આ સંબંધનો આધાર શું છે તેની શોધ કરવા માંગતી હતી.'

'પછી ?'

'શોધ પૂરી ન થઈ.'

હું પ્રશ્નાર્થભાવે તેની તરફ જોઈ રહી.

તેણે એ વાત પડતી મૂકી. 'ઈશા, તમે લોકો રહો છો એ જગ્યા વિશે મેં સાંભળ્યું છે. હું ત્યાં આવી શકું ?'

અને ત્રણ-ચાર દિવસ પહેલાં તે આવી હતી. તેના ચહેરા પરથી તે સુખી નહોતી લાગતી. એમ જુઓ તો તે દુઃખી પણ નહોતી લાગતી. કંઈક વિચારમાં તે આખો વખત ડૂબેલી દેખાતી. અમે કોઈએ તેને કાંઈ પૂછ્યું નહોતું. સ્વરૂપ

તો હંમેશ કહે છે કે માણસના અંતરને એની મેળે પ્રકટ થવા દેવું જોઈએ. પ્રશ્નો ઓછામાં ઓછા પૂછવા જોઈએ. તેને જ્યારે વિશ્વાસ આવશે, આત્મીયતા અનુભવાશે ત્યારે તે પોતે જ પોતાનાં બંધ દ્વાર ખુલ્લા ફટાક મૂકી દેશે.

અને આજે આ શીળા ફૂલઘરમાં અમે આરામથી બેઠાં બેઠાં ચા પી રહ્યાં હતાં ત્યારે સહસા એક તીક્ષ્ણ પ્રશ્ન પૂછી તેણે અમને બધાંને તેના પ્રત્યે સભાન બનાવી દીધાં.

કોઈ કાંઈ બોલ્યું નહિ ત્યારે તેણે જ ધીરે ધીરે કહ્યું : 'વર્ષો સુધી હું પણ બધાંની જેમ જ જીવી હતી. પતિ ને સંતાનોનું સુખ મારી હથેળીમાં કીમતી રત્નની જેમ જાળવ્યું હતું. ઘર, કુટુંબીજનો, સામાજિક વ્યવહારો — બધી બાબતોમાં મારી પાસેથી જે અપેક્ષા રાખવામાં આવી હતી તે મેં પૂરી કરી હતી. એક આદર્શ ગૃહિણીની જેમ મારાં બધાં કર્તવ્યોનું પાલન કરવા પ્રયત્ન કર્યો હતો, અને એમ કરવામાં હું વિલીન થઈ ગઈ હતી.'

ધ્યાનથી સાંભળતી એનાએ માથું ઊંચું કર્યું. 'પછી ?'

'પછી મને એક દિવસ થયું કે મારે આ રીતે નથી જીવવું. બીજાઓની અપેક્ષા પૂરી કરતાં નથી મરવું. મારે કંઈક સંતોષ થાય એ રીતે જીવવું છે, મારા મનમાં જે વિચારો છે, હૃદયમાં જે લાગણીઓ છે તેને વફાદાર રહીને જીવવું છે. મારે આદર્શ ગૃહિણી હવે નથી રહેવું, સાચી સ્ત્રી બનવું છે, સાચી વ્યક્તિ બનવું છે.'

ચમકીને મેં એની સામે જોયું. અંધારામાં મોં પરના ભાવ દેખાયા નહિ. માત્ર એનો અવાજ આવ્યો : 'ઘરમાં મેં વાત કરી ત્યારે બધાંને નવાઈ લાગેલી. સતી સ્ત્રી હોય, વીરાંગના હોય, વિદુષી નારી હોય... પણ સાચી સ્ત્રી એટલે શું ? ઇતિહાસમાં એવો કોઈનો દાખલો છે ?... અને પછી...'

'તારા પતિએ તને સાથ ન આપ્યો, નહિ ?' અલોપાએ પૂછ્યું.

'તે પછી તારી તકલીફો શરૂ થઈ ?' મિત્રા સ્વગત બોલતી હોય એમ બોલી.

વસુધાએ માત્ર માથું હલાવ્યું.

●

૨

લાંબા સમયથી લગ્નના આગલા દિવસથી છેક, એક ઇચ્છા મનના ગોપનગૃહમાં સંતાડી રાખી હતી. વચ્ચે વચ્ચે એને બહાર કાઢીને જોઇ લેતી. ક્યાંક એનાં પર રજ ન ચડી ગઈ હોય, ક્યાંક એનું સ્વરૂપ સમૂળગું બદલાઈ ન ગયું હોય ! અને દરેક વખતે ઇચ્છાને એવી ને એવી જ્વલંત જોઈને પ્રસન્ન થતી; પણ પાછી એને ગુપ્તતાની ડબ્બીમાં બંધ કરી મૂકી દેતી. હજી વાર છે, સમય આવ્યો નથી.

પણ તે દિવસે એક જોરદાર ઝપાટો આવ્યો અને બંધ બારીબારણાં એકીવારે ખૂલી ગયાં. વસુધાને થયું, આ જ સંકેત છે. હવે મોડું કરવાની જરૂર નથી.

તે દિવસે બપોરે, વ્યોમેશે પોતાની કંપનીના એક જુવાન અધિકારીના લગ્નના માનમાં ૨૫-૩૦ જણને આમંત્ર્યા હતા. સંગીતનો કાર્યક્રમ પૂરો થયા પછી ખાણી-પીણીનો કાર્યક્રમ શરૂ થયો. વાતો, વાનગીઓની ગરમ ગંધ, ઉલ્લાસ ઘોંઘાટની વચ્ચે બારણાં પર ઘંટડી વાગી તે માત્ર વ્યોમેશે સાંભળી. હળવેથી બારણું ખોલી તે બહાર ગયો ને બે મિનિટમાં પાછો આવી ગયો. મહેમાનનું - કોઈનું ધ્યાન ન ગયું. માત્ર વસુધાએ 'કોણ હતું ?' ના ભાવથી એના તરફ દૃષ્ટિ માંડી. પણ વ્યોમેશ તો હસીને મિત્રોને ખાવાનો આગ્રહ કરવામાં રોકાઈ ગયો હતો.

પાર્ટી પૂરી થઈ ને બધાં ગયાં, પછી વ્યોમેશ વસુધા પાસે આવ્યો.

'વસુધા, ફૈબા ગુજરી ગયાં.'

'ફૈબા ? ક્યારે ?' વસુધા ચોંકી ગઈ. 'તમને કોણે કહ્યું ?'

'આજે તાર આવ્યો. પાર્ટી ચાલતી હતી ત્યારે.'

વસુધાને જરા આઘાત લાગ્યો. 'ફૈબા ગુજરી જવાનો તાર આવ્યો અને તમે પાર્ટી ચાલુ રાખી ?'

'તો શું કરું ?'

'જે સ્ત્રીએ તમારાં બાની જગ્યા લીધી, તમને પોતાના પુત્ર ગણી, પેટે પાટા બાંધી મોટા કર્યા તેનું અવસાન થયું ત્યારે તમે એમ કહો છો કે શું કરું ?' વસુધાના અવાજમાં સહેજ તીખાશ આવી. 'એમાં શું કશું કરવાનું હોય છે ?'

'વાહ, એમ કેમ બોલે છે ? નાનપણમાં બા ગુજરી ગયાં પછી ફૈબાએ મારી સંભાળ લીધી ન હોત તો મારી જિંદગી સાવ વીખરાઈ ગઈ હોત એની મને શું ખબર નથી ? પણ ઘરમાં મહેમાનો હોય, ખાવા-પીવા ને હાસ્ય-હિલ્લોળનો કાર્યક્રમ ચાલતો હોય એવે વખતે મારે હસીને બધાંમાં હળીમળી ગયા વિના છૂટકો હતો ? ત્યારે વાત જાહેર કરું તો રંગમાં ભંગ ન પડે ?'

વસુધાએ ડોકું હલાવ્યું. 'કોને ખબર, હું એમ ન કરું, હું કોઈ દિવસ એમ ન કરું...'

'તો પછી મારે શું પાર્ટી વિખેરી નાખવી જોઈતી હતી ?' વ્યોમેશનો અવાજ જરા ઊંચો થઈ ગયો. 'આવેલા મહેમાનોને પાછા મોકલી દેવા જોઈતા હતા ? મને કહીશ જરા, મારે શું કરવું જોઈતું હતું ?'

'કોઈએ શું કરવું જોઈએ તે હું કહી શકું નહિ.' વસુધાએ પણ તીવ્રતાથી કહ્યું : 'પણ હું શું કરું તે હું કહી શકું. મને દુઃખ થયું હોય તો હું એક રીતે વર્તું, દુઃખ ન થયું હોય તો જુદી રીતે. એમાં સચ્ચાઈ છે. માણસ પોતાને ખરેખર જે લાગતું હોય તે પ્રમાણે જીવે એમાં સચ્ચાઈ છે.'

વ્યોમેશ સહેજ ચોંકીને વસુધા સામે જોઈ રહ્યો. વસુધા પણ પોતાને વિશે આશ્ચર્ય અનુભવી રહી. આ વાતો પોતાના કયા તળમાંથી ઉપર આવી ? વ્યોમેશ સાથે આજ સુધી ક્યારેય તે આ રીતે બોલી નહોતી. તેને હંમેશા એમ લાગતું આવેલું કે પોતે વ્યોમેશથી જાણે દબાયેલી છે. એના અભિપ્રાયથી જુદો અભિપ્રાય ઉચ્ચારતાં આજ સુધી હંમેશા તેને કંઈક ભય લાગ્યો હતો. આજે તેની અંદર આ કયા પંખીએ પાંખો ફફડાવી ?

'તો શું તારું એમ કહેવું છે કે ફૈબા ગુજરી જવાનું મને દુઃખ નહોતું થયું ? અથવા મેં ત્યારે સમાચાર ન આપ્યા તેથી હું ખોટો બની ગયો ? એ કાંઈ મારી લાગણીનો સવાલ નહોતો. પાર્ટી સફળ થાય એ મારી જવાબદારી હતી. તું શું એમ કહેવા માગે છે કે બીજાનો અથવા સંજોગોનો ખ્યાલ ન કરવો અને પોતાના હૃદયમાં જે તરંગ-આવેગ ઊઠે તે પ્રમાણે વર્તી નાખવું ?'

મૃત્યુથી થતો શોક – એને હૃદયનો તરંગ ન કહેવાય... વસુધાના મનમાં આવ્યું, પણ તેણે એ કહ્યું નહિ. શાંત અવાજે બોલી : 'આ કાંઈ દલીલનો વિષય નથી. હું તો માત્ર એટલું જ કહું છું કે મારી અંદર ખરેખર તીવ્ર દુઃખ હોય તે વખતે પાર્ટીના હાસ્ય-હિલ્લોળ માણવાનું મારાથી ન બને.'

હવે વ્યોમેશ ગુસ્સે થઈ ગયો. 'તો શું તું તારી બધી લાગણીઓને જેવી હોય તેવી જ પ્રકટ કરે છે ? હૃદયમાં જે ઊગે તેમ જ વર્તે છે ? તું શું આખોય વખત જેવી અંદર છે તેવી જ બહાર દેખાય છે ? મારી સાથે, છોકરાઓ સાથે, શાકભાજી વેચનારા સાથે તું જે છે તે જ વ્યક્ત થાય છે ? તું શું છે તેની તને પૂરેપૂરી જાણ છે ? તારી અંદર શું વિચ્છિન્નતા, વીખરાવ નથી ?'

ધડાધડ કરતા શબ્દો ફંગોળાયા. વસુધા સાંભળી રહી. બોલી નહિ. તે ફક્ત તર્કનો આશ્રય લેવા નહોતી માગતી. તમારી દલીલો ગુસ્સામાંથી આવેલી છે, સમજમાંથી નહિ. હૃદયની સચ્ચાઈ એક જુદી બાબત છે - તેણે મનોમન કહ્યું.

વ્યોમેશ ગુસ્સામાં જ બીજા રૂમમાં ચાલ્યો ગયો. વસુધા ઘણી વાર સુધી બેઠી હતી તેમ જ બેસી રહી. પછી સાંજ થતાં ઊઠીને અગાસીમાં ગઈ. તેના મનમાં એક જ વાત ઘૂમરાતી હતી : આ ફૈબાના મૃત્યુનો તાર હતો. કોઈક દિવસ એ પોતાના મૃત્યુનો પણ હોઈ શકે. તે દિવસે પણ કદાચ વ્યોમેશ પાર્ટીમાં હશે. ત્યારે પણ તાર વાંચી તેની ગડી વાળી એ ખિસ્સામાં મૂકશે અને ફરી મિત્રના પ્યાલા સાથે પ્યાલો ટકરાવી પીવા લાગશે... આનંદોત્સવમાં જરા સરખીયે તિરાડ પડવા દીધા વિના... પોતે ક્યાંક દૂર વ્યોમેશની નિકટતાની ઝંખના કરતી અંતિમ શ્વાસ લેશે... અને એ જાણ્યા પછી વ્યોમેશ કહેશે - તો એમાં હું શું કરું ?

પોતાના જીવનનાં સર્વોત્તમ વર્ષો અર્પી દીધાં, તે આ સંબંધનું અંતે શું આ જ મૂલ્ય રહેવાનું હતું ?

છતાં વ્યોમેશની એક વાત સાચી પણ હતી. પોતે તો હૃદયની લાગણી પ્રમાણે ક્યારેય વર્તી નહોતી. હંમેશા બીજાઓ શું કહેશે, તેમને કેવું લાગશે તેનો જ વિચાર કર્યો હતો. તે તો પોતાના હૃદયને ઉવેખીને જ જીવી હતી. આ ઘર, આ સંસાર. એના હજારો વ્યવહારોની રોજેરોજ થયા કરતી ગૂંથણી... એ બધાંમાં એના હૃદયે કંઈક જુદું જ ઇચ્છ્યું હતું, અને એણે કંઈક જુદું જ કર્યું હતું. એને કરવું પડ્યું હતું. કોણે પાડી હતી એ ફરજ ? ક્યાં અદીઠા રાજદંડે ? અને શા માટે પોતે એ રાજદંડની આમન્યા જાળવી હતી ?

સૂરજ ડૂબવા લાગ્યો હતો. પશ્ચિમ બાજુનું આકાશ લાલ રંગમાં ખીલી ઊઠ્યું હતું. જોતજોતામાં સંધ્યાએ આખા વાતાવરણને પોતાની મધુરતામાં લપેટી લીધું.

વસુધા આંખ માંડીને જોઈ રહી. તેને આવી હજારો સાંજ યાદ આવી, જ્યારે બીજું કશું જ કરવાની ઇચ્છા ન હોય, માત્ર અગાસીમાં બેસી આકાશ જોયા કરવાનું મન હોય, એકાંતમાં વિચાર વગરનાં થઈને બેસી રહેવાનું મન હોય !

પણ એવી તક તેને ભાગ્યે જ મળતી. એ સમય વ્યોમેશનો કામ પરથી ઘેર આવવાનો સમય હતો. અને એ આવે ત્યારે વસુધા સ્વાગત માટે હાજર હોવી જોઈએ – ચાનો કપ ધરવા માટે, ઑફિસમાં આખા દિવસમાં શું શું બન્યું અને દાવડા ને દેસાઈ કેવા લડ્યા તેની વાત સાંભળવા માટે. વસુધાની ઘરમાં હાજરી હોવી – એ આખો દિવસ નોકરી કરીને ઘેર આવેલા વ્યોમેશની જરૂરિયાત હતી. શરૂઆતમાં એક વાર એ સાંજે આમ અગાસીમાં, આકાશમાં ખોવાયા જેવી ઊભી હતી અને વ્યોમેશ એના વગરના ઘરમાં દાખલ થયો ત્યારે ગુસ્સાથી એણે ઘર માથે લીધું હતું. બસ, ત્યાર પછી એ વ્યોમેશના આવવાના સમયે હંમેશા બારણામાં હાજર રહેતી. ક્યારેક બહાર ગઈ હોય ને પાછાં આવતાં થોડું મોડું થઈ જાય તો ફફડતી કે ક્યાંક વ્યોમેશ ઘેર ન આવી ગયો હોય !

એ પછી તો ઘણાં વર્ષો વીતી ગયાં હતાં, પણ વસુધા હંમેશાં વ્યોમેશથી ભય

પામતી જ રહી હતી. આજે એનામાં વ્યોમેશથી વિરુદ્ધ વાત કહેવાની અને એ વાતમાં દૃઢપણે ટકી રહેવાની હિંમત ક્યાંથી આવી ?

તો શું આજે સમય આવી ગયો હતો ? ઇચ્છાનું એક પંખી આમન્યાઓના બંદીગૃહમાં વર્ષોથી ચુપ બેઠું હતું તે આજે શું સળિયા તોડીને બહાર ઊડી આવ્યું હતું ?

મૃત્યુએ એક પડદો પાડ્યો હતો,

અને એક પડદો ઊંચકી લીધો હતો;

મનુષ્ય-મનુષ્ય વચ્ચેના સંબંધ પરનો પડદો, પોતાના ને વ્યોમેશના સંબંધ પરનો પડદો.

વસુધા માટે અગાસીમાંની સાંજ કેવળ પવનમાં ફરફરતી સુખદ ક્ષણો જ નથી, સાંજ સાથે તેનું એક વિશેષ અનુસંધાન છે. એની પાછળ એક મોટી વાત પડેલી છે.

ઘણાં વર્ષ પહેલાં...

તેનાં લગ્ન થવાનાં હતાં. પુરજોશમાં તૈયારીઓ ચાલતી હતી. આશા, આનંદ, ભય, ઉત્સુકતા ને ખિન્નતાના વિચિત્ર સંમિશ્રણથી તેનું મન ઘેરાયેલું હતું. લગ્ન-દિવસની આગલી સાંજે અગાસીમાં સૂકવેલાં વડી-પાપડ એકઠાં કરી લાવવા તે ઉપર ગઈ હતી. સાંજનો સમય આમ પણ તેને ખૂબ ગમતો. રોજ સાંજે તે અડધો-પોણો કલાક અગાસીમાં ગાળતી અને આકાશમાંથી વરસતી પ્રકાશ-અંધકારની સંધિપળોમાં ન્હાઈને જાણે તાજી થઈ જતી. તે દિવસે પણ આકાશમાં લાલ-સોનેરી રંગની રમણા એવી સુંદર હતી કે તે મોહાઈ ગઈ. કામ ભૂલીને ત્યાં બેસી પડી. તેને થયું, પોતે બસ આમ બેસી જ રહે, હૃદયને તૃપ્તિ ન થાય ત્યાં સુધી આ સૌન્દર્ય નીરખ્યા જ કરે. આદિત્ય હોત તો આ વાત તે સમજ્યો હોત. અમથાં અમથાં આકાશ ભણી આંખ માંડી રહેવાની વાત તે સમજ્યો હોત ! પણ મામાને ઘેર મહિનો ગાળવા આવેલા, માબાપ વગરના, ધુમક્કડ આદિત્યનો પત્તો તો હિમાલયના પહાડો જ આપી શકે. એની અજબગજબની વાતો સાંભળતાં, અજાણતાં જ પોતાને એની ક્યાંક મોહિની લાગી હતી એની જાણ પોતાનેય પાછળથી થઈ, તો આદિત્યને તો એની ખબર

ક્યાંથી જ હોય ? પણ એ વાતને તો એણે ક્યારનીયે મનમાંથી કાઢી નાખી હતી. અને આવતી કાલે તો તે લગ્ન કરીને સાસરે જવાની હતી - એક એવા માણસને પરણીને, જેને બે-ત્રણ વાર માંડ જોયો છે અને અંતરંગ વાતો તો જેની સાથે કશી કરી જ નથી !

એક ક્ષણ એને થયું : ધારો કે આ છેલ્લી ઘડીએ હું કહું કે મારે લગ્ન નથી કરવાં, તો ? વ્યોમેશ પસંદ નથી કે એવા કોઈ કારણે નહિ. છોકરો સારો છે. પૈસેટકે સુખી છે. પણ તેથી શું ના ન પાડી શકાય ? ઘણું-બધું નક્કી થઈ ગયું હોય, તેથી શું ના ન પાડી શકાય ?

સાધારણ સ્થિતિનાં માતાપિતાની પાંચ દીકરીઓમાંની પોતે ત્રીજી દીકરી. દીકરીનાં માબાપ હંમેશ ચિંતામાં રહે. છોકરો શોધતાં ખૂબ મહેનત પડે. આ ગોઠવાયું તો માબાપને માંડ હાશ થયું હતું. હજી બીજી બે દીકરીઓ તો બાકી હતી. હવે ના પાડે પોતે તો માબાપ શું કહે ? સામો પક્ષ શું કહે ? કુટુંબીઓ, પાડોશીઓ, લોકો શું કહે ?

બહારના કોઈ કારણ માટે નહિ, પણ માત્ર મન નહોતું તે માટે ના પાડવાનો અધિકાર પામવા તેનું મન તરફડી રહ્યું. લગ્ન જેવી આખા જીવનને સ્પર્શતી બાબતમાં પણ હું મારી ઇચ્છા પ્રમાણે કાંઈ કરી શકું નહિ ? પોતાની પર દેખીતાં, અણદેખીતાં, નજીકનાં, દૂરનાં દબાણો હતાં. દીકરી થઈને જન્મી હતી એટલે, સૈકાઓથી ચાલી આવેલી, સમાજના પ્રત્યેક થરના પ્રત્યેક માબાપની દીકરીને ઝટપટ 'ઠેકાણે' પાડવાની તાલાવેલીનું પોતાની પર દબાણ હતું. આ દબાણોથી મુક્ત થઈને શું પોતે ક્યારેય જીવી ન શકે ?

પ્રકાશ સાવ આથમી ગયો. અંધારું ફેલાવા લાગ્યું. આકાશમાં થોડા તારાઓ નીકળી આવ્યા. વસુધા બેઠી હતી તેમ જ બેસી રહી. આકાશ ખૂબ દૂર હતું તોય નજીક લાગ્યું. એક વિશાળ સફેદ પંખી દૂર અંધારામાંથી ઊડતું આવી નજર સામેથી પસાર થયું. વસુધાની આંખ સામે પ્રકાશની એક રેખા દોરાઈ. તેને થયું, આકાશ તેને કંઈક કહેવા માગે છે, કંઈક સંદેશ આપવા માગે છે. કાલે લગ્ન છે ! કાલથી પોતે જવાબદારીના પિંજરામાં પુરાઈ જશે. આ પંખી કેટલું મુક્ત હતું ! તે મુગ્ધ થઈને તેનું ઊડવું નીરખી રહી, તેની સાથે ઊંચે ઊડી રહી;

વિશાળ સીમાહીન, અંતહીન આકાશમાં પવનથી સંચરિત સઢવાળી નૌકાની જેમ તે અવકાશમાં સરવા લાગી. એક ઝીણું ગીત તેના કંઠેથી નીકળી રેલાવા લાગ્યું. એ પોતાનું ગીત હતું ? કે પંખીનું ? કે આકાશનું ? કે પછી પોતે એ બધાં સાથે એકરૂપ થઈ ગઈ હતી ? આકાશના ઉદારપણે, મૃદુપણે પથરાયેલા બાહુમાં, પંખી શ્રદ્ધાથી-સ્વેચ્છાથી ઊડતું જતું હતું, અને એક લય હતો, તેમાં એક સંગીત હતું. તેને થયું : જીવન આવું હોવું જોઈએ, આકાશમાં પંખીની ઉડાણ જેવું, હળવું, બહારનાં દબાણો વગરનું, છતાં સમગ્રના તાલમાં તાલ મિલાવતું, ગીત ગાતું, ઊંચાઈઓ ભણી સફર કરતું...

ઘણો સમય વીતી ગયો ?

નીચે શરણાઈના મંગલસૂર વાગવા માંડ્યા. ઢોલીડાએ ઢોલક પર થાપ દીધી. ગરબા ગાવા આંગણામાં એકઠી થયેલી બહેનપણીઓની નીચેથી બૂમો આવી : 'વસુધા, વસુધા, તું ક્યાં છે ? અમે તારી રાહ જોઈએ છીએ.'

વસુધાએ આકાશ પરથી આંખ ઊંચકી લીધી.

બહેનપણીઓનું ટોળું હડુડુ કરતું ઉપર આવ્યું.

'વસુધા !'

વસુધા જવાબ આપ્યા વિના તેમની સામે જોઈ રહી.

'હાય હાય, વસુધાને કંઈક થઈ ગયું લાગે છે.'

છોકરીઓ ગભરાઈ ગઈ. એક જણે પાસે આવી બીતાં બીતાં તેના ખભા હલાવ્યા. વસુધા સચેત થઈ ગઈ. 'શું છે ?' તેણે અસ્વસ્થ સ્વરે પૂછ્યું.

'શું છે શું ? જવાબ કેમ નહોતી આપતી ? ઊંઘ આવી ગયેલી કે શું ?' એકે પૂછ્યું.

'બહુ ઉજાગરા કર્યા છે ?' બીજી બોલી.

'ઉજાગરા તો હવે કરશે ને !' ત્રીજીએ ટીખળ કર્યું.

'અરે, અમે ગરબા ગાવા તારી વાટ જોઈએ છીએ ને તું અહીં ઊંઘ ખેંચે છે, વાહ રે વાહ !'

વસુધા આકાશમાંથી પૂરેપૂરી પૃથ્વી પર આવી ગઈ. 'હા, જરા ઊંઘ આવી ગઈ હતી', તેણે મૃદુતાથી કહ્યું. અગાસીમાંથી ઊતરતાં વળી ફરી એક વાર તેણે ઊંચે નજર કરી. તેને થયું, આકાશનો એક અંશ પોતાની અંદર પ્રવેશ્યો છે.

રાતે સૂતી વખતે તે એકલી પડી ત્યારે સાંજની આ આખીયે ઘટના તેણે ફરી વિચારી જોઈ. તેને લાગ્યું કે પંખીના ઉડાણ દ્વારા આકાશે તેને કોઈક સંદેશ મોકલ્યો હતો. તે દિવસે પહેલી વાર તેની તરુણ ભૂમિમાં એક બીજ વવાયું : કોઈક દિવસ હું આકાશમાં ઊડતા પંખી જેવું જીવન જીવીશ. પોતાની જાતને વચન આપતી હોય તેમ તેણે મનોમન કહ્યું : 'આજે ભલે હું લગ્ન કરું, સંસાર વસાવું, પણ દૂર-સુદૂરના કોઈક દિવસે હું મારી ઇચ્છા પ્રમાણે મારા લયમાં જીવીશ. હા પાડવી હશે તો હા પાડીશ, ના પાડવી હશે તો ના પાડીશ. કોઈ દબાણ હેઠળ હું નહિ જીવું. હું મારું પોતાનું એક ગીત રચીશ અને હું પોતે તે ગાઈશ.

*

આજે અગાસીમાં તે નિરાંતે બેઠી ત્યારે સ્મૃતિના બંધ ગર્ભગૃહમાં જતનથી ગોપવી રાખેલી એ ઘટના તે ફરી વાર તીવ્રતાથી જીવી.

કદાચ હવે એ જીવનની શરૂઆત કરવાનો દિવસ આવી ગયો હતો.

આટલાં વર્ષો પતિ-બાળકોને સાચવવામાં, ઘર ચલાવવામાં, સંસારનાં કર્તવ્યો પૂરાં કરવામાં જે એક સરકણું તત્ત્વ વારે વારે દેખા દઈ છટકી જતું હતું, તે મોહક અલપઝલપ દેખાયેલું તેજસ્વી તત્ત્વ પામવાની શરૂઆત કરવાનો સમય આવી ગયો હતો.

'આવતી કાલે'... તેણે ધીમેથી પોતાની જાતને કહ્યું.

•

૩

જે દિવસો, મહિનાઓ, વર્ષો જિવાઈ ગયાં હતાં તેનો મોટો વીંટો વાળી રાખ્યો હતો. આજે એકલાં બેસી એક વાર એ જોઈ જવાનું મન થયું. એ દીર્ઘ પટ પર ભરચક આલેખનો હતાં. પણ એમાં આનંદ-ઉત્સવના લાલ-લીલાં ફૂલ ભાગ્યે જ દેખાયાં. ક્યાંક ઘાસની થોડી હરિયાળી પત્તી. બાકી બધું જ કામની ભૂખરી રેખાઓથી ખીચોખીચ ભરેલું હતું.

પરણીને આવી તે દિવસથી બસ, કામ અને કામની કંદરાઓમાં, ઊંડી અંધારી કોતરોમાં ચાલ્યા કર્યું હતું. નાનપણની જેમ અગાસીમાં જઈ ખુલ્લા આકાશ હેઠળ બેસી તાજાં થઈ જવાનું જો મળ્યું હોત...!

ઘરને અગાસી તો હતી. વ્યોમેશ વ્યવસ્થિત અને દીર્ઘદ્રષ્ટિવાળો માણસ હતો. ઘર બંધાતું હતું ત્યારે જ બે ફ્લૅટ સાથે લઈ લીધા હતા. લગ્ન થશે, છોકરાં થશે, એમનાં પણ લગ્ન થશે – ત્યારે જગ્યા જોઈશે. ત્યારે ભાવ ઘણા વધી ગયા હોય ! નાની ઉંમરથી જ કમાવાનું શરૂ કરી દીધું હતું. પોતાની બચત, થોડી બાપની મિલકત, થોડી ફૈબાની મદદ અને બીજી લોન લઈ જગ્યા લઈ લીધી હતી, ઘરમાં જરૂરી ફેરફાર કરાવ્યા હતા. ગૅલરીમાં રૂમની થોડી જગ્યા ઉમેરી નાનકડી અગાસી બનાવી હતી.

વસુધા પરણીને આવી ત્યારે ફૈબા અને વ્યોમેશ બે જ જણ ઘરમાં હતાં. 'બે જણ વચ્ચે આટલું મોટું ઘર ?' તેને નવાઈ લાગેલી. પણ અગાસી જોઈને તેની આંખમાં ચમક આવી હતી. 'સરસ અગાસી છે !' તે બોલી પડી હતી.

ફૈબાએ ગર્વથી કહ્યું : 'હા, ખાસ કરાવી છે. દાણા તડકે નાખવા કે અથાણાંની કેરી સૂકવવા બહુ કામ લાગે છે.'

વસુધાએ ક્ષણવાર ફૈબા સામે જોયું. ફૈબાનો આ પહેલો પરિચય હતો.

આવડા મોટા ઘરની સફાઈ કરવામાં ઘણો સમય જતો. વ્યોમેશને બધું

સ્વચ્છ જોઈએ. ક્યાંય પણ ધૂળમાં ક ખ ગ લખાય તો ન ચાલે. વસુધા સવારથી સાંજ કામ કર્યા કરતી. ફૈબાની કાક નજર હંમેશા તેની પીઠ પાછળ નિશાન તકાઈ રહ્યું હોય ! ગભરાઈને તેણે પાછળ જોયેલું. ફૈબાની જ આંખો હતી. તે દિવસે બહુ ખરાબ લાગેલું. લોકો લગ્ન કરીને મને અહીં લાવ્યાં છે, પણ મને પોતાની કરી નથી. મારા પર આમ ચોકી શા માટે રાખવી જોઈએ ?

બહેનપણીઓએ કહેલું : 'તારે તો મઝા છે. સાસરિયામાં ફક્ત બે જ જણ છે.'

માએ પણ કહેલું : 'તારે સાસુ-સસરા તો છે નહીં. છે માત્ર ફૈબા. એનું ને વ્યોમેશનું મન રાજી રાખજે એટલે બસ, તને કાંઈ તકલીફ નહિ પડે. માબાપનું ઘર છોડતાં દીકરીને દુઃખ તો થાય, પણ પછી ત્યાં એટલી બધી પરોવાઈ જઈશ કે અમે બધાં યાદ પણ નહીં આવીએ.'

દીકરીએ જ માબાપને છોડવાનું દુઃખ સહન કરવાનું ? તેણે જ બીજાને રાજી રાખવાનાં ? વસુધાને ઘણી નવાઈ લાગતી. ફૈબા ને વ્યોમેશને તો કોઈએ કહ્યું નહિ હોય કે એક ગભરુ છોકરી પોતાનું ચિર-પરિચિત ઘર, વહાલસોયાં માબાપ, ભાઈ-બહેનોના લાડપ્રેમ, જેમની સાથે છેક નાનપણથી રમી છે તે સખીઓ, આંગણાનો લીમડો અને ભાવોર્મિઓનું નિ:સંકોચ નર્તન છોડીને અહીં આવે છે તો એના મનને રાજી રાખવાની વધારે જરૂર છે; એને સાચવજો, એની આશા ને સપનાનું જતન કરજો ! દીકરીને હંમેશા પ્રેમ ને સેવાથી સાસરિયાનું મન જીતી લેવાની શિખામણ અપાય છે, કોઈ પતિને, સાસુને, નણંદને કહેતું નહિ હોય કે બે કુમળાં ચરણ પોતાની કેડી છોડી આ વાટે આવ્યાં છે, તેનાં મારગે કાંટા ન વેરાય તે જોજો !

ફૈબા તેને ઘડી વાર પણ પગ વાળીને બેસવા દેતાં નહીં. એક સ્ત્રી વહુ હોય એટલે શું તેને થાક લાગતો જ નહિ હોય એમ માનીને ચલાવવાનું ? તે વડીલ હતાં તે બરોબર. કામકાજની સૂઝ તેમને વધારે હોય તે પણ કબૂલ. પણ તેથી બીજા માણસ પર આમ ફરમાનો છોડવાની આ શી ઘેલછા ? 'વસુધા, ચાદર મેલી થઈ ગઈ છે, ધોવા નાખી દેજે.... ભીંડા ભીના કપડાથી લૂછીને પછી સમારજે...તુવેરના દાણા ફોલતાં ધ્યાન રાખજે, કોઈ સડેલા ન હોય...'

ફક્ત કામ જ નહિ, કામની રીત પણ તેમની જ અખત્યાર કરવાની. 'ભીંડામાં મેથીનો વઘાર મૂકવો જ જોઈએ...દૂધીનું શાક રસાવાળું જ કરવું જોઈએ... કપડાં આમ ગડી વાળીને ગોઠવવાનાં.'

રીત એમની. સમય પણ એમનો. 'મોદીને ત્યાંથી સામાન આજે આવ્યો, એ આજે જ ઠેકાણે પાડી દેજે...' 'સાબુના પાણીમાં કપડાં પહેલાં બોળી દે, પછી લોટ બાંધજે...' 'કાચનાં વાસણ પર ડાઘ પડેલા છે, બપોરે ગરમ પાણી ને સાબુથી સાફ કરી નાખજે.'

કામ કરવું નથી ગમતું એમ નહીં. ગાતાં ગાતાં કામ કરવાની મઝા એણે માણી છે. પણ હંમેશાં સૂચનો હેઠળ, આજ્ઞા ઉઠાવતાં હોઈએ એ રીતે કામ કરવાનું નથી ગમતું.

ધર્મ પણ એમનો. 'તારે ઘેર ભલે તું શ્રીનાથજીની પૂજા કરતી હો, અહીં તારે દેરાસર જવાનું.'

કેટલાક કામ કરવાનું સ્વભાવમાં નથી. જેમ કે હિસાબ રાખવો. વસુધાને એ આના-પાઈ લખવાનું ગમતું નહિ. પિયરમાં માને કહી દેતી : 'મા, આમ આમ પૈસા ખર્ચ્યા છે.' બસ, પછી માને હિસાબ લખવો હોય તો લખે. તે પોતે લખતી નહિ. માએ કદી કહ્યું નહોતું કે હિસાબ લખવો પડશે.

પણ ફૈબાએ કહ્યું : 'વસુધા, રોજેરોજ જે પૈસા ખર્ચાય તેનો હિસાબ લખજે, હો !'

વસુધાથી બોલી દેવાયું : 'મને હિસાબ લખવાનું નથી ગમતું, ફૈબા !' તેના અવાજમાં વિરોધ નહોતો, માત્ર હકીકત-કથન હતું, તોયે ફૈબાનો અવાજ ઊંચો થઈ ગયો. 'નથી ગમતું એટલે ?' તે એવી રીતે તાકી રહ્યાં વસુધા સામે – જાણે કહેતાં હોય : તારાથી આવું બોલાય જ કેમ ? તને શું કરવું ગમે છે ને શું નહિ, તેનો કોઈ સવાલ જ નથી. અમે તને કહીએ તે કામ તારે કરવાનું છે.

વસુધા ફૈબાનો ચહેરો જોઈને સહેજ ડરી ગઈ. બીજા દિવસથી હિસાબ લખવાનું શરૂ કર્યું : બે આનાની કોથમીર, ચાર આનાની ભાજી, આઠ આનાનાં કેળાં... ભૂલી જવાતું. કંટાળો આવતો. પણ નાનપણથી શીખવવામાં આવ્યું હતું કે સાસરામાં કોઈને નારાજ કરવાં નહિ, એટલે લખતી. બધાં કામ નીચા મોંએ કર્યા કરતી. વિચાર આવતો : પિયરમાં તો મનની વાત ખુલ્લી રીતે કહી શકાતી હતી. અહીં એવું શું છે કે મન પર તાળું મારી રાખવું પડે છે ?

ક્યારેક ફૈબાના ભૂતકાળ વિશે વિચારતી. નાનપણથી વિધવા થયેલી સ્ત્રી બધી રીતે કુંઠિત થઈ ગઈ હશે. કંઈ કેટલુંય સહન કર્યું હશે. એ યાતનાનો

ઇતિહાસ પોતે જાણતી નથી. દરેક વ્યક્તિનો પોતાનો એક-એક દિવસનો, એક-એક રાતનો ઇતિહાસ હોય છે. તેના કેટલા દિવસો વેદનાથી મલિન બની ગયા, કેટલી રાતો આંસુમાં પલળી ગઈ – કોઈને ખબર નથી હોતી. બહુ વર્ષો પછી કોઈના પર સત્તા ચલાવવાની તક મળી છે. કરી લેવા દો રુઆબ. થોડા દિવસ કરશે. ખબર પડશે કે પ્રતિકાર નથી થતો. ત્યારે જોર નહિ રહે.

પણ ખબર પડી. કેવળ રુઆબની જ વાત નથી. વહુ નામના પ્રાણી વિશે તેમને કંઈક જુદા જ ખ્યાલ છે. એક આંધળો ભય અને અવિશ્વાસ. આ છોકરી આવીને મારું સામ્રાજ્ય ઝૂંટવી તો નહીં લે ને !

તો પછી લગ્ન કરીને લઈ આવ્યા શું કામ ?

જાણ થઈ. વહુ એટલે એમને મન એક કામ કરનાર પ્રાણી છે, જેણે આખો દિવસ કામ કરતા રહેવાનું છે. પ્રશ્નો પૂછવાના નથી, દલીલ કરવાની નથી. આ ઘરમાં બધું ફૈબા કહે તેમ થશે, વ્યોમેશને ગમે તેમ થશે.

'વસુધા, આ કર ને તે કર. ફરસાણ વ્યોમેશને ખાસ નથી ભાવતું, પણ મીઠાઈ બહુ ભાવે છે. બહારની નહિ, ઘેર બનાવેલી....દાળમાં ટામેટાં જ નાંખજે, કોકમ વ્યોમેશને નથી ગમતાં...'

વ્યોમેશને શું ગમે છે, શું ભાવે છે તે દિવસમાં અનેક વાર સાંભળવા મળે છે, વસુધાને શું ગમે છે તે કોઈ જાણતું નથી. કોઈએ પૂછ્યું નથી, કારણ કે તેને શું ગમે છે, શું નહિ, તેની કોઈ કિંમત નથી. વસુધાને સાંજ ગમે છે,. અગાસી ગમે છે, ચુપ બેસી રહેવું ગમે છે. સૂર્યના તડકામાં ફૂલોનું સોનેરી ચમકવું, ચંદ્રના ઉજાસમાં દરિયાનું રૂપેરી મરકવું ગમે છે. ચુપચાપ બનતી આ ઘટનાનું એક સંગીત છે. એક સંગીત રાતની નીરવતાનું છે. એક સંગીત પરોઢના ઉઘાડનું છે, તે સાંભળવું ખૂબ ગમે છે... અને વાંચવું ગમે છે. કેટલી ચોપડીઓ તે વાંચતી ! મુનશી ને ધૂમકેતુ ને ર. વ. દેસાઈ જ નહિ, શરદબાબુ-ટાગોરના અનુવાદો, અરે શેક્સપિયર ને ઈબ્સનનાં નાટકનાં અનુવાદો પણ વાંચ્યા છે. શેલી ને મેથ્યુ આર્નોલ્ડનાં કાવ્યો સમજવા કોશિશ કરી છે. જે હાથે ચડે તે વાંચી નાખવાનો શોખ. પિતાને દીકરીના આ શોખ પર ખૂબ ગર્વ હતો : 'અમારી વસુધાને તો વાંચવાનો એટલો રસ ! પુસ્તક લઈને બેસે તો ખાવા-પીવાનુંય ભૂલી જાય.'

પણ વસુધાની એ ગર્વ લેવા જેવી વિશેષતા ફૈબા પાસે તો ગેરલાયકાત છે. 'ઘરમાં કામ ઓછું છે તે વાંચવા બેઠી છે ?' એક વાર વસુધાને વાંચતી જોઈ

તેમણે કહેલું : 'આમ જ્યારે ને ત્યારે ચોપડી ઉઘાડીને શું બેસવાનું ?'

વસુધા નવાઈ પામતી. પરણવાનો અર્થ શું એમ થાય કે સ્ત્રીએ પોતાના બધા રસ ને શોખ અભરાઈએ ચડાવી દેવાના ?

પણ થોડોક ભીરુ સ્વભાવ છે, વધારે તો નાનપણથી જે શીખવવામાં આવેલું તેનું ભાન છે. બોલતી નથી. ચુપચાપ કામ કર્યા કરે છે. કામમાં હૃદય ખીલતું નથી તેથી થાકી જાય છે. હાથપગ થાકી જાય છે, મન થાકી જાય છે, સૂચનાઓ સાંભળીને કાન થાકી જાય છે.

'વસુધા, મામીની બહેનની દીકરી ગુજરી ગઈ, સાંભળ્યું તેં ? સાંજે સાદડીમાં જઈ આવજે. પેલી સફેદ નવી સાડી લીધી છે તે પહેરજે. અને કાનની બુટ્ટી પહેરીને ન જતી. જુવાન મરણમાં આવું બધું સારું ન લાગે. પણ મંગળસૂત્ર ભલે રહ્યું. એનો વાંધો નહિ. પાછી આવે ત્યારે કંદોઈને ત્યાંથી થોડો માવો લેતી આવજે. મોહનથાળ બનાવવાનો છે, યાદ છે ને ?'

...મૃત્યુનો શોક અને મોહનથાળનો માવો – એક જ બોલમાં સાથે પરોવાઈ રહે છે. વસુધાને એ નથી ગમતું. દુઃખ ન થયું હોય તો દંભ શું કામ કરવો ? પણ ફૈબા વતી તેને જવું પડે છે.

'વસુધા, બાબુકાકાની ખબર કાઢવા જવાનું છે. જલદી પરવારી જજે. અને ખબર પૂછીને ઝટ પાછી આવજે. બહુ બેસવાની જરૂર નથી. હાજરી પુરાવી દીધી એટલે બસ.'

વસુધાને વાંધો નથી જવાનો, પણ ફૈબા કહે ત્યારે, તે કહે તેને મળવા જવાનું હોય છે, એ વાતથી જરા લાગી આવે છે. પોતાનાં એક માસી માંદાં હતાં, તેની ખબર કાઢવા જવું હતું. તે દિવસે ઘેર મહેમાનો હતાં. ન જવાયું. વસુધાએ વ્યોમેશ વતી વ્યોમેશના સંબંધો સાચવવાના હોય છે. પોતાના સંબંધો સચવાય – ન સચવાય !

વસુધાનો મૂળ સ્વભાવ આનંદનો છે, પણ અહીં એક તીક્ષ્ણ કાતર તેના સહજ આનંદના તાણાવાણાને ખચખચ કરતી કાપ્યા કરે છે. તેને કહેવાનું મન થાય છે : તમને ખબર છે ફૈબા ? હું કાંઈ બોલતી નથી, ચુપચાપ તમે કહો તેમ કર્યા કરું છું તેથી તમને લાગે છે કે હું આજ્ઞાંકિત છું. તમે તમારા કરતાં ગરીબ ઘરની છોકરી પસંદ કરી છે, જેથી તે કામ કર્યા કરે અને દાબમાં રહે. પણ હું

આજ્ઞાંકિત નથી, હું માત્ર ભીરુ છું, બોલતાં ડરું છું, અને તમે જાણતાં નથી કે મારે બધું તમારી ઇચ્છા પ્રમાણે જ કરવું જોઈએ એવી તમારી માન્યતાથી મને બહુ જ ત્રાસ થાય છે.

ફૈબા, સાસુએ હંમેશા દાબ ને રુઆબ દાખવવો જ જોઈએ, એવું તમને કોણે કહ્યું ? તમે મારે માટે પ્રેમ ને આત્મીયતા શા માટે અનુભવી શકતાં નથી ? હું પણ તમારા જેવી એક માણસ જ છું. પણ તમે રૂઢિથી એટલાં બધિર બની ગયાં છો કે તમને મારી અંદર કેટલો વંટોળ ઊડે છે એ દેખાતું નથી. તમને હું જ દેખાતી નથી. તમને દેખાય છે માત્ર વહુ, વ્યોમેશની વહુ, જેને તમે દીકરાની જેમ ઉછેર્યો છે, જેને માટે તમે ભોગ આપ્યો છે અને હવે જે ભોગના બદલામાં તમને એક રાજ્ય જોઈએ છે... માણસ બીજાને માટે ત્યાગ કરે, તેને પછી તેનું વળતર જોઈતું હોય છે; પૈસાના રૂપમાં જ નહિ, વર્ચસ્વના રૂપમાં – અધિકારના રૂપમાં...

સાંભળો ફૈબા, તમે પણ ક્યાંક ઊંડે ઘવાયાં હશો, વંચિત થયાં હશો. જીવનમાં જેને શાંતિ, સંતૃપ્તિ ન મળ્યાં હોય એ જ બીજાને દુઃખી કરવામાં આટલો રાજીપો અનુભવી શકે. ચાલો ફૈબા, આપણે જરા નજીક બેસીએ, હૃદય ખોલીને વાતો કરીએ. મને કહો, તમારા એવા કયા આઘાતો આવ્યા છે કે મારા જેવી નાની અજાણી છોકરી પ્રત્યે તમે આટલાં કઠોર બની રહ્યાં છો ? શંકા ને ભયનું તમારામાં વિષ કોણે ભર્યું ? સ્નેહ કરવાને બદલે સત્તા ચલાવવાની વૃત્તિ તમારામાં કોણે પ્રેરી ?

પણ આ બધું હું તમને કહી શકતી નથી કારણ કે તમે સાસુના સ્થાને છો અને હું વહુ છું. પરંપરાથી આપણો અવિશ્વાસ અને ઈર્ષ્યાનો, આદેશ અને આજ્ઞાંકિતાનો રહ્યો છે. માણસના સંબંધો નામ વડે જકડાયેલા હોય છે. નામમાંથી નીકળી જઈ એકબીજા સાથે સંબંધાવાનું તેને માટે મુશ્કેલ છે.

*

વસુધા મનોમન ફૈબા સાથે વાત કરતી, પણ પ્રગટપણે એવું બોલવાની એનામાં હિંમત નહોતી. વ્યોમેશને પણ તેણે કંઈ કહ્યું નહોતું. ખરું પૂછો તો વ્યોમેશનો વધુ પરિચય પણ તેને ફૈબા દ્વારા જ થયો છે. વ્યોમેશ નાનો હતો ત્યારે કેમ હસતો ને કેવી રીતે રડતો, ત્યારથી માંડી આજે તેને શું પસંદ છે, શાનાથી તે નારાજ થાય છે, કઈ બાબતે ગુસ્સાથી ઊકળી ઊઠે છે, નિશાળમાં

તેણે કેવાં પરાક્રમો કર્યાં હતાં અને નોકરીમાં તે કેટલી ઝડપથી આગળ વધ્યો છે એ બધું તે વસુધાને રસભેર કહેતાં. તેમનાં જીવનનું કેન્દ્ર વ્યોમેશ હતો. ઘરનું કેન્દ્ર પણ વ્યોમેશ હતો. શા માટે ઘરના કેન્દ્રસ્થાને કોઈ એક વ્યક્તિ હોવી જોઈએ ? આ ઘર તેણે ઊભું કર્યું છે એટલે ? પણ ફૈબા ન હોત તો આ ઘર સચવાયું ન હોત. છતાં ઘરનો અધિપતિ વ્યોમેશ છે, ફૈબા વ્યોમેશને અનુકૂળ થઈને જીવે છે : 'વસુધા, તું મગની દાળ બનાવે છે, પણ વ્યોમેશને એ ભાવતી નથી...' 'વસુધા, શાકમાં કારેલાં ન લાવતી, વ્યોમેશ કારેલાં નથી ખાતો.'

વસુધા પૂછતી : 'ફૈબા, તમનેય કારેલાનું શાક નથી ભાવતું ?'

ફૈબા કહે : 'લે, મને તો બહુ ભાવે, પણ વ્યોમેશ ખાય નહિ એટલે પછી હું બનાવતી નહિ. આ ઘરમાં વર્ષોથી કારેલાનું શાક બન્યું નથી.'

વસ્તુના ભોગવટામાં આનંદ છે, તેમ તેનો ત્યાગ કરવામાંયે એક પ્રકારનો સંતોષ હોય છે. વ્યોમેશને ફૈબાના આવા નાના-મોટા ત્યાગની ખબર હશે ?

અને –

વસુધા અચકાઈ. પછી મનમાં જ હસી. માણસને વિચાર પ્રકટ કરવાની બધી વાર છૂટ નથી હોતી, પણ વિચાર કરવાની તો છૂટ હોય છે ! તેણે વિચાર પરની લગામ છૂટી મૂકી. સામે પ્રશ્ન આવીને ઊભો : વ્યોમેશે ફૈબા ખાતર કંઈ ભાવતું કે ગમતું જતું કર્યું હશે ? પુરુષ કદી પત્ની કે મા કે માસી કે ફોઈ માટે ખાવા – ન ખાવાનાં વ્રત લેતો હશે ?

...શરૂમાં પાછાં ઘેર જવાનું મન થતું. રાહ જોતી. કદાચ ફૈબા કે વ્યોમેશ કહેશે : ઘર યાદ આવે છે ? થોડા દિવસ જઈ આવ પિયર. આટલાં વર્ષની માયા. મન ખેંચાતું હશે ને !

પણ પરણ્યા પછી પિયર માટે ખેંચાણ હોય એ ખાનદાન વહુનો ગુણ નથી ગણાતો. વ્યોમેશને માટે ફૈબા આટલું કરે છે, મારા મનની કોઈકેય ઇચ્છા તેમણે જાણી હોત ! એને સંતોષવા નાનોસરખોયે જો પ્રયત્ન કર્યો હોત !

એક દિવસ સવારે છાપાં-સામયિકો પરની ધૂળ ઝાપટતાં એકદમ શું સૂઝ્યું તે 'નવનીત' માસિકનો એક જૂનો અંક લઈને વાંચવા બેસી ગઈ. સૂર્યમાળમાં દસમો ગ્રહ છે કે નહિ, તેનો લેખ હતો. તે રસથી વાંચતી હતી ત્યાં ફૈબા આવ્યાં.

'વસુધા !' તેમનો અવાજ એટલો સખ્ત અને તીક્ષ્ણ હતો કે વસુધા ગભરાઈને ઊભી થઈ ગઈ. 'સવારના પહોરમાં વાંચવા બેઠી છે ? કાંઈ ખબર પડે છે કે નહિ ? આ તે કાંઈ વાંચવાનો વખત છે ?' વસુધા ચુપચાપ ચાલવા લાગી. વચ્ચે બેઠકખેડમાં જરા ડોકિયું કર્યું. વ્યોમેશ છાપું વાંચતો હતો. એ તેનો હંમેશનો ક્રમ હતો. કીટલીમાં બે કપ ચા ભરીને ધીરે ધીરે પીતાં તે છાપું વાંચતો. અડધો-પોણો કલાક એમાં જતો પછી ઝડપથી દાઢી કરી, નહાઈ, જમીને ઑફિસે જતો.

'આ તે કાંઈ વાંચવાનો વખત છે ?' – શબ્દો તેના કાનમાં અછડાયા કર્યા. ખરી વાત છે. કયા કામ માટે કયો વખત છે તે નક્કી કરનાર પોતે વળી કોણ ? એ તો ફૈબાનો જ અધિકાર.

વ્યોમેશને ફૈબાએ કદી આવું કહ્યું હશે ? તે તો પોતાને જ્યારે જે ઇચ્છા થાય તે કરે છે !

વ્યોમેશે પણ એક વાર બરોબર આમ જ કહ્યું હતું : 'આ તે કાંઈ અગાસીમાં બેસવાનો સમય છે ?'

બાળકો નહોતાં થયાં ત્યાં સુધી વસુધાનો એક ક્રમ બંધાઈ ગયો હતો. રોજ સાંજે હાથમોં ધોઈ વ્યવસ્થિત થઈ વ્યોમેશની રાહ જોતી બાલ્કનીમાં ઊભી રહેતી. ફૈબાની આખા દિવસની ઝીણી ઝીણી વાતોની અણીથી વીંધાયા કરતું તેનું હૃદય વ્યોમેશને મળવા, તેની વાતો સાંભળવા, તેને સ્પર્શવા ઉત્સુક રહેતું. વ્યોમેશ આવે કે તેના હાથમાંથી વસ્તુઓ તે લઈ લેતી, જલદી ચા બનાવીને લઈ આવતી, વ્યોમેશની વાતો સાંભળતી, હસતી. પછી વ્યોમેશ ટપાલ આવી હોય તો જોતો, બાકી રહેલું છાપું પૂરું કરતો, કોઈ સામયિક ઉથલાવતો. વસુધા રસોઈ બનાવતી. રાતે બધું પરવારીને અધીર પગલે રૂમમાં જતી. વ્યોમેશના સાન્નિધ્યમાં ફૈબાની કચકચ ભૂલી જતી. વ્યોમેશના આલિંગનમાં તેના યુવા શરીરને એક અદ્‌ભુત સુખનો અનુભવ થતો. તેની આમંત્રણ આપતી નજરમાં વસુધાને પોતાની સાર્થકતા અનુભવાતી. એ તૃપ્તિ શરીરની હતી કે મનની તેની ખબર પડતી નહિ. આનંદમાં બધું એકરૂપ થઈ જતું.

સાંજે કોઈ વાર વ્યોમેશ આવીને કહે : 'આજે તો ઑફિસના કામમાં મન જ લાગતું નહોતું – ક્યારે ઘેર આવું તેમ થતું હતું. ઘેર આવી તારું હસતું મોં જોઉં તો બસ, દુનિયામાં મને બીજા કશાની જરૂર નથી.'

સાંભળીને વસુધા આખી ઓગળી જતી. એક ઝાકઝમાળભરી નગરીમાં પોતે આવી ગઈ છે તેમ લાગતું. ફૈબાને ભૂલી જતી. પિયરને ભૂલી જતી. ચારે તરફ રંગીન દીવા પ્રકાશી રહેતા.

એક દિવસ દીવા પર રાખોડી-ધુમ્મસ છવાઈ ગયું. અષાઢનો મહિનો હતો. ફૈબા બહાર ગયાં હતાં. આખું આકાશ શ્યામ સજલ વાદળથી ઘેરાયેલું હતું. હવામાં ભીનાશ હતી, માટીની સુગંધ હતી. વસુધા અગાસીમાં ગઈ અને ત્યાં જ બેસી પડી. પશ્ચિમમાં થોડાં વાદળ સર્યાં અને મેઘના કાળા પડદા પાછળથી ચંદ્રની બીજલેખા ચમકી ઊઠી. બીજના વળાંક વચ્ચે શુક્રનો તારો એવી રીતે આવી રહેલો હતો, જાણે તે ચંદ્રના પારણામાં સૂતો હોય. વસુધાને અગાસીમાં બેસીને પોતે કેવી તાજગી મેળવતી તે યાદ આવ્યું.

અચાનક કોઈનો હાથ ખભે મુકાયો. તે ચોંકી ગઈ. પાછળ જોયું તો વ્યોમેશ. 'આ તે કાંઈ અગાસીમાં બેસવાનો સમય છે ?' તેના અવાજમાં સ્નેહ હતો કે નારાજી ? 'હું ક્યારનોયે આવી ગયો છું. તું અહીં શું કરે છે ? તને ખબર નથી કે હું બહારથી આવું ત્યારે મારે તને બારણામાં ઊભેલી જોવી હોય છે ?'

પણ આજે, અત્યારે મને અહીં બેસવાનું બહુ જ મન છે... એવું કંઈક કહેવા વસુધાના હોઠ ફફડ્યા, પણ તે બોલે તે પહેલાં વ્યોમેશે કહ્યું : 'વરસાદ આવશે, ચાલ અંદર.' તેણે વસુધા ફરતા હાથ વીંટાળ્યા. વસુધાને ખબર ન પડી કે પોતે જાતે ચાલે છે કે વ્યોમેશ તેને ચલાવી લઈ જાય છે.

'મોસમનો પહેલો વરસાદ છે, નહિ ?' વ્યોમેશે વસુધાને વધુ નજીક લીધી. વસુધાનું શરીર તંગ થઈ ગયું. 'ના... ના...' વ્યોમેશે તેનો સુરેખ ચહેરો હડપચીથી ઊંચો કર્યો. 'ઠંડી લાગે છે ?' તેણે આલિંગનને વધુ ગાઢ બનાવ્યું. પહેલી વાર વસુધાને એ ભીંસમાંથી નીકળી જવાનું મન થયું અને પોતાની અનિચ્છાનો વ્યોમેશમાં કશો પડઘો પડ્યો નહિ, એની એને જાણ સુધ્ધાં થઈ નહીં, તેથી તેને માઠું પણ લાગ્યું.

ચુપચાપ તેણે સમર્પણ કરી દીધું. ક્યાંક ઊંડે તેને થયું : આવું માઠું હવે વારંવાર લાગવાનું છે.

●

૪

આ ઝાકઝમાળભરી નગરીના રંગીન દીવા ધીરે ધીરે, એક પછી એક હોલવાવા લાગ્યા અને વસુધા હતાશ થઈને જોતી રહી. સ્પર્શમાંથી ધીમે ધીમે બધી ઉત્તેજનાઓ ખરી પડવા લાગી હતી. મોસમના વરસાદની પહેલી સાંજે તેને ભાન થયું કે વ્યોમેશને પોતાની પાસેથી જે જોઈએ છે, અને પોતાને તેની પાસેથી જે જોઈએ છે તે બે વચ્ચે અંતર છે. વ્યોમેશને જે જોઈએ છે તે પોતે આપવું પડશે. પોતાને જે જોઈએ છે તે સૂક્ષ્મ અને નાજુક છે. એ માગી નહિ શકાય. વ્યોમેશ પાસે કદાચ એ હોય પણ નહિ.

તે સાંજે વસુધાનો હાથ હાથમાં લઈ તે જરા વાર ચુપ થઈ પાસે બેઠો હોત, અથવા ખભે હાથ મૂકી સ્નેહથી પૂછ્યું હોત : 'અહીં શું જુએ છે, વસુધા ?' તો વસુધાને લાગત કે શરીર સિવાયની બીજી કોઈ ભૂમિકા પર પણ અમે સાથે છીએ. તો આત્મીયતાની એક હળવી લહેરે તેના કમાડ ખોલી દીધાં હોત, અને પછી કદાચ તેણે લગ્નના દિવસની વાત કરી હોત. 'ખબર છે, મારે પરણવાની ના પાડવી હતી, પણ બોલવાની હિંમત ન ચાલી. હું જરા બીકણ છું...'

અને જવાબમાં : 'કોઈ વાર બીકણ થવામાંય લાભ હોય છે. તું તે વખતે બહુ હિંમતવાન બની ગઈ હોત તો હું તને ગુમાવી જ બેસત ને !' - એવું કંઈક વ્યોમેશે કહ્યું હોત તો વસુધાને લાગત કે પોતાનું પોતાને ખાતર કંઈક મૂલ્ય છે. પણ વ્યોમેશના પ્રેમને તો એક જ પાસું હતું - ઇચ્છાનું પાસું. 'હું બહારથી આવું ત્યારે તું ઘરમાં હાજર હોવી જોઈએ... હું તને ઇચ્છું ત્યારે તું મને મળવી જોઈએ...'

શરૂ શરૂમાં વ્યોમેશના સાન્નિધ્યની ક્ષણો એક અપૂર્વ ઉત્કટતાથી રસાયેલી લાગતી. શરીરનો આનંદ ને હૃદયનો આનંદ, પોતાનો આનંદ ને વ્યોમેશનો આનંદ એવા ભેદ નહોતા. તેને તો લાગતું કે શરીરોની આ તન્મયતાપૂર્ણ તીવ્ર

માધુર્યથી ભરેલી ગૂંથણીનો આનંદ બન્નેનો સમાન ને સહિયારો આનંદ છે. બન્નેની સમાન જરૂરિયાત છે. પણ જલદીથી સમજાઈ ગયું કે પોતાની જુદી જરૂરિયાત હતી, પોતાના સ્નેહના બીજા આવિર્ભાવો હતા. પણ વ્યોમેશના પ્રેમને તો એક જ રંગ હતો : ઇચ્છાનો ઘેઘૂર રંગ. વસુધા પાસે આવીને ઊભી રહે, વાળમાં આંગળીથી રમત કરે કે થાક લાગ્યો છે, ચાલો સૂઈ જઈએ – એમ કહે, બધાંનો વ્યોમેશને મન એક જ સંકેત હતો. તેથી આગળ તેનો સંબંધ વિસ્તરતો નહોતો. વસુધાને એક્કે વાર તેણે પૂછ્યું નહોતું : 'તને શું ગમે છે ? તને શામાં રસ છે ? અહીં તને કાંઈ તકલીફ તો નથી ને ! તારા મનમાં જે વિચાર ચાલતા હોય તે મને નિખાલસતાથી કહેજે, હોં !' વસુધાના મનમાં બુદ્ધિપૂર્વકની કોઈ વિચાર-પ્રક્રિયા ચાલતી હોય તે વાતનો તેની પાસે સ્વીકાર જ નહોતો.

વસુધા પિયરથી ઘણી ચોપડીઓ લઈ આવી હતી, પણ વ્યોમેશને એની ખબર નહોતી. લગ્ન વખતે દીકરીને કપડાં, ઘરેણાં, ઘરનો વિવિધ સામાન અપાય છે. કરિયાવરમાં પુસ્તકો કેમ નહિ અપાતાં હોય ? સોનું ને કપડાં ને વાસણો આપણને કશું શીખવતાં નથી કે ઉદાસ પળોમાં કશું આશ્વાસન આપી શકતાં નથી. પુસ્તકો તો કેટલું બધું આપે છે ! જ્ઞાનનો અદ્‌ભુત ખજાનો ખોલી આપે છે. પણ કોઈ માબાપે કરિયાવરમાં પુસ્તકો આપ્યાં નથી. કોઈ વરપક્ષે દહેજમાં પુસ્તકો માંગ્યાં નથી... અને એ બરોબર જ છે. લગ્નનો અર્થ છે માત્ર શરીરનું જોડાણ. એમાં શરીરનાં ઉપયોગની, શરીરનાં સુખસગવડની, શરીરની શોભાની જ વસ્તુઓ વિશે વિચારવામાં આવે છે...

વસુધાને આવા વિચાર આવતા અને તે વિમાસતી : આ બધું મારા મનમાં ક્યાંથી ઊગે છે ? છોકરીઓએ તો પરણીને પતિની સંભાળ લેવાની હોય, કુશળતાથી ઘર ચલાવવાનું હોય... આવા વિચારો બધાંને આવતાં હશે કે મને એકલીને જ ?

વસુધા ચોપડી ઉઘાડીને બેસે તે ફૈબાને ગમતું નહીં. કહેતાં : 'બૈરાં માણસને આટલું બધું વાંચવાનું શું ? મને તો સ્ત્રીઓનાં આ ભણતર બહુ વધી ગયાં છે તે જ પસંદ નથી. હવે તો નોકરીયે કરે છે. ઘરમાં શું દુઃખ છે ? અત્યારે છૂટાછેડા કેટલા વધી ગયા છે ? અમારા વખતમાં તો એક વાર પરણ્યાં તે

આખી જિંદગી નિભાવી લેવાતું. ભગવાને જે આપ્યું તેમાં સુખ માનીને રહેવાનું વળી...'

વસુધાના હોઠ સુધી શબ્દો આવી જતા : 'પણ ફૈબા, ફુઆ તો તેમનાં પહેલાં પત્ની ગુજરી ગયાં પછી મહિનામાં જ તમને ફરી પરણ્યા હતા. તેમણે કેમ, ભગવાને પત્નીને લઈ લીધી તો તે સ્થિતિમાં સુખ ન માન્યું ? - અને ફૈબા, તમે વિધવા થયાં તો કેમ પાછાં પિયર આવીને રહ્યાં ?'

તે મહેણું મારવા નહોતી માગતી, ફૈબાના કથનમાં કેટલી વિસંગતિ હતી તે દર્શાવવા માગતી હતી. પણ હંમેશ મુજબ તે ચુપ જ રહેતી.

ફૈબા કહેતાં : 'બૈરાંને વળી બહુ ભણીને શું કામ ? કાગળ લખતાં ને થોડા હિસાબ-કિતાબ આવડે એટલે બસ. એને ક્યાં દુનિયાનું રાજ કરવા જવું છે ?' પછી સ્વગત જાણે બોલતાં : 'ઘરનું આ રાજ્ય તો છે તેની પાસે.

આ રાજ્ય તમારી પાસેયે હતું એક વાર, તે શાથી છીનવાઈ ગયું, ફૈબા ? વિધવા થતાં તમે એ રાજ્ય છોડી પિયર કેમ આવીને રહ્યાં ?... અને આ રાજ્યની હું રાણી છું, ફૈબા ! કે રાજાની ડાહીડમરી પત્ની, જેને શીખવવામાં આવ્યું કે કમ ખાના ઔર ગમ ખાના, સહન કરી લેવું, ન ગમે તો ચલાવી લેવું, મનમાં લાગે તે બોલી નાંખવું નહિ, ગમે તે રીતે સાસરિયાને રાજી રાખવાં...

તમે લોકો મને રાજી રાખવાની રજમાત્ર પણ પરવા ન કરતાં હો તો મારે તમને શા માટે રાજી રાખવાં ? સ્ત્રી વિશે સાંકડા ને રૂઢ વિચારોવાળાં આ ફૈબાને મારે શા માટે રાજી રાખવાં જોઈએ ? જેણે મારા હૃદયની એક પણ વાત કદી પૂછી નથી કે મારા વિચારોની હસ્તી જાણી નથી એને શા માટે રાતોની રાતોએ મારું શરીર મારે સોંપી દેવું જોઈએ ?

ફૈબા, તમે કહો છો – ઘરમાં શું દુઃખ છે ? સાચી વાત છે. મને બે ટંક ખાવાનું મળે છે. વ્યોમેશ કાંઈ મારપીટ કરતો નથી. દર મહિને ઘરખર્ચના પૈસા આપે છે. દારૂ નથી પીતો. સિગારેટ નથી પીતો. પ્રશ્નો નથી પૂછતો. હૃદયનાં દ્વાર નથી ખોલતો.....પોપટ ભૂખ્યો નથી, પોપટ તરસ્યો નથી. પોપટ સોનાના પાંજરામાં – અને એ પાંજરું પાછું મોટા મહેલમાં છે - મઝા કરે છે, મરચાં ખાય છે, બોલે છે. બોલાવેલું બધું બોલે છે, ન બોલવાનું નથી બોલતો. એને શું દુઃખ છે ? પણ દુઃખ છે, ફૈબા ! એને પાંખો છે એ દુઃખ છે, બહાર ક્યાંક

આકાશ છે અને આકાશમાં ઊડી શકાય છે એવું એ જાણે છે - તે દુઃખ છે. ફૈબા, જાણવું એ દુઃખ છે એ તમે સમજો છો ?

લગ્ન પહેલાં વસુધા આનંદી-સ્ફૂર્તિલી છોકરી હતી. તેના પગમાં જાણે પવન પૂરેલો હતો. ઊડાઊડ કરતી તે ઘડીક વારમાં આખા ઘરનું કામ કરી નાખતી. તેની મા ગર્વથી કહેતી : 'દીકરી મારી બહુ કામગરી છે. સાસરાનું ઘર ગમે તેટલું વસ્તારી હોય, તકલીફ નહિ પડે. પચીસ-ત્રીસ માણસોની રસોઈ ફટાફટ કરી નાંખશે. જોજો ને, સાસુ તો આવી કામગરી વહુ પર ખુશ થઈ જશે.'

ફૈબા, હું રાજાની પત્ની છું કે માત્ર એક કામ કરવાવાળી ?

લગ્ન પછી થોડો વખત લાગેલું કે દિવસનો પ્રદેશ ફૈબાની કટકટથી છો ઉઝરડાય, રાતની ભૂમિ તો સ્વર્ગની ભૂમિ છે ! પણ હવે લાગે છે કે દિવસ હોય કે રાત, રેતભૂમિ હોય કે સ્વર્ગભૂમિ, તેની આસપાસ કાંટાની વાડ છે, પૂછ્યા વિના એ વાડની પાર ડગલું પણ માંડી શકાય નહિ. પરણવું એટલે પ્રભુતામાં પગલાં માંડવાં એવું તો કવિએ વર્ણાનુપ્રાસની શોભા માટે કહ્યું હશે. સ્ત્રી માટે તો પરણવું પ્રતિબંધોના પ્રદેશમાં પગલાં માંડવાં. વ્યોમેશના જીવનમાં તો પરણવાથી કાંઈ ફરક પડ્યો નથી. અને પોતાનું તો કેટલું બધું બદલાઈ ગયું ? જાણે પોતે પોતે જ રહી નહિ. વસુધા એટલે માત્ર વ્યોમેશની પત્ની. એ સિવાય કશું જ નહિ, કશું જ નહિ.

પહેલાં પગમાં પવન હતો, હોઠ પર ગીત હતું. અને હવે ? એક વાર રેડિયો પર કોઈક સરસ ગીત આવેલું. વસુધાએ અનાયાસ જ ઠેકો દીધો ને સાથે ગાવા માંડ્યું. તરત ફૈબાએ કઠોરતાથી સામે જોયું. વસુધા સંકોચાઈ ગઈ. પરણ્યા પછી કાંઈ પગનો ઠેકો દઈ આમ ગાવા મંડાય ?

એક વાર જરા લહેરથી ચાલતી હતી. ફૈબાએ ટકોર કરી : 'આમ નાચતી હો એમ કેમ ચાલે છે ?' બહેનને પત્ર લખતી હતી ત્યારે કહેલું : 'આમ અઠવાડિયે ને અઠવાડિયે પત્ર શું લખવાના ?' પછી ધીમા અવાજે ગણગણેલાં.....નકામા ટપાલના ખર્ચા !

વસુધાને બહુ જ નવાઈ લાગી. પરણવું - એમાં એવું શું છે કે પોતાને આમ

એક-એક વસ્તુમાં પાછાં પડવાનું ? વ્યોમેશ તો તેને જે ગમે તે કરે છે; હંમેશા કરતો હતો તે કરે છે. પરણવાને લીધે, તેને ન ગમતું કરવાની ફરજ નથી પડતી. તો શા માટે પોતાની સ્વાભાવિકતાને આમ ડગલે ને પગલે હણવાની ? બધી સ્ત્રીઓની લગ્ન થતાં આ જ સ્થિતિ થતી હશે ? અને છતાં કોઈએ વિરોધનો નાનકડો સૂર પણ કાઢ્યો નથી ?

શાકભાજીનો હિસાબ લખતી. ફૈબા ઘણી વાર જોતાં. 'જરા કરકસર કરતાં શીખ. આમ આટલા બધા પૈસા વાપરી ન નંખાય.

એક દિવસ વ્યોમેશ ગાલીચો લઈ આવ્યો. સરસ રંગોવાળો, મુલાયમ, મોંઘો ગાલીચો. ફૈબાએ ગાલીચાનાં કેટલાંયે વખાણ કર્યાં. 'અમારા વ્યોમેશનો હાથ બહુ છૂટો...' તેમણે અભિમાનપૂર્વક કહ્યું.

પણ મને તો તમે ચાર-આઠ આના માટે ટોકો છો ! વસુધાના હોઠ સુધી શબ્દો આવી ગયા. શબ્દો બહાર નીકળ્યા હોત ને ફૈબાના કાન સુધી પહોંચ્યા હોત તો ફૈબા કહેત : લે, એ તો કમાય છે. એ તો પુરુષ છે; ને તું તો વહુ છો !

વસુધાને મલાઈ નાખેલી કૉફી ભાવતી. તેના પિયરમાં સ્થિતિ સાધારણ હતી છતાં મા ઘણી વાર કૉફી બનાવી તેમાં મલાઈ નાખી વસુધાને બોલાવતી, વસુધાને પિવડાવીને રાજી થતી. અહીં આવ્યા પછી વસુધા પોતાને શું ભાવે છે ને શું નહીં તે ભૂલવા લાગી હતી. પણ એક દિવસ મલાઈ જોતાં યાદ આવી ગયું. કૉફી બનાવીને મલાઈ નાખવા જતી હતી કે ફૈબા આવ્યાં, ચોંકીને બોલ્યાં : 'આટલી બધી મલાઈ શામાં નાખે છે ?'

'કૉફીમાં.' વસુધાએ કહ્યું.

'આટલી બધી મલાઈ નાખીને તું કૉફી પીએ છે ?' ફૈબાએ એવી રીતે કહ્યું; જાણે આવી રીતે કૉફી પીવી તે ઘોર અપરાધ હોય !

ફૈબાનું આ ટોકવું આખોય દિવસ ચાલ્યા કરતું. દિવસે તેમના સુક્કા શબ્દો અને સ્નેહહીન નજરનો રણ-વિસ્તાર, રાતે વાસનાનો ચીકણો અંધકાર. શરીર ફરતા વીંટળાયેલા વ્યોમેશના હાથ ઊંચકીને દૂર કરી દેવાનું તેને મન થતું. તમે કેવળ શરીરને જ જાણો છો અને શરીરને જ માણો છો, એથી મને બહુ જ માઠું લાગે છે. કારણ કે હું માત્ર શરીર નથી, હું હૃદય પણ છું. મારે વિચારો પણ છે.

પણ વ્યોમેશ તો બહુ જલદીથી ઊંઘમાં સરી પડે છે. બાજુમાં વસુધા જાગતી રહે છે. અનાદરનાં આંસુથી તેના ગાલ ભીંજાય છે. 'તમારો આ વ્યવહાર હું સહી લઉં છું ભલે, પણ હું એ સ્વીકારી શકતી નથી.'

ન ઉચ્ચારાયેલા શબ્દો અંદર ગૂંગળાય છે ને મનને તેની ભીંસ લાગે છે. રોજના એકધારા કામની નીરસ ભૂમિમાં આનંદનું એક્કે તરણું ઊગતું નથી. રોજેરોજ એ જ ઘટમાળ..... સવારે વહેલા ઊઠવું, ઘરની સામે દૂધનું કેન્દ્ર હતું ત્યાં દૂધ લઈ આવવું, પાણીનાં માટલાં ધોઈને પાણી ભરવું, વ્યોમેશ માટે ચા બનાવવી, ફૈબા માટે ઉકાળો, દાળ-ચોખા વીણવાનાં-ધોવાનાં, વ્યોમેશને દાઢી માટે ગરમ પાણી. 'નાહવાનું પાણી કાઢ્યું, વસુધા ? અને આજે ગ્રીન નહીં, બ્રાઉન શર્ટ આપજે....' 'આપું હોં !' 'મારો મેલો રૂમાલ ધોવા નાંખી બીજો રૂમાલ બૅગમાં મૂક્યો ?' 'હમણાં મૂકી દઉં છું.' જલદી જલદી રોટલી કરવાની (ચટણી વગર વ્યોમેશને ખાવાનું ગળે ઊતરતું એમ નહીં, પણ ચટણી હોય તો એને ખાવાની મઝા આવે છે), વ્યોમેશને બપોરે ખાવા માટે ડબ્બામાં નાસ્તો (વ્યોમેશ બહારનું ખાતો નથી. અને નાસ્તો રોજ જુદો જુદો હોય તો જ ભાવે ને !), હવાઈ ગયેલા ખાખરા ફરી ગરમ કરી ફૈબાને આપવાના, સાથે ઉકાળો આપવાનો, મેથીનો મસાલો પણ ! .....ફર્નિચરની ઝાડઝૂપટ, નાહવાનું, સાબુના ગરમ પાણીમાં કપડાં બોળવાનાં, વચ્ચે પોતે ક્યારે દૂધ પી લીધું તે યાદ પણ નથી રહેતું... આવડા મોટા ઘરની સફાઈ, બારણે અનેક વાર વાગતી ઘંટડીનો જવાબ, કદીક સ્ટવ બરોબર ચાલતો ન હોય, ક્યારેક કામવાળી બાઈએ ખાડો કર્યો હોય એટલે વાસણ માંજવાનાં હોય, કપડાં ધોવાનાં હોય, દાળ પીસીને ક્યારેક હાથ દુખતા હોય, ક્યારેક ધોબીનો હિસાબ, ક્યારેક સડી ગયેલા કઠોળની સફાઈ, આખા વરસ માટે ભરવાના ઘઉંની સફાઈ, ક્યારેક બૅંકનું કામ... 'તું અભણ થોડી છો, વસુધા ? તારે તો મારા કામમાં પૂરી મદદ કરવી જોઈએ.'

કામ કરવાનો વાંધો નથી. આનંદથી, રમતાં રમતાં કામ તો કર્યું હોત, પણ કોઈક દિવસ વ્યોમેશ સાંજે ઑફિસેથી આવીને રસોડામાં જો બેસે ! કદીક કહે : 'લાવ વસુધા, શાક સમારી આપું ?' અથવા 'રહેવા દે, ઊભી ન થતી. મને કહે, શું જોઈએ છે ? હું આપું !' આટલાં નાનકડાં વાક્યો જો બોલે ! તો પતિ એ

સાથી પણ છે એવો ભાવ થાય. ક્યારેક જો કહે : 'થાકી ગઈ છો ? બેસ તું, હું ચા બનાવી લાવું !' તો તેના પ્રેમનો સ્પર્શ અનુભવાય.

પણ વ્યોમેશને પોતાને માટે વસુધા જોઈએ છે. વસુધા માટે વસુધા તરફ ધ્યાન આપવાની એને ફુરસદ નથી. શરૂમાં તે સીધો ઘેર આવતો ને વસુધાને પણ તેની રાહ જોઈ રહેવાનું ગમતું. એક-બે વાર મોડો આવ્યો તો લાડથી ફરિયાદ કરેલી, વ્યોમેશે ખુલાસો કરેલો. પણ પછી એક વાર તે મોડો આવ્યો, ને વસુધાએ પૂછ્યું : 'કેમ મોડું થયું ? ક્યાં ગયા હતા ?' તો વ્યોમેશ તરડાઈને બોલ્યો : 'હું ક્યાં ક્યાં જાઉં છું એનો શું મારે તને હિસાબ આપવાનો છે ?'

ફૈબાને પણ વસુધા જોઈએ છે, ઘરનાં કામ કરવા માટે. વસુધાને શું જોઈએ છે તેવો તો ફૈબાને કદી પ્રશ્ન જ થતો નથી અને ઘરનું કામ પણ વસુધા પોતાની સમજ પ્રમાણે કરે તે એમને ખપતું નથી. રસ્તા પર એક નાનકડી લટાર, માની એક ઊડતી મુલાકાત, વાંચવા માટે પોતાનો સમય, એ કશું ફૈબાને કબૂલ ન હોય તે વસુધાથી કરી શકાય નહિ.

કોઈ દિવસ કંઈ જ કામ ન હોય તો પછી ફૈબા વાતો કરે છે. રાતે સંવેદનારહિત આલિંગનોની ભીંસ; દિવસે હેતુહીન વાતોની ભીંસ....'સાંભળ્યું તેં ? સવિતામાસીના દીકરાનું સગપણ પેલી કુસુમ સાથે કર્યું. એ કુસુમનું સગપણ તો એક વાર તૂટી ગયું હતું. માધવલાલનો દીકરો પ્રવીણ નહિ ? ઓળખે ને તું ? જાનમાં આવેલો. એની સાથે કુસુમનું સગપણ થયું હતું. પણ પછી શી ખબર શું થયું, સગપણ તૂટી ગયું.'

શબ્દોની ચક્કી અંતહીન ફર્યા કરતી. ઘરઘર કરતો સમય એમાં પીસાતો રહેતો. શ્રોતા જોઈએ છે. ફૈબાને શ્રોતા જોઈએ છે. વ્યોમેશને શ્રોતા જોઈએ છે. પોતે સાંભળવાનું છે, બોલવાનું નથી. માએ કહ્યું છે, ઘરની શાંતિ જાળવી રાખજે. ફૈબા હજારો નકામા શબ્દો ઉચ્ચારે તેથી ઘરની શાંતિનો ભંગ થતો નથી. પોતે બે વાક્યો ઉચ્ચારે, પોતાના મનમાં ચાલતા વિચારોમાંથી એકાદ-બે વિચાર પ્રકટ કરે તો ઘરની શાંતિ પત્તાનાં મહેલની જેમ તૂટી પડે. તો પછી હજારો ઘરોમાં આ જે શાંતિ હોય છે, તે ખરેખર શાંતિ છે કે અશાંતિનો મુખવટો ?

સ્ત્રી શા માટે લગ્ન કરે છે ? પોતે શા માટે લગ્ન કર્યાં હતાં ? વસુધાને થયું

– આ પહેલાં આવો સવાલ તો તેણે પોતાની જાતને પૂછ્યો જ નહોતો. બધાં જ પરણે છે. બધી જ છોકરીઓ ભણે છે, ભણીને રાહ જુએ છે, પરણી જાય છે. કોઈ પૂછતું નથી કે શા માટે ? સ્ત્રીઓને ગળથૂથીમાંથી જ માન્યતા પાવામાં આવી છે કે લગ્ન એ જ એમના જીવનનું ગંતવ્ય છે. લગ્ન મોડાં થાય કે ન થાય તો ચિંતા ને વ્યગ્રતાનો પાર રહેતો નથી. જીવન જાણે દિશાહીન બની જાય છે. બહુ મુશ્કેલીએ, સ્વીકારી શકાય એવાં વર-ઘર મળે તો લાગે છે કે બસ, બધી તકલીફોનો અંત આવી ગયો. પછી ગમે તે શરત હોય તોયે કબૂલી લેવાય છે. માથે ઓઢવું પડશે, ભલે. નોકરી કરવા નહિ જવાય, ભલે. આટલો દાગીનો કરવો પડશે, ભલે. બધું કબૂલવું પડે છે. ક્યાંક મળેલું ઘર હાથમાંથી સરી ન જાય. સરી જાય તો અમે માબાપને બોજો થઈ પડીએ. શા માટે ? શા માટે ? લગ્ન કરીને અમને શું મળે છે ?

પ્રેમ ? ઘર ? સલામતી ?

સ્ત્રીને પ્રેમ જોઈએ છે. પણ ઘેઘૂર આંખોનો લાલ રંગ, તે શું પ્રેમનો જ રંગ છે ?

સ્ત્રીને ઘર જોઈએ છે. પણ એ તેનું ઘર બને છે ? પુરુષ ગુસ્સે થાય તો કહે છે : 'મારા ઘરમાંથી અત્યારે ને અત્યારે ચાલી જા.' પુરુષ રાજી થાય તો કહે છે : 'તેં મારું ઘર દીપાવ્યું.' ઘર પુરુષનું રહે છે. સ્ત્રી એનું ઘર ઉજાળે છે. સ્ત્રી માત્ર ઘર જ ઉજાળી શકે છે. એથી વધુ કાંઈ તે ઉજાળે એવું તેની પાસેથી અપેક્ષિત નથી.

સ્ત્રીને રક્ષણ જોઈએ છે. રક્ષણ આપતી દીવાલ તેની આસપાસ ઊભી થાય છે. એ દીવાલને બારી નથી હોતી. એમાંથી આકાશ દેખાતું નથી.

*

વસુધા પોતાના વિચારોથી થાકી જાય છે. ફૈબાની વાતોથી થાકી જાય છે. રાતથી થાકી જાય છે. અંધકારથી થાકી જાય છે.

હું થાકી ગઈ છું, હું ખૂબ થાકી જાઉં છું..... વસુધા દીવાલોને કહે છે, દીવાલોની પેલી મેર રહેલા આકાશને કહે છે.

*

થોડો વખત મળતો હતો. રસ ખાતર પડોશનાં લલિતાબહેનની ઇલાને ભણાવવાનું શરૂ કર્યું. પણ સળંગ બેસાતું નહોતું. વારે વારે બારણાની ઘંટડી વાગે, તો ઊઠવું પડતું. ક્યારેક સગાંઓ મળવા આવતાં, એમના માટે ચા-નાસ્તો બનાવવાં પડતાં. ક્યારેક ફૈબા અમસ્તાં જ કામ કાઢી બેસે. ક્યારેક કોઈની ખબર કાઢવા જવું જ પડે એમ હોય. એક વાર તે ભણાવતી હતી ને અચાનક વ્યોમેશ એક મિત્ર સાથે ઘેર આવ્યો. ઑફિસમાં કોઈનું મૃત્યુ થવાથી રજા પડી હતી. ભણાવવાનું થોડું જ બાકી હતું. પણ વ્યોમેશ નારાજ થયો. 'હું આવું ને તારાથી ચા પણ બનાવીને તરત આપી ન શકાય ?'

'ભણાવીને બનાવવાની જ હતી...' વસુધાએ ધીમેથી કહ્યું.

'ભણાવવાનું તો ક્યારેય પૂરું થાય. મારે ત્યાં સુધી ચાની રાહ જોઈને બેસવું ? નથી કરવું ટ્યૂશન આવું. કાલથી ના પાડી દેજે. પહેલાં ઘર, પછી બધું. એ ચાળીસ-પચાસ રૂપિયા માટે ઘરનું અવ્યવસ્થિત થઈ જાય તે ન પાલવે.'

'ભણાવવાને બદલે ભરત-ગૂંથણ પણ કરી શકાય – વખત ન જતો હોય તો !' ફૈબાએ કહ્યું : 'કોઈની પાબંદી તો નહિ !' અને પછી જરા મરક્યાં. 'આમેય, આવી ફુરસદ હવે કેટલો વખત મળવાની છે ? કાલે સવારે ઉવાં ઉવાંથી ઘર ભરાઈ જશે, પછી ઘડીનીય નિરાંત મળવાની નથી, જોજે ને તું !'

વસુધા ગભરાઈ ગઈ. હજી તો પોતે જ નાની છોકરી છે ! ગઈ કાલ સુધી માના આંગણામાં પોતે સરગવાના ઝાડ ફરતી ફુદરડી ફરતી હતી, હજી તો મારા હાથમાં ચંપાનાં ફૂલની સુગંધ છે –

પણ ત્યાં જ એ સમય આવી ગયો.

*

૨૦મા વર્ષે તે હર્ષની મા બની. ૨૨મા વર્ષે અશેષની, ૨૫મા વર્ષે દીપંકરની.

●

૫

રાત ઠીક ઠીક વીતી હતી, પણ દીર્ઘ સહજીવનનાં હજી તો શરૂનાં પાનાં જ ઊઘડ્યાં હતાં. આટલી વાત કરતાં વસુધા થાકી ગઈ હતી. જૂના દિવસોની વેદના તે ફરી જીવવા લાગી હતી. અમે એને ઘરમાં જઈને સૂઈ જવાનો આગ્રહ કર્યો. તેણે આનાકાની કરી નહિ. જરા વાર ચૂપ બેસી તે દરિયા ભણી જોઈ રહી, પછી ધીરેથી ઊઠી અને નિવાસ તરફ ચાલી. વૃક્ષો પર, મકાનોનાં છપરાં પર, ફૂલઘરથી મકાન તરફ જતી રેતી ને પથ્થરની પગવાટ પર શુક્લ એકાદશીનો ચંદ્ર ચાંદની વરસાવી રહ્યો હતો અને એને કારણે એ પગવાટ તેજની કેડી જેવી લાગતી હતી. નમેલા ખભાવાળી વસુધાની દેહાકૃતિને અમે, તેજની કેડી પરથી ધીમે ધીમે ચાલીને મકાનમાં અદૃશ્ય થતી જોઈ રહ્યાં.

મિત્રાએ ઊંડો શ્વાસ લીધો. 'તારું શું માનવું છે, ઈશા ? વ્યોમેશે મૃત્યુના સમાચાર પાર્ટીમાં જાહેર ન કર્યા એ ખોટું કર્યું ?'

'ઘણા લોકો મોજ-આનંદ કરતાં હોય ત્યારે એમાં ભંગ પાડવો એના કરતાં પોતાનું દુઃખ પોતાના અંતરમાં સમાવી લેવું - એ વધારે સારું નથી ?' એનાએ કહ્યું.

'મને લાગે છે કે સમાચાર જાહેર કરવા કે ન કરવા - એ મહત્ત્વનું નથી. મહત્ત્વનું એ છે કે વ્યોમેશને ફૈબાના મૃત્યુથી દુઃખ થયેલું કે નહિ ?' મેં કહ્યું. 'છેવટ જુઓ તો, દૂરના કોઈ નાના ગામમાં વૃદ્ધ ફૈબાનું મૃત્યુ થાય, એથી વ્યોમેશના જીવનની કોઈ કાંકરી ખરતી નથી. પોતાના જીવનક્રમને વેરવિખેર કરી નાખે તેવા મૃત્યુનું જ માણસને દુઃખ થતું હોય છે. બીજાં મૃત્યુનું દુઃખ તો બે આંસુ ને શોકનાં ચાર વાક્યોમાં સમાપ્ત થઈ જતું હોય છે.'

'આપણે માની લઈએ કે વ્યોમેશને દુઃખ નહોતું થયું અથવા ક્ષણવાર જ

થયું હતું અને એની એ ક્ષણ બારણા બહાર જ રહી ગઈ હતી. જે દુઃખ હૃદયમાં ન હોય તેને માટે શોક કરવો એ દંભ કહેવાય. વ્યોમેશને દંભ કરવો ન ગમતો હોય, તો એ એની સચ્ચાઈ નથી ?' અલોપાએ કહ્યું.

'જેના જીવનની કિંમત ન હોય એના મૃત્યુ પર માણસને શોક ન થાય તે સમજાય તેવી વાત છે. અને તો પછી બીજાના આનંદની કાળજી કરીને પોતાના દુઃખને દબાવી રાખ્યું એમ કહેવાનો કોઈ અર્થ નથી. એ બીજા પ્રકારનો દંભ છે.' મેં કહ્યું.

'થોભો, મને એક બીજો જ મુદ્દો સૂઝે છે.' એનાએ એકદમ ઉત્તેજિત અવાજે કહ્યું.

અમે બધાંએ તેના તરફ નજર માંડી.

'આપણા એક મહાન નેતા કામમાં પરોવાયેલા હતા ત્યારે તેમને તેમનાં પત્નીના મૃત્યુનો તાર મળ્યો હતો. તાર વાંચી એને ખિસ્સામાં મૂકી એમણે કામ ચાલુ રાખ્યું હતું. કશી પ્રતિક્રિયા વ્યક્ત કરી નહોતી. એમને દુઃખ થયેલું કે નહિ, તે સવાલ નથી. સવાલ એ છે કે એમની જગ્યાએ કોઈ સ્ત્રી હોત તો પતિના મૃત્યુનો તાર એણે આમ શાંતિથી પર્સમાં મૂકી દઈ પોતાનું કામ ચાલુ રાખ્યું હોત ? આવી પાર્ટી ધારો કે કોઈ સ્ત્રીએ પોતાની સખીઓ માટે ગોઠવી હોય ને અચાનક પતિનું મૃત્યુ થવાનો તાર આવે તો શું તે એ તાર બાજુ પર મૂકી પાર્ટીની મઝામાં શામેલ થઈ જઈ શકે ?'

અમે બધાં જરા ખળભળી ગયાં.

'સ્ત્રી એવું કરે તો તો સમાજ એના પર તૂટી જ પડે. લોકો એને માટે કેવું કેવું બોલે એની હું કલ્પના પણ કરી શકતી નથી.' અલોપાએ કહ્યું.

'એનો અર્થ એ કે સમાજનાં ધોરણો પુરુષ માટે જુદાં છે અને સ્ત્રી માટે જુદાં છે.' મેં કહ્યું.

'એનો અર્થ એ કે પત્ની માટે પતિનું મૃત્યુ મહત્ત્વની ઘટના છે, પતિ માટે પત્નીના મૃત્યુનું એટલું મહત્ત્વ નથી.' મિત્રાએ જરા ઊંચા સ્વરે કહ્યું.

'કારણ કે પત્ની મૃત્યુ પામે તો પતિ ફટાક દઈને બીજી સ્ત્રી પરણી શકે છે... અને એટલે સ્ત્રીનું સમાજમાં મૂલ્ય ઓછું છે. તેની લાગણીઓનું મૂલ્ય

ઓછું છે, તેના જીવનનું મૂલ્ય ઓછું જ છે.' એનાના અવાજમાં રોષ હતો.

'આપણે વસુધાની વાત પૂરી સાંભળી નથી.' મિત્રા બોલી. 'આ પાર્ટીની ઘટના તો કદાચ છેલ્લો ઘાવ હશે. એણે નાની નાની બાબતોમાં પણ પોતાની ઇચ્છાઓને હણાતી જોઈ છે. વ્યોમેશ આવી મોટી બાબતમાં પણ સ્વૈરપણે વર્તી શકે છે એ જોઈને એને પોતાને થયેલા અન્યાયોનું વધુ તીવ્રતાથી ભાન થયું હોય એમ બને.'

'એ ખરી વાત છે.' અલોપા ગણગણી. 'પુરુષ હંમેશા પોતાની ઇચ્છા પ્રમાણે વર્તતો હોય છે. સ્ત્રીએ, ખાસ કરીને તે નવી વહુ બનીને આવે ત્યારે, પોતાની ઇચ્છા જેવી કોઈ ચીજ હોય એ વાત જ ભૂલી જવી પડે છે. અને પછી ધીરે ધીરે એને એની આદત પડી જાય છે.'

'મને નવાઈ લાગે છે કે સ્ત્રી આ બધું મંજૂર કેમ રાખે છે ? તે વિરોધ કેમ નથી કરતી ? તે આ અન્યાયનો જવાબ કેમ નથી માગતી ?' એનાનો સાદ તીખો હતો.

'આપણે આ બધું પડકારવું જોઈએ, આપણે તેમને સામે મોંએ પ્રશ્નો પૂછવા જોઈએ, તેમની પાસેથી જવાબ માગવો જોઈએ...દ્રૌપદીએ ભરી સભામાં વિદ્વાનો ને વડીલો પાસેથી માગેલો એમ...' મિત્રા બોલી.

'પણ જે લોકો પોતે જ અન્યાયના સર્જકો છે તેઓ શું ન્યાયપૂર્ણ જવાબ આપી શકશે ?' મેં કહ્યું : 'જેમણે પોતે જ બીજાનું ગળું ઘોંટી દીધું છે તેઓ સ્વતંત્રતા માટેનો તેમનો પોકાર સાંભળી શકશે ? પોતાની સત્તા સરી જવાના ભયથી તેઓ વધુ આક્રમક નહિ બની ઊઠે ?'

ફૂલઘરમાં ક્યાંય સુધી મૌન છવાઈ ગયું.

ઘણી વારે મિત્રા વિચારમાં જ હોય તેમ ઊભી થઈ. તેના ખભા ટટ્ટાર થયા. તેના અવાજમાં એક તેજ ઝલમલી ઊઠ્યું : 'આપણે જવાબ માગીશું. એમને એ આપવો પડશે.'

એના ને અલોપા પણ ઊઠ્યાં અને વિદાયના સંકેતમાં સહેજ માથું હલાવી, બોલ્યા વિના ફૂલઘરમાંથી બહાર નીકળી નિવાસ તરફ ચાલવા લાગ્યાં. થોડી વાર પછી મિત્રા પણ ગઈ.

....પગ લાંબા કરીને હું ફૂલઘરના મંડપ હેઠળ એકલી બેઠી. દરિયાનો ઘુઘવાટ દૂર ચાલ્યો ગયો હતો. પવન ચૂપ હતો. અંધકારમાં કોઈ સંચાર નહોતો.

મારે વસુધા વિશે વિચાર કરવો હતો. અને વ્યોમેશ વિશે. અને પેલી મેઘભીની સાંજ વિશે...પુરુષ આ સાંભળીને શું કહેશે ? ઘણુંખરું તો કહેશે : વાતાવરણમાં એક નશો હોય, ભીના આહ્‌લાદથી સમય છલકાતો હોય, દેહ યુવાન હોય ત્યારે અમારા ભાવ ઘેઘૂર બની જાય તે સ્વાભાવિક નથી ? વસુધાને એમાં આટલું લાગી આવવાની શી જરૂર હતી ? એ એવી ઊર્મિ ન અનુભવી શકે, એમાં એનો જ કંઈક વાંક હોવો જોઈએ. અને પછી 'ફ્રિજિડ' કે એવો કોઈ શબ્દ ઉચ્ચારશે.

મનમાં કદાચ એમ પણ કહે : તો પછી પત્નીઓ શાને માટે હોય છે ?

વસુધાની વાત પુરુષો કદી સમજશે ખરા ? પોતાની સગવડ માટે, પોતાની ઊર્મિ માટે પત્નીનો સાથ શોધનારા વ્યોમેશને ક્યારેય એવો ખ્યાલ આવશે કે વસુધાને પણ અનુકૂળ, પ્રતિકૂળ જેવું કંઈ હતું, એને પોતાનાં જુદાં રસ-રુચિ હતાં અને તેમાં પોતે એને કદી સાથ નહોતો આપ્યો ?

વ્યોમેશની સ્વતંત્ર, વ્યોમેશથી ભિન્ન ઇચ્છા ધરાવવાની, એની પૂર્તિ શોધવાની વસુધાને છૂટ હતી ખરી ?

મારું મન ઉદાસ થઈ ગયું.

બધી સ્ત્રીઓ પરણીને સાસરે જાય છે. ત્યાં જઈને પોતાનું આગવાપણું ભૂલી જાય છે. શ્વસુરગૃહના અણલખ્યા નિયમોને આધીન થઈને રહે છે. શ્વસુરગૃહ મંજૂરી આપે તેટલી જ તેની કલા તેની રહે છે, તેટલી જ અભિવ્યક્તિને અવસર મળે છે. બાકીનું બધું ઘરની શાંતિ નામની દેવીને ચરણે ભોગમાં ધરી દેવાય છે. બધી સ્ત્રીઓ રૂઢિએ નક્કી કરી આપેલું, સમાજે આંકેલી સીમાઓમાં જીવન જીવે છે, અને પોતાની આ સ્થિતિની તેમનામાંના મોટા ભાગને જાણ પણ નથી હોતી. ઘરનાં ઝીણાં ઝીણાં નકામાં કામોને આટલું મહત્ત્વ આપતાં, અને વહુ નામની વ્યક્તિને ખીલી ઊઠવા જરા જેટલીયે હવા ન આપતા પતિગૃહમાં રહીને તારામાં આ સભાનતા ક્યાંથી આવી વસુધા ? પોતાની ઇચ્છા પ્રમાણે, પોતાનાં મૂલ્યો ને પોતાની સચ્ચાઈ પ્રમાણે જીવવા જેવડી મોટી વાત તું શી રીતે કરી શકે ?

સ્વતંત્રતાનું મૂલ્ય બહુ આકરું છે તેની તને ખબર છે ને, વસુધા ? –

પણ હતાશ ન થઈશ વસુધા, અમે તારી પડખે ઊભાં રહીશું. તારી વેદનાને અમે વાચા આપીશું. તારી સમસ્યા આખા સ્ત્રી-સમાજની સમસ્યા છે. આપણે સાથે મળીને એક મશાલ પેટાવીશું. અમારો આ સહનિવાસ એને માટે તો છે !

અમારું આ સાથે મળીને રહેવું –

બધી બાજુએથી સુંદર આ નાનકડાં, ઘરમાંથી ફૂલ ફૂટ્યાં હોય એવાં મકાનો, એની પાછળ લીલું ઘાસ અને પીળાં ફૂલોથી શોભતાં ટેકરીઓના ઢોળાવો, સ્નેહ અને મૈત્રીના સ્વરોથી ગુંજતી હવા, વહેલી સવારની હવામાં કંપતાં પારિજાતનાં ફૂલ, અનંત સમયને પોતાની છાતી પર ઝુલાવતો દરિયો અને વૃક્ષોની ડાળીઓ વચ્ચેથી દેખાતું નકશીભર્યું આકાશ.

અનેક સુંદરતાથી સજેલો અમારો આ સહનિવાસ માત્ર એક કલાકારનું સપનું નથી. સમાજે પૂર્વ-નિર્ધારિત કરી રાખેલી કામ અને નામની ભૂમિકામાંથી નીકળી જઈ પોતાના સંબંધની, પોતાના જીવનકાર્યની, પોતાની અસ્મિતાની શોધ કરવા માગતી વ્યક્તિઓનો, એ શોધ માટે યોગ્ય વાતાવરણ ઊભું કરવાનો આ પ્રયાસ છે, જ્યાં બધાં જ સમાન હોય, બધાંને સમાનપણે મહોરવાનો અવકાશ મળી રહેતો હોય, કોઈ દબાણ હેઠળ નહિ, ફરજના ભાનથી નહિ, ગુમાવવાના ભયથી નહિ, હૃદયના અવાજને રૂંધીને નહિ –

– સહજ આનંદથી વિશાળ બનેલા પ્રેમ વડે, મુક્ત રહીને સંબંધોમાં શી રીતે જીવી શકાય તે અમારી શોધ છે. વસુધા જેને આકાશ કહે છે તે કદાચ આ જ હશે : સંબંધોમાં, જીવનરીતિમાં એટલી મોકળાશ હોવી, જેથી વ્યક્તિ પોતાના સત્યને શોધી શકે, ઉપાસી શકે. ભોગ આપવો, સહન કરી લેવું – એ અમારા આદર્શો નથી. એ વાત સાચી છે કે કોઈક મહાન હેતુ માટે ભોગ આપવો પડે છે. ગાંધીએ ભારત માટે જીવનનો ભોગ આપ્યો હતો. પણ ભોગ શબ્દ તો આપણે વાપરીએ છીએ. ગાંધી માટે તો એ પોતાની ભીતરની જ્વલંત ઇચ્છામાંથી નીપજેલો એકમાત્ર જીવનમાર્ગ હતો. ત્યાં ભોગ આપ્યાની સભાનતા નહોતી. સહન કર્યાનું શલ્ય નહોતું. કારણ કે જેને માટે તેમણે ભોગ આપ્યો તે

ભારતદેશ સાથે તેમનું હૃદય એકરૂપ બનેલું હતું. ભારતનું જે શ્રેય હતું, સમસ્ત દેશબાંધવોનું જે શ્રેય હતું, તે તેમનું પોતાનું જ શ્રેય હતું. અરવિંદે સ્વેચ્છાએ પોતાની જાતને એક નાનકડા ઓરડામાં પૂરી રાખી, એ બંદીખાનું નહોતું, એ તો એક દીપ્તિમય ઊર્ધ્વ અવસ્થા હતી, જેમાં સ્થૂલ સરહદો તોડી નાખવામાં આવી હતી, અને એક વિશાળ ચેતના સાથે સમગ્ર અસ્તિત્વનું જોડાણ થયું હતું.

પણ દુનિયાના કરોડો ગરીબ કચડાયેલા-દુણાયેલા લોકો – જેઓ કમરતોડ મહેનત કરે છે, અને જેમની મહેનતના ફળનો મોટો ભાગ બીજા લોકો તાણી જાય છે, તેમને આપણે શું કહી શકીએ કે દુઃખ સહી લેવું, બીજાઓને માટે ભોગ આપવો – તેમાં ગૌરવ છે ?

કાટથી ખવાયેલા પતરાના ટુકડા, કપડા ને પ્લાસ્ટિકના ફાટેલા ગાભા, જૂની પસ્તી ને તૂટેલી તાડપત્રી વડે બનાવેલી, ઘરના નામને શરમાવે એવી ઘોલકીઓમાં જે લોકો રહે છે, જેમને નાહવા માટે એકાંત નથી, શૌચ માટે સંડાસ નથી, ખાવા માટે પૂરતું અન્ન નથી, જેમનાં બાળકો ઉકરડામાંથી કાગળિયાં ને ટુકડા વીણે છે, જેમના ઘરની આસપાસ બારે માસ ગંદા પાણીની નીક વહેતી હોય છે, મચ્છરનો ગણગણાટ, બીડીના ધુમાડા, વિધવિધ દુર્ગંધથી સડેલી હવા વચ્ચે જેઓ શ્વાસ લે છે, જેમના પર મારપીટ થાય છે, કેસ ચલાવ્યા વગર જેમને વરસો સુધી કેદખાનામાં ગોંધી દેવામાં આવે છે, જેમની સ્ત્રીઓ પર બળાત્કાર થાય છે, જેમનાં ઝૂંપડાંને આગ લગાડાય છે, ચીસો ને કિકિયારીઓ પાડી બહાર દોડી આવતાં ભયવિહ્વળ બાળકોને લાકડીના ગોદા મારી જ્વાળામાં પાછાં ધકેલી દેવાય છે – આ હજારો, લાખો, કરોડો લોકોને શું આપણે એમ કહીશું કે ભોગ આપવો, સહી લેવું તે વધારે ઊંચી બાબત છે ?

પણ સદીઓથી ઊતરતા સ્થાને રાખવામાં આવેલી, અન્યાય અને અત્યાચારોનો ભોગ બનતી આવેલી, જેની બુદ્ધિ અને શક્તિ ઉપર રૂપ અને સુંદરતાનું ઢાંકણ દેવામાં આવ્યું છે, રક્ષણની સુશોભિત દીવાલો વચ્ચે જેની સ્વાધીનતાને બંદી બનાવવામાં આવી છે... અને આ બધું તે વિદ્રોહ કર્યા વગર સ્વીકારી લે તે માટે જેને ગૌરવના ઠાલા શબ્દોથી મઢવામાં આવી છે તે સમગ્ર સ્ત્રીજાતિને તો હંમેશા કહેવામાં આવે છે કે સહનશીલતા ને ત્યાગની મૂર્તિ થવું એ જ નારીત્વની ચરમ સાર્થકતા છે, પોતાના અસ્તિત્વની સ્વતંત્ર જાળવણીને બદલે પતિ સાથે એકરૂપ

થઈ રહેવામાં તેનું કલ્યાણ છે...

હું ક્યાંય સુધી વસુધાના વિચારમાં ડૂબેલી રહી. સમયનો ખ્યાલ રહ્યો નહિ. અચાનક ખભા પર કોઈના હાથનો સ્પર્શ અનુભવ્યો. હું ચોંકી ગઈ. પાછળ ફરીને જોયું તો સ્વરૂપ. મોંમાંથી હર્ષનો ઉદ્ગાર સરી પડ્યો. 'ક્યારે આવ્યો ?'

'ક્યારનોય આવ્યો છું.' તેણે સ્નિગ્ધ કંઠે કહ્યું. 'પણ તમે બધાં ખૂબ તલ્લીનતાથી વાતો કરતાં હતાં એટલે ભંગ ન પાડ્યો.' પછી કહે : 'પણ એ બધાં સૂવા ગયાં ત્યાર પછીયે તું તો ક્યારની એકલી બેઠી છે. શું કરતી હતી ?'

'તું ક્યારનો આવ્યો છે, તો તું શું કરતો હતો ?'

સ્વરૂપ હસ્યો. 'તમારા લોકો માટે વટાણાનો સૂપ બનાવતો હતો.'

'એમ ? પણ પેલાં લોકોએ ખાધું ? મને તો ખાવાની વાત યાદ જ રહી નહોતી.'

'એ લોકો તારી વાટ જોવા માગતાં હતાં.' પણ મેં કહ્યું : 'તમે બધાં ખાઈ લો, એને એકલાં બેસી વિચાર કરવો છે, બેસવા દો. અંધારામાં ને એકાંતમાં એની વિચારશક્તિ બહુ ખીલે છે.' તે હસ્યો.

'અને તું ? તેં ખાધું કે નહિ ?'

તેણે જવાબ આપ્યો નહિ. મારા ખભા પર હળવેથી હાથ ફેરવતાં કહ્યું : 'બહુ વિચાર કર્યા ? વસુધાની વાતથી બહુ દુઃખ થયું ? હજી એકલાં બેસવું છે ? પણ થાકી જઈશ.'

મને યાદ આવી ગઈ હજી હમણાં જ સાંભળેલી વાત. ઘણાં ઘણાં વર્ષો પહેલાં કોઈક ઊંચા મકાનના ત્રીજા માળની અગાસીમાં મેઘાચ્છાદિત સાંજે ચંદ્ર-શુક્રનો સંગમ જોઈ રહેલી એક તરુણીને ખભે આમ જ હાથ મુકાયો હતો અને તેને પછી ખુલ્લી અગાસીમાંથી બંધ ઓરડીમાં લઈ જવામાં આવી હતી.

સ્વરૂપ સામે જોઈ, હું સ્નેહભર્યું હળવું સ્મિત કરી રહી.

'કેમ હસે છે ?'

'તું કહે, હું કેમ હસતી હોઈશ ?'

'મારી કોઈ મૂર્ખામીભરી વાચ યાદ આવી હશે...'

અમે બન્ને હસ્યાં. મેં કહ્યું : 'દરિયા પર જવાનું મન થાય છે. આવીશ ?'

'ચાલ,' તેણે કહ્યું અને પછી મને શાલ ઓઢાડી. 'સહેજ ઠંડી જેવું લાગે છે ને, એટલે તારે માટે લેતો આવેલો.'

મારું હૃદય ભીનું થઈ ગયું.

એકબીજાનો હાથ પકડી અમે દરિયાને મળીને પાછાં ઘર તરફ ચાલ્યાં ત્યારે પણ મારા મનમાં વસુધાના જ વિચાર રમતા હતા. હજુ તેની લાંબી કથા સાંભળવાની બાકી હતી. એક વેળાની આટલી ભીરુ છોકરી આમ ફૂલઘરમાં એકલી શી રીતે આવી શકી ?

●

૬

પુરુષની વાત જવા દો, કોઈ સ્ત્રીને પણ, તેણે જો ગર્ભધારણ કર્યો ન હોય તો, કદી ખ્યાલ ન આવે કે સગર્ભાવસ્થા એટલે શું, પ્રત્યેક ક્ષણે વધતા જતા વજનની, સતત બદલાયે જતા શરીરના આકારની, સતત પ્રતીક્ષાની અવસ્થા એટલે શું ! ફક્ત બહારનો આકાર જ નથી બદલાતો, અંદર પણ જાતજાતની પ્રક્રિયાઓ થઈ રહી છે. કશા પર પોતાનો કાબૂ નથી. પરણી નહોતી ત્યાં સુધી પોતાનું શરીર પોતાનું હતું. પછી વ્યોમેશની ઇચ્છાઓ અધિકારપૂર્વક તેના પર છવાઈ જવા લાગી....

અને હવે અંદર એક અસ્તિત્વ છે. અદૃષ્ટ છે પણ ઉવેખી શકાય તેવું નથી. શરીરનો એક ભાગ ફૂલતો જાય છે, ફૂલતો જ જાય છે. હલનચલનની અત્યાર સુધી સહજ માની લીધેલી સ્વતંત્રતા ધીરે ધીરે છીનવાતી જાય છે.

એક પછી એક પ્રતિબંધોમાં ગતિ જકડાય છે. હવે દોડાય તો નહિ, બહુ ઝડપથી ચલાય પણ નહિ. આંચકા લાગે એવા વાહનમાં બેસાય નહિ. સ્ટૂલ પર ચડી અભરાઈએથી ડબ્બા ઉતારાય નહિ. ગઈ કાલ સુધી હજી હું સરગવા ફરતી ફેરફુદરડી ફરતી હતી, આજે મારા પગે સોજા છે. ડૉક્ટરે મીઠું ઓછું ખાવાનું કહ્યું છે. ઊબકા આવે છે, ઊલટી થાય છે.

વિચાર આવે છે : આ બીજ પુરુષનું છે, પોતે તો છે માત્ર સંવર્ધક, છતાં પુરુષની શારીરિક જવાબદારી બાળક માટે કશી નથી. જે કાંઈ બધું બને છે તે પોતાના જ શરીરમાં, તો પણ આ અવસ્થામાં મારે ક્યારે મુકાવું, એની પસંદગી કરવાની તક મને આપવામાં આવી નથી. બાળકો નથી ગમતાં એમ નહિ, પણ એ સંબંધમાં મારે કશું કહેવાનું હોય, એ કોઈ સ્વીકારતું નથી.

લગ્ન કર્યા એટલે થોડા વખતમાં બાળક થવું જ જોઈએ એવી અપેક્ષા શા માટે રખાય છે ?

વસુધાને ખબર હતી. સગાંઓ મળવા આવતાં, ફૈબા સાથે વાત કરતાં આડકતરું પૂછી લેતાં. કોઈ વળી ધૃષ્ટતાથી વસુધાને જ સીધું પૂછતાં : ‘કેમ, સારા સમાચાર ક્યારે આપો છો ?’

વસુધા મોં ફેરવી લેતી. પૂછનારને લાગતું કે એ લજ્જા છે. પણ એ લજ્જા નહોતી. ઉપેક્ષા પણ નહોતી. એ પ્રશ્ન હતો, જે પૂછી શકાતો નહોતો. શા માટે મારું જીવન આટલી બધી આંકેલી લીટી પર ચાલવું જોઈએ ?

પણ બધાં રાજી હતાં. જાણે એક કર્તવ્ય હતું, જે વસુધાએ બરોબર બજાવ્યું હતું.

દિવસો વીતતા ગયા તેમ અંદર સળવળાટ વધતો ગયો. પાંજરામાં પૂરેલું પંખી ફફડાટ કરે એમ અંદર કંઈક ફફડ્યા કરતું. ઘણી વાર બીજું બધું ભૂલીને વસુધા એના વિશે જ વિચાર્યા કરતી. એને અંદર શું થતું હશે ? અંદરના નિબિડ તરલ ઉષ્માભર્યા અંધકારમાં એને સુખ-નિરાંત અનુભવાતાં હશે કે આ બધો એનો બહાર આવવા માટેનો તરફડાટ હશે ?

પછી નિરાંત વિસ્મયથી વિચારતી. પોતે જન્મ આપશે, પણ કેવા જીવને જન્મ આપશે તેની રજમાત્ર જાણ નથી. દૂર દૂરના કોઈ પૂર્વજનો અણસાર એનામાં ઊતરશે ? એનો રંગ કાળો હશે કે ગોરો ? આંખ-કાન નાક કેવાં હશે ? કોઈ અંગ ખોડવાળું તો નહિ હોય ? એનો સ્વભાવ કેવો હશે ? માનવવંશને ચાલુ રાખવાની પ્રકૃતિની રમતની પોતે અંધ ભાગીદાર હતી. બધાં હોય છે. પુરુષ ને સ્ત્રી બન્ને. પણ પુરુષનું કાર્ય જરા સરખું હોય છે. અને પોતાના દિવસ, રાત, અઠવાડિયાં, મહિનાઓ, વર્ષો એને જ માટે.

અને પછી એક પ્રશ્ન નહોતો પૂછવો તોયે મન પૂછતું : ‘એ છોકરો હશે કે છોકરી ?’

ફૈબા ઘણી વાર કહેતા : ‘છોકરો જ આવશે, જોજે ને ! હું શરીરના આકાર ઉપરથી કહી શકું છું. આજ સુધી મારું કહેલું ક્યારેય ખોટું નથી પડ્યું.’

બાહ્યાકાર પરથી બાળકની જાતિ જાણી શકાય એવું વસુધાએ કદી સાંભળ્યું નહોતું. પણ અહીં ત્રણ-ચાર સ્ત્રીઓ ફૈબાને પૂછવા આવેલી અને દરેક વખતે ફૈબાની આગાહી સાચી પડી હતી. ફૈબામાં કદાચ કોઈ અંતર્દૃષ્ટિ હશે ?

તેને હસવું આવતું. મારા હૃદયમાં શું છે તે જોવા માટે ફૈબા પાસે દૃષ્ટિ નથી, પણ મારા ઉદરમાં શું છે, એ તે જાણી શકે છે.

ખરેખર જાણી શકે છે ?

કે પછી આ તેમની અપેક્ષા ને ઇચ્છા છે ? અંગ્રેજીમાં જેને 'વિશફુલ થિન્કિંગ' કહીએ તેવું તો આ નથી ને ?

બધાં જ લોકો એમ ઇચ્છે છે કે દીકરો જન્મે તો સારું.

પોતાને શું ગમે ? પણ પોતાને તો બાળક હોય એ વાત જ હજુ એટલી વિસ્મયભરી લાગતી હતી કે એ શું હોય તો ગમે, એ વિચાર તે કરી શકતી નહોતી.

દિવસો વીતતા ગયા તેમ મૂંઝવણ વધવા લાગી. શરીરના કઢંગા દેખાવથી બહાર નીકળતાં સંકોચ થતો. ઊઠતાં-બેસતાં શરીરને ગોઠવવું પડતું. ભોંય પરથી ઊભા થતાં બે હાથનો ટેકો દેવો પડતો.

કોઈક મૈત્રીભર્યા હૃદયની નિકટતા માટે તે ઝંખતી. ક્યાંક વાંચેલું કે આ ગળામાં સ્ત્રીના બેડોળ દેખાવથી પતિનું મન જરા ઊઠી જાય છે. વ્યોમેશની પણ એવી લાગણી હશે ? વ્યોમેશને પોતાને માટે લાગણી છે કે નહિ એ વાતની જ સમજ નથી પડતી. તે દવા લાવી આપે છે પણ પાસે બેસતો નથી. સમાચાર પૂછે છે પણ ડૉક્ટરને ત્યાં સાથે આવતો નથી. શું કરવું જોઈએ ને શું નહિ, તેની સૂચના આપે છે, પણ પીઠ પર હાથ ફેરવી ક્યારેય કહ્યું નથી : 'વસુધા ગભરાઈશ નહિ હો ! બધું સરખું થઈ રહેશે. હું તારી સાથે છું પછી તારે શી ચિંતા ?'

પોતાના મનમાં જે ચાલતું હતું, શરીરમાં જે ચાલતું હતું તેની બારીક વાતો કોઈને કહેવા તેનું હૃદય ઝંખતું. કંઈક મૂંઝવણ થયા કરતી હતી. ભય પણ લાગતો હતો. પ્રસૂતિની પીડા વિશે સાંભળ્યું છે. વ્યોમેશની માસીની દીકરી તરલાની ખબર કાઢવા મેટરનિટી હૉસ્પિટલમાં ગયેલી ત્યારે ચીસો સાંભળેલી. શરીરનાં અંગ-અંગને શારડીથી વીંધીને બહાર આવતી ચીસો. વૉર્ડરબાઈ બોલી હતી : 'માણસમાંથી માણસ જન્માવવો કાંઈ સહેલો છે ?'

વસુધા થીજી ગઈ હતી. એ ચીસો પાછળની વેદનાની કલ્પના કરતાં તેનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં હતાં.

પોતાને પણ વેદનાની એ જ કાળી આગમાંથી પસાર થવું પડશે ? પીડાનો આ અગ્નિમય પંથ પોતે એકલીએ... એકલીએ જ કાપવાનો છે ?

...કંઈ નહિ, મા એના ખોળામાં મને સંભાળી લેશે.

*

માને ઘેર જવાનું ખૂબ મન થતું. ફૈબા અવારનવાર બોલતાં : સાતમો મહિનો બેસે એટલે પિયર જજે.

વસુધાને માઠું લાગતું. પાંચમા મહિને, છઠ્ઠે મહિને ન જઈ શકું ? આ મારી સમસ્યા છે, મારી જરૂરિયાત છે. પણ મારે પિયર ક્યારે જવું તે વિશે મારાથી કંઈ બોલી શકાય નહિ ? હા, પણ પોતે વહેલી જાય તો રસોઈ ને ઘરના કામનું શું થાય ?

પોતે ને પોતે જ દલીલ કરતી : તો મોડી જઈશ તોયે એ પ્રશ્ન તો આવશે જ. ત્યારે જો ફૈબા ઘર સંભાળવાના હોય તો બે મહિના વધુ ન સંભાળી શકે ? ઓહ - લોકો બધું આટલી યાંત્રિક રીતે કેમ વિચારે છે કે પિયર અમુક વખતે જ જવાય ? મારા હૃદયમાં ઘુઘવાટ ચાલે છે તે સાંભળવા કેમ કોઈને કાન નથી ?

મા પણ એમ જ માનતી હતી. સાત મહિના થયા પછી જ તેનો કાગળ આવેલો. 'હવે વસુધાને મોકલો છો ને !'

બિચારી મા ! મને જન્મ આપ્યો છે, પણ મને તેની પાસે બોલાવવા માટે હવે બીજાની રજા લેવી પડે છે. સગી દીકરીને આટલી પરાઈ કરી મૂકતા આ રિવાજો કોણે ઘડ્યા હશે ?

કાગળ આવ્યો તે દિવસે ફૈબા ને વ્યોમેશ વચ્ચે વાત થઈ. વસુધા વ્યોમેશના ખમીસને બટન ટાંકતી હતી. ફૈબાએ કહ્યું : 'આઠમો મહિનો શરૂ થયો વ્યોમેશ, હવે વસુધાને મોકલવી જોઈએ.'

વ્યોમેશ ક્રૉસવર્ડ પઝલ ભરતો હતો. ઊંચું જોયા વિના જ બોલ્યો : 'ફૈબા, વસુધાને પિયર મોકલવી જ શા માટે જોઈએ ? મારી જરા પણ ઇચ્છા નથી...'

વસુધાના હાથમાં ખચ કરતી સોય ઘૂસી ગઈ. લોહીનું એક ટીપું આંગળી પર તગતગી રહ્યું.

'આ મોટા શહેરમાં ડૉક્ટરની કેટલી સગવડ હોય ! વળી ડૉક્ટર જ્યોતિબહેન ઘરનાં જેવાં છે. તેમના દવાખાનામાં બધું થાય તો આપણને કંઈ ચિંતા નહીં. ત્યાં દૂર કંઈ થયું તો આપણે અહીંથી છેક દોડાદોડી કરવી પડે.'

'પણ... રિવાજ તો એવો છે. બીજાઓ શું કહેશે ?'

'હું ના કહું છું ને ફૈબા, તમે ન હોત તો વળી જુદી વાત હતી. પણ તમે છો પછી શી ચિંતા ? બીજા ભલેને ગમે તે કહે...'

વસુધાએ નજર ઊંચી કરીને વ્યોમેશ સામે જોયું. પછી ફૈબા સામે. બેમાંથી એક્કેની નજર તેના પર નહોતી.

તેની આંખને ખૂણે એક બૂંદ ચળક્યું. તમે લોકો બીજાઓનો વિચાર કરો છો, રિવાજોનો વિચાર કરો છો, દોડાદોડી કરવી પડે તેનો વિચાર કરો છો... ફક્ત મારા મનનો વિચાર કરતાં નથી.

પોતે કદાચ આગ્રહ રાખે : ના, મારે પિયર જવું જ છે. તે બેમાંથી એક્કેને ન ગમે.

વ્યોમેશ એને લાગણીવેડા ગણી કાઢે. 'તને શી સમજ પડે ?' એમ કહે. અને ફૈબા કહે : અમે તારું જોવાવાળાં બેઠાં છીએ, પછી તારે શી ચિંતા ?

*

આખા શરીરના તાણાવાણા પીંખી નાખીને આખરે એક નવો જીવ બહાર આવ્યો. પ્રસૂતિની અસહ્ય ને અનિવાર્ય પીડામાંથી છુટકારો થયો કે સાવ જુદી જ લાગણીઓથી મન ભરાઈ ગયું. પહેલી વાર બાળકને છાતીએ લીધું ત્યારે વસુધાને એક અપૂર્વ આનંદનો અનુભવ થયો. આ કોમળ નવજન્મા દેહને પોતાની સાથે વળગાળવાનો આનંદ શરીરનો આનંદ હતો, છતાં સપાટી પરનો નહોતો. અંતરનો હતો, ઊંડો હતો. સાંગોપાંગ એક અલગ અસ્તિત્વ હતું, છતાં પોતાની સાથે એકરૂપ હતું. પોતે જ તેનું સર્વસ્વ હતી. પોતે કોણ છે તેની કશી સંજ્ઞા નહોતી. એને માટે પોતે માત્ર મા જ. નામહીન, રૂપહીન, ગોત્રહીન માત્ર

મા. શરીરને શરીરની ઓળખ હતી. જે ઝડપથી હર્ષ તેની છાતીમાં માથું ઘુસાડી દેતો એ જોઈ તેને હસવું આવતું. નાનકડા પગ ને નાનકડા હાથ, ટચૂકડી આંગળી, કાળી કાળી આંખો. એમાં તેજનું એક ટપકું. વસુધાની નવાઈનો અંત નહોતો. સુખનો અંત નહોતો. બીજું બધું ભુલાઈ ગયું, પુસ્તકો, અગાસી, વ્યોમેશની યાંત્રિકતા, ફૈબાની ફરિયાદો – બધું પાછળ ધકેલાઈ ગયું. દુનિયાની ને તેની વચ્ચે હવે આ એક બાળક હતું. સૌથી વહાલું. અંદરથી આનંદનો એક ફુવારો ઊછળવા લાગ્યો. પોતાનું દૂધ પિવડાવતાં, બાળકમાં શક્તિ વહાવી રહી હોય એમ લાગતું. આ ઘટના તો પોતાના જીવનનો એક સીમાસ્તંભ. હવે પોતે પહેલાં હતી તે રહી શકે નહિ. શરીર, મન, આત્મા બધાં પર નાની નાની પગલીઓનાં નિશાન અંકાઈ ગયાં. ભલે કારમી પીડા હતી પણ તેમાં અનિર્વચનિય આનંદ પણ હતો. વ્યોમેશ આ કદી ન જાણી શકે. પુરુષ આ આનંદ કદી ન જાણી શકે. આ બાળક મારું છે. તેનું રુદન પોતાનાં અંગોમાં વહે છે. તેનું હાસ્ય પોતાની આંખોમાં ઝિલાય છે. પોતે તેને ઘડે છે, તે પોતાને ઘડે છે. વસુધાના હૃદયમાં ભરતી આવી. સુખથી તેણે આંખો મીંચી.

*

પણ દુનિયામાં કશું જ સ્થાયી નથી. સુંદર ઘડીઓ પણ પસાર થઈ જાય છે. સવા મહિનો પલકવારમાં પસાર થઈ ગયો. ફરી કામની ધૂળિયા ગલીમાં તેને પાછા આવવું પડ્યું. માને ત્યાં ગઈ હોત તોયે આવવું પડત. પોતાની ને બાળકની સોનેરી સૂર્યોદયી સૃષ્ટિમાંથી ફરી આ અંધારા રસોડામાં આંખો ઉઘાડવી પડત. એમાંથી કોઈ છુટકારો નહોતો. મા બનવાથી કોઈ 'કન્સેશન' મળ્યાં નહોતાં. ઊલટાનાં રોજિંદાં કામો ખૂબ વધી ગયાં હતાં. નાના બાળકનું કેટલું બધું કામ ! શરૂઆતમાં એક બાઈ હતી. તેલ ચોળી તે હર્ષને નવડાવતી, તેનાં કપડાં ધોતી. પણ થોડા વખત પછી તે ગઈ અને બધું કામ વસુધા પર આવ્યું. ગમે તે કામ કરતી હોય, હર્ષ રડે એટલે બધું પડતું મૂકી દોડવું પડતું : હાથ ફેરવીને જોવું પડતું : ભીનું તો નથી કર્યું ને ! નાક પાસે લાવીને સૂંઘવું પડતું : છી કર્યું છે ? થોડી થોડી વારે બાળોતિયાં બદલવાનાં. ગોદડીઓ તડકે નાંખવાની. દૂધ પાવાનું. પછી બાટલી આવી, એની સાથે બ્રશ. ગરમ પાણીથી બરોબર બાટલી સાફ કરવાની. દૂધ વાવડિંગ નાખીને ઉકાળવાનું. વાયુ ન થઈ

જાય. શરૂમાં તો કેટલીયે વાર હર્ષના મોંમાંથી દૂધ પાછું આવતું. ઊલટી થઈ કે શું - સમજીને ગભરાતી. પછી માની લીધું કે આવું તો થાય. ક્યારેક હર્ષ ખૂબ રડતો. કારણ જડતું નહિ. છાનો રાખવા મહેનત કરે પણ છાનો જ રહે નહિ, ત્યારે મનમાં ઊંડે બહુ સંતાપ થતો. બધોય વખત અંદરની એક દૃષ્ટિ વ્યોમેશ ભણી નજર માંડી રહેતી. કોઈક વાર જો થોડીક મદદ કરાવે ને ! પણ તે તો તેની ચર્યામાં ગૂંથાયેલો રહેતો. નવી પરિસ્થિતિથી તેનું કામ વધ્યું નહોતું. તેની માગણીઓ ઘટી નહોતી. સવારે વ્યોમેશ માટે દૂધ તૈયાર કરતી હોય ને હર્ષ જોરથી રડે ત્યારે મુશ્કેલી થતી. વસુધા હર્ષ પાસે દોડી જતી. દૂધને મોડું થતું. વ્યોમેશ ખુરશીમાં બેઠો બેઠો જ પૂછતો : 'કેમ દૂધનું મોડું થયું ?' વ્યોમેશને બધું સમયસર જોઈએ. વસુધા અપરાધનો ભાવ અનુભવતી. ક્યારેક સ્ટવ પર દૂધ ગરમ કરતી હોય ને હર્ષ પાસે જાય તો દૂધ ઊભરાઈ જાય. ત્યારે ફૈબાની નજર વાંકી થતી. પછી તેણે એવે વખતે હર્ષ રડે તો સ્ટવ ઓલવીને જવાનું નક્કી કર્યું. પછી વળી સ્ટવ પેટાવતાં વાર લાગતી, ત્યાં સુધીમાં અડધું ગરમ થયેલું દૂધ પાછું ઠરી ગયું હોય. કોઈ વાર સ્ટવ સરખો ચાલતો ન હોય, પિન વારંવાર મારવી પડતી હોય, રસોઈનું મોડું થતું હોય એવે વખતે જ હર્ષની રડારોળ ચાલે, ત્યારે તે ખૂબ ત્રાસી જતી. વ્યોમેશ સાંજે ઑફિસેથી આવી ચા પીને હર્ષને હુલાવતો-ફુલાવતો; ઊંચે ઉછાળતો, ગાલ-નાક ખેંચતો, પણ એ રડે તો તરત બૂમ મારતો : 'વસુધા, આને લે તો. જોને, મારાં કપડાં બગાડ્યાં.'

વસુધા ક્યારેક ભાખરીનો લોટ બાંધતી હોય ને બૂમ પડે. હાથ ધોઈને જાય ને બાળોતિયું બદલી પાછી આવે ત્યારે લોટ સુકાઈ ગયો હોય. નાની નાની ન ગણ્ય વાતો. એકાદ વાર વ્યોમેશ બાળોતિયું ન બદલી શકે ? હું ખૂબ કામમાં હોઉં – એટલું એ સમજી ન શકે ?

હર્ષને અડધી રાતે જાગી જઈને રડવાની ટેવ હતી. રાતની શાંતિમાં એના રડવાનો અવાજ બહુ મોટો લાગતો. વ્યોમેશ-વસુધા બન્ને જાગી જતાં. ઘણા પ્રયત્નેય હર્ષ છાનો ન રહે ત્યારે વ્યોમેશ ગુસ્સે થઈ જતો. 'લઈ જા એને બહાર' તે બરાડતો.

વસુધા બાળકને લઈને બહારના રૂમમાં જતી. વ્યોમેશની ઊંઘ ન બગડવી જોઈએ.

વ્યોમેશનું બધું સચવાવું જોઈએ. પોતાનું ગમે તે થાય !

ઝીણા ઝીણા, ન દેખાતા પણ વાગ્યા કરતા કાંટાની આ ભૂમિમાં ગુલાબના ફૂલ જેવી રંગીન કોમળ ક્ષણો ઊગતી – હર્ષ લહેરમાં હોય ત્યારે ત્યારે દુનિયામાં બે જણ રહેતાં – તે અને હર્ષ. હર્ષ કિલકારી કરતો હાથપગ ઉછાળતો હોય, વસુધાની આંગળી ખેંચતો હોય, પોતે તેના હોઠ પર આંગળી મૂકી બુચકારે ત્યારે મધુર સ્મિત આપતો હોય, કોઈ વાર એકલો પડ્યો પડ્યો જ હસતો હોય – એવી ક્ષણોએ વસુધાને પરમ આનંદની અનુભૂતિ થતી. બીજું બધું ભૂલીને તે હર્ષ સાથે એકાકાર થઈ જતી. રોજના જીવનમાં આ તેની સુંદરતમ ઘડીઓ રહેતી.

પોતાનું આખું શરીર, આખું મન, આખો સમય રોકી લેતા આ કારોબારમાં, કોઈક વાર તેને વ્યોમેશનો વિચાર આવતો. બાળકના જન્મ પછી પતિ-પત્નીમાં વધુ નિકટતા આવતી હશે કે વધુ દૂરતા ? વ્યોમેશમાં તો કાંઈ ફરક પડ્યો નહોતો. તે એ જ રીતે ઊઠતો. સવારના બે કપ ચા, છાપું, દાઢી, નહાવાનું હજી એ જ રીતે – વસુધા, મારું સફેદ શર્ટ ધોબીને ત્યાંથી આવી ગયું છે ?

સાંજે પણ એ જ. આવતો, ચા પીતો, હર્ષની સાથે થોડી વાર રમતો. તેના વિશે પૂછપરછ કરતો. તેને માટે કોઈ વાર રમકડાં લઈ આવતો. હવે ચા પીએ ત્યારે વસુધાએ સામે બેસવું જ જોઈએ એવો આગ્રહ નહોતો રાખતો. ક્યારેક બહાર જતો. ઘણી વાર ઑફિસેથી બારોબાર ચાલ્યો જતો. મોડો આવતો. ક્યારેક મિત્રો આવતા અને ભારતના નવા જાહેર થયેલા બંધારણની ચર્ચા કરતા. ક્યારેક પત્રો લખતો. કદીક ફાઈલો જોવાની હોય. બીજું કાંઈ કરવાનું ન હોય તો પઝલ ઉકેલતો. વસુધાનું આખું વિશ્વ બદલાઈ ગયું હતું. વ્યોમેશના ક્રમમાં ખાસ કોઈ જ ફરક નહોતો પડ્યો.

એને એમ લાગતું હશે કે હવે હું એના તરફ પહેલાં જેવું ધ્યાન નથી આપતી ? વસુધા સભાન થઈ જતી, હર્ષને ઘડીક બાજુએ મૂકી દોડતી, દાઢી માટે ગરમ પાણી ને વાટકી આપી આવતી. બાથરૂમમાં કપડાં મૂકતી. ગરમ રોટલી જમાડતી. હર્ષ રડતો હોય તો તેને રડવા દઈને વ્યોમેશનો રૂમાલ શોધી આપતી. તેનો ડબ્બો ભરતી. તેના મન પર સતત એક દબાણ રહ્યા કરતું. વ્યોમેશ ઑફિસે જાય પછી ધૂળની ડમરી હેઠી બેસતી. ત્યાં સુધીમાં તો ફૈબા પણ

તેમની સવારની ધર્મક્રિયાઓ પતાવી, દેરાસર જઈને પાછાં આવી જતાં. પછી તે પણ થોડીક મદદ કરતાં.

વસુધાને કોઈક વાર કહેવાનું મન થતું : ફૈબા, તમે તમારો દેરાસર જવાનો સમય જરા બદલી ન શકો ? સવારમાં હું બહુ અટવાઈ જાઉં છું.

કોઈ વાર મન થતું - વ્યોમેશ પણ જો કહે : વસુધા, હર્ષને લીધે તારું કામ બહુ વધી પડ્યું છે. સવારે રસોઈ ને નાસ્તો બન્ને બનાવતાં તને તકલીફ પડતી હશે. ચાલ હું જરા મદદ કરાવું !

ઓહ - એ તો કેટલી અકલ્પ્ય - અશક્ય ઇચ્છા !

એક દિવસ નોકર આવ્યો નહોતો. સાંજે મહેમાનો ખૂબ આવી ગયેલા. ઢગલોએક વાસણ માંજવાનાં હતાં. મહેમાનો માટે પૌંઆ તળવા જતાં ગરમ તેલના છાંટા હાથ પર ઠીક ઠીક ઊડ્યા હતા. હર્ષ પણ તે દિવસે બહુ રડેલો. વસુધાનું મન ખૂબ અશાંત હતું. દુખતા હાથે વાસણ માંજતાં અચાનક તે સચેત થઈ ગઈ. ઘરમાં આટલી બધી ચુપકીદી કેમ ? જઈને જોઈ આવી. હર્ષ ઊંઘી ગયો હતો. ફૈબા તેમની રૂમમાં હતાં. વ્યોમેશ આરામખુરશીમાં પગ લાંબા કરી આંખ મીંચી પડ્યો હતો. વસુધાનું હૃદય ઊભરાયું. વાસણ પડતાં મૂકી તેણે ઝડપથી હાથ-મોં ધોઈ કામકાજથી મેલી થયેલી સાડી બદલી, વાળ ઓળ્યા. જરા તાજગી લાગી. ધીમા પગલે તે વ્યોમેશ પાસે જઈને ઊભી રહી. એને મારી નિકટતાની ઝંખના હશે.....હર્ષના આવતાં તેણે મને ગુમાવી એવું લાગતું હશે ?.....મૃદુતાથી તેણે વ્યોમેશના વાળમાં આંગળીઓ પરોવી. વ્યોમેશ સ્પર્શથી સફાળો જાગી ગયો. માથું હલાવી હાથનો ઝટકો માર્યો. 'શું છે ? શું છે?' ડોક ફેરવતા પાછળ વસુધાને જોઈ. 'અચ્છા, તું છે ? મને એમ કે વાળમાં આ શું પડ્યું ? વાસણ માંજવાનું પતી ગયું ? મને તો ઊંઘ આવે છે.' તેણે બગાસું ખાધું અને ઊભો થયો. 'હું સૂઈ જાઉં છું હો ?' બોલીને તે રૂમમાં ચાલી ગયો.

વ્યોમેશે ઝાટકો માર્યો તેથી વસુધાના દાઝેલા હાથ પર વધુ ચચરાટી થઈ હતી. વસુધા ક્ષણેક તેના પર ફૂંક મારતી ઊભી રહી. પછી બાકી રહેલાં વાસણ માંજવા પાછી રસોડામાં ગઈ.

●

૭

હર્ષના જન્મ પછી બે વર્ષે આશેષનો જન્મ થયો. તે પછી ત્રણ વર્ષે દીપંકરનો. વસુધા ઇન્ટરમાં ભણતી હતી ત્યારે, ૧૮મા વર્ષે તેનાં લગ્ન થયેલાં. પછી ભણવાનું બંધ થયું. ઇન્ટરમાં થોડું અર્થશાસ્ત્ર શીખી હતી. તેમાં 'લૉ ઑફ ડિમિનિશિંગ રીડર્ન્સ' – ઘટતા જતા વળતરનો નિયમ આવતો. માણસ જમવા બેસે ત્યારે પહેલી રોટલીથી તેને જે તૃપ્તિ થાય ને પાંચમી રોટલીથી ન થાય. બાળકો વિશે માબાપને આવું થતું હશે ? હર્ષના જન્મ વખતે એક અપૂર્વ અદ્‌ભુત ઘટનાને પોતાની અંદર બનતી નિહાળવાનો રોમાંચ હતો. ભય હતો. થરકાટ હતો અને અવર્ણનીય આનંદ હતો. અશેષ વખતે ઘટના પરથી રોમાંચ ઊપટી ગયો હતો. અને દીપંકર વખતે તો થઈ ગયું હતું કે હવે બસ, હવે વધારે નહિ સહન થાય. પીડા દરેક વખતે વધતી ગઈ હતી, આનંદ દરેક વખતે ઘટતો ગયો હતો. દીપંકર વખતે તો તે યાતનાના અગ્નિકુંડમાં ઝબોળાઈને પાછી આવી હતી. વસુધાને તેની મા યાદ આવતી. પાંચ દીકરીઓ અને એક દીકરો... છ-છ સંતાનોને જન્મ આપવાના ઘોર પીડાગૃહમાંથી તે શી રીતે પસાર થઈ હશે ? પોતાની ઇચ્છાથી તો તે ફરી ફરી એ રસ્તે નહિ જ ચાલી હોય. તેની અનિચ્છા વિશે કોણે તેને પૂછ્યું હશે ? કદાચ તેને માટે આ આખી બાબત 'રૂટિન' બની ગઈ હશે. મૃત્યુનો સાક્ષાત્કાર કરાવતી આ પીડા, અને એક નવા જ મનુષ્યને પોતાની અંદરથી બહાર લાવવાનો ચમત્કાર - આ બન્ને બાબતોની આવડી મોટી અસાધારણતા પણ એક સાધારણ રૂટિન બની જાય, એથી વધુ મોટી જીવનની કરુણતા બીજી કઈ હોઈ શકે ?

દરેક વખતે એ જ ઘટમાળ. ચીસો પાડી દેવાય તેવી અંગઅંગને વહેરી નાખતી વેદના જન્મ થયા પછીની અસીમ રાહત, બાળક માટે ઊભરાતું વહાલ. પછી એ જ બાળોતિયાં, ભીનાં-ગંદાં કપડાંની સતત ફેરબદલી, એ કપડાંની વિશિષ્ટ

વાસ, દૂધની બાટલી ને બ્રશ, હીંચકાની દોરી ખેંચતા પોતાની જ ઊંઘમાં ઢળી પડતી આંખો, નાના-મોટા અકસ્માતો, કોઈક વાર દૂધ પચે નહિ, દાંત ફૂટે તેની માંદગી આવે, ચાલવાનું શીખતાં પડે-આખડે, વાગે ! અને હવે તો ત્રણ બાળકો હતાં. પુસ્તકો તો ક્યારનાં પેટીમાં મુકાઈ ગયાં હતાં. અગાસીને યાદ કરવાની ફુરસદ નહોતી. છોકરાઓને ઉઠાડવા, મોં સાફ કરાવવું. દૂધમાં જરાક ચા નાખી, ચા માગતા હર્ષને પટાવવો, અશેષ ને દીપંકરની તકરારો શાંત પાડવી, 'આમ કરાય ને આમ ન કરાય' - ના પાઠ શીખવવા, તેમનાં મેલાં કપડાં, વેરવિખેર રમકડાં, તેમની તોડફોડ, નાહવાની આનાકાની, હર્ષ જે ખાવાનું જુએ તે માગે, અશેષને ખવડાવવા માટે પાછળ પાછળ તાસક લઈને ફરવું પડે... જાતજાતની ન જાણેલી, ન ધારેલી પરિસ્થિતિ ઊભી થાય, બધું સંભાળવાનું વસુધાને માથે. ઉપરાંત વ્યોમેશની, ફૈબાની જરૂરિયાતો સાચવવાનું ને ઘરનાં રસોઈનાં કામ તો ખરાં જ. સવારે સાડા નવે રસોઈ તૈયાર જોઈએ તે જોઈએ જ. ચટણી-કચુંબર સાથે હોવાં જ જોઈએ. સમયની ખૂબ કરકસર કરવી પડતી. કયું શાક જલદી થાય. ફણસી કે ભાજી સમારતાં કેટલી વાર લાગે - બધો હિસાબ મનોમન ગણવો પડતો. છોકરાઓ આખા ઘરમાં ઘૂમી વળતાં. કોઈ પડતું, કોઈને વાગતું. દવા લગાડતાં ચીસાચીસ કરી મૂકે. એકને માંડ ચુપ કરે ત્યાં બીજાનું કંદન શરૂ થાય. વ્યોમેશ ઘેર હોય ત્યારે રડારોળ જરા પણ ન થવી જોઈએ. ઑફિસથી થાક્યોપાક્યો આવ્યો હોય, તેને શાંતિ મળે તેનું ધ્યાન રાખવું જોઈએ. તે તો ઘણી વાર ગુસ્સે થતો અને છોકરાઓને લાત પણ મારી દેતો. એટલે વસુધા ગમે તે કામ કરતી હોય, સ્ટવ પર દાળનો વઘાર કરતી હોય કે સાબુના પાણીમાં કપડાં બોળતી હોય, છોકરાનું રડવું સાંભળતાવેંત ઝડપથી ઊભાં થઈ જવાની તેને ટેવ પડી હતી. જાણે 'રિફ્લેક્સ-એક્શન !' એક વાર એક નાની ત્રિપાઈ પર ચાના કપ મૂકેલા. નવું ચાલતાં શીખેલા અશેષે ત્રિપાઈ જોરથી પકડી કે તે ઊંધી પડી. ગરમ ગરમ ચા ઢોળાઈ. કપ ફૂટી ગયા. અશેષના રુદનથી ઘર ગાજી ઊઠ્યું. વસુધા ઝડપથી આવી. ક્ષણેક ડઘાઈને ઊભી રહી. વ્યોમેશે તેની સામે જોયું. એ નજરમાં શું હતું ? વસુધાએ કાચના ટુકડા વીણી લીધા, ચા ઢોળાઈ હતી તે લૂછી અને અશેષને ત્યાંથી દૂર લઈ ગઈ. ક્યાંક તેને લાગ્યું કે અશેષના આ વર્તાવને તેનો અપરાધ માનવામાં આવે છે. બધી વખત ગુનાઓનું કાંઈ આરોપનામું ઘડાતું નથી. એક અશબ્દ ઠપકો -

'વસુધા, તું છોકરાઓને સંભાળીને કેમ નથી રાખતી ?'

વિકલ્પ તો હતો. વ્યોમેશ ઊભો થઈ કાચ વીણી, ચા લૂછી અશેષને છાનો રાખી શક્યો હોત. પણ ના, છોકરાંઓનાં બધાં તોફાન, તેમણે કરેલાં નુકસાન, ઢોળફોડ - એની જવાબદારી ફક્ત વસુધાને માથે છે.

અને છોકરાઓ કોઈ હોશિયારી દાખવે ત્યારે ? ચતુરાઈભરી વાત કરે કે કોઈક નાનું કામ કરી આવે ત્યારે ?

ફૈબા ખુશ થઈને છોકરાને તેડી લેતાં : 'મારો હર્ષ એના બાપ કરતાં સવાયો થશે.'

છોકરાઓ મોટા થશે ત્યારે તેઓ પોતાના વ્યોમેશ મહેતાના પુત્ર તરીકે ઓળખાવશે. આખી જિંદગી તેઓ પોતાના નામ સાથે પિતાનું નામ લઈને દુનિયામાં ફરશે. કુટુંબનો આંબો બનશે ત્યારે વ્યોમેશના નામની પાંદડીમાંથી ત્રણ પાંદડી ફૂટશે. એમાં ક્યાંય માનું નામ નહિ હોય. ગર્ભ ધારણ કર્યાથી જન્મ આપી મોટા કરવા સુધી માએ વેઠેલી તકલીફનું ક્યાંય આલેખન નહિ હોય. અંતહીન કામોમાં કંતાઈ ગયેલું શરીર અને મન લઈને તે એક નામહીનતામાં વિલીન થઈ જશે. અર્જુન કરતાં વધારે એકાગ્રતાથી પોતાનું અસ્તિત્વ તેમને આપ્યું છે, પોતાનું હૃદય અને રક્ત આપીને બાળકોને ઉછેર્યાં છે. પણ બાળકના નામમાં, તેની વંશાવલિમાં ક્યાંયે એના ઉજાગરાની ઓળખ નહિ હોય. છોકરાઓ જાણીતા થશે તો લોકો પૂછશે : તેના બાપા કોણ ? દાદા કોણ ? પરદાદા કોણ ? કયા કુટુંબનો ? અનંતશંકર આનંદશંકરનું કુટુંબ ?

અને દીકરાઓને બદલે દીકરીઓ જ હોત, તો વ્યોમેશની પાંદડીમાંથી આગળ કોઈ નામ ફૂટત નહિ. જાણે તેને સંતાનો ન હોય ! જાણે તે બાપ બન્યો જ ન હોય !'

પુસ્તકોને પેટીમાં મૂકી દીધાં છે.

વિચારોને પેટીમાં પૂરી દઈ શકાયા નથી.

વંશના ચલાવનારને જે જન્મ આપે છે અને વંશના ઇતિહાસમાં જેનું નામ ક્યાંય આલેખાતું નથી તે મા થવાનો આ આનંદ શાનો આનંદ છે ?

આખું શરીર માગી લેતી, આખું મન માગી લેતી, આખો સમય માગી લેતી,

પોતાની આગવી જરૂરિયાતો અને અંગત ઇચ્છાઓનો સંપૂર્ણ ભોગ માગી લેતી આ સ્થિતિનો આનંદ એ શાનો આનંદ છે ?

એક જીવનના સર્જનનો ?

એ જીવનના સર્જનનો જ શુદ્ધ આનંદ હોય, તો એક દીકરી પછી બીજી દીકરી જન્મે તો બીજાં બધાનું ને માનું સુધ્ધાં મોં કેમ ઝાંખું પડી જાય છે ? 'પુત્રવતી ભવ'ની જેમ 'પુત્રીવતી ભવ' એવા આશીર્વચનનું કેમ અસ્તિત્વ જ નથી ? બધાં શાસ્ત્રો, વિધિક્રિયાને લગતા નિયમો-મંત્રોમાં કેમ હંમેશા પુત્રનો જ ઉલ્લેખ હોય છે, પુત્રીનો ક્યારેય નહિ ?

તો પછી આ આનંદ જગતને મૂલ્યવાન પ્રદાન કરવાનો આનંદ છે ?

પણ પ્રદાન મૂલ્યવાન છે કે નહિ તેની પહેલેથી કેમ ખબર પડે ? દીકરો પ્રેસિડન્ટ બને તો મા રાજી થાય, પણ તે પ્રેસિડેન્ટનો હત્યારો બને તો ? ગોડસેએ ગાંધીજીનું ખૂન કર્યું ત્યારે તેની મા જીવતી હતી ? હિટલરની મા કોણ હતી ? આ સ્ત્રીઓને એમ થતું હશે કે આના કરતાં તો પુત્રને જન્મ ન આપ્યો હોત તો સારું થાત ? એક કોમળ પળે જેના નિર્દોષ મુખનું દર્શન કરી જીવનની સાર્થકતાનો અનુભવ કર્યો હતો તે મોટપણમાં અત્યાચારી, આતતાયી, ખૂની, લૂંટારુ બને ત્યારે માતાના મનમાં શા વિચારો ઊઠતા હશે ?

એક વ્યક્તિને પૃથ્વીના પટ પર ઉતારવી તે કેવડી મોટી જવાબદારી છે ? પોતાના જીવન વડે તે બીજાને માટે પ્રકાશથી ઝળહળતો માર્ગ આંકી આપી શકે; અથવા પોતાની લોહિયાળ આકાંક્ષાઓ ખાતર તે બીજાઓને નિષ્ઠુરપણે મોતના મોંમાં પણ ઓરી દઈ શકે.

બાળક શું બનશે તેની તો કોઈને જાણ નથી હોતી.

તો પછી બાળકને જન્મ આપવાનો આનંદ શાનો આનંદ છે ? ખબર નથી પડતી પણ આનંદ જરૂર થાય છે. ભોળી આંખોનું વિસ્મય જોઈને આનંદ થાય છે શિશુ સાથે શિશુ થઈ રહેવાનો આનંદ છે.

છતાં આ આનંદ પણ કાંઈ સ્થાયી તો નથી ! હજી હમણાં સુધી શરીર એકરૂપ હતું, પણ હવે શરીર જુદું થવા લાગ્યું છે. પણ મન હજુ તદ્દાકાર છે. માનું હેત, માનો ગુસ્સો બાળક અનાયાસ પારખી જાય છે. બાળકની વણબોલી ઇચ્છા મા

પારખી જાય છે. પણ આ કેટલો વખત ? દુનિયામાં બધું જ પરિવર્તનશીલ છે. માની ને શિશુની પણ સદાકાળ સુંદર ને સુકુમાર રહેતી નથી. મા તેની તે રહે છે પણ શિશુ બદલાઈ જાય છે. તે ઊગે છે, ઇચ્છા કરે છે, માગણીઓ કરે છે. મા, શીરો ખાવો છે. મા, નવાં કપડાં પહેરવાં છે. મા, વાર્તા કહે. શાની વાર્તા કહું દીકરા ? રાજકુમારી માટે ઝળકતો પ્યાલો ભરી લાવતા રાજકુમારની. ભલે....એક રાજકુમારી હતી. એક રાજકુમાર તેના માટે ઝાકળનાં ટીપાંથી પ્યાલો ભરીને લઈ આવ્યો હતો - પોતાનો પ્રેમ પ્રગટ કરવા. વાર્તા સાંભળતાં સાંભળતાં બાળકો ઊંઘી જાય છે. વસુધા જાગે છે. વાર્તા જીવે છે. સાચી વાર્તા. સાચી વાર્તામાં કોઈ રાજકુમાર ઝાકળનો તો શું, પાણીનો પ્યાલો પણ લાવીને ધરતો નથી. રાજકુમાર માટે, રાજકુમારના મિત્રો માટે ચાના પ્યાલા લઈને, નાસ્તાની તાસકો લઈને રાજકુમારી આવે છે. ખાલી પ્યાલા લઈને પાછી જાય છે. રાજકુમારને મળ્યા પછી રાજકુમારી રાજકુમારી રહેતી નથી. પછી તે થઈ જાય છે રાણી. ધુમાડા ને વરાળથી સર્જાયેલા, વાસણનું સંગીત અને કાચીપાકી સુગંધથી ભરેલા દસ ચોરસ ફૂટના ઓરડાની રાણી. પછી તે થઈ જાય છે મંત્રી. પછી તે થઈ જાય છે દાસી. અનેક વ્યક્તિત્વોના થર તેના પર ચડે છે. મૂળ વ્યક્તિત્વ પછી તેને પોતાનેય યાદ નથી રહેતું.

*

દીપંકરના જન્મ વખતે વસુધાની સ્થિતિ ગંભીર થઈ ગઈ હતી. પુરુષ માટે જે સાદી સુખદાયી મિલનપળો છે, તે સ્ત્રીને માટે આખા વ્યક્તિત્વને બદલી નાખતી, ક્યારેક તેને મૃત્યુની કિનારીએ લઈ જતી પ્રક્રિયા બને છે, એનું વસુધાને ફરી ફરી ભાન થતું હતું. દીપંકર વખતે વ્યોમેશ હૉસ્પિટલમાં હાજર હતો. પુત્રનો જન્મ થયો છે તેમ નર્સ આવીને કહી ગઈ, પણ થોડી જ વારમાં રૂમમાં નર્સોની અવરજવર વધી પડી. ડૉક્ટર બહાર આવ્યા ને વળી અંદર ગયાં. બધાંના ચહેરા તંગ હતા. ગ્લુકોઝના બાટલા, લોહીના બાટલા લાવવામાં આવ્યા. થોડી વારે ઑક્સિજનનો બાટલો આવ્યો. વ્યોમેશ ઉતાવળથી જ્યોતિબહેન પાસે ધસી ગયો. 'વસુધાને ઠીક નથી ? શું થયું છે તેને ?'

જ્યોતિબહેન ઊભા રહ્યાં નહિ. ફરી અંદર ગયાં. બેત્રણ વાર બારણાં ઊઘડ્યાં ને બંધ થયાં. નર્સો આવી ને ગઈ. ઇંજેક્શન આવ્યાં. થોડી દોડધામ

મચી ગઈ. જ્યોતિબહેન બહાર આવ્યાં. 'અમે બનતો બધો પ્રયત્ન કરીએ છીએ, પણ કાંઈ કહેવાય નહિ. તમારે કોઈને બોલાવવા હોય તો બોલાવી લો.'

વ્યોમેશને ભરબપોરે સૂરજ ઓલવાઈ જતો હોય એમ લાગ્યું. ચારે તરફ અંધકારનાં પૂર ઊભરાયાં. વસુધાને કંઈ થયું તો હું શું કરીશ ? ત્રણ છોકરાઓને હું કેવી રીતે સાચવીશ ? એકનો તો હજી આજે જ જન્મ થયો છે. ઓ ભગવાન, હવે શું થશે ? પગ નીચેથી પાટિયું ખેંચી લેવાયું હોય તેમ તે ઢગલો થઈ ગયો.

બીજા બે ડૉક્ટર લાંબાં ડગલાં ભરતાં આવ્યાં અને બારણાં પાછળ અદૃશ્ય થઈ ગયા.

એક કલાક એક દિવસ જેવડો લાગ્યો.

છેવટે જ્યોતિબહેને આવીને કહ્યું : 'અત્યારે તો જોખમ ટળી ગયું લાગે છે. મળવું હોય તો આવીને મળી લો. પણ બે જ મિનિટ.'

વ્યોમેશ ઝડપથી અંદર ગયો. 'વસુધા... વસુધા...' તેનો અવાજ ઘોઘરો થઈ ગયો હતો. 'હાશ, હવા ઠીક છે ને ? હું તો એટલો ગભરાઈ હતો !' તેણે વસુધાનો હાથ હાથમાં લઈ પસવાર્યો. 'ભગવાનની કૃપા કે જોખમમાંથી તું બહાર આવી ગઈ. તને કાંઈ થયું હોત તો - તો મારું શું થાત ? ત્રણ છોકરાને હું કેમ કરીને સંભાળત ?'

વસુધાના ફિક્કા ચહેરા પર એક બહુ જ ક્ષીણ હાસ્ય ફરક્યું. ધીરે રહીને તેણે પોતાનો હાથ વ્યોમેશના હાથમાંથી સેરવી લીધો. ઘેન હેઠળ અડધી સૂતી પડેલી ચેતનામાં પ્રશ્નની એક રેખા અંકાઈ. છોકરાઓ ન હોત, તો કાંઈ વાંધો નહોતો; નહિ ?

*

વસુધા બચી તો ગઈ, પણ તેને ખૂબ શ્રમ પડ્યો હતો. શરીરની અંદર એક બખોલ થઈ ગઈ હતી, એક ઘાવ જાણે મોટું મોં ફાડીને રહેલો હતો. તે ઘેર આવી, હરતી-ફરતી થઈ પણ અશક્તિએ તેના શરીરમાં ઘર કર્યું હતું. થોડુંક કામ કરતાં તે થાકી જતી, રસોઈ તો માંડ તે કરી શકતી. વ્યોમેશ જાય કે સૂઈ જતી. છોકરાઓનું ધ્યાન બરોબર રાખી શકાતું નહીં. ઘર અસ્તવ્યસ્ત રહેતું.

ફૈબા કહેતાં કે હવે પોતે ઘરડાં થયાં છે, અને આમ પણ ધરમ-ધ્યાનમાંથી બચે એટલો જ સમય તે આપી શકે ને ? વ્યોમેશ ચા બનાવવા ગયો તો દાઝ્યો, હર્ષને તેણે બે વાર માર્યો અને અશેષ સ્ટૂલ લઈને બારી પર ચડવા જતો હતો તેને ઉતાવળે રોકવા જતાં સ્ટૂલ પણ પડ્યું ને અશેષ પણ પડ્યો. ઓહ - વસુધા ક્યારે સાજી થશે ? તેણે ડૉક્ટરને બોલાવ્યા. કોઈ ઊંડી માંદગી તો નથી ને ?

ડૉક્ટરે તપાસીને કહ્યું : 'અંદર કાંઈ ખરાબી નથી પણ જ્ઞાનતંતુ ખૂબ થાકી ગયા છે. થોડા દિવસ હવાફેર કરી આવો, માથેરાન કે લોનાવાલા જઈ આવો. તાજી હવાથી અને આરામ કરવાથી સારું થઈ જશે.'

વસુધાનું મન લીલું થઈ ગયું. લગ્ન પછી સાથે સરસ જગ્યાએ ક્યારેય ગયાં નહોતાં. માથેરાન તેણે જોયું નહોતું, પણ વાતો સાંભળી હતી. ટચૂકડી ટ્રેન, હરિયાળા પહાડો, ધુમ્મસભરી ખીણો. મારા મનને સારું લાગશે. મારો થાક ઊતરી જશે.

પણ વ્યોમેશે ડોકું ધુણાવ્યું. 'માથેરાન જઈ તો શકાય.....પણ તને સાજાં થતાં કેટલા દિવસ લાગે, કોને ખબર ? ઘણી રજા લેવી પડે. અને છોકરાઓનું શું ? હર્ષ મોટો થયો છે. તેને ધારો કે ફૈબા પાસે મૂકીને જઈએ, પણ અશેષ અને દીપંકરને તો સાથે લેવા જ પડે. તેમને કોણ સાચવે ?'

માંદગીમાં કાંટાળી વાડ ઓળંગી, માથેરાનનાં હરિયાળાં મેદાનમાં ફરતું, પંખીના ટહુકા સાંભળવાનું વસુધાનું મન પાછું આવી વાસ્તવિકતાની પથારીમાં ગુપચુપ ભરાઈ ગયું.

વ્યોમેશ આંટા મારવા લાગ્યો. હસીને બોલ્યો : 'હું માંદો પડું તો કોઈ ખાસ તકલીફ ન પડે, પણ તું માંદી પડી તો ઘરનો વ્યવહાર જ જાણે ઠપ્પ થઈ ગયો....' પછી અચાનક કંઈક સૂઝી જતાં બોલ્યો : 'લે વસુધ , આ તો મને યાદ જ નહોતું આવ્યું. તું તારી મા પાસે જ જા ને ! આમ પણ તું ઘણા વખતથી ગઈ નથી. ત્યાં તને આરામ મળશે અને મન પણ પ્રફુલ્લિત થઈ જશે.'

વસુધાએ વિરોધ કર્યો : 'ત્રણ છોકરા ને માંદી હું - આટલાં બધાંનો બોજો મા પર કેમ નખાય ?'

'પણ ત્યાં તો ઘણાં જણ છે ને ! વળી મોકળું ઘર છે. અને તને માથેરાન કરતાં મા પાસે ન ગમે ? ત્યાં તને વધારે આરામ મળશે. મા છે એટલે

દીપંકરનોય વાંધો નહિ આવે.'

કોઈ પોતાની ચિંતા કરતું હોય, પોતાના આરામ માટે ઉપાયો વિચારતું હોય ત્યારે કેમ કહેવાય કે હર્ષના જન્મ વખતે મા પાસે જવા હું ઝંખતી હતી ત્યારે તમે મને નહોતી જવા દીધી. આજે મારે ત્યાં જવું નથી, મારી માંદગીનો બોજો એની પર નાખવો નથી ત્યારે તમે મને ત્યાં મોકલવાનો આગ્રહ રાખો છો !

અને કહો તો, તમે માંદા હોત તો મેં તમને ક્યાંય મોકલી દીધા હોત કે ? ત્રણ બાળકોને સાચવવા ઉપરાંત ફૈબાને સાચવ્યાં હોત અને તમારી પણ ચાકરી કરી હોત, અને એ બરોબર જ છે. માણસને સાજેમાંદે પોતાનું માણસ કામ ન લાગે તો તે ક્યાં જાય ?...

બોલ્યા વિના મનના વિચારોની બીજાને જાણ નથી થતી એ સારું જ છે, નહિ તો દુનિયાનો કારોબાર ચાલત શી રીતે ?

પોતાની માંદગીમાં પોતાનો માણસ વસુધાને કામ લાગ્યો નહિ. રજા લઈને વ્યોમેશ તેને પિયર મૂકી આવ્યો.

*

લાલ ઈંટોનું, ઢળતા છાપરાવાળું નાનકડી અગાસીવાળું એ જ ચિરપરિચિત ઘર. આંગણામાં એ જ પાતળો, નાજુક, આછી લીલી પર્ણઘટાવાળો સરગવો. હવામાં ઝૂલતાં નાનાં શ્વેત ફૂલ. સક્કરખોરાનું ગુંજનમય ઉડાણ, માંદી વસુધા સરગવાની આસપાસ ફરી. ચંપાને વહાલ કર્યું. તેનાં ફૂલોની સુગંધથી ખોબો ભરી લીધો.

મા તો રાજી જ થઈ. છોકરાઓને નવા દોસ્તારો સાથે રમવાની મઝા પડી. મોટીબહેનની તેર વરસની દીકરી સારા અને નાનકડો અપુ પણ હતાં. હેતપ્રીતના કિલ્લોલથી ઘર ગાજી ઊઠ્યું. વસુધાના ચહેરા પર રંગ ડોકિયું કરવા લાગ્યો.

વ્યોમેશના પત્રો આવતા : 'તબિયત કેમ છે ? બરોબર આરામ કરજે. સરખું ખાજે-પીજે.' થોડા વખત પછી પત્ર આવ્યો : 'તું સાજી થઈ ગઈ હોય તો હવે આવતી રહે. ઘરમાં બહુ અગવડ પડે છે.'

તારા વગર ગમતું નથી - એમ કહ્યું હોત તો ઊડીને જવાનું કદાચ મન

થાત. પણ શી ખબર, એવું કહેલું ખોટુંયે હોત. લૂખીસૂકી પણ સાચી વાત સારી.

જવાની તૈયારી કરી. ભાઈએ કહ્યું : હું મૂકવા આવીશ. દિવસ નક્કી કર્યો. આગલી સાંજે તે અગાસીમાં ગઈ. અગાસીની પાળીને અઢેલીને તે ઊભી રહી. ચારે બાજુ વિસ્તરેલાં નાનાં નાનાં મકાનો, વચ્ચે ક્યાંક લીમડાનાં, પીપળાનાં ભરાવદાર વૃક્ષો, દૂર દેખાતું મેદાન, ઘાસ પર ઢોળાયેલા પીળી સાંજના અવશેષ તે જોઈ રહી. લગ્ન પહેલાંની સાંજ યાદ આવી. હવે ફરી ક્યારે આટલી નિરાંત મળશે ?

હવાનો એક ઝપાટો આવ્યો અને તેની સાથે પડોશના મકાનમાંથી હાસ્યનું મોટું મોજું વહી આવ્યું. એકસામટાં ઘણાં જણ ખૂબ હસતાં હતાં. 'બધાં ખૂબ આનંદ કરતાં લાગે છે' - તેણે વિચાર્યું. હર્ષ અને અશેષનાં હાસ્ય પણ એમાં જ ભળ્યાં હશે. ઘડીક વાર એ હાસ્યની છાલકથી તે ભીંજાતી રહી, પછી નીચે ઊતરી આવી.

બીજે દિવસે વહેલી સવારે નીકળવાનું હતું. બધી તૈયારી કરીને તે સૂવા ગઈ. સારા બાજુમાં જ સૂતી હતી. અચાનક વસુધાને યાદ આવ્યું. પૂછ્યું : 'સારા, તમે લોકો સાંજે આટલું બધું શું હસતાં હતાં ?'

સારાએ ઉત્સાહમાં બેઠાં થઈને જવાબ આપ્યો : 'તમે સાંભળેલું માસી ? એ તો આદિત્યભાઈ વાઘ-રીંછની વાત કરી બધાંને હસાવતા હતા.'

વસુધાની આંખમાંથી સહસા ઊંઘ સરી પડી. 'આદિત્ય આવ્યો છે ?'

સારાએ નવાઈ પામીને પૂછ્યું : 'તમે એમને ઓળખો છો, માસી ?'

'હા, એક વાર હું નાની હતી ત્યારે મને પણ બહુ હસાવી હતી.'

'કેવી સરસ વાતો કરે છે, નહિ માસી ? હિમાલયના વાઘની વાત કરતાં એવી ગર્જના કરી કે અશેષ તો બીને મારા પડખામાં ભરાઈ ગયો હતો.'

આદિત્ય આવ્યો છે, અત્યારે જ છેક ખબર પડી. આજકાલમાં જ આવ્યો હશે. નહિતર તો જાણ થઈ હોત. મળવા જવાનું મન થઈ આવ્યું, પણ રાતના દસ વાગ્યા છે. અત્યારે જાય તો કેવું લાગે ? અને શી ખબર, પોતાને ઓળખે કે ન ઓળખે. સાત-આઠ વર્ષ પહેલાં એક વાર આવ્યો હતો ત્યારે મળેલાં. ત્યારે

પોતે હરણી જેવી ચંચલ ઉત્ફુલ્લ તરુણી હતી. આજે હું ત્રણ છોકરાની મા છું. કદાચ નયે ઓળખે.

સવારે નીકળતાં પડોશના મકાન તરફ વળી વળીને નજર ગઈ. કદાચ વહેલો ઊઠ્યો હોય. ફરવા જવા નીકળ્યો હોય. બે મિનિટ વાત કરી લેવાય. યાદ તાજી કરી શકાય. પણ મકાન શાંત હતું. આગણું શાંત હતું. દરવાજો ચૂપ હતો.

વસુધા છોકરાઓને લઈને ઘોડાગાડીમાં બેઠી. ગાડી ચાલવા લાગી... નિયતિ તરફ. દરેક જણ પોતાની નિયતિ તરફ ગતિ કરે છે. તેમાંથી કોઈ છટકી શકતું નથી. તેના મોં પર સ્મિત આવ્યું. કોઈક વાર તને મળીશ આદિત્ય, તારા ખબર જાણીશ, તારી પાસેથી હિમાલયની વાતો સાંભળીશ...કોઈક વાર...



૮

દીપંકર છએક મહિનાનો થયા પછી વસુધા ત્રણે બાળકોને લઈને, ઘરથી જરા દૂર એક જાહેર બાગ હતો ત્યાં ફરવા જવા લાગી. વ્યોમેશ આવે તે પહેલાં તે અડધીપડધી રસોઈ કરી લેતી અને બાળકોને લઈને નીકળી જતી. ઘરની બહાર નીકળતાં જ ખુલ્લી હવા તેને ચિરપરિચિત સખીની જેમ ભેટી પડતી. હર્ષ ને અશેષ બાગમાં બીજા છોકરાઓ સાથે રમતા. વસુધા દીપંકરની બાબાગાડી પાસે મૂકી એક બાંકડા પર બેસતી. બાગમાં ઘણાં લોકો આવતાં. તેમની અવરજવર, વાતોનો ઘોંઘાટ, રમતાં બાળકોનો કોલાહલ – એ બધાંની વચ્ચે પણ વસુધાને શાંતિ લાગતી. સમય થોડો મળતો, ઝટપટ પાછા જઈ બાકીની રસોઈ પૂરી કરવાનું કામ માથા પર લટકતું રહેતું. એમ છતાં આ થોડીક ક્ષણો તેના મનને હળવું કરી દેતી. બાળકોનો આભાર, કે એમને લઈને પોતે બાગમાં આવી શકે છે. બાળકો ન હોય તો વ્યોમેશને ચા આપીને પોતે શાક લેવા જઈ શકે. પણ બાગમાં ફરવા થોડી જ જઈ શકે ? વ્યોમેશ તો કામ પરથી આવ્યો હોય, થાક્યો હોય ! એને આવીને એની પ્રિય આરામખુરશીમાં બેસી લાંબા પગ કરી ચા પીતાં પીતાં સવારનું બાકી રહેલું છાપું વાંચવાનું ગમતું. એટલે એને કાંઈ સાથે ફરવા આવવાનું કહેવાય નહીં. ફૈબાને અને ફરવાને તો સ્નાનસૂતકનોય સંબંધ નહિ. વસુધાને પોતાને એકલાં ફરવા જવાનો કોઈ વાંધો નહોતો, પણ ઘરની યુવાન વહુ એકલી બાગમાં ફરવા જાય એ વિચાર જ કેવો લાગે ?

એક દિવસ તે બાંકડા પર બેઠી હતી, ત્યાં તેનું ધ્યાન ગયું. તેની બાજુમાં એક સરસ, ચંચળ લાગતી છોકરી આવીને બેઠી હતી, તેના ભણી જોઈ રહી હતી. વસુધાએ જરાક મુખ મલકાવ્યું. છોકરી પણ હસી. હાસ્ય વડે જાણે એક સંબંધ શરૂ કરવાની રાહ જોતી હોય તેમ તે બોલી : 'રોજ આવો છો ?'

'લગભગ,' વસુધાએ કહ્યું.

'આ દીકરો તમારો છે ?' તેણે બાબાગાડી તરફ ઇશારો કર્યો. વસુધાએ ડોકું ધુણાવ્યું. 'પેલા બે પણ મારા છે.' તેણે હર્ષ અને અશેષ તરફ નજર કરી.

'બાપ રે ! ત્રણ બાળકો ?' છોકરી ચકિત થઈને બોલી. 'પણ તમે તો હજી સાવ નાનાં લાગો છો.'

'મને છવ્વીસમું ચાલે છે.'

'બહુ વહેલાં લગ્ન થયાં હશે.'

'અઢાર વરસે લગ્ન થયાં. વીસમે વર્ષે પહેલા દીકરાનો જન્મ થયો.'

છોકરીએ નિરાશાથી માથું હલાવ્યું. તેના સહેજસાજ કથ્થઈ રંગના પાતળા વાળ હવામાં ફરફરી ઊઠ્યા. 'તો તો તમે ઝાઝું ભણ્યાં નહિ હો. તમારું મોં જોઈને મને લાગ્યું કે તમે ઘણું ભણ્યાં હશો.'

છોકરી બોલકી હતી. વસુધા જાઉં જાઉં કરતી વળી જરા બેસી પડી. બોલી : 'ઇન્ટર ભણતી હતી. લગ્ન થયા પછી કૉલેજ છોડી દીધી.'

'લો, આ જ વાત છે ને !' છોકરી આવેગથી બોલી : છોકરીઓ તો જાણે લગ્ન કરવા માટે જ ભણતી હોય, એમ લગ્ન નક્કી થતાંવેંત ભણવાનું માંડી વાળે છે. ખરું પૂછો તો છોકરીઓએ તો વધારે ભણવું જ જોઈએ. મને તો લાગે છે કે છોકરાઓ હજી ન ભણે તો ચાલે પણ છોકરીઓએ તો ભણવું જ જોઈએ.'

વસુધાને વાતો કરવાની મઝા આવી. 'આવી વાત તો તમારા મોંએથી જ સાંભળી. શાથી એમ કહો છો ?'

'જુઓ, તમને સમજાવું.' છોકરી ઠાવકા સૂરે બોલી : 'છોકરાઓ તો ગમે ત્યાં, ગમે તે કરીને રહી શકે. સ્ત્રી પર કેટલીક કુદરતી મર્યાદાઓ છે. એ મર્યાદાની પૂર્તિ કરવા તેણે બીજી શક્તિઓ વધારે વિકસાવવી જ જોઈએ. નહિ તો મૂળથી જ કેટલાક અવરોધો, ઉપરથી જે શક્યતાઓ હોય તે પણ ઊઘડે નહિ - પછી એનું જીવન કેવું સાવ દરિદ્ર ને બંધિયાર થઈ જાય !'

અમારાં ફૈબા તો કહે છે : 'છોકરીઓએ ઝાઝું ભણીને શું કરવું છે ?'

'હું શરત મારીને કહું કે તમારાં ફૈબા ભણ્યાં નહિ હોય. માણસ પાસે જે વસ્તુ ન હોય તેનું મૂલ્ય તેને ન સમજાય. કોઈ માણસને હીરો શું તે ખબર જ

ન હોય તો તે હીરાને મેળવવાની ઇચ્છા કેવી રીતે કરી શકે ? અને વળી છોકરીઓ બહુ ભણે તો તેમની બુદ્ધિ બહુ ખીલે. અહા, સ્ત્રી બહુ બુદ્ધિશાળી હોય તો એ બધાંને કેટલી તકલીફ થાય ?'

'તમે ભણો છો ?'

છોકરીનું મોં પડી ગયું. 'હું એમ.એ.નું કરું છું.'

'તો ?'

'મારે ભણવું છે. મારાં મા-બાપની ઇચ્છા નથી.'

'કેમ ?'

'કહે છે કે બી.એ. તો ભણી લીધું, હવે પરણી જા એટલે અમારે માથેથી ચિંતા ઊતરે. અને તારું થાય તો પછી બહેનોનુંયે થાય ને !'

'તો પરણી જાઓ ને ! શો વાંધો છે ? એમ.એ.નું કરો છો, એટલે બાવીસેક વર્ષ તો થયાં જ હશે ને ?'

છોકરી ચિડાઈ. 'બધા લોકો એમ કહે છે. જાણે ભણવું ને પછી પરણવું – એવો કોઈ ક્રમ ભગવાને અફરપણે આંકી આપ્યો હોય !'

'તો બીજો કોઈ ક્રમ હોય છે ? ધારો કે ભણીને થોડોક વખત નોકરી કરો અને તે પછી પરણો. એમાં બહુ ફરક પડે છે ?'

છોકરીએ મોં ફુલાવ્યું. 'તમે નહિ સમજો. તમે બધાં એક ઘરેડમાં જીવનારાં લોકો છો' - તેણે મોં ફેરવી લીધું.

જવાનો વખત થઈ ગયો હતો. હવે જરા પણ વધારે રોકાવાનું પોસાય તેમ નહોતું. પણ છોકરીને આવા મૂડમાં મૂકીને જવાનું વસુધાને ગમ્યું નહિ. તેણે ઊભાં થઈને પ્રેમથી છોકરીને ખભે હાથ મૂક્યો, પણ છોકરીએ તેની સામે જોયું નહિ.

'હું તો તમને જરા ચીડવતી હતી. બાકી હું પણ માનું છું કે -'

છોકરી ઝડપથી તેની તરફ ફરી. 'શું માનો છો તમે ?'

વસુધા સહેજ અચકાઈ. પછી બોલી : 'એમ કે - દરેક વ્યક્તિને પોતાનું

જીવન પોતાની રીતે જીવવાનો અધિકાર હોવો જોઈએ. કોઈક એવી વ્યવસ્થા હોવી જોઈએ, જ્યાં સહુ સમાનપણે પોતાની શક્તિઓનો, પોતાના રસનો વિકાસ કરી શકે. એક બહેનના સુખ માટે બીજી બહેને, માબાપની નિરાંત માટે સંતાનોએ, પતિની સગવડ માટે પત્નીએ ભોગ આપવો ન પડે. ખરું પૂછો તો, એકને માટે બીજાએ ભોગ આપવાની વાત જ મને ગમતી નથી. કોઈ મહાન હેતુ માટે સ્વેચ્છાએ માણસ ત્યાગ કરે તે જુદી વાત છે, પણ કૌટુંબિક સંબંધોની રચના એવી હોય કે એક માટે બીજાએ કારણ વગર સહન કરવું પડે, તે કાંઈ બરોબર નથી. બધાંને જ સુખભેર જીવવા મળવું જોઈએ, ખરું કે નહિ ?'

છોકરી ઊભી થઈ ગઈ. 'વાહ, તમે ખરેખર આમ વિચારો છો ? બધા લોકો વિચારે એનાથી જુદું તમે વિચારી શકો છો ? તમે એમ જીવી શકો છો ?'

વસુધા હસી. 'તમારી સાથે વાત કરવાનું ગમે છે પણ મારો જવાનો વખત થઈ ગયો છે. ફરી મળીશું.' તેણે પગ ઉપાડ્યા.

'જરા વાર બેસો ને !' છોકરીએ અનુનયથી કહ્યું.

વસુધાએ ડોકું ધુણાવ્યું. 'બહુ મોડું થઈ જાય.'

'તમે ઘડિયાળથી આટલાં બધાં બંધાયેલા કેમ છો ? ઘડિયાળ આપણી શોધ છે કે આપણે ઘડિયાળની શોધ છીએ ?'

'આ ઘડિયાળનું બંધન નથી.'

'તો ?'

વસુધાએ જવાબ આપ્યો નહિ. વ્યોમેશ તો આવ્યો હોય કે નયે આવ્યો હોય ! તે હવે ઘણી વાર ઑફિસમાંથી સીધો બહાર ચાલ્યો જતો. પણ વસુધાએ તો સમયસર ઘેર પહોંચી જવું જોઈએ. તેણે હર્ષ અને અશેષને પાસે લીધા અને બાબાગાડી તરફ ચાલી.

'કાલે આવશો ?'

'બનતાં સુધી તો આવીશ.'

'બનતાં સુધી નહિ, ચોક્કસ આવજો.' છોકરીએ આગ્રહ કર્યો.

'ભલે ચોક્કસ આવીશ. તમારું નામ શું ?'

'સુમિત્રા. પણ જરૂર આવજો હોં, હું તમારી રાહ જોઈશ.'

પાછા વળતાં વસુધાના હોઠ પર ગીત હતું, પગલાંમાં લય હતો. કોઈકની સાથે વાતો કરવાથી આટલું બધું સારું લાગી શકે, એ વાત તે ઘણા વખતથી ભૂલી ગઈ હતી.

પણ બીજે દિવસે અચાનક જ તરલા ને એનો પતિ એમની ચારેય દીકરીઓને લઈને મળવા આવ્યાં. સૌથી નાનીના જન્મ પછી આ પહેલી વાર આવ્યાં, એટલે વ્યોમેશના આવતાં સુધી રોકાયાં. વ્યોમેશને તરલાના પતિ સાથે ગપ્પાં મારવાની મઝા આવતી. તેણે તેમને જમવા રોકાઈ જવા આગ્રહ કર્યો. એ માટે વસુધાને પૂછી જોવાની તેને જરૂર ન લાગી. રસોઈ કરતાં કેટલીયે વાર વસુધાનું મન ઊડીને બાગમાં જઈ આવ્યું. સુમિત્રા મોં ફુલાવીને બેઠી હશે એવી કલ્પના કરી તેને હસવાનું મન થયું પણ તેનાથી હસાયું નહિ. તે થોડીક ખોવાયેલી રહી. તરલાએ કહ્યું પણ ખરું કે આજે તમે કંઈ મઝામાં લાગતાં નથી. પણ કોઈ ઉપાય હતો નહિ. બીજે દિવસે ગમે એમ કરીને જઈશ જ એમ વિચાર્યું, પણ તે દિવસે ફૈબાને વાંસામાં દુખતું હતું. તેમને બામ ચોળી આપવામાં ને ગરમ પાણીની કોથળી કરવામાં સાંજ વીતી ગઈ. પછી તો બહુ મોડું થઈ ગયું હતું.

ત્રીજે દિવસે છેક તે જઈ શકી. ઉતાવળે પગલે તે બાગમાં પહોંચી. સુમિત્રા વખતે નયે હોય. બે દિવસ જઈ ન શકી તેથી નારાજ હોય.

ઝાડ નીચેના, તે બેઠી હતી તે બાંકડા પર જોયું. કોઈ હતું નહિ. ઝાડ પાછળનું આકાશ લાલ હતું. વૃક્ષોની છાયા અને માણસોના પડછાયા એકમેકમાં ભળી જતાં હતાં. ચારે બાજુ લોકો ફરતાં હતાં, હસતાં હતાં. છોકરાંઓ રમતાં હતાં. ટોળાની આરપાર તેણે સુમિત્રાને શોધી, દેખાઈ નહિ. તેની આંખોમાં થાક ઊભરાઈ આવ્યો. હર્ષ, અશેષને રમવા મોકલી તે આંખો મીંચીને બાંકડા પર બેઠી.

કોઈકે પાછળથી આંખો પર હાથ મૂક્યો.

વસુધાનું હૃદય પ્રસન્ન થઈ ગયું. 'સુમિત્રા !'

સુમિત્રા આગળ આવીને હસી. 'મારે તમારી સાથે ખરેખર તો બોલવું જ

ન જોઈએ. જે માણસને પોતાના વચનની કિંમત ન હોય તેની સાથે વાત કરવાથી શો ફાયદો ?'

'મેં વચન નહોતું આપ્યું.' વસુધાએ કહ્યું : 'મેં માત્ર આવીશ - એટલું જ કહ્યું હતું.'

'આપણે જે શબ્દો બોલીએ તે વચન જ કહેવાય. મન વગર કે અડધા મનથી બોલાયેલા શબ્દોને હું જૂઠાણું જ ગણું છું.'

'ન પાળી શકાયેલાં બધાં વચન જૂઠાણાં નથી હોતાં, સુમિત્રા !' વસુધાએ ધીમા સ્વરે કહ્યું : 'ઘણી વાર એ લાચારી પણ હોય છે.'

સુમિત્રાનો અવાજ મૃદુ થઈ ગયો : 'મને માફ કરજો, હું સમજું છું. પરણેલી સ્ત્રી ઇચ્છા થાય ત્યારે બાગમાં ન જઈ શકે, મળીશ - કહ્યું હોય, પણ મળી ન શકે.'

એના કહેવામાં કટાક્ષ હતો ? વસુધાએ એની આંખોમાં ઊંડેથી જોયું. એ સ્નિગ્ધ સુંદર ચહેરાની બે કાળી કીકીના ઊંડાણમાં માત્ર દુ:ખ હતું.

'મને ખબર છે.' તેણે ફરી કહ્યું. 'સ્ત્રી પરણે એટલે કેવી તો આખી બદલાઈ જતી હોય છે. તેનું ઘર બદલાય છે, તેનું નામ બદલાય છે, તેનાં સપનાં બદલાય છે. પતિનો ધર્મ તેનો ધર્મ બને છે. તેનો સમય તેનો રહેતો નથી. તેની જાત તેની રહેતી નથી. સ્ત્રી બીજી વાર પરણે તો લોકો કહે છે : એક ભવમાં બે ભવ કર્યા. પણ મને લાગે છે કે સ્ત્રી પરણે ત્યારે જ તેના બે ભવ થઈ જતા હોય છે. પુરુષ પોતાનું જે હોય તે બધું લઈને લગ્ન નામના પ્રદેશમાં પ્રવેશ કરે છે; સ્ત્રી પોતાનું જે હોય તે બધું છોડીને....'

હું માનતી હતી કે આવા વિચાર મને એકલીને જ આવે છે, પણ તમેયે મારી કેડી પર જ ચાલો છો. મારી વેદના તમારા કંઠેથી વાચા બનીને ફૂટે છે...વસુધા વિચારી રહી. તેણે સુમિત્રાના હાથ પર હાથ મૂક્યો. મૃદુપણે કહ્યું : 'તમે ખૂબ અકળાયેલાં લાગો છો.'

'અકળાઉં નહિ તો શું કરું ?' સુમિત્રાના શબ્દો ભભૂકી ઊઠ્યા. 'સાપનો ભારો - જેવા ગંદા શબ્દો આપણે માટે કોણે વાપર્યા છે ? હું બોજ હોઉં એમ મારાં માબાપ મને લગ્ન માટે રોજ આગ્રહ કર્યા કરે છે...તારું થાય તો નાની બહેનો માટે પછી રસ્તો ખુલ્લો થાય....મારી બહેનો માટે મને લાગણી નથી

એવું કાંઈ નથી. પણ એમને ખાતર મારે ઇચ્છા વિરુદ્ધ પરણી જવું - એ ક્યાંનો ન્યાય ?'

'તમે લગ્ન કરવા જ નથી માગતાં ?'

'એવું નથી.' સુમિત્રા જરા શાંત પડી. 'પ્રેમ અને ઉષ્માની જરૂર કયા માનવહૃદયને ન હોય ? હું પરણીશ - પણ મને ગમતો માણસ મળશે તો જ અને ત્યારે જ.'

'તમને કેવો માણસ ગમે ?'

'એવો માણસ, જે મને અખંડ રહેવા દે. તમે ટાગોરનું પેલું ગીત વાંચ્યું છે ? તું જેવી છો તેવી બસ આવ ચાલી. મેઘાણીએ અનુવાદ કર્યો છે. વાંચ્યું છે ? એ જેવી છે - માં આંખોના કાજળની કે કેશની વીખરાયેલી લટોની વાતમાત્ર નથી. ખરેખર તો એ વ્યક્તિની સમગ્રતાની વાત છે.' તે જરા અટકી. 'તમને કંટાળો આવે છે ? હું બહુ બોલું છું એમ લાગે છે ?'

વસુધા ઉત્સુકતાથી બોલી : 'ના, ના, મને બહુ જ ગમે છે. આવી તથ્યવાળી વાતો કરવા તો મારું મન ઝંખે છે. તમને કેવો માણસ ગમે એની તમે વાત કરતાં હતાં...'

'હા. મને એવો માણસ ગમે, જે સ્વામી નહિ મિત્ર બની શકે, જે મારા હાથમાં હાથ પરોવી ચાલી શકે. પણ તમને લાગે છે - કોઈ પુરુષ આવો હોઈ શકે ? ચોવીસે કલાક પોતાની સેવા કરનાર સ્ત્રીને બદલે, પોતે જેની સાથે સમાન આદરથી વર્તવું પડે એવી સ્ત્રીને પરણવા કોઈ પુરુષ તૈયાર થાય ખરો ? અરે, તમને ગમ્મતની એક વાત કહું. તે દિવસે આપણે મળ્યાં ને, તેના બે દિવસ પહેલાં જ એક છોકરો મને જોવા આવેલો. મારી મા આવું બધું ગોઠવ્યા કરે છે. છોકરો કોઈ કંપનીમાં જુનિયર ઍક્ઝિક્યુટિવ હતો. લાંબો-પહોળો, ઊંચો, ટૂંકમાં કહીએ તો દર્શનીય. મારી માને તો ગમી ગયો. મને અંદર બોલાવીને ગુસપુસ કહે : એ હા પાડે તો મહેરબાની કરીને તું ના ન પાડતી. જોયું ને ? એ ના પાડે તો તમે સમસમીને બેસી રહેવાનાં. પણ હું ના પાડું તો કેટલોય ઠપકો સાંભળવો પડે. એ વખતે એની આંખોમાં આજીજીનો જે ભાવ હતો ! મને થયું : છોકરીની મા છે એટલે આટલી બધી લાચારી ! એ ભાવ જોઈને મને દયા લગભગ આવી જ જાત ! પણ કહે છે ને - બીવેર ઑફ પિટિ...ખોટા સ્થળે,

ખોટી પળોએ દયાળુ થવાથી ખોટ જ ખાવી પડે.

'હું તો છોકરાના મોં પરના ભાવમાં જરા સ્વીકૃતિનો અણસાર કળાયો હશે, એટલે બીજાં બધાં ત્યાંથી ઊઠી ગયાં. કહે : તમે જરા વાત કરો, અમે હમણાં આવીએ છીએ.

'અમે એકલાં પડ્યાં. છોકરો મારી સામે જોઈને હસ્યો. એનું હાસ્ય મને ગમ્યું. પછી એ જ ચીલાચાલુ પ્રશ્ન એણે પૂછ્યો : તમને શાનો શોખ છે ? મેં કહ્યું : ખૂબ ભણવાનો, ખૂબ વાંચવાનો. એ પછીનો પ્રશ્ન શો હતો, ખબર છે ? કહે : તો પછી તમને રસોઈ કરતાં આવડે છે ? રસોઈ કરવાનું ગમે છે ? તમે સમજ્યાંને ? તો પછી - એટલે કે ભણવાનો શોખ છે 'તો પછી' રસોઈ કરવાનું ગમશે ? મેં તો ત્યારે જ નક્કી કરી નાખ્યું કે છોકરો ગમે તેટલો સારો હોય, તોય મારા ખપનો નથી. રસોઈની આવડત તે જ સ્ત્રીનું સૌથી મુખ્ય ક્વૉલિફિકેશન જેને મન હોય, તે સહજીવનનો મહિમા શું સમજે ?

'પણ ગમ્મતની વાત તો હવે આવે છે. કહે : તમારું નામ સુમિત્રા, નહિ ? મેં ડોકું ધુણાવ્યું. તે કહે : મારા મોટાભાઈની દીકરીનું નામ પણ સુમિત્રા છે. તમારું નામ આપણે બદલી નાખીશું. બીજું કાંઈક સરસ નામ રાખીશું. એની ધૃષ્ટતા તો જુઓ ! મને તે કબૂલ છે એમ માનીને એણે તો વાત કરવા માંડી. પણ હું યે કાંઈ ઓછી નથી ! મેં કહ્યું, તમારું નામ શૈલેશ ને ? મારી કૉલેજમાં એક શૈલેશ હતો. છોકરીઓની બહુ છેડતી કરવા માટે અને વિદ્યાર્થી-સંઘનાં નાણાંનો ગોટાળો કરવા માટે તે બહુ બદનામ થયેલો. મને શૈલેશ નામ પર સખત ચીડ છે. તમારું નામ પણ આપણે બદલી નાખીશું. અહાહા, એનો ચહેરો ત્યારે જોયો હોય તો !' સુમિત્રા મોં દાબીને હસી. 'એ તો આભો જ થઈ ગયો. કહે : પુરુષનું નામ તે કદી બદલાતું હશે ? આ નામ સાથે હું ૨૭ વર્ષ જીવ્યો છું. એ કેમ બદલાય ? મેં એને કહ્યું નહિ પણ મનોમન મને થયું - તો અમે અમારાં નામ સાથે જાણે જીવ્યાં નહિ હોઈએ, એમની સાથે રમકડે રમ્યાં હોઈશું નહિ ? બોલતાં બોલતાં એનો કંઠસ્વર પાછો તીખો ગઈ ગયો. 'એ લોકો માને છે કે પોતે પરણે એટલે સ્ત્રીના વ્યક્તિત્વના કોઈ પણ અંશ સાથે કાંઈ પણ ચેડાં કરવાની છૂટ મળી જાય છે. એ લોકો તો ફાવે તે કરે, અને આપણી નાની સરખી વાતને એવી રીતે જુએ જાણે તે કોઈ બળવાનું જાહેરનામું હોય !'

વસુધા ખડખડાટ હસી પડી. 'મને યાદ છે, મારાં એક કાકીનું નામ લીલા હતું. પછી નાના કાકા પરણ્યા. તેમનાં પત્નીનું નામ પણ લીલા હતું, તો એનું નીલા કરી નાંખ્યું. મારાં નાનાં કાકીને એ જરાયે ગમતું નહિ. અમે છોકરાંઓ ઘણી વાર ટીખળમાં તેમને પૂછતાં : નાનાં કાકી, તમારું નામ શું ? તો ઉશ્કેરાઈને કહેતાં : લીલા, મારું નામ લીલા જ છે. પણ ઘરનાં બધાંને એમની આ નાપસંદગીની કાંઈ પડી નહોતી. તેઓ તો તેમને નીલા કહીને જ બોલાવતાં.'

'સ્ત્રીની નાપસંદગીની સાસરામાં કોને પડી હોય છે ? મારાં એક માસીનું નામ વિમલા હતું. પરણ્યાં એટલે માસાએ તેમનું નામ વિનોદિની કરી નાંખ્યું. કહે : મને વિમલા પસંદ નથી. કેમ ભાઈ, તમને પસંદ તે હીરોમોતી અને અમને પસંદ તે ગારો-માટી ?'

વસુધા હસી. 'પણ માસીએ એ નામ સ્વીકારી લીધું ને ? બધી સ્ત્રીઓ સ્વીકારી લેતી હોય છે.'

'પણ હું નથી સ્વીકારવાની.' સુમિત્રાના અવાજમાં દૃઢતા હતી. 'મારી મા ને બાપા તો શું ખુશ ! છોકરો બહુ સારું કમાય છે. દેખાવે પણ સારો છે. કુટુંબ પણ સારું છે. આથી વધુ તને જોઈએ જ શું ?'

વસુધા સુમિત્રા ભણી સ્થિરતાથી જોઈ રહી, એના અંતરમાં કંઈક ફંફોસી રહી. પછી સહૃદયતાથી બોલી : 'એમના આગ્રહ સામે ટકી રહેવાનું તમને મુશ્કેલ લાગે છે ?'

સુમિત્રા ઢીલી થઈ ગઈ. 'એમને મારે માટે લાગણી છે, એના જોર પર તેઓ એમની ઇચ્છા મારી પાસે કબુલાવવા ઇચ્છે છે. કહે છે : બહુ ચપચપ કરવા જઈશ તો કુંવારી રહી જઈશ. કુંવારા રહેવાનો મને વાંધો નથી, પણ નાની બહેનોની મુશ્કેલી છે. મા કહે છે : બધા પૂછશે કે મોટીનું હજી સુધી કેમ કાંઈ નથી કર્યું ? એમને થશે કે ચોક્કસ કાંઈ વાંધો હશે. કેમ જાણે સ્ત્રી પરણવા ખાતર ઘણું જતું કરી શકે, પણ પોતાની દૃઢ માન્યતા કે સિદ્ધાંત ખાતર કાંઈ જતું કરી શકતી જ ન હોય !'

તે વસુધા ભણી તાકી રહી. 'તમને એમ લાગે છે ને કે હું બહુ જોરદાર વ્યક્તિ છું ! હું વાતો કરું છું, પણ મનથી કોઈ વાર ઢીલી થઈ જાઉં છું. મને

લાગે છે કે કોઈક વાર હું થાકીને કહી દઈશ કે સારું, તો પછી તમને ઠીક લાગે તેવા માણસ સાથે પરણાવી દો. પતાવી દો - તમારે તો છેવટે પતાવવાનું જ છે ને ?'

'હં-હં' વસુધાએ તેનો હાથ પકડી લીધો. 'એવું કરતાં નહિ કદી. આપણે તમારે માટે કોઈ સરસ જણ શોધી કાઢીશું. ક્યાંક કોઈ એવો જુવાન હશે જેને આજ્ઞાંકિત ઢીંગલીની નહિ, પણ મોંઘામૂલા મિત્રની શોધ હોય. જે સત્તા ચલાવવામાં નહિ, સાથે જીવવામાં માનતો હોય. ભાંગી ન પડતાં. હું તમને મદદ કરીશ.'

સુમિત્રાએ ભાવથી તેની સામે જોયું. 'મારી કોઈ બહેનપણી સાથે હું આવી વાતો કરી શકતી નથી. એ બધાં ગતાનુગતિક છે. એમને થાય છે, હું સાવ વિચિત્ર વાતો કરું છું ! પણ તમે મને સમજો છો. હું તમારે ત્યાં કોઈ વાર આવું ? તમે ક્યાં રહો છો ?'

વસુધાએ સરનામું આપ્યું.

પણ વસુધાને ખબર નહોતી કે એક સ્થળે એક વ્યક્તિ સમક્ષ બોલાયેલા શબ્દો ગમે તેટલા સાચા, મૂલ્યવાન હોય, બીજે કોઈ સ્થળે બીજા કોઈ માણસ સમક્ષ એ શબ્દોનો કશો અર્થ ન રહે, એમ બને.

આ પછી બેત્રણ વાર વસુધા ને સુમિત્રા મળ્યાં હતાં. છેલ્લે મળ્યા પછી ત્રણ દિવસ સુમિત્રા દેખાઈ નહિ, ત્યારે વસુધાને ચિંતા થઈ. રાતે બધું કામ પતાવીને સૂવા જતાં તે વિચાર કરતી હતી કે સુમિત્રા પર કોઈ દબાણ તો નહિ આવ્યું હોય ને ! ત્યાં જ બારણાં પર ટકોરા પડ્યા. વસુધાએ સફાળા જઈને બારણું ઉઘાડ્યું. ઉંબર પર સુમિત્રા હતી. તેના હાથમાં બૅગ હતી. ઘરથી ભાગી આવી છું - તેણે ઉલ્લાસ ને શક્તિથી ચમકતી આંખો સાથે કહ્યું. વસુધાનું હૃદય એક થડકાર ચૂકી ગયું. તેણે અંદરના ઓરડા તરફ જોયું. વ્યોમેશ ઊંઘી ગયો હશે કે જાગતો હશે ? એ શું કહેશે ?

અંદર કાંઈ સંચાર નહોતો. 'આવો, અંદર આવો.' તેણે સુમિત્રાના હાથમાંથી બૅગ લેતાં કહ્યું.

●

૯

હર્ષ અને અશેષ સૂતા હતા, તે રૂમમાં વસુધાને સુમિત્રા માટે સૂવાની વ્યવસ્થા કરી. સુમિત્રાના મનમાંથી ઘણી બધી વાતો બહાર આવવા ઊછળતી હતી, પણ વસુધાએ 'બહુ મોડું થયું છે - સવારે વાત !' કહીને એને સૂઈ જવાનું કહ્યું - 'આપણે ધીમા અવાજે વાતો કરીશું. કોઈ જાગી નહિ જાય' - સુમિત્રાએ આગ્રહ રાખ્યો. 'ચાલોને તમારી અગાસીમાં બેસીને વાતો કરીએ, મારે તમને ઘણું ઘણું કહેવાનું છે. તમે બહુ થાકી ગયાં છો ?'

વસુધા મનમાં પીડાઈ રહી. થાકની વાત નથી. પણ વ્યોમેશ કદાચ જાગતો હશે. પૂછશે તમારા વિશે, ત્યારે હું શું કહીશ ?

વસુધાએ સુમિત્રા વિશે સાધારણ વાત વ્યોમેશને કરી હતી. બાગમાં ફરવા જાઉં ત્યારે મળે છે, એમ.એ.નું કરે છે - વગેરે. પણ એના સંઘર્ષની વાત નહોતી કરી. અત્યારે વ્યોમેશ જાગતો હશે તો પૂછશે - આ રાતવેળાએ કેમ આવી છે તારી બહેનપણી ?

ભાગીને આવી છે - એમ પોતે કહે તો વ્યોમેશનો પ્રતિભાવ કેવો હશે ? એને ઘરમાં રહેવા દેશે ? જડતા અને રૂક્ષતાથી કહી દેશે કે : એવું લફરું મને મારા ઘરમાં ન જોઈએ !

દિવસે આવી હોત તો મળવા આવી છે એમ કહી શકાત. પણ રાતે સૂવાટાણે આવી છે. ગામમાં ઘર હોવા છતાં બૅગ લઈને આવી છે. એને માટે શો જવાબ આપી શકાય ?

વ્યોમેશને થોડી વાર સમજાવી દઈ શકાય એવો કોઈ જવાબ તેને સૂઝ્યો નહિ એટલે, કે પછી સ્વમાન જાગ્રત થયું અને 'એમાં શું ? જે છે તે કહીશ' - એમ વિચાર્યું એટલે, મનમાંથી દ્વિધા ખંખેરી નાખીને તે ધીમા પગલે રૂમમાં ગઈ. જોઉં—શું કહે છે તે.

સદ્ભાગ્યે વ્યોમેશ ઊંઘી ગયો હતો. રાતે તેને જલદી ઊંઘ આવી જતી. એ વસુધાને ક્યારેક ખટકતું, પણ આજે વરદાન જેવું લાગ્યું.

બીજે દિવસે વસુધા વહેલી ઊઠી ગઈ. સુમિત્રા જાગતી જ હતી. તરત જ તે ઊઠીને રસોડામાં આવી અને વસુધાને મદદ કરાવવા લાગી. વસુધાને એક એક પળ પસાર થતી હતી તે બિવડાવતી જતી હતી. હવે તો વ્યોમેશ પૂછશે જ. બીજાની મુશ્કેલી તે સમભાવ અને સહાનુભૂતિથી સમજે એવી તેની પ્રકૃતિ નથી. માબાપને ઘેરથી રાતે ભાગી આવેલી જુવાન છોકરી પ્રત્યે તેનો ભાવ કેવો હશે તે કલ્પવાનું અઘરું નથી.

ચા પીને, છાપું વાંચ્યા પછી વ્યોમેશ નાહવા માટે ઊઠ્યો, ત્યારે તેણે રસોડામાં સુમિત્રાને જોઈ. આશ્ચર્ય પામી તેણે હાક મારી : 'વસુધા !' વસુધા કટોકટીની પળ માટે હિંમત એકઠી કરતી જરા વાર ઊભી રહી, પછી ધીમે ચાલતી ગઈ. સુમિત્રા રસોડામાં શાક સમારતી હતી. વ્યોમેશે પૂછ્યું : 'કોણ આવ્યું છે ?'

પણ વસુધા કાંઈ જવાબ આપે તે પહેલાં દીપંકરનો રડવાનો અવાજ આવ્યો. વસુધાના હૃદયમાં ખુશીની એક લહર દોડી ગઈ. ભલે બે પળ માટે, પણ ચુકાદાની ઘડી દૂર ઠેલાઈ હતી. 'એ તો સુમિત્રા છે -' બોલતી તે અંદર દોડી. 'હમણાં આવું હોં -'

વ્યોમેશે ફરી રસોડા નજીક આવીને ડોકિયું કર્યું. સુમિત્રા તેના તરફ જ જોઈ રહી હતી. વ્યોમેશ નજીક આવતાં તે ઊભી થઈ. 'કેમ છો વ્યોમેશભાઈ ? હું સુમિત્રા. મારા વિશે વસુધાબહેને તમને વાત તો કરી હશે.' તે સવારનાં કિરણો જેવું ઝગમગતું હસી. 'આપ મને અહીં જોઈને નવાઈ લાગી ને ? મારા શિક્ષક મને કહેતા કે તું લોકોને બીજું કાંઈ ન આપી શકે પણ આશ્ચર્ય અને આંચકા તો આપી જ શકે છે.' તે ફરીથી હસી. 'પણ હું તમને બધી નિરાંતે વાત કરીશ. થોડા દિવસ તો હું અહીં રહેવાની છું.'

આનંદ અને ઉત્સાહથી ચમકતા એ સુંદર તાજા ચહેરાને જોઈને, એની ખળખળતી વાત સાંભળી વ્યોમેશ સહેજ વિસ્તરી ગયો. 'હા હા, આવ્યાં તો બહુ જ આનંદ થયો. વસુધાએ મને તમારા વિશે કહ્યું તો હતું જ. આપણે પછી નિરાંતે વાત કરીશું.' અને ઉત્સુકતાને જરા વાર સંકેલી લઈ તે નાહવા ચાલ્યો ગયો.

જમતી વખતે પછી પૂછ્યું. 'વસુધા, તેં તો મને કાંઈ વાત નથી કરી. કોણ છે આ છોકરી ?'

વસુધા બોલી : 'વાત કેમ નથી કરી ? બાગમાં હું છોકરાઓને લઈને જાઉં ત્યારે ઘણી વાર મળે છે, બી.એ. પાસ થઈ છે – બધું કહ્યું તો હતું !'

'હા, પણ આમ આપણે ત્યાં કેમ આવી છે ?'

અચાનક જ વસુધાને જવાબ સૂઝી ગયો. ખુશ થતી તે બોલી : 'મેં એને કહ્યું હતું, થોડા દિવસ આવીને રહેવાનું. મારે એની પાસેથી થોડી વાનગીઓ શીખવી છે. કેવી ખુશમિજાજ છોકરી છે, નહિ ?' તે વ્યોમેશ સામે હસીને જોઈ રહી. મનમાં ભય પામી રહી કે હવે કયો સવાલ આવશે. એટલામાં કોઈએ બારણું ખટખટાવ્યું. તે ઉઘાડવા ગઈ. ત્યાં હર્ષ અને અશેષ લડી પડ્યા, અને તે એમનામાં રોકાઈ ગઈ. વ્યોમેશે પછી ઝાઝું કાંઈ પૂછ્યું નહિ, તૈયાર થઈને તે કામ પર ચાલ્યો ગયો. તેના જતાં વસુધાનો સવારથી અધ્ધર રહેલો શ્વાસ નીચે આવ્યો. હાશ, ભય અને આશંકાનો એક પટ તો ઓળંગાઈ ગયો. હવે સાંજે જે થાય તે.

તે દિવસે પછી સુમિત્રાએ વસુધાને રસોડાનું બાકીનું કામ કરવા ન દીધું. 'આજે બધું હું જ કરીશ. તમે બીજું જે કરવું હોય તે કરો; ન કરવું હોય તો ન કરો, આજે તમને છુટ્ટી.' વસુધાએ આનાકાની કરી, તો પ્રેમ ને ઉપાલંભથી કહે : 'રોજેરોજ તો તમારે આ કરવું જ પડતું હશે ને ? અઠવાડિયાના સાતે દિવસ ને વરસના બારે મહિના. પુરુષોને ઑફિસમાંથી રવિવારે રજા મળે, શનિવારે અડધી રજા, બીજી જાહેર રજાઓ, કેઝ્યુઅલ લીવ, ઉપરાંત વરસે એક મહિનાની પેઈડ લીવ. સ્ત્રીઓને તો બારે મહિના ને આખી જિંદગી આ જ કામ કરવાનું ને ! કંટાળો આવે, નહિ ? પણ હું તમને કહી દઉં છું, આ થોડા દિવસ તો બધું હું જ કરવાની છું. તમે તમને ગમતું બીજું કાંઈ કરો અથવા આરામ કરો. તમારી આંખો થાકથી કેટલી ઝાંખી થઈ ગઈ છે !'

સાત વર્ષના લગ્નજીવનમાં આ પહેલી વાર કોઈએ પોતાને વિશે પોતાની દૃષ્ટિથી વિચાર કર્યો હતો. વસુધા દ્રવી ગઈ. તેણે સુમિત્રાને ના ન પાડી. 'થોભો, હું તમને અહીં જ ખુરશી લાવી આપું . હું કામ કરીશ, તમે બેઠાં બેઠાં મને બતાવજો.' સુમિત્રા ઝડપથી જઈને વ્યોમેશની આરામખુરશી રસોડામાં

લઈ આવી. અહા - સવારના સાડાદસ વાગ્યે આમ આરામખુરશીમાં બેસી પગ ઝુલાવતાં ઝુલાવતાં કાંઈ પણ કામ કે કામની ચિંતા ન કરવાની સ્થિતિમાં પોતે મુકાઈ શકે એવી વસુધાએ કદી કલ્પના નહોતી કરી. થોડી વાર તે આ અલભ્ય, અશક્યવત્ પળોનો આનંદ માણી રહી.

સુમિત્રાએ ફટાફટ કાચનાં વાસણ ધોઈ નાખ્યાં, આડીઅવડી પડેલી વસ્તુઓ ઠેકાણે મૂકી દીધી, તપેલાં એકબીજા પર ચડાવી દીધાં અને પછી રોટલી કરવા બેઠી. રોટલી વણતાં લોટ જરા પણ આજુબાજુ વેરાતો ન હતો. કાર્યમાં ઝડપ, ચોખ્ખાઈ અને ચોક્કસતા હતાં. વસુધાની આંખો પ્રશંસાથી નીતરી રહી. એનો એ ભાવ પારખીને સુમિત્રા બોલી : 'તમને થતું હશે કે મારી મા કાંઈ નહિ તો મારા આ કામ પર ખુશ હશે, નહિ ? પણ હું કાંઈ ઘેર આવું બધું કામ માને કરાવતી નથી.'

વસુધા નવાઈ પામીને બોલી : 'કેમ ? માને મદદ તો કરવી જોઈએ ને ! તમારા હાથમાં તો કેટલી કુશળતા છે ! આ આંગળીઓ જાણે કામને ઓળખે છે. તમારી નજર મારી તરફ હોય તોય કામમાં તમારી ભૂલ થતી નથી. કામ કરવાનું જેને ન ગમતું હોય એની આંગળીઓમાં આવી સૂઝ હોય જ નહિ.'

'મેં ક્યાં કહ્યું કે મને કામ કરવાનું ગમતું નથી ?'

'વાહ, તો પછી માને મદદ કેમ કરતાં નથી ?'

'એ સિદ્ધાંતનો પ્રશ્ન છે.'

વસુધા હસી પડી. 'તમે પણ કમાલ છો. માને મદદ કરવામાં સિદ્ધાંતનો પ્રશ્ન વળી શાનો ?'

'સાચી વાત કહું ?'

'અને આખી વાત કહો.'

'તો સાંભળો. આમ કામ ન કરાવવા દ્વારા હું મારો વિરોધ નોંધાવું છું. એમ સમજોને કે આ મારી 'પ્રોટેસ્ટ નોટ' છે. એનું કારણ કહું : મારે બે ભાઈઓ છે. મારાથી થોડા મોટા. પણ હું નાની હતી ત્યારથી મારી મા કામ તો મને જ ચીંધે. ઘરમાં કાંઈ પણ મુશ્કેલી હોય, મહેમાન આવ્યા હોય, કામ કરનાર નોકર

ન હોય તો ફટ દઈને મને જ મા કહે : આ કરી નાખ, તે કરી નાખ. ભાઈઓને તો કોઈ દિવસ ઘરનું કામ કરવાનું ન કહે. તો એ લોકો કંઈ દેવના દીધેલ છે ? અને હું અણમાગી આવેલ છું ? સ્કૂલમાં ભણતી ત્યારે મા માંદી હોય તો મારે સ્કૂલે નહિ જવાનું. મારા બાપુજીને આગળથી જણાવ્યા વગર અચાનક જ મિત્રોને જમવા માટે અવારનવાર લઈ આવવાનો શોખ છે. માની અનુકૂળતાનો તો વિચાર કરે જ નહિ. અણધાર્યા જ ચાર-પાંચ મિત્રોને લઈને આવે ને માને બસ, કહી દે - આજે બધા અહીં જમશે. એટલે પછી હું ભણવા બેઠી હોઉં તોયે મા મને જ ઉઠાડે. ભાઈઓ તો ક્રિકેટ રમવા જાય કે અખાડામાં જાય. તે જાય જ. પણ મેં કાંઈ પણ બીજું નક્કી કર્યું હોય તે રદ કરવું પડે. મારી મા ઘણી વાર મારા બાપુજીને કહે - આગળથી જરા જણાવતાં હો તો !

'તો બાપુજી હસીને કહે : મને જગ હોંશ થઈ આવી. તેમના મિત્રો તેમને બહુ હોશિલા, ઉદાર, મિત્રો માટે ઘસારો વેઠનારા માને છે. પણ એમની એ ઉદારતા અને હોંશની અમારે - માએ અને મારે - કેટલી કિંમત ચૂકવવી પડે છે એ તેમના મિત્રો નથી જાણતા. માને રંગોળી પૂરતાં બહુ સરસ આવડે છે. પડોશની છોકરીઓ ઘણી વાર શીખવા ઇચ્છે. મા કહે : બુધવારે સાંજે નિશાળેથી ઘેર આવો પછી મારી પાસે આવજો, હું શીખવીશ ત્યારે. પણ તે દિવસે સાંજે અચાનક ઘણી વધારે રસોઈ કરવાનું બને એટલે બધાંને પાછાં મોકલી દેવાં પડે. હવે આ કેવી વાત કે બાપુજીને ગમે ત્યારે ગમે તેટલા મિત્રો લઈ આવવાની છૂટ અને માને પોતાના નાના નાના શબ્દો જાળવવાનીયે છૂટ નહિ ? તમને ખબર છે - હવે મા કોઈને કહે કે હું તમને અમુક દિવસે મળવા આવીશ કે અમુક કામ કરાવવામાં મદદ કરીશ, તો બધાંને એમ જ થાય કે એ તો ખાલી બોલે છે, એ કાંઈ આવશે કરશે નહિ.'

'પણ તો તો તમારે માને વધારે સાથ આપવો જોઈએ ને ?'

'હા, તે આપવો જ પડતો ને ! મારે જ પૂરી વણાવવાની. મારે જ પીરસવાનું. નોકર ન હોય તો મારે જ વાસણ માંજવાનાં. હું કહું : મને કામ કરવાનો જરા પણ વાંધો નથી, પણ ભાઈઓને વાસણ માંજવાનું તું કેમ કહેતી નથી કોઈ દિવસ ? એમના હાથ કાંઈ સોનાના છે ? આમ હું કહું એટલે મા ચિડાય : એ તો છોકરાઓ છે, એ વળી કાંઈ રસોડામાં કામ કરાવતા હશે ?

'પણ હું કાંઈ સહેજમાં નમતું આપું એવી નથી, હોં ! હું કહું કે કેમ, આપણે ત્યાં વાસણ માંજવા આવે છે એ છોકરો નથી ? રસોઇયાઓ પુરુષો નથી હોતા ? આ તું હંમેશાં આ લોકોનાં ફાટેલાં કપડાં સાંધી આપે છે, બટન ટાંકી આપે છે, અને કહે છે કે એ લોકોને એવાં કામ ન ફાવે. તો શું દરજીઓ પુરુષો નથી હોતા ? એમને કેમ બધું ફાવે છે ? એ લોકો મંગળના ગ્રહમાંથી આવેલાં છે ? હું આવું આવું કહું એટલે મા ગુસ્સે થાય : તને તો દલીલો કરતાં બહુ આવડે છે. તને આ ભણાવીએ છીએ એ જ મોટી ભૂલ છે. બોલો, આ બધાની સામે સૈદ્ધાંતિક વિરોધ હોય તો મારે શું કરવું ? ભગવાને એની ભૂલની પળોમાં મને ઘડી હોય તો મારે શું કરવું ?' તે વળી હસી, તેને વાતે વાતે હસવાની ટેવ હતી.

'પણ આવું તો બધાં જ ઘરોમાં હોય છે.'

'હા પણ બીજા કોઈને કંઈ લાગતું નથી અને મને લાગે છે - એટલો ફરક. મારી મા કહે છે - તારા મગજમાં બહુ ભૂસું ભર્યું છે.' તે ફરી હસી. 'પણ એ ભૂસાની ભીતર એક તણખો છે.' તેના અવાજમાં એક રણકાર આવ્યો. 'તમે મારી આંગળીઓનાં વખાણ કરતાં હતાં ને ?' તેણે પોતાની લાંબી, પાતળી ગુલાબી આંગળીઓ ફલાવી. 'મારી બહેનપણીઓ ને નાની બહેનો કહે છે - લાવ તારા હાથમાં મેંદી મૂકીએ. હું કહું છું તેમને કે આ હાથ મેંદી મૂકવા માટે નથી, મશાલ પેટાવવા માટે છે.' તેણે ગર્વ અને તેજથી ચમકતી નજરે વસુધા સામે જોયું. 'તમને લાગે છે, હું એ પેટાવી શકીશ ? આ સમાજમાં સ્ત્રીઓ પ્રત્યે જે રીતે વ્યવહાર થાય છે. એમાં નખશિખ પરિવર્તનની જરૂર છે. પણ હું એવું કામ ઉપાડું તો એમાં મને બીજાઓનો સાથ મળશે ? સ્ત્રીઓ મને સાથ આપશે ?

વસુધા હલી ગઈ. 'હું તો તમને જરૂર સાથ આપીશ. મને પણ એવી કેટલીયે બાબતો વિશે લાગી આવે છે, જેને બીજી સ્ત્રીઓએ સ્વાભાવિક ગણીને સ્વીકારી લીધી હોય. પણ મારામાં હિંમત નથી. મને એમ જ લાગે કે હું તેમની માન્યતા વિરુદ્ધનું કાંઈ પણ કહેવા જઈશ તો ઝઘડો થશે...'

'હું પણ એનાથી જ ડરું છું ને ? માબાપને નારાજ કરવાનું મને પણ જરીકે ગમતું નથી. એમ છતાં જુઓ, હું કેવી ચાલી આવી છું ! અત્યારે એ લોકોની તો ચિંતાનો પાર નહિ હોય !'

'અરે હા, એ વાત તો રહી જ ગઈ. ગઈ કાલે શું થયું હતું ઘરમાં ? તમે કેમ આમ રાતે ઘર છોડીને ચાલ્યાં આવ્યાં ?'

'એમાં તો એમ થયું કે -'

'બાપ રે !' વસુધા સફાળી ઊભી થઈ ગઈ ને ઝટપટ ખુરશી બહાર લઈ જઈ, હતી ત્યાં મૂકી દીધી. બારણે અવાજ થયો હતો. કદાચ દર્શન કરીને ફૈબા જ પાછાં આવ્યાં હશે...

પાછળથી સુમિત્રાએ પૂછેલું : 'તમે કેમ આમ ગભરાઈને ઝડપથી ઊભાં થઈ ગયાં ? આરામખુરશીમાં થોડી વાર ઝૂલવું એ કાંઈ ગુનો છે ?'

—હું પચાસ વર્ષની થઈશ ત્યારે કદાચ ગુનો નહિ રહે, પણ અત્યારે એ ગુનો જ છે, સુમિત્રા ! ચોપડી વાંચવી એ ગુનો છે, પાયાના સવાલ પૂછવા એ ગુનો છે, સૈકાઓથી જે માન્યતા, જે પરંપરા ચાલી આવી હોય તેનાથી જુદું વિચારવું તે ગુનો છે, સાસુ ને પતિ જેનાથી નારાજ થાય તેવું કાંઈ પણ કરવું એ ગુનો જ છે. પરણ્યા પહેલાં કદાચ આ વાત નહિ સમજાય, પણ કોઈ નાની ઉંમરની વહુને પૂછી જોજો...

*

ફૈબાએ સુમિત્રાને જોઈને પૂછેલું : કોણ છે, શું કરે છે ? માબાપ કોણ છે ? કેમ આવી છે ? વસુધાએ ફૈબાને સાધારણ વાત કરી, માત્ર ભાગી આવવાની વાત કરી નહિ.

પણ સુમિત્રાએ ફૈબાને ખુશ કરી દીધાં : 'ફૈબા, તમને જોઈને મને મારાં ફૈબા યાદ આવે છે. તમારાં જેવાં જ સાદાં અને ધર્મિષ્ઠ... ફૈબા, તમે જમવા બેસો. રોજ તો વસુધાબહેન તમને જમાડે છે. આજે હું ગરમ ગરમ રોટલી જમાડું. જુઓ તો, મને કેવી આવડે છે... ફૈબા, માથામાં તેલ ઘસી આપું ? ફૈબા, તમે રહેવા દો, હું બધાં કપડાંની ગડી વાળી લઉં છું હમણાં...' સુમિત્રાના શબ્દો ફૈબાની જાણે આરતી ઉતારી રહ્યા. ફૈબા પીગળી ગયાં. અહા, બોલે છે તો જાણે ફૂલ ઝરે છે ! જેવું મોં મીઠું છે તેવી જ વાણીયે મીઠી છે...

*

બપોરે ફૈબા સૂઈ ગયાં, પછી સુમિત્રાએ વાત કરી. લગ્નની જ વાત હતી.

બીજા એક છોકરા સાથે લગભગ નક્કી થયું હતું. છોકરો હમણાં જ ડૉક્ટર થયો હતો. દેખાવે પણ ખરાબ નહોતો. વાતચીતમાં આનંદી લાગ્યો. ઘરનાં લોકો પણ સારાં છે. સુમિત્રાનાં માબાપને તો ખૂબ ગમી ગયો હતો. સુમિત્રાને હા પાડવા માટે આગ્રહ કરેલો. હાશ ચાલો, એક છોકરીનું નક્કી થયું. હવે બેની જ ચિંતા રહી.

પણ ત્રીજી મુલાકાત વખતે એણે દહેજની વાત કરી. દહેજ એમ નામ ન આપ્યું, પણ કહ્યું કે મને મદદ કરવી પડશે. મારે નવું દવાખાનું શરૂ કરવાનું છે. મારાં માબાપે મને ડૉક્ટર બનાવવા પાછળ ઘણા પૈસા ખર્ચ્યા છે. શક્તિ નહોતી છતાં ખર્ચ્યા છે...

સુમિત્રાના બાપે તો લગભગ સ્વીકારી લીધું. પણ સુમિત્રા ગુસ્સાથી ચિત્કારી ઊઠી : 'તમારાં માબાપે તમારા પાછળ ખર્ચ કર્યો હોય, તેનો બદલો તમે મારાં માબાપ પાસેથી લેવા માંગો છો ? તો શું મારાં માબાપે મારે માટે કાંઈ ખર્ચ નથી કર્યો ? એના પૈસા તમારાં માબાપ મને આપશે ? તમારાં માબાપે ખર્ચ કર્યો તો તમે કમાઈને એમને ભરપાઈ કરી આપજો, એમાં મારાં માબાપને વચ્ચે શા માટે લાવવાં જોઈએ ?'

છોકરો ને એની મા તો ડઘાઈ જ ગયાં. સુમિત્રાની માએ એને બહુ વારી પણ સુમિત્રા તો ઝનૂન ચડ્યું હોય એમ બોલ્યે જ ગઈ : 'તમે એક જીવંત વ્યક્તિને તમારે ત્યાં લઈ જાઓ છો, એ શું ઓછી કીમતી બાબત છે ? હું મારું જીવન, મારી આવડત, મારી જે કાંઈ દક્ષતા હોય તે બધું લઈને તમારે ત્યાં આવું છું, એનો ઉપયોગ કોને માટે થવાનો છે ? પૈસા માગતાં તમને શરમ નથી આવતી ?' તેણે છોકરાની મા તરફ હાથ લાંબો કર્યો : 'તમે – તમે સ્ત્રી છો. તમે મા છો. તમે એક સંતાનને વેચો છો, એક સંતાનને ખરીદો છો. તમારી જાતને મા કહેવડાવતાં તમારે લાજી મરવું જોઈએ.'

છોકરો ને તેની મા ગુસ્સાથી ફફડતાં ઊભાં થઈ ચાલ્યાં ગયાં. માબાપનો ગુસ્સો શબ્દોમાં સમાતો નહોતો. 'અમને પૈસા આપવામાં વાંધો નહોતો, પછી તારું શું આકાશ તૂટી પડતું હતું ? આવો સરસ છોકરો હાથથી ગયો અને હવે તો કોઈ મળશે જ નહિ. નાની બહેનોયે રખડી પડશે...'

વાતાવરણ ખૂબ ડહોળાઈ ગયું. તૈયાર કરેલો નાસ્તો એમ ને એમ પડી રહ્યો.

તે રાતે ચુપચાપ સુમિત્રાએ ઘર છોડ્યું.

સ્થિર ચિત્તે સાંભળી રહેલી વસુધાએ વાત પૂરી થતાં સુમિત્રાની આંખોને આંખો વડે ફંફોસી પૂછ્યું : 'હવે ?'

સુમિત્રાએ મૂંગા મૂંગા ઉપર ભણી આંગળી ચીંધી.

*

તે રાતે વસુધા બધું કામ પતાવીને તેના રૂમમાં ગઈ, ત્યારે વ્યોમેશ પલંગ પર સૂતો હતો. વસુધા પાસે બેસી મૃદુતાથી બોલી : 'સૂઈ ગયા છો ?'

વ્યોમેશ જાગતો હતો. બોલ્યો : 'ના, જાગું છું. કેમ ?'

'થોડીક વાત કરવી હતી.'

'શાના વિશે ?'

'સુમિત્રા વિશે.'

વ્યોમેશ બેઠો થઈ ગયો. 'કેમ, કાંઈ ખાસ વાત છે ?'

વસુધાએ સુમિત્રાની આખી વાત, તેમાંથી આક્રોશનું તત્ત્વ બાદ કરીને બને તેટલી હળવી રીતે કહી. છેલ્લે કહ્યું : 'મેં એમને કહ્યું કે થોડા દિવસ અમારે ત્યાં રહેજો, કોઈ વાંધો નથી. પછી કંઈક રસ્તો નીકળી આવશે.'

વ્યોમેશ ધ્યાનથી વાત સાંભળતો હતો. વસુધાનાં છેલ્લાં વાક્યો સાંભળી નારાજ થઈને બોલ્યો : 'આપણે ત્યાં રહેવામાં વાંધો કેમ નથી ? વાંધો છે જ વળી. મને શી ખબર, સુમિત્રા ઘેરથી ભાગી આવી છે ? તેં તો સવારે કહેલું કે તારે એની પાસેથી કંઈ શીખવું છે એટલે તેં થોડા દિવસ એને રહેવા બોલાવી છે !'

ઘૂંટડો ગળી જઈને વસુધા બોલી : 'હા, થોડા દિવસની જ વાત છે તો ! કાયમ કાંઈ થોડાં રહેવાનાં છે ?'

'પણ તે ઘેરથી છાનીમાની કોઈને કહ્યા વગર ભાગી આવી છે, તેનો તો ખ્યાલ કર !'

પોતાને માટે આજ સુધી વસુધા ક્યારેય બોલી નહોતી. નાનામાં નાની બાબતમાં પણ, વ્યોમેશથી જુદો હોય તો પોતાનો મત આગ્રહપૂર્વક પ્રગટ કર્યો નહોતો. પણ આજે સુમિત્રાને ખાતર તે બોલી : 'ભાગી જવું – એ હંમેશા બદનામીની વાત થોડી હોય છે ? સુભાષ બોઝ પણ મધરાતે ઘરમાંથી ભાગી જ ગયા હતા ને !'

વ્યોમેશ સહેજ ઊંચા સૂરે બોલ્યો : 'તું આ બેની સરખામણી કરે છે ? ક્યાં સુભાષ બોઝ અને ક્યાં....'

સુમિત્રાના નામ આગળ તે કોઈ અણછાજતું વિશેષણ મૂકી દે એ પહેલાં જ વસુધા બોલી પડી : 'વ્યક્તિની સરખામણી નથી કરતી. હું માત્ર એટલું કહું છું કે ભાગી જવું હંમેશાં નેલાશીભર્યું ન પણ હોય. સુમિત્રાએ પણ સિદ્ધાંત ખાતર ઘર છોડ્યું છે, એક ભયંકર રિવાજ સામે લડવા માટે ઘર છોડ્યું છે.'

'અને એનાં માબાપની અત્યારે શી સ્થિતિ હશે, તેનો વિચાર કર્યો છે ? અને દહેજમાં એવું ભયંકર શું છે વળી ? આખી જિંદગી બીજાની દીકરીનું ભરણપોષણ કરે એના બદલામાં થોડા પૈસા માંગે તો ખોટું શું છે ? છોકરો ડૉક્ટર છે. એ કમાશે, પ્રતિષ્ઠા મેળવશે, ત્યારે બધામાં એની પત્ની ભાગીદાર નહિ બને ?'

વસુધા આભી બની ગઈ. તમે આવું માનો છો ? અને ટેવ મુજબ મનમાં પૂછી રહી – તો પછી સ્ત્રી આખી જિંદગી 'બીજાની દીકરી' જ બની રહે છે ? અને એના ભરણપોષણ માટે એનાં માબાપ પાસેથી પૈસા લેવાતા હોય તો પછી એને પતિને ઘેર કામનો ઢસરડો કરવા માટે પણ પૈસા મળવા ન જોઈએ ?

મનના વિચારો વ્યોમેશ સુધી પહોંચે એમ નહોતા. તે વસુધાના અપ્રગટ પ્રશ્નને અનુલક્ષીને બોલ્યો : 'તો પછી તારાં માબાપ પાસે મેં પૈસા કેમ ન માગ્યા, એમ તને થતું હશે. પણ એક તો તું ગરીબ માબાપની દીકરી હતી અને બીજું મને કોઈની મદદની જરૂર નહોતી. કોઈને જરૂર હોય તો માગે પણ ખરા. સુમિત્રાને સમજાવ કે ચુપચાપ પાછી જઈને છોકરાની ને એની માની માફી માગે ને એની સાથે નહિ તો બીજા કોઈની સાથે પરણી જાય. કાલે ને કાલે એને પાછાં જવાનું કહી દે...' પછી આછુંપાતળું હસીને બોલ્યો : 'એ તો પરણે એટલે બધું ઠીક થઈ જાય, અને સાથે રહેવા માંડે એટલે પ્રેમ પણ જન્મે. જોને, આપણે ક્યાં એકબીજાને

ઓળખતાં હતાં ? છતાં આપણે પ્રેમથી સાથે જીવીએ જ છીએ ને ?' તેણે મોટું બગાસું ખાધું. 'મને તો એમ કે સારી વાનગીઓ ખાવા મળશે. આ તો સાવ નકામા ઉધામા નીકળ્યા. તેં તો મને કહેલું કે...' પગ લાંબા કરી તેણે શરીર પર ચાદર ખેંચી.

*

ભાલાની તીક્ષ્ણ અણીએ વીંધાયેલા હૃદયમાંથી આખી રાત રક્ત વહ્યા કર્યું.

સવારે ઊઠી ત્યારે લાગ્યું, શરીરમાંથી બધું લોહી નિચોવાઈ ગયું છે.

પણ રક્તહીન ચહેરાની ફીકાશ ફૈબાની ચકોર નજરે ચડી નહિ. વસુધાને એક તરફ બોલાવીને કહ્યું : 'આ કેટલા દિવસ રહેવાની છે ?'

'કેમ ?'

'મહેરબાની કરીને એને જલદી રવાના કરી દેજે. કેવી રૂમઝૂમતા ઝાંઝર જેવી છોકરી છે ! આવી જુવાન છોકરીને ઘરમાં રાખી તારા પોતાના પગ પર કુહાડો શું કામ મારે છે ? તને તારા હિતનીયે સમજ નથી પડતી ? બહુ દિવસ એને રાખવામાં સાર નથી. મારું માન તો કંઈક બહાનું કાઢી આજે ને આજે જ એને જવાનું કહી દે...' ફૈબાનો ઇશારો વસુધા સમજી. તેણે એવડો મોટો નિસાસો મૂક્યો કે કોઈ સાંભળે તો કંપી ઊઠે.

પણ ફૈબા પાસે વસુધા માટે કાન ક્યાં હતા ?

*

વ્યોમેશ કામ પર અને ફૈબા દર્શને ગયાં, પછી સુમિત્રા ધીમે પગલે વસુધા પાસે આવી. રસોડામાં જરા અંધારું હતું. વસુધાની નજર નીચી ઢળેલી હતી. સુમિત્રાએ કોમળતાથી એનું મોં ઊંચું કર્યું. સ્નેહથી પીઠ પર હાથ ફેરવ્યો. 'કંઈ બોલવાની જરૂર નથી. તમારા મોં પરથી હું બધું જ સમજી છું. હું હમણાં જ ચાલી જઈશ. પણ કોઈક દિવસ, એવા સ્થળે આપણે ફરી મળીશું, જ્યાં મશાલનું અજવાળું પથરાયું હશે.'

ફૈબા પાછાં આવે તે પહેલાં સુમિત્રા ચાલી ગઈ. વસુધા એના અંધારઘરમાં, એના આંસુઘરમાં એકલી બની રહી.

●

૧૦

લગ્ન પછી વસુધાની સાથે વાત થતાં મા ઘણી વાર કહેતી : 'તારે ઘેર આમ, તારે ઘેર તેમ.' લગ્ન પહેલા વસુધા કાંઈક વિશેષ શીખવાની કે એવી કોઈ ઇચ્છા કરે ત્યારે પણ મા કહેતી : 'એ બધું તું હવે તારે ઘેર જઈને કરજે.' પોતાનું ઘર ક્યું ? વસુધાના હોઠ જરા મરડાયા. મારું ઘર હોત, તો મારી બહેનપણીને થોડા દિવસ ઘરમાં રાખી ન શકત ? મુશ્કેલીમાં મદદ કરીશ - એમ કહેલું, તે પાળી ન શકત ?

જન્મકાળથી જે પોતાનું ઘર હતું તે લગ્ન થયાં તે ઘડીથી બની ગયું બાપનું ઘર. અને મા જેને 'તારું ઘર' કહેતી હતી એ તો હતું પતિનું ઘર. કોઈક દિવસ પોતે ૪૫-૫૦ વર્ષની થશે ત્યારે એ ઘરમાં પોતાનો કંઈક અધિકાર હશે. આજે તો અહીં રહેવા માટે પોતાના બધા મૂળભૂત અધિકારો ભૂંસી નાખવા પડ્યા છે. પોતાના શબ્દોનું પાલન કરવા જેવી સાદી બાબત પણ પોતાના હાથમાં નથી. શબ્દપાલનનું મૂલ્ય રાજા હરિશ્ચંદ્ર માટે હોય, રાણી તારામતીએ એની કોઈક સખી સમક્ષ ઉચ્ચારેલા વચનની વળી કિંમત શી ?

સાંજ પડ્યે બાગમાં જવાનો વિચાર કરતાં સુમિત્રાનાં સ્મરણો ટોળે વળતાં, ટગર ટગર તેની સામે જોઈને પૂછતાં : ક્યાં ગઈ પેલી સુંદર છોકરી, જેના હાસ્યમાં ચાંદની ચમકતી હતી ? ક્યાં ગઈ એ તેજભરી શક્તિની રેખા જેવી કન્યા, જેણે તારા પરના વિશ્વાસે રાત વખતે આવી તારા બારણે ટકોરા માર્યા હતા ?

વસુધા વ્યથિત થઈ જતી. વિચારતી : ધારો કે વ્યોમેશને કહ્યું હોત કે મેં સુમિત્રાને વચન આપ્યું છે, તેને સહાય કરવી એ મારી ફરજ છે, તો ? એને ખાતરી હતી - તો વ્યોમેશે કહ્યું હોત : પણ મને પૂછ્યા વગર તેં એવું વચન આપ્યું જ શા માટે ? કહ્યું હોત : 'મારા ઘરમાં એ લફરું મને ન જોઈએ.'

મા ભલે કહે : તારું ઘર, ઘર તો વ્યોમેશનું હતું. ગમે તેટલા સત્યવાદી થવું

હોય, ગમે તે સત્કાર્ય કરવું હોય, આ ઘરમાં રહેવું હોય તો વ્યોમેશની મંજૂરી વગર એ કરી શકાય નહિ.

*

વસુધાએ એક પછી એક પોતાની બધી પરિચિત સ્ત્રીઓની વાત યાદ કરી જોઈ. ફૈબા ભલેને કહેતાં કે વહુ તો ઘરની રાણી છે ! રાજા ગુજરી જાય તો રાણીનું રાજપાટ રઝળી પડે. ફૈબા પોતે જ વિધવા થતાં પિયર આવીને રહ્યાં હતાં. 'ઘર' નામની જગ્યા સાથે સ્ત્રીનો કેવો સંબંધ છે, તે પોતાના મનના ઊંડાણમાં દરેક સ્ત્રી જાણે છે. તેથી તો શાન્તાકાકી બાવન વર્ષના થયાં તોયે તેમના ગરમ મિજાજના પતિ, શાન્તાકાકી કંઈક દલીલ કરે કે ઘરના બારણા તરફ આંગળી ચીંધી દેતા, અને કાકી ચુપ થઈ જતાં. ઘર પોતાનું નથી તેવું જાણવાની જ તો વિજયાબહેને પતિ સાથે બહુ તકરાર થતાં ભભૂકીને કહેલું : 'તો રાખો તમારું ઘર તમારી પાસે' - અને તે ઘર છોડીને ચાલ્યાં ગયેલાં. વિજયાકાકી બહુ જોરદાર હતાં, પણ તોયે, ઘર પોતાનું નથી તેમ તે સમજતાં હતાં. રાજ તો રાજાનું જ હોય. રાણી ગુજરી જાય તો પણ રાજાનું રાજ તો કાયમ રહે. વસુધાના ઘર પછી ત્રીજું મકાન હતું 'માતૃછાયા.' ત્યાં રહેતા અંબરીષની પત્ની શૈલા અકસ્માતમાં ગુજરી ગઈ. રિવાજ હતો કે પુરુષને ફરી પરણવું હોય તો સ્મશાને ન જાય. નવ વરસ સુધી પોતાનાં સુખદુઃખ સાચવનાર પત્નીને અંતિમ વિદાય આપવા અંબરીષ ગયો નહિ. થોડા જ વખતમાં તેણે બીજાં લગ્ન કર્યાં.

કોઈએ પૂછ્યું નહોતું કે શૈલાને બદલે અંબરીષનું અવસાન થયું હોત તો 'પોતાના ઘર'માં શૈલા કેવી પદભ્રષ્ટ થઈ હોત !

*

પ્રમીલાનાં લગ્ન જરા નાની ઉંમરે થયાં હતાં. પિયર ગામમાં જ હતું. સાસરે જતાં જ કહી દેવામાં આવ્યું : 'ગામમાં જ પિયર છે એટલે કોઈ વાર મળી આવવાનું, રહેવા નહિ જવાનું.' એક વાર ભાઈને ઠીક નહોતું ને ઉપરાઉપર બે દિવસ જોવા ગઈ તો સાસુએ કહ્યું : 'શું છે તે વારેઘડીએ પિયર દોડ્યાં જાઓ છો ?

અને એક વાર લાંબો વખત તેની તબિયત સારી નહોતી તો બહેનપણીએ કહ્યું : 'તારે ઘેર થોડા દિવસ રહી આવ. અહીં તને આરામ નહિ મળે.'

કામ કરવા માટે પતિનું ઘર, આરામ કરવા માટે માનું ઘર.

તો પછી પોતાનું ઘર કયું ?

*

મોટા ભાગના લોકો જન્મકાળથી જે વાતાવરણમાં શ્વાસ લે, જે ભણતર ઘૂંટે, માબાપ સગાસંબંધીની જે વાતો સાંભળે તેમાંથી આપોઆપ જ રૂઢ માન્યતા, સંસ્કાર, મૂલ્યો મેળવતાં હોય છે, મોટાં થતાં નિશ્ચિત વલણો કેળવી ચૂક્યાં હોય છે. વસુધા વૃક્ષો સાથે, આકાશ સાથે, ખુલ્લી હવા સાથે વધુ હળેલી હતી એટલે કદાચ, રૂઢિગત માન્યતાઓ તેના મનમાં જામીને જડ થઈ ગઈ નહોતી. તેથી તેને બધી બાબતમાં પ્રશ્નો થતા. બીજી સ્ત્રીઓ જેને સ્વાભાવિક માનીને સ્વીકારી લે, તેમાં રહેલી અસંગતતા તેને આશ્ચર્ય પમાડતી. સ્વભાવે તે સ્નિગ્ધ હતી, એટલે પડકાર ફેંકવાનું કે બળવો કરવાનું તેના મનમાં ક્યારેય ઊગ્યું નહોતું. પણ નવાઈથી તેનું મન ઊભરાતું. બીજી સ્ત્રીઓનાં મન ઘરની મર્યાદિત દુનિયા અને એકસરખાં વૈવિધ્યરહિત કામોમાં પરોવાઈને કુંઠિત થઈ ગયાં હતાં. ઘર, છોકરાં, મહેમાન, કપડાં, દાગીના, રસોઈ, સગાંસંબંધીઓનો વહેવાર - એ સિવાય ભાગ્યે જ બીજી વાત તેમની વચ્ચે થતી. વસુધાને કંઈક સમજવાળી વાતો કરવાનું મન થતું, પણ બીજી સ્ત્રીઓને તો કદી પ્રશ્નો ઊઠતા જ નહોતા. છાપાં તેઓ ભાગ્યે જ વાંચતાં. બહારની દુનિયા સાથે તેમનો ખાસ સંબંધ નહોતો. ક્યાંક ફાટી નીકળેલી લડાઈ, કોઈને મળેલું નોબેલ ઇનામ - કશાથી તેમના તાર ઝણઝણતા નહિ. એ ૫૦ નો દાયકો હતો. ભારતે સ્વતંત્રતાની હવામાં નવો નવો શ્વાસ લીધો હતો. ચીનમાં નવું રીપબ્લિક અસ્તિત્વમાં આવ્યું હતું. પણ આ કોઈ ઘટના પરત્વે તેમનું મન ઊઘડતું નહિ. છાપાંમાં કોઈ વાર સરોજિની નાયડુ કે કમલાદેવી ચટ્ટોપાધ્યાય જેવાં નામ દેખાતાં, તે કોઈ બીજી દુનિયાનાં નિવાસીઓનાં લાગતાં.

છાપામાં બસ તેઓ વાંચતાં, તો મરણનોંધ. કોણ ક્યારે ગુજરી ગયું અને કોને ઘેર 'બેસવા' જવું પડશે તેનો ખ્યાલ રાખવાની અલિખિત જવાબદારી

તેમની હતી. માત્ર વસુધાનું ધ્યાન જતું કે આવી નોંધમાં, સ્ત્રી ગુજરી જાય તો 'અમુકની પત્ની' કે 'અમુકની વિધવા' તરીકે તેની ઓળખ અપાતી. પુરુષ ગુજરી જાય તો 'અમુકનો પતિ' એવું કદી ન લખાતું. 'અમુકનો વિધુર' - એવો તો શબ્દપ્રયોગ અસ્તિત્વમાં જ નહોતો. તેને માટે લખાતું 'અમુકનો પુત્ર' 'અમુકનો ભાઈ' ઈ. પુત્ર તરીકે ઓળખ અપાય ત્યારે પણ તેમાં પિતાનું જ નામ રહેતું, માતાનું નહિ. લગ્નની પત્રિકાઓમાં પણ પિતાનું, કાકાનું, દાદાનું નામ મુખ્યપણે હોય. મૃત્યુ પામેલા પૂર્વજોનાં સ્વ.નામ પણ હોય. જૈન લોકોની દીક્ષાની કંકોત્રી નીકળે તેમાંયે બાપા, કાકા, ભાઈ, જીવિત કે મૃત દાદાનું નામ હોય. માતાનું નામ ભાગ્યે જ હોય. સ્વ. કોઈ સ્ત્રી કે દાદીના નામનો સવાલ જ ઊભો ન થાય. પુરુષ મરણ પામે તોયે તે કુટુંબના આંબામાં, કુટુંબના પેઢી-દર-પેઢીના નામમાં કોઈક રીતે જીવે. સ્ત્રી મરણ પામે એટલે તે સાવ ભૂંસાઈ જાય. પણ વસુધાની આસપાસની સ્ત્રીઓ લીના, રંજના, શોભા, ઊર્મિલાને આમાં કાંઈ લાગતું નહિ. સ્ત્રીઓનું ઊતરતું સ્થાન એટલું બધું સ્વીકારાઈ ગયું હતું કે સ્ત્રીઓનું પોતાનું પણ તે તરફ ધ્યાન ન જતું. તેમને તો કોઈનું મૃત્યુ થતાં કપડાંની ચિંતા રહેતી. આવા પ્રસંગ માટે ખાસ કપડાં રહેતાં. ન હોય તો માગી લેવાતાં. વહેવાર સાચવવો પડે. કોઈને જવું ગમતું નહિ, પણ બધાં જ જતાં.

'મારી સાડી ઘસાઈ ગઈ છે. તારી પાસે કાંજી-ઇસ્ત્રી કરેલી હોય તો આપને !' સફેદ ઝીણા સુંવાળા પોતાની સાડી હોય તો તેનાં વખાણ થતાં. એમાં મૃત્યુના ચહેરા પરથી ટપકતાં આંસુ લૂછવાની વાત ભાગ્યે જ આવતી. મરણના ખરખરે જઈ આવી, પાછાં આવી કપડાં બદલી લગ્નના જમણમાં જતાં કોઈને બહુ વાંધો ન આવતો. આ છીછરાપણું વસુધાને ખૂંચતું. તેને જુદી રીતે જીવવાનું મન થતું. પણ એની એવી ઇચ્છા કોઈને સમજાઈ ન હોત.

રંજનાની સ્થિતિ સાધારણ હતી. 'દીપકની થાળી સચવાવી જોઈએ' એવું કોઈએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું નહોતું, પણ તે સમજી લેવાયું હતું.. તેને જમાડ્યા પછી તેની થાળીમાં, કે લોટ બાંધ્યો હોય તે થાળીમાં રંજના જમી લેતી. જમવાનું થોડું વધારે હોય તો, પેટ ભરાઈ ગયું હોય તોયે ખાઈ લેતી. બગાડ ક્યાં કરવો ? અને થોડું ઘટ્યું હોય તો ચલાવી લેતી. બધી સ્ત્રીઓ પતિ જમે પછી જ જમતી. પતિને પત્નીના જમતાં પહેલાં જમી લેવામાં કશો બાધ

નહોતો, પણ સ્ત્રીઓ પતિ જમે નહિ ત્યાં સુધી ભૂખી રહેતી. પતિ કોઈ વાર ઑફિસેથી બારોબાર બહાર જાય. પત્ની રાહ જોઈને બેસી રહે.

'નિખિલના પપ્પાનું તો કાંઈ ઠેકાણું જ નહિ. પરમ દિવસે ક્યાંય સુધી, આવશે એટલે સાથે જમીશું કહીને હું બેસી રહી, તો છેક રાતે દસ વાગ્યે આવ્યા.'

'જમવાનું બહુ મોડું થયું હશે પછી...' વસુધા બોલી.

'ના, ના, એ તો એમના ભાઈબંધને ત્યાં ભજિયાં ખાઈને આવેલા. મને પણ પછી બધું ફરી ગરમ કરવાનો કંટાળો આવ્યો. ખાલી કેળું ખાઈને સૂઈ ગઈ.' અને વાતને છેડે એક દીન હાસ્ય, સંગોપાંગ ક્ષમાથી ભરેલું.

રંજનાની દીકરીને ડૉક્ટર થવાની બહુ હોંશ હતી, પણ -

'દીકરાઓને જ ભણાવવાનો ખર્ચ માંડ નીકળે તેમ છે, ત્યાં આશાને ડૉક્ટર બનાવવાનું ક્યાંથી પોસાય ?' રંજના કહેતી.

શોભા ટાપસી પૂરતી : 'આમ પણ એ તો પરણીને એને ઘેર જવાની. એની પાછળ ખર્ચ કરો તો એ થોડી જ કમાઈને તમને ખવડાવવાની છે ?'

દીકરી શા માટે માબાપને કમાઈને ખવડાવી ન શકે ? - એવો પ્રશ્ન કોઈને થતો નહિ. અથવા એનો જવાબ તેઓ જાણતાં. દીકરીએ માબાપને ખવડાવવું હોય, તેમની સેવા કરવી હોય, તો એણે કુંવારા રહેવું જોઈએ. તે લગ્ન કરે પછી માબાપની સેવાનો તેને અધિકાર ન રહે. એ અધિકાર દીકરાનો. તે લગ્ન કરીને પણ મા-બાપની સેવા કરી શકે, પત્ની પાસે કરાવીયે શકે.

...વસુધાના મનમાં નવાઈના થર પર થર ખડકાતા. બધાં માણસો જ છે ને ? પછી આટલા બધા ભેદ શું કરવા ?

લીના જરા પોચા દિલની છોકરી હતી. એક દિવસ ખૂબ થાકેલી લાગતી હતી.

વસુધાએ પૂછ્યું : 'કેમ આમ સાવ નખાઈ ગઈ છે ?'

લીનાની આંખમાં આંસુ આવી ગયાં. નાક લૂછીને બોલી : 'કહે તો વસુધા, સ્ત્રી પરણે એટલે શું તે માણસ મટી જાય ?'

'પણ શું થયું એ તો કહે !'

મહેન્દ્રનાં સગાં બહારગામથી આવેલાં. લીના-મહેન્દ્રનાં લગ્ન પછી પહેલી વાર આવેલાં. વહુ ઘર કેવું સાચવે છે તે જોવાનું કુતૂહલ હતું. લીનાએ તેમને રાજી રાખવા ભરચક પ્રયત્નો કર્યા, રોજ કંઈક નવું રાંધવું, તેમની જરૂરતો ખડેપગે સાચવવી. પણ તે થાકી જતી. એટલાં બધાં લોકોની રસોઈ, એટલાં વાસણ, એટલાં કપડાં. કામ કરનાર બાઈને મદદ કરાવવી પડે, નહિ તો તે ખાડો જ પાડે. પણ પેલા લોકો આંગળી હલાવતાં નહોતાં. લીનાના હોઠ સુધી શબ્દો આવી જતા : 'આટલી ભાજી વિણાવો ને ! આ વાસણ લૂછી અભરાઈ પર ચડાવી દેશો ?' પણ બોલવાની હિંમત ચાલી નહિ. રખેને તેમને માઠું લાગે. વહુને વળી થાક કેવો ? તેણે તો શારીરિક શક્તિનો એક પુંજ બની રહેવું જોઈએ.

જતાં જતાં છાબમાં પ્રશંસાનાં ફૂલો ભરતાં ગયાં... વહુ કેટલી વિનયશીલ છે ! બધું પોતે કરી લે છે. કોઈને કામ ચીંધતી નથી.

વિનયશીલ હોવું એટલે શું ?

વિનયશીલ હોવું એટલે ઓછામાં ઓછું બોલવું અને વધુમાં વધુ કામ કરવું. વિનયશીલ હોવું એટલે કમર તૂટી પડતી હોય તોયે કપડાં ધોવાં. વિનયશીલ હોવું એટલે ગમે એવો ઘા વાગ્યો હોય તોયે લોહી નીકળવા ન દેવું...

'તું સાવ ઢીલી છે.' વાસંતીએ કહેલું : 'કહેવું હતું ને કે મારાથી પહોંચાતું નથી, જરા કામ કરવા લાગો !'

લીનાએ કહ્યું : 'એવું કહેત તો મહેન્દ્રને ન ગમત. એ કહેત : બે દિવસ સહન ન કરી લેવાય ? ક્યાં રોજરોજ આવવાનાં છે ?'

અને આગળ કાંઈ કહ્યું હોત તો કહેત : 'મારાં સગાં તને ભારે પડે છે, નહિ ?'

લીનાની તકલીફ જાણી, મહેન્દ્ર પોતે એને મદદ કરવા લાગે એ તો આકાશ પારનું સ્વપ્ન. ઘરનું કામ ગમે તેટલું હોય, સ્ત્રી ગમે તેટલી થાકેલી હોય ને પતિ ગમે તેટલો સશક્ત હોય, એ બોજો સ્ત્રીને જ માથે.

પતિનાં નજીકનાં – દૂરનાં સગાં ઘેર આવે, મળવા, જમવા. એ બધાની ખાતર બરદાસ્ત ઉત્સાહથી કરવી જોઈએ.

પત્નીનાં સગાં ઓછાં આવે. એમનું ધ્યાન પતિને રાખવું હોય તો રાખે, 'મૂળ' ન હોય તો ન રાખે. પત્ની તેમને માટે બહુ ઉમળકો બતાવે તો પતિને, સાસુને ખાસ ગમે નહિ. ઊર્મિલાની મામાની દીકરી તેના વર ને સાસુસસરા સાથે બે દિવસ માટે મુંબઈ આવી હતી. ઊર્મિલાને તેમને બોલાવીને જમાડવાનું મન હતું, પણ જમાડી ન શકી. ખબર હતી, સાસુને એ પસંદ નહિ પડે. પતિ એના ભાઈને, મિત્રોને ઇચ્છે તેટલા પૈસા આપી શકે. પત્ની પાસે પૈસા હોય જ ક્યાંથી ? ખાનગી પૈસા હોય તે ખાનગી રીતે આપવા પડે. પ્રગટપણે પોતાની સાડી કે ઘરેણાં બહેનને પહેરવા આપે તોય સાસુના મોંની રેખાઓ વાંકીચૂકી થઈ જાય.

રંજનાને રક્ષાબંધન પર પિયર જવું હતું. બહુ દૂર નહોતું. રજા પણ હતી. દીપકને આગ્રહ કર્યો : 'ચાલોને સાથે !' પિયરનાં લોકો પાસે શોભીતાં થઈને જવું ગમે. સાસરામાં પોતાને માટે સુખની બિછાત છે એવો દેખાવ કરવો ગમે. પણ દીપકે ચોખ્ખી ના પાડી, 'મને કંટાળો આવે છે, તારે જવું હોય તો જા, હું નહિ આવું.' રંજનાનો ભાઈ લેવા આવ્યો તેને પણ અવગણી કાઢ્યો. રંજનાનો બધો રસ ફિક્કો પડી ગયો. 'તમારાં સગાંને હું કેટલાં સાચવું છું ! મારા પિયર માટે તમે માત્ર આવવા પૂરતી પણ મહેનત ન લો !' પણ એણે ફરિયાદ ન કરી. ઘરના એક નાના ખૂણાની નાની પળ આંસુથી ભીની બની રહી.

સાસરાના લોકો નારાજ થઈ જાય - તેની સ્ત્રીને ભારે ચિંતા. પત્નીનાં સગાં રાજી થાય, નારાજ થાય - પતિને તેની ખાસ પડી ન હોય.

પત્નીની બહેનપણીઓ આવી હોય, વાતો ચાલતી હોય, પતિ ઘરમાં દાખલ થાય એટલે જરા રહીને બહેનપણીઓ ચાલવા માંડે.

પત્ની કશેક જવા તૈયાર થઈ નીકળવામાં હોય, પતિના મિત્રો આવે તો ચા- નાસ્તો બનાવવા રોકાઈ જવું પડે. ક્યારેક જવાનું રદ પણ કરવું પડે.

*

એક દિવસ વસુધા, રંજના, લીના, ઊર્મિલા બેઠાં હતાં ત્યાં શોભા સાવ સફેદ કપડાં પહેરીને આવી.

'કેમ આવાં કપડાં પહેર્યાં છે ? કાંઈ થયું ? શું થયું ?' પ્રશ્નોની ઝડી વરસી.

'મારાં માસીજી, અનિલનાં માસી ગુજરી ગયાં.'

વસુધાને તે દિવસે સવારે અનિલને કામ પર જતો જોયો હતો. તેણે રોજનાં કપડાં પહેર્યાં હતાં.

પુરુષોને તો કામ કરવાનું હોય, બહાર જવાનું હોય, શોક પાળવાની તેમને ફુરસદ ક્યાં ? એ બધું તેમની વતી તેમની સ્ત્રીઓ કરી લે. સગાં પોતાનાં મરણ પામે કે પતિનાં, તેનું દુઃખ પત્નીએ પહેરવાનું, અંદર શોક હોય કે નહિ, બહાર તેનાં ચિહ્નો ધારણ કરવાનાં. વરસી વાળવાની. સાડલો બદલવાનો. આ બધી વિધિઓ સ્ત્રીઓ માટે અનામત.

વસુધા વિસ્મિત થતી. શોક શું એવી વસ્તુ છે કે એકના વતી બીજું અનુભવી લઈ શકે ? શોભાનાં માસી ગુજરી ગયાં હોત તો અનિલને કશી બાધા હોત ?

અને શ્વેત જેવા નિર્મળ રંગને ખભે મૃત્યુ અને શોકનો કાળો ભાર શા માટે નાખવામાં આવ્યો હશે ? મારે અમસ્તાં જ સફેદ કપડાં પહેરવાં હોય તો હું શા માટે ન પહેરી શકું ?

પણ અહીં શોક ક્યાં છે ? અહીં માત્ર રિવાજ છે.

*

ઊર્મિલા ગ્રેજ્યુએટ હતી, ચિત્રકલાના વર્ગ ચલાવતી. લગ્ન થયા પછી તેને નણંદની ઇચ્છાનુસાર ચાલવું પડતું. તે કહે તે જ કપડાં પહેરવાનાં. તે રજા આપે તો જ પતિ સાથે ફરવા જવાનું. તે ચિત્રકાર હતી એ વાત ભૂતકાળ બની ગઈ.

નલિની નોકરી કરતી હતી. તેનાં સાસુ સાજાંસારાં હતાં. પણ નલિની આવ્યા પછી કામને હાથ અડાડતાં નહિ. નલિની સવારે ચા, દૂધ, નાસ્તો, ઘરકામ, રસોઈ પતાવી નોકરી પર જતી. સાંજે ઘેર આવતાં એ જ ઘરકામ, રસોઈ. સૂવા જતાં રાતના અગિયાર વાગી જતા. તેને જુદી જુદી ભાષાઓ શીખવાનો શોખ હતો, પણ હવે એ માટે સમય ક્યાં ?

કોઈ કોઈ સ્ત્રીઓ જબરી ગણાતી. લડકણી, કર્કશ પ્રકૃતિને લીધે ઘરમાં

તેમનું વર્ચસ્વ હતું. પણ તેમની પાસેય પૈસાની સત્તા નહોતી. તેમનું ઘર નહોતું, ભણતર નહોતું, કમાવવાની આવડત નહોતી. લતા પતિ સાથે રોજ ઝઘડા કરતી, પણ પતિ એક દિવસ અચાનક મૃત્યુ પામ્યો, તો પતિના ભાઈઓએ બધી મિલકત પડાવી લીધી. લતાને પોતાનાં ઘરેણાં પણ મળ્યાં નહિ. પિયર ચાલી ગઈ. માબાપ નહોતાં...ભાઈ-ભાભીનાં ઓશિયાળાં થઈને રહેવું પડ્યું. તે જબરી ગણાતી, પણ તેની પાસે પોતાની પર નિર્ભર થઈને જીવવા માટે કશી સામગ્રી નહોતી.

*

આ સ્ત્રીઓની દુનિયા હતી, એક ધીમી, લાંબી, તપેલી બપોર જેવી નાની દુનિયા, નાનાં નાનાં દુ:ખ. રસોડાના અંધારામાં ખૂણેખાંચરે આ દુ:ખો ભરાઈ રહે. કોઈની ત્યાં ખાસ નજર પડે નહિ. ઘરના બીજા ઓરડા હવાઉજાસવાળા. રસોડું નાનું, અંધારિયું. સ્ત્રીને જ્યાં ઘણા કલાકો પસાર કરવાના હોય તે જગ્યા અજવાળા વગરની, નીરસ. ક્યારેક તો દિવસે પણ બત્તી કરી રાખવી પડે. રસોડામાં બેસવાની કોઈ વ્યવસ્થા ન હોય. બહેનપણીઓ આવે ને સ્ત્રી રસોડામાં હોય તો પછી તેઓ ઊભાં રહીને જ વાતો કરે. બીજા રૂમમાં પંખા હોય, રસોડામાં વધુ સમય ગાળવાનો, ગરમી વધુ, પણ રસોડામાં પંખો ન હોય.

તેમના રસના વિષયો ઓછા. દૃષ્ટિ સાંકડી. વસુધાને લાગતું જાણે બધી સ્ત્રીઓ કોઈક મોટા કિલ્લામાં કેદ છે, જેની દીવાલ તેમને દેખાતી નથી. આ કિલ્લામાં તે બંદી પણ હતી અને સુરક્ષિત પણ હતી. તેને થતું : કોઈ વાર બધી સ્ત્રીઓ આ કિલ્લામાંથી બહાર નીકળી પડે તો રસ્તા કેવા રંગીન લાગે ?

*

ફરવા જવાનું બને કોઈક વાર. એક વાર પિકનિક પર ગયાં હતાં. આગલા દિવસથી વસુધાએ તૈયારી કરી હતી, નાસ્તો-પાણી, શેત્રંજી, તાસકો – બધું યાદ કરીને લીધું. વચ્ચે વળી છોકરાઓનાં તોફાન ચાલે. ઘણી ઉતાવળ કરી, છેવટ બધાને તૈયાર કરીને નીકળી ત્યારે વ્યોમેશના મોં પર નારાજી હતી : 'બહુ મોડું કર્યું. સાડા સાતે નીકળવાનું હતું ને આઠ તો અહીં વાગ્યા. હવે તાપ થઈ જશે...'

સાંજે પાછાં આવ્યાં ત્યારે થાકી ગયાં હતાં. અશેષ અડધો ઊંઘમાં હતો. વસુધા એને સુવાડવા ગઈ. વ્યોમેશ ધબ દઈને આરામખુરશીમાં પડતું મૂક્યું. 'થાકી ગયા...' તેણે છાપું શોધ્યું. 'આજ તો સવારનું છાપુંય ઉઘાડ્યું નથી.' અને પછી : વસુધા, એક સરસ કપ ચા બનાવજે ને ! ત્યાં પેલી હોટેલવાળી ચામાં કંઈ મઝા ન આવી.'

વસુધા અશેષને જેમતેમ સુવાડી રસોડામાં આવી. સ્ટવ પેટાવી ચા બનાવી ત્યાં વ્યોમેશનો અવાજ આવ્યો : 'વસુધા, જોને દીપુ કેમ રડે છે ? એને છાનો રાખ ને !'

પિકનિક પર ચાલવાનું વધુ થયું હતું. રોજ એટલું ચાલવાની ટેવ નહોતી. પગ દુખતા હતા. ચા બનાવી ઢાંકીને મૂકી. દીપુને છાનો રાખવા જતાં જતાં વ્યોમેશને કહેતી ગઈ : 'ચા થઈ ગઈ છે. જરા ગાળીને લઈ લેજો ને !'

વ્યોમેશ છાપામાંથી નજર ઊંચી કર્યા વગર બોલ્યો : 'ગાળીને આપતી જા ને ! એમાં કેટલી વાર લાગે ?'

વખતનો જ ફક્ત સવાલ નહોતો. પણ કહ્યું હોત : 'હા, હા, ગાળી લઈશ. તું તારે દીપુને છાનો રાખ !'

ચા ગાળીને, ગળણી પણ ધોઈને મૂકી દઈ શકાય. અને કોઈ વાર... ના ના. એ તો ખોટી જ આશા....પણ કોઈક વાર જો કહે : 'તેં પીધી, વસુધા ? તારો કપ પણ લઈ આવ ને !'

અથવા – 'જા, તું છોકરાનું પતાવી દે. આજ તો હું ચા બનાવું. પછી આપણે સાથે પીએ. તુંયે થાકી હોઈશ !'

પછી જાતને જ કહે – મૂરખ છે સાવ તું ! એને એવી ટેવ નથી, ખબર છે. પછી શું કામ એવી રાહ જુએ છે ?

કોઈક વાર મનમાં પ્રશ્ન થાય. એને મારે માટે પ્રેમ છે ? મને એના માટે પ્રેમ છે ? તે કમાય છે, પણ એ તો આખા કુટુંબ માટે. તે વસુધાની અંગત જરૂરિયાતો કદી સાચવતો નથી. પોતે તેનું એક એક અંગત કામ કરી આપે છે, કાળજીથી કરી આપે છે. એ કર્તવ્ય છે કે પ્રેમ છે ? પોતે તેની બધી અંગત

જરૂરિયાતો સાચવવી જોઈએ. પત્ની તરીકે પોતાની પાસેથી એ અપેક્ષિત છે. તે મારી અંગત જરૂરિયાતોનું ધ્યાન રાખે એવું અપેક્ષિત નથી.

કારણ ?

કારણ કે તે કમાય છે, પૈસા લાવે છે. પૈસા રળવા એ બહુ મોટું કામ ગણાય. એવડું મોટું કામ પુરુષ કરે, પછી બીજાં કામોની તેની પાસેથી કાંઈ અપેક્ષા રખાય ?

*

બધી સ્ત્રીઓનું જ્ઞાન અલ્પ હતું, તેમની ક્ષમતા વિચારની ભૂમિકાએ આગળ વધેલી નહોતી. સહન કરી લેતી, ઘસાઈ મરતી સ્ત્રીનાં વખાણ થતાં અને તે સંતોષાઈ જતી. કામ બધાં કરતાં, પણ વ્યક્તિ માટેના કે કામ માટેના પ્રેમથી કરતાં તેના કરતાં ઘરેડથી વધુ કરતાં, કર્તવ્યના ભાનથી કરતાં. એમના જીવનમાં શણગાર હતો પણ ઉલ્લાસ નહોતો, જીવન રિવાજો વડે ચાલતું હતું, યાંત્રિક બનેલું હતું. લાગણીઓની સચ્ચાઈ નહોતી, સંબંધોમાં ગણતરીઓ હતી, અપેક્ષાઓ હતી. અને તે પૂરી ન થાય ત્યારે અછતો ભય હતો. બીજાઓ શું કહેશે ? તેમને શું લાગશે ? એનો બોજ હતો.

વસુધાને અર્થશાસ્ત્રમાં આવતો રિકાર્ડોનો સિદ્ધાંત યાદ આવતો. મજૂરોને હંમેશા ઓછો પગાર આપવો જોઈએ જેથી તેમનાં સંતાનો ઉચ્ચ શિક્ષણ ન મેળવી શકે, પરિણામે તેઓ મજૂર જ બની રહે અને ઉદ્યોગોને ક્યારેય મજૂરોની ખોટ ન પડે.

સ્ત્રીનું જગત પણ મર્યાદિત રાખવામાં આવ્યું છે, જેથી તે ચુપચાપ જે છે તે તેમ જ હોય - એમ સ્વીકારીને ચાલે. એમાં સંતુષ્ટ રહે, પ્રશ્નો ન પૂછે, પરિવર્તનનો પવન ન ઝંખે....અને બીજા કોઈકનું સામ્રાજ્ય ચાલે છે તેમ ચાલ્યા કરે.

*

એક દિવસ સાંજે વસુધા શાકભાજી લઈને મકાનનો દાદર ચડતી હતી. શિયાળાની સાંજ હતી એટલે અંધારું વહેલું થઈ ગયું હતું. પહેલો દાદર ચડી તે બીજાનો વળાંક વળવા જતી હતી ત્યાં તેણે કાંઈક અવાજ સાંભળ્યો. ધીમી

ગુસપુસ જેવો વાતચીતનો અવાજ. તેને નવાઈ લાગી કે આમ દાદરમાં ઊભાં રહીને કોણ વાત કરતાં હશે ? તે આગળ ચડી પણ તેના પગનો અવાજ સંભળાતા વાતચીત બંધ થઈ ગઈ. ઝડપથી કંઈક સંચાર થયો અને તેણે રંજનાને ત્યાં પહેલાં કામ કરતી હતી એ લક્ષ્મીને સામેથી ઊતરી આવતી જોઈ. નવવારી સાડીની પેટ પરની ગાંઠમાં તે કંઈક ખોસતી હતી. વસુધાને તે ઓળખતી હતી, પણ તેને જાણે જોઈ ન હોય તેમ ઝડપથી તેને ઘસાઈને ઊતરી ગઈ. વસુધાએ નવાઈથી તેની પાછળ જોયું. આટલી બધી ઉતાવળ કેમ ? તેણે આગળ જોયું. તે કોની સાથે આમ વાત કરતી હતી ? બીજા માળે રંજનાનું ઘર હતું. તેના બારણામાં દીપક ઊભો હતો. રંજના બે દિવસ માટે તેના મામાને ત્યાં ગઈ હતી.

તો એ દિપક હતો ? લક્ષ્મીએ તો તેમના ઘરનું કામ ઘણા વખત પહેલાં છોડી દીધું હતું.

દીપકે વસુધા સામે જોયું. તે આકર્ષક વ્યક્તિત્વવાળો, ઊંચો જુવાન હતો. તેની આંખોમાં એક તીવ્રતા હતી. એ નજર ક્યાંક પડતી, પછી ઝટ ઊંચકાતી નહિ. વસુધાને એ નજર ગમી નહિ. તે ઝડપથી દાદર ચડી ગઈ. ખાસ કશા કારણ વગર તેના હૃદયના ધબકારા વધી ગયા.

કાલે હું વાસંતીને આ વાત કરીશ - તેણે મનોમન વિચાર્યું.

●

૧૧

બીજા દિવસની બપોર પડતાં તો જાણે દિવસોના દિવસ લાગ્યા. દીપકની એ નજર વસુધાથી ભુલાતી નહોતી. શા માટે તેણે પોતાની તરફ એ રીતે જોવું જોઈએ ? એ નજરનો શો અર્થ હોઈ શકે ? તેનું મન આખો વખત ગૂંચવાયેલું રહ્યું. વ્યોમેશને આ વાત કહેવાનું મન થયું, પણ પછી કહ્યું નહિ. વ્યોમેશને હંમેશા પોતાના બિંદુએ જ ઊભા રહીને ઘટનાઓને જોવાની ટેવ હતી. વસુધાને ખાતરી હતી : વ્યોમેશને પોતે આ વાત કહેશે તો તે જવાબ આપશે : 'એ તો તને ખાલી ભ્રમ થયો હશે, દીપક તો સરસ માણસ છે. કેટલો ઉદાર અને મિત્રો માટે મરી પડે એવો છે ! વિજયના ઑપરેશન વખતે દિવસ-રાત એ હૉસ્પિટલમાં રહ્યો હતો અને એણે સહુથી વધુ આંટાફેરા ખાધા હતા, એ ભૂલી ગઈ ?'

પણ વસુધા, દીપકની એ નજરને આંખમાં પડેલું કસ્તર માની કાઢીને ફેંકી દઈ શકી નહિ. એમાં ચોક્કસ જ કોઈ ભેદ હતો. કદાચ વાસંતી કંઈક વધારે જાણતી હોય. મારા કરતાં તે બધાંને વધારે ઓળખે છે અને ધારો કે ભેદ ઊકલી ન શકે, તો પણ વાત કહીને હૃદય હળવું કરવા માટે વાસંતી સહુથી યોગ્ય વ્યક્તિ હતી. હવામાં મીઠો સૂર વેરીને ઊડી જતા પંખી જેવી આનંદી અને ગતિશીલ. સહેજ લંબગોળ મોં, અતિશય સ્વચ્છ કુમાશભરી ત્વચા, અણિયાળું નાક અને અણિયાળી આંખો, ઊંચી પાતળી દેહલતા અને માથે ભારો એક વાળ. વસુધાની આસપાસની સ્ત્રીઓમાં તે સૌથી સુંદર હતી, અને વસુધાના માનવા પ્રમાણે સૌથી સુખી પણ. તે સાથે હોય ત્યારે વસુધાને જીવવાનું થોડું ઓછું અઘરું લાગતું.

દીપકની વાત તેને કહેવા વસુધા અધીર થઈ ગઈ, પણ બપોરે દીપંકર ને ફૈબા સૂઈ ગયાં પછી તે ઉતાવળે પગલે વાસંતીને ઘેર ગઈ તો બારણે તાળું જોયું. યાદ આવ્યું : આજે શુક્રવાર હતો. વાસંતી દર શુક્રવારે તેની માંદી માની ખબર

કાઢવા જતી. નિરાશ થઈને વસુધા બંધ બારણાં પાસે ઊભા રહી, પછી અસમંજસમાં જ પગથિયાં ઊતરી.

નીચેના માળ પર રંજનના ફ્લૅટ પર નજર પડતાં જ ફરી તેનું હૃદય જોરથી ધબકી રહ્યું. અચાનક જ તેને સમજાયું કે દીપકની નજર, એ શિકાર પાછળ પડેલા એક પ્રાણીની નજર હતી - એવી જ અનાવરિત, ક્ષોભસંકોચથી રહિત, એકાગ્ર, એના ઘરને બહાર તાળું નહોતું. રંજના આવી ગઈ હશે ? દીપક ઘેર હશે ? પણ દીપક તો અત્યારે કામ પર ગયો હોય ! તેણે બારણું ખટખટાવવાનો વિચાર કર્યો ત્યાં જ બારણાની અંદરની સ્ટોપર વસાતી હોય એવો અવાજ આવ્યો. ચમકીને તે ત્યાંથી દૂર ખસી ગઈ અને સામે જ લલિતાનો ફ્લૅટ હતો ત્યાં જઈ ઝડપથી તેની ઘંટડી દાબી દીધી.

બારણું ઊઘડ્યું નહિ. અકારણ જ વસુધાનાં અંગોમાં ભયની એક લહર ફરી વળી. લલિતા તો અત્યારે ઘેર જ હોય. તેણે ફરી વાર ઘંટડી દાબી. પછી ત્રીજી વાર દાબી ત્યારે ધીરેથી કોઈએ બારણું ઉઘાડ્યું. સામે હતી એ લલિતા હતી કે તેની છાયા ?

વસુધાને જોતાં જ લલિતાના મોંમાંથી એક નાનો ચિત્કાર સરી પડ્યો. સ્પષ્ટ જ હતું કે અત્યારે વસુધાની તેને જરા પણ અપેક્ષા નહોતી. પણ વસુધાએ તેની અનિચ્છાની ચિંતા કર્યા વગર ઘરમાં પ્રવેશ કરીને બારણું બંધ કરી દીધું. તેનું કંપી રહેલું હૃદય જરા શાંત પડ્યું. તે લલિતાને કંઈક કહેવા જતી હતી ત્યાં લલિતા 'હમણાં' આવું છું,' કહીને ઉતાવળે પગલે અંદર ચાલી ગઈ.

વસુધા ગૂંચવાઈને ખંડની વચ્ચોવચ્ચ ઊભી રહી.

સુઘડપણે ગોઠવાયેલા ઘરમાં સંપન્નતાની એક હળવી મુદ્રા હતી. ઝરૂખામાં જવાના બારણા પર ગાઢ લાલ રંગનો ભારે પડદો એટલી શાંત રીતે પડી રહેલો હતો કે તેને ક્યારેય ખસેડીને બારણું ઉઘાડવામાં આવતું નહિ હોય એમ લાગે. છતમાંથી બે સુંદર ઝુમ્મર લટકતાં હતાં. ખૂણામાં મોટા શેડવાળો ઊભો લૅમ્પ હતો. દીવાલનો આછો પીળો રંગ નમેલી બપોરના અજવાળામાં સોનેરી અને જાજરમાન લાગતો હતો.

લલિતા ધીમા પગલે બહાર આવી. તેણે હમણાં જ મોં ધોયું હતું. વસુધા

સામે તે હસી, પણ એ નામનું જ હાસ્ય હતું અને મોં પર આવતાંવેત એ સુકાઈ ગયું.

પાંત્રીસની ઉંમર વટાવી ગયેલી લલિતા એક સુરૂપ સ્ત્રી હતી. તે વ્યવહારકુશળ હતી. હંમેશા તે કાંઈ ને કાંઈ કામ કર્યા કરતી અને લાગણીમય અભિવ્યક્તિમાં ઝટ દઈને સરી પડતી નહિ. મૃત્યુ જેવા પ્રસંગે તે સહુથી પહેલાં પહોંચી જતી અને 'બસ હવે, કોઈએ રડવાનું નથી. ભગવાનનું નામ લો. આવરદા પૂરી થાય પછી કોઈ કોઈને માટે રોકાતું નથી. આપણું કર્યું કાંઈ કામ આવે છે ? હિંમત રાખો અને છોકરાં સામે જુઓ. તમારે તો હવે મા ને બાપ બન્ને થવાનું છે. આંસુ સારીને બેસી રહ્યે કેમ ચાલશે ?' - જેવાં જૂનાં ચવાયેલાં વાક્યો તે પૂરા વજન સાથે આત્મવિશ્વાસથી બોલી શકતી, અને તેની સાંભળનાર પર અસર પણ થતી. વસુધાને હંમેશા એમ લાગતું કે લલિતા બહુ સ્વસ્થ સ્ત્રી છે.

આજે લલિતાને બધી પાંખડીઓ છૂટી થઈ ગયેલા ફૂલ જેવી વીખરાયેલી સ્થિતિમાં જોઈને તે હલી ગઈ. ભાવપૂર્વક બોલી : 'ઠીક નથી ?'

'હા-ના-અમસ્તું જ જરા.'

'શું થયું છે ?'

લલિતા બોલી નહિ.

વસુધાએ તેના ખભા પર હાથ મૂક્યો. 'કહોને, શું થયું છે ?'

લલિતાએ તેની સામે આંખો માંડી, 'ખરેખર જાણવું છે ? સહી શકશો ?'

વસુધા અપલક જોઈ રહી.

'તો જુઓ' - લલિતાએ પોતાનું મોં જરા ફેરવી ડાબો ગાલ વસુધા સામે ધર્યો.

'ઓ મા રે ! તમારા કાન પાસે કેટલો બધો સોજો છે ! દુખે છે ?'

'દુખે તો ખરું ને !'

'કેમ કરતાં આટલો બધો કાન સૂઝી ગયો ?'

લલિતા એક ક્ષણ એની સામે તાકી રહી. પછી એક એક શબ્દને સ્પષ્ટપણે

ઉચ્ચારતી બોલી : 'એને આમળવામાં આવ્યો છે.' વસુધા પગથી માથા સુધી ખળભળી ગઈ. 'પણ કોણે ? કોણે તમારો કાન આટલી ક્રૂરતાથી આમળ્યો છે ?' અને આ પૂછતાં તેને સહસા થયું કે ઉત્તરની તો તેને ખબર છે, તેની અંદર બેઠેલા પ્રાણ જાણે છે આ ચિરકાળની કથા.

લલિતા કડવું હસી. 'બીજું કોણ આમળે ?'

'સુધીરભાઈએ ? પણ શા માટે ? શા માટે ?'

'એમને મારા પર વહેમ આવે છે એટલે.'

વસુધા આંખ ફાડીને તાકી રહી. શું બોલવું તે તેને સૂઝ્યું નહિ.

'આજે જરા વધારે અમળાઈ ગયો છે. આમ તો લગભગ રોજ આમળે છે – ઑફિસે જતાં જોરથી કાન આમળીને મને યાદ આપતા જાય છે કે –'

'કે ?'

'કે એમના આજ્ઞાપ્રદેશની બહાર મારે એક ડગલુંયે મૂકવાનું નથી.'

'ઓ ભગવાન...ઓ ભગવાન... પણ આ શા માટે ?'

'શી...સ...આ ઘરમાં ભગવાનનું નામ ન લેતાં. એ ભગવાનમાં માનતા નથી. કહે છે, કામ કરો; કામ એ જ ભગવાન છે.'

વસુધાને એવું લાગ્યું - જાણે એનું પોતાનું હૃદય કોઈ ધીરે ધીરે નિર્મમપણે આમળી રહ્યું હોય ! અસ્વસ્થ થઈને તે બોલી : 'પણ આમાં તો કોઈક વાર મોટી ઈજા ન થઈ જાય ?'

'મને પણ એમ થાય છે કે કોઈક વાર મારો કાન બહેરો થઈ જશે તો ? પણ પછી એમ માનીને આશ્વાસન લઉં છું કે કાન બહેરો થઈ જશે તો પછી એ કશું કરવાની મને લાખ ના પાડે તોયે મને સંભળાશે નહિ. કેમ ખરું ને ?'

વસુધા આર્જવપૂર્વક બોલી : 'પણ આનું તો તમારે કંઈક કરવું જોઈએ. ડૉક્ટરને બતાવવું જોઈએ. ચાલો હું સાથે આવું.'

લલિતાએ ડોકું ધુણાવ્યું. 'એ આવશે ને એમને લાગશે કે બહુ વધારે છે, તો એ જ લઈ જશે. કયા ડૉક્ટર પાસે જવું તે એ જ નક્કી કરશે.' બોલતાં બોલતાં તે ભભૂકી ઊઠી : 'અમારે માટે બધું એ નક્કી કરે છે. અમારે શું ખાવું,

શું પહેરવું, શું વાંચવું - બધું જ. શું પહેરવું તે જ નહિ, કેવી રીતે પહેરવું તે પણ. બોલો તો, તમે મને કોઈ દિવસ ઊંધા છેડાની સાડી પહેરતાં જોઈ છે ?'

વસુધા થોથવાઈ. 'પણ... મને એમ કે... તમે પહેલેથી આમ આપણી ગુજરાતી ઢબે જ સાડી પહેરતાં હશો.'

'પહેલેથી... પહેલાં હું શું હતી તમને ખબર છે ?' લલિતા તીવ્રતાથી બોલી : 'તમને ખબર છે હું સંસ્કૃતનો વિષય લઈને એમ.એ. થઈ છું.'

વસુધાની આંખ પહોળી થઈ ગઈ. કંઈ બોલવા જતાં એના હોઠ ખુલ્લા રહી ગયા.

'વર્ષોથી બધું પેટીમાં મૂકી, પેટીને તાળું મારી, ઉપર માળિયામાં એને બધા સામાનની પાછળ મૂકી દીધી છે. હવે તો એ તાળું પણ કટાઈ ગયું છે — કોઈ ચાવીથી હવે એ ઊઘડે એમ નથી. હજી મને યાદ આવે છે — આ વાસંતીને જોઈને રઘુવંશની પંક્તિ યાદ આવે છે : સંચારિણી દીપશિખૈવ રાત્રૌ — રાતના અંધારામાં સંચરતી દીપશિખા જેવી. હું શાકુન્તલની પ્રેમી. ઉત્તરરામચરિતના કેટલાય અંશો મને મોઢે હતા. મોઢે હતી વેદની કેટલીયે ઉક્તિઓ : વૃક્ષ ઈવ સ્તબ્ધો દિવિ તિષ્ઠતિ એકઃ — તે એક, વૃક્ષની જેમ આકાશમાં સ્થિર ઊભો છે. તે એક — તે પરમ પરમાત્મા — એક વૃક્ષના જેવો છે. પણ એ વૃક્ષને જોવા હું બારીએ ઊભી રહું ત્યારે એમને વહેમ આવે છે. તું વારે વારે બારી પાસે જઈને કેમ ઊભી રહે છે ? કોને જોવા ત્યાંથી વારંવાર બહાર નજર નાખે છે ? ઑફિસેથી આવીને હંમેશા પૂછે : આજે કોણ ઘેર આવ્યું હતું ? કોની સાથે શું વાતો કરી ? છોકરાંઓને આડકતરું પૂછે : 'આજે કોઈ મહેમાન આવેલા ? બેઠા હતા ? કેટલું બેઠા હતા ?'

'ઓહ... ઓહ...'

'એ મોટી કંપનીમાં અધિકારી છે. બહુ સારો પગાર મેળવે છે. ફડફડાટ અંગ્રેજી બોલી શકે છે, એથી લોકો એને માન આપે છે...આ વહેમી, શંકાખોર, હલકા પ્રતિભાવો અને અહંકારથી આકંઠ ભરેલા માણસની બધે પ્રતિષ્ઠા છે અને હું - હું કેવળ રસોઇયણ છું, એની પત્ની હોવા સિવાયનું મારું બીજું કોઈ મૂલ્ય સમાજમાં નથી. મારાં મૃચ્છકટિક ને મેઘદૂતની, ભાવ ને સૌંદર્યના એ ખજાનાની ધૂળ જેટલીયે કિંમત નથી. એમનાથી જુદો મારે કોઈ રસ હોય તે એમનાથી સહન નથી થતું. એમને સંસ્કૃત, શાસ્ત્રો, પ્રાચીન ભારતીય સાહિત્ય

- બધું નકામું લાગે છે. એટલે એ સૃષ્ટિમાં મારો વાસ તેમને ગમતો નથી. તેમને ગમતાં હોય તે જ પુસ્તકો અમારે વાંચવાનાં હોય છે.'

વસુધા ચકિત થઈ ગઈ. મૃત્યુ પ્રસંગે પેલાં ડાહ્યાંડમરાં કંગાલ વચનો બોલતી, સાવ રૂઢિચુસ્ત દેખાતી લલિતા તે આ જ સ્ત્રી છે ?

બારણે અવાજ થયો. વસુધાને ફાળ પડી. તે ગભરાઈને ઊભી થઈ ગઈ. સુધીરભાઈ આવ્યા હશે ?

લલિતા હસી. 'બેસો, બેસો, એ આવે તો કાંઈ અવાજ કરીને આવતા નથી. લેચ-કી વડે ચુપચાપ બારણું ઉઘાડીને અંદર પ્રવેશે છે, જેથી એ જોઈ શકે કે એમની ગેરહાજરીમાં ઘરમાં કોઈ આવ્યું તો નથી !'

તેણે બારણું ઉઘાડ્યું. સુધીરની ઑફિસનો માણસ હતો. 'સાહેબે અંદરના કબાટમાંથી લાલ કપડામાં બાંધેલી ફાઈલો મંગાવી છે.'

લલિતાએ ફાઈલો શોધીને આપી, એ લઈને માણસ ચાલ્યો ગયો. લલિતાએ બારણું બંધ કર્યું. વસુધાને પૂછ્યું : 'કાંઈ સમજ્યાં ?' વસુધાએ અબુધની જેમ માથું હલાવ્યું.

'એમની ઑફિસનો માણસ હતો. એ પાછો જશે એટલે પૂછશે - ઘરમાં કોઈ હતું ? બાઈ શું કરતાં હતાં ? અવારનવાર આવી રીતે એ કોઈને મોકલતા હોય છે. એ પોતે પણ સાંજે નક્કી સમયે ન આવે. વહેલા-મોડા ગમે ત્યારે આવે, જેથી હું કાંઈ ખોટું કરતી હોઉં તો મને પકડી પાડી શકાય.'

વસુધાએ માથે હાથ દીધો. 'ઓ લલિતાબહેન. તમે આ બધું શા માટે સહન કરી લો છો ?'

'સહન ન કરું તો ક્યાં જાઉં ? ક્યાં રહું ? છોકરાઓનું શું થાય ?'

'પણ તમને સુધીરભાઈના સ્વભાવની ખબર નહોતી ? તમે આવા માણસ સાથે લગ્ન જ કેમ કર્યાં ?'

'કૉલેજમાં એક છોકરો મને ગમતો હતો. પણ પાછળથી ખબર પડી કે એણે તો ઘણી છોકરીઓને પરણવાનું એકી સાથે વચન આપ્યું હતું. એ જાણ્યું તેના આઘાતની મૂઢ સ્થિતિમાં માબાપે જે સૂચન કર્યું તે સ્વીકારીને પરણી ગઈ.

મારી એટલી ભૂલ, કે સુધીરને મેં આ વાત કરી. હવે થાય છે કે ન કરી હોત તો સારું હતું. આ લોકો નિખાલસતાને શું લાયક હોય છે ? પણ મને એમ કે આ સૌથી નિકટનો સંબંધ, સૌથી વિશ્વાસમય સંબંધ બની રહેવો જોઈએ. માત્ર કોઈક જણ ગમતું હતું. કોઈક ગમે, અને તેની સાથે લગ્નની ઇચ્છા કરવી એ કોઈ અપરાધ તો નથી ! પણ કહ્યું તે દિવસથી એમને થઈ ગયું છે – શી ખબર, તું એને મળતી હશે તો ? એના ટેલિફોન આવતા હશે તો ? આમ તો એ આવે ત્યારે હું ઘરમાં જ હોઉં છું. ગઈ કાલે મારી એક બહેનપણી આવી હતી તેને મૂકવા નાકા સુધી ગઈ હતી. પાછી આવી ત્યારે એ આવી ગયા હતા. કેટલુંય ક્રૉસ-એક્ઝામ કર્યું ! છતાં વિશ્વાસ ન બેઠો એટલે મારા કાન...

જરા વજનદાર ચહેરાવાળો, સશક્ત, સેંકડો બાબતોની જાણકારી ધરાવતો, વ્યોમેશ સાથે વાત કરતો હોય ત્યારે જરા જરામાં મોટેથી હસી પડતો સુધીર... એ ચહેરાનું સ્મરણ વસુધાને બિહામણા સ્વપ્નની જેમ ઘેરી વળ્યું.

ફરી વાર બારણે ઘંટડી વાગી. વસુધા ઊભી થઈ ગઈ. પણ એ ઇલા હતી. બળતી આંખો જેને જોઈને ઠરે એવી કિશોરી.

'મા, અમારી સ્કૂલમાં ડ્રામા થવાનો છે તેમાં હું ભાગ લઉં ?'

'તારા પપ્પાને પૂછજે, બેટા.'

'બધી વાતમાં પપ્પાને શું પૂછવાનું ?' ઇલાએ પગ પછાડ્યા. 'તને કાંઈ પણ પૂછીએ એટલે તું હંમેશા આમ જ કહે છે. તારી પોતાની કાંઈ હા-ના ખરી કે નહિ ?' નારાજ થઈને તે અંદર ચાલી ગઈ. જતાં જતાં બોલતી ગઈ : 'પપ્પા કદાચ ના પણ પાડે, તો તું એમને જોરપૂર્વક સમજાવી શકે નહિ ?'

લલિતાએ કરુણ નજરે વસુધા સામે જોયું. 'હું ઇલાનો પક્ષ લઈ એમને સમજાવવા જાઉં તો એ કહેશે : તું જ છોકરાંને બગાડે છે... આ છોકરીને મારે એ શી રીતે કહેવું ?' બોલતાં બોલતાં તેના ખભા નીચે નમી ગયા.

'આ ઝુમ્મર કેવાં સુંદર છે ! અને પેલો કેસરી શેડવાળો ખૂણાનો લૅમ્પ. ટેબલ પર આ નાનો લૅમ્પ. એમને લૅમ્પનો બહુ શોખ છે ! પણ અહીં...' લલિતાએ પોતાના હૃદય પર હાથ મૂક્યો. 'અહીં દીવો સળગ્યો નથી.'

વિશ્વાસને ખોળે નચિંતતાથી પોતાને ઢબૂરી દેતું પ્રેમનું એક શાંત માધુરીમય રૂપ હોય છે. એને પામવાની ઇચ્છાના છલનામય માર્ગ પર કેટલા દીવા જ્યોતિર્મય બન્યા પહેલાં જ હોલવાઈ જતા હશે – એની કોઈને ખબર નથી. કોઈક વાર એકાદ પળ માટે પડદાનો એક છેડો ઊંચકાઈ જાય છે. ક્ષણાર્ધ માટે નજરે પડે છે એક હણાયેલું મોં... પછી પાછો રોજિંદા જીવનનો રંગહીન પડદો બધું ઢાંકી દે છે.

ભારે પગલે વસુધા બહાર આવી. જેણે અંદરનું અશ્રુઘર જોયું નથી તે કહેશે : કેવું સરસ ઘર ! ખૂબ કમાતો પતિ. બે છોકરાં. સ્ત્રીને સુખી થવા માટે આથી વિશેષ જોઈએ શું ? પોતાની અસ્મિતા ? એ વળી કઈ બલા છે ?

ઘરમાં આવી ત્યારે હર્ષ અને અશેષે નાસ્તો કરેલો તેનો કચરો બધે વેરાયો હતો. ભોંય પર ખાલી પ્યાલા પડેલા હતા. પલંગની ચાદરો તેમણે ખૂંદી નાખી હતી... તોપણ વસુધાને સારું લાગ્યું. વ્યોમેશ સુધીર જેવો તો નથી જ !

એકાએક ખ્યાલ આવ્યો. પોતે દીપક વિશે પૂછવા માગતી હતી, એ વાત તો બાજુ પર જ રહી ગઈ. પણ હવે હમણાં વધુ જીરવવાની શક્તિ નથી. શી ખબર અંદરથી શુંયે નીકળે. અમૃત તો નહિ જ નીકળે. કદાચ ન જાણવું જ વધારે સારું.

તે ઝટપટ બધું ઊંચકીને સરખું ગોઠવતી હતી ત્યાં ફૈબા આવ્યાં. 'અત્યાર સુધી ક્યાં હતી ?'

'લલિતાબહેનને ત્યાં.' વસુધાએ ચાદર ઝાપટતાં કહ્યું.

'કેમ આટલી બધી વાર ત્યાં લાગી ?' ફૈબાએ પ્રશ્ન પૂછ્યો. અને આ પહેલી વાર વસુધાએ જવાબ આપ્યો નહિ.

'સુધીરભાઈ પણ ઘરે હતા ?'

સારું થયું કે તે જ વખતે વ્યોમેશ ઘરમાં પ્રવેશ્યો, નહિ તો વસુધાના જવાબથી ફૈબા હેબતાઈ જ ગયાં હોત. મોંએથી ભલે કદી કબૂલ ન કર્યું હોય, પણ મનથી હંમેશ જેને સુશીલ, સૌમ્ય, મૃદુ, પતિભક્તિપરાયણ માની હતી તે વસુધાના મોંમાથી કડવા કાંટાળા શબ્દો સાંભળીને તેમને મૂર્છા જ આવી ગઈ હોત.

●

૧૨

બે-ત્રણ દિવસ પછી બપોરના વખતે વસુધા ચોખા સાફ કરતી હતી ત્યાં રંજના આવી. તેની મેલી ચોળાયેલી સાડી પર હળદર-મસાલાના ડાઘ હતા. વાળ ઓળ્યા વગર જ જેમતેમ અંબોડામાં બાંધી લીધેલા હતા. મોં પર મૂંઝવણ અને લાચારીનાં જાળાં બાઝ્યાં હતાં. આવતાં જ ધીમેથી બોલી : 'ફૈબા જાગે છે કે સૂઈ ગયાં છે ?'

'સૂઈ ગયાં લાગે છે. કેમ, ફૈબાનું કામ હતું ?'

રંજના વસુધા પાસે જ ભોંય પર બેસી ગઈ. કોઈ સાંભળતું નહોતું તોયે અવાજને ધીમો કરીને બોલી : 'ના, તમારું કામ હતું. બહુ મુશ્કેલીમાં મુકાઈ ગઈ છું. જરા મદદ માટે આવી છું.'

વસુધાના હૃદયમાં ફાળ પડી. કોઈનેયે મદદ કરવાની મારામાં શક્તિ છે ? મદદ કરવાની મને છૂટ છે ?

'શી વાત છે ?' તે પોચા અવાજે બોલી.

'પાંચસોએક રૂપિયા જેટલી રકમ આપશો ?'

પાંચસો રૂપિયા ? વસુધા હેબતાઈ ગઈ. એટલા બધા તો મારી પાસે ક્યાંથી હોય ?

રંજના થોડીક વાર ચૂપ બેસી રહી. પછી ઊભા થવાનું કરતાં બોલી : 'મને હતું જ કે તમારી પાસે નહિ હોય. છતાં થયું – કદાચ હોય. શી ખબર, કદાચ હોય પણ ખરા. ડૂબતો માણસ તણખલું પકડે, એમ ક્ષીણ આશાની મારી હું તમારી પાસે આવી.'

વસુધાએ તેનો હાથ પકડી નીચે બેસાડતાં કહ્યું : 'પણ જરા વાત તો કરો. જોઈએ, કોઈ બીજો રસ્તો કાઢી શકાય તો ! દીપકભાઈ આપવાની ના પાડે છે ?'

રંજના ઓશિયાળું હસી બોલી : 'સંકોચથી મરવા જેવું થાય છે. કોઈનેય કહેવાય એવી વાત નથી, પણ ક્યાંક તો કહ્યે જ છૂટકો. તમારા વિચારો જરા ઉદાર છે એટલે તમારી પાસે આવી. તમને ગૂંચવાડામાં મૂકતાં ક્ષોભ થાય છે, પણ બીજો ઉપાય નહોતો. આપણું જીવન એટલે નરી લાચારીનું પોટલું, નહિ ?'

'તકલીફ શી છે, રંજનાબહેન ?'

રંજના વધુ નજીક સરી આવી. 'એ પહેલાં બીજી એક વાત. હું નહોતી એ દરમિયાન લક્ષ્મીને તમે મારે ત્યાં આવતી જોયેલી ? અમારે ત્યાં પહેલાં કામ કરતી તે – ઓળખો ને એને ?'

વીજળીના એક ચમકારાની જેમ વસુધાને પેલી સાંજની દાદર પરની ઘટના અને દીપકની નજર યાદ આવી. શું કહેવું અને શું નહિ તેનો ત્વરિત નિર્ણય કરવાની અશક્તિમાં બોલી દીધું : 'હા, એક સાંજે અહીં જોઈ હતી ખરી.' પછી અજ્ઞાત વૃત્તિને વશ થઈ આગળ બોલી : 'પણ એ તો બીજા કોઈને ત્યાંયે આવી હોય. એનું શું કામ પડ્યું ?' દીપક-લક્ષ્મીને સાથે જોતાં વહેમ પડ્યો હતો એ વાત કરી નહિ. શી ખબર, પોતાની સમજફેર હોય ! નકામું રંજનાનું મન ડહોળાઈ જાય !

રંજના જરા ઉશ્કેરાઈને બોલી : 'મેં કેટલી મહેનતે, કેટલી કરકસર કરીને, ઘરખર્ચમાંથી પૈસા બચાવી, દીપકથી છાના ૫૦૦ રૂપિયા રાખેલા. આવીને જોયું તો તે ગુમ.'

વસુધા ચોંકીને બોલી : 'લક્ષ્મીએ ચોરી લીધા ?'

'ચોરે ક્યાંથી ? એની પાસે કબાટની ચાવી થોડી જ હોય ?'

'તો પછી ?'

રંજના ચૂપ રહી.

વસુધા કાંઈ સમજી નહિ. 'તો રૂપિયા ગુમ થવાને અને લક્ષ્મીને શો સંબંધ છે ? દીપકભાઈને તમે એ વિશે પૂછી જોયું ?'

'એમનાથી તો છાના બચાવી રાખેલા, એટલે એમને પૂછું શી રીતે ? મારી ગેરહાજરીમાં એમણે જોઈ લીધા હશે અને –

'અને ?'

'લક્ષ્મીને આપી દીધા હશે.'

'એમ ? પણ લક્ષ્મીને એટલા બધા પૈસા શા માટે આપી દે ?'

રંજના આંખમાં આવેલાં આંસુ પાછાં ધકેલવાનો પ્રયત્ન કરી નાક સંકોરતી બોલી : 'કેવડી મોટી શરમની વાત છે ! તમે બહુ ભોળાં છો, કશું સમજતાં નથી. આખો દિવસ, આખી રાત મારી છાતી પર એક સગડી સળગે છે. ખાવાનું ભાવતું નથી. ઊંઘ આવતી નથી. પણ હું ક્યાં જાઉં ? શું કરું ?' તે ધીમાં ડૂસકાં ભરી રહી.

એકાએક વસુધાના મનમાં પ્રકાશ થયો. તેને દીપકની પેલી નજર યાદ આવી. પોતાને જે જોઈતું હોય તે બધું જ મેળવી લેવાની લાલસાથી, એ મેળવવા માટે ગમે તે હદે જવાની ક્રૂરતાથી ભરેલી આંખો. ચોખાનો ઢગલો બાજુ પર ખસેડી તે સ્તબ્ધ થઈને બેસી રહી. દીપકની નજરનો અર્થ તેની પાસે નિષ્ઠુરપણે ખુલ્લો થઈ ઊભો. તેણે રંજના સામે જોયું. વેદનાથી ઉઝરડાયેલું મોં. ગોળ ભાવવાહી આંખોમાં આંસુની ભીનાશ.

રુદન, લાચારી, અસહાયતા...સ્ત્રી પોતાનું આખું જીવન આપી દઈને, બદલામાં શું આ જ મેળવે છે ?

વસુધાએ રંજનાના હાથ પર હળવેથી હાથ મૂક્યો. હાથ પર ગરમ આંસુનાં બે ટીપાં પડ્યાં.

આંખો લૂછી રંજના બોલી : 'એ તો હું ગમે તેમ કરીને સહન કરી લઉં છું. અને આજે તો હું બીજી વાત માટે આવી હતી. એક મુશ્કેલીમાં આવી પડી છું. એ માટે થોડાક પૈસા જોઈતા હતા. પણ તમારી પાસે તો નથી...' પછી યાદ આવતાં વળી જરી આશાથી બોલી : 'ઠીક, વ્યોમેશભાઈ પાસેથી તમે ન લઈ શકો ? હું પછી પાછા આપી દઈશ.'

'પણ એ પૂછે કે શાને માટે જોઈએ છે, ત્યારે હું શું કહું એમને ?'

'પૂછ્યા વગર ન આપી શકે ? તમે કહો કે જોઈએ છે – તો એટલું પૂરતું ન થાય ?'

વસુધાએ ડોકું હલાવ્યું. 'આજ સુધી એવો પ્રસંગ પડ્યો નથી; પણ મને

ખાતરી છે કે કારણ જાણ્યા વગર એ ન આપે.'

રંજનાએ નિસાસો નાખીને કહ્યું : 'તો તો તમારી સ્થિતિયે મારા જેવી જ ગણાય. આપણે તો પૂછ્યા વગર આપણું આખું જીવન એમને આપી દેતાં હોઈએ છીએ. અને એ લોકો, આપણે કહીએ કે જરૂર છે એટલા કદાચ શબ્દો પર વિશ્વાસ રાખી થોડાક પૈસા પણ આપણને આપી શકતા નથી ?'

વસુધાએ આ પહેલાં પૈસા વિશે ખાસ કોઈ વિચાર કર્યો નહોતો. રંજનાની વાત સાચી હતી. વ્યોમેશ વાતવાતમાં ઘણી વાર કહેતો : આ કોને માટે આટલી મહેનત કરીને કમાઉં છું ? બધું તમારે માટે તો છે !

પણ પોતાને માટેની એ કમાણીના નાના સરખાયે અંશ પર પોતાનો અધિકાર હતો ખરો ?

શબ્દો... કેવળ શબ્દો... સસ્તા, આકર્ષક, અર્થ વગરના મોહ પમાડતા શબ્દો...

વસુધા ગૂંચવાઈને ચૂપ બની રહી.

થોડી વાર તેમની વચ્ચે વિષાદભર્યું મૌન પ્રસરી રહ્યું. છેવટે રંજના બોલી : 'એમ તો મેં પણ તમને હજી કહ્યું નથી કે મને શા માટે પૈસા જોઈએ છે. પણ હું ધારું છું કે મિત્રતા અને સંબંધનો વિશ્વાસ જેવી એક બાબત છે, જ્યાં માણસ પોતાની બધી વાતો ખુલ્લી ન કરે તો પણ તેનામાં શ્રદ્ધા રાખવામાં આવે. જોકે મારે તો વાત કહેવી છે અને સલાહ પણ લેવી છે. પણ એ પછી અત્યારે તો ક્યાંક બીજે પ્રયત્ન કરી જોઉં.'

...રંજનાના ગયા પછી પણ વસુધા ચોખા ઝાટકવાનું ભૂલી બેસી રહી. પૈસાની બાબત પહેલાં કદી સૂઝી જ નહોતી. વ્યોમેશ ઘરખર્ચ માટે પૈસા આપે છે, નાનીમોટી બાબતો માટે કચકચ નથી કરતો. આજ સુધી અચાનક આમ મોટી રકમ માગવાની પહેલાં જરૂર પણ નથી પડી. પણ ધારો કે પોતે માગે – કહે કે, મારે પાંચસો રૂપિયા જોઈએ છે, પણ શા માટે, તે હું હમણાં કહી શકું તેમ નથી – તો શું તે પૈસા આપશે ?

વ્યોમેશ બહાર કામ કરે છે, હું ઘરનું કામ કરું છું, બન્નેનો સહયોગ ન હોય તો શું ઘર ચાલે કે ? પણ વ્યોમેશ કામ કરે છે તેના તેને પૈસા મળે છે. પૈસા તે કમાય છે, તેથી તે વાપરવા અંગેનો નિર્ણય કરવાની સત્તા પણ તેની છે. મારા કામ માટે મને પૈસા મળતા નથી, તેથી મારે પૈસા 'માગવા' પડે છે.

ઘરખર્ચ માટે મળેલા પૈસાનો હિસાબ આપવો પડે છે. કોઈ વાર ખર્ચ વધારે થયું હોય તો તરત કહેશે : આ વખતે કેમ તેલનો ડબ્બો આટલો જલદી ખલાસ થઈ ગયો ? તરંગને વશ થઈ વ્યોમેશ મોટો ખર્ચ કોઈ વાર કરી નાખે તો ક્ષમ્ય ગણાય, પોતે એવું કરી શકે ?

પોતાને તો વ્યોમેશનો પગાર કેટલો છે, તે પણ ખબર નહોતી. ફૈબા કહેતાં : બહુ સારી નોકરી છે, એટલે એક-બે વાર કુતૂહલથી પૂછેલું. વ્યોમેશે કહેલું : તારે જાણીને શું કામ છે ?

ઘરખર્ચના પૈસા પોતાને આપ્યા પછી વ્યોમેશ પાસે ઘણા પૈસા બચતા હશે ? ખબર નથી, તેને તે ક્યાં, કેમ રાખે છે, શામાં ખર્ચે છે અને કેટલું બૅંકમાં મૂકે છે – કશી ખબર નથી. વ્યોમેશે કોઈને હિસાબ આપવાનો હોતો નથી. પોતે કદાચ એ વિશે આગ્રહથી પૂછે તો નારાજ થાય. મારી બાબતમાં માથું ન માર – એમ કહે.

વ્યોમેશ જો 'અમારા માટે' જ કામ કરતો હોય અને 'અમારા માટે' કમાતો હોય, તો એની કમાણી પર અમારો થોડોકેય હક કેમ નથી ? કદાચ તેનો મોટો પગાર નહિ હોય ! કદાચ તેના મન પર તાણ હોય ! પણ એ બધું સહિયારું ન બનાવી શકાય ? પત્ની પાસે ખોટું ગૌરવ પહેરી રાખવાની શી જરૂર ? તે બેઠી હતી ત્યાં જ શૂન્ય જેવી થઈને બેસી રહી. પશ્ચિમે ઢળેલા સૂર્યના પ્રકાશનો એક મોટો ટુકડો લંબાઈને બારણામાંથી રસોડામાં આવ્યો ને ચોખાના ઢગલા પર પથરાયો. વસુધાને સાવ એકલાં બેસી રહેવાનું, આ વિશે વિચાર કરવાનું મન થયું. થોડાક કલાક જો એવા મળે – જેમાં કશું જ કરવાનું ન હોય, ફૈબા ને દીપંકરની ચિંતા કરવાની ન હોય, વ્યોમેશ આવે એ પહેલાં ઝટપટ નાસ્તો બનાવી લેવાની ફિકર કરવાની ન હોય, રસોડું-ચૂલો-દાળ-રોટલીની સાંકડી, અતિ સાંકડી શેરીમાં ભીંસાઈ રહેવાનું ન હોય ! સાવ ખાલી, સાવ મુક્ત એવો થોડોક સમય પણ પોતાને ક્યારેય ન મળે, જેમાં તે પોતાની સાથે થોડી પળો ગાળી શકે ? આ બધું આમ શા માટે છે અને એમાંથી, ખુલ્લામાં જતી કોઈ કળી નીકળી શકે એમ છે કે નહિ તેનો વિચાર કરી શકે ?

ફૈબાએ બારણામાં આવીને જોયું, થોડી વાર જોયા કર્યું. પછી અવાજની ધાર સહેજ સજાવીને બોલ્યાં : 'ક્યાં ધ્યાન છે તારું ? બપોરથી ચોખા લઈને બેઠી છે, હજી પૂરા કર્યા નથી ? હમણાં છોકરાઓ આવશે. વ્યોમેશને હવે બહુ વાર નથી. લો, આ કુમાર તો પધાર્યા પણ ખરા.' તે બોલતાં હતાં ત્યાં દીપંકર

દોડતો આવ્યો. માને વળગવા જતાં તેનો એક પગ ચોખાના ઢગલા પર પડ્યો અને તે લપસ્યો. વસુધાએ ગભરાઈને ફૈબા સામે જોયું. ફૈબાની નજરમાં એ જ સનાતન ઉપાલંભ, બોલ્યા વગર બધું જ કહી શકતી અને હૃદયને ઈજા પહોંચાડી શકતી દૃષ્ટિ !

'આમ આવ, દીકરા' કહી એક હાથે તેણે દીપંકરને પાસે લીધો અને બીજા હાથે વેરાયેલા ચોખા એકઠા કરવા લાગી. પોતાની જાતને તેણે પૂછ્યું : આજે તું ચૂપ રહે છે વસુધા, પણ હંમેશાં તું ચૂપ રહી શકીશ ?

વ્યોમેશ આવતાં સુધીમાં તેણે નક્કી કરી લીધું. પૈસા માટે કહેવું તો ખરું જ. એ નહિ આપે – તે પોતાનું અનુમાન હતું. પૂર્વ-અનુભવો પર આધારિત હતું. છતાં માણસનું મન કાંઈ ચેતનહીન, જડ વસ્તુ તો નથી. કદાચ આપે પણ. સારા 'મૂડ' માં હોય તો તકલીફમાં આવી પડેલી એક વ્યક્તિ પ્રત્યે સમભાવ પણ. પોતે પહેલી વાર માગે છે, તો પોતાનું માન રાખે પણ.

સાંજે વ્યોમેશને ભાવતાં છૂટી મગની દાળ, ભાત, કઢી બનાવ્યાં. પણ તેને ભાવતી વાનગી બનાવતાં હંમેશ જે આનંદ થતો તે આજે નહોતો. ઊલટાનું મનમાં ખરાબ લાગતું હતું. એને રાજી કરવાના મારી પાસે બે જ ઉપાય છે : એક સારું જમવાનું અને... મારી એક નાનકડી વાત એની પાસે રજૂ કરતાં પહેલાં મારે એના મનને પ્રસન્ન કરવું પડે છે. વાતનું વાજબી હોવાપણું પૂરતું નથી. વાતને મઢીને, વાતાવરણ સરખું સજાવીને મૂકવાથી એ સ્વીકૃત થવાની વધુ સંભાવના રહે છે. આમ કરવાથી પોતે ખૂબ નીચે ઊતરી જતી હોય એમ લાગ્યું, પણ બહેનપણી ખાતર એ કરવા તે તૈયાર થઈ.

વ્યોમેશના આવવાની તે રાહ જોઈ રહી, પણ વ્યોમેશ મોડો આવ્યો. વસુધા રાહ જોતી હતી એટલે તેને વધુ મોડું લાગ્યું. છોકરાઓને જમાડીને તે વ્યોમેશની થાળી પીરસતી હતી ત્યાં હર્ષ આવ્યો : 'મા, કાલે મારી પરીક્ષા છે, મને દાખલા શીખવીશ ?'

જમવાનું જોઈને વ્યોમેશ રાજી થયો. વાહ, આજે તો સરસ રસોઈ છે ને શું ? મોડું પણ થયું હતું અને ભાવતી વસ્તુઓ હતી. સહેજ વધારે જમાઈ ગયું. જમીને આરામખુરશીમાં લાંબો થઈ તે હંમેશની જેમ બાકી રહેલું છાપું વાંચવા અને પઝલ ઉકેલવા લાગ્યો.

વસુધાએ એની સાથે વાત કરવા માટે આ સમય વિચારી રાખ્યો હતો, પણ તેને હર્ષને ગણિત શીખવવા બેસવું પડ્યું. મોડું થાય તો તે ઊંઘી જાય. અને કાલે તો પરીક્ષા છે. શીખવતાં શીખવતાં વ્યોમેશ તરફ જોયું. તેની આંખો મીંચાઈ જવા લાગી હતી.

'અરે અરે, ઊંઘી નહિ જતા –' તેનાથી મોટેથી બોલાઈ ગયું.

વ્યોમેશ જાગી ગયો. 'કેમ ?'

'મારે થોડીક વાત કરવી હતી.'

'કાલે કરે તો નહિ ચાલે ? આજે હર્ષ પર ધ્યાન આપને !'

આટલું બધું ગોઠવી રાખવા છતાંયે શરૂઆત તો ખોટી જ થઈ.

ઝડપથી વિચાર કરી તે બોલી : 'એટલી બધી ઉતાવળ નથી. પણ આજે કહું તો સારું. હર્ષનું હવે પૂરું થવા જ આવ્યું છે.' કહીને તેણે ઝટપટ હર્ષને શીખવવા માંડ્યું. પણ પંદર મિનિટ થઈ ગઈ. તે હર્ષને તેના રૂમમાં મોકલી વ્યોમેશ પાસે આવી ત્યારે વ્યોમેશની આંખો બંધ હતી. જાગે છે કે નહિ, તેની સમજ પડી નહિ. આમ પણ ખુરશીમાં ઊંઘી ગયો છે એટલે ઉઠાડવો તો પડશે.

રૂમમાં જઈને પથારી કરી પછી બહાર આવી વ્યોમેશના ખભા પર હળવો સ્પર્શ કર્યો. વ્યોમેશે આંખ ઉઘાડી. વસુધાને જોઈને જરાક મુખ મલકાવ્યું. એ સ્મિતથી હવામાં વળી જરા ઉજાસ આવ્યો. અંદર જતાં જતાં તે બોલ્યો : 'હર્ષને બરોબર લેસન કરાવી લીધું ?' વસુધાએ હકારમાં માથું હલાવ્યું અને આશા રાખી રહી કે હમણાં પૂછશે : તો તારે શી વાત કહેવી હતી ? પણ વ્યોમેશે કાંઈ પૂછ્યું નહિ. રૂમમાં આવીને તે પથારીમાં લાંબો થઈને પડ્યો.

પેલી કલ્પેલી ક્ષણો તો ક્યારનીયે સરકી ગઈ હતી. આમ છતાં થોડો વખત હતો. પૂછવું હોય તો અત્યારે જ પૂછી લેવું જોઈએ. વસુધાને ઝટપટ બીજી-ત્રીજી વાત કર્યા વગર બોલી નાખ્યું :

'સાંભળો છો ? તમારી પાસે પાંચસોએક રૂપિયા હશે ? હોય તો મને જોઈએ છે.'

'પાંચસો રૂપિયા ? તને જોઈએ છે ?' વ્યોમેશના અવાજમાં નર્યું આશ્ચર્ય ઊભરાયું. 'એટલા બધા પૈસા તારે શું કરવા છે ? ઘરખર્ચના તો હજી હમણાં જ આપ્યા હતા.'

'મારી એક બહેનપણી બહુ મુશ્કેલીમાં છે, તેને આપવા છે.'

'કઈ બહેનપણી ? શી મુશ્કેલી છે ?' વ્યોમેશનો અવાજ ધીમો અને પ્રમાણમાં સૌમ્ય હતો. એ અવાજથી વસુધામાં સહેજ હિંમત આવી. બોલી : 'નામ ન કહું તો ન ચાલે ?'

'એટલે ?' અત્યાર સુધી વ્યોમેશ સૂતાં સૂતાં જ વાત કરતો હતો, તે બેઠો થયો. 'એવી કોણ તારી બહેનપણી છે કે એનું નામ જણાવ્યા વગર, મારાથી ખાનગી તારે એને પૈસા આપવા છે ?'

વાતને સાવ આડી કેડી પર ફંટાતી જોઈ વસુધા નિરાશ થઈ ગઈ. છતાં કોશિશ કરીને બોલી : 'તમારાથી ખાનગી તો કોઈ બાબત નથી. પણ પોતાની દુર્દશાની વાત પ્રગટ કરતાં માણસને ક્ષોભ-સંકોચ થાય...'

'એક તો પૈસા માગવા ને પાછું નામ સંતાડવું...' વ્યોમેશના બોલવામાં તિરસ્કારની છાંટ હતી. 'આ ઠીક મૂરખ બનાવવાના ધંધા છે.'

'એમ નથી, એમ નથી...' વસુધા પીડાઈને બોલી. 'ઠીક, નામ કહું તો પૈસા આપશો ?'

'પૈસા કાંઈ એમ ઝાડ ઉપર ઊગતા નથી. આખો દિવસ મહેનત કરી પરસેવો પાડું છું ત્યારે પૈસા મળે છે. એ કાંઈ મફતમાં આવતા નથી કે તારા કહેવાથી જેને-તેને આપી દેવાય.'

બુઠ્ઠા ખરબચડા આ શબ્દો સાંભળી વસુધાનું હૃદય વળ ખાઈ ગયું. મારે કાંઈ કહેવું હોય તો કેટલી પૂર્વતૈયારી કરવી પડે છે ! અને એ તો ગમે તેવી કઠોર વાત ફટ દઈને કહી નાખે છે. એ નારાજ થાય એવી નાનીસરખી વાત કહેવાની હું હિંમત કરી શકતી નથી અને એમને તો મને નારાજ કરવામાં સહેજે વાંધો આવતો નથી.

હવે કાંઈ બોલવાનો અર્થ નહોતો, છતાં છેલ્લો પ્રયત્ન કરી જોયો. 'પાંચસો રૂપિયા કાંઈ બહુ મોટી રકમ તો નથી. અને સાવ આપી જ દેવાના છે તેવું થોડું છે ? સગવડ થયે એ તરત પાછા આપી દેશે. મને વિશ્વાસ છે.'

'તને વિશ્વાસ છે...એમ ? તારામાં બહુ પાછી અક્કલ ખરી ને ! કોઈ દિવસ કમાઈ જોયા છે પૈસા ? બોલી દીધું – બહેનપણીને પૈસા આપવા છે !

કેમ જાણે પૈસા રસ્તામાં પડ્યા હોય. એ પાછા ન આપી શકે તો તું ક્યાંથી લાવી આપવાની છે ? બૈરાની બુદ્ધિ પગની પાનીએ – કહ્યું છે તે કાંઈ અમથું નથી કહ્યું.'

'પણ મુશ્કેલીમાં કોઈને મદદ કરવી એ ફરજ નથી ?'

'ફરજ શું ને શું નહિ તે મને સમજાવવાની જરૂર નથી. તમારે બૈરાંની ઠીક, ઘરમાં બેઠાં બેઠાં ખાવું છે અને પછી આવા ઉધામા કરવા છે. ચાલ હવે, મૂક માથાકૂટ. મારા પૈસા એમ વેડફી દેવા માટે નથી.' વ્યોમેશે પડખું ફેરવી દીધું.

તે ને તે જ ઘડીએ વાસંતીને ત્યાં દોડી જવાનું વસુધાને મન થયું. વાસંતી, આ જો, આ કેવડો મોટો અન્યાય છે ! એમ કહેવાય છે કે, બન્નેની મહેનતથી ઘરસંસાર ચાલે છે; પણ એની પાસે હજારો રૂપિયા છે, અને મને મારે માટે પાંચસો રૂપિયા પણ મળી શકતા નથી. એ બધા પૈસાનો શી રીતે વહીવટ કરે છે એ વિશે મને કશી જાણ નથી, પણ હું કોઈને ક્ષોભ-શરમમાંથી બચાવવા તેનું નામ ન જણાવું તો તેનો અવળો અર્થ કરવામાં આવે છે, 'બૈરાં' કહીને આખી સ્ત્રીજાતિને ઉતારી પાડવામાં આવે છે. વાસંતી, મને સમજાવ, એક માણસના હાથમાં બધા જ અધિકાર અને એની જોડાજોડ જીવતી બીજી વ્યક્તિમાં બધાં જ હલનચલન પર નિષેધનો ભાર – આવું શા માટે ?

તેને સુમિત્રા યાદ આવી. મારા મિત્રોને હું મુશ્કેલીમાં થોડીક પણ મદદ ન કરી શકતી હોઉં તો મારામાં મારાપણું જેવું કોઈ તત્ત્વ છે એમ કહેવાય ખરું ? વાસંતી, મને કહે, મારું પોતાપણું ખોઈ દઈને હું જે પામી છું તેનું નામ શું છે ? તેનું મૂલ્ય ક્યાં છે ?

પણ રાતના આ સમયે તે વાસંતીને ત્યાં જઈ શકે તેમ નહોતી. ટૂંટિયું વાળી તે પથારીને છેડે પડી રહી.

ગમે તેમ કરીને હું પૈસા એકઠા કરીને રંજનાને મદદ કરીશ – તેણે મક્કમતાથી હોઠ ભીડ્યા. તેની ને વ્યોમેશની વચ્ચે ઠીક ઠીક અંતર હતું તોયે તે વધુ દૂર ખસી અને દૃઢ નિર્ણય કર્યાના સંતોષથી તેણે આંખો મીંચી.

•

૧૩

બીજે દિવસે વસુધા વાસંતીને ત્યાં જાય તે પહેલાં વાસંતી જ તેને બોલાવવા આવી. વાસંતી સાથે વસુધાને વધારે નિકટતા અનુભવાતી. વાસંતી રૂમમાં પ્રવેશતી ત્યારે જાણે વાયુની લહર ઘરમાં આવી હોય તેમ લાગતું.

પણ તે દિવસે વાસંતી વાયુની લહરની જેમ નહિ, વાવાઝોડાની જેમ આવી. આવતાંવેંત બોલી : 'ચાલ વસુધા, બહાર જવું છે.'

'બહાર ક્યાં ?'

'કશે ખાસ નહિ, બસ આમ જ, માત્ર બહાર.'

આ નામનિશાન વગરનું બહાર જવું – એનો વસુધાને ઝાઝો પરિચય નહોતો. પણ લલિતા અને રંજનાની વાત વાસંતીને પૂછવા તે આતુર હતી. આગલી રાતનો રોષ પણ હૃદયમાં ઘૂમરાતો હતો. તેણે ચંપલ પહેરીને, ફૈબાને પૂછવા ફૈબાના રૂમમાં ડોકિયું કર્યું, પણ તે હજુ ઊઠ્યાં નહોતાં. તે અટકી ગઈ. 'ફૈબા જાગે એટલે –'

'ફૈબા તો ક્યારેય જાગે. આપણને પછી મોડું થઈ જશે. એ તો તને નહિ જુએ એટલે સમજી જશે.'

'પણ આપણે પાછાં ક્યારે આવીશું ?'

'પાછા આવવાની વાત પછી. પહેલાં બહાર તો નીકળ !'

વસુધા અચકાતાં અચકાતાં બહાર નીકળી. જાગીને મને નહિ જુએ તો માનશે તે આસપાસમાં ગઈ હશે. પણ વધુ વાર લાગે અને તપાસ કરે અને હું ન હોઉં તો...

વાસંતીએ વસુધાનો હાથ પકડ્યો. એ પકડમાં એક આગ્રહ હતો. એક ઉતાવળ હતી. વસુધાએ અછડતી નજરે વાસંતી સામે જોયું, એ અસ્વસ્થ હતી કે શું ? બસમાં ચડતાં સુધી એણે હાથ પકડી રાખ્યો.

'અરે પણ હાથ તો છોડ !'

'ના બાબા, આ ઘોંઘાટની વચ્ચેય તને ક્યાંકથી ફૈબાની ઝીણી બૂમ સંભળાય તો તું પાછી ચાલી જાય.'

બન્ને હસ્યાં.

બસ દરિયાકાંઠા પરના રસ્તેથી દોડવા લાગી. બારીમાંથી ફરફરાટ કરતો પવન આવ્યો અને વસુધાના વાળ સાથે, મોં સાથે, વિચારો સાથે રમત કરતો ગયો. તેણે દરિયા પર નજર માંડી. દૂર દિગંત સુધી પથરાઈને પડેલો શાંતનીલ વિસ્તાર – દિશાહીન, બાધાહિન. કાંઠા પર સફેદ હાસ્યોની હાર છે, છીછરાં પાણીનાં છબછબિયાં છે, પણ જરા દૂર જતાં એક રહસ્યમય ગાઢ પ્રસ્તાર છે. ત્યાં પૃથ્વી નથી, ત્યાં મનુષ્ય નથી, ત્યાં માત્ર સૂરજ એનો સાથી છે, માત્ર વાયુ એનો સાથી છે.

છેલ્લા બસ-સ્ટૉપ પર બન્ને ઊતર્યાં. વળતી બસની લાઇનમાં નલિની મળી ગઈ.

'કઈ તરફ ઊપડ્યાં બન્ને જણાં ?' નલિનીએ પૂછ્યું.

'અમસ્તાં ફરવા નીકળ્યાં. ચાલ આવે છે ? મઝા આવશે.'

'મઝા... નલિની હોઠ મરડીને હસી. 'મારે તો કામ એ જ મઝા. તમે લોકો ફરી આવો. મારે તો ઑફિસની ને ઘરની – એમ બેવડી નોકરી ને ! આજે વળી કામ માટે થઈને અડધી રજા લીધી છે.'

'તે તો રોજ હોય છે. એક દિવસ કામમાંથી છુટ્ટી.' વાસંતીએ આગ્રહ કર્યો.

નલિનીએ ઊંડો શ્વાસ લીધો. 'છુટ્ટી જેવો શબ્દ મારા શબ્દકોશમાં નથી. ફરવા જવું એ શોખ છે. મારા જેવીને એ ન પોસાય.'

'થોડો વખત મોડા જવામાં એટલું બધું શું ખાટુંમોળું થઈ જવાનું હતું ?'

નલિની નજીક સરી. 'નોકરી કરનાર સ્ત્રીનું કામ ત્રણગણું થઈ જાય છે, એની તમને લોકોને ખબર છે ? આખો દિવસ નોકરી, સવાર-સાંજ રસોઈ, ઘરનું કામ, ઉપરથી બાળકોને સંભાળવાનાં. સાસુજીની તો તમને ખબર છે ! જોકે હમણાં એ જાત્રાએ ગયાં છે.'

'શ્યામ મદદ નથી કરાવતો ?'

'શ્યામ ?' નલિનીના મોં પરની રેખાઓ ખેંચાઈ. 'હું હાજર હોઉં તો એ પોતાની મેળે જમવાનું પણ ન લે. મારે જ પીરસવું પડે. નોકરી બન્ને કરીએ છીએ,

પણ ઘરનું કામ તો મારે જ કરવાનું. કેમ જાણે હું શક્તિનો કોઈ અખૂટ ઝરો હોઉં. હમણાં વળી એનો ભત્રીજો કિશોર અહીં નોકરીની શોધમાં આવ્યો છે. જુવાન છોકરો. એને ખાવા જોઈએ, એની સામે મને કાંઈ વાંધો નથી. પણ એને કેટલી બધી રોટલી જોઈએ ! સવાર-સાંજ એને માટે રોટલી વણતાં મારી તમ્મર દુખી જાય છે. શ્યામને મેં આ કહ્યું, તો કહે : ભત્રીજો છે તો કરવું તો પડે જ ને !'

'તો કિશોરને કહે, કે મદદ કરાવે !'

'અરે, શ્યામના તો બધા ખ્યાલો જ જુદા છે. એ કહે છે : કિશોરને આપણાથી કાંઈ કહેવાય નહિ. એને બદલે હું તને કામ કરાવીશ. એટલે હમણાંથી હવે એ જમીને પોતાની થાળી ઊંચકીને ચોકડીમાં મૂકી દે છે.' નલિની મોટેથી હસી. 'આ એની મદદ ! અને કિશોરને નોકરીની તપાસ માટે જવાનું ન હોય ત્યારે એ ઘેર જ હોય છે. પડ્યો પડ્યો ડિટેક્ટિવ નવલકથા વાંચ્યા કરે છે. પણ એને એમ નથી થતું કે કાકી સવારના છથી રાતના અગિયાર સુધી પળનાય વિશ્રામ વગર કામ કરે છે તો ચાલો, હું તેમને મદદ કરવા લાગું.'

ભત્રીજાને બદલે ભત્રીજી હોત તો કહેત : 'કાકી, તમે રહેવા દો. હું ઘરનું બધું કામ ઉપાડી લઈશ, તમને ગરમ ગરમ રસોઈ બનાવીને જમાડીશ...' હસતાં હસતાં વસુધા બોલી.

'કોઈ મને ગરમ ગરમ રોટલી પીરસે અને હું જમું... એવું તો મને સ્વપ્ન પણ ન આવે ! અરે, એ તો ઠીક, પણ કોઈક વાર મને ઑફિસમાં મોડું થઈ જાય અને શ્યામ વહેલો ઘેર પહોંચ્યો હોય તો કૂકર પણ ન મૂકે. મને ઘણી વાર એમ થાય કે એ દાળ-ચોખા ધૂએ તો શું એના હાથને ઉઝરડા પડી જવાના હતા ? કોઈ વાર તો એવી થાકી જાઉં છું કે એમ થાય કે નોકરી છોડી દઉં. પણ શ્યામનાં એકલાની આવકથી ઘરમાં મુશ્કેલી પડે. સ્ત્રીને એ લોકો અબળા કહે છે, પણ એને માથે કામ તો એટલું નાખે છે, જાણે એ બળનો ભંડાર હોય...'

'એટલે તો કહું છું કે દિવસ કામને નાખ કૂવામાં અને અમારી સાથે ચાલ.'

'ના રે બાબા, એવું કરવા જાઉં તો મારું આવી જ બને ને ! એક કલાકના આનંદની કિંમત દસ કલાકની અશાંતિ વડે ચૂકવવી પડે...' તે ફિક્કું હસી. 'ચાલો – બહુ રોદણાં રોયાં. જેમાંથી ઉગાર નથી તેના વિશે ફરિયાદ કરવાથી શો ફાયદો ?'

બસ આવી અને તે હાથ હલાવીને તેમાં ચડી ગઈ.

વસુધા અને વાસંતી મૂંગાં મૂંગાં એકબીજાં તરફ જોઈ રહ્યાં. થોડી વારે વસુધા ધીરા અવાજે બોલી : 'હવે ?'

વાસંતીએ ફરી તેનો હાથ પકડ્યો. 'ચાલ...'

'પણ આપણે આમ ક્યાં જઈએ છીએ ?' વસુધાને ગૂંચવાઈને પૂછ્યું. ઘરે ફૈબા જાગી ગયાં હશે. દીપંકર તોફાન કરતો હશે.

વાસંતીએ જવાબ આપ્યો નહિ, માત્ર હાથની પકડ જરા વધુ દૃઢ કરી એક નાનકડા રસ્તા પર ચાલવા માંડ્યું. રસ્તાની બન્ને બાજુએ ઊંચાં, ચારે દિશામાં શાખાઓ ફેલાવીને ઊભેલાં ઘટાદાર વર્ષાવૃક્ષ હતાં. રસ્તા પર અવરજવર ઓછી હતી. શાંત છાયામય રસ્તા પર બપોરનો તાપ અધ્ધર અટકી ગયો હતો.

'વસુધા, આ સરસ નથી ?'

'આ – એટલે ?'

'આકાશના તડકાને પોતાનાં પાંદડાંમાં ઝીલી લેતાં વૃક્ષો હેઠળથી આમ ભીડ વિનાના રસ્તા પર હળવા પગલે ચાલવું, કશે પહોંચવાના ઉદ્દેશ વિના, પાછળ જે છોડ્યું છે તેની ચિંતા વિના...!

'પણ આપણે ક્યાં જઈએ છીએ ?' વસુધાના હૃદયમાં ભયનો એક થડકાર થયો.

'ગમે ત્યાં. તેથી શો ફરક પડે છે ? પણ આમ ઘરમાંથી જરાક બહાર નીકળવું, આ હવા, આ દરિયો, આ વૃક્ષ-ઘટાઓની ઠંડકથી ભરેલો રસ્તો – બધાંની વચ્ચે હોવું એ સરસ નથી ?'

રસ્તો દરિયા ભણી જતો હતો. ત્યાં નજીકમાં જ એક નાનકડું રેસ્ટોરાં હતું. દરિયાની ખૂબ નજીક.

'વાસંતી, ઘેર ફૈબા મને શોધતાં હશે.'

વાસંતીએ વસુધાનો હાથ પકડી રેસ્ટોરાંમાં પ્રવેશ કર્યો અને દરિયો પૂરેપૂરો દેખાય એવી જગ્યા પસંદ કરી વસુધાને બેસાડી પોતે સામે બેઠી. વેઇટરને કહ્યું : 'દો ગરમ ઈડલી ઔર કૉફી.'

વસુધા મૂંઝાઈ રહી. આજ સુધી તે માત્ર વ્યોમેશ સાથે એક-બે વાર રેસ્ટોરાંમાં ગઈ હતી અને ત્યારે પણ માત્ર કૉફી પીધી હતી. વ્યોમેશ બહારનું

ખાતો નહિ તેથી આમ બહાર જવાનું બનતું નહિ. તે ખરેખર ગભરાઈ રહી. વ્યોમેશને ખબર પડશે ત્યારે તે શું કહેશે ? કહ્યા વગર પોતે આવી છે એને માટે શો જવાબ આપશે ?

'ડર લાગે છે, વસુધા ? તારું આખું શરીર કેટલું તંગ છે !'

વસુધા સભાન થઈ ગઈ. શરીરને તેણે જરા ઢીલું મૂક્યું.

વેઇટર ઈડલી લઈ આવ્યો. વસુધા અચકાઈ. વાસંતી બોલી : 'મુંબઈમાં લાખો લોકો આ ખાય છે. કોઈ એથી મરી નથી જતું. ખા.'

પણ માત્ર બહારનું ખાવાની વાત નહોતી. વ્યોમેશ જેને કબૂલ નથી રાખતો તેવું કંઈક કરવાની વાત હતી. તેની અંદર ભયનાં મોજાં તરંગિત થઈને પ્રસરવા લાગ્યાં.

ઈડલી તાજી, પોચી, ગરમ, સ્વાદિષ્ટ હતી. ખાવાની મઝા આવી. ખાતાં ખાતાં એક ક્ષણ તેણે નિષેધની ચિંતા છોડી દીધી. કોઈક દિવસ હું બધા નિષેધોનું પોટલું વાળી દરિયામાં ફેંકી દઈશ... વ્યોમેશને ઠીક લાગે તે નહિ, મને ઠીક લાગે તે કરીશ...

પણ આજે...આજે બધી ફિકરચિંતાને અભરાઈએ ચડાવી, થોડા કલાક બહાર રસળવાની, નાનકડી તરલ વાદળીની જેમ આમતેમ આનંદથી ફરવાની પોતામાં શક્તિ છે ખરી ?

'વાસંતી ?'

'હં.'

'નલિની કહેતી હતી કે સ્ત્રીમાં શું અખૂટ શક્તિનો ભંડાર છે ? તને શું લાગે છે ? સ્ત્રીમાં ખરેખર કાંઈ શક્તિ છે ?'

'વિજ્ઞાન તો કહે છે કે સ્ત્રી ઘણી બાબતોમાં પુરુષ કરતાં વધુ શક્તિશાળી છે. સ્નાયુશક્તિ તેની ઓછી છે, પણ તાણ સહન કરવાની તેની શક્તિ ઘણી વધારે છે.'

'તો પછી એની પાસે થોડીકેય સત્તા કેમ નથી ?'

વાસંતી જરા વાર વિચારમાં રહી. પછી સામે પ્રશ્ન પૂછતી બોલી : 'એટલા માટે કે તેની પાસે પૈસા નથી ? જેના દ્વારા પ્રાપ્ત થાય તે સાધનો પર તેનું જરાયે પ્રભુત્વ નથી ?'

પૈસા – એ શબ્દ સાંભળતાં સહસા વસુધાને રંજનાની યાદ આવી ગઈ. અને દીપકની પેલી નજર...લલિતાનો કાન અને વ્યોમેશનો નકાર, રાતના અંધારાએ ઢાંકી દીધેલો ધૂંધવાટ, કોઈ પણ રીતે પૈસા મેળવવાનો પોતે કરેલો નિર્ધાર...

ઊંડા કૂવામાંથી બોલતી હોય તેમ તે બોલી : 'વાસંતી, તને લાગે છે કે તારી પાસે પાંચસો રૂપિયા હોય અને હું માગું તો તું આપી શકે ?'

વાસંતી વસુધા તરફ ઝૂકી. એના ખભા ફરતો હાથ વીંટાળ્યો. 'વસુધા, તને નથી લાગતું કે આપણે આપણા પતિઓની નિકટ હોઈએ એના કરતાં એકબીજાની વધુ નિકટ છીએ ?'

વસુધા નવાઈ પામી. તો શું વાસંતી અને તેના પતિ વચ્ચે પોતે માનતી હતી એવો, બધાં અંતર ઓગાળી નાખતો, શુક્લપક્ષની ચંદ્રકલાની જેમ નિરંતર વૃદ્ધિ પામતો સંબંધ નથી ? તેને વાસંતી માટે માન હતું. તેણે સતીશ સાથે પ્રેમલગ્ન કર્યાં હતાં. તેના પિયરમાં તે અને માંદી મા, બે જ જણ હતાં. લગ્ન વખતે તેણે સતીશને કહેલું : 'મારે મારી માંદી માની સંભાળ રાખવાની છે.' સતીશે કહ્યું : 'તારી બોલવામાં ભૂલ થાય છે. તારે તારી માંદી માની સંભાળ રાખવાની નથી, આપણે આપણી માંદી માની સંભાળ રાખવાની છે.' સતીશના એ વાક્ય પર, એની કહેવાની રીત પર વાસંતી વારી ગઈ હતી. વસુધાએ કેટલીયે વાર તેમને સાથે બહાર જતાં અને આવતાં જોયાં હતાં. તેમના હાસ્યનો સૂરમય ધ્વનિ દીવાલની આડશોને વીંધીને વસુધાના કાન સુધી પહોંચી જતો અને વસુધા થોડીક ઈર્ષ્યા અને વધુ વિસ્મયથી વિચારતી : કોઈ સ્ત્રી આટલી બધી સુખી હોઈ શકે ખરી ?

અને આજે વાસંતીએ આ કેવી વાત કરી ?

તેણે વાસંતીની આંખમાં આંખ પરોવી. વાસંતીએ નજર ફેરવી લીધી. એની આંખમાં આંસુનો અણસાર હતો કે દરિયાનું પ્રતિબિંબ ?

'તું મને પૂછીશ નહિ કે પાંચસો રૂપિયા શા માટે જોઈએ છે ?'

વાસંતીએ આંખની પાંપણથી આંખ લૂછી લીધી. સહેજ હસી બોલી : 'રંજનાબહેન કાલ રાતે મારી પાસે આવ્યાં હતાં.'

'એમ ? તો તું જાણે છે કે એમને શી તકલીફ છે ?'

વાસંતી નીચું જોઈને કૉફીના કપમાં ચમચી હલાવવા લાગી.

'કાલે રાતે મારા રોષનો ને મારી શરમનો પાર ન રહ્યો. હું આટલાં વર્ષોથી પરણીને આવી છું. ત્રણ છોકરાંની મા છું અને વ્યોમેશની પાસે હજારો રૂપિયા હોવા છતાં મારી પાસે પાંચસો પણ મારી રીતે વાપરવા માટે નહિ ? તેનાથી છાની રીતે બચાવવા, અથવા તેની પાસે માગવા – એ બે જ રીતે શું મને પૈસા મળી શકે ? મેં તો જરૂર પડશે તો મારી એક બંગડી વેચી નાખીશ એમ વિચારેલું. રંજનાબહેન માટે એટલું બધું લાગી આવે છે એટલે નહિ. એમના માટે અલબત્ત, લાગે છે. પણ વધુ તો એટલા માટે કે મારી પાસે કાંઈ પૈસા જ ન હોય, એ કેટલી હીણપતભરી બાબત છે !'

'તારે બંગડી નહિ વેચવી પડે.' વાસંતી કૉફી પીતાં પીતાં બોલી. 'મેં એમને કાલે એટલા પૈસા આપવાનું કહ્યું છે. તને ખરેખર ખબર નથી, એમને શી તકલીફ છે ?'

વસુધાએ ડોકું ધુણાવ્યું.

વાસંતી થોડી વાર ચુપ રહી. પ્યાલા ને ચમચી સાથે રમત કરતી રહી. સૂરજનાં ત્રાંસાં કિરણોમાં એના ફરકતા કથ્થાઈ વાળ સોનાના બની ગયા. એની આંખમાં એક કિરણ ઝિલાયું. તે ઊભી થઈ. એક ક્ષણ તે અદ્ભુત સુંદર લાગી. વસુધા તેની પર નજર માંડી રહી.

અચાનક તેના મનમાં ફાળ પડી. કેટલા વાગ્યા હશે ? વ્યોમેશને ઘેર આવવાનો વખત થઈ ગયો હશે. આવી ગયો હોય.

'દીપક ઘર તરફ, રંજના તરફ બહુ જ બેદરકાર છે. ઘર કેમ ચાલે છે તે તરફ જરાયે ધ્યાન નથી આપતો. તેની આવક ઓછી છે અને એમાંથી ઘણા પૈસા તે–' વાસંતી જરાક થોભી.

વસુધા તેની તરફ પ્રશ્નાર્થભાવે જોઈ રહી.

'ઘણા પૈસા તે સ્ત્રીઓ પાછળ ખર્ચે છે.'

'શું...?' વસુધા એટલી બધી હલી ગઈ કે વાસંતીએ તેને સ્થિર કરવા તેનો હાથ પકડ્યો. તેણે બિલના પૈસા ચૂકવી દીધા અને બન્ને બહાર નીકળ્યાં.

'દીપકને હંમેશા કોઈ ને કોઈ સ્ત્રી સાથે સંબંધ હોય છે. પ્રેમનો સંબંધ નહિ, ઇચ્છાનો સંબંધ. તેને મન દરેક સ્ત્રી સંભવિત – પોટેન્શયલ – શય્યાસંગિની

છે. ઘરની નોકરબાઈ સુલભ તૃપ્તિ હોય છે. આ બધા માટે પછી પૈસા આપવા પડે. ઘણી વાર રંજનાબહેને છાના ક્યાંક બચાવીને રાખ્યા હોય તેય લઈ જાય. એક તો આવક ટૂંકી, તેમાં આ બધો ખર્ચ...'

વસુધાને પોતાની અંદર વહેતો ચેતનાનો પ્રવાહ થીજી જતો લાગ્યો. 'રંજનાબહેનને આ બધી ખબર છે ?'

'પહેલાં ખબર નહોતી. પણ તેમને ત્યાં લક્ષ્મી કરીને એક કામવાળી હતી, યાદ છે ? હસમુખી, તંદુરસ્ત છોકરી હતી. એ જ્યાં કામ કરતી હોય ત્યાં દીપક પાછળ પાછળ જાય. વાસણ માંજતી હોય તો કંઈ ને કંઈ બહાને રસોડામાં જાય. કપડાં સૂકવતી હોય તો ત્યાં ઊભો રહે. એવું ઘણી વાર જોયું એટલે એમને શંકા પડી.'

'પછી ?' વસુધાને લક્ષ્મીને જોયાનું યાદ આવ્યું.

પછી જે બની શકે તે... પ્રશ્નો, પૂછપરછ, ક્લેશ, રુદન. પહેલાં દીપકે બહાનાં કાઢ્યાં. પછી કબૂલ કરી લીધું. ઘણી સ્ત્રીઓની વાત ન કરી. લક્ષ્મી સાથે સંબંધ છે એટલું કહ્યું. કારણ આપતાં કહે, એ નાનપણથી જ વિધવા છે. એને પણ જરૂરિયાત હોય ને ? વાસંતી ખારું-ખાટું, તીખું-કડવું હસી. 'જાણે એ જરૂરિયાતને તૃપ્ત કરવાનું દીપકનું ધર્મકાર્ય હોય !'

'ઓ ભગવાન... ઓ ભગવાન...' વસુધા ગણગણી રહી. 'પણ રંજનાબહેન આ બધું કેમ ચલાવી લે છે ?'

'ચલાવી ન લે તો શું કરે ? ક્યાં જાય ? મા-બાપ પર કેવી રીતે પોતાનો બોજ નાખે ? પાછાં ત્રણ છોકરાં છે. જીવવા માટે પૈસા ક્યાંથી લાવે ? એ કયું કામ કરી શકે ? ઝાઝું ભણ્યાં તો નથી અને ભણ્યાં હોય તોય આ ઉંમરે, અનુભવ વિના એમને નોકરી ક્યાંથી મળે ?'

વસુધા કશું બોલી નહિ.

'પહેલાં બહુ ઝઘડા થતા બન્ને વચ્ચે. દીપક કહેતો : પણ તને ને છોકરાંઓને તો હું દુઃખ નથી પડવા દેતો ને ! રંજનાબહેન વધારે બોલે તો કહેશે : સારું, તો તું છોકરાંઓને સંભાળજે, હું ચાલ્યો જઈશ ઘરમાંથી, બસ ! પછી રંજનાબહેન ચુપ થઈ જાય છે. હવે કાંઈ બોલતાં નથી. દીપક માને છે કે તેમણે સ્વીકારી લીધું છે. દીપકને ખબર નથી કે કોઈ પણ સ્ત્રી પોતાના પતિનો બીજી સ્ત્રી સાથેનો સંબંધ સ્વીકારી શકે જ નહિ.'

વસુધાનું મન ચકરાવા લાગ્યું. 'મને આ કશી ખબર નહોતી. વાસંતી, આ બધું સાંભળતાં મને બહુ જ ત્રાસ થાય છે. અને પાંચસો રૂપિયા ? એ શાને માટે એમને જોઈતા હશે ?'

'શી...સ, જલદી ચાલ, આમ દીવાલની પાછળ આવતી રહે.'

વસુધા ગભરાઈને રેસ્ટોરાંની દીવાલની આડશે ઊભી રહી ગઈ. 'કેમ, શું છે ? શું છે ?'

વાસંતી એને ચુપ રહેવાનો ઇશારો કરી તેની બાજુમાં જ આવીને ઊભી રહી. 'તેં જોયું નહિ ?'

'શું ?'

'સુધીર, લલિતાબહેનનો પતિ. જો ત્યાંથી આવે છે...'

વસુધાએ સહેજ ડોક લંબાવીને જોયું. સુધીર રસ્તા પરથી રેસ્ટોરાં ભણી આવી રહ્યો હતો. સાથે એક સોહામણી યુવતી હતી. બન્ને હાથમાં હાથ પકડીને વાતો કરતાં ધીરે ધીરે ચાલતાં હતાં.

વસુધા ચીસ પાડવા જેવા અવાજે બોલી ઊઠી : 'વાસંતી, ચાલ, ઘેર ચાલ, મને બહુ જ ડર લાગે છે.'

વાસંતીએ તેના તરફ ઉદાસ નજરે જોયું. 'હજી મારે આ દરિયાની રેતીમાં બેસવું છે, ગાવું છે. મને ખબર છે – તને ભય લાગે છે. ઘેર તારી શોધાશોધ થતી હશે. તું જઈશ ત્યારે તારા પર શું શું વીતશે તેની પણ હું કલ્પના કરી શકું છું. પણ આ સાંજ, આ સમુદ્ર, આ શાંત ક્ષણો અને મારા તૂટેલા સંગીતની તને વાત કહેવા તલસતું મારું મન – એ બધાને ખાતર તું નાનોસરખો નિયમભંગ નહિ કરી શકે ? રંજનાબહેન માટે તું સોનાની બંગડી વેચી નાખવા તૈયાર થઈ હતી. મારે ખાતર તું બે કલાક ભયનો ત્યાગ નહિ કરી શકે ? સાંભળ વસુધા, આપણી તો આખી જિંદગી ભય ને ફફડાટમાં જ વીતતી હોય છે. આજે મારે ખાતર તું થોડી વાર તારો પત્ની તરીકેનો, મા તરીકેનો, ગૃહિણી તરીકેનો ધર્મ ભૂલી નહિ શકે ? મારી મિત્ર તરીકે તારો શું કોઈ ધર્મ નથી ?'

●

૧૪

કૉલેજમાં સાથે ભણતાં ત્યારથી વાસંતી સતીશના પ્રેમમાં ગળાડૂબ હતી. અને સતીશ પણ, વાસંતી સાંગોપાંગ છલકી ઊઠે એટલો પ્રેમ તેને કરતો. લાંબા કલાકો સુધી બન્ને વૃક્ષછાયા રસ્તા પર સાથે ફરતાં, લાઇબ્રેરીમાં સાથે વાંચતાં અને સુખનું પંખી તેમની હથેળીમાં આવીને બેસતું. વાસંતીનો કંઠ બહુ મીઠો હતો. તે ગાતી ત્યારે સતીશ લીન થઈને સાંભળી રહેતો. ગીત પૂરું થયા પછી પણ ક્યાંય સુધી મૌન બેસી રહેતો – જાણે પોતે બોલશે તો સુંદરતાનો પડદો ચિરાઈ જશે. છેવટે કહેતો : 'સમજ નથી પડતી – ચહેરો નિહાળું કે તારું ગીત સાંભળું ! તું અદ્‌ભુત ગાય છે, વાસંતી !'

વાસંતીને પોતાના ગાવાની સાર્થકતા અનુભવાતી. 'સાચે જ મારું ગાવું તને આટલું બધું ગમે છે ? તો હું તારે માટે ગાઈશ.'

લગ્ન પછીના દિવસોમાં સ્વર્ગ તેમના ઘરમાં, તેમના હૃદયમાં ઊતરી આવ્યું હતું. નાનામાં નાની વાત પણ રસથી ભરેલી પ્યાલી હતી, જેમાંથી તે બન્ને સાથે પીતાં, સાથે જમતાં, હાથમાં થેલી ઝુલાવતાં ખરીદી કરવા બહાર સાથે જતાં. રસ્તા પર પણ ખોવાઈને ચાલતાં. એમ રસ્તે જતાં, ક્યાંક હોટલમાં મોટા અવાજે વાગતા રેડિયોમાંથી સાયગલે ગાયેલી ગઝલની એકાદ પંક્તિ સંભળાઈ જાય – આહ કો ચાહિયે, ઈક ઉમ્ર અસર હોને તક – તો બન્નેનાં હૃદય આનંદના ઝૂલે ઝૂલી પડતાં. પૈસા શરૂમાં ઓછા હતા, તેનો કશો વસવસો નહોતો. બસ, સાથે હોવાનો આનંદ હતો. સરસાં જવું – આનંદમાં, સંગીતમાં, ચાહવામાં, શબ્દમાં, સ્પર્શમાં ઢળી ઢળી જવું – જીવનમાં આથી વધુ સુખની જરૂર લાગતી નહોતી. એક નાના બિંદુ આસપાસ એક નાનું વર્તુલ. આ વર્તુલ તે જ તેમનું વિશ્વ – ધન્યતાથી ધબકતું, પ્રેમથી પૂર્ણ બનેલું.

સતીશ કલાવિવેચક હતો. જુદાં જુદાં પત્ર-પત્રિકાઓમાં કલા વિશેના

લેખો. સમીક્ષાઓ લખતો. એ માટે તેને વિવિધ કાર્યક્રમો, પ્રદર્શનો, વિચારગોષ્ઠિઓમાં જવું પડતું. વાસંતી ઘણુંખરું સાથે જતી. લખવાનું કામ તે મોટે ભાગે ઘેર બેસીને કરતો. આમ તેઓ દિવસનો ઘણો ભાગ સાથે ગાળી શકતાં, અને એમાં ખુશ રહેતાં. એકબીજાને વીંટળાઈને રહેવાથી વધુ મોટું સુખ જીવનમાં હોય તેવી તેમની કલ્પના નહોતી. પછી બે બાળકો થયાં : એક દીકરો અને એક દીકરી. સંગીતના સૂરમાં બાળકોના હાસ્ય અને રુદનના સૂર ભળ્યા અને ઘર સોળે કળાએ ગુંજી ઊઠ્યું. સતીશને વધુ કમાવવાની જરૂર લાગી અને તેને એક પ્રતિષ્ઠિત અખબારમાં સારી નોકરી મળી ગઈ. તેનું કલાવિવેચનના સિદ્ધાંતો અંગેનું એક પુસ્તક છપાયું અને પ્રશંસા પામ્યું. તેની જિન્દગી વધુ ને વધુ ઊંચાં શિખરો ભણી આરોહણ કરી રહી.

બે બાળકોને લીધે હવે વાસંતી સતીશ સાથે ઓછું બહાર જતી. સતીશનાં રોકાણો પણ વધી ગયાં હતાં. પણ સંગીતનો કોઈ સરસ કાર્યક્રમ હોય ત્યારે વાસંતી સાથે જવાનો પ્રયત્ન કરતી. એક વાર સૂરસિંગાર સંસ્થાના કાર્યક્રમમાં કેસરબાઈ કેરકર ગાવાનાં હતાં ત્યારે તે ગયેલી. સવારનો સમય હતો. પહેલાં લલિત, પછી તોડી, છેલ્લે ભૈરવી ઠૂમરી...બાબુલ મોરા, નૈહર છૂટો રી જાય... શી ગજબ એ ગાયકી હતી ! સ્વરને ક્યાં થોભાવવો, કેટલો ખેંચવો, ક્યાં આંદોલિત કરવો, કેવી રીતે પ્રભાવકારક બનાવવો, એનું શું અદ્‌ભુત જ્ઞાન હતું ! વાસંતી સ્તબ્ધ થઈ ગઈ. આખા શ્રોતાવૃંદમાં અપેક્ષાની શાંતિ ઝળુંબી રહી. લે બાબુલ ઘર અપના... મૈં ચલી પિયા કે દેશ... દરેક જણને પોતાની વિધવિધ વિદાયની ઘડીઓ સાંભરી આવી. પાંપણ પર મોતી લટકી રહ્યાં. હવા સ્થિર થઈ ગઈ. ખંડનું અજવાળું વિષાદથી મેલું થઈ ગયું. નજર દૂર, બહુ દૂર ચાલી ગઈ. સામે સ્ટેજ ન રહ્યું, ગાયિકા ન રહી. સાજ ને સાંજિંદાઓ ન રહ્યા, રહી કેવળ વિદાયની ક્ષણ, આંસુના તારે બાઝેલી, અજ્ઞાતનો ઉંબરો વળોટવાની ક્ષણ, હજારોની હાજરી વચ્ચે પૂર્ણ એકલતાની ક્ષણ...

સતીશ ને વાસંતી બહાર નીકળ્યાં. રસ્તે કોઈ કંઈ બોલ્યું નહિ. શબ્દો બધા ઓગળી જાય એવી એ અનુભૂતિ હતી.

એ આખો દિવસ વાસંતી કંઈક વિચારમાં ડૂબેલી રહી. રાતે તેણે કહ્યું : 'સતીશ, મને લાગે છે કે મારે શાસ્ત્રીય સંગીત શીખવું જોઈએ. તો જ મારા

ગાવામાં ખરું ઊંડાણ અને ગાંભીર્ય આવે. ભારતીય વિદ્યાભવનમાં સંગીતના વર્ગો ચાલે છે ત્યાં જાઉં એવું મન થાય છે.'

ચાંદની રાત હતી. પવન શીતળ હતો. સતીશ વાસંતીની ચિબુકને આંગળીથી મૃદુ સ્પર્શીને બોલ્યો : 'શાસ્ત્રીય સંગીત શીખવાની શી જરૂર છે ? તું જે ગાય છે તે સુંદર જ છે. હું તો તારા એ ગીતમાં જ વહી જાઉં છું.'

'તને મારું ગાવાનું એટલું બધું ગમે છે તે માટે આભાર. પણ તું સંગીતનો આવો મોટો જાણકાર થઈને શાસ્ત્રીય સંગીત શીખવાની શી જરૂર છે ? — એમ પૂછે તે તો નવાઈ પમાડે તેવી વાત છે.'

'હું તને ઘણી વાર નવાઈ પમાડું છું, નહિ ? ક્ષણે ક્ષણે જે આશ્ચર્ય પમાડે છે તે રૂપ રમણીયતાનું છે, તે પ્રેમનું પણ છે, નહિ વાસંતી ?' તેણે કેફભરી નજરે વાસંતી સામે જોયું.

આ નજર...તે 'વાસંતી' જે રીતે બોલે, છેલ્લા લંબાયેલા 'તી'માં એક એવી મીઠાશ, એવી આર્દ્રતા હોય ! સ્ત્રી-પુરુષના પ્રેમની જે લીલા યુગયુગાન્તથી ચાલી રહી છે તેનો સઘડો ગૂઢાર્થ એમાં એવી રીતે સમાયેલો હોય કે વાસંતી છેક અંદરથી સ્પર્શાઈ જાય.

પણ આજે તે કેસરબાઈના ગાયનની મોહિની હેઠળ હતી. સતીશનો પ્રેમપ્રવાહ તેને કોરી રાખીને બાજુએથી વહી ગયો : 'તું આડીઅવડી વાત કરીને મારી વાત ઉડાડી ન દે. હું ખરેખર જ કહું છું. હું શાસ્ત્રીય સંગીત શીખીશ તો જ આગળ વધી શકીશ.'

'પણ તારે આગળ વધીને શું કરવું છે ? તારે ક્યાં બહાર કાર્યક્રમ આપવા જવું છે ?'

વાસંતી આંખો મીંચીને બોલીઃ 'શી ખબર, બહાર જાઉં પણ ખરી.' તેને હજુ ભૈરવીના સૂર સંભળાતા હતા. ચાર કહારોએ ઉપાડેલી પાલખી આગળ ચાલી જતી હતી. પાછળ સૂર વેરાઈને નીચે પડતા હતા. 'હું જો આવું ગાઈ શકું તો બહાર કાર્યક્રમ આપી પણ શકું...'

સતીશ જરા ગંભીર થઈ ગયો. બોલ્યો : 'એ કાંઈ એટલું સહેલું નથી. ટોચ પર પહોંચતાં પહેલાં કેટલો સંઘર્ષ કરવો પડે, કેટલી સાધના કરવી પડે તેનો તને ખ્યાલ નથી.'

'હું કરીશ એ. મને ખબર છે — રિયાઝ કરનારા આઠ-આઠ દસ-દસ કલાક રિયાઝ કરતા હોય છે. હું પણ કરીશ. આપણે જે કામ કરીએ તે આપણને ગમતું હોય. તો તેને માટે ગમે તેટલી મહેનત કરવી પડે, એનો કંટાળો ન આવે.'

'આઠ કલાક રિયાઝ એટલું શું, તને કાંઈ ખબર પડે છે ? પછી તું સંગીતની દુનિયામાં એવી ખોવાઈ જાય કે ઘર ઘરને ઠેકાણે રહે, અને હું દીવો લઈને શોધવા નીકળું તોયે તું ન મળે. ના બાબા ના. આપણે એવું નથી કરવું. તું જે ગાય છે તે સરસ જ છે.' સતીશે અવાજને બને એટલો હળવો રાખવા પ્રયત્ન કર્યો. પણ તેને ખરેખર તો ગુસ્સો આવવા લાગ્યો હતો.

વાસંતી એ ઓળખી ગઈ. બધી રીતે મનગમતા સતીશમાં આ એક દોષ હતો — તે જલદીથી ગુસ્સે થઈ જતો, અને પછી તેનો ગુસ્સો તેના કાબૂમાં રહેતો નહિ. તેનું મોં લાલ થઈ જતું. નસકોરાં ફડકવા લાગતાં. બીજા લોકો બેઠા હોય તેની પરવા કર્યા વિના બધાંની વચ્ચે તે વાસંતીને ઉતારી પાડતો, તેનું અપમાન કરી બેસતો. વાસંતીને માઠું લાગતું. તે બીજા રૂમમાં ચાલી જતી. રડી પડતી. પછી મન જરા શાંત થયે સતીશ આવતો. ગળામાં હાથ પરોવી દિલગીરી પ્રગટ કરતો. માફી માગતો. 'હું તને ખૂબ ચાહું છું. પણ મારી આ એક નબળાઈ છે. મને માફ નહિ કરી દે ?'

હવે આવું નહિ કરું — એમ એ કહેતો, પણ તેનાથી ગુસ્સા પર કાબૂ રાખી શકાતો નહિ. વારંવાર આવું બન્યા પછી ધીરે ધીરે એણે માફી માગવાનું છોડી દીધું. વાસંતી પણ ગુસ્સાની હદ સુધી પરિસ્થિતિ કે વાતને જવા ન દેતી, શબ્દોમાં સહેજસાજ ગરમી પુરાવા માંડે કે તે ચેતી જતી.

તે દિવસે ગરમ હવાના પ્રથમ સ્પર્શે જ તેણે વાત બંધ કરી દીધી. ચાંદનીના ઘૂમટ તળે, ચાંદીની ફરસ પર, નાચી ઊઠવા ઊભા થયેલા સ્વરો ભયની ગંધ પારખીને, ચુપકીદીની ચાદર ઓઢી પોઢી ગયા.

બીજે દિવસે સાંજે સતીશ બહારથી આવ્યો ત્યારે ખૂબ ખુશ હતો. રસોડામાં કામ કરતી વાસંતીને તે બધું કામ પડતું મુકાવી, ખેંચીને દીવાનખાનામાં લઈ ગયો. 'કલ્પના કર વાસંતી, તારે માટે હું શું લાવ્યો હોઈશ ?' તેનો ચહેરો ઉલ્લાસથી ચમકતો હતો.

'શું છે ?' વાસંતીએ પૂછ્યું. સંગીતના વર્ગમાં જોડાવા માટેનું ફૉર્મ તો નહિ જ હોય... એણે મનમાં વિચાર્યું.

સતીશે એને આંખ બંધ કરવાનું કહી, એના હાથમાં એક પૅકેટ મૂકી દીધું. વાસંતીએ આંખો ઉઘાડી પૅકેટ ખોલ્યું. મોરપિચ્છ રંગની બહુ જ સુંદર સાડી અને એવા જ રંગની માળા.

'સરસ છે ને ?'

એક પળ... એક પળ વાસંતીને ઇચ્છા થઈ કે તે પૅકેટ ઊંચકીને ખૂણામાં ઘા કરી દે. સતીશ કરતો હતો તેવો જ ગુસ્સો પોતે પણ કરે. પછી નરમ હાસ્યથી મઢેલા સ્વીકાર હેઠળ એ ઇચ્છા દબાવી દીધી. એવો ગુસ્સો કરવાનું સતીશને જ પાલવે...

સતીશ તેની કારકિર્દીમાં ઝડપથી આગળ ને આગળ વધતો ગયો. તે ઘણી કલાસંસ્થાઓનો સભ્ય, સલાહકાર કે મંત્રી હતો. તે કૉન્ફરન્સમાં જતો, વ્યાખ્યાનો આપવા બહારગામ જતો, પરીક્ષામાં નિર્ણાયક બનતો. કૉલેજમાં બન્ને સરખાં તેજસ્વી હતાં, પણ હવે તેની કીર્તિનો રથ ધૂળ ઉડાડતો વેગથી દોડવા લાગ્યો, વાસંતી હતી ત્યાં ને ત્યાં રહી. તેનાં નાનાં નાનાં ગીતો ઘરને એકાંત ખૂણે નાનકડા ઝરણાની જેમ મંજુલ સ્વરો વેરીને ચૂપ થઈ જતાં. પોતાની લઘુક સીમાઓ ઓળંગીને તે સાગર સુધી પહોંચી શક્યાં નહિ. હવે ઘણી વાર કલાકારો-સંગીતકારો તેમને ઘેર આવતા. સતીશની અને તેમની ચર્ચાઓ ચાલતી. સુગીતિ બનરજી નામની એક નવોદિત ગાયિકા હમણાં હમણાં બહુ પ્રસિદ્ધિને પામી હતી તે પણ આવતી. સ્વચ્છ ભાવવાહી આંખો, શામળો પણ દીપ્તિમય ચહેરો. સંગીતની ઊંડી જાણકારી અને વાણીની તેજસ્વી છટાથી તે વાતચીતમાં હંમેશા ઝળકી ઊઠતી. વાસંતી નાસ્તો બનાવતી, ચાના પ્યાલા લઈ આવતી, ઉદાસ થઈ જતી. સતીશની નજરે એ ઉદાસી પડતી. બધાંના ગયા પછી રાતના શાંત અંધકારમાં તે એને પોતાની નજીક ખેંચીને કહેતો : 'તને એમ થાય છે કે બધામાં ખોવાઈને હું તારાથી દૂર ચાલ્યો જઈશ ? અંહ — આખી દુનિયામાં તારા જેટલું સુંદર મારે મન કોઈ નથી. હું તારો છું અને તું મારી છે. તું જરાયે ફિકર કરીશ નહિ. તું તારે નિશ્ચિંત થઈને ઘર સંભાળ અને સુખનાં ગીતો ગા.

બહારના તાપ-સંતાપ હું વેઠી લઈશ.'

શબ્દો પ્રેમના હતા, મુલાયમ હતા, છતાં ભોંકાતા હતા. અંધારામાં વહેલાં આંસુ ઊંઘમાં લુછાઈ જતાં હતાં.

સંગીત શીખવાની વાત જુદી જુદી રીતે તેણે આગ્રહપૂર્વક કરી જોઈ પણ સતીશ હંમેશા એને ટાળતો કહેતો : 'તું એક વાર એમ ભાગ લેવા માંડે પછી તો કાર્યક્રમોનો પાર ન રહે. ગમે તે લોકો સાથે, ગમે તે ઠેકાણે, ગમે તે વખતે જવું પડે. એને એમાં બધી વખત બધા લોકો સારા જ હોય એવું નયે બને.'

અથવા -

'તું સંગીતની સાધનામાં ડૂબી જાય ને મારાથી દૂર સરી જાય તો ? સંગીત કાંઈ આશુતોષ દેવતા નથી. એ તને આખી ને આખી માગી લે તો મારું શું થાય ? તારા વિના હું જીવી જ ન શકું...' તે હળવું હસતો, પણ તેના નકારમાં એક અફરતા હતી, જે વાસંતી પારખતી.

અને એક વાર તેણે એને પાસે લઈને મૃદુપણે ચૂમીને કહેલું : 'મારા આ વિકાસથી તું રાજી નથી ? જીવનમાં તને શું ખૂટે છે ? તારે શા માટે આ બધી મહેનત-માથાકૂટમાં પડવું જોઈએ ? આવું સરસ ઘર છે, બાળકો છે, હું છું. આટલું તારે માટે પૂરતું નથી ? તું આ શીખવા જાય તો ઘરની બધી વ્યવસ્થા ભાંગી પડે. અત્યારે તો હું ગમે ત્યારે ઘેર આવું, તું હંમેશા ઘેર જ હશે એ ખ્યાલથી મને કેટલી શાંતિ રહે છે ! છોકરાંઓને પણ કેટલી નિરાંત છે ! અને થોડા વખત પછી હું કાર લેવાનો પણ વિચાર કરું છું. પછી તો આપણે દર શનિ-રવિ ખંડાલા કે ક્યાંક ફરવા ઊપડી જઈશું. તને શાની ખોટ છે, વાસંતી ?'

ખરી વાત છે. પતિ પ્રેમ રાખતો હોય, છોકરાં હોય, ઘર ને મોટરકાર હોય, પછી તો સ્ત્રીએ સુખી થવું જ જોઈએ ને ? એને વળી બીજી મહત્ત્વાકાંક્ષા કેવી ? એણે વિકાસ શો સાધવાનો ? વિદ્યા શી પ્રાપ્ત કરવાની ?

દિવસો ઊગતા ને આથમતા રહ્યા. ઘર, પૈસા, પ્રતિષ્ઠા, મહેમાનોથી ઊભરાવા લાગ્યું. વાસંતી કલાત્મક રીતે ઘર સજાવતી. લોકો પ્રસંશા કરતા : કલાકારને શોભે એવું ઘર છે. વાસંતીને પ્રશ્ન થતો : કલાકાર કોણ છે ? સતીશ કે હું ? પોતે કદાચ સુગીતિ કરતાંયે વધારે સારી ગાયિકા બની શકે. પણ પોતે

માત્ર સતીશની પત્ની છે. 'બહુ સારી આગતાસ્વાગતા કરનાર છે. 'આતિથ્ય તો વાસંતીબહેનનું જ.' પત્ની સરસ ગાતાં ન શીખે તો ચાલે, કારણ કે તે સતીશની જરૂરિયાત નથી. બીજું બધું તે પછી કરે તો ચાલે, સૌ પહેલાં તેણે રસોઈ તો કરવી જ જોઈએ.

સતીશનાં માનમોભો વધતાં ગયાં તેમ મિત્રોની સંખ્યા વધી. મહેમાનો માટેના નાસ્તાના પ્રકાર પણ બદલાયા. ઘરમાં ત્રણ-ચાર જાતનાં નાસ્તા-મીઠાઈ હાજર રાખવાનાં. મહેમાનો આવે એટલે પ્લેટમાં બધું ગોઠવીને મૂકવું, કોઈ ખાય, કોઈ ન ખાય, પાછું લાવી વળી અલગ અલગ ડબ્બા-બરણીમાં ભરવું, વળી એક-બે જણ અડધેથી ઉમેરાય એટલે ફરી પાછી પ્લેટ તૈયાર કરવી. ઘણી વાર દીવાનખાનામાં રસિક વિષય પર ઉત્તેજક ચર્ચા ચાલતી હોય, લોકો ઊંચા અવાજે બોલતા હોય, મજાક કરતા, હસતા હોય – તે રસોડામાં એકલી, બહાર કેટલા લોકો છે અને ગુલાબજાંબુ બધાંને પહોંચશે કે નહિ તેની ગણતરી કરતી હોય, પ્યાલા ધોતી હોય, ફ્રીઝનું ઠંડું પાણી ઢોળી દઈ ગ્લાસમાં માટલાનું પાણી ભરતી હોય, એકસરખી ચમચીઓ શોધતી હોય...

સતીશનો આગ્રહ કે ઘેર આવનાર દરેકને નાસ્તો આપવો જ જોઈએ. અને લોકો તો ઘણુંખરું અજાણતાં જ આવી ચડતાં. તેમના આતિથ્ય પાછળ વાસંતીનાં કેટલાં સમય-શક્તિ જાય છે તેનો કોઈને ખ્યાલ ન આવતો. સતીશને કહ્યું હોત તો તે કહેત : તારે બીજું કામ શું હોય છે ?

કોઈક વાર તેના સંગીતથી પરિચિત કોઈ અંદર આવીને કહે : 'આવોને વાસંતીબહેન, બહાર સરસ ચર્ચા જામી છે.'

પણ વાસંતી બહાર બેસી ચર્ચામાં ભાગ લે તો ચા ને ગરમ ગરમ બનાવવાના નાસ્તાનું શું થાય ? તે ચુપ રહેતી. બહાર કોઈ ધીમા અવાજે આપસમાં હસતાં : ભાઈનું મન રમે ખગોળ ને ભૂગોળમાં, બાઈનું મન રસોડામાં.

*

સતીશની લોકપ્રિયતા વધતી ગઈ. કોઈક વાર વાસંતીને લાગતું : તે જે બોલે છે, જે લખે છે, જે માને છે તે બધામાં હવે પોલાણો આવતાં જાય છે. પહેલાં તેની કલમમાં નિર્ભયતા હતી, હવે તે જાણ્યેઅજાણ્યે બીજાઓને રાજી

રાખવા મથે છે. ક્યારેક વાસંતીને એમ પણ લાગતું કે અમુક બાબતો સતીશ કરતાં પોતે વધારે સારી સમજે છે. એક ગાયક તરીકે પોતે ગાવાની ખૂબીને, વધુ સારી રીતે પામી શકે છે. કોઈક વાર તે સતીશ સાથે આ વિશે દલીલો કરતી. પણ સતીશનો અહં ત્યારે ઘવાતો અને એક વખત વાસંતીએ પોતાનો મુદ્દો પકડી રાખ્યો ત્યારે તે એકદમ જ ગુસ્સે થઈને, બરાડતો હોય એમ બોલી ઊઠેલો : 'તું એમ માને છે કે મારા કરતાં તું વધારે સમજે છે ?'

'ના રે ના, તું આટલો સુવિખ્યાત કલા-વિવેચક, કલા વિશેનાં કેટલાંય પુસ્તકોનો લેખક. તારા કરતાં હું વધારે સમજું એવું તે વળી કોઈ દિવસ બને કે ?' વાસંતી ધારદાર અવાજે બોલી બીજા રૂમમાં ચાલી ગઈ.

એ આખો દિવસ બન્ને એકબીજાને સાથે બોલ્યાં નહિ. પણ રાત્રે સતીશે એને મનાવી લીધી. 'આવા ઝઘડા તો થયા કરે. એથી આપણા પ્રેમમાં થોડો જ ફરક પડે છે ? વાસંતી, બીજું ભલે ગમે તે હોય, પણ તને હું ખૂબ ચાહું છું એ વાતની તો તને ખબર છે ને ?'

રાત પછી રાત પછી રાત – આ એક જ વાત. એ જ આશ્લેષ અને ગરમ શ્વાસની નિકટ ગંધ. આ જો પ્રેમ હોય તો વાસંતીને પ્રેમ હવે અકળાવી મૂકે છે. આ પ્રેમ એની પાસે બહુ ભોગ માગે છે.

બે દિવસ પહેલાંની જ વાત.

તેમના લગ્નની તિથિ હતી. શરૂઆતમાં તો આ દિવસ બન્ને બહુ ઘેલાં થઈને ઊજવતાં. બાળકોના આવ્યા પછી એમાં થોડોક ફરક પડ્યો હતો. સતીશનાં કામ વધ્યા પછી તો, એ દિવસની ખુશી અને પ્રીતિ, હાસ્ય-આનંદ-તોફાનનો અસબાબ બધું ફિક્કું પડી ગયું હતું. વાસંતીને એ ખટકતું હતું. આ વખતે તેણે નવી જ રીતે આ દિવસ ઊજવવાનું નક્કી કરીને સતીશને આશ્ચર્યચકિત કરી દેવાનું વિચાર્યું. સતીશને આ દિવસ યાદ નહોતો. પણ તેથી તો તેને વધુ આશ્ચર્યમાં મૂકી શકાશે, માનીને વાસંતી મનમાં મલકી રહી. તેણે નવી નવી વાનગીઓ બનાવી. ટેબલ પર સરસ કપડું પાથર્યું. માત્ર મહેમાનો માટે જ રાખેલાં કાચનાં નાજુક સુંદર વાસણો કાઢી ટેબલ પર ગોઠવ્યાં. બજારમાં જઈ ગુલછડીનાં સફેદ ફૂલોનો ઢગલો લઈ આવી અને પછી સતીશની રાહ જોઈ રહી. સતીશને અચંબામાં મૂકી દેવાના વિચારથી હરખાઈ રહી.

સાંજે સતીશ આવ્યો ને ઘરમાં પગ મૂકતાં જ ચોંકી પડ્યો. 'અહાહા, આટલી બધી સુગંધ આ શાની છે ?' તેણે રૂમમાં નજર ફેરવી. 'આટલાં બધાં ગુલછડીના ફૂલ !' વાસંતીનું મન નાના છોકરાની જેમ ઊછળી રહ્યું. 'આજે શું છે ?' તેણે પૂછ્યું. વાસંતી હસી પડી. ગુલછડીના ઢગલા જેવું એ હાસ્ય જોઈ સતીશ પાસે ખેંચાઈ આવ્યો.

એટલામાં જ બારણામાંથી કોઈ ઘરમાં પ્રવેશ્યું. સુગીતિ બૅનરજી હતી. 'ચાલો ચાલો, જલદી', તે હાંફતાં હાંફતાં ઉદ્દેશીને બોલી. 'ટૅક્સી નીચે ઊભી રાખી છે. મોહનને ઘેર અમેરિકાના એક કાર્ટૂનિસ્ટની થોડા પત્રકારો સાથે બેઠક ગોઠવી છે. ત્યાંનાં લોકગીતોનો એક ગાયક પણ છે. ચાલો જલદી, સમય થઈ ગયો છે.' અને પછી વાસંતી તરફ ફરીને બોલી : 'તમે પણ ચાલો, મઝા આવશે.'

વાસંતી સૌમ્ય સ્વરે બોલી : 'માફ કરજો, મારાથી અવાય તેમ નથી.' અને સતીશ તરફ જોઈને બોલી : 'તું પણ નહિ જતો સતીશ, આજે મારે તારું ખાસ કામ છે.'

જવા માટે ચંપલ પહેરવા લાગેલો સતીશ થોભી ગયો. 'શું કામ છે ?'

વાસંતી કાંઈ બોલી નહિ.

સુગીતિએ સહેજ ઉતાવળા અવાજે કહ્યું : 'વાસંતીબહેન, કામ બેએક કલાક મુલતવી રાખી શકાય તેમ નથી ? આ મળવાનું મહત્ત્વનું છે.'

વાસંતીનો ચહેરો સખત થઈ ગયો.

સતીશ વાસંતીની અનિચ્છા સમજ્યો, પણ એક સ્ત્રીની હાજરીમાં પોતે પત્નીના કહ્યા પ્રમાણે ચાલે છે એવી છાપ ઊભી ન થાય તે માટે, કે પછી વાસંતીની ના તેને પસંદ ન પડી તેથી, પણ તેણે ચંપલ પહેર્યાં અને વાસંતીના ખભાને જરા થપથપાવી 'હમણાં કલાક-દોઢ કલાકમાં આવું છું,' કહીને સુગીતિ સાથે દાદર ઊતરી ગયો.

●

૧૫

'સંગીત મારે મન એક મૂલ્યવાન બાબત હતી. પહેલાં હું ફક્ત કાંઠાના પાણીમાં છબછબિયાં કરતી હતી. પછી તે દિવસે મેં એનું વિશાળ ગંભીર રહસ્યમય રૂપ જોયું. મને એમ થયું કે મારે એમાં પ્રવેશ કરવો જોઈએ. દરેક માણસને ભગવાને કોઈક વરદાન આપીને પૃથ્વી પર મોકલ્યો હોય છે. દરેકેદરેક માણસને એક અદ્વિતીય વરદાન મળેલું છે, પણ બધી વાર એ વરદાન પ્રગટ નથી હોતું. આપણે એને ખોળી કાઢવું પડે છે. આપણે તો ઘર અને વર અને છોકરાંઓને સંભાળવામાં જ આખો સમય, આખું હૃદય રોકી દેતાં હોઈએ છીએ. પણ કોઈક વાર એ ખોળી શકીએ છીએ ત્યારે આપણા જીવનને આપણા થકી જ એક અર્થ મળે છે. બીજા કોઈને ખાતર નહિ, પતિ કે બાળકો ખાતર નહિ, પણ નિજને ખાતર નિજમાં પ્રવેશવાનું એક દ્વાર મળે છે. પેલી સવારે મેં કેસરબાઈને સાંભળ્યાં અને તત્કાળ મારા મનમાં ઝબકારો થયો કે અહીં મારા જીવનની અદ્વિતીયતા પ્રગટ કરવાની તક છે. પન્નાલાલ ઘોષે કહેલું કે બંસી બજાતે બજાતે ઠાકુર મિલ જાયેંગે – એનો અર્થ શું થાય એ મને ત્યારે સમજાયું.

'પણ સતીશને એ મંજૂર નહોતું. એટલા માટે નહિ કે સુધીરની જેમ એને, હું બહાર હરુંફરું, લોકોને મળું તો મારા પર વહેમ આવે છે. સુધીરનું તો લલિતાબહેન કોઈ પુરુષ સાથે સહેજ હસે, બોલે તોય મગજ ચકરાઈ જાય છે. સતીશનું કારણ એ નથી. પણ એને હું સર્વાંગપણે જોઈએ છે. જેમ આ ઘર બધી રીતે તેનું છે, ઘરમાંથી બધી વસ્તુઓ તેની છે, તેમ 'હું' પણ તેની હોવી જોઈએ. મારે મારી સ્વતંત્ર કોઈ આકાંક્ષા હોય એ તેને સમજાતું નથી, કે પછી સ્વીકારવું નથી. અમારાં લગ્ન થયાં ત્યારે કબીરની પેલી પંક્તિ તે જરા ફેરવીને કહેતો : તારી આંખોમાં તું મને બંધ કરી લે. પછી તું બીજા કોઈને ન જુએ અને બીજું કોઈ તને ન જુએ. હું તો એના પર એટલી મુગ્ધ હતી કે મને સમજાયું નહિ કે

એના એ કહેવા પાછળ પ્રેમ નથી, પ્રેમનો પરિહાસ છે. ઊલટાનું મેં તો માન્યું કે હું ધન્ય છું, કૃતાર્થ છું એ છે એટલે તો હું છું – એમ મને લાગતું. જતાં-આવતાં, કામ કરતાં, દાઢી કરતાં, નહાવા જતાં, નાનાં નાનાં કામો વચ્ચેની ખાલી તિરાડોમાંથી એનો સ્પર્શ વરસી રહેતો અને મને લાગતું કે હું ભીની સુગંધોથી મહોરી ઊઠી છું. અમારા દિવસો બધા સ્નેહાંકિત હતા, રાતો બધી સ્પર્શાંક્તિ. ઓહ, હું કેટલી મૂરખ હતી !'

'વાસંતી !'

'સાંભળ વસુધા, મને મારી વાત પૂરી કહેવા દે. એના પ્રેમના દરિયામાં હું નહાતી હતી અને તૃપ્ત હતી. મને લાગતું કે મને હવે કશાની જરૂર નથી. પણ મેં એ દરિયામાં ડૂબકી મારી અને મને ખબર પડી કે એમાં મોતી નથી. આપણે કેવાં આપણી જાતને છળતાં હોઈએ છીએ ! ના, સતીશને મારે માટે જે છે, તેને હું પ્રેમનું નામ નહિ આપું. તેને હું – વાસંતી જોઈએ છે, પણ તે કેવળ પોતાને ખાતર. તેને ખાવાનો કેટલો શોખ ! તેને ખાતર હું વાનગીની ચોપડીઓમાંથી શોધીશોધીને, કલાકો ગાળીને નવીનવી વસ્તુઓ બનાવું તો તે ખૂબ ખુશ થાય. હું ફૂલોની ગોઠવણી કરું, ઘર સજાવું, સુંદર કપડાં પહેરું, હસતી રહું તો તે ખૂબ ખુશ થાય. તેના મિત્રોને હું બે ગીત ગાઈ સંભળાવું કે સ્વાદિષ્ટ નાસ્તા વડે તેમનું આતિથ્ય કરું ત્યારે તે ફુલાય. જાણે હું તેના પોતાના જ વિસ્તારને માથે ઝૂલતું છોગું હોઉં. પણ હું કોઈ વસ્તુ માત્ર મારે માટે કરું, કરવા ઇચ્છું તો એને એ સહી ન શકે. મારા જીવનમાં કોઈ મોટી, ઊંડી બાબતનો પ્રવેશ થાય. હું એની પાછળ લાંબો સમય ગાળું, એથી ઘરનાં કામ થોડાં અવ્યવસ્થિત થઈ જાય – એ બધું તે સહી ન શકે. વસુધા, આને તું પ્રેમ કહે છે ? રાતદિવસ પોતાની સાથે વળગાડી રાખવા માગતા, આપણને આપણા માટે જરા સરખોય અવકાશ ન આપતા અનુરાગને તું પ્રેમ કહે છે ?'

'વાસંતી પ્લીઝ...'

'પહેલાં એ મારી સુંદરતાની પ્રશંસા કરતો ને હું હરખાઈ રહેતી. હવે મને ગુસ્સો આવે છે. તે માત્ર મારું શરીર જ જુએ છે ? આવતી કાલે હું સુંદર ન પણ રહું. નહિ જ રહું. કોઈ સ્ત્રીની સુંદરતાની, તેની રસોઈની બહુ પ્રશંસા કરવી એનો અર્થ એ થાય કે તેને કહેવું, તું રસોઈ કર્યા કર અને સુંદર બની રહે. તું

દાળ-ચોખા-હળદર-મસાલાથી અને લિપસ્ટિક-મેકઅપથી વીંટળાયેલી રહે. પ્રેમ... પ્રેમ... કવિઓએ પ્રેમનાં ગીત ગાયાં છે તે તો એક મોટું જૂઠાણું છે. વ્યક્તિ મળી ન હોય ત્યાં સુધી એ પ્રેમ રહે છે. એક વાર વ્યક્તિ પ્રાપ્ત થઈ જાય પછી એને આપણને, બધી સ્ત્રીઓને, પછી રાતના અંધારામાં ઓળખવામાં આવે છે ને રાતના અંધારામાં વિસારે પાડી દેવાય છે.' તેણે શ્વાસ લીધો, જરા અટકીને ફરી બોલી : 'અને આપણે એક દિવસ થોડોક જીવવાનો પ્રયત્ન કરી લઈએ, એક સાંજ થોડોક દરિયો શ્વાસમાં ભરી લેવા બહાર નીકળીએ તો મન ફફડી ઊઠે છે : ઘેર જઈશું ત્યારે શું થશે ?'

વસુધાએ તેના પર હાથ મૂક્યો. હળવેથી કહ્યું : 'મને એક વાત કહે. સતીશ તે સાંજે ચાલ્યો ગયો ત્યારે તને જે દુઃખ થયું તે શાનું દુઃખ હતું ? માનભંગ થવાનું ? લગ્નતિથિની અવગણનાનું ? બીજી સ્ત્રી સાથે તે ગયો તેનું ?'

વાસંતીનો ચહેરો ગંભીર થઈ ગયો. 'એ બધું હોઈ શકે, પણ સૌથી વધુ દુઃખ એ થયું કે મારી કેવળી મોટી ઇચ્છા આડે એણે 'ના'ની દીવાલ બાંધી, અને મેં એ સ્વીકારી લીધી અને એણે મારી સાવ નાનકડી 'ના'નું, એક સાંજની 'ના'નું પણ માન રાખ્યું નહિ.'

'પણ ધાર કે વાસંતી, એણે તારી "ના" ન કબૂલી, એમ તેં પણ એની "ના" માન્ય ન રાખી હોત તો ?'

વાસંતી હસી, 'નાનપણથી જ આપણા મનને એવી રીતે ઘડવામાં આવ્યું છે કે પતિને પૂછ્યા વગર કોઈ મહત્ત્વનું કામ કરાય નહિ, અને પતિ ના પાડે તો એ ન જ કરાય. પત્ની ના પાડે તો એનું પતિને કશું બંધન નહિ. પણ પતિ ના પાડે, તો એ જાણે અનુલ્લંઘ્ય દીવાલ. આપણાં બધાંનું, સમગ્ર સ્ત્રી-સમાજનું માનસ સદીઓની સદીઓથી એ રીતે બદ્ધ કરવામાં આવ્યું છે. પછી આપણે પણ એ વ્યવસ્થાને જ બરોબર માની લઈએ છીએ. પછી એ યોગ્ય છે કે નહિ તેવું પૂછતાં નથી, એમાં ન્યાય છે કે નહિ તે જોતાં નથી.'

'જોઈ તો શકીએ છીએ કદાચ, પણ એ પ્રમાણે જીવી નથી શકતાં.' વસુધાએ કહ્યું.

'જીવવા જઈએ તો ઘર્ષણ થાય. આપણી સાવ નજીકના માણસ સાથે

પોતાની સ્વતંત્રતા માટે સંઘર્ષ કરવો એ કાંઈ ગૌરવની વાત છે ?'

'અને કદાચ પછી એ નજીકનો માણસ રહે પણ નહિ...'

બન્ને થોડી વાર ચૂપ રહ્યાં. સૂરજ હવે સાવ પાણીની કિનારને અડીને ઊભો હતો...હવે તો વ્યોમેશ ઘેર આવી જ ગયો હશે. મારી શોધ ચાલતી હશે... વસુધાના મનમાં વિચાર ફરક્યો અને એણે એ હળવેથી ઊંચકીને બાજુ પર મૂકી દીધો.

'મને એમ હતું કે મારામાં હિંમત નથી, પણ તને તો હું વધારે સમર્થ માનતી હતી.' વસુધાએ કહ્યું : 'હું ફરી પૂછું છું, ધાર કે એની "ના" ની અવગણના કરીને તેં સંગીત શીખવા માંડ્યું હોત તો તે શું કરત ?'

'તો શું કરત ?' વાસંતીએ જરા વિચાર કર્યો. 'મારા કાન તો ન જ આમળત. ઘરમાંથી કાઢી પણ ન મૂકત.'

'અને પ્રેમ ન આપત એમ પણ તું કહી શકે એમ નથી. કારણ કે એ જે આપે છે તે પ્રેમ નથી, એમ તેં હમણાં જ કહ્યું.' વસુધા બોલી. 'તો પછી એ કઈ વસ્તુ છે જેને બચાવવા આપણે આટલાં આજ્ઞાધીન બની રહીએ છીએ ? શાને ખાતર આપણે આપણી ઊંડામાં ઊંડી અભીપ્સા ને ઈશ્વરના હાથે મળેલું વરદાન જતું કરવા તૈયાર થઈએ છીએ ? સંસાર ચલાવવા પુરુષને સ્ત્રીની જરૂર પડે છે, પણ દેખાય છે એવું જાણે આપણને જ એમની જરૂર હોય. કહે વાસંતી, તેં તારી સંગીત-સાધના શરૂ કરી હોત તો તે શું કરત?'

એક ક્ષણ વાસંતી વિચારમાં પડી. પછી બોલી : 'બીજું કાંઈ ન કરત, માત્ર મારી અવજ્ઞા કરત, હું ઘરમાં છું જ નહિ એમ વર્તાવ કરત. મારું માનભેર જીવવાનું મુશ્કેલ કરી મૂકત. એવો ભાવ દર્શાવત, જાણે હું મફતનું ખાઉં છું અને મારી ફરજ બજાવતી નથી અને... કદાચ કહેત...'

'શું કહેત ?'

'કે મારા ઘરમાં રહેવું હોય તો આમ નહિ ચાલે...'

વસુધા ચૂપ રહી. સૂરજ હવે ડૂબી ગયો હતો. આકાશ ધોળુંફક અને નિસ્તેજ હતું.

'ઊઠીશું ?' તેણે પૂછ્યું.

વાસંતી કાંઈ બોલ્યા વિના ઊભી થઈ. બન્નેએ રસ્તા તરફ ચાલવા માંડ્યું. જતાં જતાં રેસ્ટોરામાં નજર નાખી. સુધીર અને એની સાથેની યુવતી બન્ને હજી બેઠાં હતાં. વાતો કરતાં હતાં. હળવાં ને નિરાંતમાં લાગતાં હતાં.

આ માણસ પણ મોડો ઘેર જશે. પણ લલિતાબહેન ગુસ્સો કરવાનું તો બાજુએ, કેમ મોડું થયું એમ પૂછતાં પણ કદાચ ડરશે. એક સ્ત્રી સાથે સંબંધ હોવા માટે સુધીર ડંખ અનુભવતો હશે, તો નાનો શો પ્રશ્ન પૂછતાં જ ચિડાઈ જશે. પણ તેની સાથેની આ સ્ત્રી કોણ છે ?

તેણે વાસંતીને પૂછ્યું. વાસંતી તેના કરતાં વધારે જાણે છે.

'એ એની પ્રિયતમા છે. લલિતાબહેનને એની ખબર છે. તે તો ઘરમાં ખુલ્લી રીતે આ કબૂલ કરે છે. છોકરાંઓને પાસે બેસાડીને કહે છે : 'તમારી મા મને સુખે રહેવા નથી દેતી. હું બહાર કામ કરું છું. આજની દુનિયાની હરીફાઈ અને સંઘર્ષમાં આગળ આવવા મારે મારી શક્તિ નિચોવી નાખવી પડે છે. તમે લોકો બેઠાંબેઠાં આરામથી ખાઈ-પી શકો તે માટે મારે કેટલો શ્રમ, કેટલો સંતાપ વેઠવો પડે છે એની તમને ખબર નથી. મારે પણ શાંતિ ને આનંદ આપે, મારું હૃદય ઠારે એવો સંબંધ જોઈએ કે નહિ ? એ સ્ત્રી મને ખૂબ સુખ આપે છે. એની પાસેથી બળ મેળવીને તો હું ટકી શકું છું. તમારી મા મને એવી શાંતિ આપી શકે છે ? પૂછી જુઓ એને.'

'એટલે કે, એના એ સંબંધ માટે એ લલિતાબહેનને જ જવાબદાર ગણે છે, એમ ને ? શી ધૃષ્ટતા !'

'ધૃષ્ટતા જ માત્ર નહિ, એની નઠોરતા તો જો ! કે લલિતાબહેનને એમને પિયર જવા ઉપર પણ પ્રતિબંધ છે. એનાં ભાઈ-બહેન અહીં આવીને મળવું હોય તો મળી જાય, લલિતાબહેને ત્યાં નહિ જવાનું. લલિતાબહેનનાં પિયરિયાં ખૂબ શ્રીમંત છે, તેથી સુધીરભાઈને એમની ઈર્ષ્યા થાય છે.'

બસ-સ્ટૉપ પર બસ ઊભી જ હતી. બન્ને દોડીને ચડી ગયાં. મહાનગરમાં વાંકાચૂકા, અજગરની જેમ પથરાઈ પડેલા લાંબા રસ્તા પરથી બસ દોડવા લાગી.

'વાસંતી, મને કંઈક સૂઝે છે.' વસુધા એકદમ બોલી ઊઠી.

'શું ?'

'આપણે કંઈક કરવું જોઈએ. આપણે બધાં મળીને કશુંક કરી શકીએ.'

'શું કરી શકીએ ?'

'એ લોકો આપણા પર આટલી બધી સત્તા ધરાવે છે, કારણ કે આપણે એમની સત્તા કબૂલ રાખીએ છીએ. ધારો કે આપણે એમની સત્તા કબૂલ ન રાખીએ, તો ? આપણે સાથે મળી એકમેકને ટેકો આપીએ, તો આપણામાં એ કરવાની હિંમત આવે.'

'વસુધા, સમાજનું એકમ કુટુંબ છે. કુટુંબનો આશ્રય ઘર છે. આ ઘરમાં કુરુક્ષેત્ર રચાય તો એની જવાબદારી આપણે લઈ શકીશું ?'

'પણ આપણને એ લોકોની જેટલી જરૂર છે, એટલી જ એ લોકોને આપણી જરૂર છે. એ કુરુક્ષેત્ર ન રચાય એ જોવાની જવાબદારી શું તેમની પણ નથી ?'

'એ લોકો કમાય છે, અને માને છે કે બસ, એમાં એમનું કર્તવ્ય પૂરું થઈ ગયું. સંબંધોને સ્થાયી કરી રાખવાનો, ઘરમાં શાંતિ ને આનંદ નષ્ટ ન થાય તે જોવાનો બધો ભાર આપણા પર છે.' વાસંતી જરા ઉદાસ થઈ જઈને બોલી.

'પણ કામ તો આપણે કરીએ છીએ. ઘર સંભાળવાની ફરજ આપણે બજાવીએ જ છીએ.' વસુધાનો અવાજ સહેજ ઊંચો થયો. 'ઘરને આનંદમય બનાવવાનો ભાર બધો જો આપણી પર જ હોય, તો આપણું મહત્ત્વ વધારે નહિ તો એ લોકો જેટલું પણ કેમ નથી ?'

વાસંતી ચુપ રહી.

ઘર નજીક આવવા લાગ્યું. વસુધાએ કલ્પના કરી કે વ્યોમેશ તેને શું શું કહેશે, અને એ બધાના મુદ્દાવાર જવાબ તે મનમાં ગોઠવી રહી... તમે ઑફિસેથી સીધા નિરંજનને ઘેર ઘણી વાર જાઓ જ છો ને !... બાળકોને એક દિવસ સાચવી ન શકાય ? એ તમારાં પણ બાળકો છે સ્તો !... અમને તો કોઈ દિવસ કોઈ ચા બનાવીને આપતું નથી. તમે એક દિવસ ચા બનાવી લો તો તેમાં કાંઈ

ખોટું નથી... થાકી ગયા છો ? પણ જે સ્ત્રીઓ બહાર કામ કરે છે તેયે થાકી તો જાય જ છે. છતાં ઘેર આવીને તરત કામમાં જોડાઈ નથી જતી ? તમે જેને થાક કહો છો તે ખરેખર થાક છે કે પછી માત્ર ટેવ ?... ધીમે ધીમે શાંત અવાજે પોતે જવાબ આપશે. આટલો વખત હંમેશાં ચુપ રહી છે, પણ હવે પોતે બોલશે.

ઊતરવાનું સ્ટૉપ આવ્યું, બન્ને ઊતરીને જોડાજોડ મૂંગાં મૂંગાં ચાલવા લાગ્યાં. વસુધાનું હૃદય ધડકવા લાગ્યું. આજ સુધી કોઈ દિવસ વ્યોમેશ સાથે લાંબી દલીલમાં ઊતરી નહોતી. વ્યોમેશને એ ગમતું નહિ. આજે હું તેને જવાબ આપીશ ત્યારે તે શું કહેશે ?

ઘર નજીક આવતાં બન્ને હેબતાઈ ગયાં. ત્યાં ધમાલ મચી હોય એવું લાગતું હતું. ઘણાં લોકો એકઠાં મળ્યાં હતાં. ખૂબ ઘોંઘાટ થતો હતો. 'શું થયું ?' વસુધાએ ગુસપુસ અવાજે વાસંતીને પૂછ્યું. વાસંતીએ 'શી ખબર ?' ની મુદ્રામાં આંગળાં ફેલાવ્યાં.

બન્ને જણ ઝડપથી ઘરનો દાદર ચડવા લાગ્યાં. બધા ફ્લૅટનાં બારણાં ઓછાવત્તાં ખુલ્લાં હતાં. બધી બત્તીઓ ચાલુ હતી. બીજે માળે પહોંચતાં એમણે ક્રંદનનો અવાજ સાંભળ્યો. રંજનાના ઘરમાં સ્ત્રીઓનું એક નાનું ટોળું બેઠું હતું. ફૈબા પણ એમાં હતાં. રંજના ધીમો વિલાપ કરી રહી હતી. વચ્ચે વચ્ચે મોટેથી રડી પડતી હતી. એક સ્ત્રી તેની પીઠ પર હાથ ફેરવતી હતી. બધાંનાં મોં પર મૂઢતા ચીતરાઈ હતી. લીના બારણા પાસે બેઠી હતી. વસુધાએ એની પાસે ઉભડક બેસી ધીમેથી પૂછ્યું : 'શું થયું ?'

'તમને ખબર નથી ? તમે લોકો ક્યાં હતાં ? આશા... આશા અગાસીમાંથી પડી ગઈ.'

'પડી ગઈ ?' વસુધાનો અવાજ તરડાઈ ગયો.

'ઉપરની અગાસીમાંથી, હૉસ્પિટલમાં લઈ ગયા છે. થોડી વાર પહેલાં જ લઈ ગયા.'

'જીવી તો જશે ને ?'

લીનાએ ડોકું ધુણાવ્યું. 'તમે લોકો બહાર ગયાં હતાં ? દોઢ કલાકથી આ ધમાલ ચાલે છે. પોસ્ટમૉર્ટમ કરશે.'

'પણ કેવી રીતે પડી ગઈ ?'

'ખબર નથી.' પછી કાનમાં કહેતી હોય એમ બોલી : 'આપઘાત કર્યો લાગે છે. અગાસીમાંથી એમ કાંઈ પડી જવાય ?'

વાસંતી અંદર બેઠી. વસુધા 'હમણાં આવું છું,' કહીને ઉપર ગઈ. બન્ને છોકરાઓ ડાહ્યા થઈને ભણવા બેઠા હતા. દીપંકર પાસે બેસી તેમની ચોપડીમાંથી ચિત્રો જોતો હતો. વ્યોમેશ ઘરમાં નહોતો. માને જોતાં જ ત્રણે છોકરાઓ દોડી આવ્યા. 'અત્યાર સુધી તું ક્યાં હતી ?' તેમની સાથે થોડી વાતો કરી, દીપંકરને હુલાવીફુલાવી તે ફરી રંજનાને ઘેર જઈ બધાંની સાથે બેઠી. આવી કુમળી પંદર વર્ષની છોકરીએ આપઘાત શાથી કર્યો હશે ? આપઘાત કરતાં પહેલાં તેના મન પર શું શું વીત્યું હશે ?

મધરાત પછી બધાં ઘેર આવ્યાં. પોલીસ કેસ, પોસ્ટમૉર્ટમ વગેરેને કારણે શબ પાછું મળતાં ઘણી વાર લાગી. અવરજવરની વચ્ચે વ્યોમેશ-વસુધાની નજર મળી. પણ તે કાંઈ બોલ્યો નહિ.

સવારે બધા પુરુષો સ્મશાને ગયા ત્યાં સુધી વસુધા ને વાસંતી રંજનાને ઘેર જ હતાં. વચ્ચે એક વાર બન્ને સાથે બહાર નીકળ્યાં ત્યારે વાસંતીએ વસુધાને કાનમાં કહ્યું : 'એણે આપઘાત કેમ કર્યો તેનું હું અનુમાન કરી શકું છું. તેં હમણાંથી એને જોયેલી ?'

'ખાસ ધ્યાન નથી. હમણાંથી કદાચ નહોતી જોઈ.'

વાસંતી વધુ નજીક આવી તદ્દન ધીરા સ્વરે બોલી : 'એને કોઈએ ફસાવી હશે.'

વસુધાને હૃદય ધબકતું અટકી જતું લાગ્યું. 'એટલે ?'

'એને... એને –'

*

સ્મશાનેથી આવીને વ્યોમેશ નાહીને ધબ કરતો પથારીમાં પડ્યો. શરીરમાં ખૂબ થાક હતો. ઉજાગરાથી આંખો લાલ હતી. વસુધા એને માટે ચા લઈને આવી કે ગુસ્સાથી બોલ્યો : 'આને માટે તારે પૈસા જોઈતા હતા ?'

વસુધા એના અવાજમાં ધક્કાથી હેબત ખાઈને એક ડગલું પાછળ હઠી ગઈ. પછી અવાજને બને તેટલો સંયત રાખીને બોલી : 'આપણે મદદ કરી હોત તો કદાચ બચી જાત.' એને થયું કે ગુસ્સો તો પોતે કરવો જોઈતો હતો.

વ્યોમેશ બેઠો થઈ ગયો. 'શું કહ્યું ?' તેનો અવાજ ને તેનાં નેત્રો બન્ને વસુધાને દઝાડી રહ્યાં.

પહેલાંનો સમય હોત તો વસુધા ચુપ રહી હોત. પણ હજુ ગઈ કાલે જ એક વિચાર તેણે મનમાં ઉગાડ્યો હતો. તે બોલી : 'બહુ મૂંઝવણમાં મુકાઈ ગઈ હશે. સમયસર એને પૈસા ને માર્ગદર્શન મળ્યાં હોત તો કદાચ કાંઈ વિચારી શકત.'

વ્યોમેશ ઊભો થઈને તેની નજીક આવ્યો. વસુધા ગભરાઈ ગઈ. મારશે કે શું ?

નજીક આવી ક્રોધથી ફૂંફાડા મારતા અવાજે વ્યોમેશે કહ્યું : 'એ છોકરીએ આખા કુટુંબને કેટલું બેઆબરૂ કર્યું – કાંઈ ભાન છે ? છટ્, તદ્દન હલકાં લોકો છે. અને પાછી તું એમને માટે થઈને મારી પાસે પૈસા માગતી હતી અને આ બધું ખાનગી રાખવા માગતી હતી !'

વસુધા સ્તંભિત થઈને બારણા પાસે ઊભી રહી. પછી અવાજ એકઠો કરીને ધીમેથી બોલી : 'બધો વાંક શું આશાનો હતો ? જેણે એને ફસાવી હશે એનો શું કાંઈ જ ગુનો નહિ ?' અને વ્યોમેશ જવાબ આપે તે પહેલાં તે બારણાની બહાર નીકળી ગઈ.

●

૧૬

વસુધાએ આજ સુધી મૃત્યુ માટે માત્ર સાંભળ્યું જ હતું. પહેલી વાર તેણે મૃત્યુને નિકટતાથી જોયું. આશાનો મૃતદેહ ઘેર લાવવામાં આવ્યો ત્યારે તે ત્યાં જ હતી. ગઈ કાલ સુધી પંખીની જેમ ઊડાઊડ કરતો, તેજ ને તાજગીથી તરવરતો દેહ આજે ચાદરથી ઢંકાયેલ એક નિશ્ચેષ્ટ આકાર હતો. આ ઘટનાને અકસ્માત તરીકે ઓળખાવવામાં આવી હતી, પણ નજીકના લોકોને હકીકતની ખબર હતી. આવા ભયંકર નિર્ણય પર પહોંચતાં પહેલાં એ કિશોરીના મનમાં વિચારો, લાગણીઓ, ભયનું કેવું ઘમસાણ મચ્યું હશે ? આવું કરતાં પહેલાં તેણે કોઈક માર્ગ શોધવા કેટલી મહેનત કરી હશે ? ડૂબતાં પહેલાં એણે પાતળાં તરણાં પકડ્યાં હશે પછી તરફડાટથી ભરેલી તે અંધકારની ગુફામાં ગરક થઈ ગઈ હશે.

તે બચી જઈ શકત... વસુધાએ વિચાર્યું. કોઈકે મદદ કરી હોત તો ચોક્કસ તે બચી જાત. રંજનાબહેન તેને અહીંથી દૂર, દિલ્હી તેમની એક દૂરની બહેન હતી તેની પાસે મોકલી દેવા માંગતાં હતાં. પછી કંઈક રસ્તો શોધી શકાત. પણ તેમની પાસે પૈસા નહોતા. દીપકને આશાની વાતની પહેલાં ખબર હશે કે મૃત્યુ વખતે જ તેની જાણ થઈ હશે ? તેને ભાન થયું હશે કે આમાં તેની પણ જવાબદારી છે !... વિચારનો તંતુ આગળ ફૂટતાં વસુધા જરા કંપી ગઈ. તો શું માબાપનાં દુષ્કર્મો સંતાનો પર ઊતરી આવતાં હોય, એમ બને ? સંતાનોને પૈસા-જાગીર કે દેહાકૃતિ વારસામાં મળે છે, તેમ તેમનાં જૂઠાણાં, અન્યાય અને તેમણે કરેલા દ્રોહના ફળ પણ શું વારસામાં મળતાં હશે ?

થોડા દિવસ આખા મકાનનું વાતાવરણ ગમગીન રહ્યું. વસુધા કદાચ સૌથી વધારે અસ્વસ્થ હતી. ધોળાં કપડાં પહેરી મોઢા પર શોક ચિટકારી સ્ત્રીને રંજના પાસે આવતી અને 'ફૂલ બનતાં પહેલાં જ કળી ખરી પડી... જેવી ભગવાનની

મરજી' વગેરે કહેતી ત્યારે વસુધાનું લોહી ઊકળી ઊઠતું. તેને કહેવાનું મન થતું : આ કાંઈ ભગવાનની મરજી નથી. દીપક બીજી સ્ત્રીઓ સાથે સંબંધ ન રાખતો હોય, તો ઘરમાંથી પૈસા છાની રીતે લઈ જવાની તેને જરૂર ન પડત. તો રંજનાબહેન પાસે પૈસા હોત અને તો આશા માટે તેમણે જે ગોઠવણ વિચારી, તે પ્રમાણે વ્યવસ્થા કરી શકાઈ હોત. આ તો નિવારી શકાય એવી ઘટના હતી. એ ન નિવારી શકાઈ એમાં કોનો વાંક હતો ?

દિવસો સુધી તેના મનમાં પ્રશ્નો અને વિચારો ઘુમરાતા રહ્યા. આખો દિવસ તેની સામે આશાનો ચહેરો તરવરી રહેતો. વસુધા થરથરતા અવાજે તેને પૂછતી : પણ તારે શા માટે મૃત્યુ પામવું જોઈએ ? જે ગુનો તારો નથી એની સજા તારે શા સારુ ભોગવવી જોઈએ ?

...વ્યોમેશ ને ફૈબા તો વસુધા પર, તે દિવસે સાંજે તે કહ્યા વગર બહાર ગઈ હતી ત્યારથી ગુસ્સે હતાં. પણ આશાના મૃત્યુના કારણે બે-ત્રણ દિવસ વાતાવરણ ખૂબ ડહોળું થઈ ગયું હતું એટલે કોઈ કાંઈ બોલ્યું નહિ. પછી તો વાત પર સમયનો એક થર ચડી ગયો. તોપણ થોડા દિવસ પછી વ્યોમેશે પૂછેલું : 'તે દિવસે સાંજે ક્યાં ગઈ હતી, વસુધા ?'

વસુધાએ વ્યોમેશ સામે જોયું. માણસ જ છે તો ! કાંઈ ખૂનખાર પ્રાણી તો નથી ! ડરવાની શી જરૂર છે ?

તે બોલી : 'બહાર ગઈ હતી.'

'એકલી ?'

'વાસંતી સાથે હતી.'

'તો આટલું બધું મોડું કેમ થયું ?'

'દરિયાકાંઠે બેઠાં હતાં. સાંજ સરસ હતી. વાતોમાં સમયનું ધ્યાન ન રહ્યું.' તેનો અવાજ શાંત અને સ્વસ્થ હતો.

વ્યોમેશ ક્યાંક ઊંડે સહેજ નવાઈ પામ્યો. વસુધાની આ નિર્ભયતાનો તેને પહેલાં પરિચય નહોતો. આ નવું તત્ત્વ તેનામાં ક્યાંથી આવ્યું ?

ગુસ્સે થતાં તે અચકાયો. તો પણ જરા ઊંચા અવાજે બોલ્યો : 'તો ફૈબાને કહીને ન જવું જોઈએ ? અહીં કેટલી ચિંતા થઈ પડી હતી ?'

'હું નીકળી ત્યારે ફૈબા ઊંઘતાં હતાં.' એ જ સ્થિર દૃષ્ટિ. શાંત અકંપ સ્વર.

વસુધાએ મનમાં તૈયારી રાખી હતી. લડવું નહોતું, દલીલો કરવી નહોતી, માત્ર એક નક્કર વાત શાંતપણે, સ્વસ્થતાથી ભય વગર કહેવી હતી; પછી શું થશે – તેની ચિંતા વગર કહેવી હતી.

કહેવાય છે કે તમે ભયથી વિચલિત થયા વિના શાંત હિંમતથી ઊભા રહો, તો સામે આવતો વાઘ પણ એનાથી પ્રભાવિત થઈ, કશી ઈજા કર્યા વગર બાજુમાંથી ચાલ્યો જાય છે. વ્યોમેશને પહેલી વાર ખ્યાલ આવ્યો કે વસુધાની અંદર કોઈક તત્ત્વ છે, જે પોતાની પહોંચની બહાર છે. જેને આત્મા કહે છે, અથવા ચેતના કહે છે, તે આ હશે ? તે પોતાની અંદર સહેજ દબાયો. ચૂપ રહ્યો.

ઘરકામમાં રહેતી ઝીણી ભૂલો જોવાની ટેવાયેલી ફૈબાની દૃષ્ટિ વસુધાના આ પરિવર્તનને જોઈ શકે એ અસંભવિત હતું. તેમણે વધુમાં વધુ વાગે એવા શબ્દો પસંદ કરીને વસુધાને સંભળાવ્યા.

વસુધાએ એ તરફ ધ્યાન આપ્યું નહિ.

તેના મનમાં તો જુદા જ વિચારો ચાલી રહ્યા હતા. ઊઘડતી ઇન્દુલેખા જેવી એક છોકરી...સાચું શું ને ખોટું શું, કાર્ય શું ને તેનાં પરિણામ શું – એનાથી અનભિજ્ઞ, ડૉક્ટર થવાની આકાંક્ષા ધરાવતી, પણ આવક ટૂંકી હોય ત્યારે દીકરીને બદલે દીકરાઓ પાછળ જ ખર્ચ કરવાની માબાપની પસંદગીથી ઘવાયેલી આ કિશોરીએ આવી પરિસ્થિતિમાં મુકાતાં શું શું સહન કર્યું હશે ? કોની પાસે તેણે મદદ માગી હશે ? અને એ મદદ નહિ મળી હોય ત્યારે તેણે કેવી ગૂંગળામણ અનુભવી હશે ?

વસુધા બેચેન બની ગઈ. આને માટે જવાબદાર કોણ ? કોણ ? કોણે અણઊઘડ્યા યૌવનના આ સોહામણા ચહેરા પર મૃત્યુ ફંગોળી દીધું ? કોઈક અજાણ્યો માણસ – જેણે કાં તો જોર-જબરદસ્તી કરી હશે, અથવા રેશમી શબ્દો વડે એને ભોળવીને અંધારી ખીણના કાંઠે ધકેલી દીધી હશે...

કુંવારી કન્યાના માતૃત્વને પાપ ગણતા સમાજમાં આશાએ મૃત્યુને આલિંગવું પડ્યું હશે. પણ... પિતૃત્વનું શું ? એને કેમ પાપ નડ્યું નહિ ?

ગુસ્સાથી તે ધ્રૂજી રહી. એ માણસને શોધી કાઢવાનું, ખૂની તરીકે એને અદાલતમાં હાજર કરવાનું એને મન થયું. આ આપઘાત હતો, પણ ખરેખર તો એ ખૂન હતું... પણ એકલો એ અજાણ્યો જણ જ શું આશાની પરિસ્થિતિ માટે જવાબદાર હતો ? આશા મૃત્યુ પામી તે માટે શું દીપકની જવાબદારી નહોતી ? અને વ્યોમેશ... સ્ત્રીને વળી મિત્રતા શી ? વિશ્વાસનો સંબંધ શો ? પૈસાની જરૂર શી ? – એમ માનતો વ્યોમેશ પણ શું આ મૃત્યુ માટે જવાબદાર નહોતો ? જે લોકો બંદૂકની ગોળી કે છરીની અણીથી મનુષ્યની હત્યા કરે છે, તેઓ જ માત્ર ખૂની છે ? જે લોકો પોતાના અહંકાર અને અધિકાર વડે, નિષ્ઠુર વાસના વડે, માન્યતા અને રૂઢિચુસ્ત ખ્યાલો વડે નજીકના માણસને કણકણ કરીને હણે છે. એમણે પણ કોઈક અદાલતમાં જવાબ તો આપવો પડશે. આ જગતમાં એક વિશાળ ન્યાય કામ કરે છે. એ નિયમની પોતાને જાણ નથી એમ કહેવા માત્રથી તેઓ શું સજામાંથી છટકી જઈ શકશે ?

ઘરમાં તેને ગૂંગળામણ થવા લાગી. ઘણા વખતે તે અગાસીમાં ગઈ. એક છેડાથી બીજા છેડા સુધી ટહેલ્યા કર્યું. દીપંકર આવીને પાલવમાં વીંટાયો. વસુધાએ એને હળવેથી દૂર કર્યો. હર્ષ અને અશેષ તોફાન કરતા, હસતા, દોડતા આવીને તેને વળગ્યા. 'ભૂખ લાગી છે, મા !' વસુધાએ સુક્કા અવાજે કહ્યું : 'બરણીમાં બિસ્કિટ છે, લઈને ખાઈ લો.' છોકરાઓએ નવાઈ પામીને મા સામે જોયું. આવું તો પહેલાં કદી કર્યું નહોતું ! હંમેશા હેતથી આંગળી પકડીને લઈ જતી, પાસે બેસીને ખવડાવતી. આજે માને શું થયું છે ?

જીવન શું છે ? આપણે બધાં શાને માટે જીવીએ છીએ, બીજાઓ સાથે શાને માટે જવાબદારીથી સંબંધાઈએ છીએ ? વસુધાએ પોતાની જાતને પૂછ્યા કર્યું. આશા ડરની મારી માબાપને પહેલાં વાત નહિ કરી શકી હોય. સંતાનો જો ખુલ્લા હૃદયથી માબાપ પાસે વાત ન કરી શકે, પોતાની કારમી પળોમાં હિંમત ને આધાર ન મેળવી શકે, તો એ સંબંધનો અર્થ શો ? જે સંબંધમાં પ્રેમ અને વિશ્વાસ અને નિર્ભયતાથી જીવી શકાતું ન હોય, જેમાં જીવંત વ્યક્તિ કરતાં મૃત પ્રણાલિકાનું વધુ માન કરવામાં આવતું હોય, જેને સાથ વડે વધુ સુંદર બનાવી શકાતો ન હોય – એ સંબંધનો અર્થ શું છે ?

આ રીતના જીવનનો, આ દુનિયાનો પણ કાંઈ અર્થ છે ? કે બધું ક્ષણિક,

વ્યર્થ, એબ્સર્ડ છે ? એક કુમળી મઝાની છોકરી મૃત્યુ પામે, અને તેને મૃત્યુમાં ધકેલનાર સંમાનિત ચહેરો લઈ દુનિયામાં ફરતો હોય, ઑફિસમાં ઊંચો હોદ્દો ધરાવતા હોય, કલાકાર હોય, આશ્રમનો અધિપતિ હોય એને શું નહિ થાય. કારણ કે તે પુરુષ છે.

વસુધાનું અંગ અંગ સળગવા લાગ્યું. તેને થયું કે પોતે કંઈક કરવું જોઈએ. પોતાની જવાબદારી ફક્ત ઘર ને કુટુંબ પ્રત્યે જ નથી; બધી સ્ત્રીઓ પ્રત્યે તેની જવાબદારી છે. બધી સ્ત્રીઓને થતા અન્યાય માટે, સહેવા પડતાં દુઃખ માટે, સમગ્ર જીવન માટે તેની પણ જવાબદારી છે.

આ અન્યાય વિશે હું શું કરું ? હું શું કરી શકું ? તેણે આકાશ ભણી જોઈને પૂછ્યું. હું એકલી કાંઈ ન કરી શકું, પણ અમે સાથે મળીને કરી શકીએ. મનુષ્યે, સંબંધ દ્વારા પોતે જે હોય, તેનાથી કંઈક વધારે થતા રહેવું જોઈએ. પણ સ્ત્રી તો, સંબંધમાં, પોતે હોય તેના કરતાં ઓછી થતી જાય છે. અને આ ઓછા થવાને જ તેની લાયકાત ગણવામાં આવે છે.

સંબંધ વગર તો જીવન જ નથી. જીવન એટલે જ સંબંધ. શા માટે સંબંધો એવા ન હોય કે બધાં જ એમાં હસે, ખીલે, ક્ષણિકતાનો આ બાગ આનંદનાં ફૂલોથી ભરી દે ?

વ્યોમેશ આવ્યો ને તેણે વસુધાને અગાસીમાં આંટા મારતી જોઈ. રસોડું ઠંડું હતું. છોકરાઓ પોતાની મેળે ખૂણામાં વાંચતા હતા. ચા બની નહોતી.

નમી પડેલા સૂર્યના લાલ-કેસરી અજવાળામાં વસુધાનો ચહેરો ખૂબ તેજસ્વી લાગ્યો. વ્યોમેશ બારણા પાસે ઊભો રહ્યો. વસુધાનું ધ્યાન ગયું નહિ. તે પોતાના વિચારોમાં પૂરેપૂરી ડૂબી ગઈ હતી.

માણસે ઊગવું જોઈએ – વૃક્ષ જે સ્વાભાવિકતાથી સૂર્ય ભણી ઊગે તે રીતે ઊગવું જોઈએ. પોતાની સીમાઓમાંથી બહાર નીકળવું જોઈએ. નવા રસ્તા ને નવી ગલીઓમાં, નવા વિચારો ને વિશાળ અનુભૂતિઓમાં, દૂરનાં મેદાનો અને હિમાલયના પહાડોમાં ભ્રમણ કરવું જોઈએ.

અચાનક હિમાલયના નામ સાથે આદિત્ય યાદ આવ્યો. શું કરતો હશે એ ? ક્યાં હશે ? જ્યાં હશે ત્યાં મુક્ત હશે, ઊગતો હશે. ચીલાચાલુ નિશ્ચિતતાના

પિંજરામાં પુરાય એવો એ જીવ નહોતો.

એકાએક એને મળવાનું મન થઈ આવ્યું.

'વસુધા !'

એણે પોતાનું નામ સાંભળ્યું પણ એ સાંભળ્યા પછી શું કરવું જોઈએ, તેની તેને ખબર પડી નહિ. તેને લાગ્યું કે પોતે સાંજના પ્રકાશમાં ઓગળી જઈ રહી છે.

'વસુધા, હું તને બોલાવું છું, સંભળાતું નથી ?'

વસુધાએ ડોક ફેરવી. કોના અવાજનાં આંદોલનો પોતાના કાન પર અથડાતાં હતાં ? તે થોભી ગઈ. તેણે સામે જોયું. કોઈક ઊભું હતું. પોતે તેને ઓળખતી નથી.

વ્યોમેશે આગળ આવી તેને ખભેથી હલાવી. 'વસુધા, તને કાંઈ થાય છે ?'

વસુધાએ શૂન્ય આંખે એની સામે જોયું.

વ્યોમેશ જરા વ્યગ્ર થઈ ગયો. હાથ વડે વસુધાને દોરીને અંદર લઈ ગયો. પલંગ પર બેસાડી. વસુધા ઊંધા મોંએ ગાદલા પર પડી. રુદનથી તેનો આખો દેહ ધ્રૂજી રહ્યો. વ્યોમેશને કાંઈ સમજ પડી નહિ.

*

બીજે દિવસે તેનું મન શાંત હતું. બધો ઉદ્વેગ ચાલ્યો ગયો હતો. તેને થયું, હવે એક નવા રસ્તા પર ચાલવાનું છે. એ હરિયાળો-ઘટાછાયો રસ્તો હશે કે બળબળતો, કાંટાવાળો, ક્ષિતિજમાં ખોવાઈ જતો રસ્તો હશે – તેની ખબર નથી.

વાસંતી અને લલિતા સાથ આપશે. વાસંતી સંગીત શીખવા જશે જ. લલિતાને સંસ્કૃત સાહિત્ય માટે બહુ પ્રેમ હતો. પ્રકૃતિ માટે પ્રેમ હતો. વાલ્મીકિથી માંડી કાલિદાસ સુધીના મહાકવિઓનો ઊંડાણથી અભ્યાસ કરી તેને બતાવવું હતું કે, પ્રકૃતિ અને મનુષ્ય વચ્ચે જે એક સૂક્ષ્મ અને સંવાદી નિયમન ચાલે છે એ જ સંવાદ ને સહકાર સમગ્ર જીવનના મૂળમાં છે – આજે બધાં ભલે એકમેકનો હ્રાસ કરીને જીવન જીવતાં હોય ! કેટલું થઈ શકશે એની કંઈ ખબર

નહોતી, પણ એક નવી કેડી કંડારવાનું મન હતું. લલિતા ભણશે, સંસ્કૃતના પંડિતો પાસેથી માર્ગદર્શન મેળવશે. અને હું – હું તો એક સામાન્ય સ્ત્રી છું. હું શું કરીશ ? વ્યોમેશથી ભય ન પામવો એ મારી શરૂઆત હોઈ શકે...

તેનું મન હળવું થયું. આશાને તેણે કહ્યું : તારું આ બલિદાન કદાચ અમને જગાડવા માટે છે, અમે અમારી ફરજ બજાવીશું, પણ હવે ઝૂકેલાં નહિ રહીએ. ટટ્ટાર થઈને ચાલીશું. ઘરમાં સંવાદ રચવો હશે તો તે અમારી અધીનતા પર નહિ, પરસ્પર સહકાર ને સમાનતા પર રચવો પડશે. તેને સુમિત્રા યાદ આવી. તેણે ક્યાંક મશાલ પેટાવી હશે...

તેણે રસોડામાં આવી ઝડપથી કામ કરવા માંડ્યું. વિચારના વેગને ઠંડો પાડવા કંઈક શરીરશ્રમનું કામ કરવું જોઈએ. રસોડાની ભોંય ગંદી હતી. તેણે સાબુનું પાણી નાખી બ્રશ વડે ભોંય ઘસવા માંડી. કામ કરવાનો આનંદ હતો. કામથી શરીર હળવું થતું લાગ્યું.

બારણા પર ઘંટડી વાગી. બ્રશ પડતું મૂકી તે ઊભી થઈ. તારવાળો હતો.

તાર પર પોતાનું નામ વાંચતાં તે ચમકી. કોનો તાર હશે ? આશંકાથી ધ્રૂજતા હાથે તેણે તાર ખોલ્યો.

ભાઈનો તાર હતો. મા ખૂબ માંદી હતી. તરત ને તરત નીકળી આવવા લખ્યું હતું.

તેણે ઘડિયાળમાં જોયું. ચાર વાગ્યા હતા. સાડા પાંચની ગાડી હતી. ઝડપથી જાઉં તો પકડી શકાશે...એક બૅગમાં એણે ઝટપટ કપડાં ભરવા માંડ્યાં. મન ફફડી રહ્યું – માને કંઈ ન થાય...કંઈ ન થાય...

ફૈબાએ તેને બૅગ ભરતી જોઈ. 'શું કરે છે, વસુધા ?'

'મારી મા માંદી છે. તાર આવ્યો છે. સાડા પાંચની ગાડી પકડીશ તો સવારે પહોંચી જઈશ.' બોલતાં બોલતાં તેનો અવાજ ભાંગી ગયો. ફૈબાએ તેમની ઝીણી આંખો પટપટાવી. 'પણ વ્યોમેશને આવવા તો દે.'

'એમના આવતાં સુધી રોકાઈ જાઉં તો ગાડી ઊપડી જાય.' તેણે રસોડામાં આવીને બ્રશ ઊંચક્યું. પાણી નાખવા તે બાલદી લેવા જતી હતી ત્યાં ફૈબા પાછળ પાછળ આવ્યાં. 'પણ વ્યોમેશને પૂછ્યા વગર તું કેવી રીતે જઈ શકે ?'

વસુધાએ બહુ મહેનતે ગુસ્સાને કાબૂમાં રાખ્યો. 'તમે એમને કહી દેજો. મને હવે વખત નથી.'

'અરે, પણ એમ તે કંઈ જવાય ?' ફૈબા તેની નજીક જવા ગયાં અને ધડામ્ કરતાં સાબુના પાણીવાળી ફરસ પરથી લપસ્યાં. તેમણે ચીસ પાડી. વસુધાએ દોડીને તેમને બેઠાં કરવાનો પ્રયત્ન કર્યો, પણ ફૈબાનું શરીર વજનદાર હતું. તે એમને બેઠાં કરી શકી નહિ. ફૈબા મોટે મોટેથી કણસવા લાગ્યાં. વસુધાને પોતાની પર ચીડ ચડી, નકામી સાબુના પાણીથી રસોડું ધોવા બેઠી...

ફૈબા દુઃખનાં માર્યાં ચીસો પાડતાં હતાં. ફ્રેક્ચર થયું હશે ? વસુધાએ નીચે ઊતરીને પબ્લિક ટેલિફોનમાંથી વ્યોમેશને ફોન કર્યો. વ્યોમેશ આવ્યો અને ફૈબાને હૉસ્પિટલમાં લઈ ગયાં ત્યારે સાડાપાંચ વાગ્યા હતા.

વસુધાએ હાથમાં તાર લીધો, ખોલ્યો, ફરી વાંચ્યો. એના અક્ષરો માની આંખો બની તેને નીરખી રહ્યા.

ફૈબા પાસે કોઈના રહેવાની સગવડ કરી બે દિવસ પછી તે ગામ ગઈ, ત્યારે માની ચિતાને ઠરી ગયાને ચાર કલાક થઈ ગયા હતા.

•

૧૭

સ્ત્રીઓના જીવન વિશે મેં ઘણાં વરસોથી વિચાર કર્યો છે, માહિતી અને કિસ્સાઓની નોંધ રાખી છે. આજે બધું કાઢીને જોઉં છું. બધે આ જ વાતો છે. સ્ત્રીએ વિવિધ રીતે સહન જ કર્યું છે, ખબર ન પડે એમ સહન કર્યું છે. ક્યાંક તે જોરદાર છે અને ઘરમાં તેનું જ ચાલે છે, પણ સામાજિક માનપ્રતિષ્ઠામાં, રિવાજો અને પ્રથાઓમાં તે પતિની પાછળ છે. ક્યાંક સ્ત્રીએ પોતાના કુટુંબમાં સુખશાંતિસંવાદ સ્થાપ્યાં છે, પોતાને નામશેષ કરી દઈને. ક્યાંક તેણે આખા ઘરના તાણાવાણા વીંખી નાખ્યા છે, પોતાના સ્વાર્થ અને ક્ષુદ્ર સ્વભાવને લઈને. પણ સ્ત્રીના વ્યક્તિત્વનો સમાન સ્વીકાર થયો હોય એવું ઘર મેં જોયું નથી. વાર્તાઓમાં આવે છે : રાજકુમારનાં રાજકુમારી સાથે લગ્ન થયાં ને પછી તેમણે ખાધુંપીધું ને મજા કરી. પણ પરણ્યા પછીની રાજકુમારીની કથા કોણે લખી છે ? વાસંતી રાજકુમારી જેવી સુંદર હતી. તેને પ્રેમના સૂર વડે સતીશ સાથેના જીવનનું સુખ ગૂંથવું હતું અને ભોળી વસુધા માનતી હતી કે વાસંતી જેવી સુખી સ્ત્રી દુનિયામાં બીજી નહિ હોય. પણ હવાથી પડદો જરાક ઊડ્યો અને તેણે જોયું અને તે અવાક્ થઈ ગઈ. ક્યાં હતું તેણે કલ્પેલું પ્રેમનું ઐશ્વર્ય ? ક્યાં હતું એનું બે કાંઠા છલકાવીને વહેતું, હું-તુંના ભેદ ઓગાળી નાખતું મહાસુંદર પૂર ?

મનુષ્ય-મનુષ્ય વચ્ચે, સ્ત્રી અને પુરુષ વચ્ચે એવો સંબંધ શક્ય છે ખરો, જેનો આધાર પૃથ્વી હોય અને જેનો વિસ્તાર આકાશમાં હોય ? આકાશની સઘળી હળવાશ અને મોકળાશ, તેના સૂર્ય, ચંદ્ર, તારકોની શોભા, વાદળાંની મૃદુતા અને રંગોનું વૈવિધ્ય જેમાં ઊતરી આવ્યું હોય અને સાથે જેમાં પૃથ્વીની દૃઢતા અને સ્થાયિત્વ અને એકબીજામાંથી અનેક શાખામાં પાંગરવાની શક્યતા હોય – એવો સંબંધ માનવસમાજમાં સંભવિત છે ખરો ?

સ્વરૂપને મેં આ વિશે પૂછેલું.

સ્વરૂપ વિશે મારે થોડીક વધુ વાત કહેવી જોઈએ, કારણ કે અમારી વસાહતનો તે પ્રાણ છે. જોકે તે પોતે ક્યારેય વર્તુલના કેન્દ્રમાં રહેવાનો પ્રયત્ન કરતો નથી. ડોન જુઆને એકવાર કહેલું કે પ્રાજ્ઞપુરુષ તે છે, જે ગોપનભાવે જીવે છે. સ્વરૂપ એવો છે. તે લગભગ અદૃશ્ય હોય, તેમ તેની હાજરીનો કોઈના પર ભાર પડવા દેતો નથી. તે મૃદુ, શાંત, હળવો અને સહજ માણસ છે. તેની આસપાસ મુક્તિની હવા વહી રહેલી હોય છે અને તેની સાથે હોઈએ ત્યારે સારા થવાનું, હૃદયમાં ઉદારતા અને ઉમદા ભાવોનો અનુભવ કરવાનું અનાયાસ બને છે.

મેં તમને આ પહેલાં કહ્યું છે કે સ્વરૂપ કૃષિ-વૈજ્ઞાનિક છે ? પહેલાં તે એક મોટી સરકારી કૃષિ-સંશોધન સંસ્થામાં કામ કરતો હતો. પણ ત્યાંની ખટપટો, ભ્રષ્ટાચાર અને મૂળ વસ્તુ કરતાં બીજી જ બાબતોને પ્રાધાન્ય આપતી નીતિઓ વચ્ચે રહીને કામ કરવાનું તેને ફાવ્યું નહિ. તેનો હોદ્દો ને નામ મોટાં હતાં, પણ તે પોતાની પ્રતિષ્ઠા ને કીર્તિથી અળગો રહેનારો માણસ છે. બહુ જ સહેલાઈથી તે એ પદ, એ મોટો પગાર છોડીને અહીં આવીને રહી શક્યો છે. એક સાધારણ ખેત-મજૂરની જેમ તે જમીન ખેડે છે, ઘાસ વાઢે છે, ક્યારાઓને પાણી પાય છે અને આવડો મોટો નિર્ણય કરતાં પહેલાં તેણે લગાર પણ ખચકાટ કે ભાર અનુભવ્યાં નહોતાં. માથે ઓઢેલી ટોપીને ઉતારીને બાજુ પર મૂકતો હોય એમ એણે એ રોનકભરી કારકિર્દી છોડી દીધી હતી. તેનામાં કોઈ જબરદસ્તી, હોઠ ભીડીને કરેલા નિર્ણયો કે નિશ્ચયનું વજન જ નથી. તે તો અવાજ કર્યા વિના વહેતા પાણીના રેલા જેવો છે. નોકરી છોડી તે દિવસે તે બહુ ખુશ થઈને ઘેર આવ્યો હતો. બારણામાંથી જ બૂમ મારેલી : 'ઈશા, જો તો, હું તારે માટે એક સરપ્રાઇઝ લાવ્યો છું.'

મને એમ કે કોઈ નવું ફૂલ હશે, જે મેં આજ સુધી જોયું ન હોય.

અને તેણે રાજીનામું આપ્યાની વાત કરી.

એક ક્ષણ હું સ્તબ્ધ થઈ ગઈ. હવે કેમ કરીને ઘર ચલાવીશું ? તે હસીને બોલ્યો : 'કેમ તારાં લખાણોમાંથી થોડાક પૈસા મળશે ને ? બાકી ખૂટશે એટલું આપણા બાંધવો આપશે.'

આ બાંધવો એટલે ઝાડ, છોડ, આખી વનસ્પતિસૃષ્ટિ. સ્વરૂપ વૃક્ષજગતને ચાહે છે, એટલું કહેવું પૂરતું નથી. તેને મન એ અતિશયજીવંત, પ્રકાશિત સૃષ્ટિ છે અને એ સૃષ્ટિના આંતરજગતમાં તેનો પ્રવેશ થયેલો છે. કોઈક રહસ્યમય રીતે તેણે એની સાથે સંવાદ સાધ્યો છે. તેનું કહેવું છે કે તેને વનસ્પતિના દેવતાઓ તરફથી સંદેશા મળે છે. અને ખરેખર, સાધારણ રીતે જે વસ્તુ જ્યાં ન ઊગી શકે ત્યાં એ વસ્તુ તે ઉગાડી શકતો. એના છોડવા ખૂબ તાજા, લીલા ને તંદુરસ્ત લાગતા. ફૂલો ને ફળો બીજે બધે હોય તેના કરતાં વધુ મોટાં, વધુ ચમકતાં, વધુ રસાળ રહેતાં. એટલે તો લોકો અમારો બાગ જોવા ઘણી વાર આવતાં, અમારાં ફળ ખરીદવા દૂરથી આવવાનો શ્રમ લેતાં.

અમારી આખી વસાહતમાં પ્રેમ, શાંતિ અને સુંદરતાની જે મૃદુ લહરીઓ વહ્યા કરે છે તેનું ઘણુંખરું શ્રેય સ્વરૂપને ભાગે જાય છે. પારિજાત, રાતરાણી, ગંધરાજ, જૂઈ, ચમેલી, નેવરી-પરિચિત-અપરિચિત કેટલી સુગંધો અહીંની હવામાં તર્યા કરે છે. ગુલછડી અને સ્પાઇડર લીલી, મોગરો અને ડેઇઝીનાં સફેદ ફૂલો, પીળાં લેન્ટાના અને પીળાં મેરીગોલ્ડ સાથે પવનમાં હળવાંહળવાં નાચી રહે છે. જાંબલી-ગુલાબી એસ્ટર, રંગોનો ખજાનો તેમના પર ઢોળાઈ ગયો હોય એવાં ગુલાબ ને ક્રિસેન્થેમમ, ઊતરતા ઉનાળે ખીલતાં કેમેલિયા, પાતળી પાંખડીવાળાં જરબેરા અને પતંગિયાની ભાતવાળાં પેન્ઝી – ઘણાંના તો હું નામ પણ ભૂલી જાઉં છું – આ બધાં ફૂલો અમને આવી હળવી રીતે, અનેક રંગ સુગંધમાં ઊઘડવાનો સંકેત આપે છે. અમારી આ વસાહતમાં ઊંચાનીચા કામના કે સ્ત્રીપુરુષના ભેદભાવ નથી. સામૂહિક રસોડામાં બધાં વારાફરતી રસોઈ કરે છે. માત્ર સ્વરૂપનો વારો હોય ત્યારે બીજાઓ પણ રસોડામાં અનાયાસ આવીને ઊભાં રહે છે, કારણ કે સ્વરૂપની વાતો સાંભળવાનું અમને સૌને આકર્ષણ છે. નાનામાં નાની વાત પણ તેના મુખેથી આવે ત્યારે હાસ્યનો કે પછી ઊંડા અર્થનો સ્પર્શ પામેલી હોય છે.

તે દિવસે એ દૂધીના માંડવા પાસે બીથોવનની સિમ્ફનીની રેકર્ડ વગાડી રહ્યો હતો. હમણાંથી તે એક પ્રયોગ કરે છે. કેટલાક ક્યારાઓને તે ભારતનું શાસ્ત્રીય સંગીત પિવડાવે છે, કેટલાકને પશ્ચિમનું. તેને જોવું છે કે છોડના ઊગવા પર એથી કોઈ ફરક પડે છે કે નહિ.

તેના કામમાં તે એટલો તલ્લીન હતો કે હું તેની પાસે જઈને ઊભી રહી તેની થોડી વાર સુધી તો તેને ખબર પણ પડી નહિ. મેં એના ખભા પર હળવેથી હાથ મૂક્યો. તે ચોંકી ગયો. પછી સામે જોઈ એ પ્રેમભર્યું હસ્યો. મેં કહ્યું : 'તને વિક્ષેપ કર્યો, નહિ ? પણ એક સારા સમાચાર આપવા આવી છું.'

'શું ?'

'થોડા ભલા લોકોને ખુશ કરવાનું વિચારું છું.'

'કોણ ભલા લોકો ?'

'વિવેચકો.'

સ્વરૂપને સમજ પડી નહિ. માટી, જળ, વાયુ, પ્રકાશની સૃષ્ટિમાંથી ટીકા, નિંદા, ઈર્ષ્યાની દુનિયામાં તેને જરા વાર લાગી.

'હું સમજ્યો નહિ.' તેણે કહ્યું.

'એક નવલકથા લખવાનું મન થાય છે. એની વિવેચના કરીને, એને છિન્નભિન્ન કરીને વિવેચકો કેટલા રાજી થશે એનો વિચાર કરું છું.'

સ્વરૂપના મોં પર સમજની દીપ્તિ આવી. 'અચ્છા, એમ નવલકથા લખવા ધારે છે ? વાહ ! બહુ સરસ. જરૂર લખ. વિશ યૂ ધ બેસ્ટ લક.'

'હું એમાં લાંબા કલાકો રોકાઈ રહું, તો તને કાંઈ તકલીફ નહિ પડે ને ?'

'વાહ, મને એમાં શી તકલીફ પડવાની હતી ? ઊલટાનું, મારા છોડવા હમણાં વરસાદનું પાણી પી-પીને મસ્તીમાં આવી ગયા છે, એટલે થોડા દિવસ એમને બદલે તારી સેવામાં આનંદથી રહી શકાશે. કહે, તને શી શી સગવડ કરી આપું ?'

'પહેલી તકલીફ તો એ કે, મારે એ વાંચવી પડશે.'

'અરે, પાનેપાનું વાંચીશ. શબ્દેશબ્દ લખાય તેની આતુરતાથી રાહ જોઈશ. આઈ વિલ બી ધ ફર્સ્ટ રીડર ઑફ ધ બેસ્ટ ઈન ધ હૉલ વર્લ્ડ.' તે હસ્યો. પછી કહે : 'ના, ખરું કહું છું. તું લખવા બેસી જ જા. હું તારા ટેબલ પર અગરબત્તી સળગાવીને મૂકી જઈશ. જોઈએ તો, જોર્જ સિમેનોનની જેમ નવલકથા પૂરી ન થાય ત્યાં સુધી બહાર જ ન નીકળતી. હું તને અંદર ચા ને જમવાનું આપી

જઈશ. કોઈ તને ખલેલ ન પહોંચાડે તેનું ધ્યાન રાખીશ. કહે તો બારણે પ્લેબોર્ડ લઈને બેસું કે : કામ ચાલુ છે, પ્લીઝ ડોન્ટ ડિસ્ટર્બ.'

હું હસી પડી, પણ મારું હૃદય ભીનું થઈ ગયું. સ્વરૂપ સારો માણસ છે એટલું કહેવાથી કંઈ વળે નહિ. એ એટલાં બધાં બંધનોમાંથી મુક્ત થયેલો છે ! એટલે તો એની સાથે રહેનારા લોકોને એ મુક્ત રહેવા દઈ શકે છે !

એણે કામ પડતું મૂક્યું અને અમે બન્ને, નજીકમાં અમે પથ્થરની એક સરસ ઘટાળી બેઠક બનાવી હતી તે તરફ ગયાં. છ ખૂણાવાળી એ બેઠક ફરતી અમે સ્નો-ક્વીન – સફેદ બોગનવેલ ઉગાડી હતી. ઑક્ટોબરની હવામાં ઠંડીનો પ્રથમ અણસાર આવે કે બેઠક પરનો એનો માંડવો સફેદ ફૂલોના ભભકાભર્યા હિમમુકુટથી ગજબની શોભા ધારણ કરતો.

'શાના વિશે લખવા ધારે છે ?' ચાલતાં ચાલતાં તેણે પૂછ્યું.

'વસુધાની વાત, એટલે કે સ્ત્રીઓની વાત લખવાનું મન થાય છે. પણ તું શું કહે છે ? લોકો એ સ્વીકારશે ? ખાસ કરીને પુરુષો – એમને એ સ્વીકાર્ય બનશે ?'

સ્વરૂપ હસ્યો : 'હું પુરુષ છું. મને એમાં ન સ્વીકારવા જેવું કાંઈ લાગતું નથી.'

'તું તો ભાઈ, જેની ઘણી બધી ગ્રંથિઓ છૂટી ગઈ છે એવો માણસ છે. તારી તો વાત જ જુદી છે. પણ હું સાધારણ જનસમાજની વાત કરું છું. એ લોકોને આ પસંદ પડશે ? પુરુષોને એમ નહિ લાગે કે અમે કમાઈએ છીએ, સ્ત્રીઓ ઘર ચલાવે છે, બધું સરખું ચાલે છે, એમાં આ પથ્થર નાખવાની શી જરૂર છે ?'

'ટ્રેડ યુનિયનની હિલચાલ શરૂ થઈ ત્યારે ઉદ્યોગોના માલિકોને એમ જ થયું હશે કે મજૂરો કામ કરે છે, અમે તેમને પગાર આપીએ છીએ, બધું શાંત સરખું ચાલે છે, ત્યાં મજૂરોના હકોની, સંચાલનનાં ભાગીદારીની નવી વાત શરૂ કરી મજૂર-માલિકના સંબંધો ડહોળી નાખવાની શી જરૂર છે ?' કોઈક પાછળથી બોલ્યું. અમે ડોક ફેરવી. વિનોદ હતો. સાથે એના પણ હતી.

'સવાલ એમ છે કે ખરેખર બધું સરખું ચાલતું હોય છે ખરું ? ઉપરથી

શાંત-સારું દેખાતું હોય તે અંદરથી પણ તેવું હોય છે ખરું ?' એનાએ કહ્યું.

'અને સ્ત્રીઓનું શું ? તેમને વસુધાની આ વાત વાંચવી ગમશે ?' મેં પૂછ્યું.

'જેમને એના જીવનમાં પોતાના જીવનનું પ્રતિબિંબ પડતું દેખાશે, એમને એ ખૂબ સ્પર્શી જશે. પણ એવી સ્ત્રીઓ હશે જ, જેમને પોતાનું જે છે તેમાં બહુ સલામતી અને નિશ્ચિતતા અનુભવાતી હશે. તેમને થશે – આ બધી શી માથાકૂટ ? પોતાનાં લોકોને તો ચાહવાનાં હોય. એમાં સ્વતંત્રતા ને અધિકાર ને એવી બધી બાબતો વચ્ચે લાવવાની કંઈ જરૂર નથી. એવી સ્ત્રીઓને લાગશે કે એક સ્થિર સુચારુ વ્યવસ્થા છે, તેમાં ઊથલપાથલ શા માટે કરવી ?'

'એ સ્થિરતા અને સલામતીમાં જેઓ સ્વર્ગ માને છે, તેમનું સ્વર્ગ તૂટી પડે ત્યારે ક્યાં જાય છે એ ચાહના ? ક્યાં જાય છે એ સુચારુ વ્યવસ્થા ?' એક તીક્ષ્ણ અવાજ આવ્યો. મિત્રા ક્યારની અમારી પાછળ આવીને ઊભી રહી હતી તેની, આંબાની આડશમાંથી તે બહાર આવી ત્યારે ખબર પડી.

ખલાસ ! મિત્રા આવી એટલે હવે જોરદાર ચર્ચા જામવાની ખરેખર તો આ અમારા બધાનો કામનો સમય હતો. પણ અમે બધાં એટલું દિલ દઈને કામ કરીએ છીએ કે ઘડિયાળનાં બંધનોને ચુસ્તપણે વળગવાની અમને જરૂર પડતી નથી. પણ મને બીક લાગી કે આજે રસોઈની વાત ક્યાંક ઊડી ન જાય. આજે કોનો વારો હતો રસોઈનો ?

હિમરાણીના માંડવા નીચે અમે બધાં આરામથી ગોઠવાયાં. સ્વરૂપ એની આદત મુજબ સૌની પાછળ બેઠો.

'અરે વાહ, આજે તો સમુદ્રમાંથી મંથન કર્યા વગર અમૃત મળશે એમ લાગે છે !' મિત્રા બોલી પડી. સામેથી અલોપા આવી રહી હતી. સાથે એનાનો પુત્ર અગ્નિવેશ હતો. તેના હાથમાં નાનકડો કુંભ હતો. અલોપાના હાથમાં પ્યાલા હતા. 'આજે રસોઈનો કાંઈ મારો વારો નથી, પણ તમને લોકોને બધાંને આમ સાથે આનંદથી બેઠેલાં જોયાં એટલે એ આનંદને વધુ રસાળ બનાવવાનું મન થયું.' તેણે કુંભમાંથી ગાજરનો રસ બધાંને પ્યાલી ભરીને આપ્યો. સફેદ ફૂલથી ઢંકાયેલા માંડવા તળે, પ્રિય મિત્રોના સાન્નિધ્યમાં, 'પછીની કશી ચિંતા વિના, આરામથી બેસીને રસ પીતાં ઉંમર ખય્યામની યાદ આવી ગઈ. કેટલીક વાર સાવ સાદી બાબતો કેટલી સુખભરેલી હોય છે !

'હવે શું કરીશું આપણે ? ગાઈશું ?' મેં પૂછ્યું.

'હવે કામ તો નથી જ કરવું.' એનાએ કહ્યું. 'આજે મઝા કરીએ.'

'લો – હવે થઈ રહી મઝા...' મિત્રા નારાજીથી કોઈને જોઈને બોલી. સુશીલા આવી હતી – મિત્રાની માસીની દીકરી. એ અમારી વસાહતની સભ્ય નહોતી. અમારા કામમાં તેને રસ પણ નહોતો. પણ તે મિત્રાએ બનાવેલા ગાલીચા અહીંથી ખરીદીને વેચતી. સ્થૂળ શરીર, ગોરું ગોળ મોં અને અકાળે સફેદ થઈ ગયેલા એટલે રંગેલા વાળવાળી એ સ્ત્રી પોતાને દુઃખ ન હોય ત્યારે દુનિયામાં ક્યાંય દુઃખ નથી એમ માનતી, એથી મિત્રાને તેના તરફ જરા ચીડ હતી.

'કેમ, બધાં ભેગાં મળીને શી ચર્ચા કરો છો ?' તેણે તલાશી લેતી હોય એવા અવાજે પૂછ્યું. મિત્રાને સહેજ ગુસ્સો આવ્યો. તેણે તેને છંછેડવાના હેતુથી જ કહ્યું : 'સ્ત્રીઓના અધિકાર વિશે ચર્ચા કરીએ છીએ.' સુશીલાના સ્ત્રીઓ વિશેના ખ્યાલ લગભગ પરંપરાગત હતા.

નાકનું ટીંચકું ચડાવીને તે બોલી : 'એ જ પાછી તમારી વીમેન્સ લિબની, વખત બગાડવાની વાતો. મને તો સમજાતું જ નથી કે સ્ત્રીઓને શું જોઈએ છે. પુરુષ બહાર કામ કરે છે, કમાય છે, તે પણ ઘણું કષ્ટ વેઠે જ છે. સ્ત્રી ઘરનું કામ કરે, સારી માતા બને, સારું આતિથ્ય કરે, ઘર સંભાળે – તેમાં ખોટું શું છે ?'

'પુરુષ કમાય છે, તેને કમાવવાનો ગર્વ હોય છે. તેનું કામ ઊંચું ગણાય છે. ઘરનું કામ હલકું ગણાય છે. પુરુષને ઘરમાં ઝાડુ મારવાનું કે લોટ ચાળવાનું કહો જોઈએ !' મિત્રાએ કહ્યું.

'અને ધારો કે કોઈ સ્ત્રીને ઘરકામ ન કરવું હોય, માતા ન થવું હોય તો ? તેને વેપાર કરવો હોય તો ? રાજકીય નેતા, કલાકાર, લેખક થવું હોય તો ?' મેં કહ્યું.

'તો થાય ને ! કોણ ના પાડે છે ? ઇન્દિરા ગાંધી વડાં પ્રધાન છે જ ને ?'

'અને એનામાં એના પતિ કરતાં વધારે બુદ્ધિ, વધારે કાર્યશક્તિ, વધારે પ્રતિભા હોય તો ?' હવે એના પણ ચર્ચામાં જોડાઈ. 'પછી તે ઘરકામ નહિ કરે તો ચાલશે ?'

'તેનો પતિ કહેશે કે ભલે, તું વધારે કમાઈ શકે તેમ છે તો તું વેપાર કર, ઘર-છોકરાં હું સંભાળીશ ? તે વિવેચનાના ગ્રંથો લખશે તો પતિ ભામતીની જેમ બત્તી ધરીને પાસે ઊભો રહેશે ? એને રાંધીને ખવડાવશે ? સાધારણ પુરુષ ના પાડશે. જરાક સારો હશે તો કહેશે, તને જોઈએ તે કર, પણ ઘરનું કામ કર્યા પછી, વધ્યાઘટ્યા સમયમાં કર. સ્ત્રી ગમે તેટલી સમર્થ, પ્રતિભાસંપન્ન, મેધાવી હોય તો પણ ઘરનું કામ તો સ્ત્રીએ જ કરવાનું. તેવું શા માટે, ભાઈ ?' મિત્રાએ શરૂઆત સુશીલાને ચીડવવા કરી હતી, પણ હવે તે પોતાના રંગમાં આવી.

'એટલી બધી પ્રતિભા હોય ને એવું બધું કામ કરવું હોય તો ન પરણે.'

'અબ્રાહમ લિંકન અને આઇન્સ્ટાઇનને તો કોઈએ નહોતું કહ્યું કે આટલી મહત્ત્વાકાંક્ષા હોય તો ન પરણવું ! ઊલટાનું પુરુષ ધૂની, કલાકાર કે મહત્ત્વાકાંક્ષી હોય તો તેને ખાસ પરણવાનું કહેવાય છે – તેને સાચવનાર કોઈક સ્ત્રી હોવી જોઈએ ! તો કેમ પતિઓને જ સાચવવાના હોય છે ? પ્રતિભાશાળી સ્ત્રી હોય તો તેણે પત્ની ન થવું અને પત્ની હોય તો તેણે પ્રતિભાને પાંગરવા ન દેવી એવો કોઈ અગિયારમો કમાન્ડમેન્ટ છે ?' મિત્રા બોલી.

'પણ...'

'અને તું ઇન્દિરા ગાંધીનું નામ આપે છે. દુનિયામાં કેટલા દેશો છે ? એમાંથી કેટલાના ઉચ્ચતમ પદે સ્ત્રી છે ? સ્ત્રીઓની સંખ્યા તો અડધોઅડધ છે. તો પછી ૫૦ ટકા સ્થાને સ્ત્રી કેમ નથી ?' – અલોપા.

ભારતમાં તો સ્ત્રીઓની સંખ્યા ૫૦ ટકાથી જરા ઓછી છે. તો લગ્ન માટે છોકરીઓને જ વધારે મુશ્કેલી કેમ છે ? માંગ અને પુરવઠાનો નિયમ ત્યાં કેમ લાગુ નથી પડતો ? શા માટે પુરુષની કારકિર્દીમાં હજાર પ્રકારનું વૈવિધ્ય હોય છે અને સ્ત્રીને કપાળે એ જ રસોઈ, એ જ ઘરકામ ? શા માટે પુરુષ માટે આખી દુનિયા હોય છે અને સ્ત્રી માટે માત્ર પતિ ને બાળકો ને ઘર જ હોય છે ? શા માટે ઘરમાં હંમેશા પુરુષ જ અધિપતિ હોય છે ?' એનાના અવાજને સજાવેલી ધાર હતી.

'એ બધા તમારા વાયવી ખ્યાલો છે. સ્ત્રીઓ પણ જોરદાર હોય છે. ઘણાં ઘરોમાં તો સ્ત્રીઓનું જ ચાલતું હોય છે.' સુશીલાનો અવાજ હવે પોલો બનવા લાગ્યો હતો.

'પતિ કે સાસરિયાંના ત્રાસથી ભાગી છૂટેલી સ્ત્રીઓ માટે વિકાસગૃહ કે નારી-નિકેતન કે બાપનું ઘર જેવી સંસ્થાઓ છે : પુરુષ માટે એવી સંસ્થા ક્યાંય જોઈ છે ?' – મિત્રા.

'સ્ત્રી બહાર કામ કરતી હોય, પુરુષના જેટલું જ કામ કરતી હોય, તોપણ તે હંમેશા ગરમ રોટલી પતિને જમાડતી હોય છે. તેં કોઈ પુરુષ જોયો, જે સ્ત્રીને કહે – તું જમવા બેસ, હું તને પીરસું છું ?' – એના.

પુરુષ નહાવા જતાં કહેશે : 'ક્યાં છે મારાં કપડાં ? બાથરૂમમાં મારાં કપડાં મૂક્યાં ? સ્ત્રી કદી કહે છે એને કે મારાં કપડાં બાથરૂમમાં મૂકજે ?' – મિત્રા.

'એ કદી એની સાડીની ગડી વાળી આપે છે ? એના માટે વ્રત કરે છે ? પત્નીનો ધર્મ જુદો હોય તો, પતિ તેનો ધર્મ સ્વીકારે છે ? વણિક પુરુષ બ્રાહ્મણ સ્ત્રીને પરણે તો બાળકો વણિક ગણાય છે કે બ્રાહ્મણ ?' -અલોપા.

'ઊભાં રહો, એમ બધાં મારા પર તૂટી ન પડો.' સુશીલાએ અવાજમાં જરા જોર પૂર્યું. 'સ્ત્રી હંમેશા પોતાના અલગ વ્યક્તિત્વનો ત્યાગ કરતી આવી છે. એ ત્યાગમાં જ તેની મહાનતા છે. મહાનતાને કારણે જ ઈંટચૂનાની દીવાલોવાળું મકાન હૂંફ અને ઉષ્મા આપતું ઘર બને છે, પુરુષ સ્ત્રીનું રક્ષણ કરે છે, સ્ત્રી પુરુષને આધાર આપે છે. સ્ત્રીનું સ્થાન કાંઈ ઊતરતું નથી.'

'તને ખબર છે સુશીલા, કે સ્ત્રી આખી જિંદગી ઘરકામમાં ઘસી નાખે એ કામનું કાંઈ જ મૂલ્ય અંકાતું નથી ? એક કામવાળી ઘરકામ કરે તો તેને પગાર આપવો પડે તે નૅશનલ ઇન્કમ કહેવાય. પણ પુરુષ એ કામવાળીને પરણી જાય તો પગાર ન આપવો પડે. કામ એનું એ જ કરે, પણ પછી એ નૅશનલ ઇન્કમ ન ગણાય. સ્ત્રી વડે જ ઘર ચાલે છે, પણ સેન્સસના અહેવાલોમાં સ્ત્રીની કામગીરીને ભીખ અને ચોરીની બિન-ઉત્પાદક પ્રવૃત્તિની હરોળમાં મૂકવામાં આવે છે ! ખેડૂતોમાં સ્ત્રીઓ પુરુષોની જોડાજોડ કામ કરે છે પણ આવક બધી પુરુષની ગણાય છે, અને સ્ત્રી કુટુંબની કમાનાર વ્યક્તિ ક્યારેય નથી ગણાતી. તને ખબર છે સુશીલા, કે ખેતીનાં અમુક કામમાં સ્ત્રીઓ પુરુષો કરતાં ચારગણું વધુ કામ કરે છે, પણ તેની મજૂરીનો દર પુરુષ કરતાં ઓછો હોય છે ?' મિત્રા ઊભી થઈને આગળ આવી. 'તને ખબર છે, આ દેશમાં વિધવાઓની શી

પરિસ્થિતિ હતી ? હજીયે સ્ત્રી 'અમુકની વિધવા' તરીકે ઓળખાય છે; પુરુષ 'અમુકના વિધુર' તરીકે કદી ઓળખાયો છે ?' તેના અવાજમાંથી ચિનગારીઓ ઊડવા લાગી. 'બેગમ અખ્તરનાં લગ્ન થયાં ત્યારે તેમના પતિએ શરત મૂકી હતી કે તેમણે બહાર ગાવું નહિ અને સંગીત છિનવાઈ જવાથી તેમની તબિયત મરણતોલ થઈ ગઈ ત્યારે તેણે રજા તો આપી ગાવાની, પણ બીજી શરત મૂકી કે એમના પૈસા ઘરમાં વાપરવા નહિ. આ રજા આપનાર એ કોણ ? શરત મૂકનારની સત્તા કઈ ? રુક્મિણી એરુંડેલે કહેલું કે નાનપણમાં એમને નૃત્ય કરવાની તો શું, જોવાની પણ મનાઈ હતી. પણ ત્યારે નૃત્યો તો થતાં જ હતાં. કોણ હતાં એના પ્રેક્ષકો ?... મંજૂરી અને મનાઈની આ નીતિઓ કોણ નક્કી કરે છે ? પૈસા કોના હાથમાં હોય છે ?'

'પણ હવે...' સુશીલાનો અવાજ થોથવાયો.

મિત્રા તેની નજીક આવી. અચાનક જ, સુશીલા સમજે એ પહેલાં તેણે તેના ગળામાંથી મંગળસૂત્ર કાઢ્યું. 'આ શું છે ?'

સુશીલા બેબાકળી થઈ ગઈ. 'અરે, એ તો મારું મંગળસૂત્ર છે.' તેણે મિત્રાના હાથ પર, એ પાછું લેવા ઝપટ મારી.

મિત્રાએ સિફતથી હાથ સેરવી લીધો. હાથ ઊંચો કરી આંગળીઓથી એને ઝુલાવતી બોલી : 'શા માટે તું એ પહેરે છે ? આ કાળા મણકાની તુચ્છ માળા તું શું કરવા આખોયે વખત ગળામાં પહેરી રાખે છે ?'

'આપી દે મને, મારું મંગળસૂત્ર પાછું આપી દે. એ મારા સૌભાગ્યની નિશાની છે.' સુશીલાનો અવાજ ફાટી ગયો.

'સૌભાગ્ય ?' મિત્રા તુચ્છતાથી બોલી : 'અને તારા પતિના સૌભાગ્યનું શું ? એ કેમ તારે માટે થઈને મંગળસૂત્ર પહેરતો નથી ? તું એનું સૌભાગ્ય નથી ? આ તારો ચાંલ્લો પણ સૌભાગ્યનું ચિહ્ન છે, નહિ ? તારો પતિ કેમ ચાંલ્લો કરતો નથી ? તારું ભાગ્ય એને આશ્રિત હોય પણ એનું ભાગ્ય તને આશ્રિત ન હોય તો શાથી તું કહે છે કે સ્ત્રી-પુરુષનો જીવન-અધિકાર સમાન છે ?'

હિમ-રાણીનો મંડપ સ્તબ્ધ બની ગયો. આવી જ્વાળાઓ આ પહેલાં અહીં

કદી ભભૂકી નહોતી. સુશીલા ગુસ્સાથી થરથર ધ્રૂજી રહી. શું બોલવું તે તેને સૂઝ્યું નહિ.

મિત્રાએ તિરસ્કારથી માળા તેના તરફ ફેંકી. 'તારા જેવી સ્ત્રીઓની બંધિયાર થઈ ગયેલી માન્યતાઓ જ સ્ત્રીઓની હીન દશા ચાલુ રહેવા માટે જવાબદાર છે.

સુશીલાએ માળા ઝડપી લીધી. ગળામાં નાખતાં તે રડવા જેવી થઈ ગઈ. ડૂમો પાછો ધકેલી માંડ માંડ બોલી : 'હું હવે અહીં કદી નહિ આવું, કદી નહિ. હું તારા ગાલીચા વેચવામાં મદદ કરતી હતી. હવે હું અહીં કદી પગ નહિ મૂકું...' તે ઊઠીને એક હાથે માળા પકડી, કોઈના તરફ જોયા વિના દોડી ગઈ.

●

૧૮

સુમિત્રાની વાત તમને યાદ છે ? મશાલ પેટાવવાની તમન્ના રાખતી એ છોકરી હવામાં ઓગળી નહોતી ગઈ. તે બીજા કોઈક દેશમાં જન્મી હોય, પુરુષ તરીકે જન્મી હોત તો ક્રાન્તિકાર કે ગેરીલા નેતા બની હોત ? ખબર નથી. તેણે અત્યંત મૌલિક રીતે, નિર્ભય અને લડાયક રીતે પોતાના પ્રશ્નનો મુકાબલો કર્યો હતો. એમાં તેને એક ક્રાંતિકારી યુવા-સંસ્થાનો પૂરો સાથ મળ્યો હતો એ ખરું, પણ આ અદ્ભુત યોજનાની કલ્પના માત્ર તેની પોતાની હતી. કોઈને એ બાલિશ લાગે, પણ તેની દૃષ્ટિએ કારગત હતી.

વસુધાને ઘેરથી નીકળી તે બૅગ લઈને બસ-સ્ટૉપ પર ઊભી રહી હતી. હવે શું કરવું ? તેને માઠું નહોતું લાગ્યું, વસુધા પર દયા આવી હતી. એ કેમ જરા જોરપૂર્વક વ્યોમેશને ન કહી શકી કે આ ઘર જેટલું તમારું છે, એટલું મારું પણ છે; અને એટલે મારી સખીને થોડા દિવસ અહીં રહેવા બોલાવવાનો મને હક છે ?

ભય. પતિની ઇચ્છા વિરુદ્ધ કંઈ પણ કરતાં સ્ત્રીને ભય લાગતો હોય છે. પણ એ ખરેખર કઈ બાબત છે, જેનો ભય લાગતો હોય છે ? તે ગુસ્સો કરશે, ગમે તેમ બોલશે — એનો ? સારું. એ જે બોલે તેને સાંભળ્યું-ન સાંભળ્યું ન કરી શકાય ? નીચું માથું રાખીને હાજી હા કરીને રહ્યાં હોઈએ તોયે મહેણાંટોણાં સાંભળવા નથી પડતાં ? એમાં થોડોક વધારો થાય, એટલું જ ને ?

અથવા એક મૂંગી ઉપેક્ષાનો ભય હોય. ગુસ્સો કદાચ સહન કરી લેવાય, પણ ઠંડી ક્રૂર ઉપેક્ષા વડે હડસેલવાથી વધુ માનભંગ થાય. પોતાની બધી મહેનત, બધી સેવા, પોતાનું શરીર નૈવેદ્યમાં ધરીને બદલામાં આ ટાઢોહિમ વ્યવહાર વેઠવાનો આવે, તો એ ખમાય શી રીતે ?

ભય લાગે છે એ હકીકત છે. કદાચ તેને ડર લાગે છે — એક તોપગોળો

ફૂટશે : 'તો ચાલી જા તારા બાપને ઘેર, મારે તારું કામ નથી.'

સૌથી મોટો ભય આ જ છે : ઘરવિહોણા, આશ્રયવિહોણા થઈ જવાનો.

પણ ધારો કે ત્યારેય સ્ત્રી જો કહે : 'હું તમને પરણીને આવી છું. કાયદાથી આ ઘર મારું પણ છે. હું નહિ જાઉં.'

તો એ શું કરે ? હાથ પકડીને કાઢી મૂકે ? ઘણાં એવું કરે જ છે.

મારપીટ કરવાનો પણ એક રસ્તો છે. સુશિક્ષિત માણસો એવું કરે ખરા ? પણ કરે છે. સુમિત્રાને એવાં ઘણાં ઘરોની ખબર છે જ્યાં પતિ શિક્ષક હોય, કંપનીમાં એક્ઝિક્યુટિવ હોય. ડૉક્ટર હોય, વકીલ હોય, મૅનેજર હોય પણ તે પત્નીને મારતો હોય છે, એના કાન આમળતો હોય છે. અમેરિકામાં તો મારપીટ – બેટરિંગ – બહુ જ વ્યાપક છે. સુમિત્રાને એનાં દાદીમા યાદ આવ્યાં. દાદા શિક્ષણના ક્ષેત્રમાં હતા, આગેવાન વ્યક્તિ ગણાતા. પણ દાદીમાને તે લાકડીએ ને લાકડીએ એટલું મારતા કે જોનારને ત્રાસ થઈ જતો. કોઈ કહેતું : ડોસા, રહેવા દો, મરી જશે. ડોસા બમણા ઝનૂનથી મારતા. કહેતા : મરી જશે તો બીજી આવશે. બૈરાનો ક્યાં તોટો છે ? દાદીમા રડતાં, કૂવે પડવા જતાં, છોકરાંઓ તેમને વીંટળાઈ વળતાં અને છોકરાં ખાતર તે પાછાં આવતાં. રોજ રોજ આમ થતું. સુમિત્રાને કોઈ કોઈ વાર થતું કે આના કરતાં દાદાને જ એક દિવસ ધક્કો મારી કૂવામાં પાડી દીધા હોય તો ?

આજે બસ-સ્ટૉપ પર ઊભાં ઊભાં બધું યાદ આવ્યું. દાદા શિક્ષિત હતા, સંસ્કાર-પ્રદાનનું કામ કરતા હતા, છતાં પોતાની પત્ની સાથે તે કેમ આવો વ્યવહાર કરતા હતા ? બીજા ઘણા લોકો, જેઓ બહાર સમાજમાં સારા ભદ્ર માણસો તરીકે ઓળખાય છે, બીજાઓને ઉપયોગી થતા હોય છે, તેઓ ઘરમાં સ્ત્રી સાથે આવો નઠોર વ્યવહાર કેમ કરતા હોય છે ?

કદાચ એટલા માટે કે સ્ત્રી-પુરુષનો સંબંધ સમાનતા અને સ્વતંત્રતાની ભૂમિમાં ઊગેલો ગુલાબનો છોડ નથી; એ શોષક અને શોષિતની રસહીન ધરતીમાં ઊગેલું કાંટાળું પુષ્પ છે. સ્ત્રીએ કેમ જીવવું અને કોને માટે જીવવું – તે પાંચસો, હજાર, બે હજાર પેઢીઓથી પુરુષોએ નક્કી કરી આપેલું છે અને તે સ્ત્રીના લોહીમાં ઊતરી ગયું છે. તેના પ્રાણમાં વણાઈ ગયું છે. પોતે જેમાં જીવે

છે તે દુનિયા વિશેના અજ્ઞાનને લીધે, વાસ્તવિકતા વિશેના પૌરાણિક, વિકૃત ખ્યાલને લીધે તે પોતાની યાતનાઓને પ્રારબ્ધ ગણી લે છે, ઈશ્વરની મરજીના નામે ચડાવી દે છે. સ્વતંત્રતાનો તેને ભય લાગે છે અને એ સ્વતંત્રતા માટે લડવાની તો તેની ભાગ્યે જ તૈયારી હોય છે. સતત શોષવાને લીધે તે અમાનવીય બની જાય છે. પુરુષો પણ બહાર ઘણા શાલીન, ભદ્ર, પ્રબુદ્ધ હોવા છતાં સ્ત્રીઓ પ્રત્યેના વ્યવહારમાં અમાનવીય હોય છે; સ્ત્રીઓને તેઓ પૂર્ણ વિકસીત મનુષ્ય ગણતા જ નથી.

પુરુષનો, કોઈ પણ શોષકનો મૂળ ભાવ માલિકીનો ભાવ છે. એ ભાવના આધારે તેઓ પોતાની ઇચ્છા, પોતાનાં મૂલ્યો, પોતે ઘડેલી આદર્શની છબી પોતાના આશ્રિતને આપે છે. અને ક્યાંક એ માલિકીનું પોત પાંખું-પાતળું પડવા લાગે તો તે પણ ભય પામે છે, વધુ જોરથી પોતાની સત્તા ચલાવવા પ્રયત્ન કરે છે. સ્ત્રીઓને પૂર્ણ મનુષ્ય ન ગણતા પુરુષો પોતે પણ પછી પૂરા મનુષ્ય રહેતા નથી; તેથી જ છે આ ક્લેશ, આ વિસંવાદ, આ સ્ત્રીઓનું મધરાતે ઘરમાંથી હાંકી કઢાવું, તેમનું આ અગ્નિસ્નાન, તેમનું આંતર-સ્તરે હણાવું, અડધોઅડધ માનવજાતને આમ રૂંધી નાખવાને લીધે જ દુનિયા અનેક શક્યતાઓથી વંચિત થઈ ગઈ છે.

પણ આનો ઉપાય પુરુષોના હાથમાં નથી. શોષક ક્યારેય જાગતો નથી, શોષિતો જ ઊંઘમાં પાસું ફેરવે છે, સળવળે છે. જાગે છે. સુમિત્રાને થયું કે ઉપાય તો સ્ત્રીઓના હાથમાં જ છે. સ્ત્રી જાગશે તો તે મુક્ત બનશે અને પુરુષને પણ તેના માલિકીભાવમાંથી, તેની અમાનવીયતામાંથી મુક્ત કરશે. શોષિતના સહકાર વગર શોષકો કશું કરી શકતા નથી. સ્ત્રી જાગશે, તે પોતાના વિશે બીજાએ આપેલા ખ્યાલો મૂકપણે સ્વીકારનાર પ્રાણી નહિ બને, સ્વતંત્રપણે વિચાર કરનાર, સત્યની શોધ કરનાર, સંબંધની નવી સાચી માનુષી ભૂમિકા ખોળનાર 'વ્યક્તિ' બનશે. એને માટે ચોમેરથી બધા પ્રકારના પ્રયત્નો કરવા પડશે. એનાં થોડાંક લોહિયાળ પરિણામો આવશે. ભલે આવે. એ અનિવાર્ય છે. એવું બને તો – સુમિત્રાએ હોઠ ભીડીને વિચાર્યું – એવું બને તો એ જવાબદારી મારી નહિ હોય. આ જડ રૂઢિઓ ને જૂઠાણાંના સર્જકોની હશે.

અને જ્યારે રૂઢિના આ પ્રસાદો તૂટી પડશે, એક પરથી બીજા મનુષ્યનું

આધિપત્ય – તે ગમે તે રૂપમાં હોય – દૂર થશે, ત્યારે સમાનતા-સ્વતંત્રતા-બંધુતા પર નવો સમાજ રચાશે. નવો સર્જનશીલ મનુષ્ય-સમાજ.

એક પળ સુમિત્રાનું હૃદય ઊંડા ભાવોથી ભરાઈ ગયું. જાણે પોતે મશાલ લઈને નીકળી પડી છે, શહેરના ચોરે ને ચૌટે એ આહ્‌વાન આપતી જાય છે – પીંજરાને તોડી નાખવા માટે, તુરંગોના દરવાજા તોડી પાડવા માટે.

એક બસ આવીને ખટાક કરતી ઊભી રહી ને તેની પાછળના લોકો તેને અવગણીને બસમાં ચડવા લાગ્યા ત્યારે તે પોતાના સ્વપ્નમાંથી જાગી. 'મારે કશું જ ગુમાવવાનું નથી – સિવાય ભય.' તેણે ઝટપટ કેટલીક બાબતો વિચારી કાઢી. અફલાતૂન યોજના હતી. હિન્દુ સમાજના ઇતિહાસમાં આજ સુધી કોઈએ આવું જોયું કે સાંભળ્યું નહિ હોય. ખળભળાટ મચી જશે. ભલે મચે.

બીજી બસ આવી ને ગઈ. કતારમાં ઊભેલાં લોકો, બૅગ લઈને ઊભેલી પણ બસમાં ન ચડતી તરુણી ભણી સહેજ આશ્ચર્યથી જોઈ લેતાં હતાં. પણ રસ્તા પરથી પસાર થતાં લોકોને તો તેની ઉપસ્થિતિની સંજ્ઞા પણ નહોતી. આ મહાનગરની આ એક ગમી જાય તેવી લાક્ષણિકતા છે. તે તમને અનામી, અજાણ્યા રહેવા દઈ શકે છે કારણ કે તેને તમારી કાંઈ પડી નથી. અહીં કોઈને કોઈની પડી નથી. દરેકે પોતાની મેળે જ સઢ ચડાવવાનો છે, પોતાને માટે પોતાનું જહાજ હંકારવાનું છે.

'ટૅક્સી !' એક ટૅક્સી નજીકથી પસાર થતાં તેણે બૂમ પાડી. પહેલાં તેણે ક્રાન્તિકાર યુવા-મંડળના મિત્રોનો સંપર્ક કર્યો, યોજનાની બધી વિગતો નક્કી કરી લીધી અને પછી તે ટૅક્સીમાં જ ઘેર ગઈ. ઘેર કેવા પ્રપાતોનો સામનો કરવો પડશે તે તેણે વિચારી લીધું હતું અને 'મારે કાંઈ જ ગુમાવવાનું નથી. સિવાય ભય –' ના વાક્યને ઘૂંટી પોતાના હૃદયને સ્વસ્થ અને મજબૂત બનાવી લીધું હતું.

સુમિત્રા ઘરમાં પ્રવેશી અને આગ્નેય અસ્ત્રોની રાહ જોઈ રહી. સારું થયું, પહેલાં નાની બહેન જ સામે મળી. 'અરે બહેન, બે દિવસથી તું ક્યાં હતી ? બા-બાપુજી તો આખું શહેર ખોળી વળ્યાં. પોલીસમાં આજે ખબર આપવા જવાનાં હતાં.' તે બોલતી જ હતી ત્યાં અવાજ સાંભળી મા-બાપ બન્ને બહાર આવ્યાં. પછી શું થયું હશે તે હું નહિ લખું તોપણ ચાલશે. કલ્પી શકાય એવું છે.

સમાજના નામે, આબરૂના નામે, નાની બહેનોના ભવિષ્યના નામે, કુટુંબ-કર્તવ્યના નામે, પ્રેમના નામે એના પર ઠપકાનો વરસાદ વરસાવવામાં આવ્યો. સુમિત્રા માથું નીચું કરી સાંભળી રહી. માત્ર પ્રેમની વાત આવતાં જરા ઊંચું જોયું. મનોમન કહ્યું : તમને મારે માટે કહેવાતો પ્રેમ નહિ, સાચો પ્રેમ હોત તો આ પરિસ્થિતિ ઊભી ન થઈ હોય. તો આ પ્રશ્નનો આપણે સાથે બેસી ઉકેલ શોધ્યો હોત.

પણ તે કાંઈ બોલી નહીં. ચૂપ રહેવું તે તેની યોજનાનું પહેલું ચરણ હતું.

મા-બાપનું બોલવાનું પૂરું થયા પછી તેણે માફી માગવાની અને એ છોકરા સાથે પરણવાની સુધ્ધાં તૈયારી બતાવી. મા-બાપ આભાં થઈ ગયાં. તેમને વિશ્વાસ નહોતો કે પેલા લોકો હવે સામે પણ જુએ. સુમિત્રાએ શબ્દોની મોહિનીથી એમને ઓગાળી નાખ્યાં, આંખોની મોહિનીથી તો છોકરો ઓગળી ગયેલો હતો જ. સુમિત્રાએ તેમને ઘેર જઈ નમ્રતાપૂર્વક ફરી ફરી માફી માગી, પોતાના પર ભૂત સવાર થઈ ગયું હતું એમ કહ્યું. એ લોકોએ ખાતરી માગી. સુમિત્રાએ આપી. ઘણી આજીજીને અંતે એ લોકો સંબંધ જોડવા કબૂલ થયાં. સુમિત્રા મનમાં હસી. લાલચુ લોકોને તો એમના જ શસ્ત્રથી ખતમ કરવાં જોઈએ !

દહેજની રકમ પહેલાં કરતાં પણ વધારે માગવામાં આવી, છોકરીએ જે તમાશો કર્યો હતો તેની સજા તરીકે. સુમિત્રાનાં મા-બાપે એ સ્વીકારી લીધું. તેઓ તો સુમિત્રા પાછી આવી, તેણે માફી માગી, લગ્ન માટે તૈયાર થઈ એ વાતથી જ છાતી પરથી પહાડ હટી ગયો હોય એટલી હળવાશ અનુભવતાં હતાં. તેઓ તો આથી પણ વધુ રકમ આપવા તૈયાર થઈ જાત.

લગ્નનો દિવસ નક્કી થયો. કપડાં ને ઘરેણાંની ખરીદી થવા લાગી. રેશમી વસ્ત્રોનો ફરફરાટ અને ચમકતાં ઘરેણાંનો ઝીણો ખનકાર હવામાં શરણાઈની જેમ ગુંજી રહ્યો. પેલા બે દિવસ તો જાણે પંચાંગમાંથી ક્ષય પામ્યા હોય એમ સહુ એને વીસરી ગયાં.

એ સવાર ઊગી, એ મુહૂર્ત આવ્યું. મંડપ બંધાયો હતો. તોરણો ઝૂલતાં હતાં. મહેમાનો આવવા લાગ્યા. શરણાઈની રેકર્ડ વાગવા લાગી. ગુલાબજળ

છંટાયું, સ્વાગત-વિધિ થઈ. સુમિત્રાને એની સખીઓ તૈયાર કરતી હતી, જેમાંથી બે તેની યોજનાની સાથીદાર હતી. આ ધામધૂમ, આ સજાવટ, શોભા, ઉત્સવનાં મોજાં પર ઊછળતી ક્ષણો – સુમિત્રાને થયું, જીવનનો આ ખરેખર આવો સર્વોચ્ચ દિવસ હોય છે ખરો ? આ માત્ર સ્ત્રી-પુરુષનું જોડાણ છે. આ જોડાણમાંથી સુખ નીપજે ખરું અને ન પણ નીપજે. ખરો ઉત્સવ તો પતિ-પત્ની વચ્ચે સંપૂર્ણ પ્રેમ અને વિશ્વાસનો સંબંધ સ્થિર થાય. એકમેકના સાથમાં બન્નેને પોતાનું જીવન ધન્ય લાગે ત્યારે ઊજવવો જોઈએ. પણ જવા દો, બાહ્ય મુખવટાઓની આ દુનિયામાં આંતરિક બાબતોની કોને પડી છે ? અહીં તો છે એક પક્ષે પૈસાની ગણતરી, બીજે પક્ષે માથેથી ઊતરેલા ભારની નિરાંત. કન્યા માટે છે આશંકા અને ભય. આવા પ્રસંગનો આટલો મોટો ઉત્સવ શો ?

મંડપ નીચે બધા ગોઠવાયા. ગોર મહારાજે ક્રિયાઓ શરૂ કરી. વરકન્યા બાજુબાજુમાં બેઠાં હતાં. સુમિત્રા ખૂબ શોભતી હતી. એની સુંદર આંખોમાં નાની નાની નાચતી જ્વાળાઓનું પ્રતિબિંબ પડતું હતું.

આજુબાજુના લોકોમાં થોડો ગણગણાટ ચાલતો હતો પણ મંડપ નીચે તદ્દન શાંતિ હતી. માત્ર ગોર મહારાજના ઉચ્ચારો સંભળાતા હતા. બધાં ઉત્સુકતાથી વિધિ નિહાળતાં હતાં. શરણાઈ પર વિધવિધ ધૂનો વાગી રહી હતી. હસ્તમેળાપનો સમય નજીક આવતો હતો. વરરાજાએ પરસેવો લૂછ્યો, સુમિત્રાએ સંચિત નજરે થાંભલા પાસે ઊભેલી બહેનપણી તરફ જોયું.

એકાએક શરણાઈ બંધ પડી ગઈ. એક પળ વિચિત્ર ચુપકીદી છવાઈ ગઈ. અને પછી એ ચુપકીદીને વીજળીની કરવતથી આરપાર વહેરી નાખતો હોય એવો કડકડતો મેઘની ગર્જના જેવો, સત્તાવાહી અવાજ માઇક પરથી આવ્યો : 'થોભો, વિધિ બંધ કરો. કોઈએ જરા પણ હાલવા-ચાલવાનું નથી. મિસ્ટર ગોર, તમારા હાથ તમારા ખોળામાં રાખો.'

સમૂહમાં સ્તબ્ધતા છવાઈ ગઈ. આ બધું શું છે ? આ કોણ બોલે છે ? ગોર મહારાજના હાથમાંથી ઘીની વાટકી પડી ગઈ.

'અહીં લગ્ન કરવા બેઠેલા તમે, અને કરાવવા બેઠેલા તમે એકેએક જણ ગુનેગાર છો.' ફરી સખ્ત કઠોર અવાજ આવ્યો : 'કારણ કે આ લગ્નમાં દહેજ

લઈને જીવતા માણસનો સોદો કરવામાં આવ્યો છે. લગ્નના નામે સોદો કરવો તે ગુનો છે. આ લગ્નમાં મોટી રકમની લેવડદેવડ કરવામાં આવી છે, તેનો અમારી પાસે પુરાવો છે.'

વરનો બાપ ગુસ્સાથી ઊભો થઈ ગયો.

'બેસી જાઓ તમે, વરના મિસ્ટર બાપ, તમારી જગ્યાએ બેસી જાઓ નહિ તો તમારે તેનું આકરું પરિણામ ભોગવવું પડશે. કન્યાના બાપ, તમે પણ ગુનેગાર છો, કારણ કે કન્યાદાન એ પાપ છે, જીવતા માણસને જડ વસ્તુ ગણવી અને તેનું દાન કરવું, એ તેનામાં રહેલા ચેતન તત્ત્વનું ભયંકર અપમાન છે. શ્રીમાન ગોર મહારાજ, સૌથી મોટા અપરાધી તમે છો...'

બેઠેલાં બધાં ઊભાં થઈ ગયાં. કોણ બોલે છે આ ? ક્યાંથી બોલે છે ? ચારે બાજુ ઘોંઘાટ મચી ગયો. ગોર મહારાજ પગ પછાડતા ઊભા થઈ ગયા. આવા તમાશા માટે બોલાવ્યો હતો ? હું આવા લગ્ન નહિ કરાવું. તે પોતાનો થેલો લઈ ચાલવા લાગ્યા. વરના બાપે વરને પકડીને ઊભો કર્યો ને ઝડપથી બહાર ચાલ્યા. ચારે બાજુ બધા જેમ આવે તેમ બોલવા લાગ્યા. વરના બે ભાઈઓ કોણ બોલે છે તેની તપાસ કરવા દોડ્યા, પણ અવાજ બંધ થઈ ગયો હતો અને માઇકના તાર નીચે લટકતા હતા. બધે શોર, કોલાહલ, અરાજકતા વ્યાપી ગયાં. બહાર વરની શણગારેલી ગાડી પર પતાકડાં ચોડેલાં હતાં. 'દહેજ લઈને થતાં લગ્ન લગ્ન નથી પણ સોદો છે.' વરના બાપે ક્રોધથી પતાકડાં ખેંચવા માંડ્યાં, ત્યાં કોઈએ કાગળનાં ઢગલાબંધ ફરફરિયાં ઉડાડ્યાં. 'દહેજ લઈને લગ્ન કરનાર માણસ લગ્ન કરવાને લાયક નથી. એનો બહિષ્કાર કરો. એનો હુરિયો બોલાવો. એની સાથેનો બધો વ્યવહાર બંધ કરો.'

એક અંધાધૂંધી મચી ગઈ. એનો લાભ લઈ, સુમિત્રા બહેનપણીઓ સાથે ટૅક્સીમાં બેસી, ઘટનાસ્થળથી દૂર ચાલી ગઈ.

•

૧૯

સબળમાં સબળ માણસની પણ ક્યાંક એકાદ નબળી કડી હોય છે. સુમિત્રા હિંમતવાળી હતી, સાહસિક હતી. પોતાની વાત સિદ્ધ કરવા માટેની તેની રીત ગાંધીની નહોતી, ગેરીલાની હતી. પણ એક જગ્યાએ એ હારી ગઈ. બધી સ્ત્રીઓ હારી જાય છે. પ્રેમ માટેની ઝંખના, એ લગભગ દરેક સ્ત્રીની નબળી કડી હોય છે. પ્રેમ માટેની ઇચ્છા અને સલામતીની શોધ – હું ધારું છું કે આ બે બાબતો જ તેની દુર્દશા માટે સૌથી વધુ જવાબદાર છે. પ્રેમની જરૂરિયાતને કારણે જ તે ગમે ત્યાં ફેંકાઈ જાય છે, ગમે તેવા માણસમાં હૃદય આરોપી દે છે, પોતાના હાથે પોતાનું મસ્તક ઉતારી કમળપૂજા થાળમાં ધરી દે છે. એ વખતે પુરુષ સારો હોય તો સ્ત્રી પ્રમાણમાં સંતોષપૂર્વક જીવન જીવી જાય છે, નહિ તો તે જીવે છે, પણ તેનામાં પ્રાણ રહેતો નથી.

પુરુષને પ્રેમની જરૂર નથી હોતી ? હોય છે, પણ એ એની જરૂરિયાતનો થોડો અમથો ભાગ છે. તેને બહારની વિશાળ દુનિયાની જરૂર હોય છે, સ્થાન અને માનની, કાર્યસિદ્ધિની અને સ્પર્ધામાં આગળ રહેવાની, પોતાના અહંના સંતોષ માટે જરૂર હોય છે. તેને 'સેક્સ' ની જરૂર હોય છે. પણ એ એક 'બાયોલૉજિકલ ટ્રેજેડી' છે કે દેહસંબંધનું પુરુષના દેહ પર પછી કોઈ બંધન રહેતું નથી, એ સંબંધનું પરિણામ ફક્ત સ્ત્રીના શરીરને જ બાંધે છે.

પુરુષને સેક્સની જરૂર છે, પોતાને સાચવનારની, 'પોતાનું ઘર' સંભાળનારની જરૂર છે, 'પોતાનો વંશ' ચલાવનારની જરૂર હોય છે. એ બધા પછી નિર્ભેળ સુંદર પ્રેમ માટે બહુ થોડી જગ્યા તેની પાસે બચે છે. સ્ત્રીને કોઈ સ્થાન પ્રાપ્ત કરવાનું નથી, કોઈ સિદ્ધિ હાંસલ કરવાની નથી, કોઈ સ્પર્ધામાં ઊતરવાનું નથી – સિવાય કે પડોશી કરતાં અથવા જે લોકો સાથે સરખામણી કરી શકાય તેવા લોકો કરતાં પોતાની સાડી વધુ સારી હોય, પોતાના ઘરની

ચીજવસ્તુઓ વધારે સુંદર કે કીમતી હોય, કે પોતાનું મુખ વધુ રૂપાળું હોય. અને આ બધી નજીવી બાબતો છે. સ્ત્રીને પોતાનો વંશ નથી, પોતાની સુવાંગ માલિકીનું ઘર નથી. નાનપણથી જ્યાં ઊછરી હતી તે ઘર, માતાપિતા, સખીઓનો કલ્લોલ – બધું છૂટી જાય છે અને સાવ નવા લોકો, નવા સંબંધો, નવું ઘર, નવું ગામ તેને આત્મસાત્ થતાં નથી. અને એટલે તેનો આખોય આંતરપ્રદેશ ખાલી રહે છે, સુક્કો રહે છે. પ્રેમનાં જળ માટે તરસે મરે છે. કોઈકના સ્વસ્થ, સબળ, પૂનમની ચાંદનીની જેમ ચારે છેડેથી વરસી રહેતા અને પોતાને ઉપરનીચે અંદરબહાર ચારે તરફથી હરિયાળી કરી મૂકતા પ્રેમ માટે તે ઝૂરે છે. આ કાંઈ એક-બે સ્ત્રીની જરૂરિયાત નથી, સમસ્ત નારીહૃદયના ધબકાર છે. આ પ્રેમ વિના હૃદયને સભરતાનો, તૃપ્તિનો અનુભવ નથી થતો. પણ એક વાર એને એ મળે, તો તે સોળે કળાએ ખીલી ઊઠે છે, – જાણે આ એક જરૂરિયાત પૂરી થાય તો પછી બીજી જરૂરતો પૂરી નહિ થાય તો ચાલશે; પછી સુક્કો રોટલો અને થીંગડાવાળાં વસ્ત્રો ચાલશે.

પ્રેમની જરૂરિયાતની બાબતમાં સ્ત્રી અને પુરુષ એક વેવ-લેન્થ પર નથી હોતાં તેથી પ્રશ્નો સરજાય છે. સ્ત્રી સર્વસ્વ આપીને ચાહે છે, પુરુષ પોતાનો અંશ આપીને. તેથી સંબંધની યાત્રા અર્ધવિરામે અટકી પડે છે. નિરપેક્ષ પ્રેમ, એકપક્ષી પ્રેમ, પામવાની કામના વિના માત્ર 'આપવા' થી ધન્યતા અનુભવતો પ્રેમ – એ આ સંસારની ભૂમિમાં ઊગતો મોલ નથી. સુમિત્રા અલ્લડ અને તેજીલી યુવતી હતી પણ પ્રેમની બાબતમાં તે બીજી કોઈ પણ સ્ત્રી જેવી જ હતી. અનિમેષને તે મળી અને તેને આકંઠ ચાહી બેઠી. અનિમેષે હજી હમણાં જ મુંબઈ આવીને પોતાની જાહેરખબરની એજન્સી શરૂ કરી હતી. એક સંબંધીને ત્યાં તે પેઈંગ ગેસ્ટ તરીકે રહેતો હતો. સુમિત્રાએ 'વિમેન્સ હૉસ્ટેલ' માં રહીને એક ટ્રાવેલ બ્યૂરોના જાહેર સંપર્ક-વિભાગમાં નોકરી લીધી હતી. અનિમેષ એક વાર ત્યાં દિલ્હીની ટિકિટ લેવા આવ્યો અને તેની આંખો સુમિત્રા પર જડાઈ રહી. કાગળિયાંની આપલે કરતાં તેનો હાથ સુમિત્રાના હાથને અડ્યો અને સુમિત્રાએ પોતાની અંદર એક પ્રબળ કંપ અનુભવ્યો. પછી તે બીજી વાર આવ્યો. ત્રીજી વાર કામ સિવાયની વાતો થઈ. સાથે કૉફી પીધી. અનિમેષ વાચાળ, ચપળ, સ્ફૂર્તિલો જુવાન હતો. મિત્રતાનો તેણે હાથ લંબાવ્યો. સુમિત્રાએ સ્વીકાર્યો. સાથે

ફરવા ગયાં. સાથે જમ્યાં. હસ્યાં. વાતો કરી. અનિમેષે ઊંડા અવાજે કહ્યું : 'આટલા આનંદનો અનુભવ મેં ક્યારેય કર્યો નહોતો.'

સ્વપ્નિલ આંખે સુમિત્રાએ કહ્યું : 'મેં પણ.'

સાથે ફરતાં નિકટતાના એક પછી એક ઉંબર ઓળંગાતા ગયા. મરીન ડ્રાઇવ, જૂહુનો સાગરકાંઠો, આકસા બીચ... અને પછી માથેરાન. પ્રથમ પ્રેમની સઘડી મીઠાશ, સઘડો આવેગ, સઘડાં સપનાં લઈને સુમિત્રા અનિમેષના જીવનમાં પ્રવેશી અને... માથેરાનમાં, વન્ય સુગંધથી ભરેલાં ઊંચાં વૃક્ષોની પર્ણઘટા વચ્ચેથી લાલ માટીના રસ્તા પર રેલાતી મૃદુ જ્યોત્સનાને નીરખતાં, મીંચેલી આંખે સોનેરી બાળપણનાં સ્મરણો કહેતાં, એક પળે બધી જ સીમાઓ તૂટી ગઈ. કોઈ અંદેશો ન રહ્યો, કોઈ અળગાપણું ન રહ્યું. એક દુર્નિવાર ઉત્કટતાની ધસમસતી અનુભૂતિમાં, આજ પૂર્વે કદી ન જાણેલા, તીવ્રતમ વેદના અને તીવ્રતમ આનંદના પૂરમાં અલગતાનો આખરી ઉંબર તૂટી પડીને વહી ગયો.

બીજે દિવસે સવારે સુમિત્રા વહેલી જાગીને હોટલના વરંડામાં ખુરશીમાં બેઠી હતી. પૂર્વ દિશામાંથી ધીરે ધીરે અજવાળું ઊગતું આવતું હતું. સુમિત્રાને થયું, આ અજવાળું પોતાની અંદર ઊગી રહ્યું છે. હવે ક્યાંય અંધારું નથી. અધૂરપ નથી. પ્રશ્નો છે પણ તે બહારના છે. અંદર હવે છે એક શાંતિ, અને એ શાંતિની વીણા પર પ્રેમનો મધુર ટંકાર. અંદર જાણે એક દીવો પ્રગટ્યો છે. ના, તે પોતે જ દીવો થઈ ગઈ છે. પોતે જ ધૂપ છે, પોતે જ સુગંધ છે. પવિત્રતાનું એક મંદિર પોતાની અંદર જન્મ્યું છે – નિઃશેષ સમર્પણની પવિત્રતા. આંખો જાણે પહેલાં કરતાં વધુ તેજભરી બની છે, ચહેરો પહેલાં કરતાં વધુ દીપ્તિમય. પગમાં વધુ ગતિ પુરાઈ છે. બધું જ વધારે થયું છે. પોતાનું અસ્તિત્વ વૃદ્ધિ પામ્યું છે, કારણ કે પ્રેમનો એક નવો આયામ જીવનમાં ઊઘડ્યો છે.

સુખની મૃદુલ હવામાં ફૂલની જેમ ઝૂલતી તે અનિમેષના બહાર આવવાની રાહ જોઈ રહી, પણ તે આવ્યો નહિ. અરે, અહીં સુંદર પ્રભાત ખીલી રહ્યું છે અને એ હજી ઊંઘે છે ? તે રૂમમાં ગઈ. અનિમેષ ઉઘાડી આંખે પલંગમાં પડ્યો હતો. તેનો ચહેરો નિસ્તેજ હતો.

સુમિત્રા આશ્ચર્યથી બોલી : 'કેમ, તબિયત ઠીક નથી ?'

અનિમેષે તેના પર નજર માંડી. એ નજરમાં એક વિચિત્ર મૂંઝવણ હતી. 'સુમિત્રા મને માફ કરીશ ?'

સુમિત્રાએ એક આંચકો અનુભવ્યો. 'શું છે ? શું છે ?'

'પહેલાં કહે કે તું મને માફ કરશે ?'

'કરવા જેવું હશે તો જરૂર કરીશ.'

'હું... સુમિત્રા... મેં...'

તે ઊભો થયો અને તેણે સુમિત્રાના ખભા પર હાથ મૂક્યા. 'સુમિત્રા, મેં તને કહ્યું નહોતું. હું – મારાં લગ્ન થઈ ગયેલાં છે.'

સુમિત્રા ઝાટકા સાથે અનિમેષના હાથ તરછોડી બે ડગલાં પાછળ ખસી ગઈ.

'ગુસ્સો ન કરીશ સુમિત્રા, કેટલાં વર્ષોથી હું એક સ્નિગ્ધ મધુર પ્રેમની શોધમાં હતો. તારામાં એ પ્રેમ મને મળ્યો અને મારી જિંદગી સફળ થઈ. તારા પ્રેમ વિના હવે હું જીવી શકું એમ નથી. તેથી જ આ વાત કહેવાની મારી હિંમત ચાલી નહોતી.' તેણે આર્જવભરી આંખે સુમિત્રા સામે જોયું.

સુમિત્રાના કંઠમાંથી કોઈ અવાજ નીકળ્યો નહિ. તે ધબ કરતી પાસે પડેલી ખુરશી પર બેસી ગઈ. આંખ પર તેણે હાથ ઢાંકી દીધો.

'નાનપણમાં જ મારાં લગ્ન થઈ ગયાં હતાં. મારે એક દીકરી છે, પણ મારે ને મારી પત્નીને કોઈ મેળ નથી.' અનિમેષ ઝડપથી બોલવા લાગ્યો. 'મેં તને ન કહ્યું એ મારી અવશ્ય ભૂલ છે. પણ તને હું હૃદયથી ચાહું છું. એ વિશે તને કંઈ શંકા છે ? સાચે જ હું તને બધું કહેવા માગતો જ હતો, પણ મારી હિંમત ન ચાલી. ક્યાંક તું ચાલી જાય તો ? – એ ડરનો માર્યો હું બોલી ન શક્યો. પણ એને ને મારે કાંઈ કરતાં કાંઈ મેળ નથી. હું તો આમ પણ એનાથી છૂટાછેડા લેવાનો જ હતો.'

સુમિત્રા ચૂપ જ રહી, હજુ ઘડી પહેલાં પોતે પ્રભાતનું તેજ હતી, સુખની હવા હતી. અને હવે એ ક્ષણિક ઉપરણો ભંગુર અંગ પરથી સરી પડ્યો હતો.

*

'તને ખોઈને હું જીવી નહિ શકું' – ફરી ફરી અનિમેષે એ વાત કરી હતી. શારદાથી પોતે અમસ્તો પણ છૂટો થઈ જવાનો જ હતો, એની ફરી ફરી એણે ખાતરી આપી હતી. 'તે બહુ ઝઘડાળુ ને કર્કશા સ્ત્રી છે. તેની સાથે હું તો શું, કોઈ જ માણસ શાંતિથી રહી શકે તેમ નથી. જીવનમાં માધુર્ય શું ને સુંદરતા શું, કલા શું ને કવિતા શું – તેની તેને લેશ પણ ખબર નથી. તે એટલી તો પછાત છે ! મેં ઘણા પ્રયત્નો કર્યા હતા, પણ એ બધું પથ્થરમાં પ્રાણ પૂરવા જેવું હતું. સુમિત્રા, હું સહરાના રણ જેવો હતો. તેં આવીને મારી સુક્કી ભોંયમાં સરિતા વહાવી, હવે તું લુપ્ત ન થઈ જતી. શારદાએ એક રીતે મારું જીવન હણ્યું છે, તું બીજી વાર મને હણતી નહિ, સુમિત્રા !'

હાસ્ય-વિનોદ અને તરવરાટથી ભરેલા અનિમેષને આવો મંદ, નિષ્પ્રાણ, આજીજી કરતો જોઈને સુમિત્રા છેક અંદરથી હલબલી ગઈ. ઊંડા અજાણ્યા કૂવામાં પોતે કૂદકો મારી દીધો હતો એમ લાગ્યું. હવે ?

પ્રેમનું શિખર તો ટાંચણી પરના ટોપકા જેવું હોય છે. એના પર ક્ષણાર્ધથી વધુ ઊભા રહી શકાતું નથી. સુમિત્રાનું મન રહેંસાઈ રહ્યું : શી ખબર, અનિમેષનો વાંક ન પણ હોય, તે મને છેતરવા નહિ જ માગતો હોય. હવે એને છોડી દઉં તો શારદાનું જીવન તો વ્યર્થ ગયું જ છે, અનિમેષનું ને મારું જીવન પણ ઉજ્જડ થઈ જશે.

પરિસ્થિતિને તેણે અનેક રીતે વિચારી જોઈ. અનિમેષ અને શારદા સુખપૂર્વક સાથે રહી શકતાં હોય તો પોતે ખસી જવા તૈયાર હતી. પણ અનિમેષનું દૃઢપણે કહેવું હતું કે સુમિત્રા ખસી જાય તોયે હવે પોતાની ને શારદા વચ્ચેની ખાઈ તો પુરાય તેમ જ નથી. માત્ર પોતાનું જીવન વેરવિખેર થઈ જશે. 'અને તું, તું પણ મને છોડીને સુખથી જીવી શકીશ, સુમિત્રા ?'

પેલો નિર્ભેળ નિરામય આનંદ તો હવે દૂર ઊડી ગયો હતો. મનમાં ક્યાંક ઊંડે આશંકા લપાઈ બેઠી. પણ સુમિત્રાએ પ્રશ્નો ન પૂછ્યા. તેનેય પ્રેમની જરૂર હતી. અનિમેષના અવલંબનની જરૂર હતી. સંબંધના નવા વિસ્તરેલા આયામમાંથી હવે સહેલાઈથી બહાર નીકળી શકાય એમ નહોતું.

મનને મનાવી લીધું. અનિમેષની એટલી જરૂર લાગતી હતી કે તેના

વિશેનાં વધુ સત્યો ખોળી કાઢતાં તે અચકાઈ. અનિમેષે જેટલું કહ્યું તે બધું સાચું જ હશે એમ માની લીધું. જે કહ્યું તેના તરણા પાછળ ન કહ્યાનો ડુંગર હોઈ શકે તેવી કલ્પના મનમાં ઊભી થવા દીધી નહિ. 'મેં કાંઈ એના જીવનમાં વંટોળ સર્જ્યા નથી. મેં તો ઊલટાનો એના ઘાયલ હૃદય પર શીળો લેપ કર્યો છે. અમસ્તુ પણ, એને શારદા સાથે જરાયે બનતું તો નથી ! છૂટાછેડા લેવાનું એણે, મને મળતાં પહેલાં જ નક્કી કર્યું હતું.' આ આનંદી માણસના હૃદયને એની કજિયાખોર પત્નીએ કેવું વીંખી-પીંખી નાખી દુખી બનાવી દીધું હશે, એનો ખ્યાલ કરતાં તો અનિમેષ માટે સુમિત્રાને વધુ પ્રેમ ઊભરાઈ આવ્યો. હું શારદાનું ભલું ઇચ્છું છું, પણ અનિમેષને હું સકળ હૃદયથી ચાહું છું – તેણે મનોમન કહ્યું અને જીવનની સઘળી સામગ્રી એક નૌકામાં ભરી, નૌકાનું સુકાન અનિમેષના હાથમાં સોંપી દીધું.

પણ પ્રેમમાં પડવાનો એક અર્થ એ પણ નથી કે પોતાને નુકસાન પહોંચાડવાનો અધિકાર કોઈને અબાધિતપણે સોંપી દેવો ?

સુમિત્રાને એ અર્થની ખબર નહોતી.

હવે યોજનાઓ શરૂ થઈ : અનિમેષે ક્યારે છૂટાછેડા લેવા, તેમણે ક્યારે લગ્ન કરવાં, ક્યાં રહેવું, સુમિત્રાને આનંદ હતો કે એક માણસ દહેજની માગણી વગર, માત્ર પ્રેમ ખાતર પોતાને પરણવા તૈયાર હતો, પોતાની સ્વતંત્રતા કબૂલ રાખતો હતો, પોતે નોકરી કરે તેની સામે તેને વાંધો નહોતો.

પણ દિવસો વીતતા ગયા, સુમિત્રા રાહ જોઈ રહી. અનિમેષ છૂટાછેડાની કોઈ કાર્યવાહી કરતો હોય તેવું લાગ્યું નહિ, વચ્ચે બે-ત્રણ વખત તે તેને ગામ પણ જઈ આવ્યો, જ્યાં શારદા તેની સાસુ સાથે રહેતી હતી. સુમિત્રા પૂછતી ત્યારે તે કહેતો : 'શારદા તદ્દન ગમાર છે. ઘરકામ ને રસોઈ સિવાય તેને બીજી કોઈ ગતાગમ નથી. પણ છૂટા થવાથી એને કશી તકલીફ ન પડે એ જોવાનો મારો ધર્મ છે.'

સુમિત્રાએ કબૂલ કર્યું કે એ ન્યાયયુક્ત વાત હતી.

'મારે ઝડપથી ખૂબ કમાવું જોઈએ.' તે વારંવાર કહેતો. 'તો જ શારદાની આર્થિક વ્યવસ્થા કરી હું જલદી તેનાથી છૂટો થઈ શકું.'

પણ જાહેરખબરની એજન્સીનું તેનું કામ હજી બહુ જામતું નહોતું. ઝડપથી ઘણાબધા પૈસા શી રીતે મેળવવા ? બન્નેએ મળી ઘણા રસ્તા વિચારી જોયા, પણ કાંઈ સૂઝ્યું નહિ.

એક સાંજે બન્ને મરીનડ્રાઇવના દરિયાની પાળે બેઠાં હતાં. સુમિત્રા દરિયા ભણી મોં કરી બેઠી હતી. સૂરજ આથમવાની થોડી વાર પહેલાં લાલ-સોનેરી રંગનું ભભકભર્યું એક પૂર વછૂટ્યું અને દરિયો એ રંગમાં ઝબકોળાઈ ગયો. સુમિત્રાના મોં પર પણ લાલ રંગની આભા છવાઈ ગઈ. આમેય એ સુંદર હતી જ. એમાં આ લાલ આભા ઉમેરાતાં સૌન્દર્યનું એક અદ્ભુત પદ્મ હોય તેમ તેનો ચહેરો ખીલી રહ્યો. અનિમેષ વિહ્‌વળ થઈ ગયો. સુમિત્રાનો હાથ હાથમાં લઈ બોલ્યો : 'દિવસ-રાતની એકેએક ઘડી આપણે સાથે વિતાવી શકીએ એવો સમય ક્યારે આવશે ?'

સુમિત્રાએ હાથ સેરવી લીધો. બોલી : 'એ મારા વશની વાત હોત, તો એ સમય આજે જ આવત.'

અનિમેષે બે હાથમાં માથું છુપાવ્યું. 'ના, મારો જ વાંક છે. અથવા એ મારો વાંક પણ કેમ કહેવાય, સુમિત્રા ? માણસ તરીકે મને પણ પ્રેમ કરવાનો, સુખી થવાનો શું અધિકાર નથી ?' તે ઘડીક ચૂપ રહ્યો, પછી ધીરે ધીરે બોલ્યો : 'લગ્નના બંધ ઘરમાં પ્રેમનો છોડ ઊગ્યો નહિ. અને આ ખુલ્લા સાગરકાંઠે પ્રેમનું પૂર વહે છે, પણ સમાજ એને કબૂલ રાખતો નથી. પ્રેમને બધાં દિવ્ય તત્ત્વ ગણે છે, પણ આપણા પ્રેમના લલાટે મેશ લાગેલી છે, કારણ કે આપણે પરણેલાં નથી. પણ નાનપણમાં હું કાંઈ સમજું-વિચારું તે પહેલાં મારાં લગ્ન થઈ ગયાં હતાં. એ શું મારો વાંક છે, સુમિત્રા ?'

સુમિત્રાના મનમાં આવ્યું કે તારો વાંક કદાચ ન હોય, પણ મિત્રતાની શરૂઆતમાં જ તેં મને આ વાત કેમ કરી નહિ ? પણ તે બોલી નહિ. અનિમેષ દુઃખી હતો એ હકીકત હતી. પોતાને ચાહતો હતો એ હકીકત હતી. અનિચ્છાએ તેઓ એક વિકટ પરિસ્થિતિમાં મુકાઈ ગયાં હતાં.

'પછી તેં હિસાબ કરી જોયો કે ધારો કે તું આ ઑફિસ કાઢી નાખે તો તને કેટલા પૈસા મળે ?' સુમિત્રાએ પૂછ્યું.

'પણ પછી આપણે ખર્ચ કેમ ચલાવશું ?'

'હું તો કમાઉં જ છું ને ? તું પછી બીજી નોકરી શોધી લેજે. જગ્યાની ગુડવિલના પૈસા ઘણા મળી શકે.'

'જોઉં : બે-ચાર જણ સાથે વાત કરી જોઈશ.'

સુમિત્રાને લાગ્યું કે અમિનેષના અવાજમાં ઉત્સાહ નહોતો.

એ સાંજે છૂટા પડ્યા પછી પણ તેના મનમાં આ જ વાત ઘોળાયા કરી. અનિમેષ ઝડપથી, ગમે તે રીતે ખૂબ પૈસા મેળવવાની વાત કરે છે. તો તેની ઑફિસની જગ્યા કાઢી નાખીને કેમ પૈસા ઊભા કરતો નથી ? તેના જેવા સ્માર્ટ જુવાનને નોકરી તો બીજી મળી રહે.

પણ એ જગ્યા કાઢી નાખવાનો પ્રયત્ન કરતો નથી...

એકાએક એને થયું : પણ તે ખરેખર પૈસા મેળવવા ઇચ્છે છે ? અને પછી થયું : તે ખરેખર છૂટાછેડા લેવા ઇચ્છે છે ? કે માત્ર મને આશ્વસ્ત કરવા માટે ઠાલાં વચનો ઉચ્ચારે છે ?

ઘડીભર તે થંભી ગઈ. આ તદ્દન અણકલ્પ્યો વિચાર હતો. ના, ના, અનિમેષ મને ચાહે છે. તે ખરેખર જ શારદાથી છૂટો થવા માગે છે. તે શારદાથી ત્રાસેલો છે, દુઃખી છે.

પણ તો પછી ?

પણ શારદાને તો પોતે જોઈ જ નથી. કદાચ તેના પક્ષે પણ કંઈક કહેવાનું હોય. અનિમેષ બધું સાચું જ બોલતો હશે ? કદાચ... કદાચ તેને આ જે છે તે જ અનુકૂળ લાગતું હશે. ત્યાં મા છે, ઘર છે, પત્ની છે, દીકરી છે. થોડા થોડા વખતે ત્યાં જઈ આવી શકાય છે. અહીં ઑફિસ છે, પ્રેમ છે, કશી જવાબદારીમાં બંધાયા વગર તેને ભરપૂર પ્રેમ મળે છે, એક સ્વસ્થ-સુંદર તરુણ કાયા મળે છે. શા માટે મળે છે. શા માટે પરિસ્થિતિમાં તે પરિવર્તન ઇચ્છે ?

તેણે ભયંકર ગડમથલ અનુભવી. ખરેખર અનિમેષનું મન આવી ગણતરી કરતું હશે ? પણ તે તો કેટલો પ્રેમાળ છે ! મારા વગર તે જીવી શકે એમ નથી...રાતે સ્વપ્નમાં અનિમેષનો સોહામણો ચહેરો તેને આર્જવપૂર્વક પૂછી

રહ્યો : 'કેટલી વેદનાભરી શોધને અંતે તને પામ્યો છું, સુમિત્રા ! તુંયે મારામાં શ્રદ્ધા નહિ રાખે ?'

એ સપનાની અસર નીચે તે સવારે ઊઠી. રાતની આશંકાઓ માટે મનોમન શરમાઈ, અપરાધનો ભાવ અનુભવ્યો. અનિમેષના પ્રેમાશ્લેષમાં બધા સંદેહોને નિર્મૂળ કરી દેવા તે, ઑફિસે જતાં પહેલાં અનિમેષની રૂમ પર ગઈ. રૂમની એક ચાવી તેની પાસે હતી. અનિમેષ ખુશ થઈ જશે. દોડીને પોતે તેને વળગી પડશે... તેણે ધીમેથી બારણું ઉઘાડ્યું. અનિમેષને મળવા તેનું હૃદય આતુર બની રહ્યું.

અનિમેષની પીઠ બારણા તરફ હતી. તે ગીત ગણગણતો પેટીમાં સામાન ભરી રહ્યો હતો. સામે ટેબલ પર મીઠાઈનું બૉક્સ પડ્યું હતું. સુમિત્રાને નવાઈ લાગી. 'શું કરે છે, અનિમેષ ?'

ચોંકીને અનિમેષે પાછળ જોયું. બારણું ઊઘડવાની તેને ખબર પડી નહોતી. સુમિત્રાને જોઈ તે અવાક્ થઈ ગયો. 'અત્યારમાં, સુમિત્રા ?' તેના અવાજમાં આશ્ચર્ય હતું. આનંદ નહોતો.

'તને મળવાનું ખૂબ મન થયું એટલે ઑફિસે જતાં પહેલાં અહીં આવી.' તે બોલી. અનિમેષે તેને બેસવાનું કહ્યું નહિ, તેના આગમનથી તે થનગની ઊઠ્યો નહિ, એથી તેનો આવેગ અડધો થઈ ગયો.

જાતે જ ખુરશી પર બેસતાં તે બોલી : 'કેમ બૅગ ભરે છે ?'

'કંઈ નહિ, એ તો...' અનિમેષ થોથવાયો : 'મને થયું કે...જરા જઈ આવું.'

'ક્યાં ?'

'મા પાસે.' અનિમેષ ઊભો ઊભો જ વાતો કરતો હતો, જાણે તે પ્રશ્નો પૂરા થયે સુમિત્રાના જવાની અપેક્ષા રાખતો હોય.

'પણ કાલે સાંજે તો તેં મને કાંઈ કહ્યું નહોતું ?'

અનિમેષ જરા મૂંઝાયો. મૂંઝવણમાં જ બોલી દીધું : 'માનો કાગળ આવ્યો છે. રાતે હું રૂમ પર આવ્યો ત્યારે વાંચ્યો.'

'શું હતું પત્રમાં ? તું આટલો ગભરાયેલો કેમ છે ?'

અનિમેષ કંઈ બોલી શક્યો નહિ. તે અત્યંત અસ્વસ્થ થઈ ગયો હતો. માટલામાંથી તેણે પાણી લઈને પીધું. રૂમમાં આંટા માર્યા.

'પણ છે શું અનિમેષ ? કહેતો કેમ નથી ?' સુમિત્રા અધીર થઈ ઊઠી.

અચાનક તેની નજર મીઠાઈના બૉક્સ પાસે પડેલા કાગળિયા પર પડી. તેણે એકદમ એ કાગળ લીધો. એ તાર હતો.

અનિમેષ ઝડપથી પાસે આવ્યો. 'રહેવા દે... રહેવા દે...' પણ સુમિત્રાએ તાર વાંચી લીધો.

શારદાને પુત્ર જન્મ્યો હતો.

'અનિમેષ...!' સુમિત્રાનો અવાજ ચીસ પાડવા જેવો થઈ ગયો. આખી રૂમ તેને ગોળ ગોળ ફરતી લાગી. 'આ સાચું છે ? આ માટે તું ગામ જતો હતો ?' તેનો અવાજ ફાટી જવા લાગ્યો, 'તું તો કહેતો હતો કે તારે ને એને કાંઈ સંબંધ નથી ! તું તો કહેતો હતો તે તમારે બેને તો બોલવા-વ્યવહાર પણ નથી.'

'હું એ જ વિચાર કરું છું. કંઈક ભૂલ થઈ ગઈ. ખબર ન રહી.' અનિમેષ માંડ માંડ બોલ્યો.

એક પળ સુમિત્રા તંગ થઈને ઊભી રહી, પછી વાવાઝોડાની જેમ તેની પર તૂટી પડી. 'નાલાયક ! જૂઠાબોલા ! વિશ્વાઘાતી !' તેણે ફડાફડ બે-ત્રણ તમાચા અનિમેષના ગાલ પર ખેંચી કાઢ્યા. હિંસકતાની એક આગ તેની આંખોમાં સળગી ઊઠી. અમિનેષનું માથું પકડી દીવાલ સાથે ફરી ફરી અફળાવવાનું મન થયું.

તેને તેમ ને તેમ જ રૂમમાં રહેવા દઈ, ધીરેથી બારણું ઉઘાડી અનિમેષ બહાર નીકળી ગયો.

•

૨૦

વરસાદથી ભીની થયેલી ઉદાસ સાંજ હતી. લંડનના, બિક્લે સ્ટ્રીટના પોતાના મકાનના વરંડામાં એના એકલી બેઠી હતી; વિચારતી હતી : જે કાંઈ બન્યું તેને માટે શું પોતે જવાબદાર હતી ? માણસ પોતાને જે સાચું ન્યાયી લાગે તેનો આગ્રહ રાખે, એ માટે કષ્ટ વેઠવા તૈયાર હોય – એ શું એની ભૂલ કહેવાય ?

કેટકેટલી વાતો યાદ આવે છે – બેલાની, અમલાની, વન્યાની, અનીતાની. તેમના દેખાવ, શિક્ષણ ને આર્થિક સંપન્નતા પરથી કોઈ કલ્પના ન કરી શકે કે તેમના હૃદયમાં વ્યથાનો આવો દરિયો ઘૂઘવતો હશે ! એ બધાં સાધારણ સ્ત્રીઓ જેવાં જ હતાં – મૃદુ, સ્નેહાળ, પ્રેમ આપવા આતુર. માત્ર તેઓ પોતાની અસ્મિતા વિશે સભાન હતા. પારણાની ગાદીથી જીર્ણતાની પથારી સુધીની યાત્રા તેઓ માથું નીચું રાખીને ધૂળ-ઊડેલા માર્ગે કરવા તૈયાર નહોતાં. પણ પોતાના અવાજથી પોતે બોલવું – એ શું ભૂલ કહેવાય ? અને એ ભૂલ ન હોય તો એની આટલી આકરી સજા એમને શાથી ભોગવવી પડી ?

કૉલેજકાળની અંતરંગ સખી બેલા. નાની વયથી જ તે નૃત્યના જાહેર કાર્યક્રમો આપતી. મા-બાપની કંઈક અનિચ્છા છતાં પરપ્રાંતના કલાકાર નિશાન્ત સાથે તેણે પ્રેમલગ્ન કર્યાં હતાં. લગ્નનાં મંડપમાં નૃત્યકાર ને ચિત્રકારની જોડી કેવી તો શોભી ઊઠી હતી ! લગ્ન પછી પણ બેલાએ તેની કારકિર્દી ચાલુ રાખી હતી. નિશાન્ત હંમેશા તેને સાથ આપતો. મિત્રો વચ્ચે કહેતો : 'હું તો બેલાને બધી છૂટ આપું છું.' બેલા મજાક કરતી : 'હું પણ નિશાન્તને ચીતરવાની છૂટ આપું છું.' પણ બે વાક્યો વચ્ચેનું બેહૂદાપણું બેલાને એકાંત ખૂણે ખટકી જતું.

થોડા વખત પછી કલાકારની પાછળ રહેલા પુરુષની વધુ ઓળખ થઈ. નિશાન્ત બેજવાબદાર, અહંકારી, અતિ ક્રોધી માણસ હતો. ઘરમાં વસ્તુઓ અવ્યવસ્થિત પડી હોય કે થાળીમાં મીઠું મૂકવાનું રહી ગયું હોય કે દાળ જરા ઠંડી

હોય તો તે ભયંકર ગુસ્સો કરતો, થાળીનો છુટ્ટો ઘા કરી દેતો. લગ્ન પહેલાં તે પ્રેમ અને ફિલસૂફીની વાતો કરતો, લગ્ન પછી તે બેલાની ઊણપો અને અધૂરપોની વાતો કરવા લાગ્યો. નિશાન્તનો સગાંવહાલાંનો વ્યવહાર બહુ મોટો હતો. બેલાને આખો વખત નિરર્થક અવરજવર અને આગતાસ્વાગતામાં રોકાઈ રહેવું પડે તે ત્રાસભરેલું લાગતું. નૃત્યની પ્રૅક્ટિસ કરવાનો સમય ઓછો મળવા લાગ્યો. ઘણી વાર નિશાન્ત ચીતરતો હોય ત્યારે બીજા રૂમમાં તબલા સંગીત સાથે બેલા પ્રૅક્ટિસ કરતી હોય, તો તે ચિડાઈ જતો. 'ચીતરતી વખતે મને શાન્તિ જોઈએ' – તે ગુસ્સાથી કહેતો. બેલા મનમાં જ કહેતી : અને મારા નૃત્યનું શું ?

પછી બાળકો થયાં. બેલાનું નૃત્યકાર્ય બંધ પડ્યું. ફરી શરૂ કરવાનો સમય આવ્યો ત્યારે સસરા માંદા હતા. પછી નિશાન્તનાં મોટાં ભાભીનું અવસાન થયું એટલે તેમનાં બાળકો સહિત ભાઈ નિશાન્તને ઘેર રહેવા આવ્યા. નિશાન્તને ચિત્રકામ માટે સમય મળી રહેતો. ઘરમાં બહુ ભીડ-ધમાલ હોય તો તે પોતાના સ્ટુડિયો પર ચાલ્યો જતો. બેલાથી નૃત્યની પ્રૅક્ટિસ થઈ શકતી નહિ. તેને અસંતોષ રહેવા લાગ્યો. નિશાન્તનો આગ્રહ કે વડીલોને સાચવવાં જ જોઈએ. બેલાની ફરિયાદ કે સાચવવાની મારી જરાયે ના નથી, પણ ઘરનાં કામ બધાંએ વહેંચી લેવાં જોઈએ, જેથી મને મારા કાર્ય માટે વખત મળી રહે. બેલા સ્વભાવે પ્રેમાળ હતી, ઘરકામ કરવું તેને ગમતું, સરસ રસોઈ બનાવીને જમાડવામાં તેને આનંદ આવતો, પણ એ બધાં કામોમાં પોતાની કલા ડૂબી જાય એ તેને કબૂલ નહોતું. મોટાભાઈ કે સસરા સાજાસારા હોય ત્યારે શા માટે શાક ન સમારી શકે કે બધાંની ચા ન બનાવી શકે, એ તેને સમજાતું નહિ ! રાતે બધાં બેઠાં હોય, ટીવી જોતાં હોય, વાતો કરતાં હોય, ત્યારે તે એકલી થાળી ભરીને ચોળી કે પાપડી કે તુવેર લઈને બેસતી, એકલી ફોલતી, પેલા લોકોને ખ્યાલ પણ ન આવતો કે આપણે આનંદ અને આરામ કરીએ છીએ, એક જણ આખો દિવસ કામ કર્યા કરે છે.

બેલા નિશાન્તને ચાહતી હતી. તે પોતાની કલાને પણ ચાહતી હતી, પણ નિશાન્તને પોતાની કલાનું જેટલું મહત્ત્વ હતું તેટલું બેલાની કલાનું નહોતું. મિત્રોના સમૂહમાં નિશાન્ત જ હંમેશાં કેન્દ્રમાં રહેતો. ઘરમાં પણ તેના ચિત્રકામ માટે જોઈતી સગવડો પૂરી પડવી જોઈએ એવો તેનો આગ્રહ રહેતો. આમાંથી પછી બન્ને વચ્ચે નાની નાની ફરિયાદો થવા લાગી. પછી ઝઘડા, ઊંચા અવાજે

બોલાચાલી... અને પછી નિશાન્ત બીજા કલાકારોના સાથમાં દારૂ પીવા લાગ્યો; બેલા વિરોધ કરતી, તંગ થઈ જતી. પછી નિશાન્ત અવારનવાર બેલાને મારી બેસતો. બેલાએ સખ્ત વાંધો લીધો તો નિશાન્તે કહ્યું કે પુરુષ સ્વભાવથી જ આક્રમક હોય છે એટલે આમ પોતે ધોલઝાપટ કરી બેસે તો બેલાએ બહુ ખરાબ ન લગાડવું. અને પછી તેણે કહ્યું કે 'લવ ઈઝ અ મેની સપ્લેન્ડર્ડ થિંગ'ની વિખ્યાત ચીની લેખિકા હાન સુઈનને પણ તેનો ચીની પતિ મારતો હતો; એટલે એવું તો સામાન્ય ગણવું.

પોતાની કલા માટે સમય માગતી બેલા પ્રત્યે નિશાન્તની નારાજી વધતી ગઈ. ઘરનાં ઝીણાં ઝીણાં અખૂટ લાગતાં કામો પ્રત્યે બેલાનો અસંતોષ વધતો ગયો. નિશાન્ત કહેતો : 'કંઈ બહુ નાચ્યાં. હવે ઘર સંભાળો.' ભાષામાં રહેલું અપમાન ગળી જઈ બેલા કહેતી : 'પણ માત્ર મારે જ શા માટે ભોગ આપવો ? ઘરનાં બધાંએ સાથે મળી કોઈક વ્યવસ્થા કેમ ન ગોઠવવી, જેમાં મને પણ મારે માટે સમય મળી રહે ?'

પણ ઘરમાં કોઈ એ માટે તૈયાર નહોતું. સંઘર્ષના તાપમાં જીવનનું વૃક્ષ સુકાવા લાગ્યું. નિશાન્ત વધુ દારૂ પીવા લાગ્યો. રાતે ગમે તે સમયે, દારૂના બાટલા અને મિત્રો લઈને તે ઘેર આવતો. રાતના ત્યારે અગિયાર વાગ્યા હોય કે બાર વાગ્યા હોય, બેલાએ રાંધીને બધાને જમાડવા પડતા. અંતે હારીને તેણે છૂટાછેડા લીધા. સમજું માતાપિતાએ ક્યારેય કહ્યું નહિ કે અમે તો તને ચેતવતાં હતાં.

આજે બેલાની નૃત્યશાળા સરસ ચાલે છે. આર્થિક મુશ્કેલી નથી. પણ વિફળતાની એક પીડા સૂના મનમાં ચીત્કાર્યા કરે છે : પ્રેમ તો અમે બન્નેએ કરેલો, કલાને બન્ને ચાહતાં હતાં. તો સ્ત્રી માટે જ પ્રેમનો અર્થ ત્યાગ કેમ ?

...અમલા માત્ર બુદ્ધિમતિ નહિ, બૌદ્ધિક યુવતી હતી. તેના જેવી પ્રખર અને આત્મગૌરવવાળી સ્ત્રીઓ એનાએ બહુ જોઈ નહોતી. વિદેશી મંત્રાલયના એક ઉચ્ચ અધિકારી સાથે તેનાં લગ્ન નક્કી થયાં હતાં. બધી તૈયારીઓ થઈ ગઈ હતી. લગ્ન પહેલાં બે દિવસ અચાનક અમિતે કહ્યું : લેટ્સ ગો ટુ બેડ. અમલા સ્તબ્ધ થઈ ગઈ. પણ બે દિવસ પછી તો આપણે પરણવાનાં છીએ !

હું પણ એ જ કહું છું તો ! અમિતે કહ્યું : બે દિવસ પછી આપણે પરણવાનાં જ છીએ ને ! તેણે આગ્રહ કર્યો, દબાણ કર્યું, અમલાએ ચોખ્ખી ના પાડી. અમિતે કહ્યું : તો હું લગ્ન નહિ કરું. અમલા ખૂબ ઘવાઈ. તારા પહેલાં હું જ

લગ્ન ફોક કરું છું, તેણે કહ્યું. જે લગ્ન પહેલાં આટલી નાજુક બાબતમાં મારું માન ન રાખે તે લગ્ન પછી રાખશે એવો ભરોસો કેમ રખાય ?

તે પછી અમિત પરણી ગયો. અમલા હજી નથી પરણી. આ ઘાની કળ વળતાં ઘણો લાંબો વખત લાગ્યો. ઘણાં વર્ષો પછી અમિત અમલાને ક્યાંક મળી ગયો ત્યારે તેણે કહ્યું કે વિશાખાએ તેની માગણી મંજૂર રાખીને તેના પરના વિશ્વાસનો પુરાવો આપ્યો હતો, એટલે પછી પોતે વિશાખા સાથે લગ્ન કર્યાં હતાં અને અત્યારે બન્ને સુખી છે.

અમલાને ઊંચા પગારની નોકરી છે, પોતાનો સ્વતંત્ર ફ્લૅટ છે. પણ એક વાર તેણે એનાએ પૂછેલું : એના, તને લાગે છે કે મારે અમિતની માગણી કબૂલ રાખવી જોઈતી હતી ?

નીતિ-અનીતિની વાત જવા દો, પણ પોતાનું પોતાપણું જાળવી રાખવા સ્ત્રીએ કેવળી મોટી કિંમત ચૂકવવી પડે છે !

...વન્યા એનાની બીજી એક સખી હતી. તે બંકિમના પ્રેમમાં હતી. બંકિમે લગ્નનું વચન આપી તેની પાસે સંપૂર્ણ સંબંધની માગણી કરી હતી અને વન્યાએ તેના પર વિશ્વાસ મૂકી એ માગણી કબૂલ રાખી હતી. પછી તેનું પરિણામ તેના આકાર ને વળાંકોમાં પ્રગટ થવા લાગ્યું ત્યારે બંકિમ, મા-બાપ પરન્યાતની છોકરીને પરણવાની ના પાડે છે અને પોતે મા-બાપને દુઃખી કરી શકે તેમ નથી – તેમ કહીને બીજી છોકરીને પરણી ગયો.

આને કોનો ગુનો ગણવો ? અને એ ગુનો હોય તો ક્યાં છે એની સજા ? ક્યાં છે એનો ન્યાય તોળનાર ન્યાયાધીશ ?

અમલાએ વિશ્વાસ ન મૂક્યો તેનું તેને ફળ મળ્યું, વન્યાએ વિશ્વાસ મૂક્યો તેનું.

એનાને માસીની દીકરી અનીતા યાદ આવી. અનીતા ડૉક્ટર હતી. આલોક સાથે તેનાં પ્રેમલગ્ન હતાં. ઊંચા, પાતળા, સોહામણા આલોક માટે તેને ઘેલછા કહી શકાય એટલો બધો પ્રેમ હતો. પણ દસ વર્ષના લગ્નજીવન પછી આલોક બીજી સ્ત્રીના પ્રેમમાં પડ્યો. કહ્યું : કાં તો મારો સંબંધ ચલાવી લે અથવા મને છૂટાછેડા આપ. અને તું બહુ આડે આવીશ તો હું મુસ્લિમ બનીને તેની સાથે પરણી જઈશ. તારો કોઈ વાંક નથી એ મને ખબર છે, પણ મારોયે કોઈ ઉપાય નથી.'

ક્ષમતા વગરની સ્ત્રીએ સંબંધ ચલાવી લીધો હોત. અનીતાએ છૂટાછેડા આપી દીધા. પણ તેને ક્યાંક હતું કે એક દિવસ આલોક જરૂર મારી પાસે પાછો આવશે. એના ચિડાઈને કહેતી : 'હું તો માણસને કદી પાછો ન સ્વીકારું.' અનીતાની મોટી આંખો કોઈક પ્રકાશથી ચમકી ઊઠી : 'હું એને માફ કરી શકું, ફરી મારા હૃદયમાં સ્થાપી શકું.'

એના વિસ્મિત થઈ ગઈ હતી. આ નિર્બળતા હતી કે સબળતા ? આ પ્રેમ, શ્રદ્ધા અને નિષ્ઠા હતાં કે જાતની છેતરપિંડી અને સત્યને જીરવવાની અશક્તિ ?

પણ આલોક તો બીજી સ્ત્રીને પરણીને અમેરિકા જઈ ત્યાં જ સ્થાયી થઈ ગયો હતો. અનીતાનો વાંક નથી તેમ તેણે જ કહેલું, પણ સહન તો અનીતાએ કરવું પડ્યું. આલોકને કોઈ છાંટા ઊડ્યા નહિ.

એનાએ અનીતાને ફરી પરણવા આગ્રહ કરેલો, પણ તે ધર્મધ્યાન તરફ વળી ગઈ. એનાને થતું, આ સ્ત્રીની શક્તિ છે કે માત્ર રૂઢિનો પ્રભાવ છે ? પુરુષ તો બહુ જલદીથી ફરી પરણી શકે છે. હજી પહેલી પત્નીની ચિતા ઓલવાઈ ન હોય, પત્નીને તેણે બાળી નાખી હોય કે બળી મરવા તરફ ધકેલી હોય, તેની ઉંમર મોટી હોય, પત્નીને કાઢી મૂકી હોય, છૂટાછેડા લીધા હોય, તેને તો પરણવામાં કશો બાધ નડતો નથી. તેને ક્યારેય કોઈ વાતનું ટીલું લાગતું નથી. અ કિંગ કેન ડુ નો રૉંગ. અને સ્ત્રીનું તો, સગાઈ તૂટે તોય નામ મેલું બની જાય છે. વિધવાને બાળકો હોય તો તેનું ફરી પરણવાનું અશક્યવત જ. બાળકોને 'નવી મા' વિશે કલ્પનાઓ આપવામાં આવી છે. 'નવો બાપ' એવો શબ્દ આપણા સાહિત્યમાં નથી. સંસ્કૃતિમાં નથી. વિધુર પુરુષ પોતાનાં બાળકોને મા મળે તે ખાતર ફરી પરણે, વિધવા સ્ત્રી પોતાનાં બાળકોને બાપ મળે તે માટે ફરી પરણી ન શકે.

એનાને શબ્દો માટે પ્રેમ હતો. અને તેને નવાઈ લાગતી કે શબ્દકોશમાં તો કેટલા બધા શબ્દો નથી ! નાનપણમાં પાડોશમાં રહેતાં વિમળાબહેનને બાળક નહોતું. બધાં તેમને વંધ્યા કે એથીયે હલકા નામે ઓળખતાં. મહેણાં મારતાં. અપશુકનિયાળ ગણતાં. વિમળાબહેનને પોતાને પણ કોઈક હીનભાવ અનુભવાતો. જાણે પોતાની ફરજ ન બજાવવાનો તેમણે અપરાધ કર્યો હોય.

એનાએ તેમને ક્યારેક ગણગણતાં સાંભળેલાં – 'પગલીનો પાડનાર ઘો ને રન્નાદે !' તેણે હસતાં હસતાં પૂછેલું : 'પગલીની પાડનાર હશે તો નહિ ચાલે, વિમળાબહેન ?' આ ગીતો કોણે લખ્યાં હશે ? બાજુવાળા રામભાઈ એક વાર આનંદનું વર્ણન કરતા હતા : 'કેવો આનંદ ? તો કહે પુત્રજન્મ જેવો આનંદ...' 'પુત્રીજન્મ જેવો આનંદ' કશે આલેખાયો નથી. ઠીક, પુરુષની ખામીને લીધે પણ સંતાન ન થાય એવું બને. પણ પુરુષને તો મહેણાંટોણાં સાંભળવા પડતાં નથી ! વિમળાબહેનના પતિએ પછી સંતાન માટે થઈને ફરી લગ્ન કરેલાં. અને બીજી પત્નીને પણ સંતાન ન થયું, ત્યારે ત્રીજી વાર સોળ વરસની એક ગરીબ છોકરી સાથે તે પરણ્યા હતા. એનાને વિમળાબહેનને પૂછવાનું મન થતું કે તમને શું ક્યારેય શંકા નથી આવી કે સંતાન ન થવા માટે તમારા પતિ જવાબદાર હોઈ શકે ? તેનું મન તો આગળ પણ પ્રશ્ન પૂછવા પ્રેરાતું : અને એવું હોય તો એમને છોડીને તમે બાળક ખાતર બીજા પુરુષને પરણો ખરાં ?

પણ તે પૂછી શકી નહોતી. તેને ખબર હતી – સ્ત્રીઓ પ્રશ્ન નથી પૂછતી. અને એટલે જ વંધ્ય પુરુષ જેવો શબ્દકોશમાં નથી. ત્યક્તા શબ્દ છે, પુરુષને કોઈ ત્યક્ત કહેતું નથી. શબ્દકોશ રચનારા પુરુષો જ હશે, નહિ ? અને તજવાનો અધિકાર પણ પુરુષને જ હોય ને !

એનાનાં એક દૂરનાં કાકીને પાંચ દીકરીઓ હતી. 'કેટલી દીકરીઓ છે તમારે ?' ત્યારે 'પાંચ' – એવો જવાબ આપતાં તે સંકોચાઈ જતાં. દીકરા હોત તો છાતી ફુલાવીને જવાબ આપત. તેમના ઘરનાં લોકો, તેમના પતિ પણ આટલી બધી દીકરીઓને જન્મ આપવા માટે તેમને જાણે અપરાધી ગણતાં. ઓહો – આ સ્ત્રીઓને કોઈને ખબર નહોતી કે બાળકની જાતિનું નિર્ધારણ તો સંપૂર્ણપણે પુરુષના સેલમાં રહેલા ક્રોમોસોમ પર જ આધાર રાખે છે. કોઈએ એમને ખબર પડવા દીધી નહોતી ને !

એ ભીની ઉદાસ સાંજે એકલાં બેઠાં બેઠાં એનાને એકસામટી કેટલી બધી વાતો યાદ આવી ગઈ ! થોડીક વિગતોના ફેરફારને બાદ કરતાં બધી જ સરખી વાતો...પુરુષના વર્ચસ્વની, પુરુષના હાથે સહેવા પડતા અન્યાયની જેમણે મૂંગા મૂંગા એ સ્વીકારી લીધું છે, તેમનું ઘર કિલ્લોલ કરે છે. જેમણે અવાજ ઉઠાવ્યો છે, પ્રશ્નો પૂછ્યા છે, તેમના દિવસો આંસુ ટપકતા છે, રાતો ઉજાગરાથી રાતી છે.

નાનપણથી જ એના આ બધી અસમાનતાઓ વિશે સભાન હતી. પહેલાં તેને એમ હતું કે ભારતીય સમાજમાં જ આવી પરિસ્થિતિ છે. પછી તેને ખબર

પડી કે પશ્ચિમના દેશોમાં આથી કાંઈ બહુ જુદી સ્થિતિ નથી. ત્યાં પણ પુરુષનો અધિકાર પહેલો ગણાય છે. રાજાને પુત્ર હોય, તો પછી પુત્રી મોટી હોય તો પણ તેને રાજગાદી મળતી નથી. એના આ વિશે તેનાં માબાપ સાથે વાત કરતી. પિતા બેદરકારીથી કહેતો : રાજ્ય કરવામાં શું મોટું સુખ છે ? એના કહેતી : રાજ્ય ચલાવવામાં સુખ છે કે દુઃખ તેની વાત જ નથી, પણ બે ભાઈઓ હોય તો તેમાંના મોટાભાઈને ગાદી મળે, તો પછી ભાઈ-બહેન હોય તો મોટીબહેનને ગાદી કેમ ન મળે ? મા કહેતી : 'બસ હવે, સ્ત્રીઓને તે રાજ્ય કરતાં આવડતું હશે ?'

એના પાસે હંમેશા જવાબ હાજર હોય. 'એલિઝાબેથ અને વિક્ટોરિયાએ રાજ્ય બહુ સારું ચલાવેલું, મા !'

એના એની દલીલો કરતી અને એવું એવું બોલતી કે માબાપને નવાઈ લાગતી કે ચુસ્ત રૂઢિવાદી એમના કુટુંબના બાળકમાં આવા વિચારો ક્યાંથી આવ્યા હશે ?

એક વખત તો તેણે હદ કરી હતી. કુટુંબમાં કોઈકના લગ્નમાં એનાનાં એક દૂરના વિધવા માસી આવેલાં. તે નાની ઉંમરનાં, સશક્ત અને કામગરાં હતાં, એટલે લગ્નનાં કામોમાં તેમની એ આવડતનો પૂરો લાભ લેવામાં આવતો. કંઈ પણ મુશ્કેલી ઊભી થાય કે કહેવાતું – માલતીને બોલાવો. પણ લગ્નની અમુક વિધિ કરવાની આવી ત્યારે એનાની માએ એમને સિફતપૂર્વક ત્યાંથી દૂર મોકલી દીધાં. એનાની નજર તો આવું બધું પકડી જ પાડતી. એ લગ્નમાં તેના મામા પણ આવેલા. મામી થોડાક મહિના પહેલાં જ ગુજરી ગયેલાં. એક ઓરડામાં કોઈક પૂજાવિધિ રાખેલો ત્યાં મામા દાખલ થયા કે એના હેતપૂર્વક મોટેથી બોલી પડી : 'અરે અરે, મામાને ત્યાં જવા ન દેતા – અપશુકન થશે.'

બા છળી પડીને બોલી : 'એ શું બકે છે છોકરી ?'

એનાએ નિર્દોષતાથી કહ્યું : 'માસીને તેં પેલા વિધિમાંથી દૂર કરેલાં એટલે મને એમ કે વિધુર મામાથી પણ એવા વિધિમાં હાજર નહિ રહેવાતું હોય.'

બાપુએ એને ખૂબ ધમકાવેલી : 'છાની રહે. પુરુષના તે વળી કાંઈ અપશુકન હોતા હશે ?'

એના તરત બોલી : 'તો અપશુકન માત્ર સ્ત્રીઓના જ હોય ?'

એટલી વેધક રીતે તેણે કહ્યું હતું કે સાવ રિવાજોની રેખા પર જ ચાલતી

તેની બાને પણ થયું કે અપશુકનનું પરિણામ માત્ર સ્ત્રીના અસ્તિત્વમાં જ કેમ ભેરાતું હશે ?

એનાની પડોશમાં એક સહૃદય લેખક રહેતા હતા. એના પોતાનાં કાવ્યો વંચાવવા ઘણી વાર તેમની પાસે જતી. એક વાર તેમનાં પત્ની માંદાં પડ્યાં. લેખક નદીએ કપડાં ધોવા ગયા તો સાથે પત્નીનાં કપડાં પણ ધોવા માટે લઈ ગયા. આખા ગામમાં વાતો ચાલી : 'હાય હાય, બૈરીનાં કપડાં ધૂએ છે.' એનાને થયું : પણ સ્ત્રી તો રોજ પતિનાં કપડાં ધૂએ છે ! ત્યારે તો કોઈ હાય હાય કહેતું નથી. તે પતિનાં કપડાંની ગડી વાળે છે, તેની એંઠી થાળીમાં જમે છે, પતિ કેમ એવું ક્યારેય કરતો નથી ?

એ દિવસોમાં ઘણી છોકરીઓને માબાપ છોકરાનાં કપડાં પહેરાવતાં. ખમીસ-ચડ્ડી પહેરીને છોકરીઓ ભણવા જતી. પણ છોકરાને છોકરીનાં કપડાં પહેરાવે તો બધાં મશ્કરી કરે. એનાને આ સમજાતું નહિ.

એનાને ઘેર મગન નામનો નોકર બહુ લાંબા સમયથી કામ કરતો હતો. તે વાસણ માંજતો, ઝાડુ કાઢતો, પાણી ભરતો, કપડાં ધોતો. તેના રહેવાની ઓરડી નજીકમાં જ હતી. કોઈક વાર એના તેની વહુ સાથે વાતો કરવા ત્યાં જતી. એક વાર તે એમ ગઈ ત્યારે મગનની વહુ માંદી હતી. ઘરમાં મેલાં કપડાંનો ઢગ પડ્યો હતો. કચરો કોઈએ વાળ્યો ન હતો. ત્યારે તેને ખબર પડી કે મગન એને ઘેર તો એક વાસણ પણ ઊંચકીને જગ્યાએ મૂકતો નહોતો, એટલું જ નહિ, એ માનતો કે એ તો ઊતરતું કામ છે અને એ કામ તેની પત્નીએ જ કરવું જોઈએ, પોતે તો 'કુટુંબનો રોટલો રળનાર' છે.

તેની બાને આ વાત કરતાં બાએ કંટાળીને કહ્યું : 'એવી નકામી માથાફૂટ કરવાને બદલે તારું સ્કૂલનું વાંચ ને ! ભણીશ નહિ તો નાપાસ થઈશ. અને નાપાસ થઈશ તો સારો વર ક્યાંથી મળશે ?'

નાનપણમાં એનાને ભણવામાં બહુ રસ પડતો નહિ. રમવું-રખડવું તેને બહુ ગમતું. પણ મોટાં થતાં તેને અનેક વિષયમાં રસ જાગ્રત થયો. તે ઘણું બધું ભણવાનાં સ્વપ્ન સેવવા લાગી. ત્યારે ફરી બાએ કહ્યું : 'બસ હવે, ગ્રૅજ્યુએટ થા એટલે ઘણું. વધારે ભણવાની જરૂર નથી. પછી એવો વર નહિ મળે તો મુશ્કેલી પડશે.'

ભણવાની એક સીમારેખા હતી. એથી ઓછું ભણયે ન ચાલે, વધુ ભણયે ન ચાલે. એ સીમારેખાનું નિર્ધારણ લગ્નને અનુલક્ષીને થતું. એટલું જ ભણવું જોઈએ, જેટલું ભણવાથી લગ્ન કરવામાં સુગમતા રહે.

એના એની બાને પૂછતી : 'બા, તું વધારે કેમ ન ભણી ?'

બા નિઃશ્વાસ નાખીને કહેતી : 'અમારા વખતમાં વળી સ્ત્રીઓને ભણવાનું હતું કે ? હું તો માત્ર બે ચોપડી ભણી હતી તેય તારા બાપ વકીલ હતા ને તેમને "ભણેલી" છોકરીનો આગ્રહ હતો એટલે ! પંદર વર્ષે તો મારાં લગ્ન થઈ ગયેલાં અને ઘરનું કામ કેટલું રહેતું ! નોકર હવે છે. ત્યારે તો બધું કામ હાથે કરવું પડતું. સવારે ચાર વાગ્યે ઊઠી ઘઉં દળવા પડતા. નળ ત્યારે થોડા જ હતા ? કૂવેથી પાણી લાવવું પડતું. બે-ત્રણ દિવસનાં કપડાં ભેગાં કરી ગાંસડી બાંધી નદીએ ધોવા જતાં. રાતે દસ વાગ્યે બધું કામ પૂરું કરી, વાસણ માંજી પરવારીએ પછી સાસુના પગ દાબવા પડતા. ઊંઘ આવતી હોય, શરીર તો થાકીને ઢગલો થઈ ગયું હોય, તોય સાસુ ન કહે કે 'બસ હવે, જાઓ, સૂઈ જાઓ' – ત્યાં સુધી અમે ઊઠી શકતાં નહિ.

એનાના હૃદયમાં એક ચિરાડો પડેલો. આવેગથી બાને વળગી પડી રુદ્ર કંઠે બોલી હતી : 'ઓ બા, આટલો બધો ત્રાસ તેં મૂંગા મોંએ વેઠી લીધો ? કોઈ દિવસ ફરિયાદ ન કરી ? તને તારાં નણંદ-દિયર કોઈ મદદ ન કરાવતાં ?'

'મદદ કોણ કરાવે ? ઊલટાનાં બેઠાં બેઠાં હુકમો છોડે...'

'બાપુજી પણ મદદ ન કરાવતા ? કાંઈ નહિ તો એમની બાના પગ તો એ દાબી જ શકે.'

'લે વળી, પુરુષો કાંઈ બૈરાનાં પગ દાબતા હશે ?'

બીજા કોઈ દિવસે એનાએ વધુ દલીલો કરી હોત, પણ તે દિવસે તેને એટલું બધું દુઃખ લાગેલું કે તે ચૂપ થઈ ગઈ હતી. મારી બા ! ઓહ – એણે આટલાં કષ્ટ વેઠ્યાં....પંદર વર્ષની નાની ઉંમરે... અને કોઈ એને મદદ પણ ન કરાવે ? બાપુજીને સવાર-સાંજ તો વખત મળતો હશે. બેઠકખંડમાં બેસીને તે મિત્રો સાથે ગપ્પાં મારતા હશે, ફરવા જતા હશે, ક્લબમાં જતા હશે, ટેનિસ કે બ્રિજ રમતા હશે. ત્યારે એ 'સ્ટેટસ સિમ્બોલ' ગણાતું હશે. કોઈ દિવસ પત્નીને પાસે બેસાડી સ્નેહથી પૂછ્યું નહિ હોય કે – તું થાકી ગઈ છે ? તારા પગ દુખે છે ?

ત્યારથી તેણે બે વાતની ગાંઠ વાળી હતી : એવા માણસ સાથે લગ્ન કરીશ, જે મારી સમાન ભાવે જીવે; અને જે વાત ખોટી, અન્યાયી લાગતી હશે તે કોઈ દિવસ સહન નહિ કરું – એની સામે લડીશ, પછી એ અન્યાય મારા જીવનમાં હોય કે સ્વજનોનાં.

એટલે જ, વિપુલ તેના જીવનમાં આવ્યો ત્યારે પહેલેથી તેણે સ્પષ્ટતા કરી હતી. એનાને સાહિત્યમાં રસ હતો. તે કાવ્યો લખતી અને 'કુમાર' માં તે છપાતાં પણ ખરાં. એ કાવ્યો વાંચીને નૈરોબીમાં રહેતા વિપુલે એને પ્રશંસાનો પત્ર લખેલો. એનાનાં કાવ્યોમાં વિદ્રોહની, ક્રાન્તિની વાતો રહેતી. વિપુલના વિચારો સમાજવાદી હતા. એક ગુજરાતી હિન્દુ છોકરી ક્રાન્તિનાં કાવ્યો લખે એ બાબત જ તેને ઘણી રોમાંચક લાગી. તે ભારત આવ્યો ત્યારે એનાને મળ્યો.

'મારા વિચારો કોઈને કાંઈ બહુ પસંદ પડતા નથી.' એનાએ હસતાં હસતાં તેને કહેલું.

'પણ હું તો એ વિચારોના જ પ્રેમમાં છું...' વિપુલ બોલેલો. 'અને એ વિચાર કરનારના પણ પ્રેમમાં...' બોલતાં બોલતાં તેનો ચહેરો આરક્ત થઈ ગયો. એનાએ પોતાનાં સ્વપ્નો આકાશને હિંડોળે ઝૂલતાં લાગ્યાં. બે જણ સાથે મળીને તો કેટલું બધું કામ કરી શકે ! વિપુલની તો મા પણ શિક્ષિકા હતી. 'હું તો માનું છું કે સ્ત્રીઓએ આર્થિક રીતે આત્મનિર્ભર થવું જ જોઈએ. તો જ તેનું સત્ત્વ ખીલે...' વિપુલ કહેતો.

જિંદગીમાં કોઈને મોંએથી આવી વાતો એનાએ સાંભળી નહોતી, તેના વિચારોને કોઈએ આવું પ્રોત્સાહન આપ્યું નહોતું. અરૂઢ વિચારોના પ્રદેશમાં તે સાવ એકાકી હતી. અચાનક દૂર દેશથી એક રાજકુમાર – ના, સમાજવાદમાં રાજાઓ ને રાજકુમાર નથી હોતા – દૂર દેશથી એક સાથીદાર આવ્યો. ઘર ઝળાંહળાં થઈ ગયું.

આનંદની હેલીમાં તે ભીંજાઈ રહી. તેમનાં લગ્ન થયાં ને નૈરોબી છોડીને વિપુલ, તેની મા અને એના લંડન રહેવા ચાલ્યાં ગયાં.

•

૨૧

લંડનમાં વસતા નાના ગુજરાતી સમાજે બહુ આનંદથી વિપુલ અને એનાને આવકાર્યાં. પરદેશમાં પોતાની સંસ્કૃતિ ખોવાઈ જવાના અજ્ઞાત ભયે તે બધાં વધુ ઘટ્ટ સમૂહરૂપે ગૂંથાયેલાં હતાં. એના તેની સહજ છટાને કારણે બહુ જલદીથી બધાંમાં પ્રિય થઈ પડી. તેની ઓળખાણ કરાવતાં વિપુલ અભિમાનપૂર્વક કહેતો : 'મારાં પત્ની છે, કાવ્યો બહુ સરસ લખે છે. છપાય પણ છે.'

સાસુએ લંડન આવ્યાં પછી નોકરી છોડી દીધી હતી અને એનાનાં બે બાળકો – આભા અને અગ્નિવેશ – ને તે સંભાળતાં. વિપુલ વીમાનું કામ કરતો. એનાએ પણ પછી વીમાનું કામ કરવા માંડ્યું હતું. પહેલાં બન્ને ઘરનાં બધાં કામ સાથે કરતાં, પણ ઘરમાં સગવડો ને સાધનો વધ્યાં, પછી વિપુલ ઘરનાં કામોમાં ઓછી મદદ કરાવતો. જોકે 'મદદ' શબ્દ એનાને ખૂંચતો. ઘરકામ ફક્ત એની જ જવાબદારી હોય, અને વિપુલ તો સહાનુભૂતિને લીધે કામમાં સહાય કરતો હોય, એવો ભાવ એ શબ્દમાંથી જન્મતો. એક વાર ચર્ચા કરતાં તેણે કહેલું : 'પુરુષો બહારનું કામ કરતા હોય ત્યારે સ્ત્રીઓ ઘરનું કામ કરે; અને બન્ને એકબીજાના કામમાં મદદ પણ કરે, તે સરસ વ્યવસ્થા ગણાય. પણ બન્ને જ્યારે બહાર કમાવા જતાં હોય ત્યારે ઘરનાં કામો પણ બન્નેનાં સહિયારાં જ કહેવાય : એટલે ઘરનું કામ ફક્ત મારું જ છે, અને તું મને 'મદદ' કરે છે એવો ભાવ તારે મનમાં ન રાખવો જોઈએ. બન્નેનું કામ છે ને બન્ને કરીએ છીએ, શક્તિ ને ફાવટ પ્રમાણે કોઈ ઓછુંવત્તું કરે તે જુદી વાત છે, પણ ઘરનું કામ ફક્ત સ્ત્રીઓનું જ કામ છે એ વિચાર હવે આજના સમયમાં બંધબેસતો નથી.'

એનાને ચર્ચા કરવાની ટેવ હતી. તે શરમાળ કે સંકોચશીલ નહોતી. તે બેધડક બોલતી, નિર્ભયપણે દલીલો કરતી. તેની રીતભાત ધ્યાન ખેંચે તેવી

છટાદાર હતી. ભારતીય સ્ત્રીઓનાં પ્રમાણમાં તે કંઈક વધુ ઊંચી હતી. તેની દેહયષ્ટિ પ્રભાવક હતી. તેના શબ્દો હંમેશા વજન સાથે આવતા. તેની ને વિપુલની વચ્ચે ઘણી વાર ગરમ ગરમ ચર્ચા જામી પડતી. પણ તેથી તો જીવવાની મઝા આવતી. એના સ્વતંત્રપણે વિચાર કરે, માર્ક્સના સિદ્ધાંતોનું પૃથ્થકરણ કરે કે ક્યૂબાની ક્રાન્તિમાં રસ લે તે વિપુલને ગમતું. પણ 'મદદ' શબ્દની પાછળ રહેલા ભાવની એનાએ ચર્ચા કરી ત્યારે તેને જરા માઠું લાગી ગયું. સામે દલીલ કરવાને બદલે તેણે ખભા ઉલાળ્યા.

તે દિવસથી વિપુલના વર્તનમાં એક સૂક્ષ્મ ફેરફાર થતો હોવાનું એનાએ નીરિક્ષ્યું. એના સાથે અંગત બાબતો પર ચર્ચા તે ટાળવા લાગ્યો. અમેરિકાની રાજનીતિ પર કે ભારતના હરિજનોના પ્રશ્ન પર તે પહેલાંની જેમ જ ચર્ચા કરતો, પણ પોતાને ને એનાને અને ઘરને લગતી બાબતો પર તે બહુ ચર્ચા ન કરતો. 'મેં તેને મદદ વિશે જે કહ્યું હતું તે શું ખોટું હતું ?' એના વિચારતી. 'અમે સમાનભાવે, ખુલ્લા હૃદય સાથે જીવવાનું નક્કી કર્યું હતું, પછી આવું શા માટે ?' પણ પછી તેણે એ તાંતણાને આગળ લંબાવવાનું માંડી વાળ્યું. સાસુ કામમાં ઘણી મદદ કરાવતાં, તેથી પોતાને તકલીફ તો નહોતી જ. આ માત્ર સિદ્ધાંતનો પ્રશ્ન હતો.

પણ સાસુનેય એનાના વિચારોથી મૂંઝવણ તો થતી. બન્ને બાળકોને રમવા માટે એના સરખાં રમકડાં આપતી. કોઈ વાર આભા દડાથી, બેટથી રમતી હોય અને અગ્નિવેશ ઢીંગલીને સુવાડતો હોય એવુંય બનતું ! રસોડામાં બન્નેને બોલાવીને એના તેમને નાનાં નાનાં કામ સાથે શીખવતી. સાસુને આ પસંદ ન પડતું. 'અગ્નિવેશને તું શું કામ લોટ બાંધતાં શીખવે છે ?' તેમણે એક વાર નારાજીથી પૂછેલું.

એના સમજાવતી : 'જુઓ મા, દરેક માણસે પોતાની મૂળભૂત જરૂરિયાતોમાં સ્વાવલંબી થવું જોઈએ. અગ્નિવેશ મોટો થશે ત્યારે એને રસોઈ આવડતી હશે તો તેને કોઈ પર આધાર નહિ રાખવો પડે ને !'

'તો કેમ, અગ્નવેશ પરણશે નહિ ? એની વહુ એને રાંધીને નહિ જમાડે ?'

'પણ મા, ધારો કે, એની વહુ ઍર-હૉસ્ટેસ હશે તો ? અથવા વિમાનની

પાઇલટ હશે કે ચિત્રકાર હશે ને કહેશે કે હમણાં મારો "મૂડ" નથી રસોઈ કરવાનો, તો ?' તે સાસુને હસાવવાનો પ્રયત્ન કરતી. સાસુને થતું : હું કાંઈ જુનવાણી નથી. સ્ત્રીઓ નોકરી કરે એનો મને વાંધો નથી. હુંયે ભણાવતી જ હતી ને ! પણ સ્ત્રી છેવટે સ્ત્રી છે. એની સ્વતંત્રતાના વિચારને કાંઈ મર્યાદા હોવી જોઈએ કે નહિ ?

આભા-અગ્નિ મોટાં થતાં ગયાં એમ આ અશબ્દ ઘર્ષણ અંદર અંદર વધવા લાગ્યું. એના ઘણી વાર આભાને સાઇકલ પર ચીજવસ્તુ લેવા દોડાવતી, ત્યારે અગ્નિ ઘરમાં વાસણ ધોતો હોય કે ચટણી વાટતો હોય. આભાએ અમુક જ કામ કરવાં જોઈએ અને અગ્નિએ અમુક જ, એવું એના જરા પણ માનતી નહોતી. સાસુને થતું કે આ વધારે પડતું કહેવાય. અને એક વાર એનાએ અગ્નિને આભાના ફ્રૉકને બટન ટાંકી આપવા બેસાડ્યો ત્યારે તે સાસુ ભભૂકી જ ઊઠ્યાં : 'આભાનું બટન અગ્નિ ટાંકી આપે, એમ ?'

'પણ આભા ઘણી વાર એના ખમીસને બટન ટાંકી જ આપે છે ને !' એનાએ હસતાં હસતાં કહ્યું.

'તે આભા તો છોકરી છે ! તારે અગ્નિને સાવ છોકરી જેવો કરી મૂકવો છે ?'

'સાવ છોકરી જેવો એટલે કેવો ?'

'એટલે... એટલે...' સાસુને પોતાની વાત શબ્દોમાં મૂકવાનું બરોબર ફાવ્યું નહિ.

એના પ્રમાણમાં ઉદાર એવાં આ સાસુને દુઃખી કરવા નહોતી ઇચ્છતી. પણ બંધાયેલા વિચારો તોડવા તો પડે ! તેણે શાંતિથી કહ્યું : 'કોઈ કામ હલકું નથી, મા ! અને આપણે – તમે પણ સ્ત્રી જ છો, હુંયે સ્ત્રી છું. આપણાં કામને આપણે જ હલકાં ને ઊતરતાં ગણીશું ? સૌએ પોતાની જરૂરતનાં કામ શીખી લેવાં જોઈએ. અને નાનપણમાં બધાં જ બધાં કામ શીખી શકે છે. છોકરાઓને સીવતાં ન આવડતું હોય તો દરજીઓ દુનિયામાં હોત જ ક્યાંથી ? પણ દરજીઓ સીવીને પૈસા કમાય છે તેથી તેમનું કામ ઊંચું અને ઘરમાં સાંધવા માટે પૈસા નથી મળતા એટલે એ કામ નીચું – એવું થોડું જ છે ? અગ્નિને હું રસોઈ

પણ પૂરેપૂરી કરતાં શીખવવાની છું. જોજો ને, એક દિવસ એક દિવસ એ રસોઈ બનાવીને તમને જમાડશે !' તે હસી.

થોડાં વર્ષ પહેલાં આવું બન્યું હોત તો સાસુએ એની સાથે ઘણી જીભાજોડી કરી હોત. તે એના પર હુકમ ચલાવતાં નહિ કે મારા કહ્યા પ્રમાણે જ તારે કરવું જોઈએ એવો આગ્રહ કે અપેક્ષા રાખતાં નહિ. તે ભણેલાં હતાં એટલે દલીલો જરૂર કરતાં, પણ હવે તેમની શક્તિ ક્ષીણ થતી જતી હતી. એના પર તે વધુ આધાર રાખતાં થતાં જતાં હતાં. આ પરદેશમાં તેમને મળવા જવાનાં કે સમર્થન શોધવાનાં ઝાઝાં સ્થાન પણ નહોતાં. એના સાસુને બધી રીતે સાચવતી, છાપાં વાંચી સંભળાવતી, ફરવા લઈ જતી, તેમને માટે ખાસ સમય રાખતી. માત્ર પોતાની માન્યતાઓની બાબતમાં તે મક્કમ રહેતી. પણ કોઈક વાર તેને પ્રશ્ન વાગતો : મા તો વિપુલનાં છે, વિપુલ શા માટે એમને વધુ સમય નથી આપતો ? એ કેમ પાસે બેસીને એમને જરા હુલાવતો, ફુલાવતો, વસાવતો નથી ? પછી તે મન સાથે સમાધાન કરતી કે સ્નેહશીલ વ્યવહાર, બીજાની ઝીણી જરૂરિયાતો સમાજની શક્તિ – એ બધું વિપુલમાં ઓછું હશે. 'પુરુષો સ્વભાવે જ એવા હોય' એમ તે માનતી નહોતી. બાયોલૉજિકલ ભૂમિકાએ શરીરબંધારણ અને બાળકને જન્મ આપવાની બાબતમાં સ્ત્રી-પુરુષ વચ્ચે ભેદ છે તે કબૂલ. પણ, માનસિક સ્તર પર પુરુષ કંઈક વધુ આક્રમક હોય છે એ સિવાય બીજા ભેદો તો સામાજિક વ્યવસ્થા, પરંપરા, વાતાવરણનું સર્જન છે એમ વિવિધ નિષ્ણાતોના અભ્યાસો પરથી તેને સમજાયું હતું. રુચિભેદ હોઈ શકે, પણ તે વ્યક્તિગત, વર્ગગત નહિ. સાસુના વિચારો પણ, તે જ રીતે ઊછર્યાં, જીવ્યાં, જે વાતાવરણમાં પોષાયાં, તેને અનુરૂપ જ હતાં. તેમાં કોઈ મૂળભૂત સત્ય નહોતું.

સાસુને તો કદી લાગતું જ નહિ કે વિપુલ પોતાને પૂરતો સમય આપતો નથી. જાણે મા સાથેનો સંબંધ પણ ઘરકામનો એક ભાગ હોય, તેમ વિપુલે એ જવાબદારી ઘણીખરી એના પર મૂકી દીધેલી. એના પ્રકૃતિથી જ બીજા લોકો માટે કાળજી કરનારી સ્ત્રી હતી, પણ સાસુને એની ગણના નહોતી. એ તો ઊલટાનાં બબડતાં રહેતાં : 'નોકરી તે અમેય કરતાં હતાં... પણ વિપુલના પિતાની બધી સગવડ હું સાચવતી. એમને પાણીનો પ્યાલોય ભરવો ન પડતો, અને તું તો વિપુલના જમવાટાણે હાજર નથી હોતી. કામ કરે છે એ બરોબર,

પણ એનો એટલો જમવાનો સમય સાચવી લેતી હો, તો ?'

એનાને મનમાં તો ખરાબ લાગતું, પણ બહારથી તે હસી દેતી. 'જમવાનો સમય વિપુલનો જ સાચવવાનો, મા ? મારે નહિ ? કામ તો હું પણ કરું છું – કદાચ તેના કરતાં વધારે કરું છું.'

સાસુ ચિડાતાં. 'એમ વાતે વાતે સરખામણી કરાતી હશે ? ઘર તો પ્રેમ ને મમતાથી ચલાવાતું હોય. એમાં આવા વાદ કાંઈ વદવાના ન હોય.'

એના કહેતી : 'તો તમે ભૂલેચૂકેય વિપુલને કેમ નથી કહેતાં કે તે મારો સમય સાચવે ?'

એનાનાં કાવ્યો વિશે બીજાઓ પાસે વાત કરતાં વિપુલ ગૌરવ અનુભવતો. પણ એનાને ક્યારેક લાગતું કે વિપુલ ઘેર હોય ત્યારે પોતે લખવામાં ગૂંથાયેલી હોય તો તેને એ બહુ ગમતું નથી.

એક વાર એક સામયિકને કાવ્ય મોકલવાનું હતું. છેલ્લો દિવસ હતો. કાવ્ય લખાઈ તો ગયું હતું, પણ એક-બે પંક્તિઓ મઠારવાની હતી. એ વખતે જ માંદા અગ્નિવેશે કૉફી માગી. વિપુલ ઘરમાં જ હતો. એનાએ બૂમ પાડી : 'વિપુલ, અગ્નિવેશને કૉફી બનાવીને આપ ને ! હું જરા લખવામાં રોકાયેલી છું.'

વિપુલે કહ્યું : 'હા હા, તું તારે લખ ! અગ્નિને અને બીજા કોઈને પણ કાંઈ જોઈતું હોય તો બનાવી આપીશ. તને કંઈ આપું ?'

શબ્દો સાદા હતા, પણ શબ્દાર્થ સીધો ન હતો. એના વિપુલની પીઠ પાછળ તાકી રહી. માંદા દીકરા માટે કૉફી બનાવવી તે કાંઈ મોટી વાત તો નહોતી જ. તો પછી આ ચીડ શાની ?

બાળકોને ઉછેરવામાં વિપુલે પૂરતો સમય આપવો જોઈએ એવો એનાનો આગ્રહ હતો. પોતાને માટે તે વિપુલ પાસે આગ્રહ ન રાખતી પણ છોકરાંઓને તો બન્ને તરફથી પૂરતું વહાલ અને શીખવાનું મળવું જોઈએ ! મા અને બાપને તેમણે બધી જાતનાં કામ કરતાં જોવાં જોઈએ, જેથી આ કામ આનું ને આ તેનું, આ કામ કરાય ને આ ના કરાય – એવા ભેદ તેમના મનમાં ઊભા ન થાય. સાસુએ ત્યારે પણ વિરોધ નોંધાવેલો : 'રાખ હવે, પુરુષોને કાંઈ છોકરાં ઉછેરતાં આવડતું હશે ?'

પણ એના એક વાર સાસુને નિખિલને ઘેર લઈ ગઈ તો એ ચકિત થઈ

ગયાં. નિખિલ ટ્રેસી નામની અંગ્રેજ છોકરીને પરણેલો. તેને બે દીકરીઓ હતી. નિખિલ તેમને ટ્રેસી કરતાં વધુ સારી રીતે સાચવતો, રમાડતો, તેમની સાથે સંવાદ કરી શકતો. ટ્રેસીમાં બાળકોની સૃષ્ટિમાં પ્રવેશવાની એટલી આવડત નહોતી.

એ પછી સાસુ એ વિશે વધુ બોલતાં નહિ. પણ વિપુલમાં એક ફરક પડતો જતો હતો, તે એનાના ખ્યાલમાં આવ્યો. કારણ વગર તે ચિડાઈ જતો, કટાક્ષ કરી લેતો, પહેલાં કરતાં સાથ ઓછો આપતો. પછી એક દિવસ વિપુલની વાતમાંથી સમજાયું. એનાને તેના સ્વભાવ, કાવ્યો, છટાઓને કારણે વધુ લોકપ્રિયતા મળવા લાગી હતી, વીમાનું કામ પણ વધ્યું હતું, અને વિપુલે ટકોર કરી ત્યારે તેને ખ્યાલ આવ્યો કે તેની આવક વિપુલ કરતાં વધી ગઈ હતી.

સાસુને આ વાત જરા વહેલી સમજાઈ હતી, કારણ એક કાળે પતિનો વેપાર મંદ ચાલતો હતો અને પોતાને શાળાના પગાર ઉપરાંત, ટ્યૂશનોની પણ સારી આવક થતી હતી, ત્યારે પતિએ ટેબલ પર મુક્કો ઠોકીને કહેલું : 'મારા કરતાં મારી પત્નીની આવક વધારે હોય એ હું કાંઈ દિવસ ચલાવી નહિ લઉં.' અને પતિને પ્રસન્ન રાખવા તેમણે બધાં ટ્યૂશનો જતાં કરેલાં. પતિ પ્રામાણિક અને પરગજુ હતો, પણ ઘરમાં પોતાનું જ કહ્યું થવું જોઈએ તેવા આગ્રહવાળો હતો, ગુસ્સાવાળો હતો. એક હાક મારે તો પત્ની થરથરી જતી. આ વાત તેમણે એનાને કહી : 'પુરુષનો અહં નાજુક હોય છે. એને જરા પંપાળીને, સંભાળીને રાખવો જોઈએ.'

સાસુ સાથે સાધારણપણે તો એના વિનયથી વર્તતી, પણ એ દિવસે તે છેડાઈ પડી. 'પણ એવું શા માટે, મા ? હું વધારે કમાઉં છું તે કાંઈ મારો અપરાધ છે ? પુરુષનો અહં તો એણે પોતે ફુલાવેલો ફુગ્ગો છે. બાકી ભગવાને તો આપણને બધાંને સરખાં અને અધૂરાં સરજ્યાં છે. મારામાં વધારે આવડત હોય તો વિપુલ રાજી કેમ ન થાય ? પતિમાં ઘણી આવડતો હોય તો પત્નીઓ રાજી નથી થતી ?'

વિપુલે આ વિશે તેની સાથે ચર્ચા કરી હોત તો એનાની સબળ દલીલો સામે તે ટક્યો ન હોત. પણ તે તો ખુલ્લો થવાને બદલે, ઈર્ષ્યાથી ઘવાઈને ચૂપ અને વધુ બંધ થઈ ગયો. નાની નાની વાતોમાં હવે તેની ઈર્ષ્યા પ્રગટ થવા લાગી.

કોઈક વાર એના કામ પર જતાં કહે : 'વિપુલ, ગુલાબને પાણી જરા પાઈ દેજે ને ! મને આજે વખત રહ્યો નથી.' પણ સાંજે તે આવે ત્યારે તેને ખબર પડે કે પાણી પવાયું નહોતું. એક વાર તેણે વિપુલને પૂછ્યું તો બેદરકારીથી તેણે કહ્યું : 'તારા છોડનું તું જાણે, મને એવો વખત નથી.'

એના ડઘાઈ ગઈ. પહેલી વાર તેણે સાસુ પાસે ફરિયાદ કરી. સાસુએ ફરી એ જ કહ્યું : 'કોઈ પુરુષ, પોતાની પત્ની પોતાના કરતાં આગળ વધી જાય, તે સહન કરી શકતો નથી. તું જરા સંકોરાઈ જા, પછી જો, વિપુલ હતો તેવો પ્રેમાળ, આનંદી બની જાય છે કે નહિ ?'

એનાના કપાળમાં કરચલીઓ પડી. 'પણ એ ખોટું નથી મા ? મારી આવી ઈર્ષ્યા કરવી એ શું એને માટે અયોગ્ય નથી ? તમે એને કેમ સમજાવતાં નથી ? ખોટું એ કરે છે અને સજા મારે ભોગવવી ?'

ગુલાબનું વન હતું ત્યાં કાંટાળા બાવળ ઊગી નીકળ્યા. સંબંધે પહેરેલું પ્રેમનું કવચ એની તીક્ષ્ણ અણીઓએ ચીરી નાખ્યું. વિપુલે પોતાના મનોભાવો સંતાડવાનો જરાયે પ્રયાસ કર્યો નહિ. તે વધુ કડવો, વધુ આત્મકેન્દ્રી, વધુ દૂર થતો ગયો. એનાને વધારે માઠું લાગતું ગયું. તેને થતું : પુરુષનો અહં એવી તે કઈ બલા છે કે વિપુલ એને માટે ઘર વીંખી નાખવા તૈયાર થઈ ગયો છે ?

કોઈક વાર એનાને થતું – ભલે એને શાંતિ થતી હોય તો કામ છોડી દઉં. પછી બધી સખીઓની કથા યાદ આવતી. પોતે અન્યાયને નમતું નહિ આપવા માટે ગાંઠ વાળી હતી તે યાદ આવતું. સદીઓથી પુરુષે હંમેશાં પોતાની જાતને ચડિયાતી માની છે. સ્ત્રીઓએ પણ એ કબૂલ રાખ્યું છે. દરેક સ્ત્રીને મનમાં હોય છે : મારા કરતાં મારો પતિ વધુ ભણેલો હોવો જોઈએ; વધુ અક્કલવાળો, વધુ કમાતો, વધુ ઊંચો હોવો જોઈએ. ઉછીના અજવાળાથી ચમકવાની, પતિ કે સંતાનોની સિદ્ધિ વડે પોતાને સિદ્ધિમાન માનવાની સ્ત્રીઓને ટેવ પડી ગઈ છે – એનાએ હોઠ ભીડીને વિચાર્યું. આ બધું તૂત છે. સાથે રહેતા માણસોમાં ઓછાવત્તા ગુણો – આવડતો હોય, એમાં હુંસાતુંસી કરવા જેવું શું છે ? માણસ જેવો છે તેવો સ્વીકારવો જોઈએ. પ્રેમ મહત્ત્વની બાબત છે, કોણ કોનાથી ચડિયાતું છે તે નહિ.

તેની એક મિત્ર સાથે તેણે આ વાત કરી ત્યારે તેણે એક નવો મુદ્દો કહ્યો. પુરુષને પોતાનાં કરતાં પોતાની પત્ની વધુ કમાતી હોય, વધુ તેજસ્વી હોય, વધુ લોકપ્રિય હોય તો તે સહ્ય બનતું નથી, પણ પત્ની વધુ કામગરી હોય, વધુ સુંદર હોય, ઘરવ્યવસ્થામાં વધુ કુશળ હોય, તો તેમાં તેને કાંઈ વાંધો આવતો નથી. પૈસા સત્તાનું પ્રતીક છે. સત્તા, મોભો, દરજ્જો – જ્યાં જ્યાં સત્તાનું કેન્દ્ર છે તે તે સ્થાને પુરુષ પોતાનું પ્રતિષ્ઠાપન ઇચ્છે છે.

એનાને પરંપરાના પાયા પર નિશ્ચિત થયેલાં માળખાં કબૂલ નહોતાં. દરેકને પોતાની રુચિ, ઇચ્છા અનુસાર પોતાની ભૂમિકા પસંદ કરવાની તક મળવી જોઈએ એમ તે દૃઢપણે માનતી હતી. હવે પોતાના જીવનમાં પ્રશ્ન ઊભો હોય ત્યારે એમાંથી પાછાં પગલાં ભરવાનું એને નાલેશીભર્યું લાગ્યું. હું વિપુલથી બે વેંત નીચે હોઉં તો જ એ મને ચાહી શકે, મારી સાથે શાંતિથી રહી શકે ? એવો શરતી પ્રેમ, એવો શરતી સંબંધ શું એને માટે શોભાસ્પદ છે ?

પણ વિપુલ આ બધા વિશે વાતો કરવાની મનઃસ્થિતિમાં જરા પણ નહોતો. હવે તેનાથી વાતે વાતે એનાનું અપમાન થઈ જતું. છોકરાંઓ માનો પક્ષ લઈ દલીલો કરતાં, તેથી છોકરાંઓનાં અવાજ સાથે પણ તેનો અવાજ અથડાવા લાગ્યો હતો. સાસુ હજી ક્યારેક કહેતાં : 'એના, સુખી ઘર તૂટી રહ્યું છે. એક નાની વાત માટે જીદ ન કર.'

એના દુખી થઈને કહેતી : 'આ નાની વાત નથી, મા ! અને જીદ મારી નથી, વિપુલની છે. તમે એને કેમ કાંઈ કહેતાં નથી ?'

પછી લાંબા સમય સુધી બન્ને વચ્ચે કામ સિવાયની વાત જ ન થાય એવું બનવા લાગ્યું. એક જ છાપરા નીચે, જેને એક વાર ખૂબ ચાહેલો, તેવા માણસ સાથે આમ અજાણ્યાની જેમ રહેવાનું એનાને ખૂબ આકરું લાગ્યું. આના કરતાં છૂટાં થઈ જવું સારું – એવું પણ એના મનમાં ઊગવા લાગ્યું.

આ અકળામણમાંથી રાહત શોધવા તેણે કાવ્યોનો આશ્રય લીધો. એક વાર જર્મન કવિ પોલ સેલાનનાં કાવ્યોનું પુસ્તક તેના હાથમાં આવી ગયું. એનાં કાવ્યો વાંચીને તેને થયું : જર્મનીના બીજા ઘણા કવિઓ ગુજરાતીમાં આવ્યા છે, પણ આ નવો કવિ છે, તેનો ગુજરાતીને પરિચય કરાવવો જોઈએ.

થોડા દિવસ બધું કામ બંધ કરી તે અનુવાદ પાછળ જ લાગેલી રહી. 'તેં તારાં નેત્રો ખોલ્યાં અને મેં મારા અંધકારને જીવતો જોયો... જ્યારે મૌન એક જણ આવે છે અને ટ્યુલિપની દાંડલી તોડી નાખે છે, ત્યારે કોની જીત થાય છે ? કોની હાર ?

'દરવાજા બંધ થયા ત્યારથી મારી આંખો એની પાસે છે. એને તે વીંટીની જેમ પોતાની આંગળીઓ પર પહેરે છે.'

તે અનુવાદ કરતી ગઈ તેમ તેને વધુ ને વધુ આનંદ આવતો ગયો. કોઈ છાપે કે ન છાપે, આમ કાવ્યો સાથે એકાંતમાં સમય ગાળવો એ જ એક મોટું સુખ હતું.

વિપુલે શરૂઆતમાં ન જોયું કર્યું. પછી ફરિયાદ કરી : 'આટલો બધો સમય તું લખવામાં ગાળે છે, તે ઘર તરફ તારી કાંઈ ફરજ ખરી કે નહિ ? અમારા તરફ તો તું ધ્યાન જ નથી આપતી.'

પહેલાં ક્યારેક વિપુલે આવી ફરિયાદ કરી હોત તો એનાએ એની ચિબુક પકડી વહાલ કરી, લાડભર્યા શબ્દોમાં કહ્યું હોત : 'થોડો વખત મારા બદલે તું ઘર અને છોકરાંઓને નહિ સાચવી શકે ? હું કાવ્યોમાં ખૂબ ડૂબી ગઈ છું.' પણ અત્યારે તે એવું કહી શકી નહિ. તેને પણ હવે મનમાં ગુસ્સો આવતો હતો. કોઈક વાર શું હું મારા માટે થોડા દિવસ ન ગાળી શકું ? વિપુલને મારે માટે ખરેખર પ્રેમ હોય તો એ કેમ ન કહી શકે કે તું ઘરની ચિંતા કર્યા વગર લખ, હું બધું સંભાળી લઈશ ! છેવટે, કાવ્યસર્જન એ કાંઈ નાની નકામી બાબત તો નથી ! એ લખતો હોત તો મેં એને બધી સગવડ ન આપી હોત ?

પણ એક ખાઈ પડી હતી, એ ઓળંગી શકાઈ નહિ. હસતા-રમતા શબ્દો વડે ગુસ્સો હળવો કરી શકાયો હોત, પણ એવું થઈ શક્યું નહિ. એના દુઃખી હતી. વિપુલ નારાજ હતો. વધુ ને વધુ નારાજ થતો ગયો. 'કાંઈ નહિ, મારું લખવાનું પૂરું થાય પછી હું એને મનાવી લઈશ. હવે થોડું જ બાકી છે.' એનાએ વિચાર્યું.

એક સાંજે વિપુલ એના થોડા મિત્રોને લઈને ઘેર આવ્યો. એના ત્યારે લખતી હતી. તેમની વચ્ચે સાધારણ એવો નિયમ હતો કે જે ઘેર હોય તે

બહારથી આવનારને ચા બનાવી આપે. વિપુલ પહેલાં આવ્યો હોય અને એના મોડી ઘેર આવે તો વિપુલ એને માટે ચા બનાવી આપતો. પણ તે દિવસે એના ઊઠી નહિ. વિપુલ ખૂબ ધૂંધવાયો. પોતાને ને મિત્રો માટે તેણે ચા તો બનાવી, પણ પછી તેણે એ લોકોને જમવા રોકી લીધા. એના પાસે જઈને કહ્યું : 'એના, આ ત્રણે જણ આજે અહીં જમવાના છે.'

એના એક પ્રાસ શોધતી હતી. સેવન નાઇટ્સ હાયર, રેડ મેક્સ ફૉર રેડ – એનો અર્થ બેસતો નહોતો. તેણે વિપુલ કંઈક બોલે છે એ સાંભળ્યું પણ તેના શબ્દો તેના મગજમાં પ્રવેશ્યા નહિ. વિપુલ ગુસ્સે થઈ ગયો. નજીક આવી તેણે એની નોટનાં પાનાં ખેંચ્યાં. 'સંભળાતું નથી હું બોલું છું તે ? આખો દિવસ લખ લખ ને લખ. જાણે અમે કોઈ ઘરમાં છીએ જ નહિ !'

'પણ શું છે ?' એના ઊભી થઈ ગઈ.

'મહેમાનો જમવાના છે !'

એના આશ્ચર્યથી તેની સામે તાકી રહી. 'પણ વિપુલ, મારે – હું – લખવામાં છું. હું રસોઈ કરી શકું એવી મારી મનઃસ્થિતિ નથી. તું પ્લીઝ – એમને બહાર જમવા લઈ જા, અને નહિ તો તું ને આભા-અગ્નિ મળીને કંઈક સાદું બનાવી લો.' તેણે ફરી કલમ પકડી.

સાદો સંવાદ હતો. ટિનબંધ ખાવાનું ઘરમાં હતું. બાપ-છોકરાંઓએ મળીને ઘણી વાર રસોઈ કરી હતી, મઝા માટે રાંધવામાંથી રજા રાખીને અનેક વાર તેઓ બહાર જમવા જતાં. એમાં કશું નવું ન હતું. પણ તે દિવસે વિપુલ ભયંકર ગુસ્સો કરી બેઠો. 'એટલે ? લખવા માટે થઈને તારે અમને બહાર ધકેલી દેવાં છે ? તારે મન અમારા કરતાં કાવ્યો લખવાનું વધારે મહત્ત્વનું છે ?'

'તું આ શું બોલે છે, વિપુલ ?' એનાએ આર્તસ્વરે કહ્યું. 'મારાં કાવ્યો વાંચીને તો તું મારા પ્રેમમાં પડ્યો હતો.'

'પણ હવે એ કાવ્યો જ આપણા જીવનમાં આડે આવે છે. તું મહેરબાની કરીને કાવ્યો લખવાનું બંધ કરી દે, નહિ તો હું મગજ ખોઈ બેસીસ.'

'પણ લખવાનું... લખવાનું તો મારા લોહીમાં છે. તને ખબર છે વિપુલ...'

'તને મારે માટે પ્રેમ હોય તો કાવ્યો લખવાનું બંધ કરી દે.' વિપુલના

અવાજમાં દબાયેલી ધમકી હતી ? કે એનાને એવું લાગ્યું ? તેનો અવાજ પણ ઊંચો થયો. 'પ્રેમ હોય તો આમ કર ને પ્રેમ ન હોય તો તેમ કર – એમ કહેવું એ બ્લૅકમેલ કરવા જેવું છે, વિપુલ !'

'હું તને બ્લૅકમેલ કરું છું એમ ?' વિપુલ લગભગ ગરજ્યો. તેણે એનાનાં કાવ્યોની નોટબુક હાથમાં લીધી. 'આ તારાં નકામા ચિતરામણ માટે થઈને તું મારી પર આક્ષેપ મૂકે છે ? આ નકામાં કાગળિયાં માટે ?' તેણે નોટબુકનાં પાનાં ચરરર... કરતાં ફાડવા માંડ્યાં.

એનાએ જોરથી તેનો હાથ પકડી લીધો. 'મૂકી દે વિપુલ... મારી સાત દિવસની મહેનત છે એમાં.'

તેનો હાથ ઝટકાવી બાકી રહેલાં બધાં પાનાં એકીસાથે ફાડી નાખતાં વિપુલ બોલ્યો : 'સાત શું, સાતસો દિવસની મહેનત હોય તોય ફાડી નાખીશ. મારા કરતાં એ કાગળિયાંની કિંમત તને વધારે હોય એ હું કોઈ દિવસ કબૂલ નહિ રાખું.' વિપુલ ધડામ્ કરતો બારણું કરતો પછાડી દીવાનખંડમાં ચાલ્યો ગયો.

બંધ રૂમમાં, બત્તી કર્યા વગર એના ક્યાંય સુધી સ્તબ્ધ બનીને બેસી રહી. તેના હૃદયને કોઈએ હજાર શૂળો વડે જાણે વીંધી નાખ્યું.

વિપુલ મિત્રોને લઈ બહાર જમવા ચાલ્યો ગયો. મોડી રાતે ઘેર આવ્યો. ટીવીમાં સમાચાર સાંભળ્યા, અચાનક છાતીમાં દુખવા લાગ્યું. અને બેબાકળી એના ડૉક્ટરને બોલાવે તે પહેલાં તો હૃદયરોગના સખ્ત હુમલાથી પાંચ જ મિનિટમાં તેનું પ્રાણપંખી પિંજરમાંથી ઊડી ગયું.

•

૨૨

એક પ્રચંડ વાવાઝોડાની જેમ મૃત્યુ આવ્યું અને ઘડીક વારમાં ભયાનક ઊથલપાથલ કરીને ચાલ્યું ગયું. થોડા દિવસ પછી બહારથી તો શાંતિ પથરાઈ ગઈ, પણ અંદર હતી એક વેદનાભરી ઉજ્જડતા, ભય અને વીંખાઈ ગયેલા ભવિષ્યનો ભંગાર.

પણ બધું ફરી ઊભું તો કરવું પડશે. ભવિષ્યની રચના કરવી પડશે. એક જીવન વિલીન થઈ ગયું, પણ જીવનનો પ્રવાહ તો અખંડ છે.

જયાબહેન અત્યાર સુધી જાણ્યેઅજાણ્યે, વિપુલનાં મા હોવાને કારણે ઘરમાં પોતાનું અધિકારભર્યું સ્થાન અનુભવતાં હતાં. વિપુલ જતાં તેમના મનમાં ભયનો એક ઓળો પથરાઈ ગયો. હવે પોતે એનાને આશ્રયે હતાં. એના પોતાને પહેલાંની જેમ સાચવશે ? એનાની ન ગમતી વાતનો ખુલ્લો વિરોધ કરવાનું હવે પોતાથી બનશે ?

એનાને હજી પોતાને વિશે વિચાર નહોતા આવ્યા. તેનું હૃદય વિપુલથી ભરેલું હતું ! કેટલા પ્રેમથી, કોઈક વિશાળતાને બાથ ભડવાનાં સોણલાં સાથે બન્નેએ સહપ્રયાણ આદર્યું હતું ! મૃત્યુ જીવનનું એક અવિભાજ્ય અંગ છે જ; પણ એ આટલો વહેલો કેમ ચાલ્યો ગયો ? અને જતી વખતે અંતરમાં ગુસ્સો, કડવાશ, વિરોધભાવ લઈને ગયો. ઓહ, રોજેરોજ માણસ નજર સામે જુએ છે અને છતાં તેને ખાતરી નથી થતી કે પોતાનું મૃત્યુ પણ કોઈ પણ પળે આવી શકે છે. એવી ખાતરી થતી હોત તો માણસ જીવનની એકેએક ક્ષણને સંપૂર્ણતાથી, મધુરતાથી જીવવાનું નક્કી ન કરત ?

વિપુલ મૃત્યુ વખતે હૃદયમાં શાંતિ ને સમતા લઈને ગયો હોત તો પોતાનો શોક જરા ઓછો હોત ?

ફરી ફરી મન એકની એક વાત વાગોળ્યા કરતું હતું : વિપુલે આટલો ગુસ્સો

ન કર્યો હોત, તે આટલો તંગ ન રહેતો હોત, તો કદાચ આવું ન થયું હોત...

પણ કવિતા લખવી એ શું ગુનો છે ? દક્ષતાપૂર્વક કામ કરવું, લોકપ્રિય થવું, વધુ કમાવું – એ શું ગુનો છે ? પતિ માટે એ જો ગુનો ન હોય તો પત્ની માટે એ ગુનો કેમ કરીને હોઈ શકે ?

આઠેક દિવસ પછી એનાએ સાસુને કહ્યું કે કાલથી હું કામ પર જઈશ. જયાબહેનને રાહત થઈ કે એનાની આવક સારી હતી, નહિ તો ઘર ચલાવવાનું મુશ્કેલ બનત.

કામ પર જવાની તૈયારી કરતાં, એનાને શરૂના દિવસો યાદ આવી ગયા. બન્નેમાં ખૂબ ઉત્સાહ હતો. બન્ને બધાં કામ સાથે કરતાં. સાથે જ રસોડામાં જઈ ચા-કૉફી બનાવતાં, વાતે વાતે મજાક કરતાં, હસતાં. કામ કામ ન રહેતું – રમત રમતાં હોય એવું લાગતું. પોતે નાહવા ગઈ હોય ત્યારે વિપુલ નાસ્તા માટે ટેબલ તૈયાર કરતો, ઘણી વાર ગરમ ગરમ પૂરી બનાવી નાખતો. આ મારું કામ, આ તારું – એવા ભેદ હતા નહિ.

મુક્તિ ધીરે ધીરે, ટુકડાઓમાં કદાચ આવતી હશે – એનાએ શોકપૂર્વક વિચાર્યું. કામની બાબતમાં વિપુલને ખાસ ભેદભાવ નહોતો, પણ પોતાના કરતાં એના વધુ લોકપ્રિય હોય એ તેનાથી સાંખી શકાયું નહિ. પુરુષ સ્ત્રી કરતાં ચડિયાતો જ રહેવો જોઈએ – એવું એ માનતો હશે ? પણ એવી સરખામણી જ શા માટે કરવી જોઈએ ? બન્ને એકબીજા માટે, ઘર માટે, બાળકો માટે હોય – બન્નેની જે કાંઈ આંતરબાહ્ય સમૃદ્ધિ હોય તેનો લાભ એકબીજાને મળતો હોય, પછી આવી સરખામણી કરવાની જરૂર જ શી ? પુત્ર પોતાના કરતાં વધુ કમાય તો પિતા રાજી થાય છે. તો એ જ માણસ, પત્ની પોતાના કરતાં વધુ કાયમ તો રાજી કેમ થઈ શકતો નથી ?

એનો અર્થ એમ થાય કે પત્નીને એ પોતાની ગણતો નથી ?

શોકભર્યા હૃદયે તેણે કપડાં પહેર્યાં – હંમેશા પહેરતી હતી તે જ. પોતાની વ્યથાને વસ્ત્રો જેવાં બાહ્ય ચિહ્નોમાં પ્રગટ કરવાનું તેને હંમેશા છીછરું લાગ્યું હતું. પણ ચાંલ્લો કરવા જતાં તે એક ક્ષણ થોભી. કપાળે તે રોજ મોટો ગોળ લાલચટક ચાંલ્લો કરતી. ચાંલ્લા સાથે કેવી માન્યતા જોડાયેલી છે તેની તેને ખબર હતી. પણ તેને માટે ચાંલ્લો કપાળનો માત્ર એક શણગાર હતો અને

શણગારની કિંમત શણગારથી વધુ તેણે ગણી નહોતી. કપાળ પર નાનો-મધ્યમ-મોટો ચાંલ્લો કરી જોઈને, કપાળ કોરું રાખી જોઈને છેવટે તેણે મનોમન નક્કી કર્યું હતું કે પોતાનું કપાળ મોટા ચાંલ્લાથી વધારે શોભે છે. દરેક મનુષ્યની જેમ, કહો કે દરેક સ્ત્રીની જેમ, તેની પણ શણગાર દ્વારા એકમાત્ર ઇચ્છા ચહેરો વધુ દર્શનીય બની રહે તેટલી જ હતી. ચાંલ્લાને કે બીજા કોઈ જ શણગારને, કપડાંને કે કપડાના રંગને વિપુલ હોવા ન હોવા સાથે કાંઈ જ સંબંધ નહોતો.

પણ તેને ખબર હતી કે સાસુ પોતાના કપાળ પર ચાંલ્લો જોતાં જ હચમચી જશે. તે અને તેમના જેવી લાખો-કરોડો હિંદુ સ્ત્રીઓ માનતી હતી કે પતિ હોય ત્યારે સ્ત્રીની વેશસજ્જામાં તે બાબતની જાહેરાત થતી રહેવી જોઈએ અને પતિ ન હોય ત્યારે પણ તેણે પોતાના વેશ ને શણગાર કે શણગારના અભાવ દ્વારા સતત એ બાબતની જાહેરાત કરતાં ફરવું જોઈએ, કે તેનો પતિ હયાત નથી.

પુરુષો તો કદી પત્ની હોવાની કે ન હોવાની માહિતી પોતાનાં કપડાં પર, શરીર પર લઈને ફરતા નથી...તે બબડી અને સાસુ સાથે હવે કેવો સંઘર્ષ થશે તેની કલ્પના કરી રહી. એક પળ થયું, જવા દોને, ચાંલ્લો કરવાથી કે ન કરવાથી શો ફરક પડવાનો છે ? હું તો જે છું તે જ છું. પણ પછી યાદ આવ્યું. નક્કી કર્યું હતું કે સંઘર્ષના ભયથી કોઈ ખોટી વાત કબૂલ નહિ કરી લઉં. મારે ચાંલ્લો કરવો કે ન કરવો, તે ફક્ત મારી રુચિની વાત છે, મને ન ગમે ને હું ચાંલ્લો ન કરું તે જુદી વાત છે. પણ પતિ મૃત્યુ પામે એટલે ચાંલ્લો ન કરાય – એવી વાહિયાત માન્યતાને પોતે પોતાના આચરણ દ્વારા કદી ટેકો નહિ આપે.

તૈયાર થઈ, પર્સ લઈને તે બહાર નીકળી. સાસુ કંઈક કામમાં હશે ને પોતાને નહિ જુએ તો અત્યાર પૂરતી તો કડવાશની થોડી ક્ષણો ટળી જશે એવી આશા સાથે તેણે બૂમ મારી : 'મા, હું જાઉં છું.' અને પગમાં ચંપલ પહેર્યાં.

પણ જયાબહેન નજીકમાં જ હતાં. એના ઘરની બહાર પગ મૂકે તે પહેલાં જ તે ત્યાં આવી ગયાં. એનાને જોઈ આઘાત પામી મોટેથી બોલી પડ્યાં : 'હાય હાય, વિધવાથી ચાંલ્લો કરાય ?'

ઉંબર ઓળંગવા જતી સાસુનું વચન સાંભળી અટકી ગઈ. સાસુ ભણી ફરીને બોલી : 'કોઈ શાસ્ત્રમાં એવું લખ્યું છે કે વિધવાથી ચાંલ્લો ન કરાય ?'

પછી વળી જાણે યાદ આવ્યું હોય તેમ બોલી : 'અને ધારો કે એવું લખ્યુંયે હોય, પણ છેવટે એ શાસ્ત્રોયે પુરુષોએ જ રચેલાં ને ?'

હવે પોતે એનાને આશ્રયે છે એ લાગણીની જાણીઅજાણી પકડ મન પર હોવા છતાંયે જયાબહેનથી રહેવાયું નહિ. એક ચિત્કાર કરીને તે બોલ્યાં : 'આવા ને આવા વિચારોથી તેં મારા દીકરાનો જીવ લીધો.'

એક ક્ષણ એનાના અંતરમાં આગ સળગી ઊઠી. પણ બીજી જ ક્ષણે તેનું હૃદય દુઃખથી છલોછલ ભરાઈ ગયું. સાસુની વાતનો જવાબ આપવાનું મન થયું નહિ. પણ હવે એમની સાથે જ રહેવાનું છે; ના, હવે એમને પોતાની સાથે રાખવાનાં છે. આમ પણ કોઈનું મન પોતાના વિશેની ગેરસમજથી દુખી થયા કરે, એવી પરિસ્થિતિ તેનાથી સહન થતી નહિ. સ્વભાવથી તે બીજાઓ સુખી રહે એવી ઇચ્છા રાખનારી અને એ માટે શક્ય એટલી કોશિશ કરનારી સ્ત્રી હતી. અંદર જઈ, હાથમાંથી પર્સ બાજુ પર મૂકી ખુરશીમાં બેસી પડતાં તે શક્ય એટલી શાંત થઈને બોલી : 'એ માત્ર તમારો દીકરો જ હતો, મા ? મારો પતિ નહોતો ? મને શું એને માટે પ્રેમ નહોતો ?' તેનો અવાજ રૂંધાઈ ગયો. 'બોલો, બોલો, તમારા હૃદય પર હાથ મૂકીને કહો, તમે ખરેખર એમ માનો છો કે મને એને માટે પ્રેમ નહોતો ?'

જયાબહેન જરા પાછાં પડી ગયાં, પણ પોતાને સંભાળી લઈને બોલ્યાં : 'એમ નહિ, પણ તેં જરાક વધુ કાળજી લીધી હોત...?'

'કઈ કાળજી, મા ? ખરી વાત એ છે કે તમને મારે માટે પ્રેમ નથી અને એને પણ નહોતો. વિપુલ કરતાં મેં તમારું વધુ નજીકથી વધારે ધ્યાન રાખ્યું છે, પણ તમારે મન હું તમારા દીકરાની પત્ની જ છું, એથી વધારે કશું જ નહિ. હું તમને પૂછું – વિપુલની જગ્યાએ ધારો કે મારું મૃત્યુ થયું હોત, તો શું તમે વિપુલને કહેત કે તેં તારી જીદ અને અહંથી એનાનો જીવ લીધો ?'

એના ખુલ્લા વિચારોની હતી તેની જયાબહેનને ખબર હતી, પણ તે આટલી સ્પષ્ટતા ને હિંમતથી આવી વાતો ઉચ્ચારી શકે, તેનો તેમને અનુભવ નહોતો. તેમનું મોં ઝાંખું પડી ગયું.

'તમે તો ભગવાનમાં માનો છો. બધું ભગવાનની ઇચ્છા પ્રમાણે જ થાય છે તેમ કહો છો. તો કોઈનો જીવ લેવા જેવી પ્રચંડ શક્તિ તમે મારામાં શી રીતે આરોપી ?'

'તેના મન પર તાણ રહેતું હશે. એની જ તેના હૃદય પર અસર થઈ હશે. એ તાણ તારે કારણે હતી. તેં કવિતાઓ ન લખી હોત તો ન ચાલત ? પોતાના પતિના સુખશાંતિ કરતાં કવિતા લખવાનું વધારે મહત્ત્વનું છે ?' સાસુ પ્રયત્ન કરીને બોલ્યાં, પણ તેમને એનાના જવાબનો ભય લાગ્યો.

એનાને આખી વાતનો ખૂબ થાક લાગ્યો. સાસુની વાત સાંભળી ન સાંભળી કરીને ઘરમાંથી નીકળી જવાનું મન થયું. કામ પર જવાથી જરા સારું લાગશે. સારું છે કે આ લંડન છે, ભારતનું કોઈ શહેર નથી. ત્યાં તો લોકો 'હાય હાય' અને 'બિચારી' જેવા શબ્દોથી દયા બતાવીને જીવ ખાઈ જાત.

પણ હવે પોતાને સહન તો કરવું પડશે. પતિ ગુમાવવાનું દુઃખ જાણે ઓછું હોય તેમ લોકો પણ જાતજાતનાં વલણો વડે તેને દુખી કરશે. હવે ઘણી રીતે પરિસ્થિતિનો સામનો કરવો પડશે. એમાં થાકી ગયે, ભાગી છૂટ્યે નહિ ચાલે. પોતાના વિચારોનું તથ્ય તાર્કિક રીતે રજૂ કરવું પડશે.

એક ઊંડો શ્વાસ લઈ, તે સ્વસ્થ કંઠે બોલી : 'ઠીક, મારી વાત સમજો, મા ! એના મન પર તાણ હતું તે મારા કારણે કે એની પોતાની માન્યતાઓને કારણે ? હી વૉઝ અ વિક્ટિમ ઑફ હિઝ ઓન બિલિફ...આપણા સમાજમાં ઘણીબધી 'મિથ' છે. 'મિથ' એટલે સમજો છો ને ? પુરુષને હમેશાં લાગતું હોય છે કે તેણે સદાય આગળ જ રહેવું જોઈએ. તેણે કદી નબળા ન પડવું જોઈએ. નિષ્ફળ ન જવું જોઈએ. એનાથી રડાય તો નહિ જ. એનું પરિણામ શું આવે છે તે જુઓ ! કેટલા બધા પુરુષો હૃદયરોગ કે બીજા આકરા રોગનો ભોગ થઈ પડતા હોય છે ? આવો અહંકાર શું કરવા, મા ? બધા મનુષ્યોમાં અમુક શક્તિ હોય છે, અમુક નિર્બળતાઓ હોય છે, એ સ્વીકારવામાં શા માટે અભિમાન આડે આવવું જોઈએ ? રડી લેવામાં કશો વાંધો નહિ એમ પુરુષ માને, પોતે સદૈવ સામર્થ્યની પ્રતિમા બની રહેવાનો પ્રયત્ન ન કરે; સરખામણી, સ્પર્ધા, ઈર્ષ્યા, પોતે બધાથી આગળ રહેવો જોઈએ એવો આગ્રહ – એ બધાથી તે ગ્રસ્ત ન થાય તો તેને આટલી મોટી કિંમત ન ચૂકવવી પડે. વિપુલે પોતાની જીદ અને અહંકારનું વજન આટલું વધારી મૂક્યું ન હોત, તો...કદાચ...તેનું હૃદય એ ભાર નીચે તૂટી ગયું ન હોત.

'તમે કહો છો, પતિનાં સુખશાંતિ કરતાં લખવાનું કાંઈ વધારે મહત્ત્વનું નથી. ઠીક, આ દુનિયામાં હજારો-લાખો કલાકારો છે, લેખકો છે, સંગીતકારો

છે. તેમની પત્નીઓ ક્યારેય નથી કહેતી કે મારે માટે પ્રેમ હોય તો ચીતરવાનું કે ગાવાનું બંધ કરી દો. ઊલટાનું સ્ત્રીઓ તો તેમને મદદ કરે છે, તેમની ધૂનો, ખાસિયતો સંભાળી લે છે. ઘરના મોરચે પુરુષો આટલા નિશ્ચિંત હોય છે તેથી તેઓ પોતાનાં કાર્યોમાં પૂરું ધ્યાન આપી શકે છે અને સિદ્ધિઓ મેળવી શકે છે; સ્ત્રી ગમે તેટલું મહત્ત્વનું કામ કરતી હોય તોપણ પોતાનું ધ્યાન ને શક્તિનો અમુક ભાગ તો તેણે ઘર માટે આપવો જ પડે છે. તમે ટીવી પર વ્યવસાયી સ્ત્રીઓના ઇન્ટરવ્યૂ નથી જોતાં ? સ્ત્રી વિજ્ઞાની હોય, સંશોધક હોય કે સંસદસભ્ય હોય – બધા પ્રશ્નો પૂછ્યા પછી છેલ્લે એક પ્રશ્ન તો હંમેશા પુછાય જ કે તમારો વ્યવસાય અને તમારી ઘરની જવાબદારી : બેનો મેળ તમે કેવી રીતે કરો છો ? તમારું કામ ગૃહિણી ફરજની આડે નથી આવતું ?'

'તો તારું એમ કહેવું છે પુરુષો ઘરનું કામ કરે અને સ્ત્રીઓ કમાવા જાય ?' જયાબહેને જરા રુક્ષતાથી કહ્યું.

એના દુખી થઈ જઈને બોલી : 'એવો વાંકો અર્થ શું કરવાને કરો છો, મા ? મારું એમ કહેવું નથી કે આણે આ કામ કરવું કે તેણે આ કામ કરવું. પણ જીવનની વ્યવસ્થા એવી રીતે ગોઠવવી જોઈએ કે બેઉને પોતાની આવડત, પોતાની બુદ્ધિ, પોતાનાં સપનાંની સફળતા અનુભવાય. કોણે કયું કામ કરવું, તે સમાજ કે પરંપરા નક્કી ન કરી આપે, પોતે જ પોતાની રુચિ ને સમજથી નક્કી કરે. પુરુષનેય ઘરે રહીને ઘરનું કામ કરવાની છૂટ હોવી જોઈએ. પોતાની પર સંપૂર્ણપણે આધારિત થઈ રહેતાં કુટુંબોનો પુરુષોને પણ શું બોજ નહિ લાગતો હોય ? ઘર ને કુટુંબનું સર્જન કરવા સ્ત્રીપુરુષ બંનેની જરૂર પડે છે, તો ઘર ને કુટુંબની બધી જવાબદારી પણ બંનેમાં વહેંચાય તો તેમાં ખોટું શું છે ? હંમેશાં સ્ત્રી જ બધું વૈતરું કરે, હંમેશાં તે જ સેવામૂર્તિ, ત્યાગમૂર્તિ બનીને બધું જતું કરે, એવું શું કરવા ? કોઈ વાર એક જણ જતું કરે, કોઈ વાર બીજું...વિપુલને મારા લખવા સામે વાંધો નહોતો. એનું મૂળ કારણ તો જુદું હતું. તમે જ કહો, વિપુલને મારે માટે ખરેખર પ્રેમ હતો ? જેને માટે પ્રેમ હોય એની કદી ઈર્ષ્યા આવે ખરી ?'

જયાબહેન જવાબ આપી શક્યાં નહિ. એનાની વાત ખોટી નહોતી. ભગવાન આપણને દુઃખ-સંકટો મોકલે છે એથી વધારે દુઃખનો ભાર આપણે જ આપણી માન્યતાઓ વડે માથે ઊંચકી લેતાં હોઈશું ?'

તેમનો ઝંખવાયેલો ચહેરો જોઈ એના માયાળુતાથી બોલી : 'હું તમને દુઃખ લગાડવા નથી માગતી, મા ! પણ મને નવાઈ લાગે છે કે તમેય સ્ત્રી છો. આટલો બધો અન્યાય તમારી નજરે કેમ નથી ચડતો ? આપણે સ્ત્રીઓ જ આ અસમાનતાને કેમ ચાલુ રાખ્યા કરીએ છીએ ? આપણને એનું કેમ લાગી આવતું નથી ? મારો ચાંલ્લો જોઈને તમે આઘાત પામી ગયાં. પણ મને લાગે છે કે પુરુષોનું તો ધ્યાન પણ નહિ જતું હોય કે કોણ ચાંલ્લો કરે છે ને કોણ નથી કરતું. આપણે જ આ બધી નકામી કચકચ લઈને બેસીએ છીએ. સ્ત્રીઓને કોઈ મહત્ત્વની વાત વિચારવાની હોતી નથી તેથી જ તે તુચ્છ વસ્તુઓનું વળગણ લઈને ફરે છે.'

'પણ વિધવા ચાંલ્લો કરે તો પછી એ વિધવા છે કે સધવા તેની ખબર કેમ પડે ?'

'પણ કોને એવી ખબર પડવી જરૂરી છે, અને શા માટે ? પુરુષ વિધુર છે કે –' એના અટકી. સધવાની સામે કોઈ પુલ્લિંગી શબ્દ તેને જડ્યો નહિ. પત્નીવાળા પુરુષ માટે કોઈ શબ્દ નથી. એમ તો પત્ની વગરના પુરુષ માટે પણ નથી. 'ધવ' એટલે પતિ. સધવા એટલે પતિયુક્ત, વિ-ધવા એટલે પતિ વગરની. પણ પુરુષ માટે વિધુર શબ્દ છે. ધુરા વગરનો એટલે વિધુર તો પત્ની શું ધુરા છે ? નરસિંહ મહેતાએ પત્ની મરી જતાં ગાયેલું : 'ભલું થયું ભાંગી જંજાળ.' કોઈ સ્ત્રી પતિ મરતાં 'જંજાળ મટી' એવું પ્રગટપણે કહી શકે ? સ્ત્રીને તો પતિ મરતાં, પોતે મરી જવું પડતું, 'સતી' થવું પડતું. હવે એ શક્ય નથી, એટલે હવે એને અંદરથી ઉજ્જડ કરી મૂકવામાં આવે છે.

'મને તો એ સમજાતું જ નથી કે પુરુષ વિધુર થાય તેથી તેના જીવનક્રમમાં જો કોઈ ફરક પડતો ન હોય, તેનાં વસ્ત્રોમાં, કામમાં, સામાજિક મોભામાં ફરક પડતો ન હોય, તો સ્ત્રી માટે શા સારુ વિધવા થતાં બધું બદલાઈ જવું જોઈએ – તેની જીવંતતા, ઇચ્છા ને આનંદોનો અંત આવી જવો જોઈએ ?'

એનાએ ઊભા થઈને રૂમમાં આંટા માર્યા. ગમે તેમ પણ જયાબહેન થોડાંક ખુલ્લાં તો હતાં, શિક્ષિત હતાં. એના કામ કરવા જાય. વિપુલને 'તું' કહીને બોલાવે, ઘણા દિવસો લખવામાં ગાળે, એ વિશે તેમને કશો વાંધો નહોતો. પોતાને માટે થઈને તેમણે કદી એના પર હુકમ ચલાવ્યા નહોતા કે ત્રાસ

વરતાવ્યો નહોતો. સહેજ વધારે ધીરજ રાખું તો તે ચોક્કસ મારી વાત સમજી શકશે...

આંટા મારતાં તે અરીસા પાસે ઊભી રહી. 'દુનિયામાં આપણા કરતાં ચડિયાતા લોકો હોવાના જ. આજુબાજુના અગણિત લોકોનું ચડિયાતાપણું જો કબૂલ રાખી શકાતું હોય તો પત્નીનું શા માટે નહિ ?' તેણે સાસુ ભણી નજર નોંધી. 'તમને નથી લાગતું મા, કે આમાં તમારો પણ વાંક હતો ?'

જયાબહેન અસ્વસ્થ થઈ ગયાં. 'મારો વાંક ? મારો વાંક કઈ રીતે ? તું કહેવા શું માંગે છે ? તેમનો અવાજ તીણો થઈ ગયો.

'તમે જો માનતાં હોત કે સ્ત્રીએ હંમેશાં પુરુષથી ઊતરતાં રહેવાની જરૂર નથી, તો તમે વિપુલને એનું અભિમાન છોડી દેવા સમજાવ્યો ન હોત ?' એનાએ જવાબ આપ્યો. તેણે અરીસામાં પોતાનું મોં જોયું. આ ચહેરો ચાંલ્લા વડે ખૂબ શોભે છે. તેને મનમાં વિચાર આવ્યો. કંકુની ડબ્બી પાસે જ પડી હતી. તેણે આંગળી પર કંકુ લીધું ને તે સાસુની નજીક આવી. 'આપણી માન્યતાઓ ખોટી છે, આપણને દબાયેલાં રાખવા માટે બીજાઓએ એ આપણા મન પર ઠસાવી છે એમ ખબર પડે ત્યારે એ માન્યતાના કૂંડાળામાંથી આપણે બહાર નીકળી જવું જોઈએ. શું પહેરવું ને ઓઢવું તે નહિ, પણ સાચા વિચારો હોવા, પ્રેમાળ હૃદય હોવું એ જીવન જીવવા માટે વધારે જરૂરી છે.' અને તેણે સાસુ કાંઈ સમજે તે પહેલાં આગળ આવી કંકુવાળી આંગળી વડે તેમના કપાળમાં લાલ સુંદર ટપકું કરી દીધું. 'જુઓ, અરીસામાં જુઓ, તમારું મોં ચાંલ્લા વડે કેટલું શોભે છે !'

જયાબહેન બૂમ પાડી ઊઠ્યાં : 'એના, આ તેં શું કર્યું ?' તેમણે ઝડપથી કપાળ પરથી કંકુ ભૂંસી નાખ્યું.

'મુક્તિનું નાનકડું ચિહ્ન કર્યું છે, મા !' એનાએ શાંત અવાજે કહ્યું. ઘડીક વાર તે એમ ને એમ સાસુ ભણી જોતી ઊભી રહી, અને પછી પર્સ લઈને કામ પર ચાલી ગઈ.

*

તેના ગયા પછી જયાબહેને કપાળ ફરીથી ઘસીને ધોઈ નાખ્યું. એનાએ આ શું કરી નાખ્યું ? મોં લૂછીને તે અરીસા પાસે આવ્યાં. સામે એક ચહેરો હતો –

શુભ, નિષ્કલંક. ઘણાં વરસો સુધી એ કપાળ પર લાલચટક ચાંલ્લો વિરાજતો હતો. પોતાનું એવું ચાંલ્લાવાળું મોં પોતાને જ ખૂબ ગમતું હતું ! અચાનક એમને વિચાર આવ્યો : પતિ હોય તો જ ચાંલ્લો કરાય એવું તો નથી ! લગ્ન નહોતાં કર્યાં ત્યારે પણ હું ચાંલ્લો કરતી જ હતી ને ! ભૂતકાળના સુશોભિત ચહેરાની એક સુખદ યાદમાં તે ખોવાઈ ગયાં. અરીસામાં દેખાતું મોઢું, કરચલી વિનાનું કપાળ તેમને એક આમંત્રણ આપી રહ્યું. માત્ર પતિ જ સૌભાગ્ય છે એવું કોણે કહ્યું ? નરસિંહ મહેતાનું એક ભજન અચાનક યાદ આવ્યું : 'અખંડ સૌભાગી અમને કીધાં.' – સૌભાગ્યો ઘણી જાતનાં હોઈ શકે. એના જેવી પુત્રવધૂ હોવી – એ સૌભાગ્ય છે. તેમણે થથરતી આંગળી પર કંકુ લીધું, મનને સ્થિર કર્યું અને પછી કપાળની બરોબર વચ્ચે એક સરસ લાલ બિંદી કરી. કપાળ ખૂબ સોહી ઊઠ્યું.

કોઈક કપાળમાં ચાંલ્લો ન પણ શોભે; આ કપાળમાં શોભે છે. તેમણે બીજા કોઈનું એ કપાળ હોય એટલી તટસ્થતાથી વિચાર્યું. અંગ્રેજ સ્ત્રીઓ તો ચાંલ્લો નથી કરતી ! એ લોકો લિપસ્ટિક લગાડે છે. છેવટે બધું ચહેરાની શોભા વધારવા તો છે ! એક નાનું અમથું ગોળ લાલ ટપકું... કોઈને કરવું હોય તો કરે ને ન કરવું હોય તો ન કરે. એના વળી નિયમો શા ને નિષેધ શો ?

એકાએક તે ડૂસકાં ભરીને રડી પડ્યાં. ઊંડે ઊંડે થયું : પતિએ જ્યારે કહ્યું કે મારાં કરતાં તારી આવક વધારે હોય એ હું નહિ ચલાવી લઉં, ત્યારે પોતે ચુપચાપ માની લેવાને બદલે થોડો વિરોધ કર્યો હોત, દૃઢતાપૂર્વક ટ્યૂશનો ચાલુ રાખ્યાં હોત, તો વિપુલને કદાચ તેની ઈર્ષ્યા ને અહંકારમાંથી પાછો વળવા સમજાવી શકાયો હોત. પોતે તો એનાને જ વિપુલના અહંને પંપાળવા કહ્યું હતું. વિપુલને એની જીદ છોડી દેવા કહ્યું નહોતું.

ડૂસકાં ભરતાં ભરતાં જ તે પૂછી રહ્યાં : 'ભગવાન, તેં અમને માણસોને, અમારી માન્યતાના પિંજરામાં આવાં કેદી કેમ કર્યાં ?'

●

૨૩

એક દ્વાર બંધ થાય છે ત્યારે બીજું દ્વાર ઊઘડે છે એમ કહેવાય છે, પણ એનાએ તો એક દ્વાર બંધ થતાં, બધાં દ્વાર ફટોફટ ભિડાઈ જતાં અનુભવ્યાં. તેને હતું કે આ પશ્ચિમ છે, અહીં વિચારો વધુ મુક્ત, વધુ ઉદાર, વધુ તર્કયુક્ત છે. પણ આ વાતાવરણમાં પોતાની આગવી અસ્મિતા ને સંસ્કૃતિ ક્યાંક લુપ્ત થઈ જશે એવા ભયે અહીં વસતા ભારતીયો પોતાના રીતરિવાજોને વધુ ચુસ્તપણે વળગી રહ્યાં હતાં. વિપુલના મૃત્યુ પછી તેઓ એનાને વિધવાના શોકાકુલ વેશમાં જોવાની અપેક્ષા રાખી રહ્યાં હતાં.

પણ એનાએ પોતાની વેશભૂષા બદલી નહિ, ત્યારે એ લોકોને બધી માનમર્યાદા લોપાઈ જતી લાગી. 'હાય હાય, વિધવા થઈ તોયે કેવી લાલલીલા રંગની સરસ સાડી પહેરે છે !'

'શનિવારે હું સુપર માર્કેટમાં ગઈ ત્યારે મેં એને રસ્તા પર જોઈ હતી. જરીના મોટા પટ્ટાવાળી સાડી પહેરીને જતી હતી.'

'અરે, તે દિવસે વિલાયતખાંનો સિતારનો કાર્યક્રમ સાંભળવા અમે ગયાં, ત્યારે તો એ મંગળસૂત્ર પહેરીને ત્યાં આવી હતી.'

'મંગળસૂત્ર ?' સાંભળનારી બધી સ્ત્રીઓને મૂર્ચ્છા આવી જતી હોય એમ લાગ્યું. 'ખરેખર, એ હજી મંગળસૂત્ર પણ પહેરે છે ?'

'અને કપાળે મોટો ચટક ચાંલ્લો પણ કરે છે ! એને તો સહેજે ક્ષોભ-સંકોચ નથી !'

પોતાના વિશે થતી આ બધી વાતોની હવા કોઈક ને કોઈક દ્વારા એનાને કાને પહોંચી જતી. તેને ખૂબ ખરાબ લાગતું. હજી ગઈ કાલ સુધી આ બધાં લોકો હોંશથી તેને આવકારતાં હતાં, માન આપતાં હતાં અને પોતાની વચ્ચે એક કવયિત્રી છે એ વિશે અભિમાન લેતાં હતાં. 'હું તો હતી તેની તે જ છું' –

એનાને થતું. વિપુલના મૃત્યુથી મને જે દુઃખ થાય તે મારી અંગત બાબત છે. એ શોકને બાહ્ય રૂપે પ્રગટ કરવો જ જોઈએ એવાં ધારાધોરણ ઘડવાં અને એ રીતે મૃત્યુ જેવી અતિ ગંભીર ઘટનાના સંબંધમાં પણ યાંત્રિક વ્યવહાર ઊભો કરવો, એ મૃત્યુની પવિત્રતાનું અપમાન કરવા જેવું છે. તેને લાગતું કે આ બધી બહુ સાદી-સરળ બાબત છે. કોઈ પણ માણસ, જેનું મન ખુલ્લું ને સંવેદનશીલ હોય તે સહેલાઈથી આ સમજી શકે. પણ સ્ત્રીઓ... સ્ત્રીઓનાં મન આટલાં બંધ કેમ છે ?

એનાનું વીમાનું કામ મુખ્યત્વે હિંદુઓ, ગુજરાતીઓ વચ્ચે જ હતું. મોં પર કોઈ કશું કહેતું નહિ, પણ તેને ખ્યાલ આવ્યો કે પહેલાં જેવો આવકાર હવે તેને મળતો નથી. એનાને માઠું લાગતું. ગુસ્સો આવતો. કંઈ કંઈ કહી નાખવા તેનું મન તલસી રહેતું. અને એક વાર એક મિત્રને ત્યાં થોડા લોકો મળ્યા હતા ત્યારે એક સ્ત્રીએ તેના વિશે સહેજ ટકોર કરતાં તે આવેગથી બોલી પડી : 'બીજા લોકોએ શું પહેરવું ને શું નહિ એની તમે જેટલી ચિંતા કરો છો, તેનાથી અડધી ચિંતા પણ વિપત્તિમાં આવી પડેલાં મિત્રોને સહાયભૂત કેમ થવું તે વિશે કરશો તો મિત્રોને તો એથી લાભ થશે જ, તમારી પણ મનુષ્યતા ખીલશે.'

બધાં ક્ષણ વાર તો સ્તબ્ધ થઈ ગયાં. વાતાવરણ જરા તંગ થઈ ગયું. પેલી સ્ત્રીએ સહેજ ઉચ્ચ અવાજે કહ્યું : 'આપણે સ્ત્રીઓ જ જો આપણાં રીતરિવાજ ને રહેણીકરણી નહિ સાચવીએ તો આપણા સમાજનું, આપણી સંસ્કૃતિનું શું થશે ? પરદેશમાં આપણી સંસ્કૃતિ જાળવવાની શું આપણી જવાબદારી નથી ?'

બધાંની નજર એના પર મંડાઈ રહી. એનાથી પોતાની જાત પર કાબૂ રાખી શકાયો નહિ. તેનું ઊંચું ખુમારીભર્યું શરીર પણછની જેમ ખેંચાયું અને તેના મોંમાંથી ઝડી વરસી :

'મને ખબર છે, વિપુલના ગયા પછી પણ મારો વેશ મેં બદલ્યો નથી તેથી તમે મારી નિંદા કરો છો. પણ હું બંગડી પહેરું કે ચાંલ્લો કરું ન કરું તેથી હું શું વધુ સારી કે ઓછી સારી થાઉં છું ? એથી કરીને શું હું તમને નુકસાન કરું છું કે તમારા હિતને ઈજા પહોંચાડું છું ? અલંકારો તો આપણે આપણા કલા ને સુંદરતાના શોખ માટે શોધી કાઢ્યા છે. એક સમાજ તેના બાહ્ય નિયમો, રિવાજો ને આચારો પર ટકે છે કે તેની આંતરિક નીતિમત્તા પર ? અને આ નીતિમત્તાનો આધાર યાંત્રિક વ્યવહારો છે કે સત્યનિષ્ઠા, કરુણા, નિઃસ્વાર્થ પ્રેમ ? આપણા

હૃદયમાં શું સાચી લાગણી, કોઈના દુખે દુખી થવાની સંવેદના છે ? કોઈનું મૃત્યુ થતાં આપણે સરસ મઝાનાં ઊજળાં ઈસ્ત્રીબંધ કપડાં પહેરી શોક પ્રગટ કરવા દોડી જઈએ છીએ, પણ આપણા દિલમાં સાચી સહાનુભૂતિનું એક ટીપુંયે હોય છે ? આપણે તો સાદડીમાં એક વાર જઈ આવીએ ને દિલાસાનાં બે વેણ બોલી આવીએ, એટલે કર્તવ્ય સમાપ્ત થઈ ગયું માનીએ છીએ. મૃત્યુ પછી એ કુટુંબમાં શી તકલીફો ઊભી થ[illegible]. અને એમને કોઈ મદદની જરૂર છે કે નહિ તેનો વિચાર પણ કરતાં નથી. આપણે ટીકા-નિંદા કરીએ છીએ પણ પ્રેમનો કે સહાયનો હાથ લંબાવતા નથી. આ બધો નર્યો દંભ ને દેખાવ નથી ? બીજા લોકો શું કરે છે ને શું નહિ તેની પંચાત કરવાને બદલે આપણે થોડા ઓછા સ્વાર્થી બનીએ, થોડા વધુ પ્રેમાળ, લોકોને સમજવામાં થોડા વધુ ઉદાર ને ખુલ્લા થઈએ તો આપણાં સમાજ ને સંસ્કૃતિ વધુ મજબૂત બનશે અને આપણું પોતાનુંયે જીવન બે તસુ ઊંચું ચડશે.'

ખંડમાં ખૂબ ચણભણાટ વ્યાપી ગયો, પણ તેઓ પોતાની પ્રતિક્રિયા શબ્દોમાં વ્યક્ત કરે તે પહેલાં એના ત્યાંથી ચાલી ગઈ.

આ ધડાકો કર્યા પછી હવે આ જૂથ પાસે કામ માટે કે સહજ મૈત્રીસંબંધે પણ જવાનું અસંભવિત હતું. એનાના બંડખોર વિચારોની વાતો બધે પહોંચી ગઈ હતી. પુરુષોને બહુ વાંધો નહોતો પણ સ્ત્રીઓને ગળે આ વિચારો ઊતરવાનું મુશ્કેલ હતું, નાનાં મિલનો ને ઉત્સવો માટેનાં આમંત્રણો હવે ઓછાં થવા લાગ્યાં. એનાને એની બહુ ચિંતા નહોતી, પણ આમાંના મોટા ભાગના લોકોની સાથે તેને સ્નેહ-સંબંધ હતો. પ્રસંગોપાત્ત એમાંનાં ઘણાંને તેણે નાનીમોટી સહાય કરી હતી, પણ આજ એ બધાંએ પોતાનાં હૃદય સંકોડી લીધાં હતાં. ધારો કે મારા વિચાર તેમને સ્વીકાર્ય ન હોય, પણ પોતાથી ભિન્ન વિચારો હોવા છતાં સંબંધ ટકી રહે તો જ એ ખરી મૈત્રી ગણાય ને ! તો શું આટલાં બધાં વરસનો આ બધાં સાથેનો ઘરોબો માત્ર ઉપરછલ્લી, નાનો-શો મતભેદ થતાં નાશ પામનારી બાબત હતી ?

તેનું વીમાનું કામ આ બધાં વચ્ચે જ હતું, એટલે હવે એ કામ ઓછું થવા લાગ્યું. પુરુષોની તેના પ્રત્યેની દૃષ્ટિ બદલાવા લાગી. વિપુલના જતાં તેની એકલીની કમાઈ પર જ ઘર ચલાવવાનું હતું. અને એ આવક પણ ઓછી થવા લાગી. હવે તે સાંજે ઘેર આવતી ત્યારે થાકેલી ને નિસ્તેજ દેખાતી. તેના મનમાં

એક દ્વિધા સળવળવા લાગી. જે બન્યું અને જે બની રહ્યું છે તેમાં શું મારો વાંક છે ? લોકો પરંપરા પ્રમાણે, પૂર્વજો ભૂતકાળમાં પોતાની સમજથી જે ચોકઠાં ઘડી ગયા તેમાં ગોઠવાઈને જીવે છે. સમાજથી અલગ પડી જવાના, અસ્વીકૃત થવાના ભયે, જે સાચું ને યોગ્ય લાગતું હોય તેને મનમાં ભંડારી દઈને જીવે છે. ગતાનુગતિકતાની આ જીર્ણ દીવાલો વચ્ચે ઊભાં રહી પોતે એક શંખ ફૂંક્યો છે અને થોડી ઈંટો ખરી પડી છે. મેં આ બરોબર કર્યું છે ?

'હું મૃત્યુ પામી હોત તો વિપુલને આવું કાંઈ સહન કરવું ન પડત. લાગણીને કારણે તેને દુઃખ થાત તે જુદી વાત છે, પણ સામાજિક સ્તરે તેને કશી હાનિ વેઠવી ન પડત.' – તેના મનમાં એક કટુતા વ્યાપી જતી. ઘણી વાર હવે તે સાંજે આવી, એકલી એકલી વિચારોમાં ખોવાયેલી બેસી રહેતી.

જયાબહેન આ જોતાં ને તેમનું હૃદય દ્રવતું. ઊતરતા અંધારામાં વરંડામાં છાયામૂર્તિ જેવી એકલી બેઠેલી જોઈ તેમનો સ્નેહ ઊભરાઈ આવતો. અરે, મેં તો વિપુલને જ મારો આધાર માન્યો હતો, પણ તેને તો મારી પાસે શાંતિથી બેસવાની ફુરસદ જ ક્યાં મળતી ? મારી જરૂરિયાતો તરફ તો એના જ ધ્યાન આપતી, તે જ મારી વાતો ને ફરિયાદો સાંભળતી. તેમના મનમાં એના વિશે એક નવી દૃષ્ટિ અને નવા ભાવનો ઉદય થયો. એ વહુ અને હું સાસુ...એવી સ્થગિત-બંધિયાર લાગણીઓમાંથી તેમનું હૃદય મુક્ત થવા લાગ્યું, સંબંધના એક નવા સૂર્યોદયથી સીંચાઈને તે વધારે જીવંત બન્યાં અને એના પ્રત્યે વધારે સ્નેહથી વહી રહ્યાં.

સાસુના આ રૂપાંતરથી એનાને ઘણું બળ મળ્યું. આભા ને અગ્નિ પણ નવી આવી પડેલી પરિસ્થિતિ સમજીને એને સાથ આપતાં. પણ આર્થિક મુશ્કેલી વધવા લાગી. એના ચિંતાથી ઘેરાઈ રહી.

એક દિવસ રોબ તેને મળવા આવ્યો. રોબ વિપુલનો એક નવો મિત્ર હતો.

'એના, તારે આમ ભાંગી પડવું ન જોઈએ.' એનાનો ઉદાસ ચહેરો જોઈને રોબે કહ્યું : 'હજુ તો તારી ઉંમર નાની છે.'

એનાની આંખમાં ભીનાશ તરી આવી. 'છોકરાંઓ હજી ભણે છે. મારે કેમ બધી વ્યવસ્થા કરવી તે સૂઝતું નથી.'

'તું શોકમાંથી બહાર નીકળીશ તો કંઈક સૂઝી આવશે. વિપુલ કાંઈ પાછો

આવવાનો નથી, પણ તારે હજી જીવવાનું છે. તું આમ નંખાઈ જઈશ, તો તારો વ્યવહાર કેમ ચાલશે ?'

જેમને પોતે સ્નેહ આપેલો તે લોકોએ તેને તજી દીધી હતી. તેવે વખતે પરદેશના એક અલ્પ-પરિચિત માણસના મોંએથી કાળજીનાં વેણ સાંભળી એનાનું હૃદય ભરાઈ આવ્યું. તે કૃતજ્ઞ નજરે રોબ ભણી જોઈ રહી. કદાચ એની દ્વારા નવા સંપર્કો, નવું કામ મળે.

'અમારું એક ગ્રુપ છે, ત્યાં આવતી જા. તારું મન હળવું થશે.'

'શાનું ગ્રૂપ છે તમારું ?' એનાએ પૂછ્યું.

'આવીશ એટલે ખબર પડશે. જરા રૂઢિ બહારનું છે, પણ તું કાંઈ બહુ રૂઢિચુસ્ત નથી. ત્યાં તને નવા માણસોનો પરિચય પણ થશે. તારી નિરાશા ને થાક ત્યાં ઊતરી જશે.'

એના જરા વિચારમાં પડી, પણ તેને આત્મવિશ્વાસ હતો કે અપરિચિત લોકો પર પોતાની પ્રામાણિકતા અને દક્ષતાની અસર પડશે અને તેમની પાસેથી કામ મળી રહેશે. તેણે પ્રયત્ન કરી જોવાનું નક્કી કર્યું. અને એક દિવસ રોબે આગ્રહપૂર્વક તેને પોતાના ગ્રુપની પાર્ટીમાં આવવાનું આમંત્રણ આપ્યું ત્યારે તેણે તે સ્વીકારી લીધું.

*

શેરોલને ત્યાં પાર્ટી હતી.

રોબે ઓળખાણ કરાવી. આ ક્લારા, આ લિન, આ જ્યૂડી, આ એવેલિન, આ જૉર્જ ...વીસ-પચીસ જણનો સમૂહ હતો. એના એમાંના કોઈ-કોઈને અછડતાં ઓળખતી હતી. બધી જ સ્ત્રીઓ ૩૦-૩૨ ઉંમર આસપાસની હતી, આકર્ષક હતી અને પોતાને વધુ આકર્ષક બનાવવા તેમણે ઠીકઠીક મહેનત લીધી હતી. એના વીમાના કામ માટે જે થોડાંક પરદેશી ઘરોમાં જતી ત્યાં તેણે આ સ્ત્રીઓને જોઈ હતી. ત્યારે એમના મેક-અપ વગરના ચહેરા, હાથમાં કામનાં કોઈક ને કોઈક સાધનો અને આંખોમાં એક અંતહીન થાક જોઈને તેના મનમાં હંમેશા વિષાદની લાગણી જન્મતી.

પણ આજે એ બધામાં જાણે આમૂલ પરિવર્તન થઈ ગયું હતું. સુંદર, કદાચ આ પાર્ટી માટે જ ખાસ ખરીદેલાં વસ્ત્રો, અલંકારો, અવનવીન કેશસજ્જા,

આંખનાં પોપચાં પર રંગછાયા, ગાલ પર લાલી ઘેરા રંગથી રંગેલા હોઠ – આ બધાંને લીધે તેઓ છટાદાર અને મોહક લાગતાં હતાં.

એના ક્લારા, જ્યૂડી અને કેરોલિન પાસે જઈને બેઠી. કેરોલિને ત્રણે માટે ગ્લાસમાં બિયર રેડ્યો અને એના સામે જોયું. 'હું ઓરેન્જ જૂસ લઈશ,' એના બોલી અને પોતાને માટે એક ગ્લાસ લઈ આવી. ત્યાંના ગુજરાતી સમાજમાં મદ્યપાન સામાન્ય હતું, પણ એના ને વિપુલ કદી પીતાં નહોતાં.

'શું થયું પછી તારી નોકરીનું ?' જ્યૂડી એ પૂછ્યું.

'છોડી દીધી.' ક્લારાએ કહ્યું. 'મને બહુ ફાવતું નહોતું.'

'મને પણ મારા કામમાં "સ્ટ્રેઇન" પડે છે.' કેરોલિને કહ્યું. 'પણ બિલ કહે છે કે બીજું કામ ન મળે ત્યાં સુધી છોડતી નહિ.' તે હસી. 'તેને બીક લાગે છે કે ઘરનો બધો આર્થિક ભાર હું તેના પર નાખી દઈશ.'

'મને તો નોકરી કરવી ગમતી જ નથી. માથા પર ઘણો બોજ રહે છે. આવડશે કે નહિ, બીજા લોકોના જેટલી સારી રીતે કામ કરી શકીશ કે નહિ, એક વાર ટોચ પર પહોંચીશ તો પછી એ સ્થાન ટકાવી રાખી શકીશ કે નહિ – એવો અજંપો મનમાં રહ્યા કરે છે. એના કરતાં ઘરનું કામ કરવું સારું.' જ્યૂડી બોલી અને તેણે પોતાનો ગ્લાસ ફરી ભર્યો. 'પણ માત્ર ગૃહિણી બની રહેવાનું પોસાય નહિ.' એ હસી. 'એક જણની કમાણી પર સરખી રીતે જીવી શકાય નહિ આ મોંઘવારીમાં.'

'ચાર્લી ઘણું કમાય છે. એટલે હું નોકરી છોડી શકી, પણ મને ભય તો છે જ...' ક્લારા બોલી.

'શાનો ભય ?' એનાએ ધીમેથી પૂછ્યું.

ક્લારાએ એની વાદળી સુંદર આંખો એના પર ઠેરવી. 'આવતી કાલે ચાર્લી મારાથી વધુ નાની, વધુ જુવાન, વધુ સુંદર સ્ત્રીના પ્રેમમાં પડે ને મને છૂટાછેડા આપી દે, તો મારું શું થાય ?'

આ બધી સ્ત્રીઓ એનાની ઉંમરની જ લગભગ હતી. તેમનાં માબાપોએ તેમને સ્વતંત્ર, સ્વનિર્ભર થવાની તાલીમ નહોતી આપી. તેમને તો હંમેશાં એમ જ શીખવવામાં આવેલું કે લગ્ન પછી પતિ તમારી બધી સંભાળ લેશે, તમારે કશી ચિંતા નહિ કરવી પડે. યુવાન થતાં આ સ્ત્રીઓએ સિમોન દ બુવાનાં

પુસ્તકો વાંચેલાં. બેટી ફ્રીદાનનું 'ફેમિનિન મિસ્ટિક' વાંચી, કેવળ ઘર-વરમાં મર્યાદિત રાખવાને બદલે નવાં નવાં ક્ષેત્રમાં પોતાની શક્તિથી ઝળકી ઊઠવાનાં સ્વપ્નાં સેવેલાં. પહેલાંની પેઢીની સ્ત્રીઓએ જે રીતે જીવન વિતાવેલું તેના કરતાં જુદું, વધુ આત્મગૌરવવાળું જીવન તેમને જોઈતું હતું. સ્વતંત્ર થવા માટે તેઓ સ્વતંત્ર હતા. તેઓ ઘરના સંચાલનમાં પોતાનો આર્થિક ફાળો આપતાં હતાં, પણ અંતરના ઊંડાણમાં તેમને સ્વતંત્રતાનો ભય લાગતો હતો. પતિ કે પુરુષના ટેકા વગર તેઓ પોતાને અસલામત અવુભવતાં હતાં. પતિની એ અપેક્ષા રહેતી કે પત્નીએ પણ કમાવું જોઈએ. સિમોન દ બુવાનું પેલું પ્રસિદ્ધ વાક્ય એ બધાં જાણતાં હતાં કે : 'સ્ત્રીઓ પુરુષનું આધિપત્ય સ્વીકારી લે છે, જેથી સ્વતંત્રપણે જીવન જીવવામાં જે સંઘર્ષ ને પરિશ્રમ કરવાં પડે છે તે ટાળી શકાય.'

ના, આ સ્ત્રીઓ પણ સ્વતંત્ર નહોતી – એનાએ વિચાર્યું. બહારના કામની તાણ અનુભવાતી હતી. ઘરનું જીવન સાંકડું લાગતું હતું. સંબંધમાં સલામતી નહોતી. તેમાંનાં મોટા ભાગનાં લગ્નોમાંથી છૂટા થયેલાં, 'સિંગલ' હતાં. ભારતીય સ્ત્રીઓ કરતાં તેમના પ્રશ્નો જુદા હતા, પણ તેઓ પુરુષો સાથે સમાન ભૂમિકાએ જોડાયેલાં નહોતાં.

હવે કોઈકે રેકર્ડ વગાડવા માંડી. વાતાવરણમાં એક માદકતા ફેલાવા લાગી. બધાંએ જ ત્રણ-ચાર પ્યાલા બિયરના પી લીધા હતા. તેમના ગોરા ચહેરા પર મસ્તીની ચમક આવી ગઈ હતી.

કેસરી રંગના ડ્રેસમાં જ્યૂડીનો ગૌર દેહ પારિજાતના ફૂલ જેવો દેખાતો હતો. જૉર્જ તેને તાકી રહ્યો. કેરોલિનની આંખો એડવર્ડ પર મંડાઈ. એડવર્ડે એ જોયું ને તે આગળ આવ્યો. અનાયાસે વચ્ચેની જગ્યા ખાલી થઈ ગઈ અને કેરોલિન અને એડવર્ડ નૃત્ય કરવા લાગ્યાં.

ધીમે ધીમે બધાંએ એક એક સાથીદાર શોધીને નૃત્ય કરવા માંડ્યું. એ લાવણ્યયુક્ત શરીરો, ઢળેલી પાપણો, મૃદુ શબ્દો, હવા જ સાંભળે એવાં હાસ્યો...એના બાજુએ બેઠી બેઠી જોઈ રહી.

બધાં ઉત્તેજિત હતાં. જાણે તેમને પૂરો ખ્યાલ નહોતો કે શું બની રહ્યું છે. સંગીતની લહરીઓમાં તેઓ તરતાં હતાં, ખેંચાતાં હતાં, વહી જતાં હતાં.

બીજાના પતિ કે બીજાની પત્નીઓ સાથે વાત કરતાં તેમનામાં વધુ ચતુરાઈ, વધુ મોહકતા ને માધુર્ય પ્રગટ થતાં હતાં.

રેકર્ડ બદલાઈ, ગીતનો લય બદલાયો, જોડીઓ બદલાઈ. હવે કોઈ કોઈનો પતિ નહોતો, કોઈ પત્ની નહોતી. અહીં માત્ર સ્ત્રીઓ હતી ને પુરુષો હતા. અહીં હવે ફક્ત શરીરો હતાં. ઇચ્છાથી ધબકતાં, સળગતાં, રોમેરોમ તૃષિત, તૃપ્તિ શોધતાં શરીરો...

એક જોડું નાચતાં નાચતાં એનાની નજીક આવી ગયું. એનાએ જોયું. પુરુષનો હાથ સ્ત્રીના હાથ પર દબાયો. એમાં એક પ્રશ્ન હતો. એક આગ્રહ હતો. સ્ત્રીએ પાંપણો ઊંચકી. એ નજરમાં સંમતિ હતી. નાચતાં નાચતાં તેઓ બારણાં પાસે પહોંચ્યાં ને ત્યાંથી બહાર ચાલ્યાં ગયાં.

ક્લારા ને રોબ નાચતાં થાકી ગયાં, એનાની બાજુમાં આવીને બેઠાં. બન્ને કોલેટને જિમ સાથે નાચતી જોતાં હતાં.

'કેવી સરસ ગરદન છે એની ! ક્લારાએ ઈર્ષ્યાપૂર્વક કહ્યું.

'હાથ વીંટાળી દેવાનું મન થાય એવી !' રોબ સ્વપ્નિલ આંખે બોલ્યો.

એકાએક એનાએ પોતાના હાથ પર કોઈનો હાથ અધિકારપૂર્વક મુકાતો અનુભવ્યો. તે ચોંકી ગઈ. ક્લારા ફરી નાચવા લાગી ગઈ હતી. રોબ તેની બહુ નજીક સરી આવ્યો હતો. 'ચાલ આપણે નૃત્ય કરીએ.' તેણે એનાની આંખમાં આંખ પરોવીને કહ્યું : 'ચાલ, તારો બધો વિષાદ ધોવાઈ જશે.'

એનાએ હળવેથી પોતાનો હાથ સેરવી લીધો. 'હું દિલગીર છું રોબ, મને નાચતાં આવડતું નથી.' તે દૂર સરી અને તેણે ડોકું ધુણાવ્યું. 'હું હવે જઈશ.' તે ઊભી થઈ. 'હું થાકી ગઈ છું. મને મોડી રાત સુધી જાગવાની ટેવ નથી.'

'ખરી મઝા તો હવે આવશે. હવે જ આત્મવિસ્મૃતિનો આનંદલોક ઊઘડશે. આજે બધો ભય છોડી દે, બધાં નિયંત્રણો ફેંકી દે. જીવનની મઝા માણ. થોભ, હું તારે માટે બિયર લઈ આવું...'

•

૨૪

રોબ બિયર લેવા ગયો કે એના ઊભી થઈ. કોઈનું તેની તરફ ધ્યાન નહોતું. હવે ત્રણ-ચાર જણને બાદ કરતાં બધાં જ નૃત્યમાં જોડાયાં હતાં. સૂઝન થાકીને બહાર નીકળી આવી હતી ને બારી પાસે ઊભી ઊભી શેમ્પેન પીતી હતી. લૉવેલ એક સોફામાં બેઠો હતો ને ધીરે ધીરે ડોલતો હતો. બધાં જ લયમાં ચકચૂર હતાં.

રોબ પ્રામાણિકપણે જ માનતો હશે કે મન-હૃદયને હળવાં કરવાનો આ એક નિશ્ચિત ઉપાય છે, – એનાએ વિચાર્યું. તે અને તેના જૂથનાં આ બધાં જ ... સુલભ સુખની શોધના વેગીલા વહેણમાં આ બધાંની જીવનધારા એકત્ર થતી કે વધુ વીખરાતી હતી ? રોબ મને સહાયરૂપ થવા માગતો હતો, પણ આ માર્ગ મારો નથી.

તે ઊભી થઈ. સૂઝનને કહ્યું : રોબને કહેજે હું જાઉં છું, અને તે બહાર નીકળી આવી. બહાર સરસ નાનકડો બગીચો હતો. ઉપર સુદ તેરશનો ચંદ્ર પ્રકાશતો હતો અને નીચે જિરેનિયમનાં રંગ-રંગનાં ફૂલો પર વૃક્ષોની છાયાઓ પથરાઈ હતી. અંદર જેટલાં ઘોંઘાટ, ગરમી, ઉત્તેજના અને આવેશ હતાં તેટલી જ બહાર સ્નિગ્ધતા, શીતળતા, શાંતિ હતાં. આ શાંતિને શ્વાસમાં ભરતી તે ઘડીક વાર પોતાની ગાડીને અઢેલીને ઊભી રહી. રોબ તેને શોધવા બહાર આવે એવો સંભવ નહોતો. તેનું આ માત્ર સૂચન હતું, આગ્રહ નહોતો.

ઉપર અસીમ સુંદર આકાશ, નીચે શાંત ધરા – વચ્ચે પોતે એકલી, જેનો એક માર્ગ ખોવાઈ ગયો છે ને બીજો માર્ગ મળ્યો નથી. અને આ બધાં – તેમને પણ શું માર્ગ મળ્યો છે ? અહીં સંપન્નતા છે, સ્વતંત્રતા છે, પણ અહીં દેહ એ જ દેવતા છે. કામનાના દીવા પેટાવી અહીં દેહની જ આરતી ઉતારવામાં આવે છે. વૈવિધ્યોની લોભામણી ગલીઓમાં તેમની દેહયાત્રાનો એક ઉત્સવ ચાલે છે. 'ગ્રૂપ

સેક્સ' વિશે તેણે સાંભળ્યું હતું, આજે પ્રત્યક્ષ જોયું. પણ એક દિવસ એમનાં વૃક્ષનાં પાંદડાં એક એક કરીને ખરી જશે ત્યારે શું થશે ? અહીં સ્ત્રીઓની જે સ્વતંત્રતા છે, તે પણ એક મહોરું છે. તેની હેઠળ તેઓ અસહાય, સદૈવ કોઈનો ટેકો મેળવવા, પોતાના શરીરને પુરુષની નજરે વાંછનીય બનાવવા પ્રયત્નશીલ રહે છે. એકલાં પડી જવાનો તેમને બહુ મોટો ભય છે કારણ કે અહીં પ્રેમનો વિસ્તાર નથી, અને સંબંધો અસ્થાયી છે. આ સુંદર બગીચાવાળાં, લાલ સુરેખ ઈંટોવાળાં મકાન, પતિ-પત્ની બન્ને માટે જુદી કાર, ફ્રિજ, કલર ટીવી સેટ, માઈક્રોવેવ ઓવન – આ બધાં સાધનો – સગવડોથી રહિત થઈ જવાનો ભય તેમને પરાધીન બનાવી દેતો હતો.

આવતી કાલે આ બધું ન રહે – એવા ભયથી તલવાર તેમના માથે લટકતી રહેતી હતી. છૂટા થઈ જવાનું સહજ હતું. એથી એકલતાનો ભય હતો. જીવનની વાસ્તવિકતાઓ સામે ઝઝૂમવાની અશક્તિનો ભય હતો. વૃદ્ધાવસ્થાનો ભય હતો અને આર્થિક ચિંતા હતી. આ શ્રીમંત દેશ હોવા છતાં આર્થિક ચિંતા લગભગ બધાંને જ હતી, કારણ કે તેમની જીવનશૈલી એ પ્રકારની હતી. અને આ બધા ઉપરાંત, મુક્ત સહચારને સ્વાભાવિક ગણવા છતાં પતિ કે પત્ની બીજામાં રસ લે તેની ઈર્ષ્યા અને હતાશા પણ હતાં. સિમોન દ બુવા અને સાર્ત્ર તો પતિ-પત્ની પણ નહોતાં; અને તેમણે એકબીજાને, અન્યને પ્રેમ કરતો ત્યારે સિમોનના હૃદયમાં આંધી ઘેરાઈ આવતી. બર્ટ્રાન્ડ રસેલે પોતાને માટે ને પત્ની માટે પણ બહારના પ્રેમની છૂટ રાખી હતી, પણ પત્ની બીજાનું બાળક લઈને આવી ત્યારે છૂટાછેડા આપી દીધેલા. આવા ધુરંધરોની પણ આ સ્થિતિ હોય ત્યારે સાધારણ માણસોની તો શી વાત ?

આ માર્ગ મારો નથી...ફરી એનાએ પોતાની જાતને કહ્યું, પણ મારે કમાવાના નવા માર્ગ ખોળવાના છે. જીવનમાં મારે હજી કેવી કેવી લડત આપવી પડશે ? હું શાંતિ ઇચ્છું છું, સ્નેહભર્યો એક ખૂણો ઇચ્છું છું. હું થાકી ગઈ છું...તેને ગળે ડૂમો ભરાયો. આ સ્ત્રીઓ પણ એ જ નહિ ઇચ્છતી હોય ?

અહીં તો લાંબા લગ્નજીવન પછી પણ પતિ-પિત્ની અચાનક છૂટાં થઈ જતાં. પત્નીને છોડી પતિ ચાલ્યો જાય ત્યારે સ્ત્રીની ઉંમર ઘણી મોટી હોય તેમ બને. બધાનું જ આવું થાય તેમ નહિ, પણ ઘણાંનાં જીવનમાં એમ બનતું. પ્રવાહ એ તરફનો હતો. મનના ઊંડાણમાં એનો સદાય ભય રહેતો.

દરેકેદરેક વ્યક્તિને માટે, પુરુષને માટે ને સ્ત્રીને માટે, વૃદ્ધોને માટે ને બાળકોને માટે – સુખ અને સાર્થકતાપૂર્વક જીવવાની તક તો હોવી જોઈએ. પોતાની અધૂરપો – ઊણપો હોય એ જુદી બાબત છે, પણ કોઈ સામાજિક વ્યવસ્થા, પ્રણાલી કે નિયમોને કારણે આ તક છિનવાઈ જવી ન જોઈએ... વિચારમાં ડૂબેલી એનાએ યંત્રવત્ કારનું બારણું ઉઘાડ્યું, અંદર બેસી ગાડી હંકારી. લાંબા, સૂના, ચોખ્ખા, પહોળા રસ્તાઓ પર ગાડી ચલાવવાનું તેને ગમ્યું. ઘેર જવાનું મન ન થયું. બસ, આમ જ રસ્તાઓ પર સરતાં જવું... થાક ન લાગે ત્યાં સુધી, આંખ ન મીંચાય ત્યાં સુધી.

સફાળા તેણે આંખ પટપટાવી. તે ઘર પાસે જ પહોંચી ગઈ હતી. રોજની ટેવ સ્તો ! તે હસી. તેણે ગાડી પાર્ક કરી ચાવી વડે બારણું ઉઘાડ્યું. રાતનો એક થવા આવ્યો હતો. બધાં ગાઢ ઊંઘમાં હશે – તેણે વિચાર્યું ને ધીરા પગલે પોતાના રૂમ ભણી ચાલી. પણ વચ્ચે જ અટકી ગઈ. બેઠકખંડમાં જયાબહેન બેઠાં બેઠાં માળા ગણતાં હતાં. 'હજી જાગો છો ?' એનાએ આશ્ચર્યથી પૂછ્યું. જયાબહેને સ્નેહભરી નજરે તેની સામે જોયું. 'તારી રાહ જોતી હતી.'

એનાનું હૃદય ભરાઈ આવ્યું, પૃથ્વી પર ક્યાંક હજી સૂર્ય પ્રકાશતો હતો. બધે અંધારું નહોતું.

તે નજીક ગઈ. 'ઘણું મોડું થયું છે. ઊંઘ નહોતી આવતી ?'

જયાબહેને માળા બાજુ પર મૂકી. સ્નિગ્ધ કંઠે બોલ્યા : 'મોડું થયું બહુ, એટલે તારી સહેજ ચિંતા થતી હતી. જોકે અહીં એમ તો વાંધો નહિ, પણ એ લોકોની આવી પાર્ટીમાં પહેલી વાર ગઈ એટલે થયું, શી ખબર તને ત્યાં ફાવે ન ફાવે, ખાવાનું પણ આપણું ત્યાં કદાચ ન હોય ! તું આવે ત્યારે કદાચ તને ભૂખ લાગી હોય. એટલે સાંજે ઢોકળાં બનાવ્યાં હતાં તે એક થાળી રાખી મૂકી હતી. ઊભી રહે, ગરમ ગરમ ઉતારી આપું. ત્યાં તેં ખાધું તો શું હશે ?'

એના એમની સામે ક્ષણવાર તાકી રહી, પછી એમના ખોળામાં માથું મૂકી ડૂસકે ડૂસકે રડી પડી.

જયાબહેને એની પીઠ પર હાથ ફેરવ્યો. અનાયાસ તેમના કંઠેથી ઉદ્ગાર સરી પડ્યો : 'દીકરી !'

એનાનો દેહ દુર્નિવાર રુદનના વેગથી ઊછળી રહ્યો.

જયાબહેને હળવેથી એનાં આંસુ લૂછ્યાં.

'દીકરી ! ઘણા દિવસથી હું તને જોઉં છું. તને હવે અહીં કામની મુશ્કેલી પડે છે, તે હું સમજું છું. પતિ જતાં સ્ત્રીને સમાજે વધુ શક્તિ આપવી જોઈએ, એને બદલે તે ઊલટાનો શક્તિ ખાઈ જાય છે. મારીયે આ જ સ્થિતિ થઈ હતી, પણ મારો વિપુલ દીકરો મોટો હતો. તને શું શું થતું હશે તે હું સમજી શકું છું. ઘણા વખતથી તને કહેવા એક વાત મનમાં ઘોળાયા કરે છે. કહું ?'

એનાએ પ્રશ્નભરી નજરે સાસુ સામે જોયું.

'મને એમ થાય છે, તને મારી વાત ગળે ઊતરે તો – ચાલ આપણે ભારત પાછાં જઈએ.'

એનાની આંખમાં આશ્ચર્ય તરી આવ્યું. 'ભારત જઈએ ?'

'હા. ત્યાં હજી પ્રેમ છે, ત્યાં લોકો વધારે મૃદુ, વધારે સહિષ્ણુ છે. અહીં તો દરેક જણ પોતાને માટે જ જીવે છે. અહીંનો સમાજ ભૌતિક, બહિર્મુખ છે. સાચો પ્રેમ એટલે શું તેની અહીં કોઈને ખબર નથી. ભારતમાં હજી લોકો બીજાઓની કાળજી કરે છે, વૃદ્ધોને માન આપે છે. ત્યાંયે સમાજ બદલાયો છે. પણ હજી ત્યાં ભૌતિકતા સિવાયના આદર્શોની ઉપાસના છે. હજી ગાંધીને જીવંત રાખવા મથનારા લોકોનો ત્યાં મોટો સમૂહ છે. આપણને ત્યાં કંઈક કામ મળી રહેશે, આશ્રય ને શાંતિ મળશે અને...' તેમની પ્રેમભરી નજર એનાને ભીંજવી રહી. 'અને ત્યાં મુંબઈ જેવા શહેરમાં તો તારા આ વેશને માન્ય રાખનારા લોકો પણ હશે જ.'

...આભા અને અગ્નિવેશે પહેલાં તો ગંદકી, ગરમી, ગરીબી ને માનવવસ્તીથી ઊભરાતા દેશમાં જવાની આનાકાની કરી. પછી પૂર્વજોના દેશમાં, એક નવા દેશમાં નવી રીતે વસવાટ કરવાનો પડકાર તેમના યુવાન લોહીને આકર્ષી ગયો.

અને થોડાક મહિનામાં લંડનના વસવાટને સંપૂર્ણ રીતે સંકેલી લઈ તેઓ ભારત આવી ગયાં.

*

વિધાતાએ એક બહુ જ સુંદર ચિત્ર રચેલું – એક સમન્વયનું, જ્યાં બધાં

સાથે રહેતાં છતાં બધાંને પોતાનું એકાંત હતું; જ્યાં સ્વતંત્રતા હતી, પણ એકલતા નહોતી; સંબંધો હતા પણ આધિપત્ય નહોતું. ઘટાળાં વૃક્ષોની વચ્ચે નાનાં રૂપકડાં મકાનો હતાં – ધરતીમાંથી જ ઊગી નીકળ્યાં હોય એવાં; સલામતી આપતાં, પણ બાંધી રાખતાં નહિ. આસપાસ બાગ હતો, ફૂલો હતાં, ફૂલવેલથી છાયેલા મંડપો હતા, પવનનું અને પંખીઓનું સંગીત હતું; અને શાંતિ હતી.

અહીં જે લોકો રહેતાં હતાં, તે સહુની પાસે પોતાને ગમતું કામ હતું, સાદું ને સર્જનાત્મક જીવન હતું. અહીં મિત્રતા ને હૂંફ હતાં. પ્રભાત અહીં ટહુકાની છાલકો વડે આંખો ખોલતું, અંધારું અમીધારે વરસતું અને સામે હતો સમુદ્ર – વિરાટનો અગાધ ઉત્તુંગ હિલ્લોળ, સુંદર અને ભીષણ, સ્થાયી અને સતત ગતિશીલ.

અહીં પરંપરાએ મહોર મારેલી માન્યતાઓ નહોતી, ભૂતકાળના રીતરિવાજોનું આવર્તન નહોતું. પહેલાંથી ચાલ્યું આવે છે તે માટે, સમાજમાં પ્રચલિત છે તે માટે, શાસ્ત્રો કે ધર્મોમાં કહ્યું છે તે માટે, કશું સાચું ઠરાવી દેવાયું નહોતું. મુક્ત હવામાં, તર્કબુદ્ધિ વડે જાતે અવલોકેલું જગત અને જાતે કરેલા પ્રયોગને માર્ગે, સાચું શું છે – તેની શોધ હતી. પ્રકૃતિએ જે ભેદ સર્જ્યા હતા – લિંગના, રંગના, દેહ-આકારના – તે ભેદના આધારે પછી બીજા ભેદોની માંડણી થઈ નહોતી. અહીં દરેકનો દરજ્જો સમાન હતો, દરેકનું પોતાનું જીવન પોતાના નિયંત્રણમાં હતું, દરેકનું મૂલ્ય હતું, દરેકનો મહિમા હતો. પરાપૂર્વથી નિર્મિત બધી સ્વીકૃતિઓનાં જાળાંઝાંખરાંમાંથી બહાર આવી દરેક જણ પોતાની અંદર જે સુંદર, શુભ્રતમ હોય તેને પ્રગટ કરવાની, પોતાની શક્યતાની સીમાઓ વિસ્તારવાની, પોતાનાં ઉચ્ચતમ શિખરો ખોળવાની અભીપ્સાથી સંચારિત હતું.

મનુષ્ય-જીવન જીવવાના એક ઉત્તમ પ્રયોગનું આ અતિસુંદર રમણીય ચિત્ર વિધાતાએ બહુ મહેનત લઈને ઘડ્યું હતું અને પછી એ ચિત્રના ટુકડા કરી, એ ટુકડાઓ ચારે દિશામાં વિખેરી દીધા હતાં.

...અને પછી, જીવનના એ દેવતા પ્રતીક્ષા કરતા હતા – એ ટુકડાઓ એકમેકની સમીપ ખેંચાઈ આવી ફરી એ ચિત્રને અખંડ સુંદર બનાવી દે તેની...

*

અમે બધાં વિનોદને ત્યાં મળ્યાં હતાં. અમે એટલે – હું ને સ્વરૂપ મિત્રા, અલોપા, એના ને અગ્નિવેશ અને જયાબહેન, આભા ને એનો પતિ ગગનેન્દ્ર અને 'અ'...

ત્યારે અમે હજુ પરસ્પરને ખાસ ઓળખતાં નહોતાં. વિનોદ બધાંનો મિત્ર હતો અને તેણે બધાંને પોતાને ઘેર નિમંત્ર્યા હતાં.

'પ્રથમ દૃષ્ટિએ પ્રેમ' ની જેમ 'પ્રથમ મિલને મિત્રતા' જેવું પણ કાંઈક હશે જ. પ્રથમ પરિચયે જ અમે એકબીજા સાથે ઊંડી નિકટતા અનુભવી રહ્યાં. બધાંએ વિનોદના રસોડામાં ઘૂસી જઈને રાંધ્યું. એના ને વિનોદે મળીને સમોસા બનાવ્યા. મેં ને મિત્રાએ મગ-પાલખનું શાક. જયાબહેને કડક છતાં પોચી ભાખરી બનાવી, સ્વરૂપે સલાડ. એનો તો કાચાં શાકભાજી સાથે વિશેષ સંબંધ ખરો ને ?' 'અ' માત્ર કોઈ જે ચીજવસ્તુ માગે તે લાવી આપતો આમતેમ ફરતો હતો. તેને લાગતું હતું કે પોતે નકામો વચ્ચે દખલ કરે છે, પણ ખરેખર તો તેની હાજરીથી એ નાનકડો ખંડ વધુ જીવંત બનેલો.

બાલ્કનીવાળા રૂમમાં શેતરંજી પાથરીને અમે બેઠાં. કેળનાં પાન પર જમ્યાં.

'સાથે જમવાની મઝા આવે, નહિ ?' આભાએ કહ્યું.

'સાથે રાંધવાની પણ મઝા આવે.' વિનોદે કહ્યું.

'જે કુટુંબમાં પતિ અને પત્ની, માબાપ અને સંતાનો સાથે મળીને રસોઈ કરે છે તે કુટુંબ સુખમાં રહે છે.' – એનાએ બીબીસી પરથી 'નવી વાનગી' ના કાર્યક્રમ વખતે આયોજકે ઉચ્ચારેલું વાક્ય કહ્યું.

સ્વરૂપ સાધારણ રીતે ઝટ દઈને બોલતો નથી, પણ તે દિવસે તે પણ કંઈક વિશેષ લહેરમાં હતો. તેણે કહ્યું : 'જે લોકો સાથે કામ કરે છે ને સાથે જમે છે, સાથે ગાય છે અને સાથે બેસે છે તે લોકો સાથે સુખી થાય છે.'

'ચાલો, ચાલો બધાં સાથે ગાઈએ.' મિત્રા મોટેથી બોલી ઊઠી.

થોડીક વાર બધાં ચૂપ થઈ ગયાં. ઊતરતી રાતનું અંધારું આલાપ બની અમારી વચ્ચે વિસ્તરવા લાગ્યું અને પછી અલોપાએ ગાવાનું શરૂ કર્યું. ખરેખર

તો એ ગીત નહોતું પણ ધૂન હતી : ૐ શિવ ૐ શિવ પરાત્પરા ૐ કારા શિવ તવ શરણમ્... નવાઈની વાત કે અમને બધાંને જ એ ધૂન આવડતી હતી. તેણે ગાયું અને અમે ઝીલ્યું. અંધારું વધુ જામતું ગયું. કોઈએ દીવો સળગાવ્યો નહિ. ખુલ્લી બાલ્કનીમાંથી, પૂર્વમાં ઊગેલા ચન્દ્રનું મૃદુ અજવાળું ખંડમાં ધીરેથી પ્રવેશ્યું. અમારી ધૂન વધુ ને વધુ હૃદયમાંથી ઉદ્ગીત થતી ગઈ. રાત્રિના અંગ અંગથી એક મીઠાશ ઝરી રહી. હજુ, બે-ત્રણ કલાક પહેલાં તો અમે એકબીજાને ખાસ ઓળખતાં પણ નહોતાં, અને આ સૂરના પ્રવાહમાં અમે સાથે તરી રહ્યાં.

એક આનંદ અને આંત્મીયતાના ધબકારમાં અમારી અંદર રહેલા શુદ્ધ મનુષ્યત્વનો લય જાણે પ્રગટ થયો. આજ સુધી કદી અનુભવી નહોતી એવી એક સંવાદિતામાં, પ્રકાશમાં, મધુર, પારદર્શક રંગોમાં જીવન ગતિમય થઈને વહી રહ્યું. અમારામાંના દરેકેદરેક જણે પોતાની અંદર જે ઉત્તમોત્તમ ભાવો હતા તેને ઉપર આવતા, પ્રગટ થતા અનુભવ્યા. એ પળે ત્યાં જે કોઈ આવ્યું હોત તે અમારા નિકટતમ સ્નેહને પામ્યું હોત. વિશ્વનો દરેક મનુષ્ય તે પળે અમારો બંધુ બની ગયો. અને આ કોઈ એકને કારણે નહોતું. બધાંના સાથે હોવામાંથી, એક આકાશ હેઠળ સમાન અભીપ્સા લઈને સાથે ઊડવાની અનુભૂતિમાંથી આ અદ્ભુત અલૌકિક ભાવસૃષ્ટિ નિર્માણ થવા પામી હતી.

અંધારાના સરોવરમાં ગીતોનાં પોયણાં એક પછી એક ખીલતાં ગયાં અને રાત સુરભિત બની ગઈ.

ઘણી વારે ગાવાનું બંધ થયું. ધીરે ધીરે સૂરનો ગુંજાર શમ્યો. બધાં ક્યાંય સુધી મૌનમાં બેસી રહ્યાં. પછી એનાએ ધીમેથી કહ્યું : 'આપણે બધાં હંમેશ માટે આમ સાથે રહીએ તો ?'



૨૫

'આપણે બધાં સાથે રહીએ તો ?' એનાએ ફરી ભારપૂર્વક પૂછ્યું. મિત્રાએ ઊઠીને ચાંપ દબાવી દીવો કર્યો. અજવાળામાં એનાની ને વિનોદની નજર મળી. એનાને લાગ્યું કે કશો અવાજ થતો નથી, પણ એક દ્વાર ક્યાંક ઊઘડી રહ્યું છે.

'એ સાથે રહેવું તે આપણી અત્યારની આ ક્ષણોના વિસ્તાર જેવું હોય તો મઝા આવે, ચોક્કસ મઝા આવે.' અલોપાએ કહ્યું.

'સાથે રહેવામાં હૂંફ ને બળ મળે...' એનાએ કહ્યું.

'જો કોઈનું કોઈના પર વર્ચસ્વ ન હોય...' મિત્રાએ કહ્યું.

'અને પ્રકૃતિનો ખોળો હોય, ચુપચાપ એકલાં બેસી શકવાનો અવકાશ હોય...' વિનોદ બોલ્યો.

'અને દરેકને પોતાનો જુદો રૂમ હોય ?' જયાબહેને સહેજ સંકોચ પામતાં પૂછ્યું.

મને એકાએક જ ખ્યાલ આવ્યો કે સિત્તેર નજીક પહોંચવા આવેલી આ સ્ત્રીના હૃદયમાં પણ એક આકાંક્ષા હતી. કોને ખબર ગુજરાતના કયા નાના ગામની ધૂળિયા ગલીના સાંકડા મકાનના ખૂણેથી એમની યાત્રા શરૂ થઈ હશે ! આ દીર્ઘ પ્રવાસમાં એમનાં કેટકેટલાં સપનાં સમયની પાંપણેથી ઝરી ગયાં હશે ! પહેલાં ઘરની અનેક નિષેધોની વાડવાળી છાયા, પછી પતિના ઘરની, મૂંગા રહીને મળેલી સલામતી. તે પછી પુત્રની આશ્રિતતા હેઠળ રંગ વગરનું અને પુત્રવધૂના સહારે એક અવ્યક્ત ભયથી જિવાયેલું અને હવે નવી સીમાઓમાં વિસ્તરેલું જીવન.

તેમને પણ એક ઇચ્છા હતી – પોતાનો અલાયદો રૂમ હોય, એક મોટો રૂમ. પશ્ચિમની બારીમાંથી આવતો પવન અને બાહ્ય વિક્ષેપ વગર પોતાનો

કોઈક શ્રદ્ધાના બિંદુમાં સમેટવા માટેનો સમય.

મેં એમની સામે જોયું. માયાળુ ચહેરો અને બે ઊંડી આંખો, જેમાંથી આશાની ઝલક હજુ ઓસરી નહોતી ગઈ. તેમને પણ કોઈના આશ્રય હેઠળ જીવવા કરતાં સ્વાધીનપણે જીવવાનું વધારે મન હતું. કોઈનેય કોઈના આશ્રિત થઈને જીવવું ગમતું નથી. એક વૃદ્ધ સ્ત્રી, જેને પતિ નથી, પુત્ર નથી...હિન્દુ પ્રણાલિકા તો તેને મરણધર્મી કહીને માળા ગણવાથી વિશેષ કશું તેના માટે બાકી ન રાખે...

પણ અમે જો ખરેખર સાથે રહી શકીએ, તો આ સ્ત્રીને પણ ફરી લીલાછમ થવાની તક મળે. તે કંઈક આગવું પ્રદાન કરીને સાર્થકતા અનુભવી શકે. તે અમારાં બધાંની મા બની શકે...

મારો જ વિચાર પ્રગટ કરતો હોય તેમ સ્વરૂપ ધીરેથી બોલ્યો : 'આ સાથે રહેવું તે એક કુટુંબના સાથે રહેવા જેવું હોઈ શકે, પણ આપણે વ્યાખ્યાઓને વિસ્તારવી જોઈએ. કુટુંબ એટલે મા, બાપ અને બાળકોનું 'ન્યુક્લિયર ફૅમિલી' એ મર્યાદા ઓળંગીને એક બૃહત્તર કુટુંબની કલ્પના હું કરું છું...' તેણે પણ જયાબહેન પર નજર માંડી.

'પણ એ આપણા સંયુક્ત કુટુંબ જેવું તો ન જ હોવું જોઈએ.' અલોપા વચ્ચે જ જોરપૂર્વક બોલી ઊઠી. 'તેમાં બહુ સહેલાઈથી વડીલોનું અને પુરુષોનું વર્ચસ્વ સ્થપાઈ જાય છે અને ઘરના બીજા લોકોને, ખાસ કરીને સ્ત્રીઓને હંમેશાં ભોગ આપવાનું પુણ્ય પરાણે કમાવું પડે છે. આપણે પુરુષોને પણ હવે, પૈસા કમાવા સાથે પુણ્ય કમાવાનીય તક આપવી જોઈએ.'

અલોપા વસંતની ગંધ જેવી સ્ત્રી હતી – ગતિ અને મીઠાશથી ભરેલી, સહેજે પકડમાં ન આવે તેવી. મિત્રા જેવી તે ઉગ્ર નહોતી. તે સાહસોનાં સ્વપ્નોથી ભરેલી હતી. નાનપણથી જ તે ટેકરીઓ ચડવા, નદીના ધૂનામાં ધૂબકા મારવા જતી. મોટી થયે પર્વતારોહણ માટે જવા લાગી. એવરેસ્ટ પર પગ માંડવાની તેની આકાંક્ષા હતી. ઘરમાં તે નિર્બાધપણે પોતાના વિચારો વ્યક્ત કરતી. લગ્ન કે એવા પ્રસંગે સાદાં કપડાં પહેરતી ને કોઈ વાર કંઈ નિમિત્ત વિના કપડાં-અલંકારોનો ઠઠારો કરતી. મા ટોકતી ત્યારે કહેતી : 'મારો શણગાર મારા શોખ માટે છે, લોકોને દેખાડવા માટે નહિ. બીજાઓને દેખાડવા માટે કંઈક કરવા માંડીએ ત્યારે દંભની શરૂઆત થાય છે. નદી ને પહાડો સુંદર

છે, કારણ કે તે જેવાં છે તેવાં દેખાય છે અને ઋતુ સાથે લયમાં રહે છે.'

પરણવા માટે પણ તેના ખાસ વિચારો હતા. છોકરી જ શા માટે હંમેશા છોકરાને ઘેર જાય ? 'સોડમાં લીધાં લાડકડી, આંખ ભરી પીધાં લાડકડી' – એ પંક્તિઓનું શિક્ષક રસદર્શન કરાવતા હતા ત્યારે તે તેમની સામે લગભગ ઝઘડી પડેલી. 'શા માટે મૂળ માટી સમેત છોકરીને જ ઉખેડીને બીજા કુટુંબ-ક્યારામાં રોપવી જોઈએ ? શા માટે હીબકાંને હૈયામાં રૂંધી તેને 'પારકી' કરી દેવી જોઈએ ? પોતાના સંતાનને 'પારકું' કરવાની આ નિર્મમતા દીકરી માટે જ કેમ ? યુવાન હૃદયને એક સાથીના મિલનની પોતાનું જીવન પોતે જીવવાની હોંશ હોય તે બરોબર, પણ તેવી હોંશ તો છોકરાનેય ન હોય ? તો આ પારકાં થવાનું, માબાપની માયા તરછોડીને જવાનું છોકરીને ભાગે જ શા માટે ? મા માંદી પડે, બાપને ઠીક ન હોય, ઘરમાં પ્રસંગ હોય, પર્વ કે મુશ્કેલી હોય – દીકરી પોતાની ઇચ્છાથી માબાપ પાસે દોડી આવી ન શકે. હવે તે 'પારકી' કહેવાય. તેણે હવે પતિનાં સગાંને પોતાનાં કરીને રાખવાનાં અને પોતાનાં સગાંને દૂર કરી મૂકવાનાં; પતિના બાને બા અને બાપુજીને બાપુજી કહેવાનાં. અને છોકરા માટે તો પારકાંને પોતીકાં કરવાનું આવતું નથી ! ગૃહસ્થના જીવનમાં કન્યાની વિદાય જેવો કરુણમંગલ પ્રસંગ બીજો એકે નથી, તેમ તેણે વાંચેલું. પણ તેને એ અન્યાયનો પ્રસંગ લાગતો. તેણે નાનપણથી જ બળવાનો ઝંડો ફરકાવેલો : છોકરી જ શા માટે સાસરે જાય ? છોકરો કેમ નહિ ?

'એવું તેં કદી સાંભળ્યું છે ?'

અલોપા વાંચતી ખૂબ કહે : 'હા, એવી પ્રથા ઘણી જગ્યાએ હતી. મધ્ય અને દક્ષિણ અમેરિકામાં, વેસ્ટ ઇન્ડીઝની કેરેબિયન જાતિઓમાં, પ્રાચીન મેક્સિકોમાં, બ્રાઝિલની તુપી જાતિઓમાં, પુરુષ જ પરણીને સ્ત્રીને ઘેર જતો. 'હેડ ઑફ ધ ફૅમિલી' સ્ત્રી ગણાતી.'

'હા પણ, આજે તો એવું ક્યાંય નથી ને ?'

'વિદેશોમાં બધે જ, છોકરી કાંઈ પરણીને સાસરે નથી જતી. બન્ને જણ પરણીને પોતાનું અલગ ઘર વસાવે છે.'

અલોપાની મા સાવ જુનવાણી નહોતી, દીકરી સાથે છૂટથી ચર્ચા કરતી. 'તો પછી છોકરાનાં વૃદ્ધ માબાપનું શું થાય ?'

'વાહ, તો છોકરીનાં વૃદ્ધ માબાપનું શું થાય ?'

'એમને એમનો દીકરો ને વહુ સંભાળે.'

'અચ્છા, અને જેમને દીકરો ન હોય તેમને કોણ સંભાળે ?'

મા વિચારમાં પડી. 'એમ તો કોઈને દીકરો હોય ને છતાં તે માબાપની સંભાળ ન લે, એવું બને જ છે ને ?'

'અને દીકરીએ માબાપની સંભાળ છેક સુધી લીધી હોય એવુંયે તમે નથી જોયું ? મારી બહેનપણી નીલિમાની મા મૃત્યુ પામી હતી. પિતા અશક્ત હતા. નીલિમાની કમાઈ પર ઘર ચાલતું. તે પરણી ત્યારે તેણે કહ્યું કે હું મારી કમાણી મારા પિતાને આપીશ. એ કબૂલ હોય તો પરણીએ. પતિએ એ સ્વીકાર્યું તો બોલો – આ દીકરીમાં ને દીકરામાં કાંઈ ફરક ખરો ?' અલોપાએ કહ્યું : 'તમે લોકો, તમે સ્ત્રીઓ જ – નકામું કહેતાં હો છો કે દીકરી કમાઈને થોડી ખવડાવવાની છે ? અને આ કારણે તમે દીકરાનું મહત્ત્વ વધારે આંકો છો. વિધવા માનો એકનો એક દીકરો મરણ પામે તો એ દુઃખની પરાકાષ્ઠા કહેવાય, વિધવા માની એકની એક દીકરી પરણી ચાલી જાય તો નિરાંત થઈ કહેવાય. પછી છોકરી 'પારકી' એટલે તેના પર સાસરિયાંનો જ અધિકાર. પછી મા કે બાપ મરણાસન્ન હોય તોયે, સાસરિયાં રજા ન આપે તો છેલ્લી ઘડીએ એ માબાપનું મુખ ન જોઈ શકે. તો કેમ માતૃપિતૃ દેવો ભવ તે છોકરાના જ ? છોકરીના માતૃપિતૃ દુઃખી ભવ ?'

અલોપાની માને યાદ આવી ગયું. તે પોતે જ, પોતાના પિતાને છેલ્લી ઘડીએ મળી શકી નહોતી. આકસ્મિક અવસાન નહોતું થયું. માંદગી લાંબી ચાલી હતી. પણ પતિને ઘેરથી જવાની રજા નહોતી મળી. આખી જિંદગી એનું શલ્ય સાલ્યું હતું. અત્યારે યાદ આવતાં હૃદય ભરાઈ આવ્યું. અલોપાના માથે હાથ મૂકી બોલી : 'હું છેલ્લી ઘડી ગણતી હોઉં ત્યારે તું તો મળવા આવીશ ને ?'

અલોપા માને વળગી પડી. 'તારી ખૂબ ચાકરી કરીશ મા, દીકરાને બદલે દીકરીઓ જ જન્મજો – એવા બધાંને આશીર્વાદ આપે એટલી ચાકરી કરીશ.'

...અને તેણે પર્વતારોહણની તાલીમ દરમિયાન મળી ગયેલા પ્રદીપ સાથે લગ્ન કર્યાં ત્યારે કહેલું : 'હું તને તારાં માબાપ પાસેથી છીનવી લેવા નથી માગતી, પણ તારાં માબાપ આપણા બન્નેની સેવાનાં જેટલાં અધિકારી, તેટલાં

જ મારાં માબાપને પણ હું આપણા બન્નેની સેવાનાં અધિકારી ગણું છું.'

સાદીસીધી ન્યાયની વાત હતી. મને મારાં માબાપની સેવા કરવાનો અધિકાર હોય તો અલોપાને એનાં માબાપની સેવા કરવાનો અધિકાર હોય જ ને ! – પ્રદિપે વિચાર્યું અને અલોપાની વાત કબૂલ રાખી. 'પરણીશ, પણ સાસરે નહિ જાઉં.' એવી અલોપાની પ્રતિજ્ઞા પણ પાર પડી, કારણ કે પ્રદીપનાં માતાપિતા નાના શહેરમાં રહેતાં હતાં, અને પ્રદીપે મુંબઈમાં કારખાનું નાખ્યું હતું. અલોપા કૉલેજમાં લેક્ચરર તરીકે કામ કરતી હતી. કારખાનું સારું ચાલતું હતું. બન્ને આનંદમાં હતાં. પણ લગ્ન પછી ત્રણ વરસ સુધી અલોપાને બાળક થયું નહિ ત્યારે હવાનું ઉષ્ણતામાન બદલાયું. એકાએક અલોપાએ જાહેર કર્યું : 'મારે બાળક જોઈતું નથી. મારે જે રીતે પહાડો ખૂંદવાનું જીવન જીવવું છે, તેમાં બાળકનું હોવું સુસંગત નથી.'

પ્રદીપની મા હાય હાય કરી ઊઠી. 'તું તે સ્ત્રી છો કે કોણ છો ? સ્ત્રી થઈને મા બનવાની ઇચ્છા નથી ?'

અલોપાએ ઠંડકથી કહ્યું : 'મને બાળકો ગમે છે, પણ મને મારું પોતાનું જ બાળક હોવું જોઈએ, એવું કાંઈ જરૂરી લાગતું નથી. બાળક વગર મને મારી જિંદગી અધૂરી અનુભવાતી નથી.'

'મા બન્યા વગર તને માતૃત્વની ધન્યતાની ખબર નહિ પડે.' અલોપાની મા પણ તેને કહેતી.

'તમે હિમાલયના કોઈ ઊંચા શિખરની ટોચ પર બરફિલા પવનની ઝીંક ઝીલતાં, ચોમેર હિમધવલ અનંત વિસ્તાર પથરાયો હોય તેની વચ્ચે એકલાં ઊભાં રહ્યાં છો ?' અલોપા પૂછતી.

'ના, કેમ ?' માએ વિસ્મિત થઈને કહ્યું.

'તો તમને એ અનુભૂતિની ધન્યતાની પણ ખબર નહિ પડે. દુનિયામાં "પીક એક્સ્પીરિયન્સ"નો એક જ પ્રકાર નથી હોતો.'

પણ માને જીવનમાં હજારો પ્રકારની ધન્યતા હોઈ શકે એની ખબર નહોતી; સાસુને નહિ અને સસરાને પણ નહિ. સસરાએ પ્રદીપ પર દબાણ કરવા માંડ્યું : 'ઘરમાં બાળક જોઈએ. મેં તને કારખાનું કરવા ત્રણ લાખ રૂપિયા આપ્યા છે, તેનો વારસ જોઈએ.'

અલોપાએ આ સાંભળ્યું ત્યારે તે ફુત્કારી ઊઠી : 'મારું જીવન હું મારી આકાંક્ષા ને મારી જરૂરિયાત પ્રમાણે જીવીશ, બીજાઓની અપેક્ષા પ્રમાણે નહિ.'

પ્રદીપ અલોપાને ચાહતો હતો, પણ તેના પર પિતાનું દબાણ વધતું ગયું. 'વારસ જોઈએ, નહિ તો મારા પૈસા પાછા આપ.'

પ્રદીપે અલોપાને કહેલું કે મને પણ જીવનની સભરતા માટે બાળક હોવું જ જોઈએ એવું લાગતું નથી.

પણ પિતાના વધતા દબાણ હેઠળ તે ટકી ન શક્યો. અલોપાએ તો કહ્યું કે કારખાનું પાછું સોંપી દે, હું કમાઉં છું. આપણું નભી જશે. પછી તું કંઈક કામ શોધી કાઢજે, પણ એ વિકલ્પ તેણે સ્વીકાર્યો નહિ.

તો શું તેને પણ ગુપ્તપણે એ ઇચ્છા હતી – એક વારસ હોય તેની ? પોતાનો વંશ ચાલુ રહે તેની ?

અલોપાને તો આ વંશ ચાલુ રાખવાની આખી વાત જ અર્થહિન લાગતી. અનંત પરિભ્રમણ કરી રહેલી, વિશ્વની કોટિ કોટિ નિહારિકાઓની વચ્ચે એક નગણ્ય આકાશગંગાના ખૂણામાં પડેલા સૂર્યના એક ગ્રહ પર, અબજો લોકોની વિશાળ વસ્તીમાં, જ્યાં કાળના મહાપ્રવાહમાં કરોડો વંશ જન્મીને નાશ પામી ગયા છે, ભલભલા રાજવંશ ધૂળમાં મળી ગયા છે, ત્યાં એક માણસ વંશ દ્વારા પોતાની અમરતા ઇચ્છે – એ કેવું તો મિથ્યાભિમાન ! આ વિશ્વમાં જીવનનું સાતત્ય તો કોઈ ને કોઈ રૂપે ચાલુ જ રહે છે. એમાં પોતાના અલગ સાતત્યની ઇચ્છા કરવી – એક મિનિ-અમરતા ઇચ્છવી – તેનો શો અર્થ ?

અલોપાને હતું કે વિચારોની આ નવી સાહસયાત્રામાં પ્રદીપ પોતાને સાથ આપશે. પણ પ્રદીપ પર દબાણ વધવા લાગ્યું અને છેવટે તેના પિતાએ તેને અલોપાને છોડી બીજાં લગ્ન કરવાં કહ્યું. અલોપા આભી બની ગઈ. 'બાળક ન હોવાને કારણે ફરી પરણવાનું તો પચાસ વર્ષ પહેલાં બનતું. આ જમાનામાં તારા પિતા એ માટે છૂટાછેડા લેવાનું કહે છે ? અને તું – તારું શું કહેવું છે ?'

'હું તને ચાહું છું. પણ –' પ્રદીપ અસ્ફુટ સ્વરે બબડ્યો. 'પણ મારા પર તેમનું બહુ મોટું ઋણ છે. એમણે મારા પર વિશ્વાસ મૂકી મને લાખો રૂપિયા આપ્યા છે.'

'અને એટલે તારું જીવન "ડિક્ટેટ" કરવાનો તેમને અધિકાર છે, એમ ને ?' અલોપાને સખ્ત તિરસ્કાર આવ્યો. બાળકને જન્મ આપવાની ક્ષમતા હતી પણ, બાળક વગર હમેશાં જ સ્ત્રીનું જીવન અધૂરું બની રહે એ વાત સાચી નથી – એ તેને બતાવવું હતું. અને સાથે એ દ્વારા, આખા સમાજમાં, બાળક વગરની સ્ત્રી માટે જે અવમાનના છે તે ભૂંસી નાખવી હતી. એક પુરુષ સંન્યાસી થઈ ગૃહસ્થધર્મનો ઇનકાર કરી શકે તો એક સ્ત્રી મા થવાનો ઇનકાર કેમ ન કરી શકે ? પણ પ્રદીપને કદાચ પૈસામાં વધુ રસ હતો. અલોપાએ સામે ચાલીને પ્રદીપને છૂટો કરી દીધો, અને તે એકલી રહેવા લાગી. અને એ બાબતનો તેને લગારે રંજ નહોતો. કૉલેજના કામ પછી તે, ત્યજી દેવાયેલાં નાનકડાં બાળકોને સંભાળતી સંસ્થામાં પોતાનો સમય આપતી. અનુકૂળતા મળ્યે હિમાલયનાં શિખરો ચઢી આવતી. પછી પિતા મૃત્યુ પામ્યા અને માને કૅન્સર થયું ત્યારે માંદગીના એ લાંબા મહિનાઓ તેણે એટલા પ્રેમ ને ધીરજથી માની સેવા કરી કે માને થયું, પોતે બાળક છે અને દીકરી મા થઈને આવી છે. તેણે જે સંતોષથી છેવટની આંખ મીંચી એ અલોપાને માટે એક અપૂર્વ ધન્યતાની ક્ષણ હતી. મા કાંઈ એક જ રીતે બની શકાય તેવું થોડું છે ?

પણ ત્યાર પછી તેનામાં એકલતાની ઝીણી લાગણીઓ ઘૂંટાવા લાગી. 'મને પતિનો જ સાથ જોઈએ એવું નથી, પણ કોઈક સાથે હોય તો ગમે...' તે કહેતી અને એટલે જ એનાની વાત તેણે તરત ઊંચકી લીધી. 'આપણે એક મકાનમાં રહેતા સંયુક્ત કુટુંબની જેમ નહિ, પણ નજીક રહેતાં મિત્રોની જેમ રહી શકીએ તો ખરેખર મઝા આવે.' તેણે કહ્યું.

'જ્યાં દરેક જણ સ્વતંત્ર હોય...' મેં કહ્યું.

'પણ એકાકી ન હોય...' સ્વરૂપે કહ્યું ને તેણે ફરી જયાબહેન પર નજર માંડી. 'જ્યાં દરેકને પોતાનો જુદો ખંડ કે પોતાનું જુદું ઘર હોય, બધાંને એકબીજાની હૂંફ મળી રહેતી હોય... કારણ કે...' તે સહેજ થોભ્યો. તેના મોં પર પ્રકાશ પથરાયો. 'સ્વતંત્રતાની ઇચ્છા એક આદિમ ઇચ્છા છે. અને પ્રેમની ઇચ્છા – પ્રેમ આપવાની ને પામવાની ઇચ્છા – મનુષ્યના મનુષ્ય હોવાપણાના મૂળમાં છે.'

'પણ પ્રેમ તો સમાનો વચ્ચે જ સંભવે...' એનાએ કહ્યું.

'આપણે બધાં જ ઓછીવત્તી શક્તિઓ અને ઓછાવત્તા ગુણોવાળાં, થોડીક શક્યતાઓ અને થોડીક સુંદરતાઓવાળાં, અધૂરાં અને અજ્ઞાનથી ભરેલાં છીએ. આપણે બધાં જ અસમાન છીએ, પણ આપણે સમાન રસ્તાના સહપ્રવાસી બની શકીએ.' સ્વરૂપે કહ્યું.

'અને જોડાજોડ ચાલી શકીએ.' ગગનેન્દ્ર પહેલી વાર બોલ્યો.

'જોડાજોડ... આગળપાછળ નહિ.' આભા બોલી.

'અને અમારા નામનું શું ?' એકાએક એનાએ કહ્યું.

'એટલે ? નામનું વળી શું ?' વિનોદે નવાઈ પામીને પૂછ્યું.

'અમારા નામને તો તમે જોડે પણ નથી રાખતા, તમારામાં ડુબાડી દો છો.'

વિનોદના મોં પર અસમજના ભાવ તરી રહ્યા.

એના જ બોલી : 'લોકો અમને ત્યાં કાર્ડ મોકલતા ત્યારે લખતા : મિસ્ટર અને મિસિસ વિપુલ દલાલ. અહીં પણ ઘણાં કહેતાં હોય છે : શ્રી અને શ્રીમતી સુરેશ મહેતા – કે જે હોય તે. તો કેમ ભાઈ, વિપુલ દલાલ અને સુરેશ મહેતાને જ નામ છે, અમારું કોઈ નામ જ નથી ?' બોલતાં બોલતાં તેનો ચહેરો લાલ બની ગયો.

વિનોદ ક્ષણભર એ લાલાશ જોઈ રહ્યો.

'તમે લોકો જન્મથી મરણ સુધી એક જ નામમાં રહો છો એટલે તમને અમારા નામ-લોપથી કરુણતા નહિ સમજાય.' મિત્રા બોલી : 'અમારાં નામ બિચારાં કેવાં મન ફાવે ત્યારે સજાવાય છે, મન ફાવે ત્યારે છોલાય છે, બદલાય છે, લુપ્ત કરી દેવાય છે ! પરણ્યા પહેલાં કુમારી, પરણ્યા પછી મિસિસ અને શ્રીમતી. પરણ્યા પહેલાં પાછળ બાપનું નામ, પરણ્યા પછી પતિનું નામ...પરણ્યા પહેલાં બાપની અટક. પરણ્યા પછી પતિની અટક. આજે સ્વાતિ શાહ હોય તો રાતોરાત સ્વાતિ શેઠ બની જાય. કદાચ તે છૂટાછેડા લે તો ફરી સ્વાતિ શાહ બની જાય. અને ફરી પરણે તો વળી ત્રીજું જ નામ બને. આ તે કાંઈ રીત છે ? તમારા લોકોનું તો જન્મે ત્યારથી એક નામ હોય તે છેક સુધી તે જ રહે. અમારાં નામોએ આમ વારંવાર અહીંથી ત્યાં ઠેલાવાનું ?' બોલતાં બોલતાં મિત્રાનો અવાજ ઊંચો થઈ ગયો.

'આપણો તો નામનો સંબંધ પણ પુરુષ સાથે, કપડાંનો સંબંધ પણ પુરુષ સાથે ને શોખ-શણગારનો સંબંધ પણ પુરુષ સાથે. આ એના ચાંલ્લો કરે છે તે મુંબઈ જેવા શહેરમાં કોઈ ન બોલે, પણ નાના ગામમાં જાય તો લોકો એને ફોલી જ ખાય.' અલોપા બોલી : 'પુરુષો સાથે સંબંધાયા વગર પણ આપણા અસ્તિત્વની ઓળખ છે, આપણા જીવનનું મૂલ્ય છે. આપણે જો નવી રીતે નવી જગ્યાએ નવા કુટુંબમાં રહીએ, તો એ વાત સ્વીકારવી જોઈએ.'

'અને સૌભાગ્યવતી' – મિત્રા બોલી : 'આ અ. સૌ. પર તો મને બહુ ચીડ છે. સ્ત્રીને આશીર્વાદ આપે તો કહે : 'સૌભાગ્યવતી ભવ.' અને સૌભાગ્ય તે માત્ર પતિ જ. ગમે તેવો નઠારો હોય તોય પતિ તે સૌભાગ્ય, એટલે કે આશીર્વાદ આપે તોય પતિ જીવતો રહે તેવા આશીર્વાદ. અને પતિને કહેશે : 'શતં જીવ શરદઃ' બન્ને વાતે દીર્ઘ આયુષ્ય તો પતિનું જ ઇચ્છવામાં આવે છે. પતિ જીવતો રહે એવી બધી સ્ત્રીઓની ઇચ્છા હોય તો પત્ની માટે એવી કોઈ કામના નહિ ? પતિ-પત્નીનું સૌભાગ્ય તો પત્ની-પતિનું સૌભાગ્ય નહિ ? એમને કેમ કોઈ કહેતું નથી કે પત્ની વગર દુખી થઈ જઈશ, તો અખંડ સૌભાગ્યવાન ભવ ! પાછાં સ્ત્રીઓની સેવામૂર્તિ ને આ મૂર્તિ ને તે મૂર્તિ કહીને પ્રશંસા તો બહુ કરે ! પણ તે દીર્ઘાયુષી બને એવા આશીર્વાદ તો તેને કોઈ આપતું નથી !'

'સારું સારું; હું આ અ. સૌ. વિશેષણ પર ચોકડી મારવાની ભલામણ કરું છું.' આભા મોટેથી બોલી ઊઠી.

'અને એટલે દરેક જણ પોતપોતાના નામે જ ઓળખાશે. આભા તે આભા, ને ગગનેન્દ્ર તે ગગનેન્દ્ર,' અત્યાર સુધી ચૂપ બેઠેલા અગ્નિવેશે પણ ઝુકાવ્યું.

'ઓ ગગનેન્દ્ર, સાંભળ, સાંભળ, હું તારી અટક મારા નામ સાથે નહિ જોડું.' આભા મસ્તીથી બોલી.

'તેં તારું હૃદય મારા હૃદય સાથે જોડ્યું છે ને ! પછી નામ, અટકને શું કરવાં છે ?' ગગનેન્દ્રની આંખોમાં સ્નેહ હતો.

'પણ એક પ્રશ્ન છે.' વિનોદે કહ્યું : 'આભા અટક ન લગાડે તો તે

ગગનેન્દ્રની પત્ની છે તે કેમ ખબર પડે ?'

'આવીને પાછી એ જ વાત !' એના બોલી. 'એવી ખબર પડવાની જરૂર જ શી છે ? જેઓ જાણે છે તે જાણે છે. ગગનેન્દ્રના નામ પરથી તે આભાનો પતિ છે એવી ખબર પડે છે ?'

'નોબેલ શાંતિ પુરસ્કાર જેમને થોડાં વર્ષ પહેલાં મળેલો તે લૉર્ડ નોએલ-બેકરનું મૂળ નામ ફિલિપ જૉન બેકર હતું. તેમણે ઈરીન નોએલ સાથે લગ્ન કર્યાં પછી પત્નીનું નોએલ નામ પોતાના નામમાં ઉમેરી ફિલિપ નોએલ-બેકર નામ રાખ્યું.' મેં કહ્યું.

'હિયર હિયર...' મિત્રાએ તાળી પાડી. 'અમારાં નામ પણ તમે તમારાં નામ સાથે ઉમેરી શકો.'

'અને એમાં નાનમ અનુભવવાની જરૂર નહિ !' એનાએ કહ્યું.

'અને આપણાં નામમાં માતાનો તો કોઈ ઉલ્લેખ જ આવતો નથી. માનું પ્રદાન તો બાળકોના જીવનમાં સૌથી વધારે, છતાં તેનું તો ક્યાંય નામ જ નહિ. તે બધાંને વાજબી લાગે છે ?' અલોપાએ પૂછ્યું. 'મારા માટે મારા જીવનમાં મારી માનું બહુ જ મહત્ત્વ છે.'

'પણ મારે બીજો એક પ્રશ્ન છે. આભા માત્ર આભા જ નામ રાખે અને બે-ત્રણ આભાઓ હોય, તો તેમને અલગ કેમ પાડવી ?'

'આભા એક જ છે !' ગગનેન્દ્ર બોલ્યો : 'અને અજોડ છે.'

બધાં હસ્યાં.

'પશ્ચિમમાં બધાંને બે નામ હોય છે. જૉન ફિટ્ઝરાલ્ડ કેનેડીના નામમાં ફિટ્ઝરાલ્ડ પિતાનું નામ નથી, પણ જૉનનું બીજું નામ છે. બધાંનું એવું હોય છે. સ્ત્રીઓનું પણ.' મેં કહ્યું.

'મને જુદો ઉકેલ સૂઝે છે. આપણે નામની સાથે માતા ને પિતા બન્નેનાં નામ જોડીએ તો ? મારી માનું નામ એના છે ને પિતાનું નામ વિપુલ તો હું મારું નામ એ. વિ. આભા રાખું તો ?'

'એથી બીજો ફાયદો એ કે જ્ઞાતિસૂચક અટકો ચાલી જાય. તો પ્રથમ શ્રવણે જન્મતો ભેદભાવ પણ દૂર થઈ જાય.' મિત્રાએ કહ્યું.

'બહુ સરસ, બહુ સરસ...' બધાએ તાળીઓ પાડી.

'હવે આપણે નામની ગલીઓમાં નીકળી કામના માર્ગ પર જઈશું ?' સ્વરૂપે હસતાં હસતાં પૂછ્યું.

મિત્રા જરા નારાજ થઈ ગઈ. 'તમને આ બધી રમત લાગે છે ?' તેણે સ્વરૂપ તરફ ફરી સહેજ તીક્ષ્ણતાથી પૂછ્યું : 'અમે તમારાં એટલે કે પુરુષોનાં વિરોધી નથી. અમે તમને બધાંને ચાહીએ છીએ ને તમારો પ્રેમ ઇચ્છીએ છીએ. પણ અમને અમારું સ્થાન જોઈએ છે. અમારી ઓળખાણ જોઈએ છે. અમારા નામ સાથે, અમારા જીવન સાથે બહુ રમત કરવામાં આવી છે.'

સ્વરૂપે માથું ઝુકાવી દીધું. એ સાંગોપાંગ એટલો સૌમ્ય હતો, તેની અંદર એટલી નીરવતા હતી કે કોઈના ઉગ્ર કંઠસ્વરથી તેને તકલીફ પડતી હોય એમ લાગે. તે ક્યારેય ઊંચા અવાજે, કે કોઈ બોલતું હોય ત્યારે વચ્ચે બોલતો નહિ, એકેએક જણની વાત ધ્યાનથી સાંભળતો, તેણે મૃદુ નજરે મિત્રા સામે જોયું. 'હું દરેકનો આદર કરું છું.' તેણે સહેજ સંકોચભર્યા સ્વરે કહ્યું : 'સ્ત્રીઓ ને પુરુષોનો નહિ, સર્વ મનુષ્યોનો, પશુ-પંખીઓનો, જીવંત અને જડ વસ્તુનો, જળનો ને વાદળનો. હું તમારી સાથે પૂરેપૂરો સંમત છું. દરેક મનુષ્ય પોતાના નામ અને પોતાના કામથી ઓળખાવો જોઈએ. પણ આ નામ ને રૂપ પણ એક જેલ છે. આપણે આપણા નામની જેલમાંથી છેવટે બહાર નીકળવાનું છે તે આપણને યાદ રહે એટલું જ મારું કહેવાનું છે.' તે ચૂપ થઈ ગયો.

ખંડમાં શાંતિ છવાઈ ગઈ.

ઘણીવાર પછી વિનોદે ધીમેથી કહ્યું : 'આપણે બધાં શાને માટે સાથે રહેવા તૈયાર થયાં છીએ ?'

●

૨૯

'દુનિયામાં દરેક માણસને સત્તા જોઈતી હોય છે, પોતાનું નામ અને કીર્તિ અને અધિકાર જોઈતાં હોય છે, વધુ ને વધુ ધન જોઈતું હોય છે. પોતાનું આખું જીવન માણસ એ મેળવવા પાછળ ગાળતો હોય છે. એ માટે તે ભૌતિક બાબતો પાછળ દોટ મૂકે છે. સતત તાણમાં જીવે છે. આપણે બધાં જ આનાથી કંઈક જુદું શોધીએ છીએ, આપણે કંઈક ભિન્ન રીતે જીવવા માગીએ છીએ...' ગગનેન્દ્રે કહ્યું.

'અને પ્રેમ. આપણને સહુને જીવનમાં પ્રેમ જોઈએ છે.' મિત્રા બોલી.

'આપણને જીવનની સર્જનાત્મક અભિવ્યક્તિ પણ જોઈએ છે.' વિનોદે કહ્યું.

'આપણે બધાં સાથે મળીને એક એવું જીવન સર્જી શકીએ, જેમાં આભાસી વસ્તુઓની શોધ ન હોય.' સ્વરૂપ તેની મૃદુ રીતે બોલ્યો અને તેણે મિત્રા સામે જોયું. 'અને આપણે એવું વાતાવરણ નિર્માણ કરી શકીએ જ્યાં સાચો પ્રેમ હોય, હૃદયની બધી ઝંખનાઓને પૂરી કરતો, બધા ઘાવોને ભરી દેતો પ્રેમ; જે કદી શુષ્ક કે યાંત્રિક ન બને...જે હંમેશા આપણી સાથે રહે, આપણી ભૂલો, અધૂરપો, વાંકને જે લક્ષમાં ન લે...' તે સહેજ અટક્યો ને આગળ બોલ્યો : 'ઘોર કાંટાળા વનમાંથી જે આપણને રેશમનું કવચ પહેરાવી બહાર લઈ જાય; જે શક્તિ આપે પણ આધારિત ન કરી મૂકે એવો...સ્થાયી છતાં સદા નાવીન્યોથી ભરપૂર રહેતો પ્રેમ...'

તે વાક્ય પૂરું કરે તે પહેલાં જ એક મોટો નિસાસો સંભળાયો. મિત્રાની આંખોમાં અસહ્ય વ્યથા ઘેરાઈ આવી હતી. 'મનુષ્યમાં શું આવો પ્રેમ કદી સંભવી શકે ? આવો પ્રેમ તો ભગવાનનો હોય...'

'ભગવાન જો હોય, તો આપણે બધાં એનો જ, એ દિવ્યનો જ અંશ છીએ.' સ્વરૂપે લાગણીપૂર્વક કહ્યું. 'હું માનું છું કે ભગવાને, કહો કે પ્રકૃતિએ આપણને પ્રેમ અને આનંદ માટે જ સર્જ્યાં છે. આપણે સત્તા ને ધન ને કીર્તિ જેવી નજીવી બાબતો પાછળ જીવન ખર્ચી ન નાખીએ તો કદાચ એ પ્રેમ પામી શકીએ. પણ -' તેણે આંખ બંધ કરીને ફરી ઉઘાડી. 'કદાચ આવો પ્રેમ આપણે બીજામાં ખોળવાનો નથી હોતો, આપણે પોતે પ્રગટ કરવાનો હોય છે.'

ખંડમાં એક ચુપકીદી પથરાઈ ગઈ. મિત્રા ઊઠીને અંદર ચાલી ગઈ. પાછી આવી ત્યારે તેનું મોં ધોયેલું હતું, આંખો લાલ હતી.

'આવો પ્રેમ આપણે કેવી રીતે પામી શકીએ ?' અગ્નિવેશ બોલ્યો. એનાને એ સાંભળી જરા હસવું આવી ગયું.

પણ સ્વરૂપ પોતાના વિચારમાં હતો. તેની નજર અમને કોઈને જોતી નહોતી. તે બોલ્યો : 'મેં બૃહત્તર કુટુંબની વાત કરી હતી. કુટુંબ પણ એક વિકાસ પામતી વિભાવના – ઇવોલ્વિંગ કોન્સેપ્ટ છે. આપણે એક એવું કુટુંબ રચી શકીએ, જેમાં આપણા સંયુક્ત કુટુંબના અને પશ્ચિમના કુટુંબ-જીવનના જે ઉત્તમ અંશો છે તેનો સમાવેશ થયો હોય, અને જે દોષો છે તે દૂર કરાયા હોય.'

'એટલે ?' એનાએ પૂછ્યું.

'એટલે કે પ્રેમનું વિશાળ વર્તુળ હોય, એક કે બેનું અવલંબન નહિ, પણ આધાર અને હૂંફની સાતત્યભરી વ્યવસ્થા હોય અને એકને પડતી ખોટનો ખાડો બીજા બધાના પ્રવાહથી તરત પુરાઈ જતો હોય...અને સાથે સહુના વ્યક્તિત્વનો સમાન આદર હોય; આપણાં મોટાં કુટુંબોમાં ઘણી વાર બને છે તેમ, કોઈ એકને માટે બીજાએ ભોગ આપવો પડતો ના હોય, કોઈનું બીજા પર આધિપત્ય ન હોય, કામની ન્યાયી વહેંચણી હોય...'

'મને તો કોઈ એક માણસનું બીજા પર વર્ચસ્વ હોય, કે ઘરમાં કોઈ એકનું મહત્ત્વ વધારે ને બીજાનું ઓછું હોય એ વાત જ તદ્દન બેહૂદી લાગે છે.' એના જરા જોશપૂર્વક બોલી.

'ઘરના એકેએક સભ્યને પોતાનો વિકાસ કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ.' અલોપા પણ એવા જ જોશથી બોલી.

'સ્વતંત્રતા અને જવાબદારી. ટોટલ ફ્રીડમ અને ટોટલ રિસ્પૉન્સિબિલિટી – બંને સાથે જાય છે, નહિ ?' મેં કહ્યું.

'અને ટોટલ લવ પણ.' સ્વરૂપ બોલ્યો. 'આપણે બધા જાગ્રત અને જવાબદાર હોઈશું. પણ ફરક એટલો કે એ જવાબદારી બહારથી લદાયેલી નહિ હોય, આપણી પોતાની સમજ અને આપણા પ્રેમમાંથી ઊગેલી હશે. બધા જ લોકો સાધારણતઃ બહારનાં અનેક દબાણો નીચે – સામાજિકતાનાં, બીજાએ ઘડેલાં ધારાધોરણોનાં, કુટુંબીજનોની માગણીઓ ને અપેક્ષાઓનાં દબાણો નીચે જીવતાં હોય છે; પણ અહીં આપણે એવાં બધાં દબાણોથી મુક્ત, આપણી આંતરિક જરૂરિયાત પ્રમાણેનું, રિવાજો વડે યાંત્રિક નહિ બનેલું જીવન જીવી શકીએ. અહીં આપણે બધાં જ સ્વતંત્ર હોઈશું. બધાંને જ એકમેકનો સાથ અને પ્રેમ હશે, સમાજથી ભિન્ન શૈલીએ જીવવા જતાં એકલાં પડી જવાનો ભય નહિ હોય. મનુષ્યસંબંધમાં જે સૌથી સુંદર તત્ત્વો છે તેને આપણે ઇચ્છીશું તો અહીં પ્રગટ કરી શકીશું.'

કુટુંબજીવનનું આ એક એટલું મનોહર ચિત્ર હતું કે અમે બધાં મુગ્ધ થઈને સાંભળી રહ્યાં. દરેકના મનમાં ઊંડાણમાં રહેલી એક છબી જાણે જાગી ને સ્પંદિત થઈ. ઘણી વાર સુધી કોઈ કાંઈ બોલ્યું નહિ. પછી એના જ બોલી : 'પણ એવી રીતે જીવવું શક્ય છે ? આ એક સપનું નથી ? આર વી ધ ડ્રીમર ઑફ ડ્રીમ્સ ?'

'એ સપનું છે, પણ એ સપનું છે. આપણે બધાં સાથે મળીને એના પર કામ કરીએ તો એને ઘાટ આપી શકીએ.'

'વાહ, વાહ,' અત્યાર સુધી ચૂપ બેઠેલો વિનોદ ઠોકીને બોલ્યો. 'સપનાને સત્ય કરવાની આ શરૂઆતના નામ પર હું કૉફી પીવાની દરખાસ્ત મૂકું છું.' તે ઊભો થયો. 'ચાલો, હું કૉફી બનાવી લાવું. કોઈ મદદમાં આવશે કે ?' તે રસોડા ભણી ચાલ્યો.

'હું આવું છું.' એના ઊભી થઈ અને વિનોદની પાછળ ગઈ.

કપરકાબી એકઠાં કરતાં એનાને યાદ આવી ગયું. એક વાર અગ્નિવેશ માટે પોતે વિપુલને કૉફી બનાવવાનું કહેલું, ત્યારે તે કેટલો ચિડાયેલો ! જાણે

કોઈ અનુચિત કામ તેને ચીંધ્યું હોય ! કામ નહિ, પણ આમ ચીંધવાપણું જ તેને ખૂંચ્યું હશે. પતિઓ તો સહેલાઈથી કહેતા હોય છે : એના, ચા બનાવ. એના, મહેમાન આવ્યા છે, કૉફી મૂકજે. પણ પત્નીઓ કોઈ દિવસ કહે ખરી કે વિપુલ, મારી બહેનપણીઓ આવી છે, ચા-નાસ્તો આપજે ? ઓહ, આવો વિચાર સુધ્ધાં એ લોકોને કેટલો અજુગતો લાગે ! એક કામ સ્ત્રી માટે જો સાવ સ્વાભાવિક હોય તો પુરુષ માટે તે અજુગતું સાથી બની જઈ શકે ?

તેણે વિનોદ ભણી જોયું. કેટલી સહજતાથી તે કામ કરતો હતો ! એકલો માણસ હતો, છતાં ઘર કેટલું વ્યવસ્થિત હતું !

લંડનથી અહીં આવ્યા પછી વસવાટ કરવામાં, ઘર મેળવવામાં વિનોદે જ ખૂબ સહાય કરી હતી. પરિચય કેટલો ? પાંચ હજાર માઈલ પહોળા સમદ્રને ઓળંગીને બાળપણનો એક ટહુકો પાછો પડઘાયો હતો. નાનપણનાં પડોશી. ખૂબ સાથે રમેલાં. મોટાં થતાં બધાં મિત્રો ક્યાંના ક્યાંય વીખરાઈ ગયાં. આટલાં વર્ષે એક છોડ મહોર્યો. આભા ને ગગનેન્દ્રે લગ્નનું નક્કી કર્યું હતું લંડનમાં, પણ લગ્ન કર્યાં ભારત આવીને. એ વખતે પણ વિનોદે બધું કામ પોતાનું જ હોય એમ ઉપાડી લીધેલું.

વિનોદ ખૂબ સજ્જન છે. મલ્લિકાની સાથે એણે લગ્ન કરેલાં. ન બન્યું. છૂટાં થઈ ગયાં પણ કદી મલ્લિકાની નિંદા કરી નથી; એના વિશે ઊતરતી વાત કરી નથી. એનાનું હૃદય વિનોદ પ્રત્યે કૃતજ્ઞતા અને કુમાશથી ઊભરાઈ રહ્યું.

કૉફી થઈ ગઈ હતી. એનાએ કપ ગોઠવ્યા ને વિનોદે તેમાં કૉફી રેડી. 'બરાબર છે ?' તેણે એનાની સામે જોયું. એનાને લાગ્યું કે હવામાં ક્યાંકથી જૂઈની સુગંધ આવી ગઈ છે.

*

સ્વરૂપે નોકરી છોડી તે પછી દરિયાકાંઠે અમે થોડીક જમીન લીધી હતી. ચીલાચાલુ પ્રકારથી ભિન્ન, ચોક્કસ હેતુઓવાળા અને મુક્ત જીવનની શોધ કરતા લોકોના, સાથે આવીને રહેવાના આ પ્રયોગમાં સ્વરૂપને ઘણી શક્યતાઓ દેખાઈ. અમે બધાંને આ જમીન પર વસવા આમંત્ર્યા, અને ઉત્સાહભેર એક નવી શૈલીનો પ્રયોગ અમે શરૂ કર્યો.

અમે બધાં હવે પચાસના ઉંબરે પહોંચેલાં કે પહોંચવાની નજીકમાં હતાં. પણ ગમતા લોકોનો સાથ અને પોતાની કલ્પના પ્રમાણે જીવવાની તક – આ બન્નેને લઈને અમારામાં એક નવી જ શક્તિ અને ગતિનો સંચાર થયો. અમે બધાં ઉલ્લાસથી કામ કરવા લાગી ગયાં.

જગ્યા પણ સુંદર હતી. પાછળ નરમ મૃદુ ટેકરીઓના ઢોળાવો, આગળ સરુનું વન અને પછી દરિયાનો નીલ વિસ્તાર. સહુથી પહેલાં અમે મકાનો બાંધ્યાં. ગગનેન્દ્રનું કહેવું હતું કે જે સમાજમાં સ્ત્રી ને પુરુષ સમાન છે અને બંને બધાં કાર્યો કરે છે ત્યાં સમાજ અને કુટુંબનાં માળખાં બદલવાની સાથે મકાનોની રચના પણ તેને અનુરૂપ કરવી જોઈએ. અમે એ અનુસાર નાનકડાં મકાનો એવી રીતે બાંધ્યાં કે દરેક ઘર અલગ હોવા છતાં બધાં વચ્ચે સરળતાથી સંપર્ક રહી શકે અને નાનાં બાળકો ઘરમાં એકલાં હોય તોપણ કશી ફિકર ન રહે.

આ મકાનોમાં બહુ વસ્તુઓ કે અલંકાર નહોતાં છતાં એક આગવી સુંદરતા, હૂંફ અને શાંતિ તેમાં રહેલાં હતાં. તેની ઉપર વૃક્ષોની છાયા એવી રીતે ઝૂલી રહેતી, જાણે ધરતીનો હાથ ઊંચો થઈને આશીર્વાદ આપતો હોય. સ્વરૂપના રૂમમાં પુસ્તકો દીવાલમાં એવી સરસ રીતે ગોઠવાઈ ગયાં હતાં તે જાણે એ દીવાલ એમને માટે જ બની હોય. મેં વાંસ-માટીની એક નાની કુટીર બનાવી, ગારો લીપેલી ભોંય, થોડાં ફૂલછોડ, થોડાં પુસ્તકો અને લેખન-સામગ્રી. અલોપાએ પોતાના રૂમમાં બહુ ઓછી વસ્તુઓથી સુંદર સજાવટ કરી એક નાનકડી તખતી બારણા પર લગાડી લખ્યું : 'ઘરને સાચવવા-સમજાવવામાં ગળા લગી ડૂબી જતાં નહિ, નહિ તો તમે તમારું અસ્તિત્વ ખોઈ બેસશો.' એ સિમોન દ બુવાનું વાક્ય હતું. એના પાસે પૂરતા પૈસા નહોતા. તેણે પોતાનાં ઘરેણાં વેચી નાખ્યાં. જયાબહેન જરા લાગણીવશ થઈ જઈને બોલ્યાં : 'તો તું પહેરીશ શું ?' એનાને થોડાક અલંકારો પહેરવા ગમતા. હસીને તે બોલી :

'સોનાના જ પહેરવા એવું થોડું છે ? બીજી ધાતુના પહેરીશ.'

'ખોટાં ઘરેણાં પહેરીશ ?'

એના ગંભીર થઈ ગઈ. 'ખોટું એટલે શું ? પિત્તળને સોના તરીકે કે પથ્થરને હીરા તરીકે ખપાવવા જઈએ તો ખોટું કહેવાય. પણ પથ્થરને પથ્થર

તરીકે પહેરું તો તેમાં ખોટું ક્યાં આવ્યું ?' પછી હસી પડી. 'પણ બધાંને એવું લાગતું હોય છે, નહિ ? પોતે ખોટાં હોય તેની તો લોકોને ફિકર નથી હોતી, પણ ઘરેણાં ખોટાં હોય તો સંકોચથી લાજી મરે છે !'

જયાબહેનનો પોતાનો અલાયદો ખંડ હતો. કશા જ શણગાર વગરનો. સાદી ભીંતો, મોટી બારી નજીક ઝૂકી આવેલી લીમડાની ડાળી અને હવામાં કોમળ, પવિત્ર શાંત ભાવ.

જોકે આમ તો અમારા આ આખાયે આનંદગ્રામમાં એક છાયાભરી પ્રશાંત હવા ફેલાઈ રહેલી હતી. અહીં પ્રકૃતિ સાથેનો એક સંવાદ હતો. જીવન અર્થપૂર્ણ અને ધબકતું હતું. રૂટિનથી આવતી નીરસતા ને યાંત્રિકતા નહોતાં. અહીં સહજપણે સહુ એકબીજાને મદદ કરતાં અને એમાં પોતે જ કંઈક પામ્યાની અનુભૂતિ કરતાં. સ્નેહનું, મધુર આત્મીયતાનું એક વહેણ કલકલ કરતું ચારે તરફ વહી રહેતું.

દરિયા તરફ જતાં અમે વચમાં વર્તુળાકારે વૃક્ષો વાવેલાં, તેને હવે અમે ફૂલઘર નામ આપ્યું અને તેની નીચે ખુરસીઓ ગોઠવી બેઠક બનાવી. ઘણી વાર સાંજે કે રાતે અમે બધાં કામથી પરવારી ત્યાં બેસતાં. ક્યારેક અગ્નિવેશ ગિટાર વગાડતો કે અલોપા ગાતી. અમે વિવિધ વિષયો પર ચર્ચા કરતાં, અથવા સ્વરૂપ વાતો કરતો કે પછી અમે મૌન બેસતાં અને દૂરનાં નક્ષત્રો નજીક આવી જતાં. ઠંડી રાતે કદીક તાપણું સળગાવતાં, ચૂપ રહેતાં, નીરખતાં, સાંભળતાં એક મુક્ત, અવિચ્છિન્ન, અખંડ જીવનનું ગાન. દરિયાનો ઘુઘવાટ છેક પગ નીચે આવી જતો અને અમે એક વિરાટ અસ્તિત્વનો અંશ બનીને, વિશ્વથી જે પર છે અને છતાં વિશ્વના કણકણમાં જે વિરાજમાન છે તેની ઝાંખી કરતાં. સ્વરૂપ અમારા સહુથી કંઈક ભિન્ન, પ્રકૃતિ સાથે વધુ એકાત્મ થયેલો અને પોતાના કેન્દ્રમાંથી બહાર નીકળી ગયેલો માણસ હતો. તે આનંદગ્રામનો પ્રાણ હતો. અને પ્રાણ જેમ દેખાતો નથી તેમ તે લગભગ અદૃશ્ય રહ્યા કરતો, પણ તેની હાજરી સહુને વધુ ચેતનમય બનાવતી.

અમારી એક સરસ જગ્યા હતી અમારું રસોડું. સામૂહિક રસોડામાં બધાં વારાફરતી રસોઈ કરે એવી વ્યવસ્થા અમને બહુ ગમી ગઈ હતી. ચાર-પાંચ

દિવસે એક વાર દરેકનો વારો આવતો, બાકીના દિવસ રસોઈ કરવાની ન હોય એ બાબત અમને એટલી સુખદ લાગતી ! નહિતર તો સ્ત્રી હોય અને તે શ્રીમંત ન હોય, તો બીજું કાંઈ તે કરે – ન કરે, પણ રસોડું તો તેની સાથે અભિન્નપણે જડાયેલું જ હોય. જાણે સ્ત્રી એટલે રસોઈ – એવું સમીકરણ સદીઓથી સમાજના લોહીમાં ગૂંથાઈ ગયેલું હતું. એના ટાગોરની એક કવિતા ઘણી વાર સંભળાવતી. એક ગૃહિણીની કથા : રાન્નાર પોરે ખાબા, ખાબાર પોરે રાન્ના...રાંધીને જમવું અને જમ્યા પછી વળી પાછું રાંધવું...દિવસરાત, મહિનાઓ, વર્ષો આ જ ઘટમાળ. એમાંથી કદી રજા નહિ, કદી મુક્તિ નહિ, સિવાય કે માંદગી આવે, અથવા મૃત્યુ લઈ જાય. પહેલાં તો રસોડાની વાત આવતાં જયાબહેન બોલી ઊઠેલાં : 'મને એકાદ જણની મદદ મળશે તો રસોડું તો હું સંભાળી લઈશ.' એનાએ ઠપકાભરી નજરે તેમના ભણી જોયેલું. 'જિંદગીમાં પહેલી વાર કશુંક નવું કરવાની તક મળી છે ત્યારેય તમે રસોડાને જ વળગી રહેવા માગો છો ?'

પોતાની ઉપયોગીતા રખેને સાવ લુપ્ત થઈ જાય એ ભયે જ સ્ત્રીઓ છેક સુધી રસોડા સાથે જોડાઈ રહેતી હશે ? જિંદગીમાં પ્રથમ વાર જયાબહેન શાંત થઈને શોધવા બેઠાં કે પોતાને ક્યારેય કશું વિશેષ કરવાની મહેચ્છા હતી ? તેમને યાદ આવ્યું. દાદા વૈદ હતા. આયુર્વેદનાં કેટલાંયે પુસ્તકો ઘરમાં રાખતાં. શોખ ખાતર પોતે એ પુસ્તકો વાંચેલાં. ક્યારેક મન થતું : આવી દવાઓ જાતે બનાવી હોય તો ?

તે મનોમન હસ્યાં. સિત્તેર વર્ષ ક્યારનાં વટાવી દીધાં છે, પણ કઈ મેઘધારાએ શરીરમાં સ્ફૂર્તિની હરિયાળી ઉગાડી દીધી છે ? તેમણે થોડીક સાદી દવાઓ બનાવવાની શરૂઆત કરી. અહીં દરેક જણ જે કામ કરે, તેને બીજા બધાંનો સાથ-ઉત્સાહ મળી રહેતો. પહેલી વાર દંતમંજન બનાવી તેમણે અમને બધાંને આપ્યું ત્યારે તે એટલાં ખુશ હતાં ! જાણે સર્જનની નવી કેડી કંડારી રહ્યાં હોય !

અગ્નિવેશ ભારત આવીને ઇજનેરનું ભણતો હતો, પણ પૈસાના જોરે મેળવાતી લાયકાતો જોઈ ભણવામાંથી તેનું મન ઊઠી ગયું અને છેલ્લી પરીક્ષાના થોડા જ દિવસ બાકી હતા ત્યાં તેણે કૉલેજ છોડી દીધી. 'મારે શીખવું હતું તે

શીખી લીધું છે અને ડિગ્રી મારે જોઈતી નથી. હું મારે માર્ગે ચાલીશ, ઘેટાંના માર્ગે નહિ.'

એનાને ચિંતા થઈ. ડિગ્રી વગર અગ્નિવેશ કેવી રીતે આજીવિકા રળશે ? અગ્નિવેશ સામે પણ એક પડકાર હતો. અનાયાસે જ 'આનંદગ્રામ'માં તેને પીઠિકા મળી ગઈ. અહીં દરેક વ્યક્તિએ અમને આશ્ચર્યોની ભેટ ધરી હતી, એમાં સૌથી વિશેષ ભેટ હતી અગ્નિવેશની. રસોઈ કરવાની સાધારણ તાલીમ તો તેને મળી હતી. હવાઉજાસથી પ્રફુલ્લિત લાગતા અમારા રસોડાની મોટી કાચની બારીઓ, એ બારીમાં ડોકિયાં કરે એવી રીતે વાવેલાં ફૂલછોડ, બીજાઓનો રસોઈનો વારો હોય ત્યારે અમસ્તો જ આવીને ગિટાર વગાડી શકે તે માટે એક ખૂણામાં કરેલી વ્યવસ્થા – એ સઘડું આયોજન તેનું હતું. ઘણી વાર રસોઈનો વારો ગમે તેનો હોય, પણ બધાં જ રસોડામાં આવી ભરાતાં; આજે શું જમવાનું મળશે તેની રસભરી કલ્પના કરતાં, સુગંધ પરથી ઓળખવાની રમત રમતાં. અગ્નિવેશ ગિટાર વગાડતો, વિનોદ તબલા પર થાપ દેતો અને આભા ગાતી : 'આઈ ડોન્ટ હેવ ટુ ટેલ યૂ, હાઉ વેલકમ યૂ વુડ બી.' પછી તો બધાં તાલ આપવા માંડતાં અને એ રસોઈઘર છે કે સંગીતઘર, તેની ખબર ન રહેતી.

પણ અગ્નિવેશને અહીં રસોઈ કરવાની આવી ત્યારે તે ચોંકી ગયો. બાપ રે ! રોટલી બનાવતાં આટલો બધો વખત લાગે ? આ કેટલું લાંબું ને થકવનારું કામ છે ! તેની સાથે તે દિવસે અલોપા હતી. અગ્નિવેશ નારાજ થઈને બોલ્યો : 'તમે લોકો સવાર-બપોર-સાંજ આવા કામમાં ગૂંથાઈને જિંદગી કાઢી નાખતાં હો છો ?'

'તમે લોકો એટલે ?'

'એટલે કે સ્ત્રીઓ. ઓ ભગવાન, રોજેરોજ, સવાર ને સાંજ, વરસોનાં વરસો આ કામ તમે કર્યું છે ને તમે કોઈએ, આ દેશની લાખો-કરોડો સ્ત્રીઓમાંથી કોઈએ આનો વિકલ્પ શોધ્યો નથી ? તમારામાં કોઈ સંશોધક બુદ્ધિ કે વૈજ્ઞાનિક દૃષ્ટિ ધરાવનાર છે જ નહિ ? તમારી સહનશીલતાને પણ ધન્ય છે. સહન કરવાની શક્તિ માટે ભારતની સ્ત્રીઓને તો નોબેલ પ્રાઇઝ આપવું જોઈએ. સમયનો આવો ભયંકર દુર્વ્યય તમને જ પોસાઈ શકે. એટલે જ આ દેશ આટલો દરિદ્ર છે ! અડધા ભોજન માટે આમ પાંચ કલાક કામ કરવું ! કોઈક

દિવસ મઝા માટે ઠીક છે, પણ રોજ આટલો બધો વખત એની પાછળ ગાળવો એ શું બુદ્ધિવાળી બાબત છે ?'

આમાંથી અગ્નિવેશને બેકરી બનાવવાનો ખ્યાલ આવ્યો. ભારતમાં મોટા ભાગે બનતી હોય છે તેવી, નિઃસત્ત્વ મેંદાની નહિ, પણ ઘઉંના થૂલાવાળા લોટની, બધાં પોષક તત્ત્વો સચવાઈ રહે તેવી, પરદેશમાં તેણે ખાધી હતી તેવી જાતજાતની બ્રેડ તેણે બનાવવા માંડી. એ પહેલાં થોડા મહિના એક બેકરીમાં જઈ તે તાલીમ લઈ આવ્યો. સ્વરૂપના ખેતરના, બીજે ક્યાંય ન મળે એવા મોટા દાણાના સરસ ઘઉં મળ્યા. તેની 'ગાર્લિક બ્રેડ' તો એટલી સ્વાદિષ્ટ બની કે આજુબાજુના વિસ્તારોમાં તે ખૂબ ખપવા લાગી અને આનંદગ્રામ તેની આવકથી સમૃદ્ધ થવા લાગ્યું. સ્વરૂપે રાસાયણિક ખાતર વાપર્યા વગર ફળઝાડ ઉગાડ્યાં હતાં, અને તેને માટે સચેતન એવી વનસ્પતિ-સૃષ્ટિ તરફથી મળતા સંકેત અનુસાર કામ કરતાં તેને બહુ સારાં પરિણામો મળ્યાં હતાં. તેનાં મોટાં, રસાળ, ચમકદાર ફળોમાંથી અગ્નિવેશે જાતજાતના મુરબ્બા બનાવ્યા. આનંદગ્રામમાં સંપૂર્ણ શાકાહારનો નિયમ હતો; કારણ કે દરેક મનુષ્ય પ્રત્યે આદરની સાથે દરેક પ્રાણી પ્રત્યે આદર એ અમારું પાયાનું દર્શન હતું.

એના જાતજાતના સૂપ બનાવતી. તેનામાં ઓછા સમયમાં ઓછી મહેનતે સ્વાદિષ્ટ વાનગીઓ બનાવવાની સૂઝ હતી. સ્વરૂપને પણ પ્રયોગો કરવા ગમતા. એ જેટલી સહેલાઈથી વૈજ્ઞાનિક ચિંતન કરી શકતો, ઉપનિષદના મંત્રોનું અર્થઘટન કરી શકતો તેટલી જ સરળતાથી રસોડાનાં વાસણ સાફ કરી શકતો કે સલાડ બનાવી શકતો.

અગ્નિવેશે બેકરી ઉપરાંત નાનાં સુધારેલાં ઓજારો બનાવવાની વર્કશોપ અને ઊર્જાનો જરા પણ વ્યય ન થાય તેવી રીતની યંત્રરચનાઓ ઊભી કરી. સૂર્યકૂકર અને સૂર્ય-ઊર્જાથી ચાલતા પંપ તેણે બનાવ્યા. આનંદગ્રામનો તે સૌથી તરવરિયો જુવાન હતો.

અલોપાની ને તેની જોડી ખૂબ જામતી. બન્ને વચ્ચે ચર્ચા ચાલતી હોય ત્યારે એ સાંભળવાની ગમ્મત આવતી. એક વાર અગ્નિવેશ કહે : 'માસી, મને એક વાતની સમજ નથી પડતી.'

'કઈ વાતની ?'

'સ્ત્રીઓ ભોળી હોય છે કે મૂર્ખ હોય છે ?'

અલોપાનાં ભવાં સંકોચાયાં. 'કેમ રે બાબલા એવું શાથી કહે છે ?'

'જુઓને, તમે લોકો અ-વૈજ્ઞાનિક વાતો કેટલા વિશ્વાસથી માની લો છો ! તમને કોઈ કહે કે રસોઈમાં તમારા હાથની મીઠાશ ને તમારા પ્રેમનો સ્વાદ ભળેલાં છે, એટલે તમે એ માની લો ને હોંશે હોંશે રસોઈ બનાવવામાં જ ગરકાવ રહો. કોઈ દિવસ વિચાર ન કરો કે ઘરની મીઠાઈ કરતાં કંદોઈની મીઠાઈ હંમેશાં વધારે સરસ હોય છે તે શાથી ? એ લોકો તો વ્યાપારી ધોરણે વસ્તુઓ બનાવે છે ! આ મારી જ વસ્તુઓ જુઓને ! કેટલી સારી બને છે ! એનું કારણ એ છે કે એ કેમ બનાવવી, એની મને ખબર છે. એ બધો કુશળતાનો-એક્સ્પર્ટીઝનો વિષય છે. એને બનાવનારના હેત-પ્રેમ સાથે કંઈ લાગતું-વળગતું નથી. ખાદ્ય પદાર્થોનું મૂલ્ય સમજ્યા વિના એને પ્રેમથી રાંધતી સ્ત્રી અને સમતોલ આહાર પોષણ આપતાં તત્ત્વો વિશે પૂરેપૂરી સમજથી રાંધતી વ્યક્તિ – બેમાંથી કોની રસોઈ વધુ યોગ્ય ?'

અલોપાને આમ તો દલીલો ખૂબ સૂઝતી, પણ તે દિવસે નક્કર જવાબ કોઈ જડ્યો નહિ. બેળેબેળે બોલી : 'પણ પ્રેમથી કોઈ પીરસે તો જમવાનું મીઠું તો લાગે !'

'જુઓ, તમારી અ-વૈજ્ઞાનિકતાનો પુરાવો તમારી વાતમાંથી જ મળ્યો. મેં પીરસવાની વાત કરી છે જ ક્યાં ? હું તો બનાવવાની વાત કરું છું. પણ આ હાથની મીઠાશવાળી વાતથી નુકસાન શું થયું છે, ખબર છે ? સ્ત્રીઓ ફુલાઈને એમાં રાચવા લાગે, એટલે વ્યાવસાયિક કુશળતા તેનામાં આવે જ નહિ. વરસોનાં વરસોથી રસોઈ કરતી હોય તોય એકધારી સરસ રસોઈ ભાગ્યે જ થાય. એટલે તો ઘરમાં આપણે સાંભળીએ છીએ કે આજે દાળ બહુ સરસ થઈ છે; એટલે કે રોજ એવી સરસ નથી થતી. પણ કંદોઈની મીઠાઈ માટે આપણે એમ નથી કહેતાં કે 'આજે એની બરફી સારી થઈ છે.' એણે તો ઉત્તમતાનું એક ધોરણ હંમેશા માટે સિદ્ધ કર્યું હોય છે !'

પછી કાનમાં કહેતો હોય એમ કહે : 'માસી, તમને ખબર છે, આવું કેમ છે ? રોજેરોજ રસોઈ કરવી, રોજેરોજ થોકડોએક રોટલી બનાવવી – એ

એટલું કંટાળાભરેલું કામ છે ! પણ સ્ત્રીઓને આપણે આવું – હાથની મીઠાશ ને હેતનો સ્વાદ વગેરે વગેરે કહીએ એટલે પોતાનાં વખાણ સાંભળી તેઓ ખુશ થાય; એટલે પેલા કંટાળાને ગણકારે નહિ. કોઈ પણ વ્યક્તિ તે જે કામ કરતી હોય તે જ કામ ચાલુ રાખે એવું આપણે ઇચ્છતાં હોઈએ, તો એનો ઉત્તમ ઉપાય છે – એ કામનાં વખાણ કરવાં.'

'અગ્નિવેશ, તારું મગજ પણ તારાં મશીનોની જેમ કામ કરે છે. અમે લોકો આખી જિંદગીમાં આ વિશે જેટલો વિચાર નથી કરતાં એટલો તેં બે દિવસ રસોઈ કરવાનો વારો આવ્યો, એમાં કરી નાખ્યો. એક લેખ લખ આના પર.'

અગ્નિવેશ હસી પડ્યો. 'કોણ છાપશે, માસી ? આમાં તો સ્ત્રીઓનીયે વિરુદ્ધની વાત છે ને પુરુષોનીયે વિરુદ્ધની વાત છે !'

પછી ફરી હસીને કહે : 'પણ આનંદગ્રામમાં તો આપણે એકેએક બાબત માટે વૈજ્ઞાનિક ને શુદ્ધ અભિગમ શોધવાનો છે. એટલે તમે બધાં સાંભળવા તૈયાર હો તો તમારી આગળ ભાષણ ઠોકું...'

ચર્ચાઓમાં તેમ સાહસોમાં પણ અલોપા અને અગ્નિવેશને સારું બનતું. અલોપાએ પોતાના ભૂતકાળને એક દુઃસ્વપ્ન ગણી ભૂંસી નાખ્યો હતો. તેણે લેક્ચરર તરીકે કામ ચાલ્યું રાખ્યું હતું. બાકીના વખતમાં તે અને અગ્નિવેશ આજુબાજુનાં છોકરાંઓને શારીરિક ને બૌદ્ધિક રમતો રમાડતાં, તેમને ડુંગરે ચડવા ને દરિયે નાહવા, જંગલમાં પ્રાણીઓ ને પક્ષીઓ જોવા લઈ જતાં. ઘર કેમ વ્યવસ્થિત રાખવું ને કેમ રાંધવું તે શીખવતાં. રાતે તારાદર્શન કરતાં. ચંદ્રગ્રહણ કે ઉલ્કાવર્ષા વખતે તો ખાસ કાર્યક્રમ થતો. વચ્ચે વચ્ચે અલોપા હિમાલયનો બરફ ખૂંદી આવતી. તે આનંદની હરતીફરતી પ્રતિમા જેવી હતી. તેનાં ગીતોથી આનંદગ્રામની હવા સૂરીલી બની હતી.

માત્ર મિત્રા...તેને ગળે હજી જાણે એક ડૂમો અટકેલો હતો. નાનપણમાં વાતે વાતે હસવાની ટેવવાળી તે હવે વાતે વાતે ઉગ્ર બની જતી. મિત્રા એટલે કોણ એ તમે જાણી જ ગયા છો ને ?

●

૨૭

મિત્રા એ જ સુમિત્રા – એ તમે સમજી ગયા હશો. અનિમેષ સાથે જે બન્યું. તેનો તેને ભયંકર આઘાત લાગ્યો હતો. જાણે એક મધુર વાંસળી વાગી હતી, અચાનક નિયતિએ હોઠ ખસેડી લીધા અને હવે તે કાણાંવાળી એક નિર્જીવ લાકડી માત્ર બની રહી. એક નિર્દોષ સ્ત્રીનો અજાણતાં પોતે અપરાધ કર્યો છે તેનો ડંખ તેને વાગ્યા કરતો. પોતાને આવી સ્થિતિમાં હડસેલી દેવા માટે અનિમેષ પર ખૂબ ગુસ્સો આવતો. એક હિરણ્યમય પાત્ર અમૃતથી ભરાવાની રાહ જોતું હતું તે કાંઠા સુધી કડવાશથી છલકાઈ રહ્યું.

માબાપ પાસે પાછાં જવાનું મન થયું નહિ. તે કામ પર જતી, પાછી આવતી અને રૂમમાં ભરાઈ રહેતી. તેનાં વરસોનાં વરસો આ દુઃખ – વાગોળવાના દરિયામાં ડૂબી ગયાં હોત. પણ એક વાર તેના વિષાદના ભારાને આગનો તણખો અડી ગયો. તે પેઇંગ ગેસ્ટ તરીકે એક નવપરિણત યુગલના ફ્લૅટમાં એક અલગ રૂમમાં રહેતી હતી. પરણ્યાને હજુ છ જ મહિના થયા, ત્યાં તે સ્ત્રી બળીને મરણ પામી. હજુ આગલા દિવસે જ દાદર પર સુમિત્રાને તે મળી હતી. તે સુશિક્ષિત પૈસાદાર માબાપની દીકરી હતી, અમેરિકા જઈ બિઝનેસ મૅનેજમૅન્ટની ડિગ્રી લઈ આવી હતી. પતિએ તો જાહેર કર્યું કે તે દાઝીને મરી ગઈ છે, પણ સુમિત્રાને શંકા આવી. છોકરીનો ભાઈ અમેરિકા હતો. માબાપ થોડા વખતથી ત્યાં ગયાં હતાં, ફાવી જાય તો ત્યાં રહી જવાનાં હતાં.

સુમિત્રાને ખબર હતી કે રમ્યા પિયરથી ખૂબ દહેજ લઈ આવી છે. ચોક્કસ, આ ખૂનનો કિસ્સો જ હોવો જોઈએ. રમ્યાએ વાત કરી હતી કે એનો પતિ આટલા દહેજ પછી પણ પિયરથી વધુ પૈસા લઈ આવવા ઝઘડા ને મારપીટ કરે છે, પોતે અમેરિકા જઈ સારી ડિગ્રી મેળવી આવી છે તે બદલ તીવ્ર કટાક્ષ કરે છે. તેણે રમ્યા પર દબાણ કર્યું હશે – ભાઈને લખ કે અમેરિકાથી

ટિકિટ મોકલાવે. રમ્યા સ્વાભિમાની હતી. પોતે દહેજ આપીને પરણી છે, તેનું તેને દુઃખ હતું.

પણ શું કરવું ? વહેમ હોય તોયે પુરાવા ક્યાંથી લાવવા ?

...તો ચૂપ બેસવું ? કોઈના ઘરનો આંતરિક મામલો માની દખલ ન કરવી ?

છેવટે સુમિત્રાએ હિંમત કરી એક વકીલ મિત્રની સહાયથી પોલીસને ખબર કરી. લાશને અધવચ્ચે અટકાવવામાં આવી. ખૂબ ઊહાપોહ થઈ ગયો. કેસ ચાલ્યો. દરમ્યાન રમ્યાની ડાયરી હાથ આવી, જેમાંથી પુરાવાઓ મળી રહ્યા. ગુનો સાબિત થયો. આ બનાવે સુમિત્રાની દુઃખની ઊંઘ ઉડાડી દીધી. ભાગ્યે જ કોઈ દિવસ ખાલી જતો જ્યારે કોઈ ને કોઈ સ્ત્રી પર, એક કે બીજા પ્રકારનો અત્યાચાર પ્રકાશમાં ન આવ્યો હોય. 'ડાવરી ડેથ' અને 'બ્રાઈડ બર્નિંગ' શબ્દો રોજ સાંભળવા મળતા હતા. મારપીટના વધુ કિસ્સાઓની જાણ થઈ. સાધારણ ખ્યાલ એવો છે કે મારવા-કરવાનું તો મજૂર વર્ગના લોકોમાં હોય. તેમનાં ઘરોને ઢાંકતી સિમેન્ટની દીવાલ નથી હોતી એટલે તેમની વાત ખુલ્લી પડી જાય છે. પણ મધ્યમ વર્ગમાં ફ્લૅટનાં બંધ બારણાં પાછળ રુદનનાં જે પૂર ઊમટીને શમી જાય છે તેની કોઈને જાણ નથી હોતી. શરાબથી ભાન ગુમાવેલો કે ધંધાની તાણ અને વિફળતા અનુભવતો પુરુષ જ માર મારે છે એવું નથી. દહેજને માટે, મા-બહેનની ઉશ્કેરણીથી, પૈસાની તકરારમાં, પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધને કબૂલ ન રાખવાથી, સ્ત્રી પ્રત્યેના વહેમથી અને રમ્યાની બાબતમાં બન્યું તેમ સ્ત્રી સ્વાભિમાની ગૌરવવાળી હોય તે સ્વીકારી ન શકવાથી પણ મારપીટ થતી હોય છે. અને કેવી મારપીટ ! એ તો કોઈ ડૉક્ટર પાસે જઈએ ત્યારે ખબર પડે કે મનુષ્યમાં રહેલા પશુએ અત્યાચારનાં કેવાં કેવાં રૂપ શોધી કાઢ્યાં છે !

સુમિત્રાએ આ બધું જાણ્યું ને આગની રેખાની જેમ તે ટટ્ટાર થઈ ગઈ. અહીં આંતરે દિવસે એક સદ્યપરણિતા યુવતીને બાળી મૂકવામાં આવે છે અને હું મારા દુઃખના ઝૂલામાં ઝૂલું છું ? લાંબા સમય પહેલાં – કોને કહ્યું હતું ? હા, વસુધાએ કહ્યું હતું : આ હાથ મેંદી મૂકવા માટે નથી, મશાલ પેટાવવા માટે છે. અને આજે પોતે ચાર દીવલમાં પુરાઈ રહીને પોતાનાં જ દુઃખોની આરતી ઉતારે છે ! તેણે ઝાટકો મારી પોતાની વેદના ખંખેરી નાખી.

તેણે ફરી પોતાનાં જૂનાં મિત્રોને ખોળી કાઢી સ્ત્રીઓ માટેના કામની યોજના ઘડી કાઢી. તેઓ માહિતી અને આંકડા એકઠાં કરતાં, અહેવાલો બહાર પાડતાં, લગ્નવયનાં યુવાન-યુવતીઓ પાસે દહેજ ન લેવા-દેવાની પ્રતિજ્ઞા લેવડાવતાં, પણ તેની સૌથી નવલ રીત તો હતી સામાજિક બહિષ્કારનું વાતાવરણ ઊભું કરવાની. જ્યાં જ્યાં દહેજ લીધા-દીધાની માહિતી મળે, સાસરિયાંઓએ સ્ત્રીને બાળી મૂકી છે કે બળી મરવા તરફ હડસેલી છે તેવી ખાતરીપૂર્વકની જાણ મળે ત્યાં તે લોકોનો સામાજિક બહિષ્કાર થાય તે માટે તેઓ નવનવી રીતો શોધી કાઢતાં. 'અહીં એક યુવાન સ્ત્રી આગમાં ઓરાઈ છે' – એવું પત્રિકા લખી એ તેમના ઘર પર ચોડતાં, અને એ ઘરનાં લોકોને ખબર જ પડતી નહિ કે, રોજ-રોજ ફરફરિયું ઉખાડી નાખવા છતાં કોણ ક્યારે એ દીવાલ પર બારણા પર ચોંટાડી જાય છે. 'શ્રીમાન તિલકરાજને ઓળખો છો ? તેમના ઘરમાં સાજીતાજી સુ-કોમળ નવવધૂનું દાઝી જવાથી મૃત્યુ થયું. તમને લાગે છે કે એ માત્ર અકસ્માત હશે ?' – વગેરે મતલબનાં લખાણો સાઇક્લોસ્ટાઇલ કરાવી તિલકરાજના પડોશીઓમાં, સગાંસંબંધીઓમાં, ઑફિસમાં વહેંચતા. ઘણી વાર તેઓ મોરચો લઈ જતાં અને પછી તો આવું મૃત્યુ થયું હોય, ત્યાં દહેજમાં આપેલી વસ્તુઓ માબાપને પાછી મળે તે માટે પણ તેમણે ફરજ પાડવા માંડી હતી.

શ્રમજીવીઓની જેમ સ્ત્રીઓએ પણ એક થવું જોઈએ – એ તેનું એક સૂત્ર હતું. મૃદુ વાણી અને સ્નિગ્ધ હૃદય લઈને સ્ત્રીઓ અ-વિરોધનો નરમ સુંવાળો માર્ગ ગ્રહણ કરે છે...પછી થોડુંક થોડુંક કરીને નમતું આપતી જાય છે. હોઠ બંધ રાખે છે, સાચુંખોટું શું તે વિચારવાનું અભરાઈ પર ચડાવી દે છે, વિશાળ જગતના વિશાળ પ્રશ્નો સાથે આપણને શું લાગેવળગે, માની ઘરની સલામતીમાં પુરાઈ રહે છે, અને પછી તેના વ્યક્તિત્વની કાંગરીઓ ખરતી જાય છે, પ્રતિકારની શક્તિ રહેતી નથી. સ્નિગ્ધતા અને કોમળતા એ સારા ગુણો છે, પણ તેનું શક્તિ અને સ્વાભિમાન સાથે સંયોજન, સમતોલન થવું જોઈએ.

એક પ્રખર કાર્યકર તરીકે સુમિત્રાની ખ્યાતિ વધવા લાગી હતી. વ્યાખ્યાનો માટે, સંગઠનો માટે તે હવે દૂરદૂરનાં સ્થળોનો પ્રવાસ કરતી. એ દરમ્યાન તે ગાલીચા વણવાનું શીખી હતી. પોતાના નામમાંથી તેણે 'સુ' પડતો મૂક્યો હતો

અને એમ કરીને ભૂતકાળ સાથેનો તાર તોડી નાખ્યો હતો. આમ છતાં ઘણી વાર, ભરચક કામની વચ્ચેથી એક ચિત્કાર ફણા ડોલાવતો સામે ઊભો રહેતો. અરે, મારું હૃદય, મારો પ્રેમ, મારું સૌથી અમૂલ્ય ધન તે મેં એક બોદા-નકામા માણસને આપી દીધું ?

પોતાના કામમાં તેને અલોપાની ઓળખાણ થઈ હતી અને એ રીતે તે અમારી સાથે જોડાઈ હતી. મને ઘણી વાર આશ્ચર્ય થતું : વિધાતાના ચિત્રના અલગ અલગ ટુકડા કેવા ખાંચાખૂણાવાળા, પોતાનામાં અપૂર્ણ હતા ! હવે બધા સાથે આવીને મળ્યા હતા, અને ચિત્ર પૂરું થયું હતું. તીવ્રતાઓથી ભરેલી મિત્રા, બેફિકર આનંદ વેરતી અલોપા, અવાજ કર્યા વિના પોતાની રીતે જીવતી એના, શાંત, જાગ્રત, વનસ્પતિની જેમ અદૃશ્યપણે શક્તિથી સંચિત થયેલો સ્વરૂપ – બધાં ભિન્ન ભિન્ન પ્રકૃતિનાં હતાં, અને તેમની પ્રકૃતિનો કોઈયે અંશ ખંડિત ન થાય એ રીતે બધાં સાથે જીવતાં હતાં.

'અ' એ ચિત્રનો ભાગ હતો અને નહોતો. તે તો અવારનવાર આવી ચડતો અને સુગંધ વેરી ચાલ્યો જતો. તે ચોવીસેક વર્ષનો, ઊંચો, કાળી દાઢી અને લહેરાતા વાળવાળો છોકરો હતો. તેનો ચહેરો કોઈક પ્રકાશથી ચમકતો રહેતો. તે કહેતો કે તેને ભગવાન મળ્યા છે. આવી વાતને આમ તો અમે હસી કાઢત, પણ તેનો ચહેરો એટલો નિષ્પાપ હતો કે તેની વાતને ન માનવાનું મન ન થાય.

એક દિવસ એનાએ એનું નામ પૂછેલું.

તેણે હસીને કહ્યું : 'મારે કોઈ નામ નથી.'

'પણ અમે તને કયા નામે બોલાવીએ ?'

તે જરા વિચારમાં પડ્યો : 'બોલાવવાની જરૂર છે ?'

એના ખિલખિલાટ હસી. 'બોલાવવાનું જરૂરી છે.'

તે પણ હસ્યો. ' "અ" બરોબર નથી લાગતું ?'

'ખાલી "અ" ? કંઈ આખું નામ હોય તો –'

'એમ જુઓ તો "અ" જેટલું આખું બીજું શું છે ? તે બધા સ્વરોમાં છે અને તેના વિના એક્કે અક્ષર બોલી શકાતો નથી.'

એનાને મઝા પડી. શબ્દો સાથે કામ કરવાનો તેને રસ હતો.

'અને એક બીજી વાત પણ છે.' 'અ'એ કહ્યું.

'શી ?'

'ધારો કે મારે નામ હોય – આનંદ હોય તો કોઈને થાય કે હું હિન્દુ છું, અબ્દુલ હોય તો મુસ્લિમ લાગું, એડવર્ડ હોય તો ખ્રિસ્તી. પણ હું આમાંનો કંઈ જ નથી. અને જે હું નથી, તે હું નામ દ્વારા શા માટે સૂચિત કરું ? એટલે નામ વગરના રહેવામાં વધારે મુક્તિ છે. એ રીતે હું મારું સાતત્ય પણ તોડી નાખું છું. હું ગઈ કાલે જે હતો તે આજે નથી. આજે છું તે આવતી કાલે નહિ હોઉં. 'આઇડેન્ટિટી ક્રાઈસિસ' નો બહુ મોટો પ્રશ્ન મેં કેવો ઉકેલી નાખ્યો છે ?' તે મોટેથી હસ્યો. 'હું કાંઈ ન હોઉં ત્યારે જ "તે" આવે ને ?'

એક વાર પૂછેલું : 'અ, તને સાક્ષાત્કાર શી રીતે થયો ?'

'સાક્ષાત્કારની મને ખબર નથી, પણ એક વાર હું અરીસામાં જોતો હતો. તો મને મારો ચહેરો જ ન દેખાયો. હું એટલો બી ગયો ! મારી આંખો તો બરાબર હતી, બીજું બધું દેખાતું હતું, પછી હું જ કેમ નથી દેખાતો ? બહુ ડરી ગયો. મને થયું – પગ તળેથી નક્કરતા ફસકી જાય છે. મારું હુંપણું ચીરા ને ચુથ્થા થઈ જાય છે. મેં જોર કરીને એને પકડી રાખવાની કોશિશ કરી, પણ 'હું' ટુકડે ટુકડે અણુએ અણુએ નાશ પામતો ગયો. મારી આખી જાત ધીરે ધીરે નષ્ટ થઈ રહી હતી. એ જીવતા મરણ પામવા જેવો અનુભવ હતો.'

'પછી ?'

પછી મને થયું : 'અરીસામાં હું નથી તો પછી કોણ છે ? હું નષ્ટ થઈ રહ્યો હોઉં તો જેને એને ભાન થાય છે તે કોણ છે ? હું ચૂપ થઈને બેઠો. સૂઝ વગરનો, દિશા વગરનો, અજાણ્યા પ્રદેશમાં અસ્તિત્વ ખોઈ દીધેલો બસ બેસી જ રહ્યો.'

'પછી ?'

તે હસ્યો. 'સાંભળવું છે ? સાંભળી શકશો ? હું કહું તે સ્વીકારી શકશો ?' મેં ડોકું હલાવ્યું.

'મેં પ્રશ્ન કર્યો : જો "હું" નથી તો પછી જે છે તે આ કોણ છે ?'

'એ હું છું...' અચાનક મેં અવાજ સંભળાયો. તે દિવસે હું જે ચોંકી ગયો છું ! હું આખો ઊછળી જ પડ્યો. આ કોણ બોલે છે ? ક્યાંથી આવે છે આ અવાજ ?

'એ હું બોલું છું...' ફરી અવાજ આવ્યો.

'ઓ ભગવાન, આ શું થઈ રહ્યું છે ? હું આખો ધ્રૂજી રહ્યો. મારી આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. મને લાગ્યું, જાણે કોઈ મારા માથે હાથ મૂકે છે. અંદર એક મોટું પૂર રેલાવા લાગ્યું. મને અનહદ આનંદનો અનુભવ થયો. હું પોતે જ આનંદ બની રહ્યો.'

'પછી ?'

'પછી શું ? બસ હવે એ છે એટલે હું નથી. છું છતાં નથી.' તેની આંખો બિડાઈ ગઈ. તેના મોં પર અદ્ભુત તેજ પથરાઈ રહ્યું. ક્યાંય સુધી તે હાલ્યાચાલ્યા વિના બેસી રહ્યો.

તે દિવસે મિત્રા બહુ વિચલિત થઈ ગઈ હતી. 'મને કાંઈક કહે, અ, મારું મન બહુ તરડાયેલું છે. હું કેવી રીતે આ આનંદ પામી શકું ?'

'અ' વિસ્મયથી જોઈ રહ્યો. પછી અસ્ફુટ સ્વરે બોલ્યો : 'અરીસામાં આપણે ન જોઈએ તો કદાચ કંઈક થતું હશે...'

તેની વાતોથી મિત્રાને સત્ય ને આશ્વાસન બેઉ મળતાં. ઘણી વાર તે ચુપચાપ માત્ર તેની પાસે બેસતી અને 'અ' ની ઉપસ્થિતિ માત્રથી બધું વધારે પ્રકાશિત અને સભર લાગતું. માત્ર હોવાથી તે આનંદગ્રામને છલોછલ ભરી દેતો.

મિત્રાની વેદનાની સ્વરૂપને ખબર હતી, પણ તેને વિશ્વાસ હતો કે ધીરેધીરે મિત્રા સમજશે કે જેને પોતે ખોઈ દીધેલું માનતી હતી, તે ધન તો તેની પાસે જ છે. માણસનું મન કાંઈ વસ્ત્ર નથી કે એક વાર ફાટ્યું તો ફરી અખંડ ન કરી શકાય...માણસે પોતાના ભૂતકાળ ને સ્મૃતિઓમાંથી પોતાનાં દુઃખો ને અનુભવોમાંથી મુક્ત થવું જોઈએ, તો જ તે જીવનના નિત્ય નૂતન આવિષ્કારમાં પ્રવેશી શકે.

સ્વતંત્રતાને કાંઈ એક જ પાસું નથી. છેવટ જતાં તો સ્ત્રીએ પોતાના સ્ત્રીત્વના બંધનમાંથી અને પુરુષત્વના બંધનમાંથી મુક્ત થઈ, પૂર્ણ મનુષ્ય બનવું જોઈએ...આવું બધું સ્વરૂપને લાગતું પણ તે પોતાના વિચારોનો ઓછાયો બીજા પર ભાગ્યે જ પડવા દેતો. તે તો ઘણુંખરું પડદા પાછળ જ રહેતો, સહેજસાજ સૂચન કરતો કે ક્યારેક જરા હાથ લંબાવતો. તે કહેતો કે સાચી શક્તિ બીજા પર છવાઈ જવામાં નહિ, પણ બીજાને શક્તિશાળી બનાવવામાં છે.

આનંદગ્રામ હવે ખૂબ વિકસવા લાગ્યું હતું. દરેકને અહીં પોતાની ને બીજાની સિદ્ધિઓથી જીવન સમૃદ્ધ અનુભવાતું. એક 'સિનર્જિક' સમાજની કલ્પના અહીં ઘાટ લઈ રહી હતી, જેની સમૃદ્ધિ તેના દરેક ઘટકની સમૃદ્ધિના સરવાળા કરતાં વિશેષ હતી.

પછી એક પડકાર આવ્યો.

આભા ને ગગનેન્દ્ર બન્ને સંશોધન-વિજ્ઞાની હતાં અને એક જ સંસ્થામાં કામ કરતાં હતાં. બન્ને સાથે કામ પર જતાં ને સાંજે સાથે પાછાં આવતાં. એક દિવસ સમાચાર મળ્યા કે આભાને બાળક આવવાનું છે. જયાબહેન તો આનંદથી ઘેલા જ થઈ ગયાં. અમે બધાં પણ આ નવા વસવાટમાં કેવો મનુષ્ય-જીવ પ્રગટશે તેની આતુરતાથી રાહ જોઈ રહ્યાં. પણ મોટો પ્રશ્ન એ હતો કે : આભા ને ગગનેન્દ્ર હવે કઈ રીતે જીવન ગોઠવશે ? આભા કામ અને બાળકની જવાબદારી — બન્ને સાથે કેવી રીતે સંભાળશે ? આનંદગ્રામનો નિવાસી ગગનેન્દ્ર પિતા તરીકે કેવી ભૂમિકા નિભાવશે ?

પૂરા સમયે આભાને દીકરી જન્મી. તે દિવસે અમે મોટો ઉત્સવ કર્યો. આમ તો આનંદગ્રામમાં ઉત્સવો અવારનવાર થતા : એના નવી કવિતા લખે તેનો ઉત્સવ, સ્વરૂપનું નવું પુષ્પ ઊગે, અગ્નિવેશ નવું મશીન બેસાડે, વિનોદ નવું ચિત્ર દોરે કે મારી નવલકથા છપાય : તેનો કંઈ ને કંઈ ઉત્સવ અમે ઊજવતાં. પણ આભાની દીકરીના આગમનનો ઉત્સવ તો બધામાં શિરમોર જેવો હતો.

ત્રણ મહિના પછી પ્રશ્ન ઊભો થયો. આભા ઘેર રહેશે કે કામ પર જશે ? દીકરીને કેમ સંભાળશે ? અમે વિચારતાં હતાં ત્યાં આભાએ જાહેર કર્યું કે હજી ત્રણ મહિના હું રજા લઈશ ને પછી કામ પર જઈશ ત્યારે મારી દીકરીને હું સાથે લઈ જઈશ.

છ મહિનાની દીકરીને સાથે ઑફિસમાં લઈ જશે ? જયાબહેન તો ડઘાઈ જ ગયાં. અમને પણ ચિંતા થઈ. પણ મનુષ્યની નિષ્ઠા સાચી હોય ત્યારે જીવન-દેવતા પણ તેને માથે હાથ મૂકતા હશે ? થોડીક સગવડ અણધારી મળી ગઈ. તેમની વિજ્ઞાન-સંસ્થાની ડિરેક્ટર એક સ્ત્રી જ હતી. આભાના સમજાવવાથી તે એક જુદો રૂમ રાખવા કબૂલ થયાં, જ્યાં સ્ત્રી-કર્મચારીઓ પોતાનાં બાળકોને રાખી શકે. બાળકો નજીકમાં જ હોવાથી ઑફિસમાં કામ કરતી માતાઓનાં મન હળવાં રહેતાં અને વધુ સારી રીતે કામ કરી શકતી.

એ પછી તેણે ફ્લેક્સિ-ટાઇમની વ્યવસ્થાનો આરંભ પણ સંસ્થામાં કરાવ્યો. ત્રણ મહિના તે દીકરીને સાથે લઈ ગઈ, પછી તે સવારના વહેલી જઈ બપોરે ઘેર આવી જતી. ત્યાં સુધી ગગનેન્દ્ર દીકરીને સાચવતો, તેને ખવડાવતો-પિવડાવતો, ઊંઘાડતો, તે બપોરે મોડો જતો અને મોડી સાંજે ઘેર આવતો. દરમ્યાન આભા ઘેર આવી જતી. આમ વચ્ચેના થોડા કલાક જ માત્ર બાળકી એકલી રહેતી અને ત્યારે અમે બધા તેને સંભાળી લેતાં. સ્વરૂપ હસીને કહેતો : 'બધાં બાળકોને તો એક જ માબાપ હોય, આને તો ઘણાં માબાપ છે !'

જયાબહેન હવે મુક્ત બન્યાં હતાં, છતાં એક વાર ગગનેન્દ્ર દીકરીને સાફ કરી બાળોતિયાં ધોતો હતો તે જોઈને સદીઓના સંસ્કારને લીધે બોલી પડેલાં : 'તું આ કામ કરે છે ?'

ગગનેન્દ્ર હસ્યો. 'કેમ, ન કરી શકું ? એ મારી દીકરી નથી ?'

'ના એમ તો નહિ, પણ આભા આવીને ધોઈ શકે ને ?'

'જેમ એ ધોઈ શકે, તેમ હું પણ ધોઈ શકું. એમાં શો ફરક પડે ?' ગગનેન્દ્રે કહ્યું : 'જુઓ મા, અમે બન્ને વિજ્ઞાની છીએ. વિજ્ઞાન એટલે સત્યની શોધ. પણ સત્યનું મોં ઘણી વાર માન્યતાઓના આવરણથી ઢંકાયેલું હોય છે. માન્યતાઓ છોડી દેવી, એ સત્યની શોધ માટેની પહેલી શરત છે. જેમ કે હું પુરુષ છું એ હકીકત છે, પણ હું દાણા સાફ ન કરી શકું એ માન્યતા છે. બાળકને હું જન્મ ન આપી શકું તે હકીકત છે, પણ તેનાં બાળોતિયાં ન ધોઈ શકું કે તેને હાલરડાં ગાઈ સુવડાવી ન શકું એ માન્યતા છે.'

જયાબહેન ચકિત થઈને સાંભળી રહેલાં. પછી યાદ આવી ગયું : ગાંધીજીના

આશ્રમમાં પોતે થોડાક દિવસ રહી આવેલાં ત્યારે એક બૅરિસ્ટર આવેલો. બાપુએ તેને ઘઉંમાંથી કાંકરા વીણવા બેસાડેલો... 'તારી વાત તો સાચી છે...' તે ધીમેથી બોલેલાં.

મા જ બાળકને સાચવી શકે અને બાળકના જીવનમાં માનું જ પ્રદાન મોટું ને મહત્ત્વનું – એ પણ એક માન્યતા હતી, જે ગગનેન્દ્રે ભૂંસી નાખી. તે દીકરીને રમાડતો, ઝુલાવતો, તેની સાથે લાંબો સમય પસાર કરતો, તેને માટે રાતે જાગવું પડે તો જાગતો. દીકરીને ઉછેરવામાં બન્નેનો સમાન ફાળો હતો. અને એક વખત એક પ્રોજેક્ટ માટે ડિરેક્ટરે તેને પરદેશ એક વરસ માટે જવાનું સૂચવ્યું ત્યારે તે કામમાં ઘણી પ્રતિષ્ઠા મળે એવું હતું, છતાં તેણે ના પાડી. 'મારે ત્યાં નાની દીકરી છે. મારા કુટુંબ પ્રત્યેની ફરજ મારે મન પ્રથમ મહત્ત્વની છે.'

આ વાતની વસાહતમાં જાણ થઈ ત્યારે અમે બધાં એટલાં પ્રસન્ન થયેલાં ! સહુથી વધુ સંતોષ એનાને થયેલો. તેના જીવનમાં જે અધૂરું રહ્યું હતું તે દીકરીના જીવનમાં પૂર્ણ બન્યું હતું.

બાળકીની પહેલી વર્ષગાંઠે તેનું નામ પાડવામાં આવ્યું : જરૂલ. એ ઋતુમાં પુરબહારમાં ખીલેલાં જાંબલી ફૂલો પરથી સ્વરૂપે જ એ નામ શોધી કાઢ્યું હતું. જરૂલની ફરતે બેસી અમે ગીતો ગાયાં. તેને કપડાં પણ જાંબલી રંગનાં પહેરાવ્યાં હતાં. એમાં તે એટલી મીઠડી લાગતી હતી કે જયાબહેન ઉત્સાહમાં આવીને કંકુ લઈ આવ્યાં ને જરૂલના કપાળે ચાંલ્લો કર્યો. 'જુઓ હવે કેવી શોભે છે !'

'એ તો આનંદગ્રામનું સૌભાગ્ય બનવાની છે.'

'બનવાની શા માટે ? અત્યારે છે જ.' મેં કહ્યું.

'એને લીધે આપણે બધા સૌભાગ્યવાન છીએ !' મિત્રા બોલી.

'તો પછી અમને બધાંને પણ ચાંલ્લો કરો ને ?' અલોપાએ લાડથી જયાબહેનને કહ્યું.

'જરૂર કરું.' જયાબહેને હસતાં હસતાં અગ્નિવેશને, આભાને, ગગનેન્દ્રને, મને, સ્વરૂપને, મિત્રા ને અલોપાને ચાંલ્લો કર્યો. એના પાસે આવતાં તે એક ક્ષણ અટકી ગયાં. વિનોદ બાજુમાં જ બેઠો હતો. તેમણે પહેલાં વિનોદના કપાળે અને પછી ઝડપથી એનાને પણ તિલક કરી દીધું, અને વિનોદ તરફ જોઈ

માયાળુ સ્મિત કર્યું. એનાની આંખ ભીની થઈ. બધાં જ સમજ્યાં કે જયાબહેને એના ને વિનોદના સ્નેહ-સંબંધનો સ્વીકાર કર્યો છે.

એકાએક અલોપા ઊભી થઈ. 'વાહ, બધાંને કર્યો તો તમે શા માટે બાકી રહી જાઓ ?' તેણે જયાબહેનના હાથમાંથી કંકુ લઈ તેમના કપાળ પર મોટું બધું લાલ ચિહ્ન કરી દીધું. 'હવે આપણે બધાં સૌભાગ્યવાન અને સૌભાગ્યવતીઓ છીએ – ખરું કે નહિ, મા ?'

જયાબહેને ચાંલ્લો લૂછી નાખ્યો નહિ. તે હેતથી બધાંની ને જરૂલની સામે હસી રહ્યાં : 'આપણાં બધાંનું સૌભાગ્ય છે ને આ !'

મુક્તિના અમારા પ્રયોગનું પહેલું ચરણ આજે સિદ્ધ થયું હતું. 'સર્વોચ્ચ આનંદ એટલે કેવો આનંદ ?' એમ કોઈ પૂછે તો હવે અમે કહી શકીએ : પુત્રીજન્મ જેવો આનંદ.

તે રાતે બધાં છૂટા પડ્યાં પછી હું મારા રૂમમાં જઈને પથારી પાથરતી હતી ત્યાં અચાનક બારણે ટકોરા પડ્યા. અત્યારે કોણ આવ્યું હશે ? મેં આશ્ચર્ય પામતાં બારણું ઉઘાડ્યું.

સામે વસુધા ઊભી હતી.

'આજની રાત હું તારી રૂમમાં સૂઈ શકું, ઈશા ?' તેણે કંપતા અવાજે પૂછ્યું.

•

૨૮

ફૈબાનું મૃત્યુ થયું હતું.

એક ઘટના બની હતી. વસુધાએ એ ઘટનાને હેરવી-ફેરવીને ધ્યાનથી જોઈ. અલબત્ત, આ મૃત્યુથી પોતાને કોઈ ખોટ પડી નહોતી. ઘણાં વર્ષો પહેલાં ફૈબાને જ કારણે, વ્યોમેશને પૂછ્યા વિના પોતે પિયર ન જઈ શકે એવી ફૈબાની માન્યતાને કારણે, મૃત્યુ પામી રહેલી માને પોતે મળી શકી નહોતી. પૃથ્વી પર આંખ ખૂલવાની પ્રથમ ક્ષણથી જેનો નિકટતમ સંબંધ અનુભવ્યો હતો, તેની સેવા-ચાકરી તો દૂર, પૃથ્વી પર આંખ મીંચાવાની અંતિમ ક્ષણોને પોતે સ્નેહની ભીની નજરથી પસરાવી શકી પણ નહોતી – કેવળ ફૈબાની જીદને કારણે. જે ફૈબાએ પોતાને માટે આનંદની એક પાંદડી પણ કદી ઉગાડી નહોતી તેના પોતે પડ્યા બોલ ઝીલ્યા હતા. અને જે માએ તેનું જીવનસત્ત્વ ઘોળીને પોતાને પિવડાવ્યું હતું તેના સુકાતા હોઠ પર પોતે હેતનાં બે ટીપાં પણ મૂકી ન શકી. અને આ એટલા માટે કે મા એક દીકરીની મા હતી, કોઈના ઘરની વહુ બની ચૂકેલી દીકરીની મા હતી. આ અન્યાય વિધાતાએ સર્જેલો હતો કે મનુષ્યે ?

મા વગરના સૂના ઘરમાં વસુધા આંસુ પીતી ઊભી રહેલી. હું કદી માફ નહિ કરું...કદી નહિ...તેણે મનોમન ફૈબાને કહેલું.

એ દિવસ પર તો પછી બીજા હજારો દિવસોનાં વારિ વહી ગયાં. છોકરાઓ મોટા થઈ ગયા. દીપંકર ભણવા માટે અમેરિકા ગયો. હર્ષ અને અશેષનાં લગ્ન થઈ ગયાં. આ બધોયે સમય વસુધાએ ફૈબાને સંભાળ્યાં હતાં, પણ એક તાર તે દિવસે તૂટ્યો તે પછી તૂટેલો જ રહ્યો.

હર્ષ ને અશેષનાં લગ્ન પછી ફૈબાને આધુનિક વહુઓનો ભય લાગ્યો કે શું, પણ તેમણે પોતાના ગામના ઘરે જઈને રહેવાની ઇચ્છા કરી. વસુધાને હતું કે

વ્યોમેશ એમને નહિ જવા દે, પણ તે તો સાધારણ આગ્રહ કરી, એ ન માન્યાં તો જઈને એમને મૂકી આવ્યો. ત્યારે વસુધાને જરા આઘાત લાગેલો. મારી ને ફૈબાની વચ્ચે સ્નેહનો સેતુ બંધાયો નહિ તે જુદી વાત, પણ તમને તો નાનપણથી દીકરાની જેમ ઉછેર્યા, પોતાનાં ઘરેણાં-દાગીના આપી મદદ કરી. તમને ભાવતું તે ખાતાં અને ગમતું તે મારી પાસે કરાવતાં. તમારી પસંદગી-નાપસંદગી વડે તેમણે ઘરના વ્યવહારની રૂપરેખા આંકી હતી, અને આ ઉંમરે તમે એમને એકલાં ગામ રહેવા જવા દીધાં ?

મેં મારી રીતે એમને સાચવ્યાં, તમે એમને માટે શું કર્યું ? બસ, કમાઈને લાવ્યા એટલે બધું ઋણ ચૂકવાઈ ગયું ? કમાઈને લાવવું એ એટલી મોટી વાત છે કે પછી ઘરના લોકો પ્રત્યે સ્નેહની બીજી કોઈ અભિવ્યક્તિની અપેક્ષા જ ન રહે ? ફૈબાને પૈસા મોકલવાનું કે પત્ર લખવાનું કામ પણ વસુધા કરતી. વ્યોમેશ બે અક્ષર પણ પાડતો નહિ. કહેતો : 'મને કંટાળો આવે છે, તું લખી નાખને !'

અને આજે ફૈબાના મૃત્યુના સમાચાર આવ્યા છે. પોતાને ખાસ દુઃખ નથી થયું એ હકીકત છે. પણ વ્યોમેશનો વર્તાવ જોઈને મનને ઉઝરડો પડ્યો. વ્યોમેશને મન ફૈબાનું આટલું જ મૂલ્ય હતું ?

અને હવે લોકો મળવા આવશે. શોક પ્રગટ કરશે. આ કેવું વિચિત્ર છે કે જેને દુઃખ લાગવું જોઈએ તેને એ લાગ્યું નથી; જેમને દુઃખનો સ્પર્શ સરખો નથી થયો તેઓ ખરખરો કરશે અને પોતે...જેને દુઃખ નથી થયું, દુઃખ થયાનો જે દેખાવ કરવા માગતી નથી, તેના વ્યવહારમાં દુઃખનાં ચિહ્નો જોવાની અપેક્ષા રખાશે !

માણસ કૃત્રિમતાના આ ચીકણા માર્ગ પર ચાલે તો જ શું સમાજ દ્વારા સ્વીકારાઈ શકે ? અંદર હોય તે જ બહાર વ્યક્ત કરવું – એટલી સાદી વાતને સંસારના જીવનમાં અવકાશ છે કે નહિ ?

વર્ષો પહેલાં નક્કી કર્યું હતું : કોઈક દિવસ હું મારી લાગણીઓ, મારી ભાવનાઓ ને વિચારોના અજવાળે જીવીશ. આટલાં વર્ષોમાં ઘણી વાર એ વાત યાદ આવી છે. અગાસી પર ઝળૂંબેલી સાંજની સાક્ષીએ એ વાતને મનમાં ફરી ફરી દૃઢ કરી છે. એક વાર નાની શરૂઆત કરવાનું વિચારેલું – વાસંતીને અને

લલિતાને સાથમાં લઈને. વાસંતીએ કહ્યું હતું : 'ગમે તેમ તોયે સતીશ મને ચાહે છે અને જાણે છે કે હું પણ તેને ચાહું છું. મારા આનંદને તે પોતાનો આનંદ માને છે.' અને તેણે સંગીતના વર્ગમાં જવા માંડ્યું. સતીશ કાંઈ બોલ્યો નહિ. વાસંતીને થયું – જરાક હિંમત અને દૃઢતાથી પોતાની વાત પકડી રાખી હોય તો એ પણ સમજે જ ને ! હું સંગીત શીખું એમાં એને નુકસાન થોડું જ છે ? મનમાં જરાક મરકતી. કોઈક દિવસ બધાં અંગો સહિતનો 'ખ્યાલ' સતીશ આગળ ગાઈ સંભળાવીશ. ચકિત થઈ જશે : ઠીક વાસંતી, ભગવાને તને આટલી મોટી દેણ આપી છે એ તો મને ખબર જ નહિ. તને ના પાડતો હતો એ મારી ભૂલ હતી. શાસ્ત્રીય સંગીતની આ ઊંચાઈઓ પાસે પેલું ગાવાનું શી વિસાતમાં ?

વાસંતી ખુશ હતી. નવા નવા સ્વરોના અજવાળે નવા આનંદની દિશાઓ ઊઘડી રહી હતી. છતાં કોઈક વાર ઘેર પાછાં આવતાં મોડું થાય તો મનમાં સહેજ ડર લાગી જતો. સતીશ આવી ગયો હશે. ભૂખ લાગી હશે. મોડું થયું છે. ચિડાશે. પછી થતું : ના ના, તેણે હાથે ચા બનાવી લીધી હશે. ચા બનાવતાં તો તેને આવડે છે. પણ ઘણીખરી વાર તો સતીશ તેના આવ્યા પછી જ ઘેર આવતો. આવીને લખવામાં ડૂબી જતો. વાસંતી વાતો કરતી, પ્રશ્ન પૂછતી, તો હું-હામાં જવાબ પતાવી દેતો. નવાઈ પામીને વાસંતી ક્યારેક પૂછતી : 'કેમ બોલતો નથી ? તને શું થયું છે ?'

સતીશ ઊંચું જોયા વિના જ કહેતો : કંઈ નહિ. આ પુસ્તક પૂરું કરવું છે ને ? વચ્ચે બોલાવ નહિ, મારી લિન્ક તૂટી જાય છે.'

મનના કોઈક ખૂણે અપરાધ અનુભવતી વાસંતી પછી સતીશને નારાજ કરવાની હિંમત ન કરતી. તે ચૂપ રહેતી.

પ્રખ્યાત કલા-વિવેચકના આ દસમા પુસ્તકનું સમારંભપૂર્વક ઉદ્ઘાટન થવાનું હતું. સતીશ ખૂબ રોકાયેલો રહેતો. ઘેર મોડો આવતો. વહેલો ચાલ્યો જતો. ક્યારેક મિત્રો આવતા. આયોજનની ચર્ચા થતી. કોઈક વાર વાસંતીના મનમાં શંકા સળવળતી : આ સમારંભ સતીશના પ્રશંસકો તેની પ્રત્યેના આદરને લીધે સ્વયં કરે છે કે સતીશ પોતે થઈને બધું કરાવડાવે છે ?...પણ ખુલ્લી રીતે સતીશ સાથે ચર્ચા થઈ શકે એવો હવે સમય આવતો નહોતો.

ઉદ્‌ઘાટનનો દિવસ નજીક આવ્યો. સજાવેલા સ્ટેજ પર સતીશની બાજુમાં પોતે પણ હશે. તાળીઓ પડશે. પ્રશંસાનો વરસાદ થશે. આટલા બધા માનનો અધિકારી પોતાનો પતિ છે એ ખ્યાલથી છાતી ગર્વથી ફૂલશે...વાસંતી કલ્પના કરતી હતી ત્યાં તેની છોકરી મસ્તીમાં દોડતી આવી, લાડથી માના શરીર પર પડી. 'ઓ મા રે !' વાસંતીએ ચીસ નાખી. ભાલો વાગ્યો કે શું ? છાતીમાં અસહ્ય પીડા થઈ આવી. ઘણી વાર સુધી પીડા શમી નહિ ત્યારે તે વસુધાને લઈને ડૉક્ટર પાસે ગઈ. ડૉક્ટર તપાસીને ચિંતામાં પડ્યા. તરત ને તરત પરીક્ષણો કરાવવા કહ્યું. ખબર પડી કે બ્રેસ્ટ કૅન્સર છે, જલદી ઑપરેશન કરવું પડશે, મોડું થશે તો ફેલાઈ જશે.

વાસંતી ભયથી થીજી ગઈ. હોય નહિ કૅન્સર ? આ સાંગોપાંગ સુંદર કાયાને ખંડિત કરી નાખવાની ? તેનું હૃદય ચીસ પાડી રહ્યું : સતીશ, સતીશ, મને બચાવી લે. મારી ખંડિતતાને તારા અખંડ પ્રેમથી ભરી દે.

ઇબ્સનની નોરાની જેમ તે અપેક્ષા રાખી રહી : કૅન્સરની જાણ થતાં જ સતીશ તેને પોતાની પાંખમાં ખેંચી લેશે : 'તને કાંઈ નહિ થવા દઉં, વાસંતી, બીશ નહિ. હું તારી સાથે જ છું. તને કશું નહિ થાય.' સમારંભ, ઉદ્‌ઘાટન, પુસ્તક – બધાંનો ઉલાળિયો કરી તે ફેંકી દેશે. કહેશે : 'બધું તુચ્છ છે, નકામું છે, વાસંતી ! તને સારું થઈ જાય તો બસ, દુનિયામાં મને બીજું કશું જોઈતું નથી.' પ્રેમના જૂના દિવસો પાછા આવશે. ભલે કૅન્સર તો કૅન્સર, પણ મારો સતીશ મને હતો તેવો પાછો મળશે. સતીશ, ઓ સતીશ ! મને બહુ જ બીક લાગે છે.

સતીશે જાણ્યું ત્યારે ચિંતા કરી, પણ કાંઠે બેસીને. બધી રીસ, બધા રોષને માથાબૂડ ડુબાવી દેતાં પ્રેમનાં પૂર ફરી વળ્યાં નહિ. જૂના દિવસો પાછા આવ્યા નહિ.

ડૉક્ટરના બીજાં રોકાણોને કારણે, સતીશના કહેવા છતાં ઑપરેશન ને ઉદ્‌ઘાટનનો દિવસ એક હતો, તે બદલી શકાયો નહિ... ઑપરેશન-ખંડમાં લઈ જવાતી વખતે સ્ટ્રેચરમાં સૂતાં સૂતાં વાસંતીએ છેલ્લી વાર વિચાર્યું – એક વાર, એક વાર જો મને ગાઢપણે ચૂમીને કહે : વાસંતી, શરીર જ આપણું એકમાત્ર આલંબન નથી. તું ચોક્કસ સાજી થઈ જઈશ. સુંદરતાની ચિંતા કરીશ મા,

આપણો પ્રેમ શરીરની સુંદરતા અને રોગ – બન્નેથી પર છે. એક વાર કહે, સતીશ ! – વાસંતીએ વેદનાવિહ્વળ દૃષ્ટિએ પતિ સામે જોયું. સતીશ ત્યારે કાંડે બાંધેલી ઘડિયાળમાં સમય જોતો હતો.

પછી કાળો પડદો.

...ઘેનમાંથી જાગી ત્યારે બાજુમાં માને જોઈ. વસુધાને જોઈ. જેને જોવા આંખો ઝંખતી હતી, તેનો ચહેરો દેખાયો નહિ. તે છેક રાતે આવ્યો. સાથે સુગીતિ બેનરજી હતી. હાથમાં હાથ લીધો નહિ. કપાળ પર હાથ ફેરવ્યો નહિ. માત્ર પાસે બેસી પૂછ્યું : કેમ છે ? કશી તકલીફ નથી ને ? કાલે ડૉક્ટરને મળીને ઑપરેશન વિશે વિગતે જાણી લઈશ...વજન વગરના હળવા શબ્દો...બોલાયા તેવા જ હવામાં ઊડી ગયા. સુગીતિએ સમારંભની વાતો કરી. કેટલું માન ! કેટલો આદર ! કેટલી ભીડ, તાળીઓ, પ્રશંસાનો વરસાદ ! પુસ્તકની બસો નકલો તો ત્યાં ને ત્યાં વેચાઈ ગઈ.

વાસંતીએ આંખો મીંચી દીધી.

વાસણ તૂટે ત્યારે તેનો અવાજ થાય છે, હૃદય તૂટે ત્યારે અવાજ તો થતો હશે, પણ બધાંને એ સંભળાતો નહિ હોય. સતીશનેય સંભળાયો નહિ. કદાચ તેના કાન સુગીતિ ભણી મંડાયેલા હતા.

*

વાસંતી સાજી થઈ ગઈ. તેની માંદગી નિમિત્તે સુગીતિ ઘરમાં વધુ આવતી થઈ હતી. મઝાની યુવતી હતી. વસુધાને પણ ગમી ગઈ. પણ વસુધાનો ખ્યાલ હતો કે સતીશ વાસંતીની માંદગીમાં તેની ચાકરી કરશે; એના બદલે માંદી વાસંતી સતીશની જે જરૂરિયાતો પર ધ્યાન નહોતી આપી શકતી તે ધ્યાન સુગીતિએ આપવા માંડ્યું. વાસંતીએ વસુધાને કહેલું : 'મને ખબર છે, સતીશ સુગીતિ તરફ ઢળતો જાય છે. તને શું લાગે છે ? બીજી સ્ત્રી તરફ ઢળતા પતિને કુનેહથી પાછો વાળવો જોઈએ ? રીસ કે રોષ કે ઝઘડો કરીને તેને રોકવો જોઈએ ? જે સહજપણે મારું ન હોય તે મેળવવા માટે ઉધામા કરવા જોઈએ ?

'જો એ મારું ન હોય તો એને પ્રયત્નપૂર્વક મેળવવાનો, પકડી રાખવાનો અર્થ શો ? બે મનુષ્યો વચ્ચેનો સંબંધ સ્વયંસ્ફુટ પ્રેમનો સેતુ છે કે જોર કરીને બાંધેલી સાંકળ ?'

'સતીશ તારા પર નારાજ છે એટલે સુગીતિ તરફ ઢળ્યો છે કે એને સુગીતિનું આકર્ષણ છે એટલે તારાથી એ દૂર ચાલ્યો ગયો છે ?' વસુધાએ પૂછ્યું હતું.

'નારાજ ?' વાસંતી ફિક્કું હસી હતી. 'એની ઇચ્છા વિરુદ્ધ હું સંગીત શીખતી હતી એટલી જ માત્ર વાતથી એ મારા પર નારાજ હોય તો એનો રાજીપો બહુ મોંઘી બાબત કહેવાય. મારું શરીર તો ખંડિત છે. મારા વ્યક્તિત્વને સાવ ખંડિત થવા દઈને હું એને મારી સાથે જોડી રાખું તો સંબંધ તો કદાચ રહે, પણ એ સંબંધમાં સ્વાદ રહે ખરો ?'

'માણસની એકાદ નબળાઈ હોય, નબળાઈને કારણે એ ઢોળાવો ઊતરી ગયો હોય, તો આપણે તેને હાથ આપી પાછો ઉપર ન લાવવો જોઈએ ?' વસુધાએ કહ્યું.

'પણ અમારાં પ્રેમલગ્ન હતાં, વસુધા !' વાસંતી ઉત્તેજિત થઈને બોલી. 'અમે સુખની કેવી ઊંચાઈઓ સાથે ચડ્યાં છીએ ! કેટલી અનાયાસ રીતે એ મારા ભણી સરી આવતો હતો ! અને હવે મારે એનો હાથ પકડી જોરપૂર્વક એને પાછો વાળવાનો ? પ્રેમ કોઈ અધિકારના જોરે કે દાનમાં માગી શકાય એવી વસ્તુ છે ?'

વસુધા બીજું વિચારતી હતી, બોલી : 'પત્ની બીજા પુરુષના પ્રેમમાં પડે તો પતિ એને ઘરમાંથી હાંકી કાઢે, કે એનું ખૂન કરી નાખે. અને પતિ બીજી સ્ત્રીના પ્રેમમાં પડે તો સ્ત્રી પાસે ધૈર્યની, ઉદારતાની, ક્ષમાની, કુનેહની – કંઈ કેટલીય બાબતોની અપેક્ષા રખાય. લાચારીએ આપેલી ક્ષમાનું બહુ મૂલ્ય નથી. પણ વિકલ્પને અવકાશ હોય ત્યારે ક્ષમા આપવી – એ સબળતાનું લક્ષણ હોઈ શકે...નહિ ?'

વાસંતીએ ડોકું ધુણાવ્યું. 'રાતોની રાતો મેં જાગતાં વિતાવી છે, વસુધા ! આ વિશે બહુ વિચાર કર્યો છે. હું બધાંને માટે કોઈ નિયમ નથી બાંધતી, પણ મને – મને તો સંગીતના સૂરની જેમ જે સહજ છે, હૃદયમાંથી ઊગેલો છે, જે શરીરની પાર જઈને, બધાં વાવાઝોડાં, ભય અને પ્રલોભનોની પાર જઈને ઊજળા મુખે હસી રહે છે તે જ પ્રેમ ખપે છે. એથી ઓછું મને નથી જોઈતું, વસુધા ! કૅન્સરથી કપાયેલું આ શરીર હવે કેટલો વખત ટકશે, કોને ખબર ? આ ટૂંકા જીવનમાં હવે જે જીવવું છે તે સાચું જીવવું છે. સમાધાનવાળું નહિ.'

અને એક દિવસ તેણે સતીશને જ સીધું પૂછી લીધું : 'સતીશ, એક વાતનો સાવ સાચો જવાબ આપીશ ?'

સતીશના ચહેરા પરથી રંગ ઊડી ગયો. 'શી વાત છે ?'

વાસંતીએ નિઃશ્વાસ મૂક્યો. હાય રે, કેટલી સુંદર ને ગંભીર ને મધુર વાત તે મારા પ્રશ્નના જવાબમાં કહી શક્યો હોત ? એને બદલે આ ભય, ગભરાટભરી પૃચ્છા...

શાંત સંયત અવાજે પૂછ્યું : 'સુગીતિ બહુ ગમે છે, સતીશ ?'

એક ક્ષણ સતીશ બેબાકળો થઈ ગયો. 'એવું કંઈ નહિ. પણ તે કલાકાર છે...મારાં પુસ્તકો વાંચે છે, સમજે છે – એટલે...'

ખુલ્લેખુલ્લું કહ્યું હોત કે હા, ગમે છે – તો મને સાચા પડ્યાનું સુખ થાત કે જખમ થાત ?

બોલી : 'તેની સાથે રહેવાનું ગમશે ?'

અતિશય અસ્વસ્થ થઈને સતીશ બોલ્યો : 'પણ તું, તારું શું ? ને છોકરાંઓ ?'

વાસંતી ઊઠીને અંદરના ઓરડામાં ચાલી ગઈ. પલંગ પર ઊંધી પડીને ખૂબ રડી રડીને બધી વ્યથા ખાલી કરી નાખી.

બીજે દિવસે મન પ્રશાંત હતું. આંખો નિર્મળ હતી, અવાજ ધીર હતો.

'તારે સુગીતિ સાથે રહેવા જવું હોય તો જા સતીશ, મારા તરફથી તને કોઈ બંધન નથી.'

*

લલિતાના સંઘર્ષની કથા પણ કાંઈ 'રમ્ય કથા' નહોતી. એમ.એ. ભણેલી કાલીદાસના સાહિત્ય પર સંશોધન કરવાની મહેચ્છા સેવતી એક સ્ત્રી પતિનો માર ખાઈ ચુપચાપ ઘરમાં રહે, પતિ બીજે ગમે ત્યાં ફરે અને તે પોતાનાં પિયરનાં લોકોને પણ મળી ન શકે. એ વાત વસુધાને ગળે ઊતરી નહોતી. પણ સત્ય કલ્પના કરતાં વધારે વિચિત્ર હોય છે. લલિતા પોતાને વિશે વિચારતી

ત્યારે તેનેય કદીક નવાઈ લાગતી, કે હું કેમ આ બધું કબૂલી લઉં છું ! ના, હંમેશ કબૂલી નથી લીધું. એક વાર અડધી રાતે સુધીરે એને ઘરમાંથી ચાલ્યા જવાનું કહ્યું ત્યારે એ ભાઈને ઘેર ચાલી ગઈ હતી – કદી પાછા નહિ ફરવાનું નક્કી કરીને. પણ 'હવે ત્રાસ નહિ આપું' વગેરે વચનો આપીને સુધીર મનાવીને લઈ આવેલો. લલિતાને પણ થયેલું : ભાઈના ઘેર ક્યાં સુધી રહી શકાય ? મનમાં આશા બંધાઈ હતી : કદાચ છે ને એને ખરેખર પશ્ચાત્તાપ થયો હોય. વળી બાળકોયે હતાં. આ દુનિયામાં એક કલા પોતાના જોર પર ઝૂઝવાનો ભય પણ હતો ! ગમે તેમ ત્યાં માથે છાપરું તો હતું ! પણ પાછા આવ્યા પછી થોડા દિવસોમાં ફરી બધું હતું એવું થઈ ગયું. પછી એ ચૂપ રહી હતી. સહી લીધું હતું. સપનું જોતી – દૂરસુદૂર ભવિષ્યનું, જ્યારે બાળકો મોટાં ને સ્વતંત્ર થઈ ગયાં હશે, પોતાને માટે કોઈક આર્થિક વ્યવસ્થા હશે. ત્યારે છૂટી થઈને પોતે એકલી, 'પોતે' થઈને રહેશે. ભલેને ત્યારે સાઠ વર્ષ થયાં હોય. ગમે ત્યાં રહેશે. હરદ્વાર, કાશી...અભ્યાસ કરશે, નિજાનંદ ખાતર. પણ આજે આ ચલાવી લેવાનું છે. પતિ માટે જરા પણ પ્રેમ નથી. રોજ રોજ કાન આમળનાર પતિ માટે પ્રેમ હોઈ જ શી રીતે શકે ? અત્યારે તો એક જ ચિંતા હતી : કાન બહેરા ન થઈ જાય તો સારું !

વસુધા ને વાસંતીની વાતોથી જરા હિંમત આવી. બહાર જઈ કશું કરવાનું શક્ય નહોતું, પણ ઘરમાં સમયનો જે ખૂણોખાંચરો મળે તેમાં કદાચ થોડુંક કંઈ કરી શકાય.

માળિયા પરથી થોડાંક પુસ્તકો ઉતાર્યાં. ધૂળ ઝાપટીને સાફ કર્યાં. માત્ર જોવાથી, માત્ર સ્પર્શવાથીયે સુખ થયું.

વિચાર આવ્યો : સુધીરને આનો જ વાંધો હશે. એનાથી અસ્પૃષ્ટ એવી સુખની કોઈ આગવી, નિતાન્ત પોતાની, ભલે નાનકડી પણ સમૃદ્ધ સૃષ્ટિ હોય, તે તેને માટે સહ્ય નહિ હોય ! અથવા એક તેજસ્વી વ્યક્તિત્વના ટુકડા કરી નાખવા – એ તેનો 'સેડિસ્ટિક' આનંદ હોય ! પોતાના હીનભાવને છુપાવવા જ, આ પતિ હોવાના અધિકારનો દોરદમામ હોય !

પુસ્તકો જોઈને સુધીર હાંસી કરતો બોલ્યો : 'ઓહો, પ્રોફેસર થવું છે કે શું ?'

સાથ ને સહાનુભૂતિની તો વાત જ નહોતી. નીરસતા ને ઉપેક્ષા હોત તોયે ચાલી જાત. પણ કશુંક તોડીને ટુકડા ટુકડા કરવા માટે તો હથોડીના પ્રહાર જોઈએ ! 'તું શું કાલિદાસનો અભ્યાસ કરવાની હતી ? એના કરતાં ઘરના ખર્ચનો અભ્યાસ કરી કરકસર કેમ કરવી, તેનું સંશોધન કરે તોય ઘણું છે !'

'શાક આટલું બધું બાફી નંખાય ? એમ.એ. થઈ છે પણ રસોઈ કેમ કરવી તે તો આવડતું નથી ! તારામાં કશી અક્કલ જ નથી ! રેડિયો પર નકામાં ગીતો સાંભળવામાં વીજળી કેમ બાળે છે ?...' તે બીજાઓ સાથે સરખામણી કરતો. 'તારી બહેન આરતી તારા કરતાં કેટલી વધારે હોશિયાર છે ! તારાં બધાં ભાંડુ હોશિયાર છે. એક તારામાં જ બુદ્ધિ નથી.'

છોકરાંઓ સાથેનો વ્યવહાર, ઘરનું સંચાલન, નોકરો સાથેનો વ્યવહાર, પૈસા ને ખર્ચાની વ્યવસ્થા – બધામાં જ લલિતાની ટીકા કરીને તેના આત્મવિશ્વાસને તોડી નાખવો – એ સભાન પ્રયત્ન હતો કે સ્વભાવની પરવશતા ? જે હોય તે, પણ એ યત્નો સફળ નીવડ્યા. લલિતાને પણ લાગવા માંડ્યું કે પોતામાં ખરેખર ખાસ કોઈ આવડત નથી, પોતે નકામી, નિરુપયોગી છે. તેનું ધૈર્ય તૂટી ગયું. થાકી-હારીને ચોપડીઓ પાછી ચડાવી દીધી.

વસુધા આ બન્ને કરુણતાઓની સાક્ષી હતી. વાસંતી અને લલિતાનું આ જોયા પછી થયું કે છેલ્લી સીમા સુધી જવાની, અથવા તો પરાજિત થવાની તૈયારી હોય તો જ શરૂઆતનું પગલું માંડી શકાય તેમ છે. તેને સંગીત નહોતું શીખવું, તેને સાહિત્ય-રચના નહોતી કરવી. બહારની દુનિયામાં કાંઈ કરવાના તેના મનોરથ નહોતા. તેને તો માત્ર પોતાને માટે સમય જોઈતો હતો; 'પોતાનું જીવન' નામના અજાણ્યા દરવાજે ટકોરા મારવા હતા. જોવું હતું – અંદર જે ચહેરો છે તે કેવો છે.

પણ વાસંતી ને લલિતાના અનુભવ પછી હિંમત ભાંગી ગઈ. તેને થયું, હજી શક્તિ સંચિત થઈ નથી. સમય આવ્યો નથી. ઉપરછલ્લા સંબંધોના કૂવામાંથી વિશાળ સાગર તરફ પહેલું પગલું ઉપાડવાને હજુ વાર છે.

અને એટલે ફરી એક વાર પેલી સુવર્ણ-ઇચ્છાને દાબડીમાં બંધ કરી અંતરના છાના ખૂણે સંતાડી દીધી હતી.

આજે ફૈબાના મૃત્યુની ઘટના અને તે પછી વ્યોમેશ સાથેની વાતો, – એણે એક પડદો ઊંચકી લીધો.

અઢાર વર્ષે લગ્ન થયાં હતાં. આજે પચાસ થવા આવ્યાં. બહુ વર્ષો સુધી બધું ચલાવી દીધું. હવે સમય આવ્યો છે.

છોકરાઓ પોતપોતાના જીવનમાં સ્થિર થઈ ગયા છે. વ્યોમેશનું પરિવર્તન થયું નથી.

અને અનેક અંધારામાં અટવાયા છતાં, પેલી સાંજની જ્યોતિ ઓલવાઈ નથી.

રોજિંદા જીવનની ઘટમાળની સુંવાળી કેડી છોડીને હવે, હૃદયના માર્ગે ચાલવાનો મુક્તિના કંટકછાયા અરણ્યમાં ઊભા રહી 'હું' એટલે કોણ ? મારું સત્ય સ્વરૂપ શું – ની શોધ કરવાનો સમય આવી ગયો હતો. હવે પોતે કંઈક નહિ કરે તો ક્યારેય નહિ કરી શકે.

'સમય આવી ગયો છે...' તેણે ધીમેથી પોતાની જાતને કહ્યું : 'આવતી કાલે...'

•

૨૯

'મા નિવૃત્તિ લે છે !'

વસુધાએ અલગ-અલગપણે બધાંને સહજભાવે વાત કરી. પણ તેણે ધાર્યું હતું એવો કોઈ ખળભળાટ ઘરમાં મચી ગયો નહિ. મોટા દીકરા હર્ષે વાત સાંભળીને હસીને કહ્યું : 'લે મા, તું પણ કેવી વાત કરે છે ! ઘરમાં વહુઓ આવી તે દિવસથી તું નિવૃત્ત જ છે ને ! તારે રસોડામાં જવું જ નહિ એટલે બસ, તું નિવૃત્ત !' અને એટલું કહીને તેણે છાપું વાંચવામાં માથું ઘુસાડી દીધું.

અશેષનો પ્રતિભાવ જુદો નહોતો. 'નિવૃત્તિની વાત તો પ્રવૃત્તિ કરતા હોય એ લોકો કરે. નોકરીવાળા લોકો કરે. તેં તો હંમેશા ઘરમાં રહીને ઘરકામ જ કર્યું છે; બીજું કશું તો કર્યું નથી. તું નિવૃત્તિની વાત કરે તેનો અર્થ કાંઈ સમજાયો નહિ. આમ પણ, પહેલાં કરતાં તો તું હવે ઘરનું કામ ઓછું જ કરે ને ? સાવ ન કરે તોયે ચાલે. પણ તો પછી તારો વખત કેમ જાય ? પચાસ વરસ એ કાંઈ પગ વાળીને બેસવાની ઉંમર તો ન કહેવાય !'

આ દીકરાઓ, જેમની પાછળ પોતે પોતાનાં સુંદરતમ વર્ષો આપી દીધાં હતાં, તે દીકરાઓને મન પણ પતિની જેમ જ, મા એટલે એક સ્ત્રી હતી. અને સ્ત્રી એટલે ઘરકામ. ઘરકામને કાંઈ 'કશું કરવું' ન કહેવાય. પછી નિવૃત્તિ શાની ? એક ગૃહિણી નિવૃત્ત થવાની વાત કરે એ વળી શું ? મા માટે પ્રેમ ને આદર હતાં, પણ તેના વિશેનો ખ્યાલ તો પરંપરાગત પુરુષનો જ હતો.

પોતાને માટે એક મહાન ક્ષણ આવી હતી. વર્ષોનાં વર્ષો પોતે આ દિવસની, આ ક્ષણની રાહ જોઈ હતી. નિવૃત્તિ – એ તો એક મોટા પગલાનું નાનકડું નામ હતું. પોતાને માટે આ બહુ મહત્ત્વનો નિર્ણય હતો. સ્વીકૃત વ્યવહારના સલામત કોચલાને ભેદીને, જ્ઞાનની સીમાઓ વળોટીને અજાણ્યા પથહીન પ્રદેશે સફર કરવાની વાત હતી. આ વાત વ્યોમેશ પણ ન સમજ્યો હોત, તો દીકરાઓ તો

સમજે જ ક્યાંથી ? પોતે દીકરાઓને જુદી રીતે ઉછેર્યા હોત તો તેઓ માનું વ્યક્તિ તરીકે મૂલ્ય સમજ્યા હોત ! પણ તે જન્મ્યા ત્યારે તો પોતે કેટલી નાની, આશંકાઓથી ભરેલી અને અણસમજુ હતી !

વ્યોમેશને વાત નહોતી કહી. તેણે વાતને હસી કાઢી હોત. એક સ્ત્રી માટે ઘર, પતિ, સંતાનો – એ સિવાય બીજી કઈ સ્થિરતા હોય ? વ્યોમેશને પોતાને તો, જે હતું તે બધું બહુ જ વ્યવસ્થિત, સ્થિર, સુરક્ષિત લાગતું હતું. આ જે છે – તેની પારની કોઈક ઝલક, વસુધાએ મનમાં પચાસ વર્ષની ઉંમર સુધી સંગોપ્યા કરી હોય, બધું ઠરીઠામ થઈ ગયું હોય ત્યારે, જીવનને એક ધરાતલ પરથી ઉખેડી નવી ભૂમિકામાં મૂકી જોવાનું તેને સપનું હોય – એ વાત તેને કોઈયે રીતે સમજાઈ ન હોત. તે ભાવનાઓ ને સંવેદનાઓનો માણસ જ નહોતો : તે તો ફક્ત હકીકતો જોઈ શકતો. પોતે કમાઈને પૈસા લાવ્યો હતો, વસુધાએ ઘર ને વ્યવહારો ચલાવ્યાં હતાં. હવે દીકરાઓ કમાય છે. તેમનાં લગ્ન થઈ ગયાં છે. બધું બરોબર છે. ક્યાંય કોઈ છિદ્ર નથી. એક મોટા બાકોરામાંથી જીવન ધધડાટ કરતું વહી જાય છે, તેની તેને સહેજ પણ ખબર નથી.

એટલે – આ પથહીન પ્રદેશે એકલાં ચાલવાનું છે. વ્યોમેશનો સાથ તેમાં મળે તેમ નથી. સાથની વાત જવા દો, આમાં તેની સામે કોઈ વિદ્રોહ છે, એવું તે ન માને તોપણ બસ. વિદ્રોહ કોઈનીયે સામે નથી. માત્ર પોતાનું જીવન જરા જુદી રીતે જીવી લેવાનું મન છે. આટલાં વર્ષ ગૃહિણી તરીકે, પત્ની તરીકે, મા તરીકે જીવી આખું પોતાપણું એમાં ઠાલવી દીધું હતું. પોતાને માટે પોતાની જાત જરા જેટલીયે બાકી રહેવા દીધી નહોતી. આ જો ફરજ હોય તો પોતે તે પૂરેપૂરી બજાવી હતી.

મનમાં તે જરા મલકી. કોઈક તબક્કે, જિંદગીમાં છેવટે કોઈક તબક્કે માણસને શું થોડી નિરાંત ન મળવી જોઈએ ? પોતાના જીવન પર પોતાનો અધિકાર કોઈક સમયે તો મળવો જોઈએ ને ?

'મારે કાંઈ હજારો લોકો પર રાજ કરવું નથી. મારે એવરેસ્ટ ચડવું નથી કે એન્ટાર્કિટકા પર પગ માંડવો નથી. મારે માત્ર શોધ કરવી છે. કૃત્રિમ વ્યવહારોમાં મેં આખું જીવન આપી દીધું. હવે સહુને પોતપોતાનો સંસાર છે. અને હું ? ક્યાં છું ? હું મારે માટે જો હવે ન હોઉં તો મારે માટે કોણ છે ? અને

હું ફક્ત મારે જ માટે હોઉં તો આ બધા સાથેના સંબંધોનો સાર શો છે ?'

આ બધું આજે જ વિચારવું જોઈએ. હવે વખત નથી રે, વખત નથી. સમયના વેગીલા અશ્વો છૂટી ગયા છે. હમણાં સૂરજ આથમી જશે ને દીવો બુઝાઈ જશે. જે કંઈ કરવું હોય તે કરી લેવાનો સમય હવે આવી ગયો છે.

તે બારી પાસે જઈને ઊભી રહી. ભૂરું શાંત આકાશ દૂર સુધી વિસ્તરેલું હતું.

આ કંઈક કરી લેવું એટલે શું – તેનો આખો નકશો નજર સામે નહોતો. નિવૃત્તિ એ તો પહેલું પગલું હતું. ઘરમાં કોઈને તેના અર્થની ખબર નહોતી. કોઈએ પૂછ્યું પણ નહિ કે આ નિવૃત્ત થવું એટલે ખરેખર શું ?

નિવૃત્ત થવું એટલે –

પતિ સાથે સખ્યભાવે જીવવાનું કદી બન્યું જ નહિ. હજીયે પસંદગીઓ અને નિર્ણયો વ્યોમેશના હાથમાં હતાં. હજુ વસુધાને પોતાનાં બધાં કામની ગોઠવણી વ્યોમેશને લક્ષમાં રાખીને જ કરવી પડતી. ઘરમાં હવે હર્ષની પત્ની કમલ અને અશોષની પત્ની સુનીલા હતાં, પણ કમલને મોડા ઊઠવાની આદત હતી. સુનીલા નોકરી કરતી હતી એટલે સવારે પોતાના કામમાં રોકાઈ રહે. એટલે સવારનો ક્રમ તો હંમેશા ચાલતો હતો તે જ હતો. વહેલી સવારે વસુધા દૂધ-કેન્દ્ર પર દૂધ લેવા જતી. આવીને ચા બનાવતી, દૂધ ગરમ કરતી. વ્યોમેશને આપતી. પછી માટલું ભરતી, દાળચોખા ધોઈને કૂકર તૈયાર કરતી. વ્યોમેશને દાઢીનું પાણી આપતી. બાથરૂમમાં તેનાં કપડાં મૂકતી. રસોડામાં આવી શાક સમારતી. ત્યાં સુનીલા ઉતાવળી ઉતાવળી રસોડામાં આવતી અને પછી પોતે બહાર નીકળી જતી.

કમલ-સુનીલા તો થોડાંક વર્ષથી આવ્યાં છે. તે પહેલાં આખોય વખત ઘરના કામમાં જતો. વર્ષોનાં વર્ષોથી એક જ ક્રમ ચાલ્યો આવ્યો હતો. વ્યોમેશ સાથે ક્યારેક સગાંઓને ત્યાં જવું, ક્યારેક સિનેમા જોવા જવું...મહેમાનો, બાળકો, તેમનું શિક્ષણ, તેમનાં લગ્ન, બધામાં છેવટની પસંદગી વ્યોમેશની રહેતી. વસુધાને ક્યારેક પૂછતો, ઘણુંખરું માની લેતો કે તે પોતાની જેમ જ વિચારે છે. પોતાથી જુદી તેની રુચિ, પસંદગી હોઈ શકે એવો તેને કદી ખ્યાલ

જ આવ્યો નહોતો. અને ખ્યાલ આવ્યો હોત તો શું તે વસુધાની મરજી પાસે પોતાની પસંદગી જતી કરત ?

શાંતિ હતી ઘરમાં.

શાંતિ હતી કે સ્થગિતતા હતી ?— વસુધાએ પોતાને જ સવાલ પૂછ્યો. પચાસ વર્ષે જીવનનો અર્ધવિરામ આવે. આ ઉંમરે કશું પામવાનું બાકી રહ્યું હોય તેવું કોઈ માને ખરું ?

પણ પોતાને માટે તો હજી બધું જ બાકી છે. પોતાનું ખરું સુખ શામાં છે, તેની શોધ કરવાની હજી બાકી છે.

કુટુંબની સ્વતંત્ર એવી પોતાની હસ્તીની શોધ કરવી...પતિ-સંતાનોથી સ્વતંત્ર કોઈ સભરતા છે કે નહિ તેની શોધ કરવી, એ શું સ્વાર્થ છે ?

ના આ કેવળ ન્યાયની બાબત છે. અત્યાર સુધી તે બધાં માટે મેં મને ખર્ચી નાખી છે. હવે હું મારી જાતને ન્યાય આપવા ઇચ્છું છું, એ મારો ફક્ત અધિકાર જ નથી, કર્તવ્ય પણ છે. હું કાંઈ ફરજ અને જવાબદારીઓમાંથી છટકી જવા નથી માંગતી. પણ હવેથી મારી ફરજ કઈ ને મારું કર્તવ્ય શું એનો નિર્ણય હું કરીશ -- વ્યોમેશ નહિ, દીકરાઓ નહિ. ચૈતન્ય વગરની પ્રણાલિકા કે ચહેરા વગરનો સમાજ નહિ. ઘર નામનું શક્તિશાળી પ્રાણી નહિ.

'મને બધાં માટે પ્રેમ છે. મેં સાચા હૃદયથી તમારી કાળજી લીધી છે. પણ હવેથી હું તમને કેન્દ્રમાં રાખીને જીવવા નથી માગતી. હું મારી જાતને શોધવા માગું છું, આપણને ખરેખર જે સાચું લાગતું હોય, તે પ્રમાણે જીવી શકાય તેમ છે કે નહિ, તે શોધવા માગું છું.'

ક્યાંક ઊંડે ભય હતો જ, તેથી જ પોતાના મનને ફરી ફરી ખાતરી આપ્યા કરવી પડી. પોતાનો માર્ગ સાચો હતો ? વ્યોમેશને કેવું લાગશે ? રાજી તો નહિ જ થાય. નારાજ થશે ?

પણ કોઈને કેવું લાગશે – એમ વિચારીને કાર્યો કરવાની રીતમાંથી નીકળી જવું – તે તો નવા પ્રયાણનું પ્રથમ ચરણ હતું.

આનું પરિણામ શું આવશે ? પોતે ઠૂંઠાની જેમ સુકાઈ જશે કે વૃક્ષની જેમ ઊગશે અને ઘટાદાર બનશે ?

પરિણામની ચિંતા કરીને નિર્ણય લઈ શકાય નહિ. જે થશે તે – એની જવાબદારી હું મારા પર લઉં છું.

સ્ત્રી એટલે સમર્પણ – એ માપદંડથી સ્ત્રીનું મૂલ્ય આંકવું એ બેહૂદું છે. સમર્પણ પ્રેમનું હોય; પ્રેમ પરસ્પર હોય.

સત્તા પાસે સમર્પણ તે શાણપણ હોઈ શકે, તે સત્ત્વશીલતા નથી.

*

તે સાંજે પણ વ્યોમેશ ઑફિસેથી આવ્યો કે હંમેશની જેમ ચા બનાવીને આપી. જરા વાર બેઠી. પછી ઊઠીને ચાલી ગઈ. મન થયું, પોતાનો એક અલગ રૂમ હોત તો પોતે એકલી ત્યાં બેસી શકત.

પણ તેનો રૂમ તે વ્યોમેશનો રૂમ પણ હતો. ઘર મોટું હતું. હર્ષને અને અશેષને પોતપોતાના રૂમ હતા. તેમના લગ્ન પછી ઘરમાં થોડા ફેરફાર કરાવ્યા હતા. મોટા રસોડામાં પાર્ટિશન મૂકી ડાઇનિંગ રૂમ જુદો કર્યો હતો. હવે જમવા માટે ટેબલ-ખુરશી હતાં. એક બેઠકખંડ હતો. અગાસીમાં એક નાની રૂમ કરાવી હતી – પૂજા માટે. વ્યોમેશ હમણાંથી રોજ સવારે એક કલાક પૂજા કરે છે. એક સ્ટોર રૂમ હતો.

પોતાને માટે માત્ર કશે જગ્યા નહોતી. એકાંત – તે પોતાની પાયાની જરૂરિયાત હતી. પણ આ ચુસ્ત ગોઠવણીથી ભરેલા ઘરમાં પોતાને માટે ખાલી જગ્યા ક્યાં ખોળવી ?

મનમાં સહેજ અકળામણ થઈ આવી. એકાંત નહોતું, તેથી એકલી પડી ગઈ હોય એમ લાગ્યું.

નાહીશ તો સારું લાગશે – તેણે વિચાર્યું અને તે નાહવા ચ.લી ગઈ. સાંજ વખતે આમ નાહવા તે પહેલી વાર ગઈ. વ્યોમેશ ઘણી વાર ઑફિસેથી આવીને નહાતો. છોકરાઓ નહાતા. તે કદી સાંજે નહાઈ નહોતી. સાંજે નાહવાનું તો પુરુષો માટે જ હોય – એવું કાંઈક પોતાના મનમાં હશે ?

સવારે તો હંમેશાં સમયની ભીડ રહેતી. ઉતાવળે નાહી લેવું પડતું. આજે બે બાલદીમાં ગરમ પાણી ભરીને ખૂબ નિરાંતે, ધીરે ધીરે નાહી સ્નાનનો આનંદ માણ્યો. ત્વચા પરથી ભૂતકાળનો સ્પર્શ ધોઈ નાખતી હોય એમ પાણી રેડ્યા જ

કર્યું. નાનપણમાં ગાયેલા કોઈક પ્રિય ગીતની પંક્તિઓ હોઠ પર રમી રહી.

નાહીને શરીરે લૂછતાં ગળામાં કંઈક વાગ્યું. મંગળસૂત્રના હૂકનો એક તાર જરા છૂટો પડી ગયો હતો, એનો છેડો વાગતો હતો. ગળામાંથી મંગળસૂત્ર કાઢી હાથમાં તે જોઈ રહી. લગ્ન કર્યા ત્યારે તો નહોતી પહેરતી. પછી મહારાષ્ટ્રી સ્ત્રીઓની દેખાદેખીથી ફૈબાએ કરાવડાવ્યું હતું. પહેરવાનું કહ્યું હતું. તેણે પહેર્યું હતું. હંમેશાં પહેરી રાખ્યું હતું. કદી એ વિશે વિચાર નહોતો કર્યો. આજે હાથમાં લઈને જોતાં થયું : આનું મહત્ત્વ કોણે અને ક્યારે અને શા માટે ઊભું કર્યું હશે ? એ કાળાં મોતીના કોઈ વેપારીએ સોનીએ સાથે મળીને રચેલું ષડ્યંત્ર હશે ? કોઈ સ્થાપિત વર્ગનું હિત ચોક્કસ એની સાથે સંકળાયેલું હશે. નહિ તો એનો એટલો પ્રચાર શાથી થાય ? સ્ત્રીઓ ખરેખર ભોળી હોય છે. કોઈએ રચેલા ષડ્યંત્રનો સહેલાઈથી ભોગ થઈ પડે છે. પુરુષોને તો કાંઈ પડી નથી હોતી, સ્ત્રીઓ જ તેને વળગી રહે છે. નકામી વસ્તુઓમાં ભાવનાઓ આરોપી ભ્રમણાનું જગત ઊભું કરે છે અને રાચે છે...

અત્યાર સુધી પોતે પણ એ ભ્રમણાનો ભોગ બનેલી હતી. આજે એ દૂર કરવાનું મન થયું. કાઢી નાખ્યું તો હળવાશ લાગી. નાકમાં સળી હતી, કાઢી. કાનમાં હીરાનાં બૂટિયાં હતાં. તે પણ ધીરે ધીરે કાઢ્યાં. આ બધાં વગરની હું કેવી લાગું છું ?

અરીસામાં જોયું. શાંત, સુરેખ ચહેરો. પચાસ વર્ષે પણ સીધું સુડોળ શરીર. ત્વચા ઘઉંવર્ણી છે, પણ એમાં એક દ્યુતિ છે.

માત્ર બંગડી રહેવા દીધી. મને ગમે છે તેથી પહેરું છું, નહિ ગમે તે દિવસે નહિ પહેરું.

નિર્ણય કર્યો ત્યારે ખબર નહોતી કે સાચા થવાની વાત જીવનની એકેએક ક્રિયા સાથે સંકળાયેલી છે. ત્યારે તો એટલું જ હતું કે શોક હૃદયમાં હશે તો શોક પ્રગટ કરીશ. કોઈ બાબત રુચતી નહિ હોય તો નથી રુચતી તેમ કહીશ. વહાલ હશે તો વરસીશ. પણ શિષ્ટ આચારને નામે દેખાવ નહિ કરું. મારી સાંજ મારી રીતે ગાળીશ. મારા પર છેલ્લી સત્તા મારી હશે.

પણ હવે ખબર પડી કે સાચા થવું એટલે એક-એક વસ્તુને એક-એક ક્રિયા,

એક-એક વિચાર અને લાગણીને તપાસવાં; તે ક્યાંથી આવે છે, તેનો ઉદ્‌ગમ શો છે, તેમાં કેટલી ભ્રાંતિ, કેટલું આરોપણ છે તે નીરખવું.

બહુ મોટું કામ હતું.

કોઈ ચિંતક કે સાધક આ કરી શકે. પોતે તો એક સાવ સાદી, વિશેષ પ્રતિભા કે વિશેષ શિક્ષણ વગરની સ્ત્રી હતી. માત્ર એક સાંજે આકાશે એક વાત તેને કહી હતી. તેના પ્રત્યે ધ્રુવનિષ્ઠા મનમાં સેવી હતી. મનમાં વિચારો ને પ્રશ્નો ઊઠતા હતા, તેનો ઉત્તર મેળવવાનું મન હતું, 'હું આ બધું કરી શકીશ ?'

પોતાના જેવું વિચારતી બીજી સ્ત્રીઓ પણ ક્યાંક નહિ હોય ? એમનો સાથ મળે તો કંઈક બળ મળે.

તે સાંજે જમવામાં બધાં સાથે હતાં. તેનાં અલંકારવિહોણા મુખ તરફ જોઈ કમલ ને સુનીલાની આંખોમાં આશ્ચર્ય ડોકાઈ રહ્યું પણ તેઓ કંઈ બોલ્યાં નહિ. વ્યોમેશ-હર્ષ-અશેષનું તો ધ્યાન જ એ તરફ ગયું નહિ. માત્ર નાની સલીનાએ કહ્યું : 'માની આંખો આજે કેટલી બધી ચમકે છે !' વસુધાએ હસીને મોં નીચું કરી દીધું.

જમ્યા પછી વ્યોમેશ હંમેશની ટેવ મુજબ આરામખુરશીમાં બેસીને ઑફિસનાં કંઈક કાગળિયાં જોવા લાગ્યો. સાધારણતઃ વસુધા ત્યારે પાસે બેસતી, કંઈક વાંચતી.

આજે તે ત્યાં બેઠી નહિ. અગાસીમાં ગઈ. બહુ વખતે અગાસીમાં જતાં એકાએક લાગ્યું : માના ખોળામાં પોતે પાછી આવી છે. ઉપર આકાશમાં છૂટાંછવાયાં હળવાં સફેદ વાદળ તરતાં હતાં. હવા મંદ હતી. તેને પોતાની અંદર-બહાર ખૂબ મોકળાશ લાગી, આકાશ જાણે પોતાની અંદર ઊતરી આવ્યું હોય ! આખા શરીરમાં એક ગતિ અનુભવી. જાણે પોતે નાની થઈ ગઈ – ચાંદની રાતે ગરબા લેતી તરુણી જેવી. ફરી એક વાર લાગ્યું, આકાશ તેને કંઈક કહે છે, હવા કંઈક કહે છે.

બહુ વાર સુધી તે બેસી રહી. હૃદય વિસ્તાર પામતું ગયું. એક શુદ્ધ આનંદનો તેણે અનુભવ કર્યો.

શાને માટે જીવવું ? – રોજના જીવનની યાંત્રિક ઘટમાળથી થાકતી ત્યારે ઘણી વાર મનમાં પ્રશ્ન થતો. આજ નાહતાં નાહતાં એનો જવાબ મળ્યો.

માન્યતાઓ, ભ્રાંતિઓને દૂર કરીને સાચું શું છે તે શોધી કાઢવું અને પછી તે જીવવું – તે જીવનનો હેતુ હોઈ શકે.

પહેલા દિવસની પહેલી ક્ષણે જ એક મોતી મળ્યું.

...કોઈનાં ધીમાં પગલાં સંભળાયાં. તે તંગ થઈ ગઈ. વ્યોમેશ હશે ? તે અંદર આવવા કહેશે ? પહેલા દિવસે સંઘર્ષમાં નથી ઊતરવું.

પગલાંમાં વજન નહોતું. શાંતિને સાચવી લેતાં હોય એવાં એ મૃદુ હતાં.

સલીના હતી. આવીને બારણાં પાસે ઊભી રહી. ચુપચાપ વસુધા ભણી જોઈ રહી. થોડી વાર પછી એવા જ ધીમા પગલે, વસુધાને વિક્ષેપ કર્યા વિના પાછી ચાલી ગઈ.

વસુધાએ સુખનો અનુભવ કર્યો. ઘરમાં કોઈકને એનામાં એને ખાતર રસ હતો ખરો.

મોડે સુધી અગાસીમાં બેઠા પછી એ સૂવા ગઈ. વ્યોમેશ હજી જાગતો હતો. તે પથારીમાં સૂતી કે સહેજ નજીક ખસીને બોલ્યો : 'ક્યાં હતી અત્યાર સુધી ?' વસુધાના શરીરમાંથી કશીક સુગંધ ઊઠતી હતી.

'અગાસીમાં.' વસુધાએ શાંત કંઠે કહ્યું અને તેનું હૃદય મૂંગું મૂંગું અનુનય કરી રહ્યું. મને અડતા નહિ. આજે નહિ. નહિ.

વ્યોમેશે જરા હાથ લંબાવ્યો.

આજથી મેં નક્કી કર્યું છે, મારી ભાવનાઓને છેહ નહિ દેવાનું...હવે મારી ઇચ્છા હશે તો જ. ત્યારે જ...તેણે શરીરને સંકોચી લીધું.

વસુધા તરફથી કશો પ્રતિશાદ ન મળતાં વ્યોમેશે આગ્રહ ન રાખ્યો. પડખું ફેરવીને સૂઈ ગયો.

નવા જીવનના પ્રથમ દિવસને અને પ્રથમ રાત્રિને અક્ષુણ્ણ રાખવા માટે વસુધાએ ભગવાનનો આભાર માન્યો.

આવતી કાલે હવે જે થાય તે.

●

૩૦

બીજે દિવસે હંમેશ કરતાં સહેજ વહેલી આંખ ઊઘડી ગઈ. તેણે બાજુમાં જોયું. વ્યોમેશ ગાઢ ઊંઘમાં હતો. તે ધ્યાનથી ચહેરા ભણી ઘડીક જોઈ રહી. ઊંઘમાં એ ચહેરો ઓછો સખત લાગતો હતો.

'એવું બની શકે કે પોતાના સખતાઈભર્યા, બાંધેલા વિચારો અને આ ઘરમાં પોતે જ અધિપતિ છે એવા ખ્યાલની હેઠળ તેણે પણ કંઈક ગુમાવ્યું હોય ! મૃદુતાની ક્ષણો, ઝરણાની જેમ ઊછળી ઊભરાઈ રહેતો પ્રેમાળ હૃદયનો ઉલ્લાસ અને પોતાના સાથીદારને પોતે સમજે છે, એવી જાણમાંથી નીપજતો વિશ્વાસ - આ બધું તેણે કદાચ ગુમાવ્યું હોય અને તેનું અજાગ્રત મન તેથી વ્યથિત હોય, એમ બને ખરું ? તે તો અધીર, જલદીથી ગુસ્સે થઈ જનારો, સામા માણસના દૃષ્ટિબિંદુને સમજવાની વિશાળતા ને સહિષ્ણુતા વગરનો માણસ હતો...એને શું ખબર હશે કે પોતે જીવનમાં જે મેળવ્યું છે તેના કરતાં વધારે મૂલ્યવાન કંઈક ગુમાવ્યું છે ? અને એ મૂલ્યવાન બાબત તેની સાવ નજીકના સંબંધમાં જ રહેલી હતી ?

તે ઊઠીને બહાર ગઈ. હંમેશની જેમ દૂધ લાવીને ચા બનાવી અને પછી વ્યોમેશ પાસે મૂકી, પણ હંમેશની જેમ થોડી વાર બેઠી નહિ. રોજ સવારે બારીમાંથી પરોઢ જોતાં થતું – અત્યારે ફરવા જવાની કેવી મઝા આવે ! પણ આજ સુધી એમ જવાનું કદી બન્યું નહોતું. હમણાં સુધી તો કામ જ બહુ રહેતું; અને કમલ-સુનીલા આવ્યાં પછી પણ થતું : એમ સવારમાં ફરવા નીકળી પડું તો વ્યોમેશને કેવું લાગે ?

તે ધીરે રહીને બહાર નીકળી. ચંપલ પહેર્યાં. વ્યોમેશ બાથરૂમમાં હતો. તે દાદર ઊતરવા જતી હતી, ત્યાં પાછળથી કોઈ હળવેથી તેની સાડીના છેડાને અડ્યું. ચમકીને તેણે પાછળ જોયું. સલીના હતી. તેના ચહેરા પર ઉજ્જવલ

હાસ્ય હતું. : 'ફરવા જાઓ છો, મા ?' વસુધાએ મલકીને હા પાડી. 'હું આવું ?' તેણે ઉત્સાહથી પૂછ્યું. 'કમલને કહી આવ, પછી ચાલ.'

કમલ ઊઠી ગઈ હતી. સલીના તેને કહીને ઝડપથી આવી. દાદર ઊતરતાં બોલી : 'સવારમાં ફરવા જવાની કેવી મઝા આવે ! મને હંમેશા બહુ મન થતું. પણ માસી કહે : એકલાં ન જવાય. હવે આપણે રોજ જઈશું ને ?'

વસુધા હસી. કાંઈ બોલી નહિ. હવે રોજ પોતાના દિવસો નવીનતાથી ભરેલા હશે. અને એમાં શાંતિ હશે કે સંઘર્ષ હશે તેની પોતાને ખબર નથી. ફરીને ઘેર ગયા પછી વ્યોમેશ શું કહેશે તેની ખબર નથી.

આકાશમાં અત્યંત મૃદુ નીલ ઉજાસ ઊઘડ્યો હતો. રસ્તાઓ પર અવરજવર ઓછી હતી. અનાયાસ જ તેના પગ બાગ તરફ વળ્યાં. ઘણાં વર્ષોથી તે અહીં આવી નહોતી. બાગ એ જ હતો. વૃક્ષો એ જ હતાં. થોડાંકને તેણે ઓળખ્યાં પણ ખરાં. જૂના મિત્રો ફરી મળવાથી થાય તેવો આનંદ થયો.

એક-બે આંટા મારી તે બન્ને પણ એક બાંકડા પર બેઠાં. હજી સૂરજ ઊગ્યો નહોતો. આખું વાતાવરણ તાજગીમાં ઝબકોળાઈ રહ્યું હતું. વૃક્ષનાં પાન ધીમે ફરફરતાં હતાં. બન્ને પ્રસન્નતામાં નહાતાં થોડી વાર ચુપચાપ બેસી રહ્યાં. પછી એકાએક સલીના બોલી : 'મા, એક વાત પૂછું ?'

'શું ?'

'તમે નિવૃત્ત થવાની વાત કરી હતી. નિવૃત્ત થવું એટલે શું ? માણસ જીવનમાંથી નિવૃત્ત શી રીતે થઈ શકે ?'

વસુધા ચમકી ગઈ. દીકરાઓએ કે તેમની વહુઓએ તો આવું કશું પૂછ્યું નહોતું. અને હજુ થોડા વખત પહેલાં જ ઘરમાં આવેલી, કમલની બહેનની આ દીકરીને પોતામાં રસ હતો ?

'મારે માટે એનો સાદો અર્થ છે : સ્ત્રી પરણીને આવે છે તે પળથી ખોટા શિષ્ટાચારો અને નકામા વ્યવહારો, ઘરકામનું વળગણ અને કૌટુંબિક ફરજોની જંજાળ – એ બધાં હેઠળ દબાઈને જીવતી હોય છે. નિવૃત્ત થવું એટલે એમાંથી ખસી જવું. હૃદયથી સાદા, પ્રામાણિક, નિખાલસ થવું. બીજાઓનાં દબાણ ને બીજાઓની અપેક્ષા પ્રમાણે નહિ, પણ પોતાની સમજ પ્રમાણે જીવવું; પોતાનો

સમય પોતાને રુચે તે પ્રમાણે વાપરવો, પોતાના શરીર પર...' બોલતાં તે અટકી ગઈ. સલીના અઢાર વર્ષની હતી; શરીરની વાત તે સરખી સમજે કે ન સમજે...

'એટલે કે પોતાની રીતે જીવવું. પણ આપણી આસપાસનાં લોકો આપણને એમ જીવવા દે ખરાં ? આપણી એટલી સ્વતંત્રતા ભલેને ગમે તેટલા ઊંચા વિચારોવાળી હોય, તેમને પોસાય ખરી ?'

વસુધા આશ્ચર્યથી સાંભળી રહી. છોકરીએ પોતાના મનની વાત કરી હતી. તેને પણ આવા વિચાર આવતા હશે ? તે પણ પ્રચલિત પરંપરા ને માન્યતાને પ્રશ્નોનો દીવો લઈ ફંફોસનારી છોકરી હતી ?

સલીના જ ફરી બોલી : 'સારું મા, નિવૃત્ત થઈને તમે શું કરશો ?'

વસુધાને સારું લાગ્યું. પોતાના જેવી, પચાસ વર્ષની વયે પહોંચેલી સ્ત્રીમાં આટલી તરુણ કન્યાને રસ હતો, તેમાં છોકરીનાયે હૃદયની સચેતનતા દેખાઈ. બોલી : 'નાની હતી ત્યારે વૃક્ષો સાથે, ફૂલો સાથે, આકાશ સાથે બહુ દોસ્તી હતી. આ બત્રીસ વર્ષના લગ્નજીવનમાં એ દોસ્તી ભૂંસાઈ ગઈ હતી.' તે હસી : 'હવે ફરી એ તાજી કરીશ. એ બધાંને મળીશ. કઈ તિથિએ કેટલા વાગ્યે ચંદ્ર આકાશના કયા ભાગમાં હશે, કયા વૃક્ષનાં પાન ક્યારે ખરવા માંડશે ને કયું વૃક્ષ ક્યારે બધાં પાન ખેરવીને સાવ નિવારણ થઈ જશે, સુક્કી કાળી ડાળીઓ પર શીમળાનું પહેલું ફૂલ ક્યારે ખીલશે...એ નીરખીશ...'

સલીના સાંભળી રહી. પછી બોલી : 'એથી શું થાય ?'

વસુધાએ આગળથી વિચાર કરી રાખ્યો નહોતો. પણ તેને જવાબ સૂઝી આવ્યો. 'પ્રકૃતિ સુંદર છે. આપણે લાંબો સમય આત્મીય ભાવે તેની સામે નીરખી રહીએ છીએ ત્યારે તેની સુંદરતાનો એક અંશ આપણી અંદર પ્રવેશે છે.'

થોડી વાર બન્ને અબોલ મૈત્રીભાવમાં ચૂપ થઈને બેસી રહ્યાં. સૂરજ ઊગ્યો અને પલકવારમાં, જાણે કૂદકો મારીને પૃથ્વીને નિહાળવા ઉપર આવ્યો. બન્નેનું હૃદય સૂર્ય પ્રત્યે અહોભાવથી છલકાઈ રહ્યું.

તેઓ ઘેર પહોંચ્યાં ત્યારે વ્યોમેશ નાહવા ગયો હતો. વસુધાને જોતાંવેંત

કમલે કહ્યું : 'પપ્પાજી તમારે માટે પૂછતા હતા.'

'તેં શું કહ્યું ?'

'કહ્યું કે તમે ને સલીના ફરવા ગયાં છો.'

'પછી ?'

'પછી તે કાંઈ બોલ્યા નહિ.'

વ્યોમેશ નારાજ થયો હશે ? રાજી તો નહિ જ થયો હોય, એ તો વસુધાને આટલાં વર્ષોના અનુભવથી ખબર હતી. કંઈ ટીકા કરશે ? કશું અણિયાળું બોલશે ?

વસુધાને નવાઈ લાગી કે રોજ આવી કલ્પનાઓથી સહેજ ફડકી જતું હૃદય આજે શાંત હતું.

માણસ એક દૃઢ નિશ્ચય કરે ત્યારે એ નિશ્ચયમાંથી જ કદાચ તેને બળ મળી રહેતું હશે...તેણે વિચાર્યું.

વ્યોમેશની સામે જવાનું તેણે ટાળ્યું નહિ. તે જમવા બેઠો ત્યારે પીરસવા પોતે જ ગઈ. જરા આગ્રહ કરીને પીરસ્યું. તેને પોતાને જ બધું નવું નવું લાગતું હતું. જાણે પૂઠું એનું એ હોય પણ એની વચ્ચેનું પુસ્તક બદલાઈ ગયું હોય.

જમતાં જમતાં વ્યોમેશ કશું બોલ્યો નહિ. પણ કપડાં પહેરીને ઑફિસે જવા નીકળતાં અછડતું સામે જોઈને બોલ્યો : 'સાંજે આવું ત્યારે તો ઘેર હશો ને ? કે સાંજે પણ ફરવા જવાનો કાર્યક્રમ છે ?'

વસુધા ધક્કો લાગ્યો હોય એમ સહેજ હલમલી ગઈ. તેણે ગુસ્સાની કે નારાજીની અપેક્ષા રાખી હતી, પણ આવો કટાક્ષ ? ફરવા જવા જેવી સાદી બાબત પર કટાક્ષ ? પણ એ સાદી બાબત કદાચ નહોતી. એ માત્ર ફરવા જવાની વાત નહોતી. પોતાની સેવામાં હોવું જોઈએ, ત્યારે તે બહાર ચાલી ગઈ હતી. એ ઊંઘતો હતો ને ચાલી ગઈ હતી. એનાથી અલગપણે, પોતાનો કાર્યક્રમ પોતે કરીને ચાલી ગઈ હતી.

કટાક્ષ એની પર હતો, એ સમજાતાં વસુધાને સહેજ હસવું આવી ગયું.

વ્યોમેશ ચિડાયો. 'હું તને પૂછું છું ને તું જવાબ આપવાને બદલે હસે છે ?'

કોને ખબર ક્યાંથી, ઉદ્‌ગારો મોંએ આવી ગયાં. 'તમે પણ જરા હસો ને ! તો હળવા થશો.'

વ્યોમેશ તેની ફાઈલ લેતો હતો, તે સહસા અટકીને વસુધા સામે તાકી રહ્યો. આ વસુધા બોલે છે ? આ વસુધા જ છે ?

પછી આગળ કાંઈ બોલ્યા વિના તે ચાલ્યો ગયો. જતી વખતે પગ પછાડતો ગયો હોય એમ વસુધાને લાગ્યું. તેને વ્યોમેશ વિશે નવાઈ ન લાગી. પોતાના વિશે લાગી. વ્યોમેશના પ્રતિભાવની તેના મન પર અસર થઈ ન હતી. તેનું હૃદય સ્વસ્થ રહ્યું હતું.

*

હવે સહુથી મોટી જરૂર હતી પોતાને માટે એક અલાયદી જગ્યા હોય તેની, જ્યાં તે એકલી બેસી શકે, રાતે બારીમાંથી ચંદ્રની ગતિ જોઈ શકે. ઊંઘ ન આવે તો, વ્યોમેશને વિક્ષેપ પહોંચાડ્યા વિના બત્તી કરીને વાંચી શકે. યોગાસનો કરવાની ઇચ્છા હતી, તે થઈ શકે.

રાતે હવે જુદાં સૂવાનું જરૂરી હતું. પોતાને હવે જે રીતે જીવવું હતું, તેમાં આ પ્રાથમિક જરૂરિયાત હતી.

સ્ટોર રૂમ સાવ જ નાનો નહોતો. એક મોટી બારી પણ હતી, જે સાધારણ રીતે બંધ રાખવામાં આવતી. વસુધાએ કમલને બોલાવી સ્ટોર રૂમનો સામાન ક્યાં ફેરવવો તેની ચર્ચા કરી. કમલ નવાઈ પામી રહી 'પણ મા—' તેને પૂછવું હતું કે તમે આવું કરો છો તે પપ્પાજીને ગમશે ? પણ એનો નાજુક અર્થ સમજતાં તે પૂછતાં અટકી ગઈ. મનમાં થયું : માને ને પપ્પાજીને મોટો ઝઘડો થયો હશે ?

અમુક સામાન રસોડામાં જગ્યા કરીને ખસેડવામાં આવ્યો. થોડોક અગાસીના ખૂણામાં તાડપત્રીથી ઢાંકીને મૂકી શકાશે. થોડીક બૅગો કબાટ પર, થોડુંક માળિયામાં. થોડીક વસ્તુઓ ખૂણામાં રહે તોય વાંધો નથી.

સામાન ખસેડવામાં નાનો રૂમ મોટો લાગવા માંડ્યો. વસુધાએ બારી ઉઘાડી નાખી. બહારથી હવા ને અજવાળાનું એક પૂર અંદર ધસી આવ્યું અને રૂમ તેનાથી છલકાઈ ગયો.

બે પલંગમાંથી એક પલંગ વસુધાએ ત્યાં મુકાવડાવ્યો. બાજુએ નાનું ટેબલ.

હવે એક ટેબલ-લૅમ્પ લઈ આવીશ. હવે મને વાંચવાની ફુરસદ મળશે.

છેવટે કમલ બોલી તો પડી જ : 'મા, આ બધો ફેરફાર પપ્પાજીને ગમશે ? તે નારાજ નહિ થાય ?'

ઠીક. તો કમલને મન પણ વ્યોમેશ નારાજ થશે કે નહિ, તેનું મહત્ત્વ વધારે હતું. તે પણ માનતી હતી કે ઘરમાં સર્વોચ્ચ સ્થાન તો પુરુષનું જ હોય. વસુધાએ કશો જવાબ આપ્યો નહિ. સહેજ હસી લીધું માત્ર.

કપડાં વગેરે ભલે પેલા રૂમમાં કબાટમાં રહ્યાં. ત્યાં કાંઈ સાવ જવું જ નથી એવું થોડું છે ? પણ પોતાને હવે લાંબા કલાકો એકાંત જોઈએ છે, પોતે હવે શું કરવું, તે શોધવા એકાંત જોઈએ છે. પચાસ વર્ષે જીવનની સક્રિયતાનો અંત આવી ગયો એવું નથી લાગતું, કંઈક નવું કરવાની ઘડી આવી છે એવું લાગે છે. એ ઘડી રળિયામણી છે.

આ બધું કોણ સમજશે ?

કદાચ સલીના સમજશે. લાંબા ઉદાસ ચહેરાવાળી એ છોકરી કમલની બહેનની દીકરી હતી. અત્યાર સુધી નાની પાસે રહેતી હતી. તેની મા, તે નાની હતી ત્યારે જ મરણ પામી હતી. જોકે તેને ખબર હતી કે માને મારી નાખવામાં આવી હતી. સાસરાના ઘરમાં ઘણા અનાચાર ચાલતા. સલીનાની માથી એ સહન ન થયું. બાપને ઘેર આવતી રહી. ત્યારે સલીના પેટમાં હતી. માબાપને આબરૂનો ભય લાગ્યો. પેટમાં બાળક છે, તે પોતાનું નથી – એમ જમાઈ કહેશે તો ? એવો ભય લાગ્યો. છોકરીએ ઘણું કહ્યું કે મારે સાસરે નથી જવું, મને ત્યાં ન મોકલો, પણ માબાપે તેને સમજાવી : 'દીકરી તો સાસરે જ શોભે' કહીને તેને પાછા જવા દબાણ કર્યું.

સલીનાના જન્મ પછી થોડો સમય લાગ્યું કે બધી તકલીફ દૂર થઈ ગઈ છે. પણ થોડો સમય જતાં વળી એ જ અજુગતી માગણીઓ ને દબાણો. તેની 'ના' અને તેને કારણે મારપીટ. અને સલીનાની ઉંમર અઢી-ત્રણ વર્ષની હતી ત્યારે તે કૂવે પડવાથી મરણ પામી. તે જાતે પડી કે કોઈએ ધક્કો મારી દીધો, તેની ધક્કો મારનાર ને મરનાર સિવાય કોઈને ખબર પડી નહિ.

દીકરી મૃત્યુ પામી, ત્યારે છેક માબાપની આંખો ઊઘડી. સલીનાને પોતાને

ઘેર લઈ આવ્યાં. સલીના નામ તો પછી પડ્યું. પહેલાં સરલા નામ હતું. અંગ્રેજી સ્કૂલમાં દાખલ કરાવતી વખતે સરલાના નામ પાછળ પિતાનું નામ જોડાયું ત્યારે તેણે તેનો સખત વિરોધ કર્યો. તેણે પણ મોટાં થયે બધું જાણ્યું હતું. 'મારી માની હત્યા કરનાર માણસનું નામ હું મારા નામ સાથે નહિ જોડું.' બધાં ચકિત થઈ ગયાં હતાં. ઘણા પુરુષોએ પોતાની પત્નીઓની હત્યા કરી હોય છે; પણ તેમનાં સંતાનોએ તેમનું નામ પોતાની સાથે જોડવાનો ઇનકાર કર્યો હોય એવું ક્યારેય સાંભળ્યું નહોતું.

'બેટા, આવું ક્યાંય જોયું કે સાંભળ્યું નથી. ગમે તેમ પણ એ બાપ તો છે જ ને ! એનું નામ તો પાછળ લગાડવું પડે.'

સરલા કેમે કરી કબૂલ ન થઈ. બાપ કોઈ વાર અવળા માર્ગે ગયેલા પુત્રને 'ડિસ-ઓન' કરે છે; અહીં દીકરીએ બાપને 'ડિસ-ઓન' કર્યો.

એ પછી તેણે નામ પણ બદલી નાખ્યું, પડોશમાં રહેતી એક છોકરીના નામ પરથી પોતાનું નામ સલીના રાખ્યું. પાછળ માનું નામ જોડ્યું...

નાની સાથે રહીને જ તે ભણી. અને હવે નાનીનું મૃત્યુ થતાં તે માસી પાસે રહેવા આવી હતી. કૉલેજમાં ભણતી હતી. હમણાં લાંબું વૅકેશન હતું.

એકાએક વસુધાને વિચાર આવ્યો. 'કમલ, સલીના માટે શું વિચાર્યું છે ?'

કમલ જરા સંકોચાઈ ગઈ. તેની ઇચ્છા સલીનાને પોતાની પાસે રાખવાની હતી, પણ મા ને પપ્પાજી સંમતિ આપશે કે નહિ, તેનો ભય હતો. તે બોલી નહિ.

વસુધાએ તેની સામે માયાળુ સ્મિત કર્યું. 'સલીના અહીં જ રહીને ભણે તો તને કેમ લાગે છે ?'

કમલના ચહેરા પર આનંદ ઝળકી ઊઠ્યો. 'ખરેખર મા, તમે એવું ઇચ્છો ખરાં કે તે અહીં રહીને ભણે ?'

વસુધાની આંખોમાં સ્નેહ હતો. 'જરૂર, તેને જો ગમે તો.'

'તેને તો ગમે જ મા, તેને જવા માટે મામાના ઘર સિવાય બીજું કોઈ ઘર પણ ક્યાં છે ? અને ત્યાં મામી પાસે રહેવા કરતાં તો મારી પાસે રહે તે જ સારું

ને !' અને એકાએક તેના ચહેરા પર ભય ને અવિશ્વાસના ભાવ તરી આવ્યા. 'પણ મા, પપ્પાજી - એમને તો પૂછવું પડશે ને ? એ ના પાડશે તો ?'

વસુધાનો ચહેરો જરા તંગ થઈ ગયો. 'બધી વાતો શું તેમને પૂછીને જ કરવી જોઈએ, કમલ ?'

'પણ—' કમલના અવાજમાં મૂંઝવણ હતી. 'પણ ધારો કે – ધારો કે તે ના પાડે, તેમને આ વાત પસંદ ન હોય તો ?'

'તોપણ સલીના અહીં રહેશે...' વસુધાએ છેવટનો નિર્ણય ઉચ્ચારતી હોય તેમ કહ્યું.

અને પછી કમલની જેમ તે પણ, વ્યોમેશને સાંજે બધા ફેરફારની ખબર પડશે ત્યારે શું થશે તેની રાહ જોઈ રહી.

•

૩૧

એક ઘટનાનો પ્રતિભાવ ઘણી રીતે આપી શકાય. સૂવાની નવી વ્યવસ્થા જોઈને વ્યોમેશ એમ પણ કહી શકે : 'અરે વસુધા, તને આમ જુદી રૂમ જોઈતી હતી ? મને કહ્યું હોત તો હું સુથારને બોલાવીને તને જોઈએ તેવા ફેરફાર કરાવત ને !'

અથવા કહે : 'રાતે તું વાંચે એથી મને વિક્ષેપ થશે એમ માની તેં આ ફેરફાર કર્યો ? ઉંમર મોટી થતાં ઊંઘ ઓછી થઈ જાય, નહિ ? તને રાતે વાંચવાનું મન થતું હશે એવો મને ખ્યાલ જ આવેલો નહિ. હું પણ ખરો મારામાં ડૂબેલો હોઉં છું ! તારી જરૂરિયાતો તરફ તો મેં આજ સુધી ધ્યાન જ નહોતું આપ્યું. મને માફ કરજે...અને જો – એક મધુર ભાવથી ચહેરો સ્નિગ્ધ...'અને જો, ક્યારેક રાતે એકલાં ડર લાગે તો – આપણા રૂમનાં બારણાં અંદરથી વાસેલાં નહિ હોય, સમજી ને ?'

અથવા તે ચુપચાપ એક સરસ ટેબલ-લૅમ્પ કહ્યા વગર ત્યાં ગોઠવી દે અને પછી વસુધાને કેવું આશ્ચર્ય, કેવો આનંદ થાય છે, તે જોઈને હરખાય.

તે પતિ હોવા સાથે પ્રેમી પણ હોત, તો આવું કેટલુંયે તેને સૂઝ્યું હોત. વસુધા માટે પ્રેમ ને કાળજી વ્યક્ત થતાં હોય એવું તો કેટલું બધું તે કરી શકે ?

પણ વસુધાને લાગતું હતું કે તે એવું કંઈ નહિ કરે. તે તો ગુસ્સો જ કરશે. ફક્ત એ ગુસ્સાની માત્રા કેટલી હશે, એનો તેને અંદાજ આવ્યો નહિ. એકાંતમાં રોષ ઠાલવશે કે બધાંની વચ્ચે ? પણ કટાક્ષ ન કરે તો સારું. આજે સવારે તેણે કટાક્ષ કર્યો હતો. આ કટાક્ષની વૃત્તિ તેના સ્વભાવમાં ઉમેરાયેલી નવી વસ્તુ હતી.

અને આ ઉમેરો સુખદ નહોતો.

માણસે રોજ રોજ પોતે હોય તેના કરતાં વધુ સારા થતાં જવું જોઈએ...વધુ ખુલ્લા, વધુ ઉદાર.

જીવવાનો એક વધુ અર્થ અચાનક તેને સમજાયો – ગઈ કાલે જ્યાં હતાં ત્યાંથી એક ડગલું આજે ઉપર ચઢવું.

કેવી નવી નવી લીલી કૂંપળો ફૂટતી હતી ! નહિ તો આજ સુધી તો જરાક ખાલી સમય મળે કે ઘરકામનાં જ વિચાર આવતા, વ્યોમેશનો કોટ ડ્રાઇક્લિનિંગ માટે આપવાનો છે...બાર મહિનાના ભરવાના ઘઉં હવે આવી ગયા હશે. કેટલા જોઈશે ? શામાં ભરીશ ?... બાબુકાકા દેશમાં જવાના છે. તેમની સાથે થોડું ચોખ્ખું ઘી મગાવી લેવાય તો સારું.

આખો દિવસ લગભગ આવા જ વિચારોથી મગજ ભરેલું રહેતું. કોઈક વાર સભાન પણ થઈ જતી. ફૈબા યાદ આવી જતાં. પોતે તો જીવનમાં કંઈક જુદું કરવાની ઇચ્છા રાખી હતી તોયે મગજ આસપાસ આ જાળું વણાઈ ગયું હતું. તો ફૈબા – જેમને આ સિવાયના બીજા કોઈ જીવનનો અણસાર નહોતો તે આખો વખત એની એ જ વાતો કરતાં રહે તેમાં શી નવાઈ ? ઘરકામ નામની વસ્તુનો પ્રભાવ જ એવો છે. સ્ત્રીને તે પોતાની માયામાં ખૂબ વીંટી લે છે. એક વાર જે મનમાં ગમતા કવિઓની પંક્તિઓ ગુંજતી હતી, મહાપુરુષોનાં, નોંધપોથીમાં ઉતારી લીધેલાં સુવચનો રમતાં હતાં, સાહસિકોનાં જીવનચરિત્રોએ જગાડેલાં ઘટનાં ઘોડાં થનગનીને આભને પલાણવાનાં સપનાં જોતાં હતાં, તે મન હવે બાસમતી ચોખાના ભાવની, શારદામાસીને ઘેર સાદડીમાં જવાની, નોકરના ખાડા અને કોઠીમાં ખલાસ થવા આવેલા ગૅસની વાતોથી ભરેલું રહેતું હતું. વિલિયમ શેક્સપિયરને બદલે કોઈ વિલા શેક્સપિયર હોત તો તેણે લખ્યું હોત : વૉટ અ ફૉલ વૉઝ ધૅર, માઈ કન્ટ્રીવુમન !

કોઈ મહાન સ્ત્રી – સાહિત્યકાર હશે ? તેણે સ્ત્રીની બૌદ્ધિકતા અને વ્યક્તિત્વના આ હ્રાસનાં નાટક લખ્યાં હશે ?

*

રૂમમાં જઈને તેણે કબાટ ઉઘાડ્યો. અંદરનું નાનું ખાનું બહાર ખેંચ્યું. મખમલથી મઢેલી એક સુખડની પેટીમાં ઘરેણાં હતાં. રાતે રૂમાલમાં વીંટેલાં ઘરેણાં તેણે પેટીમાં મૂક્યાં. બહુ નહોતાં. થોડાંક માએ આપેલાં હતાં. થોડાંક

લગ્ન વખતે વ્યોમેશ તરફથી આવેલાં. પછી ખાસ નવાં લીધાં નહોતાં. અત્યારે સોનું મોંઘું છે; ત્રીસ વર્ષ પહેલાં પ્રમાણમાં સસ્તું હતું તોયે ખરીદ્યું નહોતું. એક વાર એક દુકાનમાં બહુ જ સુંદર વીંટી જોયેલી. લેવાનું મન કર્યું હતું. પણ વ્યોમેશે કહ્યું : 'બે વીંટી તો તારી પાસે છે, નવી લેવાની શી જરૂર છે ?'

વસુધાએ સહેજ લાડથી કહ્યું : 'જરૂર નથી, પણ બસ, ગમે છે એટલે !'

વ્યોમેશે કહ્યું : 'નકામો એવો ખર્ચ કરવાનો કાંઈ અર્થ ?'

વસુધા સ્વાભિમાની હતી. આવો જવાબ મળે તો પછી બોલતી નહિ. વીંટીની વાત ફરી ક્યારેય ઉચ્ચારી નહિ.

પણ એનો ચહેરો જોઈને વ્યોમેશને કંઈ લાગી આવ્યું હોય, કે પછી વીંટી જેવી નાની વસ્તુમાં ના પાડવા બદલ ચચણાટ થયો હોય, જે હોય તે, પણ એક દિવસ સોનાનો એક સરસ હાર લાવી વસુધાના હાથમાં મૂક્યો. વીંટી કરતાં ક્યાંય વધારે કીમતી. માન્યું હતું કે વસુધા રાજીરાજી થઈ જશે. પણ વસુધાનો ચહેરો આનંદથી ચમકી ઊઠ્યો નહિ. 'કેમ ન ગમ્યો ?' તેણે પૂછ્યું. 'ડિઝાઈન સારી નથી'

'સરસ છે ને !' વસુધાએ કહ્યું, પણ તેના મોં પર એક છાયા પથરાયેલી રહી.

વ્યોમેશ એ છાયાનો અર્થ સમજ્યો નહિ, 'સ્ત્રીઓનાં તો મન જ વિચિત્ર હોય છે !' સ્વગત બબડ્યો.

...એ પછી વસુધાએ કદી દાગીના માટે ઇચ્છા નહોતી કરી. બેઉ ભાઈઓનાં લગ્ન વખતે, કમલ-સુનીલા માટે વ્યોમેશને યોગ્ય લાગ્યું તેટલું સોનું ખરીદવામાં આવ્યું હતું. વ્યોમેશની એક નિશ્ચિત પ્રકૃતિ હતી. તેમાં વ્યવસ્થા, નિયમો, ચોક્કસાઈ, શિસ્તને જેટલું સ્થાન હતું તેટલું હૃદયના ભાવોમાં સાથીદારી, સ્નિગ્ધ સ્નેહથી બીજાની લાગણીઓમાં પ્રવેશ, બોલ્યા વગરની એક મૈત્રીભરી સમજ જેવી બાબતોને સ્થાન નહોતું. ક્યારેક, ઘરના કોઈક કામમાં તેનો સાથ ઇચ્છતી વસુધા એ વિશે વાત ઉપાડે તો તે કહી દેતો : 'મને એ બધી ખટપટમાં ઊતરવાનું પસંદ નથી. મને એમાં શું કહે છે ? એ તારું કામ છે, તને ઠીક લાગે તે કર.'

સાથે રહેતાં હતાં પણ સહભાગી થઈને જીવતાં નહોતાં. એક કુટુંબના ભાગરૂપ હતાં, પણ એકબીજાના ભાગરૂપ બની શકાયું નહિ.

*

વસુધાએ ઘરેણાં બધાં બહાર કાઢી, એક-એક કરીને જોયાં. હાર, બંગડીઓ, બૂટિયાં, વીંટી – પગનાં ઘરેણાં, હાથનાં, આંગળીનાં, નાકનાં, કાનનાં...સહેજ ઝાંખી પડેલી પણ શુદ્ધ સોનાની ઘટાદાર ચીજો, કોઈક વાર પહેરવાનું મન થતું. ફૈબા ટોકતાં : અમથું અમથું શું બધું પહેરીને ફરવાનું ? પ્રસંગ હોય ત્યારે પહેરજે.

પણ ક્યારેક લગ્નમાં જવાનું ત્યારે કંઈ જ પહેરવાની ઇચ્છા ન થાય – તેવુંયે બનતું. મનમાં તરંગ ઊઠતો : ઝગમગાટ કરતી એ બધી સ્ત્રીઓની વચ્ચે સાવ સાદા વેશે જાઉં તો ?...પણ રિવાજ પ્રમાણે બધું પહેરવું પડે. નહિ તો ઘરનું ખરાબ લાગે...

સ્ત્રીએ શા માટે આટલાં બધાં ઘરેણાં પહેરવાં જોઈએ ? શોભા માટે ? પોતાની પાસે પણ છે, એ બતાવવા માટે ?

આ સોનું મારું સ્ત્રીધન કહેવાય, મારી સલામતી...મારી મિલકત...

પણ પોતાનાં ઘરેણાં હોવા છતાંય પોતાની ઇચ્છા પ્રમાણે પહેરવાનું કે ન-પહેરવાનું તો બન્યું નહોતું.

આજે ફૈબા નથી. હવે આ ઘરેણાં પર માત્ર મારો જ અધિકાર છે...

મનમાં એક નવો જ તરંગ ઊઠ્યો. આ પેટી હવે પૂરેપૂરી મારા ન્યાયક્ષેત્રમાં – મારા જ્યુરિસ્ડિક્શનમાં કહેવાય ? એના સંબંધમાં મને યોગ્ય લાગે તે કરી શકું ?

એ વિશે મને કોઈ કશું ન કહી શકે ?

બીજા કશા ખાતર નહિ, પણ પોતાનો એ અધિકાર અબાધિત છે, તેની પોતાને ખાતરી કરાવવા ખાતર પણ વસુધાને મન થયું – આમાંથી કોઈ વસ્તુ હું આપી દઉં તો ?

કોને આપવી ?

સલીના યાદ આવી. એ છોકરી તેને ગમવા લાગી હતી. અત્યાર સુધી તેને મન એ કમલની મૃત બહેનની દીકરી હતી. હવે એકાએક તેની સાથે નિકટનો સંબંધ બંધાયો હતો. આખા ઘરમાંથી માત્ર એક તેને જ પોતામાં ખરેખર રસ હતો.

પછી જરા વિચાર કરતાં, કમલ અને સુનીલાને પણ કંઈક આપવાનું મન થયું. આપવાનોય એક આનંદ હોય છે. કશા કારણ કે હેતુ વગર માત્ર સહજ લાગણીથી આપવાનો આનંદ અનુભવવાનું તેને મન થયું.

સલીના ને સુનીલા તો ઘેર નહોતાં. માત્ર કમલ હતી. બે બંગડી લઈને વસુધા તેના રૂમ તરફ ગઈ.

કમલ ભરાવદાર શરીર ને ગોળ મોંવાળી હસમુખી યુવતી હતી. ચહેરા પર ભલાઈની નરમાશ હતી.

વસુધાએ તેની સામે બંગડી ધરી. 'જો તો કમલ, આનો ઘાટ કેવો છે ?'

કમલ એકદમ બંગડી પર ઝૂકી ગઈ. 'આ તો બહુ જ સરસ છે, મા ! જૂના ઘાટ કેટલા સરસ હતા ! હવે તો આવા ઘાટ ક્યાંય જોવા ન મળે.'

વસુધા તેના મોં ભણી જોઈ રહી હતી. કમલે માથું ઊંચું કરી તેની સામે સ્મિત કર્યું.

વસુધા ક્ષણ એક ચૂપ રહી. પછી બોલી : 'તને ગમે છે, તો તું રાખ કમલ !'

આંચકો લાગ્યો હોય તેમ કમલ જરા પાછળ હટી ગઈ. 'હું ?'

વસુધા હસી : 'તને જ કહું છું તો !'

કમલ અવિશ્વાસથી તેની સામે તાકી રહી. 'પણ પપ્પાજીને ખબર છે ? તેમને આ ગમશે ? – આમ તમે મને આપી દો તે...'

વસુધાના મોં પરનું હાસ્ય લુપ્ત થઈ ગયું. 'એમને એમાં ગમવા-ન ગમવાનું શું ? બંગડી મારી છે. મારી ઇચ્છાથી હું તને આપું છું, કમલ, સાચે જ તને ગમતી હોય તો તું રાખ. તું લઈશ તો મને ગમશે.'

કમલે અચકાતાં અચકાતાં બંગડી લઈને પોતાના હાથમાં નાખી. સરસ શોભી ઊઠી. કમલના મોં પર કૃતજ્ઞતા અને આનંદનો ભાવ આવ્યો.

વસુધા તેના ચહેરાને ધ્યાનથી જોઈ રહી. સાદો, ઝાઝા વિચારોથી ક્ષુબ્ધ થયા વગરનો ચહેરો. ફૈબાને આવી વહુ ગમી હોત, જેની દુનિયા તેમના દાયરામાં હોય. આ પ્રેમલગ્ન નહોતાં. હર્ષે તેને ક્યાંક જોયેલી. ગમી ગઈ હતી. માને વાત કરી.

વસુધા જુદા જ કારણે રાજી થઈ. હર્ષે પોતે પસંદગી ન કરી હોત તો તેને છોકરી જોવા જવું પડત. કોઈક આશાભરી, ઉમંગભરી, છોકરીની ઉપરછલ્લી બાબતો વડે પરીક્ષા કરવી પડત. હા-ના પાડવી પડત. કોઈ વ્યક્તિને તેના ભવિષ્યની બાબતમાં પાસ-નાપાસ કરવા જેવડી મોટી બાબત શું પોતાની બનત ? તેને તો છોકરીઓને આવી રીતે જોવાની વાત બહુ અરુચતી લાગતી હતી. સજીકરીને બીજાની સમક્ષ પરીક્ષા આપવાની હોય એમ ઊભા રહેવું કોઈ કોઈ વાર તો નક્કી થતાં પહેલાં દસ-પંદર વાર આમ રજૂ થવું પડે, એ પરિસ્થિતિની કલ્પના કરતાંયે વસુધાને ખૂબ ખરાબ લાગતું. સંવેદનશીલ હોવાને કારણે બહુ જલદીથી તે બીજાઓની વેદના સાથે તાદાત્મ્ય અનુભવી શકતી. જાણે તે પોતે જ એ યુવતી છે, જેને એક પછી એક પછી એક યુવક સમક્ષ રજૂ કરવામાં આવે છે; જેને એક પછી એક પછી એક જણ નાપાસ કરે છે...

એટલે જ હર્ષે પોતાની મેળે પસંદગી કરી એથી તે રાજી થઈ હતી. પણ અશેષનાં પ્રેમલગ્ન હતાં, તેમ તેણેય પ્રેમલગ્ન કર્યાં હોત તો પોતાને વધુ ગમ્યું હોત. યુવાવસ્થાનો પ્રબળ ઉત્કટ પ્રેમ...એ કેવો અદ્‌ભુત અનુભવ હશે ? જેને માટે માણસ આખું જીવન ઓવારી દેવા તૈયાર થઈ જાય, એ રોમે રોમે તરસતી ઝંખના કેવી હશે ?

કમલના રૂમમાંથી બહાર આવીને તે ક્યાંય સુધી દિવાસ્વપ્નમાં ખોવાયેલા જેવી બેસી રહી.

એકાએક ઘડિયાળ પર નજર જતાં ઊભી થઈ. હવે બધાંનો આવવાનો વખત થયો હતો. વ્યોમેશના આવતાં પહેલાં સલીના ને સુનીલાને જે આપવું હોય તે આપી દેવું સારું. સંઘર્ષ તો કદાચ થશે જ. પણ તે આપ્યાં પહેલાં થાય, તેના કરતાં પછી થાય તો સારું.

પણ શી ખબર ! કદાચ વિરોધ ન પણ કરે. કહે : રૂમમાં ફેરફાર કર્યા તે સારું કર્યું. કેટલા વખતથી બધું એકસરખું ગોઠવેલું હતું. ફેરફારથી જરા

નવીનતા લાગે છે. પણ તને આ નાના રૂમમાં ફાવશે ?

અને ઘરેણાંની વાત જાણીને હસીને કહે : વાહ વસુધા, ઘરેણાંની માયા છૂટી તે તો બહુ રાજી થવાની વાત ! સ્ત્રીને માટે ઘરેણાં તો બહુ મોટું બંધન !

સુનીલાને પણ બંગડી જ આપીશ.

અને સલીનાને ?

એની સામે ખુલ્લી પેટી ધરી દઈશ. કહીશ : સલીના, આમાંથી તને જે ગમે તે લઈ લે.

કેટલી ખુશ થશે ?

*

પણ બધાં લગભગ સાથે જ આવ્યાં, સલીના-સુનીલા સાથે એકાંતમાં વાત કરવાનો વખત રહ્યો નહિ.

અને હવે વ્યોમેશની પ્રતિક્રિયાની પળે પળે રાહ જોવાની.

સહસા તે ટટ્ટાર થઈ. વ્યોમેશનો કેટલી બધી બાબતોમાં ડર લાગતો હતો એ હવે સમજાતું જતું હતું. પણ હવે તો રોજ એનો સામે મોંએ ભેટો કરવો પડશે...વાળ ઝાટકીને પાણી ખંખેરે તેમ મનમાંથી ચિંતા ખંખેરી નાખી. નિર્ભય થયા વિના મને ચાલવાનું નથી તો !

વ્યોમેશ તે દિવસે થોડુંક કામ લઈને આવ્યો હતો. બેઠકખંડમાં બેસીને જ તે કામ કરતો રહ્યો. રૂમમાં જવાનું બન્યું નહિ. વસુધાએ મનને ટપાર્યું...આમ જાણે સજા થવાની હોય એમ કેમ રાહ જુએ છે ?

જમવાનાં ટેબલ પર બધાં સાથે બેઠાં.

જમતાં જમતાં વ્યોમેશે કહ્યું : ‘છાપામાં નોંધ આપી આવ્યો છું, કાલે ફૈબાની સાદડી રાખી છે – ચારથી છ વચ્ચે.’

વસુધા ચોંકીને બોલી : ‘સાદડી ?’

સુનીલા પણ ચોંકીને બોલી : ‘આવતી કાલે ?’

વ્યોમેશે બન્નેની સામે જોયું. ‘કેમ ?’

‘મને વાત પણ કરી નહિ ?’ વસુધાએ કહ્યું.

'એમાં તને શું કહેવાનું ? કાલે રવિવાર છે, એટલે અનુકૂળ રહેશે.'

'કાલે સાડા ચારથી સાત મારે નાટકના રિહર્સલમાં જવાનું છે.' સુનીલા નીચી નજર રાખીને ધીમા અવાજે બોલી.

'તો રિહર્સલમાં નહિ જવાનું. એમાં શું ?' વ્યોમેશ બોલ્યો.

વસુધાએ પોતાની અંદર એક મોટું યુદ્ધ અનુભવ્યું. બોલ વસુધા, બોલ, તારે સાચા થઈને રહેવું છે. સાચા થવાનું સહેલું નથી. પ્રેમના પંથની જેમ એ પણ પાવકની જ્વાળા છે. પસંદગી કરી લે વસુધા, તને શાંતિ જોઈએ છે કે સચ્ચાઈ ?

તે ઝડપથી બોલી : 'સાદડી રાખવાનું જરૂરી છે ?'

'એટલે ?' વ્યોમેશ જમવાનું અટકાવીને તેની સામે તાકી રહ્યો.

'એમાં જમતાં જમતાં અટકી શું ગયા ?' વસુધાએ હસીને હવાને હળવી કરવાનો પ્રયત્ન કર્યો. 'આ તો અમસ્તી નાની વાત હતી. મને થયું કે સાદડી રાખવાની કોઈ જરૂર નથી. ફૈબા પાકી ઉંમરે ગયાં છે. એમનો શોક કોઈનેય હોય તો તમને હોય. મળવા આવનારાંને તો કાંઈ ઊંડું દુઃખ હોવાનું નથી. ખાલી દેખાવ ખાતર આવીને બે ઔપચારિક શબ્દો ઉચ્ચારશે. એવું બધું શું કરવા કરવું જોઈએ ?'

'મને તો બ્રાહ્મણ જમાડવાની ઇચ્છા છે. એ માટે પણ આવતા રવિવારનું નક્કી કરી રાખ્યું છે. આમેય ત્યારે બાર દિવસ થાય છે. તે દિવસે પચાસ બ્રાહ્મણો જમશે આપણે ત્યાં.'

સુનીલાએ વસુધાની સામે જોયું. એની આંખોમાં યાચના હતી.

હર્ષ અને અશેષે પણ વસુધાની સામે જોયું.

'મને ખબર છે, હવે કોઈ બ્રાહ્મણો જમાડતું નથી. પણ મારી ઇચ્છા છે. ફૈબાનું મારા પર ઋણ હતું. એમના આત્માને શાંતિ થશે.' ફરી વ્યોમેશ બોલ્યો.

ફૈબાએ તો પરણીને જૈન ધર્મ અપનાવેલો. તે કાંઈ એમાં માનતાં નહોતાં.' વસુધાએ કહ્યું.

વ્યોમેશ સહેજ ધૂંધવાયો. 'સારું, નહિ માનતાં હોય. પણ મારે કરવું છે, બસ ?'

વસુધાએ ધીમા પણ સ્પષ્ટ અવાજે કહ્યું : 'હું પણ એમાં નથી માનતી.'

વ્યોમેશની આંખોમાં ગુસ્સો તરી આવ્યો. 'તું માને છે કે નહિ એવો કોઈ સવાલ જ ઊભો થતો નથી. હું માનું છું એટલું બસ છે.'

'આવતા રવિવારે તો અમારા નાટકના બે "શો" છે...' સુનીલા ગભરાયેલા અવાજે બોલી.

'તમે બધાંએ ધાર્યું છે શું ?' વ્યોમેશે ટેબલ પર હાથ પછાડ્યો. 'નાટક હોય તો સારું પાત્ર બીજાને આપી દેજે. એ ઘરનાં ફૈબા હતાં. એમનાં મૃત્યુની કાંઈ અદબ હોય કે નહિ ?'

વાતાવરણ જરા તંગ થઈ ગયું. સલીના જમવાનું પૂરું કરી થાળી લઈને ચાલી ગઈ. તેની પાછળ કમલ પણ કંઈક બોલતી રસોડામાં ગઈ.

સુનીલાએ અશેષ સામે જોયું.

અશેષ હિંમત કરીને બોલ્યો : 'પણ પપ્પાજી...'

'કેમ, તું પણ એમાં નથી માનતો. એમ તારે કહેવું છે ?' વ્યોમેશ વચ્ચે જ બોલ્યો. 'બહુ સારું, ભલે તમે કોઈ ન માનતાં હો. હું માનું છું. આ ઘરમાં હું ઇચ્છીશ એમ થશે.'

વાત નાની હતી, પણ જીદ અને અહંકારમાં ખેંચાઈને નિષ્કારણ મોટી બની ગઈ.

બધાં ચુપચાપ જમવાનું પૂરું કરી ઊભાં થઈ ગયાં. વ્યોમેશ બેઠકખંડમાં ગયો. હવામાં એક ભાર વ્યાપી રહ્યો.

વસુધા કશોક નિર્ણય કરીને વ્યોમેશ પાસે ગઈ. મક્કમ પણ ધીમા, વ્યોમેશને સમજાવતી હોય એવા સ્વરે બોલી : 'તે દિવસે તો તમે કહેતા હતા કે માણસે પહેલાં બીજાનો ખ્યાલ કરવો જોઈએ. તો તમે સુનીલાનો ખ્યાલ કેમ નથી કરતા ? રિહર્સલ માટે હવે અત્યારે એ ન જાય, નાટકમાં ભાગ લેવાની હવે ના પાડે, તો આ છેલ્લી ઘડીએ બધાંને તકલીફ ન પડે ?'

'મૃત્યુ કરતાં નાટક વધારે મહત્ત્વનું છે ?' વ્યોમેશ તીક્ષ્ણ અવાજે બોલ્યો.

'તે દિવસે તમને મૃત્યુ કરતાં પાર્ટી વધારે મહત્ત્વની લાગી હતી અને ફૈબા

તો તમારાં હતાં. સુનીલાએ તો એમને ખાસ જોયાં પણ નથી.'

'ચૂપ કર.' વ્યોમેશ ગરજી ઊઠ્યો.

વસુધા ભયભીત થઈ નહિ. સ્વાભાવિક રીતે બોલી : 'હું કંઈ...'

'મેં કહ્યું ને – ચૂપ કર !' વ્યોમેશના મગજમાં ગુસ્સાની જ્વાળા ભડકી ઊઠી. 'મારે કોઈની દલીલ નથી સાંભળવી. આ ઘરનો અધિપતિ હું છું. હું કહીશ તેમ બધું થશે.'

વસુધાએ મૂંગા થઈ જઈ વિસ્મયથી એક નજર તેના તરફ નાખી. પછી તે નવા બનાવેલા પોતાના રૂમમાં ચાલી ગઈ.

તેણે હૃદયને સ્વસ્થ કર્યું. આ ખોટું છે, ખોટું છે. ફૈબા ગામ ગયાં પછી તેમને પૈસા મોકલ્યા છે, પણ કદી યાદ કર્યાં નથી. જાતે થઈને કાગળ લખવાનીયે મહેનત લીધી નથી, ગામડે જઈ એક વાર પણ ખબર કાઢી નથી, જીવતેજીવ એમને માટે કંઈ જ કર્યું નથી. અને હવે આ બધું...આ કોને દેખાડવા ખાતર ? કે પછી ખાલી જીદ જ છે ? ઠીક...' એમને જેમ કરવું હોય તેમ કરે. પણ સુનીલાને તો હું કહીશ કે તું તારે રિહર્સલમાં અને 'શો' વખતે જજે...

બારણા પર મૃદુ અવાજ થયો. ધીમા પગલે સલીના અંદર આવી.

વસુધા એકદમ રાજી થઈ ગઈ. 'આવ સલીના, આજે આખો દિવસ મેં તારી વાટ જોઈ હતી. આ જો તો, આમાંથી તને કાંઈ ગમશે ?' તેણે ઘરેણાંની પેટી તેની સામે ધરી, અને વ્યોમેશ ખરીદી લાવેલો તે પેલો કલાત્મક નકશીવાળો સોનાનો હાર તેણે સલીનાને ગળે લગાડી જોયો. 'આ ગમે છે ?'

એ પળે ધબધબ કરતો વાવાઝોડાની જેમ વ્યોમેશ બારણામાં આવીને ઊભો રહ્યો. 'વસુધા,' તે ફાટી જતા અવાજે બોલ્યો. 'આ બધું શું ધતિંગ તેં માંડ્યું છે ?'

•

૩૨

'આ શું ધતિંગ માંડ્યું છે ?' વ્યોમેશે ફરી વાર એ જ ઉગ્રતાથી પૂછ્યું.

સલીના અનાયાસ આગળ સરી વસુધાની નજીક આવી ઊભી રહી, જાણે એનું રક્ષણ કરવા માગતી હોય ! હાર તેના હાથમાં હતો.

વ્યોમેશે સહેજ આગળ વધી રુક્ષતાથી સલીનાના હાથમાંથી હાર લઈ લીધો. 'હાર તારી પાસે ક્યાંથી આવ્યો ?' તેણે અવાજને જરા કાબૂમાં લેવા પ્રયત્ન કર્યો, પણ તેનો ગુસ્સો ને અવિશ્વાસ અછતા ન રહ્યા.

સલીનાને એની ઉદાસ આંખો વ્યોમેશ પર ઠેરવી. એ બે મોટી આંખોમાં એટલી બધી વ્યથા છલકાઈ આવી ! પણ વ્યોમેશની નજર હાર પર હતી. વસુધા ઉતાવળે બોલી : 'સલીના, બેટા, તું જરા બહાર જઈશ ?'

સલીના અસમંજસમાં જરા વાર ઊભી રહી. વસુધાએ એની સામે ડોકું હલાવી ફરી બહાર જવાનો ઇશારો કર્યો. સલીનાએ અનિચ્છાએ પગ ઉપાડ્યા. બારણામાંથી ખસીને વ્યોમેશે તેને જગ્યા આપી. જતાં જતાં સલીના જરા અટકી : 'મારું કંઈ કામ હોય તો બોલાવજો, મા !' અને પછી તે ચાલી ગઈ.

હવે વ્યોમેશ હતો, અને સામે તે હતી. એકલી. બત્રીસ વર્ષ સુધી તે આ માણસની સાથોસાથ જીવી હતી, તોપણ અત્યારે તેની સામે તે એકલી હતી. અને વ્યોમેશ એક અજાણ્યા માણસની જેમ ભયાવહ રીતે તેની સામે ઊભો હતો, તેની પાસેથી જવાબ માગતો હતો.

સૌથી પહેલાં તેને શાંત કરવો જોઈએ.

'આટલા બધા આકળા શું કરવા થાઓ છો ?' વસુધાએ નરમ અવાજે કહ્યું : 'બેસો, જરા શાંતિથી બેસો ને !' તેણે ખસીને પલંગ પર વ્યોમેશ માટે જગ્યા કરી.

વ્યોમેશ એક ક્ષણ ગૂંચવાઈને ઊભો રહ્યો. પછી બેઠો. હાર પેટીમાં મૂક્યો. 'આ હાર સલીના પાસે ક્યાંથી આવ્યો ?' તેણે ફરી પૂછ્યું. 'અને રૂમમાં બધા ફેરફાર, કોણે તેં કરાવ્યા ?' તેના અવાજની ઉગ્રતા જરા ઓછી થઈ, પણ તેનું મોં ખૂબ તંગ હતું.

'એની વાત પછી કરીશ. પહેલાં આપણે સાદડી વિશે વાત કરી લઈએ !'

આ વસુધા જ છે ? વ્યોમેશ અચંબાથી અવાક્ થઈ ગયો. આવી રીતે તો તે કદી બોલી નથી. આમ સાવ પોતાના પગ પર ઊભેલો માણસ બોલે એવા આત્મવિશ્વાસથી, નિર્ભયતાથી, સમાનભાવે, આંખ સામે સીધી આંખ માંડીને...આ બધું શું છે ?

વસુધા મનમાં સહેજ મલકી. જગતમાં સૌથી નિકટનો કહેવાય, એવા સંબંધ વડે તે વ્યોમેશ સાથે વર્ષોનાં વર્ષો સંકળાયેલી રહી હતી. છતાં વસુધાના હૃદયમાં ક્યારે ઘાવ થાય છે અને ક્યાંથી આંસુ ઝરે છે એ તેણે કદી જાણ્યું નહોતું. વસુધાને માટે આ જીવનની મહાન પળ છે. સલામતી માટે પહેરેલાં સેંકડો મહોરાં ને સહસ્ર બખ્તર તે એકી વેળા ઉતારી નાખવા માગે છે. જોવા માગે છે : પોતાની જાતને વફાદાર થઈને જીવવા જઈએ તો શું થાય ? પોતાનું શું થાય ? સંબંધોનું શું થાય !

લાંબા સમય સુધી આ પળની વાટ જોઈ છે. સત્યના સળગતા પથ પર પ્રથમ પગલું માંડવાની આ ઘડી છે. અને બત્રીસ વર્ષ સુધી કાચના પાત્રની જેમ નાજુકાઈથી સાચવેલો, પંપાળેલો સંબંધ પોતાના સાચા થવાની પહેલી ક્ષણોને પૂછતો હતો : આ શું ધતિંગ માંડ્યું છે ?

એને ફરી હસવું આવી ગયું.

'હું પ્રશ્ન પૂછું છું તેમાં હસવા જેવું શું છે ?' વ્યોમેશ ફરી ચિડાયો. 'પૂછું છું કે, રૂમમાં આ બધા ફેરફાર તેં કોને પૂછીને કર્યા ?'

વસુધાનું હાસ્ય વિલાઈ ગયું. હતાશ થઈને તે જોઈ રહી. કોઈ દિવસ શું તમારી સાથે હું સમાનભાવે વાત કરી જ ન શકું ? મારો ને તમારો સંબંધ શું અધિપતિ અને આજ્ઞા ઝીલનારનો જ સંબંધ છે ?

ગંભીર થઈને બોલી : 'જરા બેસોને, મારે તમને ઘણા વખતથી એક વાત

કહેવી હતી. મારા મનમાં વર્ષોથી એક વિચાર રમે છે કે એક સ્ત્રી – પરણેલી, પતિ ને બાળકોવાળી સાદી સ્ત્રી – એટલે કે એક ગૃહિણી જો કોઈ દિવસ એમ નક્કી કરે, કે આપણે અત્યાર સુધી ખોટું જીવન જીવતાં આવ્યાં છીએ, અને હવે એ પ્રમાણે નથી જીવવું...ધારો કે તે એવું નક્કી કરે, તો પછી તે એને વ્યવહારમાં ઉતારી શકે કે નહિ ?'

તેણે બને એટલી મૃદુ રીતે પોતાની વાત સમજાવવા કોશિશ કરી. 'જુઓ ને, આપણે રોજના જીવનમાં કેટલું ખોટું કરતાં હોઈએ છીએ ? મનમાં દુઃખ હોય પણ બહાર આનંદનો ડોળ કરતાં હોઈએ છીએ. કોઈને રાજી રાખવા મીઠું બોલતાં હોઈએ છીએ. સારું લગાડવા માટે ખોટો આગ્રહ કરતાં હોઈએ છીએ, મનમાં અણગમો હોય પણ ઉપરથી આવકાર આપતાં હોઈએ છીએ...એટલે કે મનમાં "જુદું" હોય ને બહાર કંઈક જુદું દેખાડતાં હોઈએ છીએ. મને એમ થયું કે, આ દંભ ને આડંબર છોડી આપણે જેવાં હોઈએ તેવાં બની રહેવું જોઈએ.'

'એટલે કે મનમાં આવે તે તડ ને ફડ બોલી નાખવું, બીજા માણસને શું લાગશે એની પરવા ન કરવી, એમ ને ? એ સ્વાર્થ છે.'

'પણ એ સચ્ચાઈ છે,' વસુધા ઉતાવળે બોલી. વ્યોમેશે આટલી પણ વાત તેની સાથે કરી તેથી તેને આશાનું એક કિરણ દેખાયું હતું. 'માણસ સાચો હોય તો જ તે તેના સંબંધોમાં પ્રામાણિક થઈને જીવી શકે. આપણી સામે એક કેવું મોટું ઉદાહરણ છે !'

'કોનું ?'

'ગાંધીજીનું.' વસુધા ઉત્સાહથી બોલી. 'એમણે કોઈ દિવસ ડોળ કે દંભ નહોતા કર્યા. તેમને જ્યારે જે સાચું લાગ્યું તે ખુલ્લી રીતે, ભય વિના, ટીકાની પરવા વિના કહ્યું હતું, તે પ્રમાણે પોતે કર્યું હતું. તે સમાજનાં ધોરણો પ્રમાણે નહિ, પોતાનો અંતરાત્મા કહે તેમ જીવ્યા હતા.'

'તું કાંઈ ગાંધી નથી.' વ્યોમેશના અવાજમાં કટાક્ષ હતો.

'મારે ગાંધી થવુંયે નથી.'

'તું થઈ શકે એમ પણ નથી.'

'ખરું પૂછો તો, ગાંધી થવાની જરૂર જ નથી. એમના જેવા થવાનો પ્રયત્ન

કરવો એ તો ગાંધીજીની વાતથી સાવ ઊલટી બાબત થઈ. હું તો ફક્ત પોતે જે હોઈએ તે થઈને રહેવાની વાત કરું છું.'

'આટલું બધું ડહાપણ તારામાં કોણે રેડ્યું ?' વ્યોમેશ વચ્ચે જ બોલ્યો. 'અને આ બધી બાબતને મેં પૂછ્યું તેની સાથે શો સંબંધ છે ?' તેનો અવાજ ફરી સખત થઈ ગયો.

વ્યોમેશને સમજાવીને પોતાની નવી પરિસ્થિતિની વાત કરવાની બધી સંભાવનાનો અંત આવી ગયો.

ધીમા અવાજે બોલી : 'રૂમમાં ફેરફાર એટલા માટે કર્યો કે રાતે વાંચવા માટે, વિચાર કરવા માટે મને એકાંત જોઈએ છે, અને...'

અને બીજું મને શું શું જોઈએ છે, અથવા શું નથી જોઈતું તે કહું ? એકવાર બધાં આવરણો હટાવી હું મારા હૃદયમાં જે છે તે તમને દેખાડું ? તમે એ સહી શકશો ? હું સાચું બોલવા તૈયાર છું, પણ સાચું સાંભળવાની તમારી તૈયારી છે ?

'બહુ સારું. અને સાદડીની શી વાત છે ? મેં છાપામાં નોંધ આપી દીધી છે.'

'એ જ તો હું કહેતી હતી ને ?' વસુધાને સહેજ થાક લાગ્યો. માથું ભારે થઈ જતું લાગ્યું. પણ હવે કહ્યા વગર ઉપાય નથી.

'એ જ હું કહેવા માગતી હતી. બે વાત છે : એક તો એમ કે સાદડીમાં બધી સ્ત્રીઓ ધોળાં કપડાં પહેરી હૃદયમાં લાગણીના એક પણ બિંદુ વિના, ખાલી ખાલી અને ખોટેખોટો શોક પ્રગટ કરવા આવશે; અને મારે એમાં મુખ્ય વ્યક્તિ તરીકે બેસવું પડશે. મને એ બધું એટલું તો ઉપરછલ્લું લાગે છે ! અને ધોળાં કપડાં પહેરવાં તો મને જરા પણ નથી ગમતાં.' તે આર્જવથી બોલી : 'મને ખરેખર જ ધોળાં કપડાં પહેરવાનું નથી ગમતું, તો પછી મારે શા માટે એ પહેરવાં જોઈએ ?'

તેને તો રંગ વિશે ઘણું વધારે કહેવાનું મન હતું...મને રંગો ગમે છે, રંગો તો કુદરતી ઘટના છે. સુંદર ને રંગીન ઘટના છે. તેને સામાજિક સંદર્ભોમાં બાંધી દઈ, અમુક પ્રસંગે અમુક રંગ પહેરાય ને અમુક ન પહેરાય – એવી કૃત્રિમતા શા માટે ઊભી કરવી જોઈએ ? પ્રકૃતિમાં તો રંગો કેટલી સહજ રીતે

પ્રગટ થતા હોય છે !

પણ આ બધું વ્યોમેશને કહેવાનો કંઈ અર્થ નથી. આજ સુધી તે ક્યારેય પોતાનાં સંવેદનોમાં સહભાગી બન્યો નથી. એને એવી ફુરસદ પણ નથી.

'બીજી વાત એમ કે – 'વસુધા સહેજ અચકાઈ, પણ હવે ખોટું બોલવાના દિવસો વીતી ગયા છે. હવે ગમે તેવું આકરું લાગે તોય સાચું જ કહેવું જોઈએ, નહિ તો પહેલું પગલું જ અવળું પડશે...

'બીજી વાત એમ કે મને પોતાને પણ ફૈબાના મૃત્યુનું દુઃખ નથી. હું તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરું છું, પણ મારા મનમાં શોકનો ભાવ નથી. મને ફૈબા માટે પ્રેમ નહોતો. ના, નહોતો જ.' તે જરા ઉશ્કેરાઈ. 'હું સાવ સાચું જ કહીશ. તેમને માટે થઈને હું મારી માને છેલ્લે મળી ન શકી એનો મને હંમેશાં ડંખ રહ્યો છે. મને ફૈબા માટે દુર્ભાવ નથી, પણ તેમણે કોઈ દિવસ મને સ્નેહ નહોતો કર્યો, કોઈ દિવસ મારી લાગણીને માન નહોતું આપ્યું.' તેનો અવાજ ઊંચો ચડવા લાગ્યો. 'મારી ઇચ્છા હોય કે ન હોય, મારે તેમનું કહ્યું હમેશાં માનવું પડતું. તેમણે સર્વસ્વ તમને આપ્યું હતું. પણ તમારે તો તેમને માટે કશું નહોતું કરવું પડતું. મારે જ એમની બધી સારસંભાળ રાખવી પડતી. એમણે મને પ્રેમ કર્યો હોત તો, હું પણ એમને મારું હૃદય આપત. પણ એમને તો મારી કાંઈ પડી જ નહોતી. એ તો મને એક કામ કરનાર પ્રાણી માનતાં, મને હમેશાં શંકાથી જ જોતાં...'

'ચૂપ રહે, વસુધા !'

'ના, હું બોલીશ. આખી જિંદગી હું ચૂપ રહી છું, પણ હવે હું ચૂપ નહિ રહું.'

'તો મારી સાથે લડીશ, એમ ?'

થાક. અંગે અંગે ખૂબ થાક ઊભરાઈ આવ્યો. પણ છૂટકો નથી...

'હું તમારી સાથે કાંઈ લડવા નથી માગતી. હું માત્ર મારા હૃદયમાં જે છે તે કહું છું. મારે હવે ડોળ ને દેખાવ નથી કરવાં. જે દુઃખ મને નથી થયું તેને માટે શોકનો દરબાર નથી ભરવો.'

આટલું બધું બોલીને તે થાકી ગઈ. તેના હજુ પણ કુમાશ જાળવી રહેલા

ચહેરા પર ક્લાન્તિની છાયા ઊતરી આવી. એકાએક થયું – પોતાનું શરીર સાવ જીર્ણ થઈ ગયું છે, ઘસાઈ ગયું છે. પોતાનું મન ઘસાઈ ગયું છે. હૃદય ઘસાઈ ગયું છે.

'બસ, પૂરું થઈ ગયું કહેવાનું ?'

વસુધાએ નિઃશ્વાસ મૂક્યો. ઓહ, તમારે માટે મેં વરસોનાં વરસો મારી વાણી રૂંધી રાખી, એક પણ વાર હૃદયની વાત હોઠે આણી નહિ. અને આ પહેલી વાર મે મારાં અંદરનાં કમાડ ખોલ્યાં છે, ત્યારે તમને એમાં ડોકિયું કરવા જેટલોય સમય નથી ?

'તારું કહેવાનું પૂરું થયું હોય તો હવે મારી વાત સાંભળી લે.' વ્યોમેશના અવાજમાં કડકાઈ હતી. 'આ ખાલી આદર્શવેળા પુસ્તકવેડા છે. મને એમાં રસ નથી. અને બીજું – ઘરમાં રહેવું હોય તો ઘરની ફરજો બજાવવી પડશે. મને આ ગમતું નથી ને તે ગમતું નથી – એ બધું નહિ ચાલે.'

વસુધાનું હૃદય ચીસ પાડી ઊઠ્યું : પણ ફૈબા તો હમેશાં કહેતાં કે વ્યોમેશને આ ગમે છે ને આ નથી ગમતું. અને એ રીતે જ તો ઘર ચાલ્યું છે. આજ સુધી તમને શું ગમે છે ને શું નહિ તે પ્રમાણે તો બધું ચાલ્યું છે...

વ્યોમેશ ઊભો થયો. બારણાં તરફ વળતાં વળી વસુધા તરફ ફર્યો. 'આ ઘરેણાંની પેટી અહીં કેમ છે ?' તેણે પેટી લઈ લીધી અને પછી આગળ કાંઈ બોલ્યા વિના ચાલ્યો ગયો.

વસુધાને લાગ્યું, જાણે કોઈ પોતાના હૃદયને વજનદાર પગ નીચે કચડતું ચાલ્યું ગયું. 'ઘરમાં રહેવું હોય તો' – શબ્દો તીરની અણીની જેમ વીંધવા લાગ્યા. અંધારામાં, એકલી, વીંધાયેલી પંખીની જેમ તે તરફડતી પડી રહી.

મોડી રાતે છેક આંખ મળી. સહેજ એવો ભાસ થયો કે ખુલ્લા બારણાંમાંથી કોઈ અવાજ કર્યા વિના આવ્યું અને કાળજીથી ચાદર ઓઢાડી બારણાં હળવેથી બંધ કરી ચાલ્યું ગયું.

બીજે દિવસે આંખ ખૂલી ત્યારે ખૂબ મોડું થઈ ગયું હતું. માથું ભારે લાગતું હતું. શરીર કળતું હતું પણ તે ઝટપટ ઊઠીને રસોડામાં ગઈ. દૂધ-કેન્દ્ર પર દૂધ ખલાસ થઈ ગયું હશે તો ? પણ જોયું તો ચૂલા પર દૂધની તપેલી પડી હતી. કોણ લઈ આવ્યું હશે ?

તેણે બહાર જરા ડોકિયું કર્યું. વ્યોમેશ હંમેશની જેમ ચા પીતો હતો. કોણે તેને ચા બનાવી આપી ? કે તેણે જાતે બનાવી લીધી ? દૂધ પણ તે જ લઈ આવ્યો હશે ? રાતની ચર્ચા પછી તેના મનમાં કાંઈ જુદા વિચાર આવ્યા હશે ?

તેણે બારણામાં ઊભેલી જોઈ વ્યોમેશે તેના તરફ નજર ઊંચકીને જોયું. પછી ફરી છાપામાં નજર ડુબાડી દીધી. કશું બોલ્યો નહિ. ચહેરા પર કોઈ ભાવ પ્રગટ થયા નહિ.

ચા પીવા પોતાને બોલાવે તેવો અણસાર દેખાયો નહિ. તેણે જાતે ચા બનાવી હોય તો પોતાને એકને માટે જ બનાવી હશે કે મારા માટે પણ બનાવી હશે ?

ક્ષણવાર તે ઊભી રહી, પણ વ્યોમેશે ફરી વાર તેની તરફ જોયું નહિ. રોષ હતો ? કે ઉપેક્ષા હતી ?

શરીરમાં જરા પણ સ્ફૂર્તિ નહોતી લાગતી. પાછાં જઈને સૂઈ જવાનું મન થયું.

અચાનક મુખ્ય બારણા પાસે કંઈક અવાજ થયો અને પછી નીચેથી સરરર કરતું છાપું સરી આવ્યું. વસુધાએ જલદી જઈને બારણું ઉઘાડ્યું. છાપાવાળો દાદર ઊતરતાં અટકીને ઊભો રહ્યો. વસુધાને ઉદ્દેશીને બોલ્યો : 'આજે પહેલો દિવસ હતો એટલે મોડું થયું, કાલથી બન્ને સાથે આપી જઈશ.'

વસુધાને યાદ આવ્યું, ગઈ કાલે તેણે છાપાવાળાને હવેથી રોજ સવારે 'પ્રવાસી' દૈનિક આપી જવાનું કહ્યું હતું. અત્યાર સુધી ઘરમાં ફક્ત 'ટાઇમ્સ' આવતું. છાપા સંબંધમાં વસુધાને એક વાર ખૂબ માઠું લાગેલું. એક વાર ઇટાલીથી ઊપડેલા એક વિમાનને હવાઈ ચાંચિયાએ ફરજિયાત બીજે ઉતરાણ કરાવીને બાનમાં રાખેલું અને પોતાની માગણીઓ પૂરી કરવામાં ન આવે તો ઉતારુઓ સહિત વિમાન ઉડાવી દેવાની ધમકી આપેલી. ધમકીની મુદત રાતના બાર વાગ્યે પૂરી થતી હતી. વસુધાની આખી રાત બહુ અજંપામાં વીતી. નિર્દોષ ઉતારુઓ બિચારાં કેવા ફફડતાં હશે ? સવારે જરા આંખ મળી ત્યારે છાપું આવી ગયું હતું. વ્યોમેશ ખૂબ તલ્લીનતાથી વાંચતો હતો. ઊઠતાંવેંત તે એકદમ વ્યોમેશ પાસે ધસી ગઈ. ઉત્સુકતાથી પૂછ્યું : 'શું થયું પેલા વિમાનનું ?'

વ્યોમેશ સામે જોયા વગર જ કહ્યું : 'હમણાં તને આપું છું છાપું, વાંચજે

ને બધું !' તેણે સાવ સ્વાભાવિકપણે કહ્યું હતું, પણ વસુધાને બહુ ખરાબ લાગેલું. પોતાના મનમાં આટલી વ્યગ્રતા છે, રાત આખી સરખી ઊંઘ નથી આવી. અને આ માણસ, તેની પડખે સૂતેલો, તેના શરીર પર માલિકી ધરાવતો માણસ તેના હૃદયથી કેટલો દૂર, ઓહ કેટલો દૂર હતો !

બહુ દિવસ સુધી આ ઘટનાનો કાંટો મનમાં વાગ્યા કરેલો. પછી પેલી જ્વલંત ઇચ્છાની જોડે નાની નાની ઇચ્છાઓ વણી હતી તેમાં એક આ ઇચ્છા પણ ગૂંથી દીધી; કોઈક વાર હું નિરાંતે સવારના ચા પીતાં પીતાં છાપું વાંચીશ.

છાપામાં જાહેરખબરો આવે. વીમા કંપનીની કે બૅન્કની – ભવિષ્યની યોજનાઓ. તેમાં સુખી ઘરનું ચિત્ર છાપેલું હોય. એક પ્રૌઢ ચશ્માંવાળો માણસ સોફામાં બેસી છાપું વાંચતો હોય. સ્ત્રી સામે ચાનો પ્યાલો લઈને ઊભી હોય, કે પછી નીચે ભોંય પર બેઠી હોય; ભરતગૂંથણ કરતી હોય.

સ્ત્રી સોફામાં બેસી ચા પીતાં છાપું વાંચતી હોય એવું તો ચિત્ર ક્યાંય જોયું નથી. કોઈક દિવસ એવી રીતે વાંચીશ...હર્ષને કહીશ : ફોટો પાડને દીકરા !

તેથી જ આગલા દિવસે છાપાવાળાને 'ટાઇમ્સ' ની સાથે ગુજરાતી 'પ્રવાસી' પણ સવારે આપી જવા કહેલું.

છાપું લઈને તે પોતાની રૂમમાં ગઈ. હા. હવે આ જ પોતાની રૂમ હતી. પલંગ પર સહેજ આડી પડીને છાપું વાંચવા લાગી...કાલથી અહીં એક ખુરશી મુકાવીશ. આમ વાંચવાનું ફાવતું નથી. આમ પણ, હવે આ રૂમ જરા વધુ વ્યવસ્થિત કરવો જોઈએ.

થોડાંક મથાળાં માંડ વાંચ્યાં, ત્યાં આંખો ભારે થવા માંડી. જોયા વગર જ, બારણામાં કોઈની વજનદાર હાજરીનો અણસાર અનુભવાયો. તે સમજી ગઈ. મનથી સહેજ તૈયાર થાય ન થાય ત્યાં કઠોર અવાજ સંભળાયો. 'કોને પૂછીને છાપું બંધાવ્યું ? બે છાપાંના બિલ પછી કોણ તું ભરવાની છે ?'

નર્યા આશ્ચર્યથી વસુધાએ તેની સામે જોયું. વધારાના એક છાપાના મહિને રૂ. ૨૦-૨૫ ખર્ચી ન શકાય એવી સ્થિતિ તો નથી ઘરની !

વ્યોમેશ ઊભો રહ્યો નહિ. બોલીને ચાલ્યો ગયો. વસુધાને લાગ્યું : સામે મોંએ જાણે કોઈએ ઘા કર્યો છે. તમારે માટે મેં લગભગ મારું જીવન આપી દીધું.

અને તમે -? માત્ર ૨૦-૨૫ રૂપિયા ખાતર ?

ના, પૈસા ખાતર નથી. આ ગુસ્સો કેવળ છાપા માટે નથી જ નથી.

વેદનાથી હૃદય વલોવાઈ જવા લાગ્યું. હું સાવ તમને અનુકૂળ થઈને રહું તો જ તમને ખપે ? આજે ત્રણ દાયકા પછી પણ સંબંધ સાવ આવો કાચો જ રહ્યો છે ?

આંખો ખૂબ બળવા લાગી. શરીર શિથિલ થઈ ગયાં. છાપું પડતું મૂકી માથે ઓઢી તે સૂઈ ગઈ. આટલું બધું અપમાન ?

ના, આ વિશે વાત કરવી પડશે. એની જેમ ગુસ્સો નહિ કરું. શાંતિથી પૂછીશ – મારે માટે શું હું એક છાપું પણ ન મંગાવી શકું ?

કોઈક દિવસ જો કહ્યું હોત : લે વસુધા, છાપું જોવું છે ? તું જોઈ લે, પછી મને આપજે, ત્યાં સુધીમાં હું દાઢી કરી લઉં.

અથવા – 'બેસ ને વસુધા, ખુરશી લાવીને પાસે બેસ ને ! જો તો, ચૂંટણીનાં કેવાં અણધાર્યાં પરિણામ આવ્યાં !' અને પોતે છાપા પર નજર નાખતાં નાખતાં પૂછે : 'એમ ? કૉંગ્રેસને બે જ બેઠક મળી ?'

વ્યોમેશથી આવી રીતે વર્તવાનું કેમ બનતું જ નથી ? એ તેના સ્વભાવની માત્ર વ્યક્તિગત ઊણપ છે કે એ પુરુષનો જાતિગત સ્વભાવ છે ?

સ્ત્રીઓ પણ – ઘરમાં શાંતિ રહેતી હોય તો, એ લોકોનું મન રાજી રહેતું હોય તો, ભલે ને થોડું જતું કરીએ, એમાં આપણું શું બગડી જવાનું છે ? – એમ કહી કહીને, હંમેશાં નમતું આપતાં રહીને પુરુષના એ સ્વભાવને જ વધુ પુષ્ટ કરે છે. આમાં અમારોયે વાંક હશે. અમે જ એ લોકોને અમારી દીનતા ને હીનતાથી ટેવાવા દીધા છે, એટલે જ તો એમને અમારે માટે એક સમકક્ષ મિત્ર માટે હોય એવા આદર ને માન નથી હોતા.

કે પછી આ બધું, તેઓ કમાય છે એટલા માટે છે ? પૈસા એ સત્તા છે અને એ સત્તાનો દોર તેમના હાથમાં છે.

આંખોમાં અંધારા-અજવાળાં સંતાકૂકડી રમવા લાગ્યાં. નાહવા માટે કપડાં મૂકવાનાં છે...આછું-આછું યાદ હતું. બૂમ પાડશે એટલે ઊઠીશ...પણ આજે તો

રવિવાર છે. ઑફિસે જવાનું નથી...આજે સાંજે સાદડી પણ છે...વિચાર કરતાં પાછું મન તંદ્રામાં સરી પડ્યું.

નાહવા માટે કપડાં મૂકવા કોઈએ તેને બોલાવી નહિ.

કેટલો સમય વીતી ગયો તેની સરત રહી નહિ. છેવટે કોઈએ આવી જરા ચાદર ઊંચી કરી. અંદરથી જાણે વરાળ નીકળી. ગભરાઈને કમલ બોલી : 'ઓ મા, તમારું શરીર તો ખૂબ ધગે છે !'

વસુધા ચમકીને બેઠી થઈ. લાલ આંખો. વીખરાયેલો ચહેરો. બારી બહારનું તપેલું આકાશ જોઈને પૂછ્યું : 'કેટલા વાગ્યા ?'

'અગિયાર વાગી ગયા છે. તમે ચા પીશો ? સવારની ચા પણ નથી પીધી તમે.'

ઓહ, પોતાને ખ્યાલ જ ન રહ્યો. વ્યોમેશે નાહી લીધું. મને બોલાવી નહિ ?

'પપ્પાજી ?'

'એ તો નાહીને જમીને બહાર ગયા છે.'

વસુધાની આંખમાં આંસુ ભરાયાં. એને ખાળીને બોલી : 'ના, ચાની કાંઈ જરૂર નથી. હું જરા સૂતી છું. તમે લોકો બધાં જમી લેજો.'

'અને તમે ?'

'પછી જોઈશ.'

કમલ ચાલી ગઈ. ડબ્બા-ડૂબલીઓના પરચૂરણ સામાનથી ભરેલી રૂમમાં કોઈક વિચિત્ર ખાલીપો પથરાઈ રહ્યો.

વસુધા પાછી ચાદર ઓઢીને સૂઈ ગઈ.

ફરી જાગી ત્યારે ખાસ્સી બપોર થઈ ગઈ હતી. બાજુમાં જોયું. સલીના બેઠી હતી. વસુધાને જાગેલી જોઈ જરા હસીને બોલી : 'તમે જાગો તેની ક્યારની રાહ જોતી હતી. કેમ છે હવે ?' તેણે કપાળ પર હાથ મૂક્યો. 'તાવ તો ખૂબ છે. માથું પણ દુખતું હશે. સવારની ચા નથી પીધી, માસી કહેતાં હતાં. હવે થોડી ચા પીઓ, પછી મગનું પાણી પીજો. મેં બનાવ્યું છે. પીવાની ના પાડશો એ નહિ ચાલે.' તે ઊઠીને રસોડામાં ગઈ અને થોડી જ વારમાં ચા અને

મગનું પાણી બન્ને લઈને આવી.

'સલીના, પપ્પાજી શું કરે છે ?'

'એ ને અશેષભાઈ ને બધાં મળીને જરા સામાન ફેરવે છે. ચાર વાગ્યે લોકો આવશે, તેમના બેસવા માટે વ્યવસ્થા કરવાની છે.'

ઘરની ફરજ...બજાવવી જોઈશે...

જોર કરીને વસુધા બેઠી થવા ગઈ, પણ સલીનાએ તેને પકડીને સુવાડી દીધી. 'હં, હં, આ શું કરો છો ?'

'જરા બહાર જાઉં, બધાં આવશે હમણાં.'

સલીનાએ દૃઢતાથી તેને પકડીને સુવાડી દીધી. 'એવી કશી જરૂર નથી. શરીરમાં કેટલો તાવ છે ખબર છે ?'

પછી તેની પાછળ તકિયા ગોઠવી અડધી બેસાડીને સલીનાએ હળવે હળવે તેને ચા પિવડાવી. થોડી વાર પછી મગનું પાણી પિવડાવ્યું. માથું દુખતું હતું તે માટે ગોળી આપી.

વ્યોમેશ એક્કે વાર ખબર કાઢવા આવ્યો નથી ? આટલો બધો ગુસ્સો શા ખાતર ?

'ડૉક્ટરને બોલાવવા છે, મા ? કંઈ તકલીફ થાય છે ?' સલીનાએ ખૂબ સ્નેહથી પૂછ્યું. વસુધાની આંખમાં ઝળઝળિયાં આવ્યાં. બીજી તરફ મોં કરી આંખો હળવેથી લૂછી નાખી.

સુનીલા આવી. સરસ કપડાં પહેરી તૈયાર થઈ હતી. 'રિહર્સલમાં જાઉં છું, મા...બધાં મારી વાટ જોતાં હશે. મારું પાત્ર મુખ્ય છે.'

'કશો વાંધો નથી. તું તારે જા –' વસુધા એટલું બોલતાંયે સાવ થાકી ગઈ હોય એમ શિથિલ થઈને પડી.

વ્યોમેશને નહિ ગમે. ઘરની ફરજ...પણ સુનીલાની એના ગ્રૂપ પ્રત્યેય ફરજ હતી તો !

'ચાર વાગે તે પહેલાં મને કહેજે. બધાં આવવા માંડે તે પહેલાં ત્યાં બેસવું

પડશે ને ! જરા સરખાં થવું પડશે...કપડાં બદલવાં પડશે.'

સલીના હસી. તેણે વસુધાને ફરી ચાદર ઓઢાળી દીધી. વસુધા પડખું ફેરવીને સૂઈ ગઈ.

*

તંદ્રામાં કોઈક હલાવતું હોય એવું લાગ્યું. આંખ પર બહુ ભાર હતો. ઉઘાડવાનો પ્રયત્ન કરવા છતાં આંખ ઊઘડતી નહોતી.

'થોડી કાંજી પી લો મા, પછી ઊંઘી જજો. નહિ તો બહુ નબળાઈ લાગશે.'

ઘેરાયેલી આંખો ઊઘડી. 'ચાર વાગી ગયા, સલીના ?'

સલીના હસી. 'અત્યારે રાતના આઠ વાગ્યા છે, મા !'

અરે ! હું આટલું બધું ઊંઘી ? વસુધાએ બેઠા થવાનો પ્રયત્ન કર્યો, પણ થવાયું નહિ. 'બધાં આવી ગયાં ?'

'બધું ક્યારનું પતી ગયું. ચિંતા ન કરો. તમે કાંજી પી લો.'

કાંજી પિવડાવી. રૂમાલથી મોં સાફ કર્યું. સલીના ચાદર ઊંચકીને ખંખેરી પછી પથારી કરવા જતી હતી ત્યાં વ્યોમેશ આવ્યો. આવીને વસુધાના હાથ પર જરા હાથ લગાડ્યો. પછી કટુતાથી બોલ્યો : 'સાદડીમાં બેસવું ન પડે એટલા માટે થઈને માંદી પડી ગઈ ? આ જ તારું સાચા થવાપણું ?'

●

૩૩

વસુધાનો તાવ જરા લાંબો ચાલ્યો. પેરાટાઇફોઇડ હતો. ડૉક્ટરે ખૂબ આરામ કરવાનું કહ્યું. હર્ષ ને અશેષ પાસે આવીને બેસતા. સુનીલા પણ વખત મળ્યે આવીને ખબર પૂછી જતી. બહારથી કાંઈ લાવવાનું હોય તો કામ પરથી આવે ત્યારે લેતી આવતી. કમલે ખૂબ પ્રેમથી ચાકરી કરી. અને સનીલા તો મોટા ભાગનો સમય વસુધા પાસે જ ગાળતી. આવતો નહિ માત્ર વ્યોમેશ. બહારથી અછડતી ખબર પૂછી લેતો. સવારની ચા એકલો પી લેતો. એવી આશા રાખવી તો વ્યર્થ કે તે વસુધાના રૂમમાં બેસી ચા પીએ, વસુધાનું મન પ્રસન્ન કરવા અલક-મલકની વાતો કરે અથવા તે જાતે જ ચા બનાવીને લાવે. કહે : 'આખી જિંદગી તેં મારી સેવા કરી છે. ભગવાનનો ને તારી માંદગીનોયે પાડ, કે આજે મને ઋણ ચૂકવવાની તક મળી. જો, આ ચા મેં બનાવી છે, મારા હાથે બનાવી છે, હં ! તારા જેવી તો નહિ થઈ હોય, પણ જોને, પાસ માર્ક તો મળશે ને ?'

અથવા કાંઈ વાર જો કહ્યું હોત : 'માથું દુખે છે ? પગ દુખે છે ? દબાવી આપું ?'

પ્રેમ હોત તો એમ પણ કહી શકાયું હોત : 'વસુધા, બ્લેસિંગ ઇન ડિસ્ગાઈઝ જેવો શબ્દપ્રયોગ સાંભળ્યો છે ? માંદગીને આમ કાંઈ 'ભલે પધાર્યા ન કહીએ પણ તે દિવસે માંદગીને લીધે તું સાદડીમાં બેસવાથી આબાદ બચી ગઈ ! તું ઘરમાં હો ને ન બેસે તે તો કેટલું ખરાબ કહેવાય !'

બેસત. જરૂર બેસત. તમે સાદડીનું નક્કી કર્યું ત્યારે તમને મારા વિચારોની જાણ નહોતી, એટલે એમાં હું તમને સાથ આપત.

બ્રાહ્મણોને જમાડવાના છે ને હજી ? તેમાંય સહકાર આપીશ. તમે મારો સહકાર હશે, એમ માની લઈને બધું નક્કી કર્યું હશે ને ? તમારો વિશ્વાસ નહિ

તોડું. પણ તમે મારું મન જાણ્યું છે. હવે મને જે પસંદ ન હોય તે કરવાની તમે ફરજ નહિ પાડો એવો વિશ્વાસ હું પણ રાખું ને !

પણ વ્યોમેશ તો પાસે આવીને ક્યારેય બેઠો નથી. પોતાની ઑફિસની વાતો કહેવા માટે વસુધાની હાજરી હમેશ ઇચ્છતો વ્યોમેશ આજે વસુધાને ખાતર, તેના મનને બહેલાવવા ખાતર તેની પાસે બેસીને વાતો કરવા તૈયાર નથી !

એકાદ-બે વખત વસુધાએ સૂઈ રહેવાનો કંટાળો આવતાં ઘરમાં જરા આંટો માર્યો હતો. વ્યોમેશ ત્યારે ઘરમાં જ હતો, પણ તેણે વસુધાની સામે જોયું નહિ. તેની હાજરીની નોંધ જ લીધી નહિ.

આટલો બધો ગુસ્સો ? સાદડી વખતે જ માંદી પડી ગઈ એટલે ? સુનીલાને રિહર્સલમાં જવા દીધી એટલે ? આગલા દિવસે આટલી દલીલ ન કરી હોત, તો સુનીલા રિહર્સલમાં ગઈ કે નહિ, ખાસ ખબર પણ ન પડી હોત. સુનીલા ગઈ એટલે નહિ, વસુધાએ તેને જવા દીધી તેથી તે ગુસ્સે છે. પોતાના વિચારો સ્પષ્ટતાથી વ્યક્ત કર્યા તેથી ગુસ્સે છે. થોડાક સ્વતંત્ર નિર્ણયો કર્યા તેથી ગુસ્સે છે.

આટલું કરવાની પણ મને છૂટ નહિ ?

એ હા પાડે તો છૂટ, ના પાડે તો નહિ.

એની ના સર્વોપરી છે.

આ ઘરમાં રહેવું હોય તો...

મને યોગ્ય લાગે તે રીતે મારે જીવવું છે એમ કહ્યું તેમાં કાંઈ તમારી સામે વિદ્રોહ નહોતો, તમારા માટેના સ્નેહ ને કાળજીનો અંત નહોતો. તમારી ઇચ્છા ને અનુકૂળતાથી હું કાંઈ જુદું માનું ને કરુ એને તમારા પ્રત્યેનો વિરોધ માની લેવાની તો જરૂર નહોતી !

હવે ચૂપ નહિ રહું — એમ કહ્યું હતું, પણ બોલવું શાને ખાતર ? કોઈ સાંભળનાર ન હોય તો બોલવું કોને માટે ?

એક દિવસ વસુધા સૂતાં સૂતાં કંઈક વાંચતી હતી. તાવ હવે ઊતરી ગયો

હતો, પણ નબળાઈ ઘણી હતી. બીજાં બધાં બહાર ગયાં હતાં, તે વખતે કમલ તેની પાસે આવીને બેઠી. બે-ત્રણ વાતો કર્યા પછી કહ્યું : 'તમને ખબર છે મા, સુનીલા ને અશેષભાઈ...' તે અટકી.

વસુધાએ કશાક આઘાતનો અણસાર પારખ્યો. તે થાકેલી આંખોએ કમલ ભણી જોઈ રહી.

'એ લોકો જુદાં રહેવા જવાનાં છે...'

વસુધાએ ઊંડો શ્વાસ લઈને કહ્યું : 'પણ મને તો કહ્યું નથી !' અને તરત કહ્યું : 'એ લોકોને એમાં સગવડ લાગતી હોય તો મને વાંધો નથી !'

'હુંયે એ જ કહેતી હતી...' કમલે સરળતાથી કહ્યું : 'તમે બહુ ઉદાર છો, પણ પપ્પાજીને વાત કરતાં અશેષભાઈ અચકાય છે...'

પપ્પાજી —

આખા ઘરની ધરી એ એક હસ્તી ફરતી જ ઘૂમે છે.

...અને હવે રવિવારે વળી એક વધુ સંઘર્ષ થશે. ઘેર ઘણા લોકો જમવા આવશે અને સુનીલા નાટકમાં ગઈ હશે. જતાં જતાં મને કહેતી જશે : 'જાઉં છું.' વ્યોમેશ માનશે કે મેં રજા આપી તે નારાજ છે, વધુ નારાજ થશે.

'અશેષને જુદાં રહેવા જવું હોય તો ભલે જાય...' વસુધાએ ફરી એ જ વાક્ય ધીમેથી ઉચ્ચાર્યું.

આ વિશે પણ સંઘર્ષ થશે. માત્ર તેઓ જુદાં થાય છે તે માટે નહિ, પણ પોતે અનુમતિ આપે છે તેથી...

વસુધાને ખૂબ થાક લાગ્યો. હું બધા સંબંધોને નવેસરથી સુંદર બનાવવા, બન્ને પક્ષે વિશ્વાસ, સંતોષ, આનંદ આપે તેવા બનાવવા ઇચ્છું છું. પણ વ્યોમેશ એ સમજશે નહિ. સમજવાનો પ્રયત્ન પણ નહિ કરે...

ઘરમાં આટલાં લોકો... કોઈનો કાંઈ મત, કોઈનો કાંઈ. કોઈની નારાજી, કોઈની આકાંક્ષા... બધું આસપાસમાં ટકરાયા કરે. આ બધાં વચ્ચે મેળ રાખવો એ ફક્ત મારું જ કામ છે ?

પણ હવે હું એ કરી શકુ તેમ નથી. હવે મારી પહેલી ફરજ મારા પ્રત્યે છે.

હું આ લોકોના નાના નાના સ્વાર્થને લીધે નીપજતા ઝઘડા પાછળ મારો વખત ખર્ચી શકું તેમ નથી. મારે પોતાને માટે કંઈક કરવું છે...

એકાએક નિર્વેદ આવી ગયો. જીવનના અંત સુધી શું આ જ ખેંચતાણ, હૈયા-બળતરા, દ્વેષ અને ભય ? લોકો પચાસ વરસની વય પછી વાનપ્રસ્થ આશ્રમનું જીવન સ્વીકારતા તે રિવાજ ઘણો ઉપકારક હોવો જોઈએ.

*

તે દિવસે, ઘણા વખતે જમ્યા પછી વસુધાને સહેજ સારું લાગતું હતું. સવારે કમલ સાથે વાત કર્યા પછી મન ખૂબ થાકથી કળવા માંડ્યું હતું તે ઓછું થઈ ગયું. બારીમાંથી શાંત આકાશ જોતાં કેટલીયે જૂની વાતો યાદ આવવા લાગી. એમાં હીરા જેવી એક ચમકદાર મોહક વાત...

વાસંતીએ એ વાત કરેલી. લગ્ન પછીના થોડા મહિનામાં...એક વાર ઘરમાં કાંઈ શાક નહોતું. વાસંતીએ સતીશને લાવી આપવા કહ્યું. સતીશ ત્યારે લખવામાં મગ્ન હતો. તેણે ના પાડી. 'મને હમણાં વખત નથી.' વાસંતીએ આગ્રહ કર્યો : 'થોડાં બટેટાં લાવી આપ ને ! દસ-પંદર મિનિટ લાગશે. બીજું કાંઈ નથી જોઈતું.' સતીશ ગયો. 'એક વાર કહ્યું તો ખરું કે હું કામમાં છું.'

વાસંતી પછી બોલી નહિ. મોં ફુલાવીને ચાલી ગઈ બાથરૂમમાં. અડધા કલાકે બહાર આવી. સતીશ ત્યારે ઘરમાં ન હતો. રસોડામાં ગઈ, તો ચમત્કાર ! એક મોટી થાળીમાં બટેટાં, દૂધી, વટાણા, ફણસી, મેથીની ભાજી, કોથમીર...કેટલુંય શાક પડ્યું હતું !

તે દિવસે સતીશને ટિફિન મોકલવાનું હતું. રોટલીના ખાનામાં રોટલી વાળી બાજુમાં જરા જગ્યા કરી, ડાઘ ન પડે એટલે પ્લાસ્ટિકની થેલીમાં એક કવર મૂક્યું. અંદર ફૂલ-ચીતરેલો સુંદર કાગળ. ખૂણામાં ત્રણ શબ્દો : 'આઈ લવ યૂ.'

સાંજે સતીશ આવ્યો ત્યારે એકબીજા પર ઢળી પડતાં બન્ને એટલું હસેલાં !

પોતાના ભૂતકાળના ભંડારમાં આવું નર્યા માધુર્યનું રત્ન એકે જડતું નથી.

બધાં કાંઈ સતીશની જેમ જ ન વર્તે. જેટલા લોકો એટલા પ્રકારનો

વર્તાવ. પણ પ્રેમ હોય તો, સૂરજની જેમ ગમે તેવા વાદળ પાછળથી પ્રકાશી ઊઠે.

તો પછી વ્યોમેશને શું મારે માટે જરાયે પ્રેમ નહિ હોય ?

શૂળની જેમ વિચાર હૃદયમાં ભોંકાયો. મારા પતિને શું મારે માટે જરાયે પ્રેમ નથી ?

આંખમાં પાણી ધસી આવ્યાં. એની આરપાર બારી-આકાશ-અજવાળું-ધુમ્મસ એકાકાર થઈ ગયાં.

'ક્યારનાં શું વિચાર કરો છો, મા ?'

એકાએક અવાજ સાંભળતાં ચમકી. સલીનાનો હાસ્યોજ્જ્વલ ચહેરો જોઈ મન દૂર ક્યાંક ચાલ્યું ગયું હતું તે પાછું આવ્યું.

'ક્યારની બારણામાં ઊભી ઊભી જોતી હતી, પણ તમારી નજર તો બારી ભણી જ મંડાયેલી હતી. શું જોતાં હતાં ? આકાશ ?'

વસુધા હસી. 'આવ સલીના, આવ. બેસ અહીં.'

'ના. ઊભા રહો, પહેલાં તમારે માટે ચા બનાવી લાવું. રોજ તો માસીને જ લાભ મળે છે. હમણાં પાંચ મિનિટમાં આવું છું હો ! પાછાં આકાશમાં ઊડી જતાં નહિ.'

તે લગભગ દોડતી હોય એમ ગઈ.

વસુધાનું હૃદય સુખથી છલકાઈ ગયું.

એકાએક વિચાર આવ્યો. મારે હવે ઘરેણાંને શું કરવાં છે ? દીપંકર તો કોને ખબર ક્યારે પરણે ! તો સુનીલા ને કમલને થોડુંક થોડુંક આપી બાકીનું બધું સલીનાને આપી દીધું હોય તો ? તેને મા નથી. વ્યોમેશ કાંઈ ના નહિ પાડે. આમ પણ ઘરેણાં તો બધાં મારાં જ છે ને !

ધીરે ધીરે ઊઠીને તે વ્યોમેશના રૂમમાં ગઈ. ઘરેણાંની પેટી કાઢી. વ્યોમેશના પલંગ પર જ તકિયા ગોઠવી અઢેલીને બેઠી. આટલું કરતાં પણ થાક લાગ્યો. માથું પાછળ ઢાળી આંખો મીંચી દીધી.

'મા ! ઓ મા પાછાં ક્યાં ઊડી ગયાં ?' બોલતી સલીના ચા લઈને વસુધા પાસે આવી. ઠપકાથી બોલી : 'થાકી ગયાં ને ? ચા પીને અહીં આવ્યાં હોત તો થાક ઓછો લાગત. જુઓ જોઈએ. ફર્સ્ટ ક્લાસ બની છે ને ચા ?'

ચા સાચે જ સરસ બની હતી. 'આખી જિંદગીમાં આટલી ઉત્તમ ચા ક્યારેક જ પીધી હશે. જા, તું પહેલા નંબરે પાસ.' વસુધાના મોં પર તૃપ્તિના ભાવ હતા. પછી પેટીમાંથી હાર કાઢી સલીનાને આપતાં બોલી : 'તે દિવસે વાત અધૂરી રહી હતી. લે આ હાર, જો જોઈએ, તને ગમે છે ?'

સલીનાએ હાર લીધો નહિ. હસીને બોલી : 'એક પ્યાલો ચા પિવડાવવાનો આટલો મોટો પુરસ્કાર ? આવું કરશો તો તમારો ખજાનો જલદી ખલાસ થઈ જશે.' પછી સહેજ ગંભીર થઈને બોલી : 'તમે આપો છો, પણ મને જરૂર નથી. રહેવા દો. હું ક્યાં સોનાનાં ઘરેણાં પહેરું છું ?'

તે દિવસે વ્યોમેશે એના હાથમાંથી હાર લઈ લીધો હતો એટલે તે આમ કહેતી હશે માની વસુધાએ કહ્યું : 'પપ્પાજીને ખબર નહોતી કે હું તને ભેટ આપું છું, એટલે જ એમણે એવું પૂછ્યું હશે. તને ગમતો હોય તો લે ને ! મારો જ છે. હું મારી ખુશીથી આપું છું.'

સલીના હસીને બોલી : 'આ સોનાના ઝગમગાટ કરતાં મોટો તમારા પ્રેમનો ઝગમગાટ શું મને દેખાતો નહિ હોય ? એમ ન હોય તો, મારા જેવી આ ઘરની નહિ તેવી છોકરીને, આટલી કીમતી વસ્તુ આપવાની ઇચ્છા શી રીતે કરી શકાય ?'

વસુધાનું હૃદય અનેક કોમળ ભાવોથી ઝંકૃત થઈ ઊઠ્યું. હું તો ફક્ત હાર નહિ, બધાં ઘરેણાં તને આપવા માગું છું એમ કહી દેવાનું મન થયું, પણ મનને વાર્યું. વ્યોમેશ સાથે વાત કર્યા પછી આપીશ. આપતાં કેટલો બધો આનંદ થશે ? વ્યોમેશે એક વાર કોઈ રાહતફંડમાં પાંચ હજાર રૂપિયાનું દાન કર્યું હતું. તે દિવસે ઘેર આવીને વાત કરતાં એનો ચહેરો ગર્વથી ચમકતો હતો. પછી એકલાં પડતાં વસુધાએ મનમાં કલ્પના કરી જોઈ હતી : આવડી મોટી રકમ આપીને માણસ કેવા પ્રકારનો સંતોષ અનુભવતો હશે ? ચોક્કસ, એ બહુ ઊંચી અનુભૂતિ હોવી જોઈએ. એ પણ પોતાની પાસે તો કોઈ મિલ્કત નથી. દાનવીર કર્ણ હતો.

દાનવીર શેઠોનાં નામ સામાજિક કથાઓમાં ઘણાં છે. સ્ત્રીઓ પાસે તો ધન જ ન હોય, તે શી રીતે દાનવીર બની શકે ?

આજે થયું, ઘરેણાં આપતાં જે સંતોષ ને આનંદ થશે, તે વ્યોમેશના તે દિવસના આનંદ ને સંતોષ જેવાં હશે. એક દિવસ ઘરેણાં માટે પોતાને મોહ હતો એ વાત તે સાવ ભૂલી ગઈ. આપવાના આનંદથી જ તેનું હૃદય સભર થઈ રહ્યું.

સલીના એના મોં સામે નીરખીને જોઈ રહી હતી : 'મા, તમે વારે વારે વિચારમાં પડી જાઓ છો, નહીં ?'

આ છોકરી ખૂબ...ખૂબ શું ? હં, ખૂબ હૃદયવાળી છે. હેતપૂર્વક તેને કહ્યું : 'તું આ કુટુંબની નથી, એમ કોણે કહ્યું ? સગપણના સંબંધો જેટલા જ સ્નેહના સંબંધોયે સાચા હોય છે સ્તો !' પછી સલીનાની ચિબુક પકડી બોલી : 'હાર રાખજે સલીના, હમણાં ભલે ન પહેરે ! લગ્ન વખતે પહેરીશ ને ! એટલે કે પહેરવો જ જોઈએ એમ હું નથી કહેતી, પણ તને ગમે તો તું પહેરી શકે...'

એક પળ હાસ્યની ચાંદની પર ઉદાસીની વાદળી ફરી વળી. પણ એ તો ક્ષણવાર જ. તરત જ એને હટાવીને બોલી : 'તમે પણ ખરાં છો, મા ! હું લગ્ન કરીશ જ એવું તમને કઈ કોયલ કહી ગઈ ? હું તો કરું પણ ખરી ને ન પણ કરું.'

સલીના સાથે વાતો કરતાં બહુ પોતાપણું લાગતું હતું. તકિયા પર આડા પડી આંખોમાં આનંદ ને સ્નેહ ભરીને પૂછ્યું : 'ઠીક સલીના, ધારો કે તું લગ્ન કરે, તો કેવા માણસ સાથે કરે ? તને કેવો વર ગમે ?'

સલીનાના મોં પર લજ્જાના ભાવ આવ્યા નહીં. સહજ સૂરે બોલી : 'પ્રામાણિક, સૌથી પહેલાં તે પ્રામાણિક હોવો જોઈએ. માને કંઈ ને કરે કંઈક, લાભ ખાતર, લોભ ખાતર, ભય કે રિવાજ ખાતર, વિચારે કંઈક ને બોલે કંઈક એવો નહીં; નખશિખ પ્રામાણિક.'

વસુધાએ પોતાની અંદર ક્યાંક દર્દ અનુભવ્યું.

'પછી ?'

'ગંભીર બાબતો પૂરતો ગંભીર પણ બાકીની બાબતોમાં ખૂબ હસે-હસાવે

તેવો, નવું નવું શોધી કાઢીને મને વારંવાર આશ્ચર્યોમાં ડુબાડી દે તેવો.'

આ સાંભળતાં વળી વાસંતીની વાત યાદ આવી ગઈ હતી.

ખૂબ સ્પષ્ટતાથી સલીનાએ વાત કરી છે. તેણે આ વિશે વિચાર કર્યો હશે – વસુધાને થયું. કેવો માણસ પતિ તરીકે ગમે – એ પ્રશ્ન તે કોઈ કોઈ વાર સંબંધીઓની દીકરીઓને પૂછતી – અત્યારની કન્યાઓનું માનસ સમજવા માટે. મોટાભાગની છોકરીઓએ કહેલું : અમારા કરતાં થોડુંક ઓછું ભણેલો હશે તો ચાલશે, પણ સારું કમાતો હોવો જોઈએ. પન્નાએ કહેલું : મારા કરતાં થોડોક ઊંચો હોવો જોઈએ. રન્નાએ કહેલું : મારે અમેરિકા જવું છે, ત્યાંનો કોઈ છોકરો હોય તો કહેજો.

માણસના ગુણોમાં બસ આટલું જ !

જોકે આટલુંયે હવે કહે તો છે ! વસુધાને યાદ આવ્યું : પોતે એ ઉંમરની હતી, એ જમાનામાં તો લગ્નની વાત નીકળતાં છોકરીઓ શરમાઈ જતી. મારે પરણવું જ નથી, એમ કહી દેતી. નહીં તો માબાપને કહેતી : 'તમને ઠીક લાગે તેમ કરો, તમે મારું હિત જ જોવાનાં છો ને !'

સલીનાના મોં પર લજ્જા નથી, બુદ્ધિની એક દિપ્તી છે. તેની વાણીમાં ગર્વ નથી, અસ્મિતાનો એક સહજ રણકાર છે.

પોતાના ને તેના સૂર સંવાદી છે.

'અને ધારો કે મા, હું લગ્ન કરું તો એવી રીતે તો ન જ કરું કે લોકો મને જોવા આવે. બે-પાંચ પ્રશ્નો પૂછે, ભણતર-દેખાવ, જ્ઞાતિ એવા બધા આધારે પસંદગી કરે. મને તો એ આખી પદ્ધતિ એટલી ખોટી લાગે છે ! મોટા ભાગના લોકોને રૂપ જોઈતું હોય છે. પણ શરીરની સુંદરતા તો મર્યાદિત વસ્તુની મર્યાદિત સુંદરતા છે, નહીં મા ?' તે વસુધા ભણી ઉત્સુકતાથી તાકી રહી. 'અને ખરું જુઓ તો, દરેકમાં કંઈ ને કંઈ સુંદરતા તો હોય જ છે – કોઈકમાં પ્રગટ, કોઈકમાં અપ્રગટ. પણ પ્રેમ એ અપ્રગટ સુંદરતાને જોઈ શકે છે. હું પરણું તો એવા માણસને પરણું, જે ખૂબ પ્રેમ કરી શકતો હોય, ઢંકાયેલી સુંદરતાને જોઈ શકતો હોય.'

વસુધાનું હૃદય એક અનામ વેદનાથી અમળાવા લાગ્યું.

'મેં બહુ બોલી નાંખ્યું, નહીં મા ? અને તમે કેટલી શાંતિથી મારી વાત સાંભળી ! નહીં તો લોકોને પોતાની વાત કહેવામાં જ રસ હોય છે. ધ્યાન દઈને બીજાની વાત સાંભળનાર લોકો મેં બહુ ઓછાં જોયાં છે.'

'ખરી વાત છે.' વસુધાએ ઓછો નિઃશ્વાસ નાખ્યો. 'આપણે કોઈને ધ્યાનથી જોતાં નથી, કોઈને પૂરું મન દઈ સાંભળતાં નથી, એટલે તો બે માણસો સાવ નજીક હોવા છતાં એકબીજાથી માઈલો દૂર હોય છે.'

'પણ તમે તો મારી વાત સાંભળો છો, મા ! તમે શું પહેલેથી જ આવાં છો ?'

'આવી એટલે કેવી ?'

'તમને બીજા માણસનું મહત્ત્વ છે. બીજાનું દુઃખ જોઈને તમને લાગી આવે છે. મારાં માસીને તો બીજાનું દુઃખ દેખાતું જ નથી. તે એટલાં બધાં સુખી છે કે બહાર વિશાળ જીવનમાં દુઃખનું બહુ મોટું અસ્તિત્વ છે એની તેમને ખબર જ નથી. આટલું બધું સુખ સારું નહીં, ખરું ને મા ?'

ઓહ, આ છોકરીમાં આટલી બધી સંવેદનશીલતા છે ? એની અંદરનું જગત ઘણું સમૃદ્ધ હશે. એની કૉલેજમાં તે જાણીતી હશે. કદાચ કૉલેજના વિદ્યાર્થી-યુનિયનની નેતા હશે.

'સલીના !' વસુધાના અવાજમાં ગાઢ આત્મીયતા હતી.

'શું મા ?'

'તને કાંઈ દુઃખ છે, બેટા ?'

સલીનાએ મોં ફેરવી લીધું. કશો જવાબ આપ્યો નહીં.

'મને કહીશ નહીં ?'

'આજે નહીં. કોઈક વાર કહીશ.' તે ઊભી થઈ. 'હવે જાઉં ? આજે તો તમારી સાથે કેટલી વાતો કરી ! આટલી વાતો તો માસી સાથેય કોઈ દિવસ કરી નથી.'

સલીના ગઈ.

તેની સાથે થયેલી વાતોના આનંદના રેશમી ઢગલામાં મોં ખૂંપાવી વસુધા ક્યાંય સુધી સૂતી રહી. અશેષ-સુનીલાના જુદાં રહેવા જવાની વાતથી હૃદય

ક્ષુબ્ધ થયું નહીં. એમને એમ ગમતું હોય તો ભલે એમ કરે. વ્યોમેશ એ સાંભળીને રાજી નહીં થાય, પણ હું સમજાવીશ. બન્ને દીકરાઓ બાપ સાથે બહુ છૂટથી બોલતા નહોતા. એમનો સ્વભાવ જ એવો છે. મારી સાથે ભલે નહીં, પણ દીકરાઓ સાથે તો મિત્રની જેમ વર્તી શકાય ને !

તે સાંજે હર્ષ આવ્યો ત્યારે તેની સાથે અલગપણે વાત કરી – સલીના અહીં રહીને ભણે તે વિશે. હર્ષને ગમ્યું. તેને એ ઉદાસ આંખોવાળી, મા વિનાની છોકરી માટે સ્નેહ હતો. બાપને 'ડિસ-ઓન' કરેલો – એ હિંમત ને મૌલિકતા માટે માન હતું. ખુશ થઈને બોલ્યો : 'કમલની ને મારી એવી જ ઇચ્છા હતી. તમે પણ એમ જ ઇચ્છો છો, એટલે –' પપ્પાજી ના પાડે તોય સમજાવી લેવાશે – એવું કંઈક તેને બોલવું હતું પણ તે અચકાયો.

વસુધા સમજી. 'પપ્પાજીને ના પાડવાને કાંઈ કારણ નથી, છતાં તે હા-ના કરશે તો હું સમજાવી લઈશ.'

આજે બધું બહુ સરસ બન્યું હતું. સલીનાની વાતો અને કમલની સરળતા, હર્ષની સલીના માટેની લાગણી, બધાં ઘરેણાં ભેટ આપી દેતાં પોતાને કેવો અનુભવ થશે, તેની કલ્પના – બધાંથી વસુધાનું હૃદય જરા ઉત્તેજિત હતું.

અશેષ તેની તબિયતના ખબર પૂછવા આવ્યો. સુનીલા પણ સાથે હતી.

'સુનીલા, નાટકની પ્રૅક્ટિસ સારી ચાલે છે ?'

'સરલ લાગે છે, મા ! કાલે એની રજૂઆત છે ! તેણે કહ્યું. 'પણ કાલે જમણ છે ને મા ! હું જઈશ તો કોઈ નારાજ તો નહીં થાય ?'

'કોઈ રાજી થાય કે નારાજ, નાટકનો કાલે શો છે, એટલે જવું તો પડવાનું જ છે ને ! પછી ચિંતા શું કરવા કરે છે ?' વસુધાએ સ્નિગ્ધતાથી કહ્યું.

એના એ કંઠસ્વરથી આશ્વસ્ત થઈને અશેષ નિખાલસપણે બોલ્યો : 'પણ મા, સુનીલાના તો અવારનવાર આમ કાર્યક્રમ થવાના. દરેક વખતે કોઈને નારાજ કરવા તેના કરતાં...' તે જરા અટક્યો. 'તે કરતાં, મા, હું કહું છું...અમે જુદાં રહેવા જઈએ તો તને કેમ લાગે છે ?'

વસુધા હસી. તેણે અશેષના હાથ પર હાથ મૂક્યો. એ નરમ, ફિક્કો પડી ગયેલો, તાવની જરાતરા અસરવાળો હાથ પંપાળીને અશેષ ઉતાવળે બોલ્યો :

'જુદાં રહેવાથી જુદાં થઈ જઈએ છીએ તેવું તો નથી, મા ! ઊલટાનું તનેય જરા ચેઇન્જ મળશે. વચ્ચે વચ્ચે પછી ત્યાં પણ તું રહેવા આવજે.'

સુનીલા શંકા ને ઉત્સુકતાથી વસુધા ભણી જોઈ રહી.

'તમે જુદાં રહેવા જાઓ તેનો મને સહેજ પણ વાંધો નથી, અશેષ !' વસુધાના અવાજમાં શાંતિ હતી. 'આજે જમતી વખતે વાત કરજે.'

'પણ પપ્પાજી...' સુનીલાએ વાક્ય અડધું મૂક્યું.

'એમને હું સમજાવી લઈશ.'

આજે કેટલામી વાર વસુધાએ આ વાક્ય ઉચ્ચાર્યું ?

*

અશેષે વિચાર કરેલો કે જમવાના ટેબલ પર પપ્પાને ધીમેથી વાત કરીશ. હર્ષને પણ સાથે જ વાત થઈ જશે. બે ભાઈઓને બહુ ગાઢ સંબંધ નહોતો, તો ખાસ અમેળ પણ નહોતો.

પણ રસોઈ વ્યોમેશને ભાવે તેવી નહોતી કે પછી ઑફિસમાં તેને કાંઈ થયું હશે તેથી, જમતી વખતે તે દેખીતી રીતે જ ગુસ્સામાં હતો. અશેષે ત્યારે વાત કરવાનું ઉચિત ન માન્યું. જોકે કાલે જમવા માટે લોકો આવવાના હતા, સુનીલા જશે તો પપ્પા ગુસ્સે થશે – બધી ખબર હતી. પણ ગુસ્સાનો પ્રસંગ આવવાનો હોય તો ભલે કાલે આવે, આજે કહીને આજ ને કાલ બન્ને શા માટે બગાડવાં ?

વસુધાને ખબર નહોતી કે અશેષે વાત નથી કરી. જમવાના ટેબલ પર તે ગઈ નહોતી. જમ્યા પછી બધાં પોતપોતાના રૂમમાં ગયાં ત્યારે ધીમે ચાલીને તે વ્યોમેશની રૂમમાં ગઈ.

'ઓહો, આજે અહીં પગલાં કર્યાં કાંઈ ?'

આખા દિવસના આનંદનું પંખી પહેલી જ ઊડાણમાં પથરા વડે ઘાયલ થઈ પડ્યું.

પણ હવે આવી છું તો વાત કરવી પડશે – વસુધાએ વિચાર્યું. પલંગ પર બેસતાં બોલી : 'થોડીક વાત કરવી હતી.'

વ્યોમેશ કશું બોલ્યા વિના તેની સામે જોઈ રહ્યો. એ આંખોમાં માયા નહોતી, સ્નેહની છાયા નહોતી.

ઘણું કહેવાનું હતું. સલીનાના અહીં રહેવા વિશે, તેને ઘરેણાં આપવા વિશે, સુનીલાના નાટક વિશે, તેમના જુદા રહેવા વિશે.

પહેલી વાત માટે ગુસ્સો કરશે તો પછી તેની જ્વાળામાં બાકીની વાતોયે ભસ્મીભૂત થઈ જશે.

એની સામે ટકવાની પોતામાં શક્તિ છે ?

...ધીમેથી બોલી : 'કાલે બધા જમવા આવવાના છે ?'

'એમાં તને કાંઈ તકલીફ નહીં પડે. મેં મહારાજને આવવાનું કહી દીધું છે.'

'સુનીલાને તો –'

'નાટકમાં જવાનું છે એમ ને ? ભલે જાય. જેને જવું હોય તે જાય. તારે જવું હોય તો તું પણ જજે.'

વસુધા શક્તિ એકઠી કરીને બોલી : 'તમે નાહકના ગુસ્સે થાઓ છો. મેં એટલું બધું એવું શું કર્યું છે ? જરા શાંતિ રાખીને વાત સાંભળો તો –'

'મારે કોઈની વાત સાંભળવી નથી.' વ્યોમેશ ગરજી ઊઠ્યો.

અચાનક કબાટ તરફ તેની નજર ગઈ. 'કબાટ ખુલ્લો કેમ છે ? તેં ઉઘાડ્યો હતો ?'

બધી દૃઢતા, નિર્ભયતા, સંકલ્પશક્તિને એકત્રિત કરીને વસુધા ઝટઝટ બોલવા લાગી : 'હા, બંધ કરવાનું ભૂલી ગઈ. ઘરેણાંની પેટી જોઈતી હતી. મને મન થયું : કમલને-સુનીલાને કંઈક આપવું. બીજાં ઘરેણાં સલીનાને આપવાં છે.'

વ્યોમેશ સાપનો ડંખ લાગ્યો હોય એમ ઊછળી પડ્યો.

'ઘરેણાં આપી દેવાં છે ? તારું મગજ તો ઠેકાણે છે ને ?'

વસુધાએ ઉત્તેજિત થયા વિના કહ્યું : 'ઘરનાં લોકોને તો આપું છું.'

'કોને પૂછીને ?'

આછું હસવાનો પ્રયત્ન કરીને બોલી : 'ઘરેણા તો મારાં છે ને ! ઘરની વહુઓને આપી ન શકું ?' સહસા અંદરથી શક્તિનો એક સ્ફુલ્લિંગ ઊઠ્યો. 'બધી વાતો મારે શું તમને પૂછીને જ કરવી પડે ?'

સટાક – એક જોરદાર તમાચો વસુધાના ગાલ પર પડ્યો. માંદી વસુધા પગથી માથા સુધી હલબલી ગઈ.

'હદથી બહાર જવું સારું નથી, વસુધા ! ઘરેણાં તારાં ક્યાંથી આવ્યાં ? મેં તને એ આપ્યાં છે. મેં કમાઈને ખરીદ્યાં છે. નાનપણથી મહેનત કરીને, પરસેવો પાડીને હું કમાયો છું. આ ઘરની એકેએક વસ્તુ મારી કમાઈની છે.'

ફાટેલા અવાજે વસુધા બોલી : 'અને શું આટલાં વર્ષ મેં કાંઈ કામ નથી કર્યું ? મહેનત નથી કરી ?'

'તો આટલાં વર્ષ તેં ખાધું નથી ? પહેર્યું-ઓઢ્યું નથી ? એમાં ખર્ચ નથી થયો ?'

માથા પરથી છત તૂટી પડી હોત તોયે વસુધાને આટલો આઘાત ન લાગત. પથ્થરની જેમ જડ થઈને વ્યોમેશને તાકી તે ઊભી રહી. પછી ઘણી વારે નજર નીચી કરી પોતાના રૂમમાં ચાલી ગઈ.

●

૩૪

બ્રાહ્મણોને જમાડવાનું પતી ગયું. વ્યોમેશ એવી રીતે વર્ત્યો, જાણે ઘરમાં વસુધાનું અસ્તિત્વ જ નથી.

સુનીલાને નાટક માટે તૈયાર થઈને જતી તેણે જોઈ, પણ એ વિશે કશું કહ્યું નહીં.

ચુપકીદીનું એક વજનદાર મૌન ઘરની હવાને કચડી રહ્યું.

વસુધા પણ તે રાત પછી વ્યોમેશ સાથે બોલી નહીં. એ બેઠો હોય તે રૂમમાં જવાનું તે ટાળતી. ટેબલ પર સાથે જમવા બેસતી નહીં. તેની માંદગી દરમ્યાન સવારની ચાની વ્યવસ્થા ગોઠવાઈ ગઈ હતી. હવે તે સવારે દૂધ લેવા જતી નહીં કે ચા બનાવતી નહીં. સવારની ચા કમલ કે સલીના તેને આપી જતાં. આખો વખત માત્ર મોં પર એક ચમચમાટ થયા કરતો. મને માર્યું ? મારની પીડા કરતાં, માર્યું – એ હકીકતની પીડા સહસ્રગણી વધારે હતી. લગ્નના પહેલા દિવસથી આજ સુધીના દિવસો એકએક કરીને યાદ કરી જોયા. પોતાના મનમાં પ્રશ્નો ઊઠતા હતા, અન્યાયનું શલ્ય વાગતું હતું, કોઈક વાર એક-બે વાક્યોમાં દલીલ પણ કરી હશે. પણ એ સિવાય કોઈ દિવસ ખુલ્લી રીતે, વ્યોમેશનો વિરોધ કરવાનું તો બાજુએ, તેને ન ગમે એવુંયે કર્યું નથી. નાની-મોટી સઘળી વાતોમાં વ્યોમેશને શું ગમશે-ના દૃષ્ટિબિંદુથી જ વિચાર કર્યો છે. ભારતીય સંસ્કૃતિએ કલ્પેલી આદર્શ ગૃહિણી પોતે નહીં હોય, પણ પોતાના વ્યવહારમાં બહુ ભૂલ કાઢી શકાય એવું તો કશું કર્યું નથી.

અને આજે થોડીક વાત કહેવા જતાં આ બધું ભુલાઈ ગયું ? વરસોથી અંગતભાવે કરેલી સેવા, એને રાજી રાખવાના નિરંતર પ્રયત્નો, એની માંદગીમાં ઉજાગરા અને સહુથી વધુ તો મૂંગા મોંએ સહી લીધેલા અન્યાયો – આ બધાંની કોઈ ગણના રહી નહીં ?

વ્યોમેશનું સાચું સ્વરૂપ આ જ હતું ? પોતે તેની આજ્ઞામાં રહેતી હતી એટલે આ પાસું છતું નહોતું થયું ?

ના ના, એવું તો ન હોય, આ માત્ર ગુસ્સો હશે, ગુસ્સામાં માણસ ન બોલવાનાં વેણ બોલી નાંખે. પુરુષ છે – હાથ ઉગામી લે. આટલાં વર્ષોમાં આવું તો કદી કર્યું નહોતું. એ ક્ષણે કાબૂ નહીં રહ્યો હોય, પણ હવે તેનેય અંતરમાં બળતું હશે. પશ્ચાત્તાપ થતો હશે. કદાચ માફી માગવાનુંયે મન હોય, પણ આજ સુધી કદી એવી નમ્રતા દાખવી નથી એટલે ક્ષોભ થતો હશે. એનો પૌરુષી અહં આડો આવતો હોય એમ પણ બને !

...થોડા દિવસ પછી વ્યોમેશે હર્ષને કહ્યું : 'ટ્રેનમાં આજકાલ ભીડ ખૂબ રહે છે. રિઝર્વેશન સહેલાઈથી મળતું નથી. સલીનાને હવે વૅકેશન પૂરું થવામાં હશે. એની ટિકિટની વ્યવસ્થા આગળથી કરજે, નહીં તો મુશ્કેલી પડશે.'

હર્ષ અસમંજસમાં પડ્યો. 'પણ સલીનાને હવે જવાનું ક્યાં છે ? માએ કહ્યું છે, હવે એણે અહીં રહીને જ ભણવાનું છે.'

'એમ ? એવું ક્યારે એણે નક્કી કર્યું ?'

'થોડા દિવસ થયા. તમને વાત નથી કરી ?'

વ્યોમેશે જવાબ આપ્યો નહીં. માત્ર 'હં' કહીને ચૂપ રહ્યો.

હર્ષને કહેવું હતું કે સલીનાના ખર્ચની ચિંતા કરતા નહીં, એ બધી જવાબદારી મારે માથે. પણ વ્યોમેશના મોંના ભાવ જોઈ તે આગળ બોલતાં અટકી ગયો. પિતાનો, લાગણીમાં કોઈ તરફ વહી જવાનો સ્વભાવ નથી, એ તે જાણતો હતો. ખર્ચ ભલે હું આપું, પણ આ ઘર તો તેમનું છે. મા ભલેને કહે કે સલીના અહીં રહેશે, પણ પપ્પા જો હા ન પાડે તો મા પણ શું કરે ?

પણ સલીના તો ગમી જાય એવી છોકરી છે. ઘરમાં એક તરુણ કન્યા હોય તો ઘર વધારે જીવંત લાગે...વસંતમાં વૃક્ષ લાગે એવું.

પણ વ્યોમેશ કાંઈ બોલ્યો નહીં એટલે હર્ષને સમજાયું નહીં કે તેની 'હા' હતી કે 'ના'. આવકાર કે આનંદનો એક્કે ઉદ્‌ગાર કાઢ્યો નહીં !

ઘરમાં બધાંનાં મન ભારે અને અશાંત હતાં. સલીના માટે થઈને જુદા રહેવાનો વિચાર હર્ષને પણ આવ્યો.

અશેષ રાહ જોયા કરતો હતો કે મા ક્યારે પોતાની જુદા રહેવાની યોજના વિશે પપ્પાને વાત કરે. લોનની વ્યવસ્થા કરવાની છે. રહેવા જતાં પહેલાં થોડું ફર્નિચર કરાવવાનું છે. 'થોડી ચીજવસ્તુઓ તો અહીંથી પણ લઈ જવાશે, ખરું ને મા ?' તેણે વસુધાને પૂછેલું.

'જરૂર દીકરા, તારુંયે આ ઘર છે ને ?' તેણે બોલતાં બોલી દીધું. પછી થયું, પણ વ્યોમેશ એમ માનતો હશે ખરો ?

વ્યોમેશ પોતે જ જો સામેથી કહે : આ લઈ જા, તે લઈ જા. આ તો તને જોઈશે જ. મૂંઝાઈશ નહીં. ઘર જુદું થાય, તેથી હૃદય જુદાં થોડાં જ થાય છે ? – તો કેટલું સારું લાગે !

બધી વાતનું કેન્દ્ર ફરીફરીને એક જ બિન્દુમાં સ્થિર થતું હતું. સલીનાનું રહેવાનું નક્કી તેં કર્યું ? અશેષને જુદાં રહેવા જવાની સંમતિ તેં આપી ? મેં ના પાડી હતી છતાં સુનીલાને નાટકમાં જવા દીધી ?...વ્યોમેશ ઉદાર થઈને વર્તે તો તે ચાલે, પોતે ઉદાર થઈને કંઈ કરવા જાય, પોતાનાં ઘરેણાં ઘરનાં જ લોકોને ભેટ આપવા જાય તો ન ચાલે...

એક રમૂજી વાત વિનોદે કરેલી તે યાદ આવી. ભિખારી ભીખ માગવા આવેલો. વહુએ ના પાડી. સાસુ ગુસ્સે થઈ. હું બેઠી છું ને ના પાડનાર તું કોણ ? ભિખારીને પાછો બોલાવ્યો; પછી પોતે ના પાડી, ત્યારે મનને રાહત થઈ.

બધા ગુસ્સાનું, નારાજીનું મૂળ અહીં હતું. હું બેઠો છું, પછી સ્વતંત્રપણે નિર્ણય કરનાર તું કોણ ?

મારી સ્વતંત્રતાની એને આદત પડતાં વાર લાગશે. મેં જ બહુ આજ્ઞાધીન રહીને એને એવી અપેક્ષા રાખવામાં સહાય કરી છે. ધીમે ધીમે સમજશે કે હું પણ એક સ્વતંત્ર વ્યક્તિ છું. ધીમે ધીમે સ્વીકારશે. એ પહેલાં આવાં નાનાં છમકલાં તો થાય.

તો પણ રહી રહીને અંતર ચમચમી ઊઠતું. મને માર્યું ?

*

બહુ દિવસથી વિનોદને મળાયું નહોતું. એક દિવસ વસુધા સલીનાને લઈને તેને ઘેર ગઈ. વિનોદે ઘર બદલ્યું હતું. સરનામું આપેલું, પણ વસુધાથી

જવાયું નહોતું. જૂના ઘેર એક-બે વાર પહેલાં ગઈ હતી. શરૂમાં વિનોદ આવ્યો ત્યારે ફૈબાએ પૂછેલું : 'કોણ છે ?'

'મારો મામાનો દીકરો ભાઈ.'

પછી એક વખત પૂછેલું : 'એ મળવા આવે છે તો તારી ભાભી કેમ આવતી નથી ? લગ્ન તો થયાં છે ને ?'

વસુધાએ કહ્યું : 'થયાં હતાં, પણ હવે બંને છૂટાં થઈ ગયાં છે.'

ફૈબાની નજર વાંકી થઈ : 'તો હવે એકલો રહે છે ?'

'હા.'

'તો પછી તારે એને ઘેર જવાની જરૂર નથી. એ અહીં આવીને મળી જાય છે, એટલું બસ છે.'

વસુધા ત્યારે રોટલી વણતી હતી. વેલણ ફેરવતા હાથ વચ્ચે જ થંભી ગયા. મનમાં થયું : ફૈબા આ જ વિચારી શકે. આથી જુદું વિચારવાની તેમની ક્ષમતા નથી.

વિનોદને ચિત્રોનો બહુ શોખ હતો. એક વાર આવીને આગ્રહ કર્યો : 'વસુધા, બહુ સરસ ચિત્રોની પ્રિન્ટ લઈ આવ્યો છું. એક વાર જોવા ઘેર આવ ને !'

વ્યોમેશને વિનોદમાં કે વિનોદનાં ચિત્રોમાં બહુ રસ નહોતો. વસુધાને જવું ગમત, પણ ફૈબાએ ના પાડી હતી એટલે ગઈ નહીં. બીજી વાર વિનોદ આવ્યો ત્યારે પૂછ્યું : 'કેમ ન આવી ?' ત્યારે ફૈબાની વાત કરી. વિનોદ ઠરેલ પ્રકૃતિનો, શાણો ને લાગણીવાળો માણસ છે. તેને માઠું લાગ્યું નહીં. કહ્યું : 'દરેક માણસનું, ઘર સિવાય એક બીજું નિવાસસ્થાન હોય છે, તેમાં તે રહેતો હોય છે. કેટલાક લોકો પૈસામાં રહેતા હોય છે. પૈસાને જ શ્રેષ્ઠ પ્રાપ્તિ ગણે છે ને તેને માટે કાંઈ પણ કરવા તૈયાર થાય છે. કેટલાક શરીર અને શારીરિકતામાં જ રહેતા હોય છે. બધી બાબતોને શરીરની ભૂમિકાએથી જ મૂલવે છે. તેમના શોખ-શણગાર પણ શરીર સાથે સંબંધિત, અને વ્રત-તપ કરે તોયે ખાવા-ન-ખાવાનાં.'

વસુધાને સમજાયું. ફૈબા ઉપવાસ-આંબેલ કરતાં પણ ખાવાનાં કેટલાં શોખીન ! ખાટું અથાણું ખાવાથી સોજા આવતા, તોયે ખાધા વગર તેમનાથી રહેવાતું જ નહીં.

'કેટલાક લોકો માનમોભામાં રહેતા હોય છે.' વિનોદ આગળ બોલ્યો. 'કીર્તિ ને સ્થાન ને સત્તા મેળવવા પાછળ પોતાના કુટુંબનીયે અવગણના કરતા હોય એવા લોકો તેં નથી જોયા ?'

હું શામાં રહું છું ? – વસુધાએ પોતાને માટે વિચાર કર્યો.

'મલ્લિકાર્જુન મનસૂર બહુ વિખ્યાત ગાયક છે. સાંભળ્યું છે એનું નામ ? કોઈએ કહેલું એને માટે, કે તે સૂરમાં રહે છે. અંગ્રેજીમાં જેને સેન્સ ઑફ બિલોન્ગિંગ કહે છે તેને મળતી આ વાત છે. આ મારી સૌથી મહત્ત્વની, સૌથી મૂલ્યવાન ભૂમિ. એમાં મારું હૃદય ઠરે...એવું જે બાબતમાં થાય...દેશભક્તો નથી હોતા ? તે પૈસાને તુચ્છ ગણે, શરીરની ગણના ન કરે, પત્ની-બાળકો ખાતર વિશેષ કશું ન કરે, પણ દેશ ખાતર લડે, કષ્ટ વેઠે, પ્રાણ પણ આપી દે.'

વિનોદની વાત બહુ ગમી. પૂછ્યું : 'તું ક્યાં રહે છે, વિનોદ ?'

વિનોદ હસ્યો : 'તું શોધી કાઢને ! ભગવાને તને મગજ તો આપ્યું છે.' પછી કહ્યું : 'પણ એના કરતાં, તું ક્યાં રહે છે તે શોધી કાઢવાનું તને વધારે નહીં ગમે ?'

વિનોદ હંમેશાં સરસ વાતો કરતો. ફાલતુ વાતો, બીજા ત્રીજા માણસની નકામી વાતો કરતો નહીં. મલ્લિકા સાથે છૂટાછેડા લીધા છે, પણ તેના વિશે કદી ઉલ્લેખ કરવાનો આવે તો સ્નેહથી વાત કરે છે. મલ્લિકાને આ ગમતું...એક વાર તેણે આમ કહેલું...પીઝા સરસ બનાવતી...વગેરે. મનમાં કોઈ દુર્ભાવ નથી, ડંખ નથી.

*

સલીનાની મદદથી ઘર શોધી કાઢ્યું. સલીનાને બીજે જવું હતું. 'કલાકેક પછી પાછી આવું છું,' કહીને તે ગઈ.

વસુધાને જોઈ વિનોદ ખૂબ પ્રસન્ન થયો. 'કેટલાં વર્ષે આવી, વસુધા ! આવ બેસ, તબિયત સારી નથી ? હું તો તને જ્યારે જોઉં ત્યારે તું વધારે ને વધારે કરમાયેલી લાગે છે. ઠીક નથી રહેતું ?'

વસુધાની આંખો ઊભરાઈ પડી. કેટલા વખતથી શુદ્ધ લાગણીના આવા ભીના શબ્દો, સલીના સિવાય કોઈ પાસેથી સાંભળ્યા નહોતા !

ઘર સરસ હતું. બધું વ્યવસ્થિત. મોટી બાલ્કનીમાં ખૂબ ફૂલછોડ. દીવાલો પર ચિત્રો હતાં. બેન્દ્રે, સબાવાલા, હુસેનનાં ચિત્રો. એક રેમ્બ્રાનું ચિત્ર હતું. ઘોડા પર સવાર થયેલો સરદાર...ઘોડાની ગતિ અને મનુષ્યની સ્થિતિ, બંને જાણે એકરૂપ થયેલાં હોય અને તેથી બંને નિશ્ચિતપણે ચાલ્યા જતા હોય. વિનોદે દરેક ચિત્રની વિશેષતાની વાત કરી. એક ચિત્ર દરિયા પર સરતા જહાજનું હતું. દરિયો તોફાની નથી, શાંત છે. જહાજ એમાં એવી રીતે જાય છે, જાણે જગન્માતાના વિરાટ ખોળામાં નિર્ભયપણે વિહરતું મનુષ્ય-બાળ. ચિત્રમાં વાદળી રંગની નહીં નહીં તોય દસ-બાર જેટલી છાયા. ચન્દ્ર વાદળ પાછળ દેખાતો નથી, પણ આકાશમાં ઉજાસ છે.

'મને આ ચિત્ર સહુથી વધારે ગમ્યું.' વસુધાએ કહ્યું.

'તને ખબર છે વસુધા, આ ચિત્ર મલ્લિકાએ પસંદ કરેલું. અમે છૂટાં પડ્યાં ત્યારે વિદાયની ભેટ તરીકે મને આપતી ગઈ.'

વસુધા ચૂપ થઈને સાંભળી રહી. આટલી શિષ્ટતાથી છૂટાં પડી શકાય ? મૃદુપણે પૂછ્યું : 'વિનોદ, મલ્લિકાને મળવાનું મન થાય કદી ?'

વિનોદે જરા વિચાર કર્યો. પછી કહ્યું : 'ના. પણ ધારો કે સામે મળી જાય તો ટાળું નહીં. અસ્વસ્થ ન થાઉં. જૂના મિત્રની જેમ ખબરઅંતર પૂછી લઉં. મને હવે એનું ખેંચાણ નથી, એના જવા વિશે ખેદ પણ નથી.'

'કોઈ વાર ગુસ્સો નથી આવતો ?'

'ગુસ્સો શા માટે આવે, વસુધા ? અમારી પ્રકૃતિ સાવ જુદી હતી. સાથે રહ્યાં હોત તો દુઃખી થાત, તેથી છૂટાં પડી ગયાં. તેનો કંઈક વાંક હશે. મારોય હશે. પણ એક વાર લગ્ન કર્યાં એટલે સદાકાળ સાથે બંધાઈ રહેવું – તેવું થોડું જ છે ?'

'પણ તમે લોકોએ તો પ્રેમલગ્ન કરેલાં ! પ્રેમ હોય ત્યારે માણસ સાથેની પ્રકૃતિ જુદી હોય, તોય સહી ન લે ?'

વિનોદ જરા ગંભીર થઈ ગયો. 'પ્રેમલગ્નમાંયે ભૂલ તો થઈ હોય. અને

વળી કોઈ માણસ શું એમ ખાતરી આપી શકે કે આ વ્યક્તિને હું જીવનભર ચાહીશ ? કોઈ પણ પોતાના વિશે એટલું અફરપણે જાણી શકે ? કે આવી બાંયધરી બીજાને આપી શકે ?... અને આ સહી લેવાની વાત મને કંઈ બહુ સારી લાગતી નથી. તે તો જાણે સામી વ્યક્તિ પર ઉપકાર કરતાં હોઈએ એવું લાગે છે. 'તમે મને જરા પણ સુખરૂપ નથી, પણ મારા મનની ઉદારતાને કારણે હું તમને સહી લઉં છું'...હું આને પ્રેમ ન કહું, વસુધા ! આ તો પોતાની પર ને બીજાની પર પણ બહુ મોટો જુલમ કહેવાય. તું એક વાર સચ્ચાઈની વાત કરતી હતી ને ? એક વાર એક ગોઠવણી થઈ હોય, એટલે પછી એમાં રૂંધામણ થતી હોય તોયે જીવન એમાં બાંધેલું રાખવું, એ સચ્ચાઈ છે ?

'પણ તો તો પછી કેટલાં બધાં લગ્નો તૂટી જાય ? કુટુંબજીવન વેરવિખેર થઈ જાય. સમાજ ભાંગી પડે. બાળકોનું શું થાય ? પશ્ચિમમાં થાય છે તેવું આપણે ત્યાં થવા ન માંડે ?'

વિનોદ મોટેથી હસી પડ્યો. 'આ બધી બહુ અટપટી પરિસ્થિતિઓ છે. હું કોઈ સમાજશાસ્ત્રી કે સુખી દાંપત્યજીવન માટેનો સલાહકાર થોડો જ છું ? મારી પાસે બધા પ્રશ્નોના જવાબ નથી. પણ તને એટલું આશ્વાસન આપી શકું કે સંબંધો એમ તૂટી જતા નથી, કારણ કે માણસને એકલા જીવવાનો ભય પણ લાગતો હોય છે ને ! થોડીક માયાએ બંધાઈ હોય છે. ગોઠવાયેલું બધું તોડી નાખીએ ને નવું કાંઈ ઊભું નહીં કરી શકીએ તો શું કરીશ – એવી ચિંતાયે હોય છે. બાળકોનો સવાલ હોય છે. આવા બધા ખ્યાલોથી માણસો પ્રેમ ન હોય તોયે મેળ કરીને ઢાંકીઢૂંબીને રહેતા હોય છે. એને કારણે કેટલાય પુરુષોને પત્ની હોવા છતાં લગ્ન બહારના સંબંધો હોય જ છે. પણ એક સાર્વત્રિક નિયમ બધાને લાગુ ન પડે. દરેકની પરિસ્થિતિ, સંજોગો, મનની સ્થિતિ અલગ-અલગ હોય છે. તોડી નાખવું કે ટકાવી રાખવું – તે દરેક જણ પોતે નક્કી કરી શકે. પણ મને એટલું તો લાગે જ છે કે લાચારીથી, મારું શું થશે – એવા ભયથી બીજો કોઈ ઉપાય ન હોવાથી સહિષ્ણુતા દાખવવી એ કાંઈ ગુણ નથી. માણસે જે કાંઈ કરવું હોય – પોતાની અંદરની શક્તિથી કરવું જોઈએ.'

'તારી વાત સાચી છે, તોપણ –' વસુધાએ ડોકું હલાવ્યું, 'કંઈક ખૂટતું લાગે છે એમાં. બહુ દુર્લભ હશે, છતાં ક્યાંક, કોઈની વચ્ચે તો એવો પ્રેમ હશે,

જે સ્વભાવ-ભેદ, પ્રકૃતિની ભિન્નતા, રુચિ ને વિચાર-ભિન્નતા જેવી બધી દીવાલોને, બધા અંતરાયોને તોડીને એક મહાપ્રવાહમાં વહાવી લઈ જાય ! જેમાં મેળ કે ગોઠવણ કરવાપણું ન હોય, સહી લેવાપણું ન હોય, જે સ્વયં સ્ફૂર્ત ગંગોત્રી જેવો ઊછળતો, ખળખળતો, બેઉ કાંઠાને છલકાવી દેતો વહી જતો હોય એવો પ્રેમ તે શું ક્યાંય જોયો નથી ?'

'આવો પ્રેમ તો – અરે હા, અરે હા, યાદ આવ્યું, વસુધા ! આવો ઊછળતો ખળખળતો નહીં, પણ શાંત ને સૂક્ષ્મ – પણ આવો જ, બધી ભિન્નતાઓની ઉપરથી વહી જતો પ્રેમ મેં જોયો છે. સ્વરૂપ ને ઈશા સાવ જુદી જ પ્રકૃતિનાં લાગે, પણ બે વચ્ચે અંતરની એટલી બધી એકતા છે ! સ્વરૂપ એને આત્મમૈત્રી કહે છે...'

વસુધા ઉત્સુકતાથી સાંભળી રહી : 'કોણ છે લોકો ?'

'છે. કોઈક વાર તને ત્યાં લઈ જઈશ – આનંદગ્રામમાં. હવે તો ઘણુંખરું હુંયે ત્યાં જ રહું છું. હવે મેં પણ કામ ઓછું કરી નાખ્યું છે. ટી.વી.-રેડિયોના રિપેરકામમાંથી જોઈતું મળી રહે છે. ચિત્રો પણ હવે દોરું છું...'

'એના' વિશે વાત કરી નહીં. વિચાર્યું – કોઈક વાર ઓળખાણ કરાવીશ.

સલીના ક્યારની આવી ગઈ હતી. છેલ્લી વાતો એણે સાંભળી. ફળનો રસ પી તે અને વસુધા ઘરે જવા નીકળ્યાં. ટૅક્સીમાં બેસતાં સલીના બોલી : 'વિનોદભાઈ સરસ માણસ છે, નહીં ? એ કોઈના પ્રેમમાં હોય એવું લાગે છે કે નહીં ?'

'વાહ, એવું તને શા પરથી લાગ્યું ?'

'મેં બારણું ખખડાવ્યું ને એમણે ઉઘાડ્યું ત્યારે એ ગીત ગણગણતા હતા. એમણે મારી સામે એવી રીતે જોયું, જાણે તેમને મારા આવવાની રાહ હોય. પણ હું નહોતી, જેની તેમને રાહ હોય. છતાં તે નિરાશ ન થયા. મારામાં થઈને જાણે તે એને જોઈ રહ્યા.'

વસુધા હસી પડી : 'તું કવિતા પણ કરતી હોઈશ, મને ખબર નહીં.' પછી જરા વહાલ કરતાં પૂછ્યું : 'તું પણ કોઈના પ્રેમમાં છો, સલીના ?'

ફરી – સહેજે સંકોચ નથી. કશું છુપાવવાપણું નથી. નિર્ભીક, સુંદર ભાવ.

'એ તો હું તમને કહેવાની જ છું મા, પણ એ પહેલાં તમને કંઈક પૂછું તો જવાબ આપશો ?'

'પૂછી જો તો !'

'તમારી ને પપ્પાજી વચ્ચે પ્રેમ છે ? તમારી પ્રેમની કલ્પના એમના સંબંધમાં પૂરેપૂરી, ઠીક પૂરેપૂરી નહીં તો ઘણીખરી સાકાર થઈ છે ?'

વસુધા સ્તબ્ધ થઈ ગઈ. અઢાર વરસની છોકરીને મોંએ આવો પ્રશ્ન ?

પહેલાંનો સમય હોત તો વાત ઉડાવી દીધી હોત. પણ આ તબક્કે કશું અધૂરું, ખોટું નથી કહેવું. અત્યારે જે સૌથી નિકટ છે, નિર્દોષ છે, તેની આગળ હૃદય પ્રગટ કરવાથી કોઈને નુકસાન નહીં થાય !

કહ્યું : 'અમારાં પ્રેમલગ્ન થોડાં જ હતાં ? ગોઠવાયેલાં લગ્ન હતાં. આજ સુધી કોઈ મોટો વાંધો તો નથી આવ્યો.'

'પણ પપ્પાજી તરફથી તમને ખૂબ તૃપ્ત થવાય એવો પ્રેમ મળ્યો છે ?'

તીવ્રપણે પુછાયેલો એક સઘન પ્રશ્ન.

એનો એટલી જ નિખાલસતાથી જવાબ આપવો જોઈએ.

'સાચું કહું તો, અત્યાર સુધી લાગતું કે આકંઠ ડૂબી જવાય એવો પ્રેમ ભલે નથી, પણ કાંઠે બેસી પગ પલાડી શકાય એવું સ્નેહનું ઝરણું તો છે. પણ વિનોદની વાતો સાંભળ્યા પછી શું થયું – શી ખબર આ કદાચ ગોઠવણ હોય, પ્રેમ સિવાયનાં અનેક કારણોએ ટકાવી રાખેલી વ્યવસ્થા હોય. એટલે, તમે લોકો જેને પ્રેમ કહો છો તેવું તો કાંઈ નહીં, પણ –'

સલીના રૂઢિબદ્ધ છોકરી નથી. ફટ દઈને પૂછી બેઠી : 'મા, હવે તમને એવો પ્રેમ મળે તો સ્વીકારો ખરાં ? તમે વાત કરતાં હતાં ને તેવો, ગંગોત્રી જેવો ભવ્ય, સુંદર, નિર્બળ ધસમસતો પ્રવાહ –'

વસુધા હસી પડી. 'ગાંડી જ છે તો ! પચાસ વર્ષની ઉંમરે હવે પ્રેમની વાત થતી હશે ?'

'કેમ ન થાય ? આપણને પ્રેમની અને સાથની જરૂર કાંઈ અમુક ઉંમર સુધી જ હોય એવું થોડું છે ? ઉંમર તો શરીરની સ્થિતિ છે. પ્રેમને શરીરની

સીમાઓમાં થોડો જ પૂરી શકાય ?'

આ છોકરીને આટલા બધા વિચારો ક્યાંથી આવે છે ? આટલી નાની ઉંમરે આવી પરિપક્વતા તેનામાં ક્યાંથી આવી ?

'સલીના, તેં એક વાર કહેલું કે પછી કહીશ. તને કશી તકલીફ છે – એમ મેં પૂછેલું, યાદ છે ? મારી વાત પછી. આજે તારી વાત કહે.'

સલીના સહેજ અસ્વસ્થ થઈ ગઈ. 'એ વિશે કોઈનેય ખબર નથી, મા. અને એ બહુ જાહેર કરી શકાય તેવું પણ નથી.'

વસુધાએ તેની આંખમાં આંખ પરોવી. ખભા પર હળવેથી હાથ મૂક્યો. 'હું કોઈને એ નહીં કહું.' મનમાં સહેજ નવાઈ લાગી. પ્રેમની જ માત્ર વાત હોય તો તેમાં આટલી સાવચેતી શા માટે ?

ઘર આવવાને હવે બહુ વાર નહોતી. 'ટૂંકમાં કહું મા, વીગતે પછી કોઈક વાર. જોકે કૃષ્ણને કહેલું કે...'

'કૃષ્ણન ?'

'એ અમારી ટુકડીનો નેતા છે.'

'મને જરા સમજાવીને કહે, સલીના !'

'અમારી એક ગુપ્ત ક્રાંતિકારી સંસ્થા છે. એની દેશમાં ઘણી શાખાઓ છે. અમારી શાખાનો નેતા કૃષ્ણન છે. તમારી જેવો છે – એટલે કે હંમેશા બીજાનાં દુઃખથી ઘવાય છે. હરિજનો, આદિવાસીઓ, સ્ત્રીઓ પરના અન્યાય જોઈને એનાથી ચૂપ બેસી શકાતું નથી. એ મારી કૉલેજમાં જ છે – અથવા હતો. પણ ભણવાનું તો નામનું છે. ગામડામાં જઈ ગરીબ લોકો વચ્ચે કામ કરે છે. ઘણાં માને છે કે તે નકસલવાદી છે; પણ ખરેખર તો તે બીજા માણસોનું દુઃખ જોઈને દુઃખી થતો માણસ છે.'

'તું એના પ્રેમમાં છે, સલીના ? એટલા માટે જ અહીં રહીને ભણવાની વાત સાંભળી તારા મોં પર આનંદ નહોતો આવ્યો ?'

'પણ નાની ગુજરી ગયાં, ને મામાને ઘેર મને રહેવાનું ફાવે એવું નથી. એટલે મારે અહીં જ રહેવું પડશે ને ? અહીં કંઈ નહીં તો માસીને તો મારે માટે ખૂબ

લાગણી છે ! અને વળી તમે પણ છો. પણ મારું કામ, મિત્રો, કૃષ્ણન – બધું ત્યાં છે.'

'કૃષ્ણન સારો છોકરો છે ?'

'અદ્ભુત છોકરો છે, મા !' સલીનાનો ચહેરો તેજથી ચમકી ઊઠ્યો. 'મારે માટે એને બહુ જ લાગણી છે. અમે માઈલો જંગલમાં, ગામડાંઓમાં, કાદવ-ભરેલા રસ્તે સાથે ચાલ્યાં છીએ, પણ એણે મને કોઈ દિવસ થાક લાગવા નથી દીધો. એ એટલો બધો પ્રામાણિક ને પ્રેમાળ છે !' એના મોં પર પ્રેમની સુરખી આવી.

'ભણવાનું પૂરું થાય કે અમે હિમાલયનાં જંગલોમાં ફરવાનાં છીએ. જંગલના કૉન્ટ્રાક્ટરો ત્યાંની ભોળી પ્રજાનું શોષણ કરે છે તેને માટે કંઈક લડત આપવાનું ગોઠવીએ છીએ. મા, એ મારામાં એટલી બધી શક્તિ મૂકે છે ! એની સાથે હોઉં ત્યારે મને થાય છે, હું કાંઈ પણ કરી શકું.'

ઘર આવી ગયું.

વસુધા થાકી ગઈ હતી. આજે કેટલા બધા પ્રકારની વાતો થઈ ! સલીના ને કૃષ્ણન...છોકરી દુઃખી તો નહીં થાય ને ?

અને વિનોદની વાતો.

'પપ્પાજી ને તમારી વચ્ચે પ્રેમ છે ?'

પ્રેમ...પ્રેમ શી ચીજ છે ? યુવાકાળનો ઉત્કટ, આવેગભર્યો, તરફડાટો અને અજંપાથી ભરેલો પ્રેમ નહીં, પણ શાંત સ્નિગ્ધ કમળ-તળાવડીના જળ પર ઢોળાયેલી ચાંદની જેવો પ્રેમ તો મોટી ઉંમરેય ન હોઈ શકે ? હજુ કાંઈ મોડું નથી થયું, કદાચ મારોયે વાંક હશે. આટલા દિવસ વ્યોમેશે મને ન બોલાવી તો હું પણ ક્યાં તેની પાસે ગઈ છું ? ક્ષણિક આવેશમાં એણે મારી પર હાથ ઉપાડી લીધો. પણ એ બાહ્ય ઉગ્રતા પાછળ, હૃદયમાં મારે માટે સ્નેહ હશે જ. એ સિવાય આટલાં વર્ષ એ મારી સાથે કેમ કરીને રહી શકે ? સતીશની જેમ, સુધીરની જેમ એ મારાથી દૂર ન સરી ગયો હોય ?

ઝઘડો તો ઉપરનો છે. આવા ઝઘડા તો થાય. મનાવીશ તો માની જશે.

મારે પહેલ કરવી જોઈએ. આ કાંઈ લાચારીથી હું નથી કરતી. ક્ષમા આપવામાં શક્તિ જોઈએ; મારામાં એ શક્તિ છે.

જરા વાર અમસ્તી સૂતી. પણ થાક લાગ્યો હતો એટલે સહેજ ઊંઘ આવી ગઈ. જાગી ત્યારે રાતના નવેક વાગ્યા હતા. બેઠી થઈ, ત્યાં વ્યોમેશ એની રૂમમાં આવ્યો. વસુધા પ્રસન્ન થઈ. મનમાં થયું – હું નહોતી કહેતી ? હૃદયમાં તો લાગણી હોય જ ને !

'વસુધા !'.

'શું ?' બહુ પ્રેમથી પૂછ્યું. તમાચાની વાત ભૂલી ગઈ. ગમે તેમ તોયે મારો પતિ છે. એને પસ્તાવો થયો હોય તો હું પણ તે વાતને પકડી રાખું તેવી તો નથી !

'મારે તને એક વાત કહેવી છે.' અવાજ સુઘટ્ટ નહોતો, જરા વીખરાયેલો, જરા ભાંગેલો, દૂરથી આવતો હોય તેવો હતો.

'શું છે, કહો ને ?'

'હવે હું તારી સાથે રહી શકું તેમ નથી.' જોર કરીને વ્યોમેશે કહી નાખ્યું. 'તને ઘરમાંથી જવાનું નથી કહેતો. અશેષ કહેતો હતો કે તે જુદું ઘર લેવાનો છે. તું તેની સાથે રહી શકીશ. હું દર મહિને પૈસા મોકલી આપીશ, અથવા તું કહીશ તો લમ્પસમ – એકસામટી રકમ...'

એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગના એંસીમાં, નેવુંમા માળ પરથી નીચે પડવાનો અનુભવ કેવો હોય ?

•

૩૫

બહુ ઊંચાઈએથી ધબાક કરીને નીચે પડતાં પહેલાં તો મૂર્છા જ આવી ગઈ. પછી પીડા ને રોષની જ્વાળાઓમાં મન સળગી ઊઠ્યું. બદલો લેવાનું મન થયું. આટલાં વર્ષ પછી આમ જાકારો ? આગળપાછળના કોઈ ખુલાસા વિના બસ સીધી આ છેવટની વાત ?

હજુ હમણાં તો પોતે એના પ્રેમમાં આશ્વસ્તતા શોધતી હતી. અને એણે આ કેવળો મોટો આઘાત કર્યો ? ઘણા વખતથી એણે આ વિચાર્યું હશે ? કારણ શું ? એને હું ગમતી નહીં હોઉં ? એ બીજી કોઈ સ્ત્રીના પ્રેમમાં હશે ? ક્યારથી ?

મગજ ચકરાઈ ગયું. શું કરવું તેની સૂઝ પડી નહીં. લડું ? રડું ? હું ક્યાં જાઉં ? આ ગૌરવભંગ સાથે કેમ કરીને જીવું ? બહુ જ નિસહાયતા લાગી. મનાવું ? સમજાવું ? હા પાડી દઉં ?

એક કલ્પનાતીત પરિસ્થિતિ ઊભી થઈ હતી. પોતામાં એને પહોંચી વળવાનું સામર્થ્ય છે ? મારે શું કરવું જોઈએ ? ઓહ – હું કેટલી એકલી છું ! આંખમાં આંસુ આવ્યાં. હું શું કરું ? શું કરું ?

મોડે સુધી મગજમાં ઘમસાણ મચી રહ્યું...

પછી રાતે એક ચમત્કાર થયો. સવારે તે ઊઠી ત્યારે તે બદલાયેલી હતી. બધું બહુ હળવું લાગતું હતું. અતિ ચુસ્તપણે પહેરેલાં, શરીરના બધા ભાગોને જકડી રાખતાં, ચામડી સાથે સતત ઘસાયા કરતાં કપડાં એકદમ સરી પડ્યાં હોય અને શરીર હવાના સરોવરમાં સેલારા મારતું હોય એવું લાગ્યું.

ગુસ્સો તો ક્યાંય દૂર રહી ગયો. દુઃખ પણ બધું સુકાઈને ખરી પડ્યું. વ્યોમેશે આ લાંબાં વર્ષોમાં જે કાંઈ કર્યું હતું અને ગઈ રાતે જે કાંઈ કહ્યું હતું – કશાનો ઉઝરડો હૃદય પર રહ્યો નહીં. રાતોરાત જૂના મનના સ્થાને કોઈક

નવું, ભૂતકાળના અનુભવથી મુક્ત, દુઃખના આંકા-ઘસરકા વિનાનું ચોખ્ખું મન આવી ગયું હતું.

આ શું થયું ? ગઈ કાલ સુધી તો સવાર પડે ત્યારે સાંજે શું થશે તેની ચિંતા થતી, ને સાંજ પડે ત્યારે કાલની સવાર કેવી ઊગશે એની ફિકરથી મન ઘેરાઈ રહેતું.

અને એકાએક એ બધું મનમાંથી નીકળી ગયું. જાણે આ કાંઠે બધા તાપ-સંતાપનું પોટલું મૂકી, તે સામે કાંઠે ચાલી ગઈ.

દિવસ આખો શાંતિથી પસાર કર્યો.

સાંજે રોજના સમયે વ્યોમેશ ઘેર આવ્યો નહીં.

વસુધાએ હર્ષ, અશેષ, કમલ – બધાંને પોતાના રૂમમાં બોલાવ્યાં. ધીમા શાંત અવાજે આખી વાત કરી. તેને નવાઈ લાગતી હતી કે પોતાની અંદર કશી અસ્વસ્થતા, ઉત્તેજના નહોતી. અંદર કાંઈ હતું જ નહીં, માત્ર અવકાશ હતો.

'પણ કારણ શું ?' અશેષ ગુસ્સે થઈને બોલ્યો. 'આટલાં વર્ષ પછી છૂટા થવાનું ? આવું કોઈએ સાંભળ્યું છે કદી ?'

'પશ્ચિમના દેશોમાં સાંભળ્યું છે.' સલીના બોલી.

'આ પશ્ચિમ નથી, ભારત છે.'

'મનુષ્ય-સ્વભાવ બધે સરખો હોય છે.'

'તું કોઈ દબાણ નીચે આવી જઈને હા ન પાડી દેતી, મા !' હર્ષના અવાજમાં વિનંતી હતી. 'અમે બધાં જ તારા પક્ષે છીએ. અમે પપ્પાને સમજાવીશું. નહીં માને તો તેમની સામે લડી લઈશું, સત્યાગ્રહ કરીશું. આ તે કાંઈ તેમની રીત છે ?'

'હું આજે જ દીપંકરને અમેરિકાથી આવી જવા તાર કરું છું. તે પપ્પાને પહોંચી વળશે. એમનો લાડકો હતો ને !' અશેષે કહ્યું.

વસુધા સાંભળી રહી. તેને થયું : વ્યોમેશના બધા જ સંબંધો કાચા હતા. પોતાની સાથેનો અને દીકરાઓ સાથેનો પણ. કમલ ને સુનીલા સાથે તો માત્ર કામ ચીંધવા પૂરતો જ સંબંધ હતો. એક જ મકાનમાં રહેતાં હતાં, એક ટેબલ પર જમતાં હતાં, સગપણથી જોડાયેલાં હતાં પણ પરસ્પર સંબંધિત નહોતાં.

વ્યોમેશે કોઈ દિવસ કમલને શું જોઈતું હશે કે સુનીલાની શું આકાંક્ષાઓ હશે, એ જાણવાનો રસ નહોતો દર્શાવ્યો. એને એવો વિચાર પણ નહીં આવ્યો હોય. વસુધાને માટે જ નહોતો કર્યો, તો એ બેને માટે તો ક્યાંથી કરે ?

અને સલીના માટે તો એના મનમાં જગ્યા જ ક્યાંથી હોય ? તેની સંબંધાવાની ક્ષમતા કેટલી ઓછી હતી ! – વસુધાએ વિચાર્યું.

'મા, તું જરા પણ ફિકર કરીશ નહીં. પપ્પાનો સ્વભાવ જાણી, અમે નકામો ઘરમાં ક્લેશ થાય માની બહુ વાતો કે દલીલો કરવાથી દૂર રહ્યાં છીએ, પણ આવી બાબતમાં અમે ચૂપ નહીં રહીએ. આ તો હદ કહેવાય. ત્રેપન વર્ષની ઉંમરે કોઈ છૂટાછેડા માગે એ વાત જ કેટલી બેહૂદી છે ?'

'તો શું એમને આ ઉંમરે હવે મા ગમતાં નથી, એટલે ફરી લગ્ન કરવાં છે ?' કમલે પૂછ્યું.

'અરે હા, એક વાત મેં કોઈને કહી નહોતી તે યાદ આવે છે.' સુનીલા બોલી. 'એક વાર હું એક નાટકના રિહર્સલમાંથી ઘેર આવતી હતી ત્યારે મેં એમને એક રેસ્ટોરાં પાસે ઊભેલા જોયા હતા. સાથે એક સ્ત્રી હતી.'

'પછી ? પછી ?' અશેષ અધીરતાથી બોલ્યો.

'પછી તેમણે એક ટૅક્સી બોલાવી ને બન્ને અંદર બેઠાં. મેં એમને જોયાં છે એવો ખ્યાલ ન આવે માટે હું જરા બાજુએ થઈ ગઈ હતી. પછી ટૅક્સી ચાલી ગઈ. મને થયું, હશે કોઈ ઑફિસની પરિચિત બાઈ. એમ ખાલી બે જણને સાથે જોવાથી કશું અનુમાન થોડું જ કરાય ? પછી તો હું એ વાત ભૂલી પણ ગઈ હતી. આજે યાદ આવી.'

'એ બન્ને બહુ નિકટતાથી વાત કરતાં હતાં ?' હર્ષે પૂછ્યું.

'એવું મને બહુ ધ્યાન નથી.' સુનીલાએ નિખાલસતાથી કહ્યું. થોડી વાર બધાં ચૂપ રહ્યાં.

'ત્રેપન વર્ષે છૂટાછેડા ?' હર્ષ ફરી બોલ્યો ને માથું ધુણાવ્યું. 'ના ના, આ કાંઈ સહી શકાય એવી વાત નથી. આવું તે વળી ક્યાંય જોયું છે ?'

'હા પશ્ચિમના દેશોમાં...' સલીના ફરી બોલી. બધાંને હસવું આવી ગયું. વાતાવરણ જરા હળવું થયું.

'એ મજાક તો નહોતી ને, તને ખાતરી છે ?' હર્ષે વસુધાને પૂછ્યું. 'કાલે એપ્રિલની પહેલી તારીખ હતી ?' તેનાથી મનાતું નહોતું કે આવું ખરેખર બની શકે !

'પપ્પા આવે એટલે વાત. આપણે અત્યારે ને અત્યારે બધી વાતનો ફેંસલો કરીશું.' 'તમે બધાંએ જે કહેવું હતું તે કહી લીધું હોય, તો હવે હું કહું તે સાંભળશો ?' વસુધા બોલી. તેને રહી રહીને પોતાના વિશે આશ્ચર્ય થયા જ કરતું હતું. મને દુઃખ કેમ નથી થતું ? હું ભાંગી કેમ નથી પડી ? આ બીજી સ્ત્રીની વાત સાચી હોય – તો મારું હૃદય સળગી કેમ નથી ઊઠતું ?

બધાં ચૂપ થઈ ગયાં.

વસુધા ધીમા પણ તદ્દન સ્પષ્ટ ને દૃઢ અવાજે બોલી : 'તમે મારી આટલી ચિંતા કરો છો તેથી મને સારું લાગે છે; પણ મેં નિર્ણય કરી લીધો છે. એમને છૂટાછેડા જોઈતા હશે તો હું આપીશ.'

બધાં એકદમ ગણગણાટ કરી ઊઠ્યાં.

'શું મા તું પણ...' અશેષ ઠપકાના સૂરે બોલ્યો. વસુધાએ હાથ સહેજ ઊંચો કરી તેને આગળ બોલતો અટકાવ્યો.

'એમણે માગણી કરી તે પળથી નહીં, પણ ત્યાર પછીની કોઈ એક પળથી હું એ માટે પૂરેપૂરી તૈયાર થઈ ગઈ છું.' તેના બોલવામાં લેશમાત્ર આવેગ નહોતો. 'તમને બધાંને લાગે છે કે એમણે મારો આ દ્રોહ કર્યો કહેવાય. પણ મને એવું નથી લાગતું. કોને ખબર એમના માટે પણ આ કદાચ, સાચા થવાની શરૂઆત હોય !'

સલીનાની આંખમાં એક ચમકાર આવ્યો.

'તમે બધાં મારે પક્ષેથી જ વિચારો કરો છો. તમારી આ લાગણીથી મને આનંદ થાય છે. પણ જરા એમના ખૂણેથી વિચાર કરી જુઓ. આ કહેતાં પહેલાં તેમને પણ ઘણી મથામણમાંથી પસાર થવું પડ્યું હશે. તેમને એવી કોઈક વસ્તુની જરૂર હશે, જે મારામાંથી તેમને કદાચ મળતી નહીં હોય. તેમને મારે વિશે ખૂબ અસંતોષ હશે. મારું સાથે હોવું તેમને માટે કદાચ સહ્ય નહીં રહ્યું હોય. આપણે ત્યાં મોટા ભાગના લોકો એમ માને છે કે ગમે તેમ કરીને સંબંધ ટકાવી

રાખવો, પડ્યું પાનું નિભાવી લેવું – તે આદર્શ છે. હું પણ પહેલાં એમ જ માનતી હતી. પણ હવે મને એવું નથી લાગતું. હું છૂટાછેડા આપવાની ના પાડી શકું અને અમે આખી જિંદગી એકબીજાને ત્રાસ આપતાં સાથે જીવીએ એમ બને. વધારામાં તેમને જો કોઈ સાથે સંબંધ હોય તો તે ખાનગી રાખવો પડે, એથી એમને પણ તકલીફ તો થાય જ ને ! દરેક માણસને સાચા થવું ગમતું હોય છે. એને બદલે કશું ગુપ્ત રાખવું પડે, જૂઠાણા વડે ઢાંકવું પડે, ઘરના લોકોના ઉપાલંભ સામે રીઢા થઈ જવું પડે, જાતજાતની પરિસ્થિતિઓને સાંભળતાં સતત સાવચેત રહેવું પડે...હું છૂટાછેડાની ના પાડી, એમને આવું બધું કરવાની ફરજ પાડું – એ જુલમ ન કહેવાય ?'

'પણ મા, એ પોતાના જ સુખનો વિચાર કરે છે. એમણે તારો વિચાર કર્યો જ નથી !' અશેષે કહ્યું.

'કર્યો હશે દીકરા, એટલે તો આટલા વખત સુધી તે બોલ્યા નહીં. એમણે જોયું કે તમે બધાં છો –' તે હસી. 'આ ઉંમરે હું પરિપક્વ ને સ્વાધીન ન કહેવાઉં ? જિંદગી આખી તેમનો આશ્રય મળે તો જ હું જીવી શકું ?'

'મને આ મંજૂર નથી.' હર્ષે કહ્યું.

'મને પણ નથી.' અશેષ બોલ્યો.

વસુધાએ સંતાનો પ્રત્યે ઊંડી કૃતજ્ઞતા અનુભવી. 'સાંભળો, એમને મુક્ત કરવાથી હું પણ મુક્ત થઈ શકું – એમ પણ બને. ન બને શું ?'

હર્ષ ને અશેષ તેની સામે તાકી રહ્યા.

'આજ સુધી હું એમને અનુલક્ષીને, એમના સંબંધમાં, એમના અનુસંધાને જ જીવી છું. એમને માટે ચા બનાવવી, એમના માટે પાણી કાઢવું, એમને ભાવતું રાંધવું, એમની રાહ જોવી, એમને અગવડ ન પડે તેની કાળજી રાખવી – એની સામે જ મારી નજર હંમેશા મંડાયેલી રહી છે. મને લાગે છે, હવે મારે એવું નહિ કરવાનું હોય તો મને ગમશે. હવે મને એકલાં હોવું ગમશે. જિંદગીનો અંત આવે ત્યારે તો સંબંધો પૂરા થાય જ છે ને ? આ સંબંધ થોડોક વહેલો પૂરો થયો – એમાં આટલા વ્યગ્ર થવાની શી જરૂર છે ?' તેના મોં પર નિશ્ચયાત્મકતાનું તેજ હતું.

આ પછી શું બોલવું તે કોઈને સૂઝ્યું નહીં. ઘણી વાર સુધી બધાં બોલ્યા

વગર બેસી રહ્યાં. છેવટ અશેષ બોલ્યો : 'જોકે મને આ બધું ગમતું નથી, પણ તેં આટલું બધું નક્કી કર્યું છે તો –'

'તું રહીશ તો અમારી સાથે જ ને ?' હર્ષે કહ્યું.

'અમે થોડા વખતમાં જુદો ફ્લૅટ લેવાના છીએ. તમે અમારી સાથે રહેજો.' સુનીલાએ કહ્યું.

'અને પૈસાની ચિંતા તો જરા પણ કરતી જ નહીં !' હર્ષે કહ્યું. મનમાં કહ્યું : પપ્પા સાથે હું પણ રહેવાનો નથી તો !

...બધાના ગયા પછી કમલ એકલી વસુધા પાસે આવી. બહુ નજીક આવીને બેઠી. ધીરા અવાજે કહ્યું : 'બીજાઓને ભલે ન સમજાય, પણ મને તમારી વાત સમજાય છે હં, મા ! તમે આ રૂમમાં પલંગ ખસેડાવ્યો ત્યારે જ મને હતું કે કાંઈક બનશે.' અને અવાજને હજુ વધારે ધીરો કરીને બોલી : 'આ એક બાબતમાં, ધે હાર્ટલી રિસ્પેક્ટ અવર ડિઝાયર ઓર લૅક ઑફ ઈટ.'

વસુધાએ કમલ સામે એક સમજણભરેલું સ્મિત કર્યું. સહસા કમલને થયું – પચાસ વર્ષેય માનો ચહેરો આકર્ષક લાગે છે !

*

વસુધાએ મનમાં વિચારી લીધું હતું : આગળનો માર્ગ નક્કી કરતાં પહેલાં થોડા દિવસ વિનોદને ત્યાં રહેવાનું. જરૂરી થોડી ચીજવસ્તુઓ અને બે-ચાર કપડાં એક બૅગમાં ભરીને તે નીકળી. સલીનાને સાથે જવું હતું, પણ વસુધાએ કહ્યું : 'ત્યાં થોડા જ દિવસ છું. પછી શું કરવું, તે જોઉં છું. બધું ગોઠવાય પછી તું આવજે.'

હર્ષ-અશેષે કહ્યું : અમે તને વિનોદમામાને ઘેર મૂકી જઈએ પણ વસુધાએ ના પાડી. વિદાય આપતાં દીકરાઓને ગળે ડૂમો ભરાયો, પણ વસુધાએ તેમને ખભો થાબડી સ્વસ્થ કર્યા અને 'તમે જુદું ઘર કરો, પછી જોઈશું.' – કહીને તે ટૅક્સી કરીને વિનોદને ઘરે ગઈ.

બૅગ સાથે બહેનને આવેલી જોઈ વિનોદ તો સ્તંભિત જ થઈ ગયો. વસુધાએ બધી વાત કરી. વિનોદના મોં પર પ્રશંસાના ભાવ આવ્યા : 'તેં બરોબર જ કર્યું છે વસુધા. તારે અહીં જેટલું રહેવું હોય તેટલું નિશ્ચિંત થઈને

રહેજે, અને જરાયે નિરુત્સાહ થતી નહીં. જીવન એ કાંઈ જેમતેમ, જે-તે સંબંધમાં, જેવી-તેવી રીતે પૂરું કરી નાખવાની બાબત થોડી જ છે ? એનું તો એક સુંદર કલાકૃતિની જેમ આપણે સર્જન કરવું જોઈએ, ભલેને સંજોગો ગમે તેવા હોય !'

વસુધા નિરાંતે પગ લંબાવીને બેઠી. વિનોદે હૃદયપૂર્વક તેને આવકારી હતી. અહીં થોડા દિવસ તો સુખેથી રહી શકાશે.

અચાનક યાદ આવતાં વિનોદ બોલ્યો : 'પણ વસુધા, તું તો કેવી ગભરુ ને નરમ હતી ! આવડો મોટો નિર્ણય કરવાની શક્તિ ને હિંમત તારામાં ક્યાંથી આવ્યાં ?'

'એનું એક રહસ્ય છે.' વસુધા સ્મિત કરતાં બોલી.

'મને કહી શકાય તેમ હોય તો કહે. હું જાણવા આતુર છું.' વિનોદે કહ્યું.

વસુધા સહેજ વાર શાંત રહી. પછી બોલી : 'તે રાતે વ્યોમેશે વાત કરી ત્યારે થોડીક વાર તો મને મારું જીવન અંધારા કૂવામાં ગરક થઈ જતું લાગ્યું. આવું બને જ શી રીતે ? મેં વારંવાર પ્રશ્ન ઘૂંટ્યા કર્યો. મારા રૂમમાં એકલી જઈને હું બેઠી ત્યારે મને થયું કે આજે રાતે હું ઊંઘી જાઉં ને સવારે મારી આંખ જ ન ઊઘડે તો કેવું સારું ! હું શી રીતે પરિસ્થિતિનો સામનો કરીશ ? કયા મોંએ બધાંની સામે ઊભી રહીશ ?

'મારું મન તરફડાટ કરવા લાગ્યું. આટલાં બધાં વર્ષ સુખદુઃખમાં મેં સાથ આપ્યો તેનો આ બદલો ? મન ચીસ પાડી ઊઠ્યું. વિદ્રોહ ને કડવાશથી ભરાઈ ગયું, વેર વાળવાનાયે વિચાર આવ્યા.

'ઊંઘ તો આવે જ ક્યાંથી ? મારી નાનકડી રૂમમાં આંટા માર્યા. પાણી પીધું, બારી પાસે ઊભી રહી. બારીની બહાર જોયું. તેં મારો એ રૂમ જોયો છે, ભાઈ ? એને મોટી બારી છે. આખી બારી ઉઘાડી નાખી. અંદર ધસમસાટ કરતું ચાંદનીનું પૂર ફેલાઈ આવ્યું. આકાશમાં જોયું. ચંદ્ર હસતો હોય એમ લાગ્યું. મેં જોયા કર્યું. ચંદ્ર ધીમે ધીમે ખસતો હતો. બારીમાં પહેલાં દેખાતા હતા તે તારા પશ્ચિમ તરફ સરી ગયા હતા ને હવે બીજા તારાઓ મધ્યાકાશમાં આવ્યા હતા. મેં જોયા જ કર્યું. ધીમે ધીમે મારો આવેગ શમી જવા લાગ્યો. ઉશ્કેરાટ ઓછો

થયો. વિચારો શાંત થયા. વેરની ભાવના મનમાંથી સરી ગઈ. મન વિચાર વગરનું થવા લાગ્યું. ચંદ્રનો સૌમ્ય મોહક તેજપિંડ, પારદર્શક સફેદ રંગના વાદળ, તારાઓનો શ્વેત ચમકાર, એ બધાંને સમાવી રહેલું ગહન શ્યામ આકાશ, બધું જોતાં જોતાં મન સાવ વિચારહિત થઈ ગયું. અંદર કોઈ વિક્ષેપ રહ્યો નહીં, કોઈ ઘર્ષણ રહ્યું નહીં. મારી ને આકાશની વચ્ચે, અફાટ અગાધ સુંદરતા ને મારી વચ્ચે કોઈ ભેદ રહ્યો નહીં. હું જ આકાશ બની ગઈ હોઉં એવું લાગ્યું. એક નિસ્તરંગ, નિઃશબ્દ સંપૂર્ણ સુંદર આકાશ. અને તે જ મારું મન. તે જ ચંદ્ર અને તે જ તેનો મધુર શીળો પ્રકાશ.

'તે વખતે મને સમજાયું – દુઃખ આવી પડતાં જે મન કડવાશની લાગણી ઘૂંટે છે તે નિર્બળ છે. ક્ષુદ્ર મન જ વેર લેવાની ઇચ્છા રાખે છે. મારી અંદર ચાલતા ઝઘડાનો અંત આવી ગયો. મેં વિચાર પણ નહોતો કર્યો ને અંદરથી એક નિર્ણય ઊપસ્યો કે વ્યોમેશને મારે મુક્ત કરવા જોઈએ. મને થયું – ભૂતકાળના એક અધૂરા ખોટા કાચા સંબંધનો અહીં અંત આવે છે. કદાચ એ પ્રમાણે જ નિર્માણ છે. તો ભલે એમ થાય. કશાને વળગવું, એને માટે સળગવું, એ માટે ઝાવાં મારવાં, હાથ ફેલાવવા, રુદન કરવું બધું મિથ્યા છે. વાદળ હોય, વરસાદ હોય, અમાસ હોય, સૂર્ય હોય, ગ્રહણ હોય – આકાશ નિષ્પલક નેત્રે બધું જોયા કરે છે. હું પણ બધું નિષ્પલક નેત્રે જોઉં છું. કંઈ દુઃખ નથી, કોઈ પીડા નથી. પકડી રાખવું તે પીડા છે. સત્યને સત્ય તરીકે જોવામાં વેદનાનો અંત છે...'

વિનોદ સ્તબ્ધ થઈને સાંભળી રહ્યો.

વસુધાએ આંખો બંધ કરી – જાણે ફરી વાર એ અનુભવને જીવતી હોય !

'પછી હું ઊંઘી ગઈ. સવારે ઊઠી ત્યારે મન સ્વચ્છ ને સ્પષ્ટ હતું. હિંમત એકઠી કરવાની, જોર કરીને નિર્ણય પર પહોંચવાની જરૂર જ ન રહી. બધું જાણે આપમેળે બની આવ્યું.' તે હસી. 'એ અનુભવ હું કદી ભૂલીશ નહીં. એણે મારો માર્ગ બહુ સ્પષ્ટ કરી આપ્યો.'

વિનોદ અભિભૂત થઈ ગયો. તેને તો વારે વારે આંસુથી ભરાઈ જતી આંખોવાળી વસુધાનો પરિચય હતો. એની ભીતરમાં આવી અદ્‌ભુત શક્તિ પડેલી હશે તેનો કોને ખ્યાલ જ હતો !

*

થોડા દિવસોમાં વસુધાનું મન પાછું ધરતી પર આવી ગયું. પણ આકાશનો જે સંસ્પર્શ તે પામી હતી, તે તેની અંદર બળ બનીને સ્થિર થયો હતો. વિનોદે તેને આનંદગ્રામની વાત કરી અને એક વાર રેસ્ટોરાંમાં ભેટો થઈ જતાં અમારા બધાં સાથે તેની ઓળખાણ પણ તેણે કરાવી. એ પછી એક વાર અમે રસ્તામાં મળી ગયાં ત્યારે તેણે પૂછેલું : 'તમે લોકો રહો છો, ત્યાં હું આવી શકું ?'

પણ તેનું આવવાનું જરા વિચિત્ર રીતે બન્યું. વિનોદને ત્યાં તે આવી પછી આઠેક દિવસે વિનોદના એક મિત્રનો અચાનક તાર આવ્યો. એક જરૂરી કામે તેણે વિનોદને તરત દિલ્હી બોલાવ્યો હતો. મોડી સાંજનું વિમાન હતું. વસુધાએ કહ્યું : 'ચાલ, હું મૂકવા આવું.' તેને બહાર જવાની આ મુક્તિ બહુ સારી લાગતી હતી. ઘેર હતી ત્યારે તો ક્યાંય પણ જવું હોય તો વિચાર કરવો પડતો, ગોઠવણ કરવી પડતી, ઘરમાં સૂચના આપવી પડતી. અને હવે વિચાર આવે કે તે બહાર જઈ શકતી. આ તેને સુખદ લાગતું હતું.

વિમાનમથકે વિનોદને મૂકી આવ્યા પછી તે જરા દૂર ફરવા નીકળી ગઈ. ધીરે ધીરે બધું જોતાં તે ધાર્યા કરતાં વધુ દૂર ચાલી ગઈ. સૂર્ય આથમી ગયો હતો અને એકાએક જાણે દુનિયાનો કોલાહલ વિરામ પામી ગયો હોય એવી નિઃસ્તબ્ધતા અંધારાની છાયા ઓઢીને પૃથ્વી પર ઊતરી પડી. ફરી એક વાર શીતલ અસીમ શાંતિનો અનુભવ થયો. એક નાની ટેકરી પર બેસી તેણે પોતાના અસ્તિત્વને વિસ્તરતું જોયા કર્યું.

ઘણી વાર તે ઊઠી ત્યારે અંધારું થઈ ગયું હતું. ફરી તે પૃથ્વી પરના જીવન સાથે સંપર્કમાં આવી. ઘેર જવા માટે તેણે વાહનની શોધ કરવા માંડી, પણ એ રસ્તેથી કોઈ વાહનો પસાર થતાં નહોતાં. તે ઝડપથી ચાલવા લાગી. સહસા તેને યાદ આવ્યું કે આનંદગ્રામ આટલામાં જ છે. તે ઉતાવળે ચાલતી ત્યાં પહોંચી ત્યારે તો રાત પડી ગઈ હતી. આવા સમયે ત્યાં જતાં તેને જરા સંકોચ થયો. અમારાં બધાંનો તેને બહુ પરિચય તો નહોતો જ, છતાં ઉપાય નહોતો. આનંદગ્રામ શોધી કાઢીને તે અંદર આવી અનાયાસ તેણે મારી જ રૂમ પર ટકોરા માર્યા, અને મેં દ્વાર ઉઘાડ્યાં ત્યારે તે કંપતા અવાજે બોલી :

'આજની રાત હું અહીં રહું, ઈશા ?'

●

૩૯

વેરાન ધરતીમાં સુકાતા ગયેલા, પણ પોતાની કોઈક શક્તિથી ટકી રહેલા એક છોડને છેવટ્ કોઈ અદ્રષ્ટ હાથોએ ઊંચકીને કાંપવાળી ફળદ્રુપ જમીનમાં વાવ્યો અને પછી વાટ જોઈ.

એક રાત માટે આવેલી વસુધા સવારે જાગી ત્યારે એક અચંબો તેના ઉંબર પર રાહ જોઈને ઊભો હતો. પહેલાં વિનોદ સાથે તે અમને મળી ત્યારે અમારી સાથે મિત્રા નહોતી. આનંદગ્રામમાં વસુધાના આવવા વિશે ખબર પડતાં, તે સવારમાં ઉતાવળે પગલે આવી. વસુધા નામ તો ભૂતકાળની ગલીઓમાં પડઘાયું હતું ! આવીને તે વસુધાને ઓળખવા મથતી હોય એમ જોઈ રહી. મેં ઓળખાણ કરાવી : 'વસુધા, આ મિત્રા !' વસુધા પણ મિત્રાનો ચહેરો ધ્યાનથી નીરખી રહી. પછી ઉત્તેજિત થઈને બોલી : 'સુમિત્રા ? સુમિત્રા તો નહીં ?'

મિત્રા તેને ઉમળકાથી ભેટી પડી. 'હા, સુમિત્રા જ ...પણ હવે મિત્રા.'

'મને હતું જ કે કોઈક દિવસ આપણે મળી જઈશું.' વસુધાના અવાજમાં આનંદ ઢોળાતો હતો.

'મને પણ.' મિત્રા ખરેખર ખૂબ ખુશ થઈ હતી. ખુશીના એ ધોધમાં, વચ્ચેનાં ન-મળ્યાનાં પચીસ વર્ષ પલકવારમાં ધોવાઈ ગયાં.

નવા જીવનની શરૂઆત તો શુકનવંતી થઈ ! – વસુધાને થયું. મિત્રાએ તેને પોતાની સાથે રહેવા આવવા આમંત્રણ આપ્યું અને વિનોદ દિલ્હીથી આવ્યો કે વસુધા આનંદગ્રામમાં રહેવા માટે આવી.

અહીં આવતાં સહુથી પહેલો અનુભવ હળવાશનો થયો. બધા વાઘા જાણે ઉતારી દીધા. તાણ નહીં, તંગદિલી નહીં, સમયનું દબાણ નહીં. આખા વાતાવરણમાં એક પ્રકારની નિરાંતવી હવા. મન પર રોજિંદા ઘરેડિયા કામનો ભાર ન હોય

એવું વસુધાએ જિંદગીમાં આ પહેલી વાર અનુભવ્યું. અંધકારના જળમાંથી ઉષાનું કમળ ધીરે ધીરે પ્રસ્ફુટિત થાય તેમ અહીં દિવસો ધીરે ધીરે, અવાજ કર્યા વિના ઊઘડતા. અહીંના જીવનની સાદગી જોઈ તેણે તાજગી અનુભવી. ઘેર તો ઊઠતાંવેંત કેટલી ધમાલ ને ઉતાવળ ! બધાં કામ ઘડિયાળને કાંટે તોળાઈ રહેતાં. એકનો સમય આઘોપાછો થાય તો 'ચેઈન રીઍક્શન'ની જેમ બધાંને એની પ્રતિક્રિયા નડતી. અશેષ-સુનીલા વચ્ચે ઘણી વાર ઊંચા સાદે વાતો થઈ જતી તેનું કારણ આ તાણ જ હશે. માણસ ઉતાવળમાં હોય ત્યારે તેની સાથે સૂર મેળવી શકાતો નથી. આનંદગ્રામમાં બધાંને કામ હોવા છતાં બધાંને પોતાનો લય હતો. સહેજે બધાંની સાથે આત્મીય સંબંધ બાંધી શકાય એવી અહીંની જીવનશૈલી હતી. અહીં બધાંનાં વ્યક્તિત્વ જુદાં હતાં, શક્તિઓ જુદી હતી, રુચિ જુદી હતી, પણ બધાં સમાનભાવે જીવતાં હતાં. અહીં ઊંડામાં ઊંડી સંવેદના પ્રગટ થવાની તક હતી. એ સ્વતંત્રતા હતી. એ પ્રેમ હતો.

ઘરની વાત યાદ આવતાં વ્યોમેશ યાદ આવ્યો. તેને શું લાગ્યું હશે એની ખબર પડી નહીં. ગુસ્સો જ આવ્યો હશે. પણ હવે એ બાબત સાથે પોતાને સંબંધ ન હોય એવું લાગ્યું. સલીના યાદ આવી. સલીનાને પોતાની પાસે આવવું ગમશે. અને એ પોતાનું જુદું ઘર હોય તો જ બની શકે. મિત્રા સાથે થોડો વખત રહેવાનું બરાબર છે, પણ હંમેશ રહેવું હોય તો જુદું ઘર બનાવવું જોઈએ. પણ એ માટે પૈસા ક્યાંથી લાવવા ? પોતાનો સઘળો શ્રમ ને સઘળી શક્તિ સમર્પીને જે ઘર સંભાળ્યું હતું, સ્નેહના સ્પર્શ વડે સજીવ બનાવ્યું હતું તે ઘર તો વ્યોમેશના એક વાક્યથી 'પોતાનું' મટી ગયું હતું.

હવે એક નાનું ઘર બનાવવું જોઈએ, જે 'પોતાનું' હોય. અને રોજના નિર્વાહ માટે પણ વ્યવસ્થા કરવી પડશે તો !

કમાવાના વિચારમાત્રથી તેને રોમાંચ થયો. કોઈ દિવસ જાતે રોટલો રળવાની પરિસ્થિતિમાં મુકાવું પડશે એવી કલ્પના તો કરી નહોતી...પણ હું શું કરીશ ? મને કાંઈ આવડતું તો નથી !

શરૂના થોડા દિવસ તો તે વિચારમાં ડૂબેલી રહી. પોતે જે કર્યું છે તે બરાબર કર્યું છે તેમ લાગતું હતું. તે વિશે અફસોસ નહોતો કે એક અણધારી પરિસ્થિતિમાં મુકાઈ જવા બદલ ચિંતા નહોતી. પણ રહી રહીને મનમાં સવાલ

ઊઠતો : 'એક બંધાયેલું ઘર વીખરાઈ ગયું. આ શું યોગ્ય થયું ?' ફૂલઘરમાં બેસીને તેણે કટકે કટકે કરીને પોતાની આખી વાત અમને કરી ત્યારે તે ફરી ઉદાસ થઈ ગઈ હતી. તેને એ પણ નવાઈ લાગી કે એક વખત પોતાના હૃદયમાંથી બધો શોક સરી પડ્યો હતો ને વળી મનમાં આ કંઈક ખટકવા કેમ લાગ્યું ?

તે આવી તેના ચાર-પાંચ દિવસ પછીની વાત.

સ્વરૂપે તેને કહી રાખેલું કે તમને અનુકૂળ હોય ત્યારે મારા ફળબાગમાં આવજો. ત્યાં મારા એક હજાર મિત્રો તમને મળીને રાજી થશે. વસુધા પહેલાં તો સમજી જ નહીં કે એક માણસને આટલા બધા મિત્રો શી રીતે હોય !

તે દિવસે તેનું મન સહેજ ઉદાસ હતું. એકલી ફરતી ફરતી તે ફળબાગ તરફ ગઈ. દૂરથી તેણે સ્વરૂપને જોયો. એક વૃક્ષને અઢેલીને તે બેઠો હતો. આંખો બીડેલી હતી. વૃક્ષ જેટલો જ તે શાંત અને સ્થિર લાગતો હતો, જાણે વૃક્ષનો જ એક અંશ હોય ! વસુધા ધીમા પગલે તેની નજીક ગઈ. તેને વિક્ષેપ ન થાય તે રીતે. પણ તેનાં આંદોલનો સ્વરૂપને પહોંચ્યાં હોય, તેમ તે સમીપ પહોંચી કે સ્વરૂપે આંખો ઉઘાડી, અને વસુધા સામે એક મૃદુ સુંદર સ્મિત કર્યું. કોઈનુંયે માત્ર સ્મિત શું આટલી બધી શાતા ને આશ્વાસન આપનારું હોઈ શકે ?

તે તેની સામે ભોંય પર જ બેસી ગઈ. સ્વરૂપની આંતરબાહ્ય શાંતિ પાસે તેનું પોતાનું જીવન દરિદ્ર, વિફળતાઓથી ભરેલું લાગ્યું. પોતે ઘણું સહન કર્યું હતું, પણ એ સહન કરવામાં કશી મહત્તા તો નહોતી ! અને એક રાતે આકસ્મિક જ જે એક ચમત્કારિક અનુભવ થયો હતો, અને જે અનુભવે તેને ઘર છોડવાની શક્તિ આપી હતી તે પણ હવે ઝાંખો પડવા લાગ્યો હતો. તેનું હૃદય અસ્થિર થઈ ઊઠ્યું. 'હું સાચા માર્ગે છું ? મને કહો, મેં જે કર્યું તે બરોબર કર્યું છે ?' તેની આંખમાં આંસુ આવ્યાં.

સ્વરૂપ તેના સ્વભાવ મુજબ ઘણી વાર સુધી મૌન રહ્યો અને પછી તે બોલ્યો ત્યારે શબ્દો તેના હૃદયમાંથી આપમેળે ફૂટતા હોય તેમ બહાર આવ્યા : 'જે માણસ પોતાની અંદર એકાકિતા સિદ્ધ કરે છે તેના જ સંબંધો સાચા બને છે. કારણ કે પછી એ સંબંધો પોતાને માટે કંઈક પામવા અર્થે નથી હોતા, સામેની વ્યક્તિ એમાં પછી પોતાની તૃપ્તિ માટેનું માધ્યમ નથી બનતી. એ સંબંધ

સ્થૂળ સગાઈ અને સ્થૂળ અપેક્ષાઓ પારનો સંબંધ હોય છે. તેમાં પ્રેમ અને આદર હોય છે, આગ્રહ, જબરદસ્તી કે માગણી નથી હોતાં. અને એ માટે માણસ પોતાની અંદર શોધ કરે, પોતાનાં અત્યાર સુધીનાં કાર્યો-સંબંધો તપાસે, ફંફોળે, તેને વિશે પ્રશ્નો કરે, એ સારું જ છે. એથી ઉપરથી ક્યારેક બધું વીખરાઈ જતું, તૂટી-ફૂટી જતું લાગે તોપણ તેમાં કલ્યાણ જ હોય છે.' તે સહેજ અટક્યો અને દૂર દેખાતી ટેકરીઓ તરફ નજર નાખી : 'એક અનુભવ જીવનમાં બસ થઈ પડે એવું ન પણ બને, પણ તે રૂપાંતરની, વધુ શક્તિ આનંદ પ્રકાશ પૂર્ણતા તરફ જવાની શરૂઆત થઈ હોવાનો સંકેત તો આપે જ છે.'

'તમને લાગે છે, મારી ગતિ આનંદ ને પ્રકાશ તરફની છે ? હું મારા ભૂતકાળથી શું એટલી અળગી થઈ શકું ?'

સ્વરૂપે ડોકું હલાવ્યું. 'શા માટે નહીં ? માણસ ધુમ્મસમાંથી સૂર્યપ્રકાશમાં ન આવી શકે ? તળેટીમાંથી શિખર પર આરોહણ ન કરી શકે ?'

આ શબ્દો પાછળ રહેલી શ્રદ્ધાએ વસુધાના મન પર ઊંડી અસર કરી. પોતાની અંદર એકલતા સિદ્ધ કરવી – બહુ પ્રકાશિત શબ્દો હતા એ. કદાચ એ માણસ જ એવો પ્રેમ-સંબંધ રચી શકતો હશે, જેમાં પૂરી જવાબદારી હોય અને સાથે પૂરી સ્વતંત્રતા હોય.

એકાએક થયેલા શોરબકોરથી તે જાગ્રત થઈ. છોકરાઓનું એક ટોળું આવ્યું હતું. વસુધાને સ્વરૂપે કહ્યું : 'આવો, મારા મિત્રોની ઓળખ કરાવું.'

એ મિત્રો તે તેણે વાવેલી જામફળીનાં લીલાંછમ, ઘટાદાર પાનવાળાં ઝાડવાં. વસુધા તેની નજીક ગઈ કે પવનના એક સપાટાથી બધાં ઝાડવાં ડોલી ઊઠ્યાં.

'તમે આવ્યાં તેથી તે બધાં રાજી થયાં છે.' સ્વરૂપે કહ્યું.

વસુધા તેના તરફ તાકી રહી. આ માણસ કયા પ્રદેશની ભાષા બોલે છે ?

જામફળી પર જામફળ આવવાને હજુ વાર હતી. પણ જાંબુના ઝાડ પર હજુ થોડાં જાંબુ હતાં. સ્વરૂપે છોકરાઓને પહેલાં જાંબુ ખવડાવ્યાં અને પછી જાંબુના ઠળિયામાંથી જાંબુ જ ઊગે અને જામફળનાં બીમાંથી જામફળ – તેમ સમજાવતાં જેનેટિક્સના સિદ્ધાંતો શીખવવા માંડ્યા.

સ્વરૂપને બાળકો સાથે રહેવા દઈ વસુધા પાછી ફરી ત્યારે તેનું મન ફરી ચોખ્ખું બની ગયું હતું.

ચાલતાં ચાલતાં યાદ આવ્યું. વિનોદે કહેલું : દરેક માણસનું તેના ઘર ઉપરાંત એક બીજું નિવાસસ્થાન હોય છે, જેમાં તે રહે છે.

સ્વરૂપ શામાં રહેતો હશે ?

પોતાનામાં જ વળી – આપોઆપ જવાબ સ્ફુર્યો. એથી સ્તો તેનામાં આટલી શાંતિ, આટલી સ્થિરતા, આટલો વિસ્તાર છે. તે વૃક્ષ જેવો છે. ઊંડાં મૂળિયાં નાખેલો, નીચેથી ઉપર સુધી જીવંત, અજાણ્યાને પણ છાયા આપે તેવો.

...અને હું શામાં રહું છું ?

એનો જવાબ હજી શોધવાનો હતો.

*

નવેસરથી વાવેલા છોડને પહેલું પાંદડું ત્યારે ફૂટ્યું જ્યારે વસુધાએ મિત્રાનું ગાલીચા બનાવવાનું કામ થોડા દિવસ જોયું અને પછી એને માટે નવી ડિઝાઇન બનાવી. 'મિત્રા, આ ડિઝાઇન અને આ રંગો કેમ લાગે છે ?'

મિત્રા જોઈને દિંગ થઈ ગઈ. 'વાહ, આ તો ખૂબ સરસ છે ! રંગપૂરણી પણ સુંદર છે. પહેલાં કદી ડિઝાઇન બનાવી છે ? ચિત્રકળાનો અભ્યાસ કર્યો છે ?'

વસુધા હસી પડી. 'મેં તો ગાલીચા બનાવાતાં જ અહીં પહેલી વાર જોયા. અને ચિત્રકળા તો શું, મેં તો કોઈયે અભ્યાસ કર્યો નથી. પણ મને રંગો ગમે છે. કુદરતમાં કેટલા બધા રંગો છે એ વિશે મને હંમેશાં આશ્ચર્ય થયું છે.'

વિશ્વાસ ન બેસતો હોય એમ મિત્રાએ માથું હલાવ્યું. ધીમા અવાજે બબડી – આટલી બધી ટેલન્ટ, અને એને પ્રગટ કરવાની તક જ ન મળી ?

તે દિવસથી વસુધાએ મિત્રાના કામમાં થોડી થોડી મદદ કરવા માંડી.

અગ્નિવેશની બેકરીમાં પણ તેને એટલો રસ પડ્યો કે થોડા વખતમાં ઘણું કામ સમજાઈ ગયું. અને અગ્નિવેશને દૂરની એક સંસ્થાએ પોતાને ત્યાં આવી બેકરી ઊભી કરવા બોલાવ્યો ત્યારે બેકરીની જવાબદારી વસુધાએ સંભાળી.

જ્યારે પણ વખત મળે ત્યારે તે બીજાનાં કામમાં મદદ કરવા પ્રયત્નો કરતી. સ્ત્રીઓ પ્રત્યેના સમાજના વલણનું ભાષામાં ક્યાં કેમ પ્રતિબિંબ પડે છે તેના પર એના થોડું કામ કરતી હતી, તેમાં તો વસુધાને ખાસ મઝા આવી. 'પતિ શબ્દ જુઓ જોઈએ' તેણે એનાને કહ્યું. 'પતિ શબ્દમાં જ માલિકીનો, અધિકારનો ભાવ છે, જેમ કે હળપતિ, ગૃહપતિ, રાષ્ટ્રપતિ; પણ પત્ની એટલે માત્ર કોઈની સ્ત્રી...પુરુષાર્થ શબ્દ પણ આ રીતે વિચારવો જોઈએ.'

'પણ તું કહેતી હતી કે તને કાંઈ આવડતું નથી ! તને તો કેટલી બધી ખબર પડે છે !' એનાએ પ્રશંસાપૂર્વક કહ્યું.

'આ આનંદગ્રામની ભૂમિ જ એવી છે !' જયાબહેન ત્યાં બેઠાં બેઠાં સાંભળતાં હતાં. તેમણે કહ્યું, 'આજ સુધી બહાર ન દેખાયેલા, પણ અંદર રહેલા ગુણોને પ્રગટ કરવાની તે તક આપે છે !'

વસુધાએ નવું કામ શોધવાને બદલે આનંદગ્રામમાં ચાલતાં કામોમાં જ જોડાઈ જવાનું પસંદ કર્યું. અને પહેલી વાર તેના હાથમાં તેની કમાઈના પૈસા આવ્યા ત્યારે એક વિચિત્ર લાગણીથી તેનું હૃદય ભરાઈ ગયું. આ મારી મહેનતના પૈસા છે ? ...કેવી અજબ જેવી વાત ! કામ તો આજ સુધી ખૂબ કર્યું હતું. આખી જિંદગી કર્યું હતું, પણ કમાણી કદી કરી નહોતી. અને આજે આ પૈસા માત્ર તેના હતા. એ કોઈ પાસેથી માગેલા નહોતા. એ ખર્ચવા વિશે કોઈને પૂછવાનું નહોતું. કોઈ એનો હિસાબ માગનાર નહોતું. તેણે આત્મવિશ્વાસ અને આત્મગૌરવનો અનુભવ કર્યો. વિફળતાની લાગણી ચાલી ગઈ. પોતામાંયે આવડત છે, પોતે કમાઈ શકે છે, આનંદગ્રામને ઉપયોગી થઈ શકે છે, એ ભાનથી આનંદ થયો.

મનોમન વ્યોમેશનો આભાર માન્યો. એણે જે કર્યું તે ન કર્યું હોત, તો પોતાની અંદર આ શક્તિઓ છે એની ખબર ક્યારેય ન પડત.

આ પૈસામાંથી સલીનાને આપીશ. કહીશ – તારા ક્રાન્તિના કામમાં વાપરજે.

છોડને નવાં નવાં પાન ફૂટવા લાગ્યાં, અને એક દિવસ એને પુષ્પ પણ ફૂટ્યું, જ્યારે વસુધાએ કહ્યું : 'અહીં કમળતળાવડી કેમ નથી ? આવી સરસ

વસાહતમાં કમળતળાવડી તો હોવી જ જોઈએ.'

અમને કોઈને તો આ વાત સૂઝેલી જ નહીં. તેનું સૂચન બધાંએ ઉત્સાહથી વધાવી લીધું. આભા, અલોપા, સ્વરૂપ, અગ્નિવેશ અને વસુધાએ મળી થોડા જ દિવસોમાં કમળતળાવડી બાંધી. અંદર કમળ વાવ્યાં. કાંઠા પર પથ્થરની બેઠક બનાવી. થોડા વખત પછી અહીં શ્વેત, નીલ, રક્તરંગી કમળો ખીલશે અને તેનાં મોટાં પાંદડાંથી પાણીની ઘણીખરી સપાટી ઢંકાઈ જશે.

ઘેરથી બધાં અવારનવાર તેને મળવા આવતાં. માત્ર વ્યોમેશ એક્કે વાર આવ્યો નહીં. એક દિવસ કમલ એકલી આવી. કાગળમાં વીંટાળેલી કોઈક વસ્તુ વસુધાને આપી. 'પપ્પાજીએ મોકલાવી છે.'

કુતૂહલ થયું. ખોલીને જોયું. એ જ પેલી સુખડની પેટી. અંદર મખમલથી મઢેલી. એમાં ઘરેણાં હતાં. પણ થોડાં. પિયરથી લાવેલી તે. સાસરેથી જે અપાયા હતાં તે બધાં વ્યોમેશે કાઢી લીધાં હતાં. પેલો હાર પણ નહોતો. પહેલાંનો વખત હોત તો ખૂબ માઠું લાગ્યું હોત. અત્યારે એટલું જ થયું : યાદ તો બરોબર રાખ્યું છે, કશી ભૂલ થઈ નથી.

આ ઘરેણાં વડે મકાન બાંધી શકાય. પણ ના, આ તો સલીના માટે છે. તેને આપવાની વાત કરી છે. એક વાર એક વસ્તુ આપવાનું મન કર્યું એટલે એ આપી દીધી જ ગણાય.

*

– અને એક દિવસ દીપંકર આવ્યો. સૌથી નાનો દીકરો. થોડાંક વર્ષોથી અમેરિકા હતો. હર્ષે તેને પત્ર લખ્યો હતો. તરત ને તરત તેનાથી નહોતું અવાયું, પણ થોડા વખત પછી આવ્યો ખરો. વસુધાને ઉમળકાથી ભેટી પડ્યો. 'અરે મા, તું તો જરા પણ બદલાઈ નથી. તને જોઈને કોઈ કહે જ નહીં કે તું અડધી શતાબ્દી ઓળંગી ગઈ છે.'

'અને તું કેટલો બદલાયેલો લાગે છે !' વસુધાએ કૌતુક અનુભવ્યું. ગયો ત્યારે કેવો નાનો, પાતળો – કુમળો લાગતો હતો ! હવે ઊંચો, પહોળો, ઘડાયેલો લાગે છે. કુમાશને બદલે હવે ચહેરા પર પક્વતા છે. તેની બોલચાલ, છટા, વસ્તુઓને જોવાની દૃષ્ટિ પણ કેટલાં બદલાઈ ગયાં હતાં !

'મા, મને હર્ષભાઈએ પપ્પાને સમજાવવા બોલાવ્યો હતો, પણ મેં શું કર્યું, ખબર છે ?'

'શું ?'

'મેં તો ઊલટાના બેઉ ભાઈઓને જ સમજાવ્યા.'

'હર્ષ-અશેષને ? શાના વિશે ?'

'પપ્પા વિશે સ્તો.' મેં કહ્યું : 'અમેરિકામાં તો ગમે તેવી મોટી ઉંમરે, ગમે તેટલા લાંબા લગ્નજીવન પછીયે લોકો છૂટાં પડી જતાં હોય છે. સિત્તેર-પંચોતેરની ઉંમરે ફરી લગ્ન કરતાં હોય છે. ન ગમતા માણસ સાથે અનિચ્છાએ, બળજબરીથી રહેવાનો શો અર્થ છે ?'

'છેક એમ જ નથી, દીપુ !'

'મને ખબર છે, ખબર છે. આવી છૂટ હોય તો પુરુષો એનો લાભ લઈ સ્ત્રીઓને અસહાય સ્થિતિમાં મૂકી દે, એમ ને ? પણ સ્ત્રીઓએ પુરુષ પર આટલાં અવલંબીને શું કામ જીવવું જોઈએ ? એક વાર એક સંબંધ બંધાયો એટલે એ અફર જ છે, એમ કોણે કહ્યું ? સમાજ પોતાના સાતત્ય માટે સંબંધના સાતત્યની માગણી કરે છે. સમાજનાં એ ધોરણોને પાળવા માટે લોકો પોતાની પ્રામાણિક મનોવૃત્તિને ઢાંકી દઈ આદર્શનો સ્વાંગ રચે છે. એટલે તો અહીં બધાંના જીવનમાં આટલો દંભ છે. અમેરિકામાં લોકો કંઈ નહીં તો ખુલ્લા ને પ્રામાણિક તો છે ! એટલે મેં તો કહ્યું, 'પપ્પાને જે કરવું હોય તે કરવા દો. મા દુઃખી ન થાય એટલું બસ છે. પપ્પા સાથે મેં વાત કરી. પણ મને એમનું કહેવું ગમ્યું નહીં, હં મા ! કહે : એને બધું પોતાનું ધાર્યું કરવું હતું, એવું ઘરમાં કેમ ચાલે ? જોયું ને મા, એમણે નિખાલસ થઈને કહ્યું હોત કે મને બીજી સ્ત્રીમાં રસ છે, તો મને વધુ ગમત.'

એને પોતાનું ધાર્યું કરવું છે...સ્વતંત્રતા અને સચ્ચાઈની પોતે વાત કરી તેનો વ્યોમેશે આ જ અર્થ કર્યો ? – વસુધાને જરાક મનમાં લાગી આવ્યું. પણ પછી તે ખંખેરી નાખ્યું. જવા દો. દરેક માણસ પોતાની કક્ષા પ્રમાણે અર્થઘટન કરતો હોય છે, પોતાની મર્યાદા વડે બીજાને માપતો હોય છે.

'મેં તો હર્ષભાઈને કહ્યું કે અમેરિકામાં તો પચાસ-સાઠ વર્ષે લોકો ફરી

ભણવા પણ જતા હોય છે. તેઓ છેલ્લી ઘડી સુધી જીવન જીવે છે, 'રિઝાઇન' નથી થઈ જતા. ત્યાં આ બધું બહુ સ્વાભાવિક છે ! અહીં તો ભણવાની વાત આવે તો તરત પ્રશ્ન પૂછે : હવે ક્યાં કમાવું છે ? જાણે ભણવાનું કમાવા માટે જ હોય. જ્ઞાન ખાતર જ્ઞાનનું કાંઈ મૂલ્ય જ નહીં !' પછી અચાનક બોલ્યો : 'ચાલ મા, અમેરિકા આવવું છે ? તું આવે તો મને બહુ ગમે...' સહેજ સંકોચાઈને બોલ્યો : 'મેં તો ભાઈને કહ્યું કે મા પણ ફરી લગ્ન કરે તો શો વાંધો છે ?' તે હસ્યો : 'પણ અહીં બધાંને એ બહુ વિચિત્ર લાગે, નહીં ? જાણે મોટી ઉંમરે સાથ-પ્રેમ-નિકટતા ઇચ્છવાં એ કોઈ દોષ હોય !'

દીકરો સમવયસ્કની જેમ વાત કરતો હતો. તેની પોતાને માટેની લાગણી જોઈ સારું લાગ્યું.

દીપંકર જ આગળ બોલ્યો : 'તું આવે તો મને ગમે, પણ કદાચ – તને ન ગમે. અહીં – આ –' તેણે આનંદગ્રામનો સંકેત કર્યો. 'આ ઘણું વધારે સરસ છે. અહીં જે આત્મીયતા ને સ્નેહભાવ છે, સાત્ત્વિક ને ઊંચી બાબતો માટેની ઝંખના છે તે ત્યાં નથી. ત્યાં બધાં પોતાનું જ સુખ શોધે છે અને એ પણ બહારનું. એ દૈહિકતાની ભૂમિ પર ઊભેલો, બૉડી-ઓરીએન્ટેડ સમાજ છે.'

દીપંકર થોડા દિવસ રહ્યો. વસુધાને લાગ્યું, ચારે દિશામાંથી સરવાણીઓ વહી આવીને તેને ચિંતિત કરે છે. ઘર છોડ્યાનો નાનો અમથો ડાઘ પણ હૃદય પર રહ્યો નહીં.

વસુધાએ ના પાડી તોયે જતાં જતાં દીપંકર તેના માટે ઘણા પૈસા મૂકતો ગયો. 'તને ઠીક પડે તેમ વાપરજે. જોઈએ તો કોઈને આપજે. એ તારા જ છે.'

આનંદગ્રામમાં વસુધા લીલા છોડની જેમ પાંગરવા લાગી. પહેલાં થતું – મારા જેવું વિચારનાર કોઈ હશે ? હવે તેને બળ મળ્યું કે તેના માર્ગ પર તે એકલી નહોતી. તેનું મન પરંપરાથી બંધાયેલું નહોતું અને નવી બાબતોનો તે સહેલાઈથી સ્વીકાર કરી શકતી હતી – એ જોઈને તેને પોતાને જ પોતા વિશે આશ્ચર્ય થતું હતું. જેમ કે કપડાંની વાત. આનંદગ્રામમાં સાંસ્કૃતિક કરતાં વૈજ્ઞાનિક અભિગમ વધુ હતો. કપડાં અહીં સાદાં, ઋતુ અનુસાર, કામની જરૂરિયાત અનુસાર પહેરવામાં આવતાં. એના ઇંગ્લૅન્ડમાં હતી ત્યારે અંગ્રેજ

સ્ત્રીઓ કહેતી : સાડી લાગે છે સરસ, પણ તમે લોકો મહેનતનું, ગતિનું કામ કરતાં હો ત્યારેય આ જ કપડાં પહેરો ? શિયાળો-ઉનાળો, દિવસ-રાત તમે એક જ જાતનાં કપડાં પહેરો ? પણ એના જયાબહેનનું મન ન દુભાય તેથી ત્યાં સાડી જ પહેરતી હતી. અહીં આવ્યા પછી તે બધી જાતના પોશાક પહેરવા લાગી – શર્ટ ને ટ્રાઉઝર્સ, મેક્સી, મીડી કાંઈ પણ. જયાબહેન હવે એટલાં ખુલ્લાં થયાં હતાં કે એના તેમને પણ ગાઉન પહેરવાનો આગ્રહ કરી શકતી અને જયાબહેનને એ ફાવ્યો પણ ખરો. મનમાં દલીલ કરી : પારસીઓ પહેરે જ છે ને ! રસોડામાં તો સાડી પહેરવા પર પ્રતિબંધ જ હતો. સાડી ખસી જાય, છેડો સરકી જાય, કિનાર પગમાં ભરાય, પાલવ ઊડે – આ બધું રસોડામાં જોખમકારક ગણાય. ત્યાં તો આખો સીવેલો પોશાક જ પહેરાતો. માથે કપડું બાંધવામાં આવતું, જેથી વાળ ન ખરે. વસુધાને પહેલાં સંકોચ થયો. પણ મિત્રાના આગ્રહથી તેણે પંજાબી ડ્રેસ પહેર્યો. પગ ખૂબ છૂટા અને ગતિશીલ લાગ્યા. મિત્રાએ તાળીઓ પાડી. 'હવે સંપૂર્ણ રૂપાંતર થયું !'

વસુધાને જરૂલ અને જયાબહેન સાથે પણ બહુ જ ફાવતું. એક તરફ જરૂલ, બીજી બાજુ જયાબહેન અને વચ્ચે પોતે બેઠી હોય ત્યારે જીવનના સાતત્યનો ખ્યાલ આવતો. જયાબહેનની કાળજી રાખતાં તેને તેની માતા યાદ આવતી. જયાબહેન માંદા પડ્યાં ત્યારે દિવસ-રાતનો ભેદ જોયા વિના તેણે તેમની ચાકરી કરી. પોતાની માની કશી સેવા તે કરી શકી નહોતી, તેનો મનમાં જે વસવસો રહ્યા કરતો હતો તે જયાબહેનની સેવા કરવાથી નીકળી ગયો.

એક દિવસ મૃત્યુ શાંત પગલે આવ્યું. જયાબહેને આગળથી જ કહી દીધું હતું : 'મને જીવ્યાનો પૂરો સંતોષ છે. માંદી પડું ત્યારે પરાણે જિવાડવાનો પ્રયત્ન કરતાં નહીં. છેલ્લી ઘડી સુધી સોય અને નળીઓથી મને બાંધતાં નહીં. આનંદથી મને વિદાય આપજો. હું જવા માટે પૂરેપૂરી તૈયાર છું.'

...તે દિવસે સાંજનો વખત હતો. જયાબહેને કહ્યું : 'મને બહાર બેસાડો.' એના ને વસુધાએ મળીને તેમને વરંડામાં બેસાડ્યાં. એનાએ પાછળ તકિયા ગોઠવ્યા. વસુધા એમને માટે ચા બનાવી લાવી. ચાનો કપ મોંએ માંડતાં તેમણે બંને તરફ એક માયાળુ સ્મિત કર્યું. માથું ઓશીકા પર ટેકવી તેમણે આકાશ ભણી જોયું. પશ્ચિમમાં સૂરજ ડૂબ્યો અને તે સાથે જ તેમણે આંખો મીંચી દીધી.

એના સમજી ગઈ. વસુધા સામે જોઈ ધીમેથી કહ્યું : 'વૉટ અ પોએટિક ડેથ !'

બધાં આવ્યાં. શોક નહીં. વિલાપ નહીં. ધાંધલધમાલ નહીં. મૌન, પ્રાર્થના અને શાંતિ. જયાબહેન પોતે જ થકી પોતાનું જીવન સફળ કર્યું હતું.

તેમની ભસ્મ આનંદગ્રામનાં ખેતરોમાં વેરી દેવામાં આવી.

તેમની ઇચ્છા અનુસાર, તેમના ગયા પછી તેમની રૂમ વસુધાને અપાઈ. વસુધા ઊંડી લાગણીઓથી હલી ઊઠી. 'હવે આ મારું ઘર !' તેણે પોતાને કહ્યું. વિનોદે તેને પેલું ઘોડેસવારનું ચિત્ર આપ્યું તે તેણે રૂમની દીવાલે ટાંગ્યું. પોતાનાં પુસ્તકો મંગાવ્યાં. નજીક ઊગેલા શંખેશ્વરની એક ડાળી સહેજ એવી રીતે વાળીને નમાવી કે તેનાં ફૂલ બારીમાં ઝૂલી રહે.

નવા જીવનની આ સુંદરતા માટે અદ્રષ્ટ ભણી કૃતજ્ઞતાથી તેનું હૃદય છલકાઈ રહ્યું.

*

થોડા દિવસ પછી કમળતળાવડીમાં પહેલી વાર કમળ ખીલ્યાં.

તે દિવસે અમે એનો ઉત્સવ ઊજવ્યો.

ઉજવણી પછી અમે ફૂલઘરમાં બેઠાં હતાં. બધાં પ્રસન્ન હતાં. વસુધાએ કહ્યું : 'અહીં બેસતાં જે આનંદ થાય છે તેવો આનંદ તો કોઈ રાજાને એના સિંહાસન પર બેસતાંયે નહીં થતો હોય, ખરું કે નહીં, મિત્રા ?'

'એ તો હમણાં કોઈ પ્રૉબ્લેમ નથી એટલે. કાલે કંઈક થાય તો બધો આનંદ ફરરર કરતો ઊડી જાય.' સુશીલાએ કહ્યું. અહીં કદી પગ નહીં મૂકું – એમ કહીને તે ગઈ હતી, પણ ગાલીચા વેચવામાંથી થતી કમાણીના લોભથી તેણે ફરી અહીં આવવાનું શરૂ કર્યું હતું. તેને હંમેશા અવળી બાજુ જોવાની ટેવ હતી. મિત્રા તક ચૂકે એમ નહોતી. પૂછ્યું : 'અરે સુશીલા, તારા ગળામાં મંગળસૂત્ર કેમ દેખાતું નથી ?'

સુશીલાએ અનાયાસ ખાલી ગળા પર હાથ ફેરવ્યો. રડમસ અવાજે બોલી : 'ચાર દિવસ પહેલાં દાદર ઊતરતી હતી, અંધારું હતું, કોઈ ઝડપથી આંચકીને ભાગી ગયું.'

'અરરર, બહુ ખોટું થયું.' મિત્રાએ સહાનુભૂતિ દર્શાવતાં કહ્યું, 'હવે તારા સૌભાગ્યનું શું થશે ?'

'આ કંઠમુક્તિનું શ્રેય ચોરને આપવાને બદલે ક્રાન્તિને આપ્યું હોત તો ?' એના હસી.

સુશીલા ચિડાઈને કંઈક બોલવા જતી હતી ત્યાં સ્વરૂપે હાથ સહેજ ઊંચો કરી એને અટકાવી, કંઈક સાંભળતો હોય એમ કાન માંડ્યા ને દૂર નજર નોંધી. દૂરથી કોઈ સહેલાણી સ્વર ગાતો આવતો હોય એવું લાગ્યું. બધાં એકદમ ચૂપ થઈ ગયાં. સ્વર નજીક આવતો ગયો. ફૂલઘરમાં ગયો. ફૂલઘરમાં અંધારા જેવું થઈ ગયું હતું. પણ બહાર હજુ જરાતરા ઉજાસ હતો. કોઈ લહેરથી ગાતું ગાતું મસ્તીભરી ચાલે ચાલતું આવતું દેખાયું. ઊંચું શરીર, ખભે થેલો. જોડાનો લયબદ્ધ અવાજ, આવીને એક ધબ્બો સ્વરૂપને માર્યો. 'કેમ કલ્યાણ-મિત્ર ?'

મારી ઓળખાણ આપતાં સ્વરૂપ એમ કદી ન કહેતો કે મારાં પત્ની છે. હંમેશ કહેતો – અમે એકબીજાનાં કલ્યાણ-મિત્ર છીએ. તેની જ આ મજાક...

સ્વરૂપ ચમકીને ઊભો થઈ ગયો. 'અરે તું ક્યાંથી ?'

'આકાશમાંથી. આટલો ચમકે છે શાનો ?'

'વાહ, આખો હિમાલય આંખ આગળ આવીને ઊભો રહે તો માણસ ચોંકી ન જાય ?'

બધાં અવાજ કરતાં ઊભાં થઈ ગયાં. 'અરે, તું ક્યારે આવ્યો ? કેમ ખબર આપી નહીં ? અમે તને ખૂબ યાદ કરતાં હતાં...' આનંદના શોરથી ફૂલઘર ગાજી ઊઠ્યું. વસુધાને થયું : સ્વરૂપનો કોઈ જૂનો ગોઠિયો હશે. અંધારામાં મોં બરાબર દેખાયું નહીં.

ફૂલઘરમાંથી બધાં બહાર નીકળ્યાં. 'ચાલો રસોડામાં જવાનું છે ને ? મારે ભાગે આજે શું કામ છે ?' આવનારે કહ્યું.

'અરે, પણ જરા થાક તો ખા !' સ્વરૂપે કહ્યું.

'કેમ, મારે એ જ ખાવાનું છે ? તારાં ફળફળાદિ સુકાઈ ગયાં છે ?'

બધાં હસ્યાં. વસુધા બધાંથી સહેજ પાછળ ચાલતી હતી.

એકાએક તે ઊભો રહ્યો અને પાછળ ફર્યો. વસુધા તરફ અછડતું જોઈને તેણે સ્વરૂપને ઉદ્દેશીને કહ્યું : 'આનંદગ્રામમાં નવા સભ્યનો ઉમેરો થયો લાગે છે.' વસુધા સહેજ નજીક આવતાં આથમતા અજવાળામાં એનો ચહેરો જોયો. દિગ્મૂઢ થઈને નીરખી રહ્યો. 'આમને તો હું ઓળખું છું !'

વસુધાના આશ્ચર્યની અવધિ ન રહી. 'આદિત્ય ! તું ? તમે ?'

આદિત્ય મોટેથી હસી પડ્યો. 'હા આદિત્ય જ. લો બોલો, માણસો કેટલાં વર્ષે, ક્યાંના ક્યાં મળી જાય છે ?' પછી વસુધા તરફ ફરીને કહ્યું : 'મને "તું" કહીશ તો ચાલશે. કારણ કે હું પણ તને "તું" જ કહેવાનો છું. નાનપણની ઓળખાણ છે, તે કાંઈ અમથી ?' અને બધાંને ઉદ્દેશીને કહ્યું : 'નાનપણમાં એક વાર મામાને ઘરે ગયો હતો ત્યારે આનું ઘર પડોશમાં હતું. હિમાલયની વાતો એને બહુ ગમતી. મને કોઈ દિવસ આશા નહોતી કે ફરી હું એને જોઈશ.' અને પછી વસુધાને પૂછ્યું : 'હિમાલય જોયો પછી ક્યારેય ?'

વસુધાએ માથું હલાવ્યું. 'ના, પણ હવે કદાચ જોઈશ !' હવે હું ક્યાંય પણ જવા માટે, કશું પણ જોવા માટે મુક્ત છું...એમ કહેવું હતું. પણ આદિત્યને પોતાના જીવનની ક્યાં કશી ખબર હતી ?

*

મોડી રાત સુધી વસુધાને ઊંઘ આવી નહીં. આ કેવો યોગાનુયોગ !

બહુ પ્રયત્ન કરવા છતાં આંખ મીંચાઈ જ નહીં, ત્યારે ઊઠીને તે બહાર આવી. આકાશમાં ને પૃથ્વી પર શાંત ચાંદની પથરાઈને પડી હતી. હવા જરા વહેતી હતી. પાંદડાં સહેજસાજ ફરફરતાં હતાં. વસુધા ચાલતી ચાલતી કમળતળાવડીને કાંઠે જઈ ઊભી રહી. પથ્થરની બેઠક પર બેઠી, છેક નાનપણથી અત્યાર સુધીના જીવનને યાદ કરી રહી. ક્યાંથી ક્યાં આવી ગઈ હતી પોતે ?

એકાએક બેઠક પાસે ચાંદનીમાં એક પડછાયો દેખાયો. પછી આદિત્ય દેખાયો.

'કેમ અહીં એકલી છો, વસુધા ?'

'ઊંઘ નહોતી આવતી એટલે જરા બહાર નીકળી.' વસુધાએ કહ્યું. 'અને તું ?'

'મને અડધી રાતે ઊઠીને આકાશ જોવાની આદત છે.' આદિત્યે કહ્યું અને પછી જૂનો મિત્ર હોય એમ સહજભાવે વાતો કરવા માંડી. 'હિમાલયમાં બરફનાં શિખરો પર ચંદ્રનું અજવાળું પડે ત્યારે બરફ એવો ઝગારા મારે ! સૂરજના પ્રકાશમાં તો આંખો જ અંજાઈ જાય. ગોગલ્સ વિના એના તરફ જોઈએ તો આંખો દાઝે. પણ વહેલી સવારે સૂરજ ઊગે ત્યારે અદ્‌ભુત લીલા રચાય. પ્રકાશનો દેવતા એક પછી એક ઊંચા શિખર પર પગ માંડતો જાય અને એને પગલે શિખરો સોનાનાં થતાં આવે. એક વાર કાંચનજંઘાનો થોડો ઢોળાવ ઊગતા સૂર્યના પ્રકાશમાં જોયેલો. અહા, એટલું સુંદર ! એટલું મોહક ! મનમાં થયું : પેલા યક્ષની અલકાપરી આવી જ હશે. આપણું હૃદય કોઈક અદમ્ય આકર્ષણથી ખેંચાઈ ત્યાં દોડી જવા ઝંખે...ખરેખર, મનુષ્યે જન્મ ધરીને એક વાર તો હિમાલય જવું જ જોઈએ.'

વસુધા સાંભળી રહી. હિમાલયની વાતો આદિત્ય પાસેથી સાંભળવાનું એક વેળા કેટલું મન હતું ?

એનાએ એક વાર હસતાં હસતાં કહેલું : આનંદગ્રામમાં બધાંની જ આશા ફળીભૂત થાય છે.

કોઈક ગીત ગણગણતું આવ્યું. 'તમે લોકો અહીં બેઠાં છો ?' અલોપા હતી.

વસુધાએ ખસીને એને માટે જગ્યા કરી. 'અલોપા, કોઈ સરસ ગીત ગા.'

અલોપાને ગાવા માટે બહુ આગ્રહ કરવો પડતો નહોતો. એણે ગાવા માંડ્યું. આદિત્યે તેમાં સૂર પુરાવ્યો. થોડી વારે મિત્રા આવી.

'મને કોઈના ગાવાનો અવાજ સંભળાયો એટલે હું બહાર નીકળી. અહીં તો મહેફિલ જામી છે ને શું ?'

'આદિત્યનું આનંદગ્રામમાં હોવું તે જ મોટી મહેફિલ છે.' અલોપાએ કહ્યું ને ગાવાનું ચાલુ રાખ્યું. હવે એમાં મિત્રા અને વસુધા પણ જોડાયાં.

કમળતળાવડીનાં ચાંદનીમાં ચમકતા પાણી પરનાં સફેદ કમળો સૂરથી આંદોલિત થઈ રહ્યાં.

છેવટ બધાં છૂટાં પડીને પોતપોતાની જગ્યાએ ચાલ્યાં ગયાં. છેલ્લે વસુધા

ઊઠી. થયું : કમળજન્મનો ઉત્સવ આવો ઊજવાશે એવી તો ખબર નહોતી !

*

પણ સુશીલાની વાત છેક જ ખોટી નહોતી.

સવારે હજી આંખોમાં ઊંઘ હતી કે બારણાં પર ધબાધબ અવાજ સંભળાયો : 'મા ! મા !'

વસુધા સફાળી જાગી. ઝટ ઊઠીને બારણું ઉઘાડ્યું. સલીના હતી. 'મા !' તે વ્યગ્રતાથી બોલી : 'મા, બહુ ભયંકર વાત બની છે.'

વસુધાના હૃદયમાં ફાળ પડી. 'શું બેટા, શું થયું છે ?'

●

૩૭

સલીનાએ જે વાત કરી તે ટૂંકમાં આ પ્રમાણે હતી : એક ચાલમાં રહેતી ત્રણ છોકરીઓ સિનેમા જોઈને રાતે ઘરે પાછી રહી હતી, ત્યારે કેટલાક ગુંડા જેવા જુવાનોએ તેમને આંતરી. છોકરીઓએ સામનો કર્યો. બૂમાબૂમ કરી. ઝપાઝપી થઈ. બે છોકરીઓને વધુ વાગતાં તે પડી ગઈ. લોકો દોડી આવ્યા, પણ તે દરમ્યાન ત્રીજી રત્ના નામની છોકરીને લઈને ગુંડાઓ ભાગી ગયા. બીજી સવારે તે અર્ધબેભાન જેવી, બેહાલ સ્થિતિમાં તેના ઘરની નજીકમાં મળી આવી. તેને કહેવામાં આવેલું કે આ વિશે પોલીસમાં ફરિયાદ કરી છે તો તારા આખા ઘરનું ધનોતપનોત નીકળી જશે.

સલીનાના ક્રાન્તિજૂથને આ બનાવની જાણ થઈ. એ લોકોએ વધુ ઊંડા ઊતરીને તપાસ કરી. ખબર પડી કે જુવાનો મધ્યમ વર્ગના, કૉલેજના ઉંબરાને અડી આવેલા છોકરાઓ હતા અને દાણચોરીનો ધંધો કરતા હતા. તેમના ધંધામાં એક મિનિસ્ટરનો દીકરો સંકળાયેલો હતો તેથી તેમને પોલીસ સામે રક્ષણ મળી રહેતું હતું. એ સલામતીના ભાનમાં તેઓ ચકચૂર થઈને ફરતા હતા; કોઈ ગુનાને ગુનો ગણતા નહોતા. તેમને આ છોકરીઓ સાથે કાંઈ લાગતુંવળગતું નહોતું પણ એક વાર પ્રધાનપુત્ર સાથે એ જુવાનો દરિયાકાંઠે બેઠા હતા ત્યાં આ ત્રણે બહેનપણીઓ ત્યાંથી પસાર થઈ. પ્રધાનપુત્રે તેમનું ટીખળ ને મશ્કરી કરતાં ગુસ્સો આવ્યો અને તેણે આગળપાછળ જોયા વિના ચંપલ કાઢીને ફટકારવા માંડી. લોકો ભેગા થઈ ગયા. હોહા મચી ગઈ. લોકો વધુ ઓળખે તે પહેલાં પ્રધાનપુત્ર ને તેના સાગરીતો ત્યાંથી રવાના થઈ ગયા. પણ એને અંગે અંગે ઝાળ લાગી ગઈ હતી. હું મિનિસ્ટરનો દીકરો – અને એ બે બદામની છોકરી મારું અપમાન કરે ? ત્યારથી એ વેર વાળવાની પેરવીમાં હતો, અને છેવટે તેણે બદલો લીધો હતો.

'રત્ના પણ મનુષ્યની જાતિની જ છે. પેલો મિનિસ્ટરનો દીકરો એટલે એના અપમાનનો બદલો લેવાવો જોઈએ; અને રત્ના ગરીબની દીકરી એટલે એણે અપમાન ખમી ખાઈ ચૂપ બેસવું જોઈએ એવું થોડું છે ?' સલીનાનો અવાજ રોષથી ઊંચો થવા લાગ્યો. 'રત્ના પરનો અત્યાચાર એ સત્તા ને સંપત્તિમાં ભાન ભૂલેલાં લોકોનો, ગરીબ-પીડિત-અસહાય લોકો પરનો અત્યાચાર છે. અમે આ ઘૂંટડા ગળી નહીં જઈએ. અમે ધાંધલ કરીશું. ઊહાપોહ મચાવીશું. અમે એવું કંઈક કરીશું કે એ લોકો હંમેશ માટે ખો ભૂલી જાય.'

વસુધાનું હૃદય ફફડી ઊઠ્યું. 'પણ બેટા, તમે લોકો શું કરશો ? એ લોકોના હાથ તો બહુ લાંબા હોય છે.'

'હજી આગળની વાત તો સાંભળો, મા ! અમારા જૂથ તરફથી મારી એક મિત્ર કાવેરી આ છોકરીઓનાં માબાપ પાસે ગઈ હતી. રત્નાનાં માબાપ તો ગભરાયેલાં થઈને, લમણે હાથ દઈને બેઠાં હતાં. કાવેરીએ તેમને પોલીસમાં ફરિયાદ નોંધાવવાં કહ્યું તો તેઓ પારેવાનાં બચ્ચાંની જેમ થથરી ગયાં. કરગરવા લાગ્યાં કે એક તો આવી વાત બની તે જ મોટી નામોશી છે. એ જગજાહેર થાય તો તો અમારી આબરૂના કાંકરા જ થઈ જાય. છોકરીને આખી જિંદગી મોં બતાવવા જેવું ન રહે, અને ઉપરથી એ લોકો આપણે ફરિયાદ કરી તે માટે ગુસ્સે થાય અને આપણને ક્યાંયના ન રહેવા દે...'

સલીનાના અવાજમાં આગ સળગવા લાગી. 'મા, જરા વિચાર કરો. આ કેટલી ભયંકર બાબત છે ! આખેઆખો ગુનો એક માણસ કરે, અને એની જન્મભરની સજા ગુનાનો ભોગ બનનારને માથે. આ તે કઈ રીતની સમાજરચના છે ? સ્ત્રી શું ફક્ત શરીર છે કે તેની સઘળી આબરૂ એમાં જ સમાઈ જાય ? એ લોકો કહે : સ્ત્રીની ઇજ્જત જાય પછી શું બાકી રહે ? અમે કહ્યું : બધું જ બાકી રહે છે. આવા લોકો સામે લડવાનું બાકી રહે છે. આપણા પર અત્યાચાર થાય તેથી આપણી આબરૂ જતી નથી, પણ આવા ગુંડાઓનાં અસુરકૃત્યો સામે નમી પડીએ તેમાં ચોક્કસ આપણી આબરૂ જશે...એમને બહુ સમજાવ્યાં, ત્યારે છેવટે એ લોકો ફરિયાદ નોંધાવવા કબૂલ થયાં. પોલીસચોકીએ ગયાં તો પહેલાં તો પોલીસે દાદ જ આપી નહીં. પછી કાવેરીએ ધાંધલ કરી ત્યારે ફરિયાદ તો નોંધી પણ આગળ કશાં પગલાં લીધાં નહીં. ઊલટું કાવેરી પર કૉલેજમાં એક

નનામા પત્રમાં ધમકી આવી કે આમાં માથું ન મારવું, નહીં તો રત્નાના જે હાલ થયા, તેવા તારા થશે...મા, એમની ધૃષ્ટતા તો જુઓ !'

'ધૃષ્ટતા નથી બેટા, એ ભય છે. એ ભયને સંતાડવા તેમણે તુમાખીનું મહોરું પહેર્યું છે. જે માણસ ગુનો કરે છે એને પરિણામનો ભય લાગતો હોય છે.'

'પણ અમારે શું કરવું ? મિનિસ્ટરનો દીકરો આમાં સંડોવાયેલો છે એટલે પોલીસ કશું કરશે નહીં, ગુંડાઓ છૂટી જશે અને કાવેરીના માથે એટલે કે અમારે માથે હંમેશા તલવાર લટકતી રહેશે. રત્નાનાં માબાપને એ લોકો હેરાન કરશે એ જુદું. પ્રધાનના એ દીકરાએ તો બીજીયે કેટલીક સ્ત્રીઓને હેરાન કરી છે. અમે બધી માહિતી મેળવી છે. કમિશન ખાઈને એણે ભળતા માણસોને કૉન્ટ્રેક્ટ આપ્યા છે. એમાંના જ એક કૉન્ટ્રેક્ટરે બાંધકામમાં હલકી સામગ્રી વાપરેલી એટલે એક મકાન બંધાતા જ તૂટી પડેલું અને ચાર મજૂરો માર્યા ગયા હતા. ત્યારે પણ વિશેષ તપાસ થઈ નહોતી. પણ અમે કાચાંપોચાં નથી. અમે એના રંગરાગ અને શાનશૌકતનાં ચીંથરાં ઉડાડી મૂકશું, પોલીસનો કાનૂન અને અદાલતનો કાનૂન – એનાથી વધુ શક્તિશાળી એક સામાજિક ન્યાય છે, તેની તેને ખબર પાડીશું. હું કે કાવેરી એકલાં થોડાં છીએ ? અમારી સાથે પ્રાણને લઈને ફરતા જુવાનોનું જૂથ છે. અમે લડત ઉપાડીશું તો એમાં હજારો-લાખો લોકો, સત્તા અને ભ્રષ્ટાચારને હાથે જેમણે સહન કર્યું છે તેવા અસંખ્ય લોકો જોડાશે. અમે એનાં સઘડાં કરતૂતો ખુલ્લા પાડીશું, એક નવા મનુષ્ય-ન્યાયની સ્થાપના કરીશું, અમે ચૂપ નહીં રહીએ...'

એક દિવસ મેં પણ કહ્યું હતું કે હું ચૂપ નહીં રહું – વસુધાને યાદ આવ્યું. પણ એ માત્ર એક વ્યક્તિના અન્યાય વિરુદ્ધ ઉઠાવેલો અવાજ હતો. આ, એવી વ્યક્તિઓ જેમાંથી પોષણ મેળવે છે એ સમાજનાં જ સડેલાં અંગો પર ઘા કરવાની વાત છે. મારા પછીની પેઢી મારા કરતાં એક ડગલું આગળ જઈ રહી છે. વસુધાએ સલીના માટે ગર્વ અનુભવ્યો. સાથે ચિંતા પણ થઈ.

'પણ હવે તમે લોકો કરવા શું ધારો છો ?'

'એ જ વિચાર કરીએ છીએ. કંઈક તો જલદીથી કરવું પડશે. કૃષ્ણનને મેં ક્યારનો પત્ર લખી નાખ્યો છે. તમારી પાસે પણ હું એટલા માટે જ સવારના

પહોરમાં નીકળી ઝડપથી આવી છું. તમારી શી સલાહ છે ?'

વસુધા દિગ્મૂઢ થઈ ગઈ. 'પણ મેં તો આવું કામ કદી કર્યું નથી. મને કેમ કશી ખબર પડે ?'

'કામ ભલેને ન કર્યું હોય, પણ તમને ખબર તો પડે જ છે. તમેયે ક્રાન્તિકારી જ છો. મને તમારામાં શ્રદ્ધા છે. તમારી પાસેથી ચોક્કસ અમને કંઈક નવી દોરવણી મળશે.'

વસુધાને લાગ્યું – પોતાની અંદર કંઈક હચમચી રહ્યું છે; એક ઝંઝાવાત આવી રહ્યો છે, ઘર છોડ્યું – એ અંત નહોતો. એ તો એક શરૂઆત હતી.

સલીનાને શો જવાબ આપવો તે વસુધાને સૂઝ્યું નહીં. ઉભડક અવાજે પૂછ્યું : 'કૃષ્ણનનો શો જવાબ આવ્યો ?'

'જવાબ નથી આવ્યો. બનતાં સુધી એ પોતે જ આવશે. કદાચ અત્યારે કાર્યાલય પર આવીયે ગયો હોય.'

મિત્રા વસુધાને બોલાવવા આવી, તેને પણ સલીનાની વાત કરી. મિત્રાની બન્ને આંખો તપેલા અંગારાની માફક સળગી ઊઠી. એના, અલોપા પણ આવ્યાં. આભા કામ પર ગઈ હતી. એનાએ કહ્યું : 'ખરી વાત છે. આપણે કશુંક કરવું જોઈએ. હમણાં જ છાપાંઓમાં રિપોર્ટ હતા કે આપણે ત્યાં દર બે કલાકે એક બળાત્કાર થાય છે.'

'અને સ્ત્રીઓ એ વાંચીને છાપું બાજુ પર મૂકી દે છે.' સલીનાએ ફરિયાદના સૂરે કહ્યું : 'પોતાના સંબંધમાં જ્યાં સુધી એક ઘટના ન બને ત્યાં સુધી એના તરફ આવા ઉદાસીન અને રીઢા બની રહેવાનું ? એક બાબત ભલેને હજારો વરસથી બનતી આવી હોય, તેથી શું તેની ક્રૂરતા ઓછી થઈ જાય છે ?' તેનું તરુણ હૃદય આક્રન્દી રહ્યું. 'એક સ્ત્રી પર વેર વાળવા તેના શરીરને ખંડિત કરવું એ શું એક હત્યા કરતાં ઊતરતો અપરાધ છે ? શાસ્ત્રો તો કહે છે : શરીર આત્માનું મંદિર છે. ઈદં શરીર દેવવીણા – આ શરીર દેવોની વીણા છે. પણ આ વીણાના તાર રોજેરોજ તોડવામાં આવે છે, અને આપણે કશું બોલતાં નથી ! આ સમગ્ર સ્ત્રીજાતિનું અપમાન છે. એ વિશે પત્રકારો તો છાપામાં ઊહાપોહ કરે છે, પણ આપણે સ્ત્રીઓએ કશુંક કરવું ન જોઈએ ? આજે આ

રત્નાના સંબંધમાં બન્યું, કાલે મારા-તમારા, કોઈના પણ સંબંધમાં બની શકે.'

'પણ ધારો કે આપણે કંઈક ચળવળ કરીએ અને ગુંડાઓને સજા પણ થાય, પણ રત્નાને જે નુકસાન થયું તે તો થયું જ ને ? એ થોડું જ ભૂંસી શકાશે ?' અલોપાએ પૂછ્યું.

'ભૂંસી કેમ ન શકાય ?' મિત્રાએ કહ્યું : 'એના નુકસાનનું વળતર અપાવવું જોઈશે. હાથપગ તૂટી જાય તો લોકો જવાબદાર કંપની પર વળતર માટે દાવો નથી કરતા ? તો આ કેટલું મોટું નુકસાન કહેવાય ! ઘણી સ્ત્રીઓ તો આવું બનતાં મગજનું સંતુલન ગુમાવી બેસે છે.'

'રત્નાએ પોતાની વાત જાહેર કરી ઘણી હિંમત દર્શાવી છે. એનું સન્માન થવું જોઈએ. તો આવા અત્યાચારનો ભોગ બનતી સ્ત્રીઓ એની સામે લડવા માટે ઊભી થશે. અત્યારે તો એવી સ્ત્રીઓ પોતાની જાતને સંતાડતી રહે છે, જાણે પોતે લાંછિત હોય.' વસુધાએ કહ્યું : 'અને ઘણી વાર તો ગ્લાનીમાં ડૂબી આત્મહત્યા કરે છે.'

સલીનાની આંખમાં વસુધાની વાત સાંભળીને એક ચમક આવી. 'પહેલાં તો ગુનેગાર કાયદાની કોઈ છટકબારીથી કે પૈસા ને સત્તાના જોરથી છૂટી ન જાય તે જોવું પડશે. ગુનેગારને આકરામાં આકરી સજા મળવી જોઈએ. ઇસ્લામી દેશોમાં તો મૃત્યુદંડ સુધીની સજા આ માટે થાય છે. આ કંઈ અંધ દેહાવેગમાં વાસનાપૂર્તિ માટે થયેલો ગુનો થોડો છે ? આ તો વેર વાળવા ઘડાયેલું કાવતરું છે. કાયદો ગુનેગારને સજા કરે તે ઉપરાંત, રત્નાને તેણે કરેલું નુકસાન પણ કોઈક રીતે ભરપાઈ કરી આપવું જોઈએ.'

'એનો સામાજિક બહિષ્કાર કરવો જોઈએ.' મિત્રાએ ઉગ્ર સ્વરે કહ્યું. એક જણને હણી નાખવામાં આવે ત્યારે આપણો જ એક અંશ નાશ પામે છે. એટલે – મને તો કાંઈ થયું નથી. મારે શું ? – કહીને કોઈ સ્ત્રી આ પ્રશ્નથી અળગી ન રહી શકે.'

'કાયદો કદાચ ગુનેગારને સજા કરશે, પણ સમાજ તો સ્ત્રીને જ અપ્રતિષ્ઠિત કરશે. આપણે બેવડાં બળો સામે લડવાનું છે. કાયદો ને સમાજ – બન્ને પાસેથી ન્યાય મેળવવાનો છે. આપણે એવાં કોઈક પગલાં વિચારવાં જોઈએ કે બન્ને

ઉદ્દેશ સાથે સરે.' વસુધા બોલી અને તેને નવાઈ લાગે કે પોતે પહેલાં આ વિશે કદી કાંઈ વિચાર્યું નહોતું, છતાં આટલી સ્પષ્ટતાથી આવા વિચારો તેને ક્યાંથી સૂઝતા હતા ?

'તમે એકદમ સાચું કહ્યું, મા !' સલીનાના અવાજમાં પ્રશંસા હતી. 'આપણે તો ત્રણ ભૂમિકાએ લડવાનું છે. તમે કહ્યું તે ઉપરાંત સ્ત્રીને પોતાનેય આપણે સમજાવવું પડશે કે તે ફક્ત શરીર નથી. તેનાં બધાં માન-પ્રતિષ્ઠા-આબરૂ માત્ર શરીરને જ અવલંબીને રહેલાં નથી. આપણે ત્યાં તો સદીઓથી સ્ત્રીનું એવું બ્રેઈનવૉશિંગ કરવામાં આવ્યું છે કે તેને લાગે છે, પોતાની આખી હસ્તી શરીરમાં જ સમાયેલી છે, અને એટલે એ શરીર પર અત્યાચાર થતાં આખું અસ્તિત્વ રોળાઈ જાય છે. એટલે પહેલાં તો સ્ત્રીને જ સમજાવવાનું છે કે તેનીય એક ચેતના છે, જે શરીરથી ઉપર છે.' સલીનાની વાણી ધોધની જેમ વહેવા લાગી. 'અને સમાજની બળાત્કારની ઘટના તરફ જોવાની દૃષ્ટિ બદલવાની છે. અત્યારે તો જે સ્ત્રીનું સ્વત્વ લૂંટાય, તેનું જીવન પણ સમાજ લૂંટી લે છે. ગુનો કરનાર છૂટી જાય તો કોઈ તેને કશું પૂછતું નથી, પણ ગુનાનો ભોગ બનનારને કપાળે જન્મભરનું કલંક ચોંટે છે. આ હડહડતો અન્યાય નથી ? આપણે બધાં શું એટલાં નિર્માલ્ય છીએ કે આપણા વાંક વગર આપણને સજા થતી રહે અને એની સામે આપણે એક હરફ પણ ન ઉચ્ચારીએ ? અને આવું વલણ દાખવવામાં સ્ત્રીઓનોય હિસ્સો ઓછો નથી. આપણે સલામતીની શય્યામાં આળોટતી એ બધી બહેનોને ઢંઢોળવી પડશે. એમને સમજાવવું પડશે કે આ તેમનું પણ અપમાન છે. આપણી લડત ગુંડાઓ સામે છે; ક્રૂર-નિષ્ઠુર પ્રણાલીઓ સામે પણ છે. આપણે માનવજાતનો અડધોઅડધ ભાગ છીએ. આપણા પર અન્યાય ને અત્યાચાર કરીને એ લોકો સુખની ઊંઘ નહીં ઊંઘી શકે...'

રૂમની હવામાં વીજળી વહી હોય એમ વાતાવરણ આવેશિત થઈ ગયું.

'આપણે બધી સ્ત્રીઓને સંગઠિત કરવી પડશે.' એનાએ કહ્યું.

'દરેક પીડિત સ્ત્રી આપણી બહેન જ છે, અને તેની પડખે ઊભા રહેવાનો આપણો સ્ત્રી-ધર્મ છે એ તેમને ઠસાવવું પડશે.' વસુધાએ કહ્યું, અને તેને એકાએક થયું કે દુનિયાની દરેક પીડિત સ્ત્રી પ્રત્યે પોતાની જવાબદારી છે. આશાના મૃત્યુ વખતે જે લાગણી મનમાં જાગી હતી તે યાદ આવી.

'સ્ત્રી-ધર્મ' શબ્દનો આજ સુધી એક ચોક્કસ અર્થ થતો આવ્યો હતો. આજે વસુધાએ એને એક નવો જ અર્થ, નવું જ પરિણામ આપ્યું. એના વસુધા પર ખુશ થઈ ગઈ.

મિત્રાએ ટેબલ પર મુક્કો પછાડ્યો. 'દુનિયાભરની સ્ત્રીઓ એક થાઓ. તેઓ સાસુ-વહુ હોય, નણંદ-ભોજાઈ હોય, હિન્દુ હોય કે મુસ્લિમ હોય, ભારતની હોય કે પશ્ચિમની હોય – બધી બહેનો જ છે. આપણાં હિત એક છે. આપણામાંની કોઈ પણ એકની વેદના તે આપણા સહુની ચીસ છે.'

વસુધા સહેજ વિચાર કરી રહી. સલીના ભણી જોઈ ધીમા સ્વરે બોલી : 'આપણે જે કાંઈ કરીએ, તેનું ધાર્યું પરિણામ આવશે ખરું ?'

'પરિણામનો વિચાર કરીને તો બધાં કામ કરી શકાતાં નથી, મા !' સલીના વેદનાપૂર્વક બોલી : 'તમે મા, તમે નિવૃત્તિ લેવાનો વિચાર કર્યો ત્યારે ઘરમાંથી નીકળી જવું પડશે એવી કલ્પના કરેલી ? અને ધારો કે એવો ખ્યાલ આવ્યો હોત, તો શું તમે સાચા થવાનું માંડી વાળત ?' તેણે વસુધાના હાથ પર હાથ મૂક્યો. 'રત્નાનો કિસ્સો તો એક શરૂઆત છે. આપણે સમાજની દૃષ્ટિ બદલવાની છે. એમ ન બને ત્યાં સુધી આપણી લડત એક અથવા બીજા રૂપે, એક અથવા બીજા સ્થળે ચાલુ રહેશે. મને ખાતરી છે કે અંતે આપણે જીતીશું, કારણ કે ન્યાય આપણા પક્ષે છે.'

વસુધા સલીનાની શ્રદ્ધાથી ભરેલી તેજદાર આંખો જોઈ રહી. એમાં બલિદાન આપવા તત્પર બનેલી વીરાંગનાની ખુમારી હતી. તેણે સલીનાની પીઠ પર હાથ મૂક્યો. 'હું-અમે-બધાં તારી સાથે છીએ, બેટા !'

*

પછી શું પગલાં લેવાં તેની ચર્ચા થઈ. મિત્રાને દહેજની લડત માટે પોતે પ્રયોજેલી સામાજિક બહિષ્કારની રીતો યાદ આવી. કાયદો દહેજ લેનારને પકડે કે ન પકડે, પણ સમાજમાં તેવા માણસની બદનામી થતી જ હતી. પણ મિત્રાને લાગતું હતું કે આમાં ખરું કામ તો છોકરીઓએ પોતે કરવું જોઈએ; દહેજ આપીને લગ્ન કરવાની તેણે ચોખ્ખી ના ભણવી જોઈએ; અને એવી માગણી કરનારાનાં નામ-સરનામાં નારી-સંસ્થાઓને મોકલી આપવાં જોઈએ,

જેથી તેમના બહિષ્કારની કાર્યવાહી થઈ શકે. ઉપરાંત 'ના' પાડનાર છોકરીઓને પગભર થવાની અને એમનો આદર્શવાદી જુવાનો સાથે સંપર્ક કરાવવાની વ્યવસ્થા પણ ઊભી કરવી જોઈએ. તેની સંસ્થાઓ આ બધાં કામ સઘનપણે કરતી હતી, આજે આ પડકાર આવતાં તેનો જુસ્સો જાગી ઊઠ્યો.

'ગુનેગાર પકડાય તેનો કેસ ત્વરિત ચાલે અને તેને યોગ્ય સજા થાય એમાં સહાય કરવા ધારાસભ્યોની મદદ લઈએ તો ? સ્ત્રી-ધારાસભ્યો પર આપણે દબાણ લાવી શકીએ.'

'એ લાંબા ગાળાનું કામ છે. એના બદલે વડાં પ્રધાન પાસે ડેપ્યુટેશન લઈ જઈએ તો ?' એનાએ કહ્યું.

અલોપાએ ડોકું ધુણાવ્યું. 'એથી કાંઈ વળશે નહીં; દિલ્હીમાં સ્ત્રીઓ સામેના ગુના સૌથી વધુ બને છે.'

'તો ?'

બધાં વિચારી રહ્યાં. સમાજને ખળભળાવી મૂકે, નિશ્ચિંત બેઠેલાઓને વિચાર કરવા પ્રેરે, એવો કોઈક જબરદસ્ત કાર્યક્રમ શોધી કાઢવો જોઈએ.

'મને કંઈક સૂઝે છે.' વસુધાએ કહ્યું.

બધાંની નજર તેના પર મંડાઈ. સલીનાએ ઉત્સુકતાથી પૂછ્યું : 'શું ?'

'આપણે મોરચો લઈ જઈએ.'

'મોરચા તો રોજ નીકળે છે.' સલીના નિરાશ થઈ ગઈ.

'સાંભળ. આપણે માત્ર સ્ત્રીઓનો જ મોરચો લઈ જઈએ. સૂત્રોચ્ચાર નહીં. અવાજ નહીં. હાથમાં માત્ર પ્લેકાર્ડ હોય. એના પર પ્રધાનપુત્રની છબી લગાડીને લખીએ કે ગુનેગારને સજા કરો. જે મિનિસ્ટરનો દીકરો સંડોવાયેલો છે, તેના ઘર પર જ મોરચો લઈ જઈએ. કહીએ, છોકરાને અમારી સામે હાજર કરો. એ છોકરાનું શું કરવું તે ત્યારે નક્કી કરીએ. જોઈએ તો એના મોં પર ધોલ મારીએ કે એની પાસે સમૂહ સમક્ષ માફી મગાવીએ.'

'વાહ, આ તો સરસ વિચાર છે.' સલીનાના લોહીમાં ભરતી આવી. 'પણ આવી માગણી કોઈ કબૂલ તો ન જ રાખે ને ?'

'એ તો નહીં જ રાખે. ભલેને; પણ આખા શહેરને ખબર તો પડશે કે કોણ ગુનેગાર છે ! અને ભોગ બનેલી સ્ત્રી વતી આખો સ્ત્રીસમાજ જુદા પ્રકારનો ન્યાય માગી શકે છે એની પણ સહુને જાણ થશે...'

બધાંને આ યોજના અસરકારક લાગી. સલીનાએ વસુધાને કહ્યું : 'તમે કહેતાં હતાં ને કે તમને શી ખબર પડે ? આખી યોજના તો તમે ઘડી આપી. હવે તમે જ અમારાં નેતા બનો આ મોરચામાં.'

વસુધા અસ્વસ્થ થઈ ગઈ. 'નેતા ? હું ?'

મિત્રાએ સલીનાને ટેકો આપ્યો, 'હા, વસુધા, આ પહેલો મોરચો તારી નેતાગીરી નીચે.'

'પણ એક વાત છે,' અલોપાએ ચેતવણીના સૂરે કહ્યું. 'કાયદો તો કદાચ પણ આપણને સાથ આપશે, પણ સમાજનું પરિવર્તન સહેલું નથી, ઊંડી જડ ઘાલીને બેઠેલી માન્યતાઓ, વલણો, પ્રણાલીઓ સામે અવાજ ઉઠાવવાનું સહેલું નથી. પુરુષો તો વિરોધ કરશે જ. સ્ત્રીઓ પણ નહીં સમજે કે આ તેમની માનસિક ગુલામીમાંથી તેમને બહાર લાવવાના પ્રયત્નો છે.'

'અઘરું તો છે જ...' વસુધાએ કહ્યું. 'એ માટે આપણે સહન પણ કરવું પડશે.'

'નવાં મૂલ્યો સ્થાપવાનો પ્રયત્ન કરનાર દરેકને સહન કરવું જ પડે છે. ઇતિહાસમાં શહીદોની સંખ્યા ઓછી નથી. આપણે પણ સહન કરવા તૈયાર રહીશું.' મિત્રાએ દૃઢતાપૂર્વક કહ્યું.

'માત્ર રત્ના પર જોખમ ન આવે તો સારું.' એનાએ કહ્યું.

'મોરચો નીકળશે ત્યારે સૌથી આગળ, રત્નાની સાથે હું ચાલીશ.' મિત્રાએ કહ્યું.

'હું પણ...' વસુધાએ મિત્રા સામે જોયું. 'હું પણ સાથે જ ચાલીશ.'

'તું તો નેતા તરીકે સૌથી આગળ હોઈશ જ ને !' મિત્રાએ વસુધા સામે જોયું. એ દૃષ્ટિમાં એક અજબ ચમક હતી.

*

મોરચાની વિગતોની થોડી ચર્ચા કરી, છેવટ સલીના જવા માટે ઊભી થઈ. વસુધાએ સહેજ સ્પર્શીને એને અટકાવી.

'કેમ મા ?'

'કૃષ્ણન ન આવે તો –'

આવી ગરમ ગરમ વાતોની વચ્ચે થઈને માએ કૃષ્ણનને યાદ રાખ્યો જોઈ સલીનાનું હૃદય આર્દ્ર થઈ ગયું. વસુધાને ભેટી પડવાનું મન થયું. પણ અત્યારે એવી લાગણીઓ વ્યક્ત કરવાનો સમય નહોતો. 'આજે આવી જ ગયો હશે. મને મળશે કે તરત તમારી પાસે લઈ આવીશ.'

સલીના ગઈ.

કમળતળાવડીના કાંઠે ચાંદની રાતે ગુંજેલાં ગીતોની યાદ સંઘરી બેઠેલું હૃદય ઊર્મિઓનું એક ભીષણ ઘમસાણ અનુભવી રહ્યું. હજી હમણાં સુધી હું પતિની છાયામાં રહેતી, પુત્રોને રાંધી ખવડાવતી એક સાદી સ્ત્રી હતી. અને અત્યારે એક મોરચાના નેતા બનવાનું આહ્વાન આવ્યું છે.

થોડા જ કલાકોમાં ફરી એક વાર તેને થયું : જિંદગી ક્યાંથી ક્યાં સફર કરે છે !

સ્વરૂપ, આદિત્ય, વિનોદ, ગગનેન્દ્ર – બધા આવ્યા. નવી પરિસ્થિતિની વાત થઈ.

આનંદગ્રામનું હંમેશાં શાંત રહેતું વાતાવરણ ઉત્તેજનાથી ખળભળી ઊઠ્યું.

•

૩૮

સલીના કાર્યાલય પર પહોંચી ત્યારે તેને વિશ્વાસ હતો કે કૃષ્ણન ચોક્કસ આવી ગયો હશે; પણ તે આવ્યો નહોતો. તેનો પત્ર પણ નહોતો. મનમાં સહેજ ચિંતા થઈ. પણ પછી કામના વેગીલા વહેણમાં ચિંતાનું તણખલું તો ક્યાંયે ઘસડાઈ ગયું. ઝડપથી ઘણાં કામ પતાવવાનાં હતાં. અત્યાર સુધી અન્ય સ્ત્રીસંસ્થાઓ અને સલીનાના જૂથ વચ્ચે કશો સંપર્ક નહોતો. ક્રાન્તિજૂથનું કામ તો બહાર કોઈને ખબર ન પડે એ રીતે લગભગ ચાલતું. પણ આ મોરચા માટે બધી જ સંસ્થાઓએ સાથે મળીને કામ કરવાનું નક્કી કર્યું. પાપડ-વડી તૈયાર કરનારાં મહિલામંડળોથી માંડી સ્ત્રી-ધારાશાસ્ત્રીઓનાં સંગઠનો સુધીની બધી જ નારી-સંસ્થાઓ પહેલી વાર એક કાર્યક્રમ માટે એકત્ર થઈ. એક વિશાળ બેઠકનું આયોજન થયું.

બેઠક મળી ત્યારે સભાગૃહનો મોટો ખંડ સ્ત્રીઓથી ઊભરાતો હતો. તસુ જેટલીયે જગ્યા ખાલી રહી નહીં. મોટા ભાગની સ્ત્રીઓ યુવાન હતી. કંઈ કંઈ કરી નાખવાની તમન્ના ને જોશથી તેમના પ્રાણ થનગનતા હતા. એક એક સ્ત્રી જાણે એક એક મશાલ હતી. એક ક્ષણ તો એમ લાગે કે જ્યાં આવો શક્તિથી ઊભરાતો સમૂહ હોય ત્યાં સ્ત્રી પરનો અત્યાચાર સંભવી કેમ શકે ?

બેઠક શરૂ થઈ. પહેલાં વિવિધ સંસ્થાઓના અધ્યક્ષોએ ટૂંકમાં વાત કરી. સલીનાની ઓળખ આપી. પછી સલીના ઊભી થઈ. તેના ઊભાં થતાં જ આખો ખંડ તાળીઓથી ગાજી ઊઠ્યો.

હજી વીસી પણ વળોટી નહોતી એવી, આગના લિસોટા જેવી, ઊંચી, પાણીદાર આંખવાળી આ તરુણીનું તેજ સભાખંડ પર છવાઈ ગયું. બધાં શાંત થઈ ગયાં. માઇકને બરોબર ગોઠવીને સ્પષ્ટ રણકતા અવાજે એક એક શબ્દ છૂટો પાડીને તે બોલી : 'રત્નાની વાત તમે સાંભળી. સ્ત્રીના મૂલ્યને શરીર સામે

તોળવાના દિવસો હવે પૂરા થયા છે, હવે સ્ત્રીની અન્ય શક્તિઓનું પ્રતિષ્ઠાપન કરવાનો યુગ આવ્યો છે. અને મિત્રો, એ યુગની શરૂઆત આપણે કરવાની છે...'

સભામાં જોરદાર તાળીઓ પડી.

'આ પહેલા તબક્કે આપણે એકીસાથે બેવડા મોરચે લડવાનું છે. આપણે ધારાસભ્યોને ઢંઢોળીને કાયદા બદલાવવાના છે, જેથી દહેજ, અત્યાચાર અને બળાત્કારના ગુના કરનારને ત્વરિત અને આકરી સજા થઈ શકે. અને આપણે સમાજનાં ધોરણો બદલવાનાં છે, જેથી ગુનાનો ભોગ બનનારને ગુનેગારના પાંજરામાં ઊભા રહેવું ન પડે. આપણા દેશમાં આજ સુધી સ્ત્રીઓએ સ્ત્રીઓના પ્રશ્નો માટે સાથે મળીને મોટું જાહેર આંદોલન કર્યું નથી. આજે એ જવાબદારી આપણા પર આવી છે. અને આ કામ સહેલું નથી. સદીઓની સદીઓથી લોકમાનસને ભરડો લઈ બેઠેલી માન્યતાઓને પડકારવાનું કામ સહેલું નથી. આપણો વિરોધ થશે. આપણા પ્રયત્નોને પીંખી નાખવામાં આવશે. સંસ્કૃતિ નષ્ટ થવાનો ભય દેખાડી આપણને પાછાં પાડવામાં આવશે. આપણે ઘણું ઘણું હોડમાં મૂકવું પડશે.'

'અમે તૈયાર છીએ.' સભામાંથી કાન ફાડી નાખે એવા પોકારો આવ્યા. 'અમે કંઈ પણ કરવા તૈયાર છીએ.'

સલીનાના અવાજનો રણકો વધુ બુલંદ થયો.

'બહેનો, આપણે આ જે કરીશું તે મોટા ભાગના પુરુષોને નહીં ગમે. આપણે આપણી વેદનાને વાણી આપીએ, આપણી સ્થિતિ સુધારવા પ્રયત્નો કરીએ તે તેમને પસંદ નહીં પડે. પોતાનું સામ્રાજ્ય હાથમાંથી સરી જઈ રહ્યું છે, એમ તેમને લાગશે. કારણ કે આપણો સમાજ પુરુષપ્રધાન સમાજ રહ્યો છે. અને તેમણે આપણને શું કર્યું છે તે જુઓ. 'નારી તું નારાયણી' અને 'આદર્શ ભારતીય નારી' જેવા રૂપાળા શબ્દોથી આપણને ભરમાવ્યાં છે, સતી સતી કહીને ચિતા પર ચડાવ્યાં છે. તેમનું વર્ચસ્વ ટકી રહે એવી બાબતોને સ્ત્રીઓનાં સદ્ગુણ તરીકે ઠોકી બેસાડી છે. અને એટલે ત્યાગમૂર્તિ બનવાનું કોણે ? તો કહે સ્ત્રીઓએ. નમતું આપવાનું, જતું કરવાનું, સહી લેવાનું કોણે ? તો કહે સ્ત્રીઓએ. પોતાનું વ્યક્તિત્વ વિલીન કરી પતિ સાથે એકરૂપ થઈ રહેવાનું

કોણે ? તો કહે સ્ત્રીઓએ. અને સાથી ગુમાવતાં નિરાધાર અસહાય ઓશિયાળા બની જીવવાનું કોણે ? તે પણ સ્ત્રીઓએ જ.

'અને પુરુષે શું કરવાનું ? તેણે માલિક થવાનું, ધનના સ્વામી થવાનું, સત્તાનો દોર પોતાના હાથમાં રાખવાનો, સ્ત્રીને મિલકત ગણવાની, એક સ્ત્રી મરી જાય તો પટ દઈને બીજી સ્ત્રીને પરણી જવાની...

'અને આપણી એ મૂર્ખતા છે કે તેમના આ વ્યવહારમાં આપણે જ તેમને સાથ આપ્યો છે, તેમના વહેમ અને અંધ માન્યતાઓને પોષ્યાં છે. તેમણે આપણને અબળા ગણી ઊતરતા દરજ્જાએ મૂક્યાં, તો આપણે પણ આપણું સ્થાન ઊતરતું સ્વીકારી લીધું. પુરુષોની માન્યતાઓનો આપણા પર કેટલો પ્રભાવ છે તે તો જુઓ, કે સ્ત્રી હોઈનેય આપણે જ પુત્રીજન્મ થાય તો ચૂપ રહીએ છીએ અને પુત્રજન્મ થાય તો પેંડા વહેંચીએ છીએ; પતિ સ્ત્રીને અનુકૂળ થઈને રહે તો તેને નમાલો કહીએ છીએ અને સ્ત્રી પતિને અનુકૂળ થઈને રહે તો તેને શાણી ને સમજુ ગણીએ છીએ. ઘરનું કોઈ કામ કરવાનું આપણે પોતાને માટે નાનપભર્યું નથી ગણતાં, પણ પુરુષ ઘરમાં ઝાડુ કાઢે કે પત્નીને પાણીનો પ્યાલો લાવી આપે તો સ્ત્રીઓ જ 'અરે અરે, તમે રહેવા દો, તમે શા માટે કરો છો ?' કહીને, જાણે તે કાંઈ હલકું કામ કરતો હોય તેમ તેને અટકાવે છે.

'આપણે સ્ત્રીઓ જ લગ્ન માટે છોકરી પસંદ કરવા જતાં તેની સુંદરતા ને વિનયશીલતા જોઈએ છીએ, તે બુદ્ધિશાળી કે સર્જનશીલ છે કે નહીં તે જોતાં નથી. સ્ત્રીના મસ્તક કરતાં તેના શરીરને વધુ મહત્ત્વ આપીએ છીએ; સાસુ થઈને વહુને દાબમાં રાખીએ છીએ, દીકરા માટે દહેજ માગીએ છીએ. આમ, પુરુષો તો આપણને અન્યાય કરે જ છે, આપણો પોતાનો વાંક પણ ઓછો નથી. આજે આ ઓગણીસો ત્યાશીની સાલમાં પણ, હજી ઘણા લોકો એવા છે, જે માને છે કે સ્ત્રીએ તો હંમેશા પતિની આજ્ઞામાં જ રહેવું જોઈએ. એવાં સામયિકો નીકળે છે જેમાં પતિ પરમેશ્વર છે, પત્નીએ પતિની છાયાની જેમ તેને અનુસરવું જોઈએ, પત્નીનું પરમ કર્તવ્ય પતિને પ્રસન્ન રાખવાનું, પતિ સાથે એકરૂપ થવાનું છે એવું લખાણ લખાય છે, છપાય છે, વંચાય છે. પત્નીએ સહધર્મચારિણી બનવાનું હોય છે, પતિ માટે સહધર્મચારી બનવાનું કોઈ લખતું નથી. આજે પણ ફિલ્મોમાં હજુ સ્ત્રીઓ પતિના ચરણે ઝૂકી પડે છે. દારૂડિયા

પતિના પગને વળગીને ન જાઓ સૈયાંનાં ગીત ગાય છે. આપણે આવાં સામયિકોની સામે, આવી ફિલ્મોની સામે અવાજ કેમ ઉઠાવતાં નથી ?

'આજે એક સ્ત્રી કમાતી હોય, શિક્ષિકા કે નર્સ કે ડૉક્ટર હોય, દહેજ આપીને પરણે છે; પતિના ઘેર મારપીટ વેઠે છે; પિતાને ઘેરથી વધુ પૈસા ન લઈ આવે તો બાળક પેટમાં હોય તોપણ પુરુષ અડધી રાતે તેને ઘરની બહાર કાઢી મૂકે છે, કેરોસીન છાંટી તેને સળગાવી દે છે. રોજરોજ છાપાંનાં પાનાં આવા સમાચારોથી ભરેલા હોય છે, છતાં તે વાંચીને આપણે ચૂપ થઈને બેસી રહીએ છીએ, એ કેવી લજ્જાની વાત છે ?' સલીનાનાં નસકોરાં ફડફડ થવા લાગ્યાં. તેની આંખોમાંથી જ્વાળાઓ નીકળી. 'આપણામાં સહેજ પણ સ્વાભિમાન છે કે નહીં ? આપણે ચેતનાવાન મનુષ્ય છીએ કે પછી માત્ર ખાધાખોરાકી અને માથે છાપરું મળે એ માટે સ્વત્વને વેચી દેનાર, માટીના પામર પિંડ છીએ ?'

'શેઈમ...શેઈમ...' શ્રોતાવૃંદમાંથી જોરદાર અવાજો આવ્યા.

'આપણું આંદોલન એક એવી નૂતન સમાજરચના માટે છે જેમાં સ્ત્રી ને પુરુષનો મોભો સમાન હોય, હક્કો સમાન હોય, આદર સમાન હોય. કામ તેઓ ગમે તે કરે, તેને લીધે કોઈ ચડિયાતું કે કોઈ ઊતરતું ન હોય. અને પોતે શું કામ કરવું, તેની પસંદગી દરેકની પોતાની હોય; એક સ્ત્રીને બૅન્કમૅનેજર થવું હોય અને એક પુરુષને પાકશાસ્ત્ર-નિષ્ણાત થવું હોય, તો તેમાં કશું અસ્વાભાવિક નથી તેમ જ્યાં સ્વીકારાતું હોય અને આ માટે સૌથી પહેલાં તો જાણ્યેઅજાણ્યે આપણે જ અન્યાયના વાહક બની સ્ત્રીની હીનતા માટે જે રીતે જવાબદાર બનીએ છીએ તે બંધ કરવું પડશે. બહેનો પૈસા આપીને પરણવું એ મહાપાપ છે; પોતાની જાતનું ભયંકર અપમાન છે. આપણે સહુ પ્રતિજ્ઞા કરીએ કે લગ્ન નહીં થાય તો કુંવારાં રહીશું, પણ દહેજ આપીને તો કોઈ કાળે નહીં પરણીએ...'

તાળીઓનો પ્રચંડ ગડગડાટ થયો. સ્ત્રીઓએ હાથ ઊંચા કર્યા. રૂમાલ ફરકાવ્યા, પગ ઠોક્યા.

સલીનાના મોં પર સ્મિત આવ્યું. 'અને આપણે બધી સ્ત્રીઓને બહેનો ગણીશું. અંગત દ્વેષ, સંકુચિતતા, પોતાનું સાચવી બેસવાની સાંકડી મનોવૃત્તિ છોડીને સર્વ બહેનોનાં હિત સાથે આપણું હિત જોડીશું, બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીને લાંછિત નહીં થવા દઈએ. જ્યાં ક્યાંય પણ સ્ત્રી, માત્ર સ્ત્રી

હોવાને કારણે અન્યાય, ત્રાસ, શોષણનો ભોગ બનતી હશે તેને માટે આપણે લડીશું, બધું ભગવાન કે ભાગ્ય પર છોડી દઈને ચૂપ નહીં રહીએ.

'અને યાદ રહે કે આપણે પુરુષોની સામે લડતાં નથી; અન્યાય સામે લડીએ છીએ. પુરુષો આપણા ભાઈઓ છે, પતિ છે, પિતા છે, પણ તેઓ આપણા સમકક્ષ મિત્રો છે, સ્વામી કે ધણી નથી. આપણે તેમની સાથે સહિયારી રીતે સૃષ્ટિ સર્જીએ છીએ, સાથે સંસાર ચલાવીએ છીએ. આપણને તેમની જરૂર છે, તો તેમને પણ આપણી જરૂર છે જ. પરસ્પરની જરૂરિયાતનો સંબંધ સમાનતાની ભૂમિ પર જ વિકસી શકે, અને એવા સંબંધો વડે જ સંસાર સુખપૂર્વક અને ન્યાયપૂર્વક ચાલી શકે. આપણું કર્તવ્ય તેમના કરતાં ઊતરતું નથી. શરીરરચનાની ભિન્નતા વડે કાંઈ દરજ્જાની ભિન્નતા પુરવાર થતી નથી. સ્ત્રી બધું જ કરી શકે છે. તે અવકાશયાત્રી બની શકે છે, પ્રાઇમ મિનિસ્ટર બની રાજ્ય ચલાવી શકે છે. ઈઝરાયલની સ્ત્રીઓ યુદ્ધમાં લડવા પણ જાય છે. આપણે ત્યાં રાણી અહલ્યાબાઈ હોલકરે દુશ્મનો સામે લડવા નારીસૈન્ય ઊભું કર્યું જ હતું.

'પણ...આપણને યુદ્ધો નથી ખપતાં. મા બનવું એ સ્ત્રીની વિશેષ શક્તિ છે. એક મા જાણે છે કે સંતાનના મૃત્યુની વેદના કેવી હોય ! એટલે આપણે તો યુદ્ધો નાબૂદ કરવા માગીએ છીએ. થોડીક સ્ત્રીઓ સત્તા પર હોય ત્યારે તેને પુરુષ રાજનેતાની જેમ આક્રમક બનીને રાજ્ય ચલાવવું પડે છે. પણ બહુમતી રાજનેતા સ્ત્રીઓ હશે તો દુનિયા વધારે શાંતિમય બનશે. આપણું અંતિમ લક્ષ્ય શાંતિ છે. દુનિયામાં શાંતિ, સમાજમાં શાંતિ, કુટુંબ ને ઘરમાં શાંતિ, હૃદયમાં શાંતિ. ગળું ઘોંટીને જન્માવેલી શાંતિ નહીં પણ પરસ્પર સંવાદમાંથી પ્રગટેલી શાંતિ. અને આ શાંતિનો પાયો છે સમાનતા, સમાદર સ્નેહ. જે માન્યતા-પ્રણાલિકા-પરંપરા-રૂઢિ આનાથી વિરુદ્ધનાં મૂલ્યો પર આધારિત છે તેની સામે આપણી લડાઈ છે.

'આપણો મોરચો આ લડાઈની શરૂઆત છે. આપણે અંધાધૂંધી મચાવવા નથી માગતાં, ન્યાય અને સર્વ-મનુષ્ય-સમભાવની પુનઃ સ્થાપના કરવા માગીએ છીએ. આ માટે દુનિયાભરની સ્ત્રીઓએ – આપણે એક થવાનું છે. સમાજના પરિવર્તન માટે યાહોમ કરીને ઝંપલાવવાનું છે. ડરવાની જરૂર નથી, છેવટે

ન્યાયનો જ વિજય થવાનો છે. દુનિયાની કોઈ સત્તા પરિવર્તનના આ ધસમસાટ કરી આવી રહેલા પ્રવાહને ખાળી શકે તેમ નથી.'

શબ્દે શબ્દે જાણે શંખ ફૂંકાતો હતો. એક એક વિચારે એક એક તણખો સળગતો હતો. શ્રોતાઓમાંથી કોઈકે ખરેખર જ શંખ ફૂંક્યો. હવામાં વીજળીનો આવેશ થયો હોય એમ વાતાવરણ પ્રકંપિત થઈ ગયું. સલીનાએ ઊંડો શ્વાસ લીધો. તાળીઓનો ગડગડાટ થયો. અવાજો ખંડની છત સાથે અફળાયા અને સમૂહના પ્રાણમાં પ્રતિધ્વનિ થયા.

સલીના પછી મિત્રાએ સભાને સંબોધી. તેના વ્યક્તિત્વની જેમ તેના શબ્દો પ્રબળ અને ધારદાર હતા. તેણે કહ્યું કે પ્રચલિત માન્યાતાઓથી જુદો ને નવો વિચાર લઈને કોઈ આવે છે ત્યારે સમાજના હાથે તેને સહન કરવું પડે છે; આપણે પણ સહન કરવા તૈયાર રહેવું પડશે. સ્ત્રીઓએ શોર મચાવી મૂક્યો. સભા પૂરી થતાં મિત્રા ને સલીના આસપાસ છોકરીઓની પડાપડી થઈ. ઘણાં ઘણાં વર્ષો પહેલાં, ક્રોધે ભરાયેલા ઉન્મત્ત બેકાબૂ ટોળાઓએ બેસ્ટાઇલની તુરંગના તોતિંગ લોખંડી દરવાજા તોડી નાખ્યા હતા. આજે એથીયે વધુ લોખંડી દરવાજાની ભીડેલી ભોગળો ભાંગવાની હતી – નિઃશસ્ત્ર કોમળ હાથો વડે.

તરુણ છોકરીઓ મોરચામાં જોડાવા માટેના સંદેશા લઈ વંટોળિયાની જેમ સ્ત્રીઓની વચ્ચે ઘૂમી વળી. વધારામાં ઉમેર્યું : બને એટલાં કાળાં કપડાં પહેરીને આવજો. ઇતિહાસમાં કોઈ દિવસે નોંધાઈ ન હોય એવી અભૂતપૂર્વ ઘટનાની રાહમાં તેમનાં હૃદય થનગની રહ્યાં.

છેક બીજા દિવસે રાતે સલીના વસુધા પાસે આવી શકી. સખત થાકેલી હતી. આવતાવેંત ઢગલો થઈને પડી. વસુધાએ એને બોલાવી નહીં. ગરમ ગરમ દૂધ પિવડાવ્યું, આરામ કરવા દીધો.

છેવટ સૂઈ જતાં પહેલાં પૂછ્યું : 'કૃષ્ણન આવ્યો, સલીના ?'

સલીનાએ ડોકું ધુણાવ્યું. 'સમજ નથી પડતી. એ આવવો તો જોઈએ. ન આવે એવું તો બને જ નહીં.' તેના અવાજમાં વેદના હતી.

આ પળે કૃષ્ણનના સાથની એને કેટલી બધી જરૂર હશે, તેની વસુધાએ કલ્પના કરી જોઈ. સલીનાના માથે હાથ ફેરવતાં મૃદુતાથી કહ્યું : 'કદાચ પત્ર

મોડો મળ્યો હશે. ચિંતા કરીશ નહીં. આજે નહીં તો કાલે આવશે.'

*

મોરચાનો દિવસ આવ્યો.

સ્વરૂપ, આદિત્ય, વિનોદ, અગ્નિવેશ, ગગનેન્દ્ર – આનંદગ્રામના બધા પુરુષસભ્યો સહેજ ચિંતિત હતા. આદિત્યને તરત પાછું જવાનું હતું પણ તે રોકાઈ ગયો. કૃષ્ણન હજુ પણ આવ્યો નહોતો. મોરચામાં આ બધા સામેલ થઈ શકે એમ નહોતા, કારણ કે મોરચો માત્ર સ્ત્રીઓનો જ હતો. તેમણે મોરચાથી દૂર રહીને ફૂટપાથ પર ચાલી મોરચાની અગ્ર હરોળની સાથે રહેવાનું નક્કી કર્યું. તેમને ચિંતા હતી કે ક્યાંકથી પ્રહારો આવશે. શોષિત લોકો જ્યારે સ્વતંત્રતાનો ઝંડો ફરકાવે છે, ત્યારે સ્થાપિત હિતો તરફથી પ્રહારો થાય જ છે. આનંદગ્રામ દ્વારા નવાં મૂલ્યો સ્થાપવાનો જે પળે આરંભ કર્યો ત્યારથી જોખમ તો શરૂ થઈ ગયું હતું અને હવે આ ઝંઝાવાતમાં ઝુકાવ્યા સિવાય છૂટકો નહોતો.

બપોર પડી. થોડીક સ્ત્રીઓનું એક જૂથ એક ચોકમાં આવીને ઊભું. કેટલાક લોકોએ તે જોયું પણ તે પ્રત્યે વિશેષ ધ્યાન આપ્યું નહીં. સ્ત્રીઓએ નખશિખ કાળાં વસ્ત્રો પહેર્યાં હતાં, શરીર પર એક પણ અલંકાર નહોતો. તેમના ચહેરા ગંભીર ને જ્વલંત હતા. તેમના હોઠ ભીડેલા હતા. બે સ્ત્રીઓએ એક મોટું પ્લેકાર્ડ ઊંચું કર્યું. તેના પર લખ્યું હતું :

સ્ત્રી ફક્ત શરીર નથી

રસ્તે ચાલતી છોડીક સ્ત્રીઓએ ઊભાં રહી જઈને કુતૂહલતાથી જોયું. ફૂટપાથ પરથી જતી સ્ત્રીઓ થંભી ગઈ. બાજુનાં મકાનોની બારીઓમાંથી, બારણાંમાંથી, ગૅલરીઓમાંથી સ્ત્રીઓનાં ડોકાં દેખાવા લાગ્યાં.

બીજા એક ચોકમાં બીજું જૂથ આવી ઊભું. એ જ કાળાં વસ્ત્રો. ચહેરા પર મક્કમતા અને મૌન. હાથમાં બૅનર ઊંચકેલાં હતાં. તેમાં વચ્ચે પ્રધાનપુત્રનો ચહેરો દોરેલો હતો. નીચે લખ્યું હતું :

સ્ત્રીનો ન્યાય સ્ત્રીના હાથમાં

થોડુંક ચાલીને બન્ને જૂથ એક રસ્તા પર સાથે થઈ ગયાં. રસ્તે જતી

સ્ત્રીઓમાંથી થોડીક કુતૂહલથી સાથે સાથે ચાલવા લાગી.

ત્રીજા ચોકમાં ત્રીજું જૂથ. અને પછી ઠેકઠેકાણે, અચાનક ધરતીમાંથી ફૂટી નીકળ્યાં હોય એમ જૂથો દેખાવા લાગ્યાં. જંગલની આગની જેમ મોરચાની હવા પ્રસરી ગઈ. ઘણી સ્ત્રીઓના હાથમાં ઊંચાં ઉઠાવેલાં પ્લેકાર્ડ હતાં. લગભગ દરેક પ્લેકાર્ડ પર પ્રધાનપુત્રની છબી હતી. નીચે વિવિધ સૂત્રો લખેલાં હતાં. એકમાં લખ્યું હતું : 'જે લૂંટે છે તે ગુનેગાર છે, જેનું લૂંટાયું છે તે નહીં.' ઘણી સ્ત્રીઓ પાસે છાપેલી પત્રિકાઓ હતી, જે તેમણે રસ્તા પર જતી સ્ત્રીઓના હાથમાં પકડાવવા માંડી. 'દુનિયાભરની સ્ત્રીઓ એક થાઓ. આપણે કશું ગુમાવવાનું નથી – સિવાય ભય.' પત્રિકાઓ ઝડપથી વહેંચાતી ને વંચાતી ગઈ. રસઘસની પહોળાઈ ને લંબાઈ વધવા લાગી.

એક પછી એક નાનાં નાનાં અસંખ્ય જૂથો જુદે જુદે ઠેકાણેથી જાતજાતનાં પ્લેકાર્ડ લઈને નીકળવા લાગ્યાં અને નાનીમોટી અનેક વિસ્તીર્ણ ધારાઓ એક વિશાળ સરિતામાં આવી મળે એમ મુખ્ય સમૂહ સાથે ભળી જવા લાગ્યાં. સરઘસ મોટું ને મોટું થતું ગયું. આ ફૂટપાથથી સામી ફૂટપાથ સુધી, આ છેડાથી પેલા છેડા સુધી રસ્તો ખીચોખીચ ભરાઈ ગયો હતો. રસ્તામાં સ્ત્રીઓ સમાતી નહોતી. તલપૂર પણ ખાલી જગ્યા દેખાતી નહોતી. કાળાં કાળાં મોજાંનો એક મહેરામણ એક એક ડગલે આગળ વધી રહ્યો હતો. કોઈ શબ્દ નહીં, કોઈ અવાજ નહીં...સીવેલા હોઠની અંતહીન ચુપકીદી; અને એક પછી એક ઊપડતાં પગલાંનો લય ! જાણે કાંઠા કિનારા ભાંગી નાંખતું કાળનું મહાપૂર ઊમટ્યું હતું, સદીઓથી અન્યાય સહી લેતી આવેલી શક્તિ હવે હુંકાર કરતી જાગી હતી, પરિવર્તનની આંધી બનીને ફૂંકાતી હતી.

આ માત્ર એક ઘટના માટે નહોતું. એક બહેકેલા જુવાને એક નિર્દોષ યુવતી પર કરેલી બળજબરી માટે જ નહોતું. આખીયે સ્ત્રીજાતિના સ્વત્વનું ચારેબાજુ જે ખંડન થઈ રહ્યું છે – ઘરમાં, ઑફિસમાં, સમાજમાં, દુનિયામાં – તેની વિરુદ્ધની આ જેહાદ હતી.

જેણે એ જોયું તે હતાં ત્યાં થંભી ગયાં. દુકાનમાં ખરીદી કરતી, શાકભાજીના ભાવતાલ કરતી, ઘરમાં આરામ કરતી, ચા બનાવતી, રસોઈની તૈયારી કરતી સ્ત્રીઓ પોતાનાં કામ છોડી સરઘસ જોવા દોડી આવી અને ઘરમાંથી નીકળીને

તેમાં જોડાઈ ગઈ. બહુ જ થોડી સદ્ભાગી સ્ત્રીઓને બાદ કરતાં બાકીની આ બધી સ્ત્રીઓએ, માત્ર સ્ત્રી હોવા બદલ થતા અન્યાયનો કડવો સ્વાદ ચાખ્યો હતો.

એમાં શ્રીમંત સ્ત્રીઓ હતી, મધ્યમ અને ગરીબ વર્ગની સ્ત્રીઓ હતી : સુંદર અને સુઘડ, શિક્ષિત ને આધુનિક, બહારથી સુખી ગણાતી પણ ભીતરની વેદના પોતે જ જાણતી, દાઝેલી, દુભાયેલી, મુક્તિના શ્વાસ માટે તલસતી સ્ત્રીઓ, ઊડી ગયેલા નૂરવાળી, કથળી ગયેલાં શરીર, ફિક્કા ચહેરા ને નિસ્તેજ આંખોવાળી, કબ્રસ્તાનમાં પોઢી ગયેલી કબરો જાગીને, ઊઠીને, આવી હોય તેવી નિષ્પ્રાણ, હણાયેલા ચેતનવાળી સ્ત્રીઓ...

કચડાયેલી આકાંક્ષાવાળી, અનેક ક્ષેત્રે વિશિષ્ટતાથી ઝળકવાની શક્તિ છતાં ચાર દીવાલમાં બંધાઈ ગયેલી, પોતાના બધા તેજસ્વી મનોરથોને નજર સામે ભસ્મીભૂત થતા જોનારી સ્ત્રીઓ...

મથામણ ને સંઘર્ષ કરતી, વિરોધ વહોરી લેતી, અંધારામાં ફંફોસીને પોતાનું સ્થાન ખોળતી, અન્યાય સામે અણનમ ઊભી રહેતી સ્ત્રીઓ...

અતિશ્રીમંત પતિના ઘરમાં શોભાની એક વસ્તુ બનીને રહેતી અને પોતાનું મૂલ્ય ન અનુભવવાથી વિફળતાની લાગણીથી પીડાતી સ્ત્રીઓ...

પતિની જોહુકમી નીચે થરથરી રહેતી અને ઘરની વાત બહાર ક્યાં કહેવી ?- ના ખ્યાલથી મોં બંધ રાખતી, દહેજ આપીને પરણેલી, પતિ અને સાસરિયાનો બેરહમ માર ખાતી, મૃત્યુમાં જ જીવનનો છૂટકારો કલ્પતી સ્ત્રીઓ...નોકરી કરતી અને સાંજે ઘેર આવતાં ઘરનું કામ ને બાળકો સંભાળતી અને હિંડોળે ઝૂલતી સાસુની કશી સહાનુભૂતિ ન પામતી સ્ત્રીઓ...વિધવા થવાથી એકાએક જ જીવનના સ્વાભાવિક આનંદોમાંથી નિર્વાસિત થયેલી સ્ત્રીઓ...બીજી સ્ત્રીઓ ખાતર પતિએ જેમને અવગણી છે તેવી ત્યજાયેલી, અપમાનિત, સંગીહીન, દિવસ-રાત અંદર ને અંદર સળગતી ને રાખ થતી સ્ત્રીઓ, તુચ્છકારાતી, પતિથી હંમેશા બે વેંત નીચે રહેતી, થોડાક પૈસા માટે ઓશિયાળી બનતી, કમરતોડ મહેનત કરવા છતાં પોતાની કશી કમાણી વગરની સ્ત્રીઓ; પતિ અને બાળકોને જ સર્વસ્વ સમજતી, તેમની જ સિદ્ધિઓને પોતાની સિદ્ધિ ગણતી, પોતાની બૌદ્ધિક અસ્મિતાથી તદ્દન અભાન સ્ત્રીઓ...

ચોતરફ બસ, સ્ત્રીઓ જ સ્ત્રીઓ હતી. ઊંચીનીચી, નાનીમોટી, ગૌર-શ્યામ, સેંકડો, હજારો સ્ત્રીઓ એક પછી એક સરઘસમાં જોડાતી ગઈ અને જીવનમાં પહેલી વાર મળેલી આ અભિવ્યક્તિમાં પોતાના મૂક સૂરો ઉમેરતી ગઈ.

આ શહેરે આજ સુધી આવું અચરજ દીઠું નહોતું. મોરચા તો આજ સુધીમાં ઘણા જોયા હતા : વેતનમાં વધારા માટેના, સગવડોની માગણીના, કિંમત-વધારા સામે વિરોધના. પણ સ્ત્રીઓને માટે સર્વ સ્તરે ન્યાયની માગણી કરતો, ફક્ત સ્ત્રીઓનો આવો વિરાટ મૌન મોરચો શહેરે કદી જોયો નહોતો. એ લાખો પગલાંના ધ્વનિથી ઘરોની દીવાલો ધ્રૂજી ઊઠી, કોટના કાંગરા હચમચવા લાગ્યા.

આગળ જતાં બધી ધારાઓ મળી ગઈ, અને એક જબરદસ્ત મોટો પ્રવાહ મિનિસ્ટરના ઘર ભણી ગતિ કરી રહ્યો. સૌની મોખરે હતાં રત્ના અને વસુધા. તેની બે બાજુ કાવેરી અને સલીના હતાં. આત્મવિશ્વાસ, દૃઢતા, સંકલ્પ અને ઉન્નત મસ્તકથી તેમનું વ્યક્તિત્વ અત્યંત પ્રભાવશાળી લાગતું હતું. તેમની સાથે હતાં મિત્રા ને એના. પછી આખો સમુદાય શોધ્યે છેડો ન જડે એવો એક વિરાટ રેલો અવાજ કર્યા વગર વહી આવતો હતો. સલીના ને કાવેરીના હાથમાં ગુનેગારની છબીવાળું પ્લેકાર્ડ હતું : 'ગુનેગારને હાજર કરો, એને સજા કર્યા વગર અમે જંપીશું નહીં.' મિત્રાના હાથનું પ્લેકાર્ડ હતું : 'દુનિયાભરની સ્ત્રીઓ ! ઊઠો, જાગો, તમારી બધી શક્તિઓ પ્રગટ કરો.' વસુધાનું પ્લેકાર્ડ હતું : 'સુખી જીવન સમાનતા, સમાદર અને સ્નેહની ભૂમિ પર પાંગરી શકે.'

'સમાનતા, સ્વતંત્રતા, બંધુતા'ના પેલા મશહૂર સૂત્રની જેમ અહીં સૂત્ર હતું : 'અમને જોઈએ છે ન્યાય, અમને જોઈએ છે સ્નેહ, સમાનતા, સમાદર.' હવામાં ઊંચકાયેલા પ્લેકાર્ડ નવા યુગની ધજા લહેરાવતાં હોય એમ લાગતું હતું.

ચુપચાપ ચાલતું સરઘસ લક્ષ્યસ્થાન નજીક આવી પહોંચ્યું.

•

૩૯

સંયુક્ત મોરચાની તત્કાળ પૂરતી માગણી નાની હતી, પણ સાદી નહોતી. તેમણે મિનિસ્ટરને વિનંતી કરી હતી હતી કે ગુનેગારને સરઘસ સામે કોઈ ઊંચી પીઠિકા પર ઊભો કરવામાં આવે, જેથી આખો સમૂહ તેને જોઈ શકે. વસુધાની ઇચ્છા તો એમ હતી કે તે જાહેરમાં રત્નાને પગે પડી માફી માગે. મિત્રાનું સૂચન એમ હતું કે બધાંની સામે તેના મોં પર એક પ્રતીકાત્મક ધોલ મારવામાં આવે, જે ધોલ, સ્ત્રીને પોતાની વાસનાતૃપ્તિનું રમકડું સમજતા બધા પુરુષોના ગાલ પર વાગે.

પ્રધાનપુત્રે કરેલા ગુનાના પ્રમાણમાં, અને અદાલત તેને જે દંડ કરે તેના પ્રમાણમાં આ સજા સાવ અલ્પ હતી, પણ તેની નામોશી ઘણી મોટી હતી. અને એ જ તો મોરચાનો એક ઉદ્દેશ હતો, કે સ્ત્રીઓ સામે ગુનો કરનારાઓને તો કાયદો સજા કરે ત્યારે કરે, પણ એની સામાજિક પ્રતિષ્ઠા આમ જાહેર રીતે પાછી ખેંચી લેવાવી જોઈએ. પણ આવેદનપત્રમાં તો ફક્ત તેને સમૂહ સામે હાજર કરવાની જ માગણી હતી.

ચુપચાપ ચાલતું, જોનારાના દિલમાં ભય અને પ્રભાવ જન્માવતું, ક્રાન્તિના અદૃશ્ય પડઘમ વગાડતું હોય એવું સરઘસ છેવટે મિનિસ્ટરના મકાન પાસે આવી પહોંચ્યું. સરઘસની બેઉ બાજુ પોલીસના માણસો ચાલતા હતા. વાહનવ્યવહાર સઘળો અટકી ગયો હતો. આજુબાજુનાં મકાનોની બારીઓ અને ઝરૂખામાં લોકો મોરચાને જોવા ઊભા હતા. મિનિસ્ટરના નિવાસ્થાન પાસે પોલીસની એક ટુકડી ગોઠવાઈ હતી. એ મકાનનાં બારીબારણાં સખ્ત ભીડેલાં હતાં. અંદર કોઈ છે કે નહીં, એ કળાતું નહોતું.

આનંદગ્રામના પુરુષ-સભ્યો છેક પહેલેથી, સરઘસની જોડાજોડ ચાલ્યા હતા. સ્વરૂપ માટે આ બધું તેના સ્વભાવ અને પ્રકૃતિથી ઘણું દૂરનું હતું. પણ

અત્યારે બધાના સહચારી થવાનો તેને પોતાનો ધર્મ લાગ્યો હતો. તેના ને આદિત્યના મોં પર ચિંતાની વાદળી ઘેરાઈ આવી હતી. સંઘર્ષની ક્ષણ સાવ નજીક આવીને ઊભી રહી. આ ભીડની પાર તેમને વસુધા, મિત્રા, સલીના કે બીજાં કોઈ જ દેખાતાં નહોતાં. દેખાતાં હતાં માત્ર રણશિંગાની જેમ ઊંચકાયેલા પ્લેકાર્ડ, કાળાં મોજાંની લયબદ્ધ ગતિ અને ખાખી કઠોર દીવાર.

સરઘસ સાવ નજીક પહોંચ્યું. પોલીસના માણસોમાં સળવળાટ થયો. એક અધિકારીએ શરીરને ટટ્ટાર કરી એક પગ આગળ મૂક્યો.

સરઘસ થંભી ગયું. સલીના-રત્ના-કાવેરીએ એક ક્ષણ પોલીસ અધિકારી સામે જોયું. પછી પાછળ નજર ફેરવી વિરાટ સમુદાય ભણી જોયું. બધાંનો શ્વાસ અધ્ધર થઈ ગયો. આખા સમૂહે થોડાં ડગલાં આગળ ભર્યાં. વસુધાએ મિત્રાના મોં પર નજર નાખી. એને એ ચહેરો તેજથી ઝળહળતો લાગ્યો. સહસા યાદ આવી ગયું. એક વાર સુમિત્રાએ કહ્યું હતું : આપણે ત્યાં મળીશું જ્યાં મશાલનો પ્રકાશ પથરાયો હશે...તો આ જ એ મિલનભૂમિ હતી ? તે મિત્રાની સહેજ નજીક સરી. મિત્રા આગળ વધી. અધિકારીએ ઇશારો કર્યો. બે પોલીસે લાઠી આડી ધરી. 'અહીંથી આગળ વધવાની મનાઈ છે.'

મિત્રાએ ગંભીર અવાજે કહ્યું : 'અમારે મિનિસ્ટરને આવેદનપત્ર આપવું છે.'

અધિકારીએ હાથ લાંબો કર્યો : 'મને આપી દો, હું પહોંચાડી દઈશ.'

સલીના આગળ આવી. 'અમારે એમને મળવું છે.'

'અને અત્યારે જ મળવું છે.' કાવેરીએ કહ્યું.

અધિકારીના મોં પર સખ્તાઈ તરી આવી. 'મિનિસ્ટર ઘરમાં નથી.' એકાએક મકાનના ઉપલા માળની એક બારી ખૂલી અને તેમાંથી એક ડોકું બહાર આવ્યું. પણ સામે મોરચાનું કરાળ રૂપ જોઈ, હેબતાઈને પાછું ખેંચાઈ ગયું. ફટાક કરતી બારી બંધ થઈ ગઈ. રત્નાનું ધ્યાન ગયું ને તે મોટેથી બૂમ પાડી ઊઠી : 'એ રહ્યો, એ અંદર છે...પેલો નાલાયક નપાવટ ગુંડો !'

રત્નાની બૂમ સાંભળતાં નજીકની સ્ત્રીઓએ કિકિયારી કરી અને પછી અચાનક જ બધામાં કશુંક જોશ ઊભરાયું. આગળથી એવું કાંઈ નક્કી નહોતું

કર્યું, પણ અનાયાસ જ આપમેળે તેમણે એકીસાથે મોટા અવાજે બોલવા માંડ્યું : 'ગુનેગારને હાજર કરો, અમને તેનું મોં જોવા દો.'

એકસાથે સેંકડો કંઠના હીંચકા પર તાલબદ્ધ ઝૂલતા આ પોકારથી અત્યાર સુધી મૌન ચાલ્યા આવેલા મોરચાની શાંતિ ભેદાઈ ગઈ અને ચારે બાજુ અસ્વસ્થતા અને કોલાહલ ફેલાયાં.

મકાનની જમણી બાજુએ પાછળના ભાગમાં ગૅરેજ હતું. રત્નાએ એમાંથી મોટરકાર બહાર નીકળતી જોઈ, અને તે તરફ ધસી. 'પેલો ભાગી જાય છે. અટકાવો એને, અટકાવો.' તેનામાં ગાંડપણ ને ઝનૂન ઊભરાયાં. પોલીસની વચ્ચેથી તે મકાનના દરવાજા તરફ જવા મથી.

ગાડીમાં મિનિસ્ટર ને તેનો પુત્ર બન્ને બેઠેલા અલપઝલપ દેખાયા. ડ્રાઇવર પાછળનું ફાટક ખોલવા ગાડીમાંથી નીચે ઊતર્યો.

'પકડો, પકડો એને. અમારી સામે એને અહીં હાજર કરો. એનું કાળું મોં અમને બધાંને જોવા દો.' એક સ્ત્રીએ આવેશમાં આવી, બધું જોર વાપરીને બૂમ પાડી અને બે હાથ ઊંચા કરી તે આગળ દોડી. પાછળ રત્ના દોડી.

પોલીસે રત્નાને જોરથી ધકેલી. તે ગળથોલિયું ખાઈ ગઈ, પણ પાછી ઊભી થઈને આગળ વધી.

'પેલા લૂંટારાની તમે રક્ષા કરો છો અને મને ધક્કો મારો છો !' તેના હૃદયમાં જ્વાળા ભડકી. તેના આગળ વધવા સાથે મોરચાની અગ્ર હરોળની બધી સ્ત્રીઓ આગળ વધી. દરિયાનું એક પ્રચંડ મોજું ઊંચું થઈને કિનારા પર અફળાવાની રાહ જોઈ રહ્યું.

કાવેરી, સલીના, મિત્રા, વસુધાએ પણ જોર કરી, પોલીસની હરોળ ભેદીને મકાનના દરવાજા તરફ જવા મરણિયો પ્રયત્ન કર્યો.

પોલીસે પહેલાં હાથ વડે બળપૂર્વક ધક્કા મારી-મારી બધાંને પાછાં હડસેલવા માંડ્યાં. અને પછી એકાએક જ, કશું કહ્યાકારવ્યા વિના, વીખરાઈ જવાની ચેતવણી આપ્યા વિના લાઠીમાર શરૂ કર્યો. ફડાફડ લાઠીઓ વીંઝાઈ અને સ્ત્રીઓનાં માથાં પર, હાથ પર, પગ પર, જ્યાં ફાવે ત્યાં પડવા લાગી. સ્ત્રીઓ સ્તબ્ધ થઈ ગઈ, તેમના ગળામાંથી ચીસો નીકળવા લાગી.

મિત્રા વગેરેને હતું કે બહુ તો પોલીસ પકડી લેશે. લાઠીમારની કલ્પના તેમણે કરી નહોતી. તેમણે પોલીસોના હાથ પકડી પકડી તેમને અટકાવવાની કોશિશ કરી, પણ તેમના શરીર પર જોરથી દંડા પડ્યા ને તેઓ ફેંકાઈ ગયાં. પોલીસનું બળ વધ્યું. તેમણે નિષ્ઠુરતાથી લાઠીઓ ફટકારવા માંડી. સ્ત્રીઓમાં ચીસાચીસ, ભાગંભાગ, ધક્કામુક્કી થઈ પડી. દોડવાનો પ્રયત્ન કરતાં તે એકમેક સાથે અથડાઈ, ભોંય પર પછડાઈ. ચારે બાજુ બુમરાણ ને દોડાદોડી મચી ગઈ. મિત્રા ઊભી થઈને પોલીસ અધિકારીને લાઠીમાર રોકવાનું કહેવા આગળ આવી કે તેના માથા પર જોરદાર ફટકો પડ્યો. લોહીની ધારા વછૂટી અને તે તમ્મર ખાઈને રસ્તા પર ફંગોળાઈ. બધાંએ મળી તે દિશામાં દોડવા માંડ્યું. ખૂબ ધાંધલ મચી ગઈ. સ્વરૂપ-આદિત્ય વગેરેએ, લાઠીમાર થઈ રહ્યો છે એ સમજાતાં ભીડને ચીરીને અગ્ર હરોળ પાસે પહોંચવા જીવ-સટોસટના પ્રયત્નો કર્યા. આદિત્ય આગળ નીકળી શક્યો, પણ સ્વરૂપના ખભા પર મોટી લાઠી પડી.

ઘણી વારે ધમાલ શમી. બૂમો પાડતી સ્ત્રીઓ છેવટે વીખરાઈ ગઈ. જેટલો કોલાહલ હતો એટલો જ સૂનકાર પથરાઈ ગયો. માત્ર રસ્તા પર પડેલી સ્ત્રીઓનાં કંઠમાંથી નીકળતા પીડાના સ્વર સૂનકારમાં નકશી આંકી રહ્યા.

વિનોદ, ગગનેન્દ્ર – બધા પહોંચ્યા ત્યારે મિત્રા અને વસુધાને તેમણે બેભાન પડેલાં જોયાં. મિત્રાના માથામાંથી અને વસુધાના મોંમાંથી લોહી વહેતું હતું, કાવેરી, સલીના, એના, અલોપા બધાંને સખ્ત વાગ્યું હતું. કોના શરીરમાં ક્યાં અને શી ભાંગતોડ થઈ તેની ખબર નહોતી પડતી. બધાં વેદનાથી કણસતાં હતાં. માત્ર રત્નાને પ્રમાણમાં ઓછું વાગ્યું હતું. બીજી પણ ઘણી સ્ત્રીઓ વિવિધ રીતે ઘવાઈને રસ્તા પર પડી હતી. ભોંય પર લોહીનો છંટકાવ થયો હતો.

સામાજિક સંસ્થાઓના કાર્યકરો ઝડપથી આવી પહોંચ્યા. બીજા સહૃદય અને જાગ્રત નાગરિકો, મોરચામાં ભાગ લેનાર અને ઘાયલ થનાર સ્ત્રીઓના સ્વજનો આવ્યા. બધી સ્ત્રીઓને હૉસ્પિટલમાં પહોંચાડવામાં આવી. સારવારની વ્યવસ્થા થઈ. જે સ્ત્રીઓને સાધારણ વાગ્યું હતું તેમને પાટાપિંડી કરીને જવા દેવામાં આવી. કેટલાકને ઘણું વધારે વાગ્યું હતું. હૉસ્પિટલમાં ડૉક્ટરો અને નર્સોની દોડધામ ચાલી. બહાર આખી સાંજ ને મોડી રાત સુધી સ્ત્રીઓનાં ટોળાં જામેલાં રહ્યાં. જરૂર પડ્યે પોતાનું લોહી આપવા બધાં તત્પર હતાં. તેઓ

સમાચારની રાહમાં ઊભાં હતાં, અને વચ્ચે વચ્ચે સૂત્રો પોકારી લેતાં હતાં. આજુબાજુનાં મકાનોમાં રહેતી સ્ત્રીઓએ તેમને પાણી અને નાસ્તો પૂરાં પાડ્યાં. સરઘસ પૂરું થઈ ગયું હતું. પણ મોરચો જુદા રૂપે ચાલુ હોય એવું વાતાવરણ બહાર હતું, અને એવો જુસ્સો સહુના મનમાં હતો. હૉસ્પિટલની મહિલા-ડૉક્ટરોએ અંગત રીતે વિશેષ રસ લઈને, ઘવાયેલી સ્ત્રીઓનાં સગાં-સંબંધીઓ સાથે વાત કરી, છેલ્લામાં છેલ્લી માહિતી આપી. બહાર ઊભેલા સમૂહને પણ થોડી થોડી વારે સમાચાર આપવાની વ્યવસ્થા હૉસ્પિટલના સ્ટાફની સ્ત્રીઓએ કરી.

રાતે દસ વાગ્યે સલીના ભાનમાં આવી. તે હવે જોખમમાંથી મુક્ત છે તેવા સમાચાર જાહેર થતાં, ટોળાંએ તાળીઓ અને આનંદના પોકારોથી વાતાવરણ ભરી દીધું.

વસુધાએ ભાનમાં આવતાં સૌ પહેલાં રત્નાના સમાચાર પૂછ્યા, અને રત્ના સલામત છે જાણી રાહતનો શ્વાસ લીધો. એના-અલોપાના હાથને પ્લાસ્ટર કરવું પડ્યું.

છેલ્લા સમાચાર મિત્રાના આવ્યા. તેના પર તાકીદનું ઑપરેશન કરવું પડ્યું. તેના માથામાંથી સારા પ્રમાણમાં લોહી વહી ગયું હતું. ઑપરેશન પછી તે ભાનમાં આવી જ નહીં.

રાત્રે બાર વાગ્યે મિત્રાનું મૃત્યુ થયું.

*

શહેરનાં બધાં અખબારોમાં, મિત્રાની છબી સાથે તેના મૃત્યુના સમાચાર પ્રગટ થયા. સાથે મોરચાની તસવીરો અને વિગતે અહેવાલ પણ છપાયા.

સમાનતા, સમાદર, સ્નેહ માટેની સ્ત્રીઓની લડતમાં મિત્રા પ્રથમ શહીદ બની.

મિત્રાના મૃત્યુના સમાચાર પ્રસરતાં, શહેરની સ્ત્રીઓમાં તીવ્ર ખળભળાટ ફેલાઈ ગયો. આજ સુધી સ્ત્રીઓના મોરચા પર ક્યારેય લાઠીચાર્જ નહોતો થયો. બીજા દેશોમાં એવું બન્યાના ખબર વાંચ્યા હતા, પણ અહીં આવું બને એ લોકોની કલ્પના બહારનું હતું. મોરચા તરફથી તો કોઈ હિંસકતા કે આક્રમકતા દાખવવામાં નહોતી આવી. તો પછી, આ સ્ત્રીઓ તે વળી શું કરવાની હતી ?

– એવા તુચ્છકારનું આ પરિણામ હશે ? કે ઊંડે ઊંડે સ્ત્રીઓની માગણી સાચી હોવાનો ભય હશે ?

મિત્રાની ભવ્ય સ્મશાનયાત્રા નીકળી એમાં સ્ત્રીઓ જ સ્ત્રીઓ હતી. પાછળથી થોડા પુરુષો પણ જોડાયા. એક સ્ત્રીના હાથે જ મિત્રાના અગ્નિસંસ્કાર થયા. સ્મશાનભૂમિની જ્વાળાઓએ એકીસાથે આટલી બધી સ્ત્રીઓનાં અગ્નિમય ચહેરા ક્યારેય નિહાળ્યા નહોતા.

સાંજે સંયુક્ત મોરચા તરફથી મોટી સભા ભરાઈ. અનેક સ્ત્રી-આગેવાનોએ આગઝરતાં ભાષણો કર્યાં. પોલીસના અત્યાચારના વિરોધમાં તેમ જ મિનિસ્ટર પોતાના પુત્રના ગુના વિશે જાહેર નિવેદન બહાર પાડે તે માટે સ્ત્રીઓને હડતાલ પર ઊતરવાનું એલાન અપાયું.

સ્ત્રીઓની હડતાલ – આ એક અભૂતપૂર્વ એલાન હતું. જ્યાં જ્યાં સ્ત્રીઓ કામ કરતી હતી, ત્યાં ત્યાં તેમણે હડતાલ પાડી. ટ્રેડ યુનિયનોએ મોરચાને ટેકો આપ્યો હતો. તેથી સ્ત્રી-કામદારોએ પણ હડતાલમાં ભાગ લીધો. સુધરાઈના સફાઈ-કામદારોમાંની સ્ત્રીઓ ટોપલા ને સાવરણા લઈ કામ છોડી રસ્તાની કિનારીએ બેઠી અને સૂત્રો પોકારવા લાગી. શિક્ષિકાઓ સ્કૂલમાં ભણાવવા ગઈ નહીં અને પુરુષ-શિક્ષકોની સંખ્યા પૂરતી નહોતી તેથી ઘણી શાળાઓ બંધ રહી. સ્ત્રી-ડૉક્ટરો, નર્સો, વકીલો, ન્યાયમૂર્તિઓ – જ્યાં જ્યાં સ્ત્રીઓ કામ કરતી હતી ત્યાં બધે હડતાલ પડી. પહેલાં પહેલાં તો સત્તાવાળાઓએ અને સ્ત્રીની શક્તિથી અનભિજ્ઞ લોકોએ હડતાલને એક બાલિશ ચેષ્ટા ગણી તેને અવગણી કાઢી, પણ ધીમે ધીમે કામોમાં તકલીફ થવા લાગી ત્યારે તેઓ ચોંકી ગયા. નર્સો અને સ્ત્રી-ડૉક્ટરો વગર હૉસ્પિટલનું કામ ખોરવાવા લાગ્યું. ઍર-હૉસ્ટેસો વગર ઘણાં વિમાનો ઊડી શક્યાં નહીં. ક્લાર્ક, ટાઇપિસ્ટ, રિસેપ્શનિસ્ટ, સેક્રેટરી, સ્ટેનો કામ પર ન જવાને કારણે ઑફિસોના કામમાં મુશ્કેલી ઊભી થવા લાગી. કૉલેજોમાં મહિલા-પ્રોફેસર અને વિદ્યાર્થિનીઓ ગયાં નહીં. બૅન્કમાં ફક્ત પુરુષ કર્મચારીઓ જ ગયા. જેમની સંખ્યા કામના પ્રમાણમાં ઓછી હતી, આથી બૅન્કના કામમાં પણ રુકાવટ આવી અને તેની વેપારઉદ્યોગ પર પણ અસર પડી.

ગૃહિણીઓ પણ હડતાલમાં જોડાઈ, પોતપોતાના મકાન આગળ જૂથમાં

બેસી તેમણે બુલંદ સ્વરે સૂત્રો ઉચ્ચાર્યા. પ્રધાનપુત્રની છબીવાળાં ફરફરિયાં આખા શહેરમાં વહેંચાયાં અને મકાનોની દીવાલો પર, દુકાનોનાં બારણાં પર, વીજળીના થાંભલા પર, ટ્રેન પર, બસ પર, વૃક્ષોનાં થડ પર ફરફરિયાં ચોંડાયાં. ઠેકઠેકાણે સભાઓ ભરાવા લાગી. સ્ત્રીઓમાં જાગૃતિ આવી. અત્યાર સુધી તેમણે પોતાની જાતને માત્ર કુટુંબનું જ એક અંગ માની હતી. હવે તેમને ખ્યાલ આવ્યો કે તેઓ પણ સમાજનાં મહત્ત્વનાં, જવાબદાર, સક્રિય ઘટકો છે. હવે માત્ર ઘર સાચવીને બેસી રહેવાથી નહીં ચાલે. જે સ્ત્રીઓ હંમેશા ઘરમાં પણ ચૂપ રહી હતી તે બહાર આવી જાહેર સમૂહ આગળ તીખાં ભાષણો કરવા લાગી.

પુરુષો ચોંકી ગયા, અસ્વસ્થ થયા. સમગ્ર સમાજના સંચાલનમાં સ્ત્રીઓનો ફાળો કેટલો મોટો છે તેનો આ પહેલાં તેમને ખ્યાલ જ નહોતો આવ્યો. સ્ત્રીઓની સાથે ઘણા પુરુષોએ પણ ભાષણો કર્યાં અને હડતાલમાં સાથ આપ્યો.

હડતાલ મક્કમ અને વ્યાપક હતી. સિને-તારિકાઓએ શૂટિંગમાં જવાનું બંધ કર્યું અને હવેથી પોતે પતિઓને પગે પડી કાકલૂદી કરતી હોય કે અન્યાય સહીને ચૂપ રહેતી હોય તેવાં દૃશ્યો ને ભૂમિકાઓમાં ભાગ નહીં લે તેમ જાહેર કર્યું. સ્ત્રી-ધારાસભ્યો અને ખુદ પ્રધાનમંડળના મહિલા પ્રધાનોને પણ લાગ્યું કે અત્યારે આપણે સ્ત્રીઓની સાથે નહીં રહીએ તો દ્રોહી ગણાઈશું. તેમણે પણ સભાઓમાં હાજરી આપી અને સ્ત્રીઓને સંબોધી.

મોરચાનું વિરાટ પૂર શમી ગયું હતું પણ તેની નાની નાની અસંખ્ય શક્તિધારાઓ સમાજમાં વહી રહી અને એક નવા યુગની આગમનીના સૂર સંભળાવા લાગ્યા.

આંદોલનના આ દબાણ હેઠળ છેવટે ગુનેગાર પુત્રના પિતાએ પ્રધાનમંડળમાંથી રાજીનામું આપ્યું, રત્ના અને તેનાં માબાપ પાસે જઈ માફી માગી અને પુત્રને રત્ના સાથે પરણાવવા પોતે તૈયાર છે એમ કહ્યું પણ રત્નાએ હલકટ માણસ સાથે પરણવાની ચોખ્ખી ના પાડી દીધી.

આ સમાચાર પણ છાપાંમાં છપાયા.

પછીના દિવસે વહેલી સવારે, પ્રધાનપુત્રે દરિયામાં ડૂબી જઈને આપઘાત કર્યો.

●



૪૦

ધોળી ચાદર બિછાવેલ ખાટલામાં, મોંએ-માથે પાટા બાંધીને વસુધા સૂતી હતી. ખાટલા સામેની બારીમાંથી આકાશ દેખાતું હતું. જિંદગીમાં કેવા કેવા પડાવ આવ્યા ? – તે વિચારતી હતી. સ્વરૂપે એક વાર વાત કરેલી તે યાદ આવી. આનંદગ્રામને જ પ્રતીક લઈ તેણે એક વાર મુક્તિનાં ક્રમિક પગથિયાં વિશે કહેલું : મોટા ભાગનું જીવન માણસ ઓરડાની ચાર દીવાલ વચ્ચે જ જીવતો હોય છે. ઓરડામાંથી આકાશ ક્વચિત જ દેખાય છે. ઓરડામાંથી જરા બહાર આવતાં, હોય છે વરંડો. ત્યાંથી આકાશની ઘણી વધુ ઝલક મળે છે. તેમાંથી નીકળતાં આવે આંગણું. ચારે બાજુ વાડ કે દીવાલથી રક્ષાયેલું, પણ માથા પર અનંત આકાશને ઝીલી રહેલું. તે પછી છે ફૂલઘર. એને બંધન છે, પણ માત્ર પ્રકૃતિનાં વૃક્ષોનું. એ પછી રેતીનો વિસ્તર્ણ પટ. પછી દરિયો...અતલ, અફાટ...

'દરિયો અંતિમ મુક્તિનું પ્રતીક છે ?' વસુધાએ પૂછેલું.

'ના, દરિયાને પૃથ્વીની સીમા છે. એથી ઉપર છે આકાશ; એ મુક્ત છે, નિસ્તરંગ છે, નિઃસીમ છે. એ પોતે ભીંસાતું નથી કે બીજાને ભીંસ કરતું નથી, અવરોધ કરતું નથી; ઊડવાને અવકાશ આપે છે, જીવન આપે છે...અને જીવનનું સૌન્દર્ય પણ આપે છે.'

હૉસ્પિટલના પલંગમાં સૂતાં સૂતાં સ્વરૂપની વાતો યાદ આવવા લાગી. વસુધાને મનમાં થયું : હવે હું કયા પડાવે છું ? અને હવે મારે શું કરવાનું છે ?

કોઈકની પાસેથી કંઈક જોઈતું હોય – એવો એક સમય હતો. હવે પોતાની ઝોળી ભરેલી છે. અંદર એક તૃપ્તિ છે. પોતાની રીતે જીવવું એટલે શું – એની હવે ખબર છે. આદિત્યે તેને સાગરપંખીની વાત કરી હતી. જોનાથન લિવિંગ્સ્ટન સીગલ. દરેક સાગરપંખી પોતાની મર્યાદાને જીવનની શરત માની લે છે. એ

વગર જીવી જ નહીં શકાય, એમ સ્વીકારી લે છે. પણ એક પંખીએ એ મર્યાદા તોડી હતી. એમ કરતાં તે ઘવાયું, તિરસ્કૃત થયું, તૂટી પડ્યું, પણ ફરી ઊડ્યું અને છેવટે તેણે સીમાડા ભેદી નાખ્યા.

પછી તે પાછું આવ્યું – બીજાઓને, ઊંચે કેમ ઊડવું તે શીખવવા.

*

અનેક ઘાવથી શરીર ક્ષતવિક્ષત થયેલું હતું પણ એની ચિંતા નહોતી. એના પર તો રૂઝ વળી જશે. ઊંડો ઘાવ હતો મિત્રાના મૃત્યુનો. ઘર છોડતાં નહોતી થઈ એટલી તકલીફ વસુધાને મિત્રાના જતાં થઈ. પણ આ કપરી પળોમાં આદિત્યે તેને સંભાળી લીધી. વસુધા અને સલીના એક રૂમમાં હતાં; એના-અલોપા બીજા રૂમમાં. તેમની અને બીજી ઘાયલ સ્ત્રીઓની શુશ્રૂષા માટે વિનોદ-અગ્નિવેશ આવી પહોંચ્યા હતા. સ્વરૂપને વાગ્યું હતું, પણ તેણે હૉસ્પિટલમાં રહેવાની જરૂર નહોતી.

બીજાઓને તો થોડાક દિવસમાં સારું થઈ ગયું, પણ વસુધા અને સલીનાને હૉસ્પિટલમાં થોડા દિવસ રહેવું પડ્યું. વસુધા ત્યાં હતી ત્યારે ઘરનાં બધાં તેને મળવા આવ્યાં. બધાંને વસુધા પ્રત્યે માન વધ્યું હતું, પણ સૌથી વધુ ખુશ હતી સુનીલા. 'છાપામાં મોરચાના ફોટા છપાયા હતા, તેમાં તમે ચોખ્ખાં દેખાતાં હતાં. તમને વાગ્યું જાણીને ચિંતા થઈ. પણ આઈ એમ વેરી પ્રાઉન્ડ ઑફ યુ...અને મા, અમે બધા જ સરઘસમાં જોડાયેલાં હં કે ! અને હડતાલમાં પણ. હું બૅન્કમાં નહોતી ગઈ. અને તમે માનશો ? હર્ષભાઈ અને અશેષે પણ બીજે દિવસે અમારી સાથે બહાર બેસી સૂત્રો પોકારેલાં.'

અને વ્યોમેશ ? તેણે શું કર્યું હતું ? – વસુધાને વિચાર આવ્યો ને પસાર થઈ ગયો. બધાંની સામે તે સ્નિગ્ધ હસી રહી. પથારીમાં સૂતેલી તેની કાયા ક્ષીણ લાગતી હતી, પણ તેના મુખ પર દીપ્તિ હતી. કમલનું મન કહેવા માટે તલસી રહ્યું : 'મા, તમે પાછાં ઘેર ચાલો ને ! તમારા વગર ઘરમાં સારું નથી લાગતું.' પણ વસુધાને જોયા પછી તેનાથી એ બોલાયું નહીં. એક પંખી હવે આકાશમાં ખૂબ ઊંચે ઊડ્યું હતું. એને ચાર દીવાલની ચેતનામાં ફરી સમાવવાનું શક્ય નહીં બને.

નવાઈની વાત. બીજે દિવસે વ્યોમેશ મળવા આવ્યો. તેનું હૃદયપરિવર્તન

થયું કે શું ? વસુધાએ ઘર છોડ્યું પછી આ પહેલી વાર બંનેએ એકબીજાને જોયાં. વસુધાએ તેને જોઈને આવકારનું સ્મિત કર્યું, પણ વ્યોમેશના મોંની રેખાઓ હળવી થઈ નહીં. તે બેઠો પણ નહીં. ઊભો ઊભો થોડી વાર જોઈ રહ્યો. પછી આજુબાજુ નજર નાખી. સલીનાને જોઈ. થોડી વાર ચૂપ રહ્યા પછી લુખ્ખા અવાજે બોલ્યો : 'પોતાની ઇચ્છા પ્રમાણે કરવા જતાં શો સાર કાઢ્યો ? સરખી રીતે ઘરમાં રહ્યાં હોત તો માથું ફૂટવાનો વારો ન આવત ને ?

અનુભવના બખ્તરથી રક્ષાયેલી હતી તોયે આ આઘાત જરા ઉઝરડો કરી ગયો. આટલું બધું બની ગયું તેનો આ જ સાર કાઢ્યો ? માથું ફૂટ્યું તે દેખાયું, દીવાલો તૂટી તે દેખાયું નહીં ? – વસુધાને કહેવાનું મન થયું, પણ કહ્યું નહીં. જે માણસ અજવાળું ન જોઈ શકે તેને આંગળી ચીંધી દીવો બતાવવાથી શો લાભ ?

પછી વળી બોલ્યો : 'મેં કેટલું બધું વિચારી રાખેલું. રિટાયર થવાને હવે બહુ વાર નહોતી. પછી શું કરવું, કેમ રહેવું, બધી વ્યવસ્થા મેં મનમાં નક્કી કરી રાખી હતી. તેં મારાં બધાં ક્રમનો ભંગ કરી નાખ્યો.'

વસુધાએ કશો જવાબ દીધો નહીં. માત્ર એક હળવું સ્મિત તેના મુખ પર ફેલાઈ રહ્યું. સલીના એ જ રૂમમાં બીજા પલંગ પર સૂતી હતી. બધું સાંભળતી હતી. વ્યોમેશે તેની તરફ બીજી વાર જોયું નહીં. બે-ચાર અમસ્તી વાતો કરી છેવટે નીકળતાં કહ્યું : 'સારું. હવે તને કાંઈ થાય તો મને દોષ આપતી નહીં !'

એના જતાં જ સલીના બેઠી થઈ ગઈ. 'એમના ક્રમનો તમે ભંગ કર્યો, એમ ? અને તમારા આખા જીવનનો ક્રમ એમણે તોડી નાખ્યો હતો એનું શું ?' તે ઉશ્કેરાઈને બોલી : 'અને પપ્પાજીનો દંભ તો જુઓ ! વાંક તેમનો છે અને દોષી તમને ઠરાવે છે. આ પણ એક પ્રકારનો બળાત્કાર જ કહેવાય ને ! એમણે લગ્નનું તો નક્કીયે કરી નાખ્યું છે. મને ખબર છે, એ બહેન ઘણી વાર ઘેર પણ આવી ગયાં. ઉપરથી કહે છે – તને કાંઈ થાય તો...કેમ જાણે, તમને જે વીત્યું છે, તે તેમના લીધે વીત્યું છે, એ જાણતા જ ન હોય !'

વસુધાના મનમાં કશો ઉદ્વેગ નહોતો. શાંતપણે કહ્યું : 'દંભ કદાચ ન પણ હોય, ફક્ત અજ્ઞાત હશે.' બીજી સ્ત્રી વિશે વધુ સાંભળવાનો રસ રહ્યો નહીં. એ પળે જ સમજાયું કે સંબંધની બધી જંજીરો તૂટી પડી છે. સમજાયું કે પોતાની

ને વ્યોમેશની વચ્ચે જે કાંઈ હતું તે શરીરનું હતું, સામાજિક ફરજ અને શિષ્ટતાનું હતું. ઉપરથી નીચે સુધી બીડેલા બટનવાળા એ માણસને કોઈ ઊંડી, વિશાળ, હૃદયને તૃપ્ત કરનારી બાબતોની ક્યારેય જાણ જ નહોતી થઈ.

આંખો મીંચીને વસુધા પડી રહી. વ્યોમેશનાં વજનદાર પગલાંનો અવાજ દૂર દૂર જતાં છેવટ લુપ્ત થઈ ગયો.

*

સલીનાના પગ પર ફરી નાનું ઑપરેશન કરવું પડ્યું. અચાનક જ 'અ' આવી ચડ્યો. તે હંમેશ આવી રીતે, અજાણતાં જ આવી ચડતો. અત્યાર સુધી આદિત્યે એકલાએ વસુધા અને સલીનાની પરિચર્યાનું કામ ઉપાડી લીધું હતું. જે ઝીણવટભરી કાળજી અને મૃદુતાથી તે બન્નેની શુશ્રૂષા કરતો, થાક્યા વગર કે સુગાયા વગર નાનાં-મોટાં કામ કરી આપતો, દવા માટે ગમે તે સમયે ગમે તેટલે દૂર કંટાળ્યા વગર આંટા ખાતો, ક્યારે તેમને કઈ વસ્તુની જરૂર પડશે, હસાવીને ક્યારે તેમને હળવાં રાખવાં અને ક્યારે તેમને શાંતિમાં એકલાં રહેવા દેવાં – એ પારખવાની તેનામાં જે ઝીણી સૂઝ હતી તે જોઈ વસુધાને ખૂબ આશ્ચર્ય થતું. અત્યાર સુધી વસુધાએ જ પતિની, સંતાનોની, ફૈબાની સેવા કરી હતી. કોઈ પોતાનીયે આવી રીતે સેવા કરે, પોતાનું સઘળું ધ્યાન, સઘળો સમય તેને આપે, કશી અપેક્ષા કે બદલાની ઇચ્છા વિના, સંબંધના કર્તવ્યની કોઈ આણ વિના, કેવળ કોઈની વિકસિત મનુષ્યતામાંથી જ આવો આત્મીયતાનો પ્રવાહ વહે, એ વસુધાએ કદી જાણ્યું નહોતું. તેનું હૃદય મૂંગું મૂંગું આદિત્ય પ્રત્યે કૃતજ્ઞતાથી ઊભરાઈ રહ્યું.

'એ' આવતાં આદિત્યને શુશ્રૂષાના કામમાં સહાય મળી. સલીનાને જરા પણ ફરવું હોય તો તેને ટેકો આપવો પડતો, તેના પગને કાળજીથી ઊંચકીને ગોઠવવો પડતો. 'અ'એ એ કામ આનંદથી ઉપાડી લીધું. વસુધાને ક્યારેક થતું – આદિત્ય, સ્વરૂપ, 'અ' બધા એકમેકથી કેટલા તો જુદા, અને છતાં કેવા સમાનપણે મુક્ત હતા ! સ્વરૂપ જ્ઞાન અને ચિંતનનો માણસ હતો. અંદરથી ખૂબ શાંત, સ્વમાં સ્થિત, લગભગ અદશ્ય હોય તેવો. આદિત્ય કામ, સેવા અને હાસ્યનો માણસ હતો. વાતોનો રસિયો, સાહસનો પ્રેમી. અને આ બાહ્ય તરવરાટ હેઠળ એક પ્રેમાળ સમર્પિત હૃદય હતું. હિમાલયમાં રહીને તે હિમાલયના નિવાસીઓ સાથે એકરૂપ

થઈ ગયો હતો. તેમની સેવામાં તેણે આખું જીવન આપી દીધું હતું. તેમનામાંની જ એક છોકરી સાથે લગ્ન કર્યાં હતાં. તેમની જેમ તે રહેતો, તેમની જેમ જ ખાતો. તે સાદો, સરળ, પોતાની જાતની ખેવના કર્યા વગર બીજાનો વ્યથાનો બોજ ઉપાડી લેનાર માણસ હતો. વસુધાએ એક વાર પૂછેલું : 'આદિત્ય, હિમાલયમાં તું શું કરે છે ?'

આદિત્યે હસીને કહેલું : 'બહુ સારું કામ કરું છું. જ્યાં એક આંસુ ટપક્યું હોય ત્યાં બે હાસ્ય વાવું છું.'

વસુધાને અચાનક મન થઈ આવ્યું – આદિત્યને કહેવાનું : 'તને ખબર છે આદિત્ય, નાનપણમાં...'

કહેવા માટે હોઠ ફફડ્યા, પછી ચૂપ થઈ ગયા. જવા દો, એ બધું કહેવાથી શો ફાયદો ? ત્રીસ-પાંત્રીસ વર્ષ પહેલાંની વાત, પોતાના મનમાં એને માટે એક ખાસ ભાવ હતો એવું આદિત્ય જાણે, તેથી શો ફરક પડવાનો હતો ?

*

'અ' આવ્યો ને હૉસ્પિટલના વાતાવરણમાં એક સુગંધ ફેલાઈ રહી. તે મૂળિયાં વિનાનો, હવામાં હવાની લહર બનીને વહેતો માણસ હતો. એને કોઈ પોતાનાં કે પારકાં લોકો નહોતાં, પોતાની પારકી ભૂમિ નહોતી. એને જોતાં જ સલીનાને થયું, સતયુગના સમયમાંથી કોઈ ઋષિકુમાર આવી ચડ્યો છે. ચહેરા પર એટલી નિર્મળતા ! શરીરની બહાર જાણે તેની હસ્તી હોય એવી અપાર્થિવતા. 'અ'ને ક્રાન્તિ સાથે કાંઈ લાગતું-વળગતું નહોતું, પણ સલીનાને તેની સાથે મઝા આવી. વસુધા એ જોઈને પ્રસન્ન થઈ. આ બધા દિવસો, તેના હૃદયમાં એક સવાલ ઝીણું ઝીણું સળગ્યા કરતો હતો : કૃષ્ણનનું શું થયું હશે ?

મોરચાના દિવસે સલીનાને કૃષ્ણનનો એક પત્ર મળ્યો હતો. ઘણા દિવસ પહેલાં લખાયેલો પત્ર લાંબી રખડપાટ પછી ચોળાયેલા રૂપમાં સલીનાના હાથમાં આવ્યો હતો. ટૂંકું લખાણ હતું : સલીના, મારી વાટ જોઈશ નહીં. મારો મહેલ તૂટી પડ્યો છે અને ઝૂંપડી પણ તૂટી પડી છે. ભાગ્યે ચુકાદો આપી દીધો છે. આ છેલ્લા જુહાર છે. આ જન્મમાં હવે કદાચ નહીં મળીએ. મારું હૃદય ખુલ્લું છે, મારાં બારણાં ખુલ્લાં છે. એમાં થઈને હળવાશથી બહાર નીકળી જા,

સલીના ! અને મારી વાટ જોઈશ નહીં. મારો સમય થઈ ગયો છે...

મોરચા વખતે તો સમય નહોતો, પણ હૉસ્પિટલમાં પછીથી સલીનાએ વસુધાને એક વાર પત્ર વંચાવ્યો હતો. બસ. ત્યાર પછી એ વિશે આગળ કશી વાત નહોતી કરી. મોં પર વેદનાની છાયા કદી ફરકવા નહોતી દીધી. વસુધાનું મન ફક્ત અંદર અંદર કોરાયા કરતું. આ પત્ર તો ઘણો પહેલાંનો લખેલો છે. શૈલી પરથી તો કવિહૃદય લાગે છે. આવું એણે શાથી લખ્યું હશે ? અત્યારે એ ક્યાં હશે ?

'અ' આવતાં વસુધા આશ્વસ્ત થઈ. સલીના બહારથી ભલે બોલે નહીં, પણ તેના હૃદયમાં પીડાની ઘૂમરીઓ વળ ખાતી હશે. અ તેને આનંદમાં લાવી શકશે. અ નજીકમાં હોય ત્યારે કોઈ પોતાની પરિસ્થિતિથી તદ્દન આક્રાન્ત ન થઈ જઈ શકે; આ સામે જે દેખાય છે તે જગતથી ભિન્ન કોઈક જગત છે એવું ભાન થયા કરે. અ આવ્યા પછી પહેલી વાર વસુધાએ સલીનાને હસતી જોઈ. અત્યારે તે ભોંય પર ઊંધો પડીને સૂતો હતો.

સલીના નવાઈ પામીને બોલી : 'આમ ઊંધો પડીને શું કરે છે, અ ?'

અ ઊંચું જોયા વિના બોલ્યો : 'પૃથ્વી શ્વાસ લે છે તે જોઉં છું. ધીમેકથી જાણે તે હલતી હોય એવું લાગે છે. જાણે તે મારી અંદર શ્વાસ લે છે; કે પછી હું એની અંદર શ્વાસ લઉં છું ? કાંઈ ખબર પડતી નથી.'

થોડી વાર તે એમ જ ભોંય-સરસું મોં રાખીને પડી રહ્યો; પછી તે બેઠો થયો ત્યારે તેના મોં પર ચમક હતી.

'સલીના !'

'શું ?'

'તને ખબર છે, કોઈ કોઈવાર મને એવું લાગે છે, જાણે દરિયો મારી અંદર ઘૂઘવે છે.'

સલીના વિસ્ફારિત નેત્રે એને જોઈ રહી.

અ બહુ જ સુંદર હસ્યો. 'એવું લાગે છે, જાણે આકાશ મારી અંદર ઊતરી આવ્યું છે. સૂર્ય-ચંદ્ર-તારા મારી અંદર પ્રકાશે છે. વનસ્પતિ મારી અંદર ફૂટે છે.

આખું જગત, બધાં પ્રાણીઓ, ખડકો, નદીઓ, જડ-ચેતન બધું મારી અંદર પ્રગટ થતું હોય એમ લાગે છે.'

સલીના મોટેથી હસી પડી હતી.

'અ, તું આખો વખત શું કરે છે ? તારું શી રીતે ચાલે છે ?'

'અ'એ તેના નાના સફેદ ઝોળામાંથી એક સામયિક કાઢ્યું. 'આ જો,' તેણે એક લેખ બતાવ્યો. શીર્ષક હતું : એકલા રહેવાનો આનંદ.

'આમ કોઈક કોઈક વાર લખું છું, લોકોને યોગાસન અને પ્રાણાયામ શીખવું છું. નિર્વાહ પૂરતું મળી રહે છે. મને બહુ પૈસા તો જોઈતા નથી ! સલીના, તેં કદી વિચાર કર્યો છે કે જીવવા માટે કેટલી ઓછી વસ્તુઓની જરૂર પડે છે ?'

'એ જૂની ફિલસૂફી છે.' સલીના બોલી: 'માણસ એવી રીતે જીવે તો કોઈ દિવસ પ્રગતિ થાય નહીં. જરૂરિયાતો વધે તો ઉત્પાદન વધે. તો જ નવી નવી વસ્તુઓની શોધ થાય. પણ એટલું ખરું કે વસ્તુઓ બધાંને જ મળવી જોઈએ. થોડાક લોકો મોટા ભાગની સંપત્તિ પચાવી પાડે અને બાકીના લોકો આખું જીવન ફાંફાં મારતા રહે – એ મને કબૂલ નથી. સંપત્તિ પર બધાંનો સમાન હક હોવો જોઈએ.'

અ હસ્યો. 'તારી વાત સાચી છે સલીના. પણ મારી સંપત્તિ જુદી છે. મારા આનંદ માટે હું વસ્તુઓ પર આધાર રાખતો નથી. હું કાંઈ ન કરતો હોઉં, મારી પાસે કાંઈ ન હોય ત્યારેય હું સુખી જ હોઉં છું. હું જોતો હોઉં, સાંભળતો હોઉં, કામ કરતો હોઉં, ખાલી બેઠો હોઉં અને સુખ મારી સામે ઊભું રહીને હસે છે, આંખ પટપટાવે છે. મને ખબર છે, હું તેને પકડવા હાથ લંબાવું તો તે ભાગી જાય, પણ હું તો બેઠો રહું છું, એટલે પછી ધીમે ધીમે તે પોતાની મેળે જ મારી પાસે આવે છે...'

સલીના એનો પ્રકાશિત ચહેરો નીરખી રહી. પોતાની વિચારધારાથી તેની વાત સાવ જુદી હતી, છતાં તેમાં તથ્ય તો હતું જ. અને એ આકર્ષક હતું.

*

ફૂલઘરની એક સાંજ.

વસુધા એકલી બેઠી હતી. હજી બીજું કોઈ આવ્યું નહોતું. સહસા યાદ આવી ગઈ ઘણા મહિના પહોલાંની એક સાંજ, જ્યારે પહેલી વાર તે અહીં બેઠી હતી અને ઘેરાતા અંધકારમાં એક સવાલ પૂછ્યો હતો. આજે તેને લાગ્યું કે અજવાળામાં એનો જવાબ પોતે જીવી રહી છે. આજે વિનોદ પૂછે કે બહેની, તારું બીજું નિવાસસ્થાન ક્યાં છે, તો એનો ઉત્તર હવે પોતે આપી શકે. એકલી એકલી તે હસી. તેના ચહેરા પર સંતોષનો ભાવ પથરાઈ રહ્યો.

'આટલો બધો સંતોષ શાનો છે, વસુધા ? જીવનમાં જે સુખની શોધ હતી તે મળ્યું ?' કોઈએ સ્નેહભર્યા અવાજે પૂછ્યું.

પાછળ ફરીને, કોણ છે એ જોવાની જરૂર ન પડી. અવાજ પરથી જાણ્યું. આદિત્ય હતો. આવીને બાજુની ખુરશી પર બેઠો.

'હું સુખ નહોતી શોધતી, આદિત્ય !'

'તો ?'

'સાચા થવાનો અધિકાર શોધતી હતી.' વસુધાએ કહ્યું અને તેણે ડૂબતા સૂર્યની લાલિમા પર નજર માંડી. 'દુઃખ અને તકલીફનો મને વાંધો નહોતો, પણ' – તેણે વાક્ય અધૂરું મૂક્યું. અને પછી આદિત્ય તરફ ફરી લાંબી વાર સુધી તેના તરફ જોઈ રહી.

'શું જુએ છે, વસુધા ?'

'તારી આંખો. એ આંખોમાં એક આકાશ છે.'

આદિત્ય હસી પડ્યો. 'એ આંખોમાં હિમાલય છે, પણ હિમાલયમાં પૃથ્વી ને આકાશ બન્ને એક થઈ જાય છે. હિમાલય બહુ ભવ્ય છે, વસુધા ! સ્વરૂપે એક વાર સરસ કહેલું કે હિમાલય તે પૃથ્વીની આકાશને પામવાની ઝંખના છે...'

દૂરથી એના, વિનોદ ને અલોપા આવતાં દેખાયાં. સ્વરૂપ ને અગ્નિવેશ, આભા, જરૂલ, ગગનેન્દ્ર – બધાં એક પછી એક આવ્યાં. સૌથી છેલ્લે સલીના આવી, ઘોડીના ટેકે, ધીરે ધીરે ચાલતી. સૂરજ ડૂબ્યો અને એકાએક બધા અવાજો બંધ થઈ ગયા. ચારે તરફ શાંતિ પથરાઈ રહી. બધાં ચૂપ બેઠાં. દરેકના મનમાં મિત્રાની યાદ મીણબત્તીની જ્યોતિની જેમ ફરકતી હતી.

અચાનક સલીનાના ગળામાંથી એક વિચિત્ર અવાજ નીકળ્યો. તે ઝડપથી ઊભી થઈ અને ખોડંગાતા પગે, ઘોડી લઈને મોટાં ડગલાં ભરતી ફૂલઘરમાંથી બહાર નીકળી. તેનો અવાજ ચીસ જેવો બની ગયો : કૃષ્ણન, તું ?' અમે બધાં પણ ઊભાં થઈ ગયાં. અમને ખ્યાલ નહોતો અને ફૂલઘરની નજીકમાં એક માણસ આવી ઊભો હતો. મેલાંઘેલાં કપડાંમાં જેમતેમ વીંટાળી દીધેલો દેહ, ખૂબ વધી ગયેલાં દાઢીમૂછ, શામળો રંગ.

'સલીના !' તેના ગળામાંથી ઘૂંટાયેલો અવાજ આવ્યો.

સલીનાની આંખમાંથી આંસુના રેલા ચાલ્યા. 'કૃષ્ણ...કૃષ્ણ...' કૃષ્ણન ફૂલઘરમાં આવ્યો.

યાતનાઓના બોજ નીચે શરીર ભાંગી ગયું હોય એમ તે ખુરશીમાં ધબ દઈને ઢગલો થઈ પડ્યો. 'મને નકસલવાદી કહીને પકડી ગયા હતા. ખૂબ ત્રાસ વરતાવ્યો. મને તો એમ હતું કે આમાંથી હું બચીને બહાર નહીં નીકળી શકું. મેં એટલે તને પત્ર લખેલો. મળ્યો હતો ?' તેણે મેલાં કપડાંમાંથી બે હાથ બહાર કાઢીને બતાવ્યા. સલીના ચીસ પાડી ઊઠી. બેઉ હાથ ભયંકર રીતે સૂજેલા હતા, તેના પર ઠેકઠેકાણે લોહીના ચાંભા બાઝ્યા હતા. 'કાલે રાતે મને બીજે લઈ જતા હતા. અધવચ્ચેથી હું ભાગી નીકળ્યો. પોલીસ મારી પાછળ હશે. કાવેરી પાસેથી તારી ભાળ મેળવી અહીં આવ્યો છું.'

ઝડપથી અમે બધાં ઘરમાં ગયાં. કૃષ્ણનને ગરમ ગરમ કૉફી પિવડાવી. ખવડાવ્યું. બે દિવસથી તે ભૂખ્યો હતો. સલીનાએ એને મદદ કરી ને કેટલાયે દિવસ પછી તે નાહ્યો. ગગનેન્દ્રનાં કપડાં એને આવી રહ્યાં. દાઢી કરી મોં પરના બધા વાળ કાઢી નાખ્યા. વસુધાએ જોયું. ચહેરો આકર્ષક નહોતો, પણ આંખોમાં એક પારદર્શકતા હતી. નખશિખ પ્રામાણિક અને કોઈક ઉદાત્ત ધ્યેયને વરેલા માણસનો હોય તેવો ચહેરો હતો.

રાતે બધાં કૂંડાળું વળીને બેઠાં. કૃષ્ણને પોતે શું સહન કર્યું તેની વાત કરી. વચ્ચે વચ્ચે વિનોદી ટુચકા કહેવાની તેને આદત હતી. 'એક સૈનિકનો પગ કપાયો. તેને લોહીની જરૂર હતી. તેના સાથીદારે કહ્યું : લોહી હું આપીશ. પણ ઑપરેશન વખતે તે લોહી આપવા ગયો નહીં. પછી મળ્યો ત્યારે પૂછ્યું : કેમ

આવ્યો નહીં ? પેલો કહે : ખાટલામાં માંકડ બહુ હતા. બધું લોહી ચૂસી ગયા. કેવી રીતે આવું ?

હાસ્યનાં મોજાં પર ઝિલાઈને પીડા ને યંત્રણાની વાતો હળવી બની ગઈ.

'આપણે અહીં રહી નહીં શકીએ, જલદી ક્યાંક ભાગવું પડશે.' કૃષ્ણને કહ્યું. 'આપણી પાસે સમય નથી.'

'હિમાલયમાં ચાલો, ત્યાં તમને વાંધો નહીં આવે. હું હવે જવાનો જ છું. આપણે સાથે જઈએ.' આદિત્યે કહ્યું.

'અમે હિમાલયના પહાડી લોકોમાં જ કામ કરવાનો વિચાર કરેલો.' સલીના બોલી, અને તેનો અવાજ સહેજ ધ્રૂજી ગયો. 'પણ હવે –' તેણે પોતાના પગ તરફ નજર કરી. 'હવે હું કેવી રીતે પહાડોમાં ચાલી શકીશ ?'

કૃષ્ણનની આંખમાં અસીમ પ્રેમ છલકાયો. તેણે સલીનાનો હાથ હાથમાં લીધો. આંખોમાં આંખ પરોવી કહ્યું : 'ચિંતા શું કરવા કરે છે ? હું છું ને !'

સલીનાની આંખમાંથી આંસુ ટપકી પડ્યાં.

એક પછી એક બધાં વીખરાયાં. છેલ્લે હું, સ્વરૂપ, આદિત્ય અને વસુધા રહ્યાં. મેં કહ્યું : 'કાલે તો આદિત્ય જશે. ચાલો, છેલ્લે દરિયાને મળી આવીએ.'

કૃષ્ણપક્ષની રાત હતી. આકાશ તારાઓથી ગીચ ભરેલું હતું. સમુદ્રનાં મોજાંનો ધીરો ઘુઘવાટ શાંતિની ઝાલર જેવો લાગતો હતો. થોડી વાર અમે એ સંગીતને સાંભળતાં મૌન રહ્યાં. એક પંખી ક્યાંકથી આવ્યું ને દરિયા પરથી ઊડી ગયું.

'સિંગલ !'...વસુધા ગણગણી.

આદિત્યે એની સામે જોયું, કંઈક કહેવા એના હોઠ ફફડ્યા. વળી જરા ચુપ રહ્યો. પછી બોલ્યો : 'વસુધા, મારે તને એક ખાસ વાત કહેવી હતી.'

વસુધાએ એક થડકારો અનુભવ્યો. અમારા કાન આદિત્ય પર મંડાયા.

તેનો અવાજ સહેજ કંપ્યો. દક્ષિણમાં ઊગીને ઉપર આવેલા અગસ્ત્યના તેજસ્વી તારા પર તેણે આંખ માંડી. બોલ્યો : 'વસુધા, તું...તું આવીશ મારી સાથે પહાડોમાં ? આપણે સાથે મળીને ત્યાં આવું આનંદગ્રામ ઊભું કરવાની કોશિશ કરી શકીએ. તું એ કરી શકીશ...'

વસુધાના આશ્ચર્યનો પાર ન રહ્યો. 'હું ?'

'મેં તારી બધી વાત સાંભળી છે. તારામાં ખૂબ શક્તિ છે...'

વસુધા મૂંઝાઈ ગઈ.

'ઈશા ને સ્વરૂપને મેં વાત કરી હતી. તેમણે પણ કહ્યું કે તું ઇચ્છે, તું ધારે તો એ કરી શકે.'

વસુધાએ વિમાસણથી મારી સામે જોયું. મેં ધીરેથી ડોકું હલાવ્યું.

સ્વરૂપે ધીમેથી કહ્યું : 'મેં તમને પૃથ્વીના પ્રતીક તરીકે જોયાં છે. પૃથ્વીની શક્તિ અખૂટ છે. તેની સર્જનશીલતાનો કોઈ અંત નથી.'

વસુધા સાંભળી રહી.

'પહાડી સ્ત્રીઓની સ્થિતિ ઘણી ખરાબ છે, વસુધા ! ત્યાં પુરુષો કરતાં સ્ત્રીઓ જ વધુ કામ કરે છે, કરીને તૂટી મરે છે. બદલામાં પૂરું ખાવાનુંય પામતાં નથી. તેમનામાં કોઈ વિશેષ આવડત નથી, શિક્ષણ નથી. છે માત્ર નિષ્કપટ હૃદય. લીલા હતી ત્યારે તેણે તેમને થોડું શીખવવા પ્રયત્ન કરેલો.'

'હતી ?'

'તને ખબર નથી ?' આદિત્યના અવાજમાં આશ્ચર્ય હતું. 'એ તો ઘણાં વર્ષોથી મૃત્યુ પામી છે. તને કોઈએ કહ્યું નથી ?'

'તો ઘણાં વર્ષોથી તું એકલો જ છે ?'

આદિત્ય હસ્યો : 'હિમાલયમાં તમે એકલા હો તોયે એકલા નથી હોતા. અને જે લોકોની વચ્ચે હું રહું છું તે બધાં મારાં સ્વજનો જ છે. તને હિમાલયનો પરિચય નથી, વસુધા ! એક વાર ત્યાં આવ અને જો...કે ત્યાં પૃથ્વી કેટલી ઉપર ઊઠે છે, અને આકાશ કેટલું નીચે ઊતરી આવે છે !' તેણે વસુધા પર નજર માંડી. 'મને તારામાં શ્રદ્ધા છે, વસુધા, ત્યાં કામ કરવાનું અઘરું જરૂર છે, પણ આપણે કાંઈ કર્યાનો ભાર માથે ઊંચકવાનો નથી. લોકો જેને સેવા ને ત્યાગ કહે છે તે ખરેખર તો પ્રાપ્તિ અને આનંદ હોય છે, એની પાછળ પ્રેમ હોય ત્યારે.'

વસુધાએ રેતીથી મૂઠી ભરી અને પેલી આંગળીઓમાંથી સરવા દીધી. થોડીક પળોમાં આખું જીવન નજર સામેથી પસાર થઈ ગયું. વ્યોમેશ સાથેનો

છેલ્લો પ્રસંગ અને એના જેવા બીજા હજારો પ્રસંગો – બધું કાળના પ્રવાહમાં વહી ગયું હતું. હવે સામે હતું હિમાલયનું ઊંચું શિખર અને એની ઉપર તારાઓથી ઝળકતું આકાશ.

'ભલે, હું આવીશ.' તેણે શાંત અવાજે કહ્યું.

*

સ્ટેશન પર અમે બધાં વિદાય આપવા ઊભાં હતાં. આનંદગ્રામને છોડી જતાં સૌનાં મન ભારે હતાં. ટ્રેનની બારીમાંથી સલીના, કૃષ્ણન, આદિત્ય, વસુધાએ હાથ હલાવ્યા. એન્જિને વ્હિસલ વગાડી અને ધુમાડાની ધજા ફરકાવી. એકાએક ત્રણ દિવસથી ચાલ્યો ગયેલો 'અ' દોડતો આવ્યો. 'બધાં જાઓ છો ?' તેણે હાંફતા અવાજે કહ્યું : 'સારું થયું ને હું આવી ગયો તે ?' તેણે સ્નેહભર્યું સ્મિત કરી હાથ ઊંચો કર્યો. હજી હમણાં જ ઊગેલા સૂર્યના પ્રકાશથી તેનું મોં ચમકી રહ્યું. બધાંને લાગ્યું, સૂર્ય તેની અંદર ઊગ્યો છે.

ટ્રેનનાં પૈડાં ફર્યાં. મારી આંખો ભરાઈ આવી. વસુધા ને સલીના છેલ્લા કેટલાયે મહિનાઓથી મારા જીવનનો ભાગ બની ગયાં હતાં. એમને વિદાય આપતાં મારા હૃદયમાં શોક ફેલાયો. આનંદગ્રામ જાણે ખાલી થઈ ગયું.

સ્વરૂપ મારી વ્યથા સમજ્યો. મારા ખભા ફરતો તેણે હાથ વીંટાળ્યો. કહ્યું : 'આનંદગ્રામ વિધાતાએ રચેલું પૂર્ણનું એક ચિત્ર છે. પૂર્ણમાંથી પૂર્ણ જાય, પછી જે બાકી રહે તે પૂર્ણ જ છે.'

•
• •